
શ્રી આગમોદ્ધારક ગ્રંથમાલા ગ્રંથાંક ૫૮

શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન




૧૦૦ વર્ષ પહેલાંના દહેરાસરોથી મનોહર ગિરિરાજનું દશ્ય

લેખક અને સંગ્રાહક
આગમોદ્ધારક શિશુ પં. કંચનસાગર
સંપાદક
મુનિશ્રી પ્રમોદસાગર

શ્રી આગમોદ્ધારક ગ્રંથમાલા ગ્રંથાંક ૫૮

શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન



લેખક અને સંગ્રાહક

આગમોદ્ધારક શિશુ પં. કંચનસાગર

સંપાદક

મુનિશ્રી પ્રમોદસાગર

પ્રકાશક

આગમોદ્ધારક ગ્રન્થમાલા, કપડવંજ

વીર સં. ૨૫૦૫
વિ.સં. ૨૦૩૫

ઈ.સ. ૧૯૭૯
આગમોદ્ધારક સં. ૩૦

પ્રકાશક
શ્રીઆગમોદ્ધારકગ્રંથમાળા
રમણલાલ જયચંદ શાહ
ઠે. બજાર, કપડવંજ ૩૮૭ ૬૨૦

પ્રાપ્તિ સ્થાન

દીનેશચંદ્ર નગીનદાસ પરિખ
બજાર, કપડવંજ. ૩૮૭ ૬૨૦

સોમચંદ ડી. શાહ
આબુ બિલ્ડીંગ,
પાલીતાણા. ૩૬૪ ૨૭૦


પહેલી આવૃત્તિ
કોપી ૭૫૦
ઓકટોબર ૧૯૭૯
કિંમત ૧૦૦-૦૦

આદ્ય ભાગ પ્રિન્ટર્સ :
ભુપેન્દ્રભાઈ કેશરીપ્રસાદ ઠાકોર
ક્રિએટીવ પ્રિન્ટર્સ પ્રા. લી.
કાલિદાસ મીલ કંપાઉન્ડ, ગોમતીપુર,
અમદાવાદ ૩૮૦ ૦૨૧.

અન્ત્ય ભાગ પ્રિન્ટર્સ :
જસવંતલાલ ગિરધરલાલ શાહ
શ્રી પાર્શ્વ પ્રિન્ટર્સ
૧૪૭, તંબોળીનો ખાંચો,
દોશીવાડાની પોળ,
અમદાવાદ ૩૮૦ ૦૦૧.

Shri Agmoddharak Granthmala Book No. 58

SHRI SHATRUNJAY GIRIRAJ DARSHAN



Auther and Collection made by
Agmoddharak Shishu Pannyas Maharaj Kanchansagar

Editer
Muni Shri Pramodsagar

Publisher
Agmoddharak Granthmala, Kapadvanj

Vir Samvat 2505
Vikram Samvat 2035

A. D. 1979
Agmoddharak Samvat 30

Books Available at :
Dineshchandra Nagindas Parikh
Bazar, Kapadwanj-387 610
*
Somchand D. Shah
Babu Building
Palitana-364 270 (Saurashtra)

All rights reserved with the Publisher

First Edition
Copy-750
October 1979
©
Printed in India
Part I by
Creative Printers Private Limited,
Shree Industrial Mills Estate, Ahmedabad-380 021.
and
Part II by
Shree Parsva Printers
147, Tamboli Khancho, Doshivada Pole,
Ahmedabad-380 001
and Published by
Agmoddharak Granthmala
C/o. Ramanlal Jaichandbhai Shah
Kapadwanj

Price Rs. 100/-

પરમ પૂજ્ય આ. મ. **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી** મહારાજશ્રીના
પરિવારના સાધુ સાધ્વીના અગ્રગણ્ય શાંતમૂર્તિ
ગચ્છાધિપતી
આ. મ. શ્રી **હેમસાગરસૂરીશ્વરજી**મહારાજના
કરકમલમાં
પરમ પાવન
કાંકરે કાંકરે અનંતસિદ્ધનું સ્થાન
તીર્થંકરોઆદિના ચરણ રજથી પરમ પાવન
ક્ષેત્રપ્રભાવે ભવ્યોને મોક્ષે પહોંચાડનાર
સર્વતીર્થ શિરોમણિ શ્રી શત્રુંજ્ય ગિરિરાજના
મહિમાને વર્ણવતો
શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન ગ્રંથ
આગમોદ્ધારક ઉપસંપદાપ્રાપ્ત
ચરણરેણુ શિશુ હું
કંચન સાગર
સમર્પણ
કરુછું.

શેઠ શાંતિદાસના પંચતીર્થી પટની પ્રશસ્તિ (નકલ)

(માલીક-શેઠ આણંદજી કલ્યાણજી જૈન પેઢી, અમદાવાદ)

(પંક્તિ ૧) સ્વસ્તિ શ્રી વિક્રમ સં. ૧૬૯૮ વર્ષે જ્યેષ્ઠ સિત પંચમી સોમ..... ....(પંક્તિ ૨) ધિરાજ પાદસાહ શ્રી અકબ્બર પ્રતિબોધક.... ....(પંક્તિ ૩) હીરવિજય-સૂરિ પટ્ટોદયગિરિદિનકર પાદસાહ શ્રી અકબ્બર.... ....(પંક્તિ ૪) મક્ષજી (જિ) તવા દી (દિ) વૃંદ ભટ્ટારક શ્રીવિજયસેનસૂરીશ્વરા.... ....(પંક્તિ ૫) લગભરિત ભટ્ટારક શ્રીરાજ-સાગરસૂરિચરણાનાં યુવરાજ ભટ્ટારક (પંક્તિ ૬) શ્રીવૃદ્ધિસાગરસૂરિપ્રમુખાનેક વાચનાદિ ચતુર પરિકરચરણાનાં (પંક્તિ ૭) ઉપદેશાદહિમદાવાદવાસ્તવ્યે ઓસવાલજ્ઞાતિ(તી) શ્રીચિંતામણિ (પંક્તિ ૮) પાર્શ્વનાથ પ્ર (પ્રા) સાદાદિધર્મ કર્મનીર્વા (નિર્મા) ણુની(નિ) ષ્ણાત સા શ્રીશાંતિદાશે (સે) (પંક્તિ ૯) ન સકલમનુષ્યક્ષેયીય પંચભરત પંચે(ચૈ)રવત પંચમહાવિદેહાતીતા (પંક્તિ ૧૦) નાગતાવર્તમાન ૨૦ વિહરમાન ૪ સા(શા)શ્વતા(ત)જી(જિ)ના સા(શા)શ્વતજી(જિ)ન તીર્થ (પંક્તિ ૧૧) શાશ્વતતીર્થા(ર્થ)પટ્ટ; શ્રીશત્રુંજય ગિરિનારિતારંગાર્બુદચંદ્રપ્રભુમુનિ (પંક્તિ ૧૨) સુવ્રત શ્રીજીરાઉલાપાર્શ્વનાથ શ્રી નવ ખંડાપાર્શ્વનાથદેવકુલપા(પંક્તિ ૧૩) ટક ... ... હસ્તિનાગપૂર કલિકુંડ ફલવૃદ્ધિ કરહાટક .... (પંક્તિ ૧૪) વીર સં(શં)ખેશ્વરા-દિમહાતીર્થયુતઃ સપ્તતિ સ(શા)ત .... (પંક્તિ ૧૫) ....

પટની નીચેની પંક્તિ

અત્ર ચ ગતવર્ણકાશ્ચ યથા પ્રતિભસંલિખિતાસ્સંતીતિ તેન સતિ પટાંતરે પુસ્તકાંતરે વા સુપંડિતૈઃ સંસોધ્યા .... અમે પટે ૩૦ ચઉવીસી ત્રિંશચ્ચતુર્વિંશતિકા પ્રતિમાસુ સપ્તતિ પ્રતિમાસુ ચ પ્રતિમાનાં વર્ણઃ– **પુરાતનપટાનુસારેણ** લિખિતાસ્સંતિ પરં તીર્થો(દ્ધ) ગાલી પ્રકીર્ણકાનુસારેણ ....

(આ કપડાપરનો પંચતીર્થી પટ શાંતિદાસ શેઠનો જે શે. આ. ક. પાસે છે, તેમાંથી શ્રીશત્રુંજય ગિરિરાજનો પટ અને તેની શાંતિદાસ શેઠની પ્રશસ્તિનો ફોટો આ પુસ્તકમાં આપ્યો છે. તેની પ્રશસ્તિ આ છે. **પુરાતન પટ્ટાનુસારેણ** એ લખાણથી પટ્ટ બનાવવાની પ્રથા અને પટ્ટ જુહારવાની પ્રથા ઘણી જુની છે તેમ સાબીત કરે છે.)



૧ શ્રી શત્રુંજય તીર્થરાજપતિને વંદુ સદા ભાવથી
1 I worship shree shatrunjay tirtharajpati with sincere heart.

પ્રકાશકીય

ધ્યાનસ્થ સ્વર્ગગત આગમોદ્ધારક આચાર્ય શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર મુળીનરેશપ્રતિબોધક આ. મ. શ્રીમાણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી અમારી આ ગ્રન્થમાલાની સ્થાપના સં. ૨૦૧૦ માં થઈ હતી. તેના સંપાદન કાર્યમાં નવા નવા ગ્રન્થો કરવાનું ચાલુ જ હતું. આજ સુધીમાં આ ગ્રન્થમાલામાં નાના મોટા ૫૭ ગ્રન્થો પ્રગટ થયા છે. અમારી **શ્રીઆગમોદ્ધારક ગ્રન્થ માલાનું ૫૮** મું પુસ્તક આ **શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન** નામનું છે. વળી આ ગ્રંથમાલાએ આજ સુધીમાં **આગમજ્યોત**ના ૧૨ પુસ્તકો પ્રગટ કર્યાં છે. આ રીતે અમારી આ ગ્રંથમાલાનું કાર્ય ચાલ્યા કરે છે. તેમાં આ ગ્રંથ પં. શ્રીકંચનસાગરજી મ. તથા મુનિ પ્રમોદસાગરજી મહારાજે સચિત્ર પ્રકાશન કરવાનો ઉદ્યમ કર્યો અને અમે તીર્થાધિરાજના પરમ પાવન ગ્રન્થને પ્રગટ કરવા ભાગ્યશાળી થયા છીએ.

તેઓશ્રીએ આ પુસ્તકના પ્રકાશનમાં ત્રણ વર્ષમાં જોઈતું ભંડોળ ભેગું કરી આપ્યું. આ ભંડોળમાં જેઓશ્રીએ આર્થિક સહાય કરી છે તેના અમે ઋણી છીએ.

આફ્રીકામાં સાયન્સના પ્રોફેસર વર્તમાન રિટાયર વલસાડના વતની રા. રા. વિનોદચંદ્ર વામનરાવ ઓઝાએ **'શત્રુંજય'** ઈંગલીશ પુસ્તકને સમજાવ્યું હતું અને આ ગ્રન્થનું મેટર તપાસી આપ્યું હતું, તેઓશ્રીના, તથા રિટાયર શિક્ષક શ્રીમાન રતીલાલ છગનલાલ શાહ **એમ. એ. બી. ટી. સાહિત્યરત્ન** નવસારીવાળાએ પાછળનો ભાગ સુંદર રીતે જોઈ આપ્યો છે, તથા તેઓશ્રીએ આ ગ્રન્થનું ઈંગલીશ પણ કરી આપ્યું છે, તેઓશ્રીના, ક્રીએટીવ પ્રિન્ટર્સ પ્રા. લિ.ના વ્યવસ્થાપક શ્રીમાન્ બચુભાઇ ચુનીલાલ અમદાવાદવાળાએ આગળનું આખું મેટર અને ફોટાઓ સુંદર છાપી આપ્યા ને સલાહ સૂચના આપી, તેઓશ્રીના, તથા શ્રીપાર્શ્વપ્રિન્ટર્સના માલીક જશવંતલાલ ગિરધરલાલ શાહે પાછલો ભાગ છાપી આપ્યો, તેઓશ્રીના પણ અમે ઋણી છીએ. લેખક, સંગ્રહક, સંપાદક, અને સહાય કરાવનારના તો આભારી જ છીએ. ફોટાઓ અંગે લેખકશ્રી પોતાના ઉત્થાનના લેખમાં તે બધી વિગત આપશે.

સાડા સાતસો કોપી ગુજરાતી ભાષામાં પ્રગટ કરીએ છીએ. આની અઢીસો કોપી ઈંગલીશમાં છાપવી એવી સંપાદકશ્રીની તમ્મના છે, તે પણ પૂર્ણ થશે. ઈંગલીશ પ્રકાશન તો અમારી ગ્રન્થ માલામાં પ્રથમ જ છે.

આ પુસ્તકમાં જાણતાં કે અજાણતાં કોઈપણ જાતની ભૂલ થઈ હોય તો તે માટે અમો 'મિચ્છામિ દુક્કડં' દઈએ છીએ.

ગિરિરાજના આ પુસ્તકને પુણ્યવાનો ઉપયોગ કરે અને આરાધના કરે તે ભાવના સાથે વિરમિએ છીએ.

સં. ૨૦૩૫ અક્ષય તૃતીયા

ગ્રંથમાલા વતી
રમણલાલ જયચંદ શાહ

ઉત્થાન

શત્રુંજય–ગિરિરાજ–મંડણ–શ્રીઋષભદેવભગવાનને નમસ્કાર થાઓ

શ્રીશત્રુંજય ગિરિરાજ–દર્શન અંગે સં. ૨૦૨૬માં ગિરિરાજના ઉપરના જુદા જુદા સ્થાપત્યોના ૮૫ ફોટા લીધા હતા. તે વખતે સહકારી મુનિ બીજા હતા, પણ તે બસી જતાં આ કાર્ય પડી રહ્યું. પરંતુ **જૈન બર્ગેન્સનું** લખેલું અને વર્તમાનમાં રિપિન્ટ કરીને **ગુજરાત ગવર્નમેન્ટે** તેને ૧૯૭૬માં બહાર પાડ્યું. તેમાં ૪૫ ફોટા હતા. આથી એમ થયું કે આપણે ઉદ્યમ શા માટે ન કરવો ? આથી સં. ૨૦૩૩માં એ ઉદ્યમ શરૂ કર્યો અને બીજા પણ થોડા ફોટા લેવરાવ્યા.

આત્માનો ઉદ્ધાર કરવાને માટે અદ્વિતીય જો કોઈ સ્થાન હોય તો પરમ પાવન ગિરિરાજ છે. જેના પ્રતાપે હિંસક પ્રાણીઓ પણ તરી જાય છે. આરાધકો આરાધના કરીને તરી જાય છે. આ તીર્થ ઉપર તીર્થંકરો અને મુનિઓ અનંતા મોક્ષે ગયેલા છે. તેથી આ પાવન ભૂમિ પર પગ મૂકતાં આત્માના પરિણામ આરાધનામાં ચડે છે.

આથી મન થયું કે ઉદ્યમ કરીને તેને બહાર પાડવું જ જોઈએ. શરૂઆતમાં પ્રકાશન કરવાને માટે જોઈતી રકમનો ઉદ્યમ કર્યો અને ફોટાઓના બ્લોકો બનાવવાનો ઉદ્યમ કર્યો. વળી બીજાઓના તે અંગેના અભારામાં ન હોય તેવા બ્લોકો પણ મંગાવ્યા.

ગિરિરાજ ઉપરના ફોટાઓ શે. **આ. ક.** જી નો હુકમ લીધા પછી પાડી શકાતા હોવાથી તેમનો હુકમ લીધો હતો, પણ તે હુકમમાં પ્રતિમાનો ફોટો ન લેવો અને તે સિવાયના લેવા, એવો હુકમ હતો. તેથી અમારા ફોટામાં ભગવંતનો ફોટો આવ્યો નથી પણ જે કોઈ ભગવંતના ફોટા છે, તે બીજાઓ પાસેથી મેળવેલા છે.

મધ્ય ભાગમાં ૧૨૦ ફોટા છપાયા છે. તેમાં નં. ૧. **મહેન્દ્ર આર્ટ** સ્ટુડિયોના માલિક **જગન્નાથભાઈ**એ આપેલો છે. નં. ૨, ૩ના ફોટા **રજનીકાંત લી**ખાભાઈ શાહે આપ્યા છે. નં. ૨૯, ૪૫, ૪૮, ૫૦, ૭૩, ૮૫, ૧૦૯, ૧૧૫, ૧૧૬એ, ૧૧૬બી, અને ૧૧૮ના બ્લોકો શેઠ આ. ક. તરફથી મળ્યા છે. નં. ૩૧, ૩૫, ૪૦, ૪૪, ૫૧, ૬૨, ૮૦, ૮૧, ૮૪, ૧૧૦, ૧૧૧, ૧૧૨ ના બ્લોકો **જૈન જરનલ** તરફથી મળ્યા છે. નં. ૧૧૩, ૧૧૪, ૧૧૭, ૧૧૯, ૧૨૦, ના બ્લોકો **સા. મ.** નવાબ તરફથી મળ્યા છે. બાકીના બધા ફોટાઓ અને બ્લોકો તેમજ ૧, ૨, ૩ નં. ના બ્લોકો અમારા છે. ફોટાઓ પાડવામાં **મહેન્દ્ર આર્ટ સ્ટુડિયો** વાળાએ સારી જહમતે કરી હતી. બ્લોકો બનાવી આપવામાં **ક્રીએટીવ** પ્રિન્ટર્સના સંચાલક **અચુભાઇ ચુનીલાલે** તથા એમના સાથીદાર શ્રીમાન ભોગીભાઈ ફોટોગ્રાફરે સારો સહકાર આપ્યો હતો.

ઉત્થાન

ગિરિરાજના ફોટાઓ છાપવાની તમન્ના તો ખરી; પણ એ જ ફોટાઓ એવી રીતે બહાર આવવા જોઇએ કે ફોટાઓ જોતાં પહેલાં ગિરિરાજની આરાધના, ગિરિરાજનો મહિમા, ગિરિરાજની પવિત્રતા, અને ગિરિરાજની ઉત્તમતા, તેનાં મગજમાં આવે. આથી વિશિષ્ટ પ્રકારે ગિરિરાજના વર્ણનવાળા લખાણ સાથે જો ફોટાઓ બહાર પડે તો સારૂં. એ મુદ્દાએ અમુક પ્રકારનું લખાણ કરીને પુસ્તક બહાર પાડવાનો વિચાર કર્યો.

પુસ્તકનું નામ શું આપવું ? તે પ્રશ્ન ઉપસ્થિત થયો. આથી નામ પણ તેવું જોઈએ કે આ પુસ્તકને સુસંગત થાય, તેના મહિમાને ગાય અને તે નામનું બીજું પુસ્તક ન હોય, કે જેથી બીજા પુસ્તકથી એ ભિન્ન પડે. આથી **"શ્રીશત્રુંજય–ગિરિરાજ–દર્શન"** એવું નામ રાખ્યું. આ જ સુધીમાં ગિરિરાજ અંગે જેટલું સાહિત્ય મને મળ્યું છે, તેમાં આ નામનું કોઈ પુસ્તક મળ્યું નથી.

આ પુસ્તકમાં આ અવસર્પિણીમાં ગિરિરાજનો મહિમા કેવો ગવાયો ! કોને આરાધના કરી ? પ્રભુ પદ પદ્મથી પાવન એવા રાયણ વૃક્ષનો મહિમા, સૂરજ કુંડના પ્રતાપે કોને કેવો લાભ થયો ! ગિરિરાજના ઉદ્ધારો કેવા થયા ? ગિરિરાજના નામો કેવાં ! આરાધના કરનારા પુણ્યવાનોએ કેવા કેવા પ્રકારે આરાધના કરી, તેમજ ભૂતકાળમાં અને વર્તમાન કાળમાં કેવાં કેવાં સ્થાનો હતાં અને છે. તે બધું સંક્ષિપ્ત છતાં કાંઇક વિસ્તારથી આમાં લેવાનું વિચાર્યું.

ઉપર કહેલું લીધા પછીથી ફોટાઓના નામ આપવા પૂર્વક ફોટાઓ આપવા અને ફોટાઓનો પરિચય આપવો, એમ ક્રમે લેવાનો વિચાર કર્યો.

ધ્યાનસ્થ સ્વર્ગગત આગમોદ્ધારક આચાર્ય–મહારાજ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજે સં. ૧૯૯૬માં કપડવંજમાં પ્રતિમાના લેખો અને હસ્તલેખિત પ્રતોની પ્રશસ્તિઓ લેવાનું સૂચન કર્યું. તેથી કપડવંજથી માંડીને **પાલીતાણા** સુધીના અને ગિરિરાજ ઉપરના પ્રતિમાના લેખો, તેમજ શિલાલેખો ૧૯૯૬માં લીધા હતા. (જે પ્રતિમા લેખો આવી જવા જેવા હોય તેવા ફરી ફરી લીધા નથી. તેમાં પણ મોટેભાગે ૧૯મી સદી સુધીના જુજ લીધા છે.) વળી કપડવંજથી **મુ**ંબઇ સુધીના પ્રતિમાના લેખો સં. ૨૦૦૦ માં લીધા હતા. તે છાપવાનો અવસર આવ્યો ન હતો. તેથી આ ગ્રંથમાં તે લેખો આપવાનો વિચાર કર્યો. (ગિરિરાજ ઉપરના લેખોની નકલ મારા ઉપરથી શેઠ આણંદજી કલ્યાણજીએ ઉતરાવી છે.) મારા લેખોમાં સંજોગને આધીન દાદાનો અને પુંડરીક સ્વામીનો લેખ લેવાયો નથી. **પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભાગ બીજો** શ્રીજૈનઆત્માનંદસભા ભાવનગરથી બહાર પડેલમાં શરૂઆતમાં ૧ થી ૩૭, ૫૫૭ નંબરના લેખો ગિરિરાજ ઉપરના છપાયેલા છે. છતાંપણ બીજા અને ત્રીજા નંબરના લેખોને છોડીને તે બધાયે લેખો મેં મારી જાતે લીધા છે. જે આ

પુસ્તકમાં આવી ગયા છે. બીજા અને ત્રીજા નંબરનો **દાદા** અને **પુંડરીક** સ્વામીનો લેખ તે પુસ્તક ઉપરથી લીધો છે. નવા દરવાજાઓ કરતાં જે ખોદકામ કર્યું તેમાંથી વસ્તુપાલ તેજપાલના બે લેખ જે નીકળ્યા તે **શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ અંકના** પહેલા ભાગમાં છપાયા છે તેની ઉપરથી લીધા છે. (લેખોની લિપિ બાળબોધ લેવાને બદલે અત્રે ગુજરાતી લીધી છે.)

પૂર્વકાળમાં મંદિર વગેરેની કેવી રીતે રચના હતી અને વર્તમાનમાં કેવી રીતે થઈ તે પણ આમાં બતાવ્યું છે. કેટલીક વાતો ઊલટ સુલટ કેવી થાય છે તે પણ આમાં જણાવ્યું છે. આવી રીતે આ ગ્રંથ તૈયાર કર્યો છે.

ગ્રંથના અંગે આર્થિક સહાયની કઈ એવી યોજના ઘડવી જોઈએ કે જેથી સહાય મળે અને ગ્રંથનું કાર્ય થાય અને ગ્રંથ બહાર પડાય. આ યોજના મુજબ સં. ૨૦૩૩ માં એક હેન્ડબીલ બહાર પાડયું, અને આ ગ્રંથમાં શું શું લેવું છે તે જણાવ્યું. સાથે સાથે તે પણ જણાવ્યું કે સો રૂપિયાની સહાય કરનારનું નામ પુસ્તકમાં આપવું અને એક નકલ આપવી. આ યોજનામાં ગ્રંથ છપાવવાને માટે આર્થિક સહાય મળી રહી છે.

આભાર:— પૂજ્ય સાધુસાધ્વીઓએ તેમજ ભાવિક શ્રાવકશ્રાવિકાઓએ અને શ્રીસંઘોએ સહકાર આપ્યો તેમનો, તેમજ ફોટા લઈ આપનાર જગન્નાથભાઈનો, ફોટોગ્રાફર ભોગીભાઈનો અને પુસ્તકના માટે બધી રીતે ફોટા બ્લોકો અને તેનું પ્રિન્ટીંગ વગેરેની અનુકૂળતા કરી આપનાર ક્રીએટીવ પ્રીન્ટર્સ પ્રા. લિ. ના વ્યવસ્થાપક બચુભાઈ ચુનીલાલ શાહ તથા પ્રેસના માલિકનો તેમજ પાછલો ભાગ છાપી આપનાર શ્રીપાર્શ્વપ્રિન્ટર્સ જશવંતલાલ ગિરધરલાલ શાહનો, તથા શ્રીમાન્ વિનોદચંદ્ર વામનરાવ ઓઝા (આફ્રિકાના સાયન્સ રિટાયર્ડ પ્રિન્સીપાલ) વલસાડવાળાનો, તથા નવસારીના રિટાયર્ડ શિક્ષક રતિલાલ છગનલાલ શાહ કે જેમણે કેટલુક મેટર વાંચી આપ્યુ છે, અને આખો ગ્રંથ ઇંગ્લીશમાં પણ કરી આપ્યો છે, તેઓ બધાનો હું આભારી છું.

ખરેખર આ ગ્રંન્થ બહાર પાડવાનો મુનિ પ્રમોદસાગરજીને ખુબ ઉમંગ હતો. તેથી આ ગ્રંથ આરંભાયો ને તેમના ઉમંગના આધારેજ પૂર્ણતાને પહોંચ્યો. તીર્થનાથ શ્રીઆદીશ્વરદાદાની તો અંતર સહાયતા તો હોય જ તેમજ ધ્યાનસ્થસ્વર્ગત આગમોદ્ધારકશ્રીના પુણ્ય પ્રતાપે મેં અલ્પમતિ વાળાએ આ ગ્રંથ પૂર્ણ કર્યો છે.

આમાં ફોટાઓની વાત તો પૂર્વે જણાવીગયા છીએ એટલે તે અત્રે કહેવી નથી. આ ગ્રન્થ લખવામાં જેમ્સ બર્ગેસનુ **શત્રુંજય, શ્રીશત્રુંજય માહાત્મ્ય** (જૈનપત્રનુ કરેલું પ્રથમ ભાષાંતર), આત્મ રંજન—ગિરિરાજ, શત્રુંજયનાભિનંદનજિર્ણોદ્ધારપ્રબંધ, શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધ,

ઉત્થાન

શત્રુંજયકલ્પ, શત્રુંજયગિરિરાજસ્પર્શના (લે—નિત્યાનંદવિજયજી), ધર્મઘોષસૂરિકૃત અને શુભશીલગણિનીટીકા યુક્ત શત્રુંજય કલ્પ, નવાણુપ્રકારિપૂજા, નવાણું અભિષેક પૂજા, શ્રાદ્ધવિધિગત શ્રીચંદ્રરાજાનો રાસ, તીર્થાધિરાજ શત્રુંજય ટુંક પરિચય, શત્રુંજય તીર્થરાસ, નયસુંદર કૃત શ્રીશત્રુંજય ઉદ્ધારનો રાસ, સમયસુંદર કૃત શત્રુંજય તીર્થોદ્ધારરાસ, જૈન તીર્થ સર્વસંગ્રહ ભા. ૧ લો, સારાભાઈ મણિભાઈ નવાબનો શત્રુંજય તીર્થ અંગેનો સંગ્રહ, હિન્દુસ્તાનના જૈનતીર્થો, શત્રુંજય પ્રકાશ જૈનો વિરુદ્ધ પાલીતાણા, શ્રી તીર્થાધિરાજ શત્રુંજય ઉપર થયેલ પ્રતિષ્ઠાનો અહેવાલ, જૈન જનરલ ત્રિમાસિક, વગેરેનું તેમજ મારા અનુભવનું આલંબન લઈને આ પુસ્તક તૈયાર કર્યું છે.

પૂર્તિ—૧. શીલાલેખો છપાતાં નવી પ્રતિષ્ઠાનો શિલાલેખ લીધો. **૨.**—૨૦૩૫માં ગિરિરાજની જાત્રા કરતાં નવા ખારા પત્થરના જે પૂરાણા શિલાલેખો નીકળેલા જોયા તેનો પણ નિર્દેશ કર્યો. **૩.**—૧૨૦ ફોટાઓનો પરિચય આપ્યો પણ તે પછી દાદાનો રંગીન ફોટો, ૧૦૦ વર્ષ પૂર્વેનાં ગિરિરાજ પરનાં સમર્ગ મંદિરો, તે વખતની જયતલાટી, ૨૦૩૫માં જીર્ણોદ્ધાર કરેલી જયતલાટી, અમારા ગુરુ મહારાજનો ફોટો, સંપાદકના ઉપાસ્ય શ્રીશામળાપાર્શ્વનાથજી, ગિરિરાજ ઉપરના મંદિરો અને તેને ફરતા કોટ સહિતનો તળ પ્લાન આપ્યો છે. **૪.**—શેઠ શાંતિદાસના કપડા પરના પટનો ૧૭ મી શદ્દીના પટનો ફોટો શે. આ. ક. પાસે માગ્યો છે, આવશે તો કોઈપણ પ્રકારે લઈશું. **૫.**—સહાયકો કે જેમને તાજેતરમાં સહાય કરી છે તે નામે વ્યુત્ક્રમે આવશે. **૬.**—આમાં જણાવેલા ફોટાનો પરિચય પણ આપશું. (આટલું પાછળથી ઉમેર્યું છે.)

કોઇક જગોપર સ્મૃતિ દોષથી કે પ્રેસદોષથી અશુદ્ધિ રહી હોય તે સુધારી વાંચવા અભ્યર્થના છે.

વળી સં. ૨૦૨૬માં ફોટાઓ લીધેલા ને સં ૨૦૩૪માં દશ એક ફોટા લેવાયેલા આથી કોઇ સ્થળની ભૂલ થઈ હોય, વળી સં. ૧૯૯૬માં શિલાલેખો લીધેલા હોવાથી અત્યારે તેનાં સ્થળો વગેરે બદલાયાં હોય અને કોઇક લેખો નષ્ટ પણ થયા હોય તેવો સંભવ છે. તો તેની દરગુજર કરશો. આ બધા કારણોને આધીન કોઈ ભૂલ થઈ હોય તો અંતરથી અભ્યર્થના સાથે મિચ્છામિ દુક્કડં

૨૦૩૫ અક્ષયતૃતીયા
પાલીતાણા

આગમોદ્ધારક ચરણ રેણુ
કંચન સાગર

ધન્ય શત્રુંજય

તરણ તારણહાર શ્રીજિનશાસનની આરાધના કરનાર વિવેકી પુણ્યાત્મા એ વાત સારી રીતે સમજી શકે છે કે જૈન દર્શનમાન્ય ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યોમાં માત્ર જીવ પુદ્ગલ બે દ્રવ્યો બાહ્ય નિમિત્તોની અસર ઝીલનારા છે, તેથી તે બંને દ્રવ્યો પરિણામી કહેવાય છે.

માટે જીવદ્રવ્યને શુભાશુભ દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવના નિમિત્તોની અસર થતી રહે છે.

તે વાતને લક્ષ્યમાં રાખી જ્ઞાનીઓએ અનાદિકાળથી અશુભ-સંસ્કારોને જગાવનારા અશુભ દ્રવ્યાદિનિમિત્તોથી અળગા રહી કર્મનિર્જરાના બળને વધારનારા શુભ પ્રશસ્ત દ્રવ્યાદિ-નિમિત્તોની અસરતળે રહેવાનું જરૂરી જણાવ્યું છે.

આ દૃષ્ટિકોણથી જિનશાસનમાન્ય દરેક ધર્મક્રિયામાં તીર્થના આશ્રયની વાત મહત્ત્વની જણાવી છે. તે તીર્થ બે જાતનાં-**જંગમતીર્થ** અને **સ્થાવરતીર્થ**.

જંગમતીર્થ રૂપ પૂ. સાધુ સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં ધર્મ ક્રિયાના આસેવનથી વિશિષ્ટ નિર્જરા દાયક પરિણામોની સ્વતઃ પ્રાપ્તિ સુલભ થાય છે.

આમછતાં સાપેક્ષ રીતે જંગમતીર્થકરતાં સ્થાવરતીર્થો વધુ સુલભ અને વિશિષ્ટ પ્રેરણાદાયક નિવડતા હોઈ સ્થાવરતીર્થોનું મહત્ત્વ જિનશાસનમાં સર્વાધિક છે.

આવા સ્થાવરતીર્થો માત્ર કર્મની નિર્જરાના વાતાવરણને પોષક થવા સાથે જિનશાસનમાં આદરણીય ગણાયા છે.

તેમાં પણ બધા તીર્થો કરતાં પરમપવિત્ર **શ્રીસિદ્ધચલ મહાતીર્થ** સમસ્તવિશ્વમાં વિશિષ્ટ-રજકણો અને અપૂર્વ વાતાવરણની ગરિમાના લીધે સર્વોચ્ચ કોટિનું મનાયું છે.

જ્યાં કે જ્યારે મોક્ષમાર્ગ ચાલુ હોય ત્યારે ક્ષેત્રપ્રભાવે વિશિષ્ટ નિર્જરાના પરિણામો કેળવી સેંકડો હજારો લાખ્યો અને કરોડોની સંખ્યામાં થોકબંધ ભવ્યાત્માઓ કર્મબંધનથી મુક્તિ મેળવી ગયા છે. અને હજી પણ મેળવશે.

આવા પરમપવિત્ર **શ્રીશત્રુંજય** ગિરિરાજની અદ્ભુત ગરિમાનું વર્ણન દેવેંદ્રો કે તીર્થંકરો પણ સંપૂર્ણપણે ન કરી શકે તેમ છતાં 'शुभे यथाशक्ति यतनीय" ન્યાયે આજસુધીના અનેક મહાપુરૂષોએ સૌથી વધારે આ ગિરિરાજની સ્તવના મહિમા વર્ણન સ્તવનો, સ્તોત્રો, રાસાઓ ગ્રંથો આદિની રચના દ્વારા કરેલ છે.

આવા મહામહિમશાળી **શ્રીશત્રુંજય**ગિરિરાજ અંગે વર્તમાનકાળે પણ ઘણું ઘણું લખાયું

છે. કેમકે આ ગિરિરાજનો મહિમા એવો છે કે ગમેતેવા ભાવિકને આની પ્રશસ્તિ કરવાનું મન થઈ જાય.

વળી આ ગિરિરાજની બહુ પ્રાચીનકાળની તળેટી ઠેઠ **વઢનગર** ગુજરાત પાસે હતી પણ ઈતિહાસની નજરે અમુક સદીઓ પહેલાં **વલ્લભીપુર** આગળ તલેટી હતી, અને ઘૂઘવતો સાગર આ તીર્થાધિરાજની ચરણ પખાલી અનેરાં સ્તુતિગાન કરતો.

આના કારણમાં એમ સમજાય છે કે અત્યારના **વલ્લભીપુર**ની ઉત્તરે **ભાલ** પ્રદેશ છે, ત્યાં પ્રથમ સમુદ્ર હતો અને અત્યારે પણ ચોમાસામાં પાણી ફરી વળે છે. એટલું નહિ પરંતુ તેની ઉત્તરે છેક **અમદાવાદ** સુધી આવેલા **ખંભાતના** રણમાં ઈ. સ. ૧૮૮૫ સુધી વર્ષમાં છ મહિના પાણી ફરી વળતાં હતાં, તે બતાવે છે કે સૌરાષ્ટ્રનો અત્યારે જેમ દક્ષિણ અને પશ્ચિમ કિનારો તરતો છે, તેમ અગાઉ લગભગ ચોતરફ છેક **અમ**દાવાદથી આખા **કાઠિયાવાડ**ને ફરીને **દ્વારકા** થઈ છેક **ખારાઘોડા પાટડી બન્નાણા** સુધી સમુદ્ર હોવો જોઈએ.

કાઠિયાવાડ સર્વસંગ્રહમાં અને વિદેશી-શોધકોનો નિર્ણય પણ એવો જ છે કે **અ**રબી સમુદ્રની સરહદ **ગોપનાથ** સુધી ગણીયે તો ત્યાંથી એક તરફ **ગોપનાથ** તથા સામે કાંઠે **દમણ** અને **સુરત**થી **ખંભાત**ના અખાતની સરહદ શરૂ થઈને તેની અણી **અ**મદાવાદની **સા**બરમતી નદી સુધી છે.

જો કે આ અખાતમાં **ગુ**જરાત-**કા**ઠિયાવાડની ઘણી મોટી નદીઓનાં મુખ જતાં હોવાથી તેમાં આવતાં પૂરનાં પાણી દર વર્ષે રૂા. ૮૫, ૨૮, ૨૫, ૩૪, ૬૪૦ ટન સાથે સરેરાશ ૩૮, ૩૭, ૭૧, ૪૦૫ ટન કચરો **ખંભાત**ના અખાતમાં ભળે છે.

આ રીતે એક હજાર વર્ષે **ખંભાત**ના અખાતનો ૨૪૫૦ ઘન ચોરસ માઈલનો વિસ્તાર પુરાઈ જવો જોઈએ,

જો કે વચ્ચે **અ**રબી સમુદ્રના મોટા લોઢ આવીને તે કચરો ખેંચી જાય છે એટલે નિયમિત જમીન વધ્યે જતી નથી. છતાં આ ભાગમાં અખાતનો ઉપયોગ **ભાવનગર**થી આગળ નજીવો જ રહ્યો છે, તેમ જોઈ શકાય છે.

જ્યારે કચ્છના અખાતમાં પણ છેક **દ્વારકા**થી **જોડીયા બંદર** અને તેથી પણ છ માઈલ અંદર સુધી હજી વહાણ વહેવાર છે, ને તે પછી કચ્છના રણમાં ચોમાસામાં છાલકાં પાણી ભરાઈ તેમાં મીઠું પાકે છે. તેમજ **ખારાઘોડા**માં અત્યારે પણ જથ્થાબંધ મીઠાની પેદાશ છે.

વળી વઢીયારનો રેતાળ પ્રદેશ પણ એક વખત સમુદ્ર હોવો જોઈએ, કેમકે **ઝીંઝુવાડા** આગળ અગાઉ સમુદ્રનો કીનારો હોય, ને ત્યાં હોડીયો રહેતી તેવી દંતકથા છે. **શંખેશ્વર** નજીકના ભાગમાં વહાણ બાંધવાના મોટા લંગરો અર્ધ દટાયેલા પડયાં છે.

આ બધાં ચિહ્નો જોતાં **બ**નાસ, **રૂ**પેણ અને **સ**રસ્વતી નદીનો કચરો ભરાઈને તે રણ બંધાયું હોય તેમ મી. **બ્લા**નફર્ડનો મત છે.

એટલે આ રીતે પ્રાચીન કાલે **શ્રીશત્રુંજય** ગિરિરાજની તળેટીએ સમુદ્ર ઘુંઘવતો હોય એ સંભવિત છે.

કાળક્રમે સમયના પ્રવાહની થપાટોથી સાગર સરકી ગયો અને ગિરિરાજ **શત્રુંજય** પણ તપસ્વીની જેમ પોતાની ગરવી કાયાને સંકોચતો ગયો અને હાલની પરિસ્થિતિએ આવી ઉભો.

આમાં અવસર્પિણી કાળનો પ્રભાવ અને સમયની વિચિત્ર અસરો જ કારણ રૂપ જણાય છે. કેમકે **સૌ**રાષ્ટ્રમાં આજે પણ વિશાળ ગિરિ પ્રદેશો જણાય છે.

કાળ પ્રભાવે વચલા ગાળામાં અવર જવરના ધસારાથી તથા છૂટા છવાયા ગામડાં વસતાં ખેતીવાડીનો ઉપયોગ શરૂ થવાથી **સૌ**રાષ્ટ્રનો પહાડી તેમજ વનરાજથી ભરપૂર પ્રદેશ જુદા જુદા ભાગોમાં વહેંચાઈ ગયો.

જેમ કે **વલ્લભીપુર**ની પ્રાચીન ભૂમિકાના ચમારડી પાસેના ડુંગરા કે જ્યાં સમુદ્રનાં પાણી છોલો મારતાં તેમ અંગ્રેજ વિદ્વાન પ્રો. **ફાર્બસ** જણાવે છે.

ત્યાંથી આ પહાડી પ્રદેશ ઉપર નજર કરશું તો અનુક્રમે **ગોપનાથ, ઘસાલવા** અને **શિહોર, મઢડા** તથા **સોનગઢ** પાસેની ટેકરીયોની હારમાળા આગળ વધીને એક તરફ **આખરા**ના ડુંગરને અને બીજી તરફ **શત્રુંજય**ના ૨૯૭૭ ફૂટ ઉંચા શિખરોની છાયામાં સમાય છે; ને ત્યાંથી **કદંબગિરિ, હસ્તગિરિ**ના શિખરોને વટાવી છેક **તાલધ્વજગિરિ (તલાજા)** સુધી જાય છે.

જ્યારે પૂર્વમાં **શત્રુંજય**ને લગતો **ભાડવો** વગેરે શિખરોથી આગળ વધતાં **હાથસણી**ના પહાડો, **છાપરીયાળી** તથા **રાજુલા**ની હારબંધ ટેકરાઓ, **લાંચ** અને **સાણાના**, ખોગીર (ગુફાઓવાળા) ડુંગરા. **પલાણીયો, મીતીઆળાના** પહાડો અને તે પછી ૬૦ માઈલ લાંબા અને ૩૦ માઈલ પહોળાં પથરાયેલ **ગીરના જંગલમાં** ૧૫૦૦ થી ૨૧૦૦ ફૂટ ઉંચા ગીરનાં શિખરો, દક્ષિણે છેક **કોડીનાર** સુધી અને પૂર્વે છેક **ગિરનાર (રૈવતાચલ)** સુધી ઉભેલાં છે.

સૌરાષ્ટ્રના પહાડી પ્રદેશમાં **ગિ**રનારનો પહાડ **શ્રીશત્રુંજય**ના **ઉ**જ્જયંત શિખર તરીકે શાસ્ત્રમાં ઓળખાવેલ છે. આ પહાડનાં શિખરો અત્યારે પણ ૩૬૬૬ ફિટ અને સમુદ્રની સપાટીથી લગભગ પાંચહજાર ફિટ ઉંચા ઉભાં છે. ને તેના પ્રમાણમાં તેનો ઘેરાવો પણ મોટો છે.

તે પછી **ભા**દર અને **ઉ**બેણ નદી વચ્ચે **ઓ**સમનો પહાડ કે જેમાં અત્યારે પણ માઈલો

સુધીનાં લોયરાંઓ અને ખીણો છે. તથા પૂર્વથી ઉત્તર વચ્ચે ત્રીસ માઈલના ઘેરાવામાં પડેલો **બરડાનો** પહાડ એ હજાર ફૂટના શિખરોવાળો હજુ પણ **ઘુમલીના** ખંડીયરો, વાંસના જુથો અને ઝાડીથી તથા ઝરણાંઓથી ભરપૂર છે.

અહીંથી **પાનેલી** નજીકમાં **ઢાંકનો** પહાડ **બાફા** પાસેની ટેકરીયો, તથા તે પછી **ભાણવડ** અને **લાલપુર** વચેની ગોપની ખીણો તથા **લોધાકા–સરધાર** અને **જસદણને** જોડતી **સરધારની** દીવાલ લગભગ ચાલીસ માઈલમાં પથરાયેલ છે, અને વચ્ચે **ચોટીલાના** ડુંગરોના શિખરો પણ ૧૧૭૩ ફિટ ઉંચાં ઉભાં છે.

આ જોતાં પૂર્વે કાઠિયાવાડનો પ્રદેશ પહાડી અને વનલીલાથી ભરપૂર હોય અને વસ્તીનો ભાગ દરિયા કિનારે (કંઠાળમાં) વસતો હોય તેમ માનવાને કારણ મળે છે.

આ રીતે કાળચક્રના આંટાઓની ભીંસથી વર્તમાનકાળે ગિરિરાજ **શત્રુંજય** આપણને નાના વિસ્તારમાં લાગતો હોવા છતાં કાળચક્રના આંટાઓ તેના માહાત્મ્યને આંચ આપી શક્યા નથી.

શ્રીશત્રુંજય ગિરિરાજને સ્પર્શતી હકીકતોના ગ્રંથો, પુસ્તકો, ચિત્રો, વિગતો આદિ સાહિત્ય આજે સર્વાધિક પ્રમાણમાં અનેક ભાષામાં મળી આવે છે. મારી માન્યતાએ પ્રસ્તુત પુસ્તક અત્યાર સુધીનાં સઘળા **શ્રીશત્રુંજયને** લગતા સાહિત્યમાં સર્વોચ્ચ સ્થાન ભોગવે તેમ છે. કેમ કે આના લેખક–સંપાદક સાહિત્ય રસીક **પૂ. પ. શ્રીકંચનસાગરજી મ.** છે.

તેમણે અનેક રીતે **શ્રીશત્રુંજય ગિરિરાજની** મહત્તા બતાવવા સાથે ઝીણામાં ઝીણી વિગતો દર્શાવનારી અનેક અજ્ઞાત બાબતો પર પ્રકાશ પાથર્યો છે. જે તેની વિષયાનુક્રમણિકા અને અંદરના પ્રકરણો વાંચવાથી સ્પષ્ટ થાય છે.

શ્રીશત્રુંજય મહાતીર્થના અભૂતપૂર્વ અલભ્યપ્રાય ચિત્રો પણ આમાં જોવા મળશે.

આજ સુધીના અનેક ગ્રંથો આ વિષયના પ્રકટ થયા છતાં સહુકોઈમાં નહીં આવેલ ઘણી બાબતો આ ગ્રંથમાં ચિત્રરૂપે, લખાણરૂપે અદ્વિતીય માહિતી પૂરી પાડે છે, એ ખૂબજ આનંદની વાત છે.

છેવટે ચતુર્વિધ સંઘ સમક્ષ તરણતારણહાર મહામહિમશાળી ગરવી ગિરિરાજની અતિઅદ્‌ભુત નવીન માહિતીઓ પૂરી પાડનાર આ ગ્રંથના વાંચન–આદિથી આરાધક પુણ્યવાનો આ પવિત્ર તીર્થાધિરાજની ભાવપૂર્વક સ્પર્શના કરી કર્મબલથી મુક્ત બને એ શુભેચ્છા.

વીરનિ. સં. ૨૫૦૫
વિ. સં. ૨૦૩૫ અસાડ સુદ ૮
મંગળવાર
કલ્યાણભુવન પાલીતાણા (સૌરાષ્ટ્ર)

નિવેદક
શ્રમણ સંઘ સેવક
પૂ. **ઉપાધ્યાય ધર્મસાગરજી મ.**
ચરણ સેવક **અભયસાગર**

પ્રાસ્તાવિક

લેખક–પ્રો. રમેશચંદ્ર એસ. શાહ, સુરત.

અનાદિ કાળથી **શ્રીશત્રુંજય** ગિરિરાજ ભારતમાં સર્વોત્તમ તીર્થ તરીકે ખ્યાતિ ધરાવે છે. **શ્રીસિદ્ધગિરિની** મન વચન અને કાયાના ભાવપૂર્વકના યોગથી કરેલી યાત્રા અનાદિઅનંત સમયથી ભ્રમણ કરતા આત્માઓને પાપોનો નાશ કરવામાં સહાયભૂત છે. કોઈ કોઇ આત્માઓ આ તીર્થમાં આવીને વિધિપૂર્વક ઉકૃષ્ટ આરાધના કરવાથી સિદ્ધિગતિને પામ્યા છે. આ પ્રમાણે પરમ તારક અને પવિત્ર **શ્રીસિદ્ધાચલ** મહાતીર્થનો મહિમા વર્ણવતાં પુસ્તકો સમયે સમયે અનેક ભાષાઓમાં લખાયેલાં છે. તીર્થાધિરાજના માહાત્મ્યને વર્ણવતાં પુસ્તકોની જે સામગ્રી પ્રાપ્ત થઈ છે તેમાં **'શ્રીશત્રુંજય સર્વ સંગ્રહ'** જેવું એક અજોડ પુસ્તક લખવાનો ઘણા સમયથી શુભ સંકલ્પ કર્યો હતો તે આજના આ મંગળ દિને પૂર્ણ થયો છે. સંસ્કૃત અને અર્ધમાગધીમાં કેટલાક જૈન આચાર્યો દ્વારા લખાયેલાં પુસ્તકોનો ગુજરાતીમાં રસાસ્વાદ કરાવી શકે અને સાથે સાથે **શ્રીશત્રુંજય** વિશેની વિવિધ પ્રકારની માહિતીથી પૂર્ણ હોય તેવો આ ગ્રંથ **શ્રીશત્રુંજય ગિરિરાજ દર્શન** છે.

આ ગ્રંથમાં ત્રણ વિભાગો છે. પ્રથમ ભાગમાં **શ્રીશત્રુંજય** વિશેની ઔતિહાસિક અને ધાર્મિક સામગ્રી રજૂ કરવામાં આવી છે. શરૂઆતમાં પૂ. પંન્યાસજી મહારાજ સાહેબે વિશિષ્ટ નામાભિધાન **શ્રીશત્રુંજય** ગિરિરાજ અને દર્શન એ ત્રણ શબ્દોનું સ્પષ્ટીકરણ કર્યું છે. ત્યાર-પછી **શ્રીશત્રુંજયલઘુકલ્પની** મૂળ ગાથાઓ સરળ ભાવાનુવાદ સાથે મૂકવામાં આવી છે, કે જેના દ્વારા અનેકવિધ સાધુ ભગવંતો અને પુણ્યશાળી આત્માઓ સાધના દ્વારા સિદ્ધિપદને પામ્યા છે, તે દર્શાવ્યું છે. ત્યાર પછીથી અન્ય પ્રકરણોમાં **શ્રીશત્રુંજયનું** માહાત્મ્ય, રાયણવૃક્ષનો, સૂર્યકુંડનો મહિમા, **શ્રીશત્રુંજય** તીર્થના ઉદ્ધારો, ગિરિરાજની યાત્રા અને ૧૦૮ ખમાસમણાં વગેરે માહિતીને સરલ અને સુબોધ શૈલીમાં ક્રમબદ્ધરીતે આલેખી છે. વળી **શ્રીશત્રુંજય**નો મહિમા બતાવતી બૃહત્ અને લઘુકથાઓ આબાલગોપાલ સર્વને **શ્રીશત્રુંજય**નો સાક્ષાત્ પરિચય કરાવે છે. **શ્રીશત્રુંજય** માહાત્મ્ય વર્ણવતાં અનેક પ્રકારની જે માહિતી પ્રાપ્ત થાય છે. તેમાં રસિક આત્માઓના ઉદ્ધારોની માહિતી આપવામાં આવી છે, તે દ્વારા સુજ્ઞ વાંચકોને ખ્યાલ આવશે કે જૈન રાજા મહારાજાઓ અને શ્રેષ્ઠીઓએ કેવી મુશ્કેલી ભરેલી પરિસ્થિતિમાં **શાશ્વતતીર્થ** ગિરિરાજને અખંડ રાખ્યો છે. આ વિગત સાચે જ પ્રેરણાદાયક છે. તેમાંની એક મહત્વની હકીકત નોંધવા જેવી છે કે–પાંચમાં આરામાં જ્યારે મુસ્લીમ રાજકર્તાઓ હતા ત્યારે તેઓએ આવી કટોકટીભરી પરિસ્થિતિમાં તીર્થરક્ષામાટે મિત્રભાવે મદદ કરી હતી અને જૈન ધર્મના પવિત્ર વિચારોને ટકાવી રાખવા મદદરૂપ બન્યા હતા. જે સમયે અદ્યતન સાધન સામગ્રી ન હોવા છતાં મજૂરો, કારીગરો તેમજ અન્ય કાર્યકર્તાઓને ખુશ રાખીને કરોડો રૂપીયાનો

ખર્ચ કરીને તીર્થોદ્ધાર કર્યો છે અને આ તીર્થનું ગૌરવ સાચવ્યું છે.

તેમને લાખ લાખ વંદન કરું છું.

૧૪ મા પ્રકરણમાં સંવત ૧૮૪૪ માં ગિરિરાજ ઉપરનાં દેરાસરો અને પ્રતિમાઓની વિગતવાર યાદી આપી છે. જેનાથી આ તીર્થની પ્રાચીન કાળની ભવ્યતા અને વર્તમાનમાં પણ કેટલી મહત્તા છે, તેનો પરિચય થાય છે. દહેરાં અને પ્રતિમાઓની સંખ્યા તીર્થભૂમિ તરીકેની શાશ્વત ખ્યાતિનું સ્મરણ માત્ર ભાવિક ભક્તોને નત મસ્તક બનાવે છે. આ રીતે અન્ય પ્રકરણોની સાથે આ પ્રકરણ શત્રુંજય માહાત્મયમાં અનન્ય ફાળો આપે છે. અત્યારે જે ગિરિરાજ જોઈએ છીએ તેમાં ઘણા સુધારા વધારાઓ થયા છે. આ સુધારાઓ ઐતિહાસિક ભૂમિકા પૂરી પાડે છે. વળી શાસ્ત્રોકત વિધાન અને કલાત્મક દૃષ્ટિથી બેનમૂન છે. આવી રસિક વિગતો પ્રકરણ ૧૯ માં મૂકવામાં આવી છે.

મધ્ય વિભાગમાં ગિરિરાજના ૧૨૦ ફોટાઓનો સંગ્રહ કર્યો છે. આ ફોટાઓ જુદી જુદી રીતે વિશિષ્ટ સામગ્રી દ્વારા અનોખી રીતે શત્રુંજય તીર્થનો સર્વગ્રાહી કલાત્મક પરિચય કરાવે છે. ગિરિરાજ, ગિરિરાજના મૂળ નાયક શ્રીઆદીશ્વર ભગવાન, દહેરાસરોની બાંધણી, આરસનું કોતરકામ, નવટૂંકો, ગર્ભદ્વાર, બાવન જિનાલય, ચૌમુખજી, ગિરિરાજની પાયગાઓ, છગાઉની પ્રદક્ષિણા વગેરેનું કલાત્મક દર્શન ઉપરોક્ત ફોટાઓમાં કરાવ્યું છે. આ નમુનાઓ એટલે જૈન શિલ્પ અને સ્થાપત્યકલાના અજોડ નમુના રૂપ છે. સાંસ્કૃતિક વિકાસમાં રાજકીય શાંતિ એ એક મહાન પરિબળ છે. રાજકીય શાંતિના સમયમાં સાહિત્ય, કલા, ધર્મ અને વિજ્ઞાન જેવાં ક્ષેત્રોનો વિકાસ પ્રગતિનાં શિખરો સર કરે છે.

આવો પરિચય આદ્ય વિભાગના પ્રકરણ ૨૧ માં કરાવવામાં આવ્યો છે. આ જોતાં ગિરિરાજ સર્વ સંગ્રહ નામભિધાન આપીએ તો અસ્થાને નહિ લાગે. આ કલાત્મક ઝાંખી પુસ્તકની વિશિષ્ટતામાં અપૂર્વ વૃદ્ધિ કરે છે.

અંત્ય ભાગમાં શ્રીગિરિરાજ ઉપરના વિવિધ આશરે ૫૦૦ શિલાલેખો મુકવામાં આવ્યા છે. આ શિલાલેખો એ ઐતિહાસિક દસ્તાવેજો સમાન ગૌરવ ભર્યું સ્થાન ધરાવે છે. પૂ. પંન્યાસજી મહારાજે સંવત ૧૯૯૬માં આ ગિરિરાજ ઉપર ફરીને સ્વહસ્તે જીર્ણ શીર્ણ થઈ ગયેલા શિલાલેખોને ઉકેલવાનું અને તેના પાઠ બેસાડી સત્ય હકીકતનો ખ્યાલ આવે એવું ભગીરથ કાર્ય ખરેખર એમની તીર્થાધિરાજ પ્રત્યેની અનન્ય ને અપૂર્વ ભક્તિના પ્રતીક સમાન છે. આ અંગે વિશેષ પરિચય " મારે કાંઈ કહેવું છે " તેમાં આપ્યો છે. વળી આ વિભાગના પ્રકરણ પહેલામાં જે શિલાલેખની મહત્ત્વપૂર્ણ યાદી આંપી છે, તેમાં છેલ્લા બોદકામ વખતે

બારા પત્થરના શિલાલેખો ઉપલબ્ધ થયા છે, તેની વિગતોનો પણ સંચય કરાવવામાં આવ્યો છે. આ ઉપરથી આપણને સ્પષ્ટ ખ્યાલ આવશે કે લેખકશ્રીએ પુસ્તક પ્રકાશન થતાં સુધી પ્રાપ્ત થયેલી શક્ય તેટલી બધી જ વિગતોનો સંગ્રહ કરીને પુસ્તકને માહિતી પ્રચુર બનાવવાનો પૂર્ણ પ્રયત્ન યાદર્યો છે. અંત્ય વિભાગના ત્રીજા પ્રકરણમાં પૂ. પંન્યાસજી મહારાજે ગ્રન્થની અનેકવિધ સામગ્રીનો સૂક્ષ્મ અભ્યાસ, અવલોકન અને તીર્થયાત્રાના અનુપમ અનુભવોને આધારે સંશોધક દૃષ્ટિએ નવા વિચારો દર્શાવ્યા છે. જેના દ્વારા ગિરિરાજની વૈવિધ્ય પૂર્ણ માહિતી વિશે સ્વતંત્ર અભિપ્રાયો પ્રાપ્ત થાય છે. **શત્રુંજય** તીર્થ યથાર્થ રીતે સત્ય સ્વરૂપે સમજવાનો સમજાવવાનો વિનમ્ર પુરૂષાર્થ યુક્ત સંશોધક દૃષ્ટિનો પ્રયાસ છે. તે ગૌરવ અનુભવવા જેવો મહાન પ્રસંગ છે.

તદુપરાંત પૂ. શ્રીએ આ પુસ્તકની રચનામાં ઉપયોગી એવી પ્રાપ્ત થયેલી માહિતીની એક મનનીય સંદર્ભ યાદી ટકી. ધર્મપ્રેમી, કલાપ્રેમી કે જ્ઞાનપિપાસુ આત્માઓ વિશાઓના અધ્યયન દ્વારા શ્રીશત્રુંજયનું તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કરીને ધર્મધ્યાનમાં **રમમાણ** થશે.

શ્રીશત્રુંજય અંગે કેટલાક મતમાંતરો છે. તે વિશે પૂ. પંન્યાસજી મહારાજે પોતાના વિચારોની અભિવ્યક્તિ દર્શાવી છે.

આગમોદ્ધારક ગ્રંથમાલાના પ્રકાશનના ઉપક્રમે **શ્રીશત્રુંજય ગિરિરાજ દર્શન** પુસ્તક પ્રગટ કરવામાં આવે છે. તે ખરેખર આનંદનો વિષય છે. જૈન તીર્થોના ઇતિહાસમાં એક અભિનવ પ્રકાશન છે. એક વાત એવી પણ છે કે લેખકશ્રીની ઇચ્છા આ ગ્રંથને ઇંગલીશમાં પ્રકાશન કરવાની છે. તે પણ આ સંસ્થાના ઉપક્રમે થશે.

આ પ્રસંગે ધર્મપ્રેમી આર્થિક સહાયકોને તેમને આપેલી સહાયને યાદ કરીને હૃદયપૂર્વક અભિવાદન કરું છું. અંતમાં આ પુસ્તકનો જૈન, જૈનતરો, સાહિત્યકારો, કલાપ્રેમી સજ્જનો, તીર્થયાત્રા રસિકો, અને ધર્મીજનો સવિશેષ ઉપયોગ કરી જ્ઞાનોપસના અને તીર્થયાત્રા દ્વારા આત્મોન્નતિના પંથે પ્રવર્તમાન થશે તેવી શુભ મહત્વકાંક્ષા સેવું છું.

આપનો આભાર

જૈનં જયતિ શાસનમ્ **૨૦૩૫ કા. સુ. ૧**

શ્રીશત્રુંજય ગિરિરાજ દર્શન

લઘુવિષયાનુક્રમ

પ્રકાશકીય		I
ઉત્થાન		II–V
ધન્યશત્રુંજય		VI–IX
પ્રસ્તાવિક		X–XII
લઘુવિષયાનુક્રમ		XIII
વિષયાનુક્રમ		XIV
શ્રીશત્રુંજય ગિરિરાજ દર્શન		૧-૨
પ્ર. ૧	શ્રીશત્રુંજયલઘુકલ્પ.	૩-૭
પ્ર. ૨	શ્રીશત્રુંજય ગિરિરાજ માહાત્મ્ય	૮-૨૯
	રાયણવૃક્ષનો મહિમા	૧૯
પ્ર. ૩	સૂર્યાવર્ત–સૂર્યકુંડમહિમા	૩૦-૫૪
	નાની નાની કથાઓ.	૫૪-૫૭
પ્ર. ૪	શ્રીશત્રુંજય મહાતીર્થના ઉદ્ધારો	૫૮-૯૭
પ્ર. ૫	શ્રીતીર્થાધિરાજ ગિરિરાજની યાત્રા.	૯૮-૧૪૮
પ્ર. ૬	ગિરિરાજની નવાણું યાત્રા.	૧૪૯-૧૫૦
પ્ર. ૭	શ્રીશત્રુંજય ગિરિરાજના ૨૧	
	ખમાસમણ.	૧૫૧-૧૬૧
પ્ર. ૮	ગિરિરાજનાં ૧૦૮ ખમાસમણ.	૧૬૨-૧૮૬
પ્ર. ૯	ગિરિરાજની પાયગાઓ.	૧૮૭-૧૮૮
પ્ર. ૧૦	શ્રીગિરિરાજની ત્રણ પ્રદક્ષિણાઓ.	૧૮૯-૧૯૨
પ્ર. ૧૧	છઠ્ઠકરીને સાત યાત્રા.	૧૯૩
પ્ર. ૧૨	સિદ્ધાચલના સાત છઠ્ઠ ને બે અઠ્ઠમ.	૧૯૪
પ્ર. ૧૩	આ ગિરિરાજના મોટાં પર્વો.	૧૯૫–૧૯૭
પ્ર. ૧૪	ગિરિરાજ ઉપર મોક્ષે ગયેલાનાં	
	ઉપલબ્ધ કેટલાક નામો	૧૯૮
પ્ર. ૧૫	ચાતુર્માસ.	૧૯૯
પ્ર. ૧૬	પટ જુહારવાની પ્રથા	૨૦૦–૨૦૧
પ્ર. ૧૭	સં. ૧૮૪૪માં શ્રીશત્રુંજય	
	ઉપર દહેરાં અને પ્રતિમાજીઓ.	૨૦૧–૨૦૫
પ્ર. ૧૮	પુરાવા.	૨૦૬-૨૦૮
પ્ર. ૧૯	જાણવા જેવું નવું જુનું.	૨૦૯–૨૧૨
પ્ર. ૨૦	શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો	
	વહીવટ.	૨૧૩–૨૧૬
	શ્રીસમેતશિખરજી.	૨૧૬–૨૧૭
પ્ર. ૨૧	સ્થાપત્ય અને અદ્ભુત કળા	૨૧૮–૨૨૧
પ્ર. ૨૨	શ્રીસિદ્ધગિરિસ્તવ	૨૨૨–૨૨૪
	—:—	
	શ્રીગિરિરાજના ૧૨૦ ફોટા	૧–૧૨૦
	*	
	અંત્ય ભાગ	
પ્ર. ૧	શ્રીગિરિરાજ પરના શીલાલેખો ૧	1–110
પ્ર. ૨	૧૨૦ ફોટાનો પરિચય.	111–126
પ્ર. ૩	કાંઈક કહેવા જેવું.	127–132
પરિ. ૧	શ્રીગિરિરાજ અંગે મળતું સાહિત્ય.	133–134
પરિ. ૨	શ્રીઆગમોદ્ધારક ગ્રન્થમાળાના	
	પ્રકાશનો	135
પરિ. ૩	પ્રકાશન અંગે સહાયકોની નામાવલી.	136-

શ્રીશત્રુંજય ગિરિરાજ દર્શન

બૃહદ્ વિષયાનુક્રમ

વિષય	પાનાં
શ્રીસિદ્ધગિરિ સ્તવ સભાષાંતર.	
પ્રકાશકીય.	I
ઉત્થાન.	II–V
ધન્ય શત્રુંજય	VI–IX
પ્રાસ્તાવિક.	X–XII
લઘુઅનુક્રમ.	XIII
બૃહદ્ વિષયાનુક્રમ.	XIV
શ્રીશત્રુંજય ગિરિરાજ દર્શન	૧–૨
પ્રકરણ પહેલું	
શ્રીશત્રુંજય લઘુ કલ્પ (સભાષાંતર)	૩–૭
પ્રકરણ બીજું	
શ્રીશત્રુંજય ગિરિરાજ માહાત્મ્ય	૮–૨૯
ભૂમિકા	૮
શત્રુંજય અને જેમ્સ બર્ગેસ	૯
પ્રકરણો	૧૦
તેને જણાવનાર પ્રકરણો આ પ્રમાણે	૧૦
શ્રીશત્રુંજયગિરિરાજ	૧૧
શ્રીશત્રુંજય ઉપર સમવસરણો.	૧૧
કંડુરાજાની કથા	૧૨–૧૪
ઈન્દ્રના પ્રશ્નો, પ્રભુની દેશના.	૧૪–૧૫
તીર્થ દર્શનમાં ફળની વૃદ્ધિ	૧૫
ગિરિરાજનું પ્રમાણ.	૧૫
એકવીશ પ્રધાન શીખરો.	૧૬
ઉપમેય અને ઉપમા.	૧૬
ગિરિરાજ પર મોક્ષ.	૧૬
હિંસક પ્રાણીનો પણ ઉદ્ધાર	૧૭
ગિરિસ્પર્શનાનો મહિમા	૧૭
પૂજનનું ફળ.	૧૭
પુંડરિક ગિરિ યાત્રાનું ફળ	૧૭
ચરણ પાદુકાની પૂજા	૧૮
માળા વગેરેનું ફળ	૧૮
સિદ્ધગિરિરાજ પર સાધુની પૂજનિકતા	૧૮
ગિરિરાજ પર શું ન કરવું.	૧૯
સંઘયાત્રાનું ફળ	૧૯
રાયણવૃક્ષનો મહિમા	૧૯
ગિરિરાજના મહિમા પર રસરાજ કથા	૨૦–૨૭
આમ્રવૃક્ષ પર શુક.	૨૧
કૌમુદી મહોત્સવ.	૨૨
કમલમાલાને બીજો પુત્ર	૨૨
તીર્થરક્ષણ માટે શુકરાજ	૨૩
માતાનો સંદેશ	૨૩
શૂર અને હંસનુ યુદ્ધ	૨૪
જંગલમાં યોગિની	૨૪
ચંદ્રાંક.	૨૫
યશોમતી કોણ ?	૨૫
મૃગધ્વજ રાજની દીક્ષાની ભાવના	૨૫
મૃગધ્વજ રાજા કેવલી	૨૫
ચંદ્રશેખર શુકરાજ રૂપે.	૨૫
રાજ્ય પર ચંદ્રશેખર.	૨૬
મૃગધ્વજ કેવલી પાસે શુકરાજ	૨૬
શુકરાજને બતાવેલી આરાધના	૨૭
શુકરાજે કરેલી ગિરિરાજની આરાધના	૨૭
શત્રુંજય નામ	૨૭
શ્રીગિરિરાજના મહિમા પર ચંદ્રશેખરની કથા.	૨૯
ચંદ્રશેખરને પશ્ચાતાપ.	૨૯
પ્રકરણ ત્રીજું	
સૂર્યાવર્ત-સૂર્યકુંડનો મહિમા.	૩૦-૫૪
મહીપાળ રાજાનું દૃષ્ટાન્ત	૩૦

વિષય	પાનાં
જીવદયા પર બગ કથા.	૩૨
તે સંબંધિ કથા	૩૪
કાશીના મહાબાહુ રાજાને કેવલીએ વર્ણવેલો ગિરિરાજનો મહિમા	૩૬
મહીપાલનો પૂર્વભવ	૩૯
સૂર્યાવર્ત કુંડનું મહાત્મ્ય ઉપર	૪૦
સૂર્યકુંડનુ મહાત્મ્ય ઉપર શ્રીચંદ્રરાજ કથા.	**૪૨-૫૪**
લગ્નમાટે ચંદ્રરાજાનેલઈજવો	૪૩
પ્રેમલા લચ્છી સાથે લગ્ન	૪૩
ચંદ્રરાજા કુકડો	૪૪
પ્રેમલા લચ્છીની દશા	૪૪
પ્રેમલાલચ્છીને પ્રશ્ન અને જવાબ	૪૪
રાજદરબારમાં	૪૫
આભાપુરીમાં શું થયું. ?	૪૫
નટનું આવવું.	૪૬
લીલાધરનું પ્રયાણ	૪૬
વિમલા પુરીમાં નટ	૪૭
પ્રેમલા ને કુકડો	૪૭
કુકડો કયાંથી ?	૪૭
પ્રેમલા ને કુકડાનું મીલન	૪૭
બે દિવસમાં મળશે	૪૮
પુંડરીક ગિરિની યાત્રા	૪૮
સૂર્યકુંડ બન્નેને ફળ્યો	૪૮
ચંદ્રરાજા અને પ્રેમલાલચ્છી	૪૯
ચંદ્રરાજાને કુકડો કર્યો	૪૯
ચંદ્રરાજાનો પ્રભાવ	૪૯
ગુણાવલીને જાણ	૫૦
વીરમતી વેર લેવા તૈયાર થઈ	૫૦
ગુણાવલીનો પત્ર	૫૦
પોપટને કાગળ	૫૧
આભાપુરી જવાનો વિચાર	૫૧
લીલાધરનું આવવું	૫૧
રાત્રે ચમત્કાર	૫૧
પોતનપૂરથી પ્રયાણ	૫૨

વિષય	પાનાં
ચંદ્રરાજ અને ગુણાવલી	*૫૨*
નટને બદલો	૫૨
બધાના પૂર્વ ભવો	૫૩
બન્નેનાં લગ્ન	૫૩
ચંદ્રરાજાને વૈરાગ્ય	૫૪
દીક્ષા મહોત્સવ	૫૪
શ્રીગિરિરાજના મહાત્મ્યપર નાનીનાની કથાઓ	**૫૪-૫૭**
૧ સુશર્મા બ્રાહ્મણ કથા	**૫૪**
૨ મોર	**૫૫**
૩ સિંહ	**૫૬**
૪ હંસ	**૫૬**
૫ ગિરિરાજના પ્રભાવે વિદ્યાસિદ્ધ	**૫૭**
પ્રકરણ ૪ થું	
શ્રી શત્રુંજય મહાતીર્થના ઉદ્ધારો	**૫૮-૭૭**
ચોથા આરામાં થયેલા ઉદ્ધારો	૫૮
પાંચમાં આરામાં થયેલા ઉદ્ધારો અને થનારા ઉદ્ધારો	૫૮
ઉદ્ધારોનું વર્ણન	૫૮
ઉદ્ધાર ૧ ભરતમહારાજનો	૫૮
,, ૨ દંડવીર્ય રાજાનો	૬૨
,, ૩ ઈશાન ઈન્દ્રનો	૬૨
,, ૪ માહેન્દ્ર ઈન્દ્રનો	૬૩
,, ૫ બ્રહ્મેન્દ્રનો	૬૩
,, ૬ ચમરેન્દ્રનો	૬૪
,, ૭ સગરચક્રવર્તીનો	૬૪
,, ૮ વ્યંતરેન્દ્રનો	૬૫
,, ૯ ચંદ્રયશા રાજાનો	૬૫
,, ૧૦ ચક્રધર રાજાનો	૬૬
,, ૧૧ શ્રીરામચંદ્રજીનો	૬૭
,, ૧૨ પાંડવોનો	૬૭
પાંચમા આરામાં થયેલા ચાર ઉદ્ધારો	**૬૮**
(૧) ઉદ્ધાર ૧૩ જાવડશાનો	૬૮
વર્તમાન કપર્દિ યક્ષની ઉત્પત્તિ	૭૨

વિષય	પાનાં
(૨) ઉદ્ધાર ૧૪ બાહડમંત્રીનો	૭૪
ઉગ્રભાવનાનું તાત્કાલિક ફળ	૭૭
(૩) ઉદ્ધાર ૧૫ સમરાશાનો	૭૯
(૪) ,, ૧૬ કરમાશાનો	૮૭
શ્રીઆદીશ્વર ભગવાનની મૂર્તિ ઉપરનો લેખ	૯૫
શ્રીપુંડરીક સ્વામીજીની મૂર્તિ ઉપરનો લેખ	૯૬
છેલ્લો ઉદ્ધાર–૧૭મો ઉદ્ધાર	૯૭


પ્રકરણ પાંચમું

શ્રીતીર્થાધિરાજ ગિરિરાજની યાત્રા	**૯૮–૧૪૮**
શ્રીઆદીશ્વર દાદાની યાત્રા	૯૮
તળકકો પહેલો	**૯૮–૧૧૨–૯૮**
ગિરિરાજ	૯૮
દાદા શ્રીઆદીશ્વર	૯૯
પૂર્વ નવાનું વાર.	૯૯
યાત્રા કરવા કઈ રીતે અવાય	૯૯
છહરી પાળતી યાત્રા	૧૦૦
યાત્રાનો માર્ગ	૧૦૧
પૂર્વકાળની અને વર્તમાનકાળની તળેટીઓ	૧૦૧
બીજી પણ જુની તળેટી	૧૦૧
યાત્રાની વર્તમાન રીત	૧૦૧
વિજય તલાટી	૧૦૨
કલ્યાણ વિમલની દેરી	૧૦૨
શ્રીકેશરીયાજી મંદિર	૧૦૩
સતીવાવ	૧૦૩
શ્રીવર્ધમાન જૈનાગમ મંદિર	૧૦૩
જય તલાટી	૧૦૪
પ્રથમ ચૈત્યવંદન સ્તવન થોય	૧૦૪
પહેલો કુંડ	૧૦૬
હિંગળાજનો હડો	૧૦૬
હિંગળાજ માતા	૧૦૭
છાલા કુંડ	૧૦૮
૧–૨ દ્રાવિડ ને વારિખિલ્લ	૧૦૮
વિદ્યાધરમુનિ સાથે ગિરિરાજ પર	૧૦૮

વિષય	પાનાં
૩ અતિમુક્તમુનિ	૧૦૯
૪ નારદમુનિ	૧૦૯
૧–૨ રામભરત	૧૦૯
૩ થાવચ્ચા પુત્ર	૧૦૦
૪ શુકપરિવ્રાજક	૧૧૦
૫ શૈલકાચાર્ય	૧૧૦
સુકોશલ મુનિ	૧૧૧
નમિ વિનમિ	૧૧૧
હનુમાન ધારા	૧૧૨
કિલ્લે બંધી	૧૧૨
તળકકો બીજો	**૧૧૩–૧૨૨**
રામપોળ	૧૧૩
સગાળપોળ	૧૧૪
વાઘણપોળ	૧૧૪
વ્યાઘ્ર પતોલી	૧૧૪
બીજુ ચૈત્યવંદન સ્તવન થોઈ	૧૧૫
ભુલવણી યાને ચોરીવાળું મંદિર	૧૧૬
કુમાર વિહાર	૧૧૭
સૂર્યકુંડ–સૂરજકુંડ	૧૧૮
ટાંકાં અને કુંડ	૧૧૮
શ્રીધનેશ્વરસૂરિજી	૧૨૦
પોળીઓ અને લિંબડો	૧૨૦
વીર વિક્રમશી	૧૨૦
હાથી પોળ	૧૨૨
તળકકો ત્રીજો	**૧૨૩–૧૩૪**
ત્રણ શિલાલેખો	૧૨૩
દાદાના દર્શન	૧૨૪
ત્રીજુ ચૈત્યવંદન–સ્તવન–થોઈ	૧૨૪
નવખમાસમણ	૧૨૫
પહેલી પ્રદક્ષિણા	૧૨૬
સહસ્રકુટ રચના	૧૨૬
ગણધર પગલાં	૧૨૭
તીર્થંકરો અને ગણધરો	૧૨૭

વિષય	પાનાં
અમકા દેવી	૧૨૮
બીજી પ્રદક્ષિણા	૧૨૮
નવા શ્રીઆદીશ્વરનું મંદિર	૧૨૮
મેરુ	૧૨૯
ત્રીજી પ્રદક્ષિણા	૧૩૦
ચોથું ચૈત્યવંદન સ્તવન થોઈ	૧૩૧
ભરત બહુબલી	૧૩૨
નમિ વિનમિ	૧૩૨
સમરાશા અને તેમનાં સુપત્ની	૧૩૩
નવીટૂંક	૧૩૩
નવીટૂંકની રચના	૧૩૩
ગંધારીયા ચૌમુખજી	૧૩૪
પુંડરીક સ્વામીનું મંદિર	૧૩૪
શ્રી પુંડરીક ગિરિ	૧૩૪
પાંચમું ચૈત્યવંદન–સ્તવન થોઈ	૧૩૪
તળકો ચોથો	**૧૩૫–૧૪૮**
નવટૂંક	૧૩૫
અંગારશા પીર	૧૩૬
નવટૂંકનો દરવાજો	૧૩૬
સંપ્રતિ મહારાજનું દેરાસર	૧૩૭
સવાસોમ યાને ખરતરવસહી	૧૩૭
ચૌમુખજીની ટૂંક	૧૩૭
સવાસોમજીનો ટૂંકો ઇતિહાસ	૧૩૮
બારીમાંથી બહાર	૧૪૦
પાંડવો	૧૪૦
સહસ્રકુટ	૧૪૦
૧૭૦ જિન	૧૪૧
છીપાવસહી	૧૪૧
શ્રીઅજિતશાંતિનાથની દેરી	૧૪૧
સાકરવસહી	૧૪૨
શ્રીનંદીશ્વર દ્વીપ યાને ઉજમબાઇની ટૂંક	૧૪૨
હેમાવસહી	૧૪૨
મોહીનીટૂંક ઉર્ફે પ્રેમાવસહી	૧૪૩
સુરતવાળાનાં દેરાસર	૧૪૩
સુરત વગેરે વીશાનિમાનુ દેરાસર	૧૪૪
માણેક બાઇની દેરી	૧૪૪
અદ્‌ભુત શ્રીઆદિનાથ	૧૪૪
બાલાવસહી	૧૪૪
મોતીશાહ શેઠની ટૂંક	૧૪૫
મંદિરની રચના	૧૪૬
ઘેટીની બારી	૧૪૭
નવે ટૂંકનાં જિનમંદિરો વગેરેનો કોઠો	૧૪૭
શ્રીશત્રુંજયતીર્થની નવટૂંકનો નવાંગી કોઠો	૧૪૮
કિલ્લેબંધી	૧૪૮
પ્રકરણ ૬ ઠું	
ગિરિરાજની નવ્વાણું યાત્રા	**૧૪૯–૧૫૦**
પ્રકરણ ૭ મું	
શ્રી શત્રુંજય ગિરિરાજના ૨૧ ખમાસમણો અર્થ સાથે	**૧૫૧–૧૬૧**
દ્રાવિડવારિખિલ્લનું મોક્ષે જવું	૧૫૩
કાર્તિક પૂર્ણિમાનો મહિમા	૧૫૩
પ્રકરણ ૮ મું	
ગિરિરાજના ૧૦૮ ખમાસમણો ભાવાર્થ સાર્થ	**૧૬૨–૧૮૬**
શ્રીશત્રુંજય ગિરિરાજના ૧૦૮ નામનું વર્ણન	૧૬૨
૧૦૮ યાત્રા કેમ ?	૧૬૩
પ્રકરણ ૯ મું	
ગિરિરાજની પાયગાઓ	**૧૮૭–૧૮૮**
પ્રકરણ ૧૦ મું	
ગિરિરાજનીત્રણ પ્રદક્ષિણાઓ	**૧૮૯–૧૯૨**
પ્રકરણ ૧૧ મું	
છઠ્ઠ કરીને સાત યાત્રા	**૧૯૩**
પ્રકરણ ૧૨ મું	
સિદ્ધાચલના સાત છઠ્ઠ અને બે અઠ્ઠમ	**૧૯૪**

વિષય	પાનાં
પ્રકરણ ૧૩ મું	
આ ગિરિરાજનાં મોટા પર્વો	૧૯૫–૧૯૭
પ્રકરણ ૧૪ મું	
ગિરિરાજઉપર મોક્ષે ગયેલાનાં ઉપલબ્ધ કેટલાંક નામો	૧૯૮
પ્રકરણ ૧૫	
ચાતુર્માસ	૧૯૯
પ્રકરણ ૧૬ મું	
પટજુહારવાની પ્રથા	૨૦૦–૨૦૧
પ્રકરણ સત્તરમું	
સં. ૧૮૪૪માં શ્રીશત્રુંજય ઉપર દહેરાં અને પ્રતિમાઓ	૨૦૧–૨૦૫
પ્રકરણ અઢારમું	
પુરાવા	૨૦૬–૨૦૮
અનકૃદ્દશા (મૂળ સૂત્ર)	૨૦૬
,, (આઠમા અંગ)નું ભાષાંતર	૨૦૭
જ્ઞાનાધર્મકથા (છઠ્ઠા અંગ)નું ભાષાંતર	૨૦૭–૨૦૮
પ્રકરણ ૧૯	
જાણવા જેવું નવું જુનું	૨૦૯–૨૧૨
પ્રકરણ ૨૦	૨૧૩–૨૧૬
શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો વહીવટ	
પાટણ અને ધોળકાના સંઘનો વહીવટ	૨૧૩
ફરી પાછો પાટણ સંઘનો તથા ત્રણ શહેરનો વહીવટ	
અમદાવાદના શ્રીસંઘનો વહીવટ	૨૧૪
પેઢીની પ્રાચીનતા	૨૧૪
અમદાવાદ શ્રીસંઘની કામગીરી	૨૧૫
પેઢીનું બંધારણ	૨૧૬
શ્રીસમેતશિખરજી.	૨૧૬–૨૧૭
પ્રકરણ ૨૧	
સ્થાપત્ય કળાની ઝાંખી	૨૧૮–૨૨૧
પ્રકરણ ૨૨	
શ્રીસિદ્ધગિરિરાજસ્તવઃ સભાષાંતર	૨૨૨–૨૨૪




શ્રી શત્રુંજયગિરિરાજના ૧૨૦ ફોટાઓ	૧–૧૨૦

અન્ત્ય ભાગ

૧ શ્રીગિરિરાજપરના શિલા લેખો ૧-૫૦૧ થી વધારે	1–110
૨ ૧૨૦ ફોટાઓનો પરિચય	111–126
૩ કાંઇક કહેવા જેવુ છે	127–132
પરિ. ૧ શ્રીગિરિરાજ અંગેનુ સાહિત્ય	133–134
પરિ. ૨ આગ્રંથમાળાનાં પ્રકાશનો	135
પરિ. ૩ દ્રવ્ય સહાયકોની નામાવલી	136–143
મહત્વના સુધારા	XIX

મહત્વના સુધારા

૧૮ પૂજામાં દશ **ફુલની** માલાથી
૧૯ મહાબળ ને બદલે **મહીપાલ**
૫૮ મિત્રાનંદવિજયજીના બદલે **નિત્યાનંદ વિજયજી**
૧૪૪ આથી વૈ. વ. ૬ના ના બદલે **વર્તમાનમાં હીમઅગીયારસે જે. વ. ૧૧ના**
૧૮૭ ઘનઘોળની ના બદલે **ઘનઘોળની**
ફોટો કઈ દચેસ્વપ્ન ના બદલે ચૌદસ્વપ્ન વગેરે
૪૫ દાદા ના બદલે **નવઆદીશ્વરના**
૫૨–૫૩ સીમંદરના બદલે સીમંધર
૫૪ **પાંચભાઇઓનું દેરાસર**
૬૭ } દેરાણીજેઠાણીનો ના બદલે **સાસુવહુનો**
૬૮ }
૮૧ સદાસોમના બદલે **સવાસોમ**



૨. શેઠ શાંતિદાસનો સંવત ૧૬૯૮ નો પંચતીર્થીનો કપડાના પટમાંનો શત્રુંજય ગિરિરાજનો પટ

2. A pata of Shatrunjay From the Punchtirthi Cloth Pata Prepared by Sheth Santidas of Sumvat 1698



૩. શેઠ શાંતિદાસનો ૧૬૯૮ના કપડાનો પંચતીર્થી પટ બનાવનારનો અહેવાલ

3. A repart of Panchtirthi Pata of Cloth Prepared by Sheth Santidas of Samvat 1698.




૪. સો વર્ષ પહેલાંની ગિરિરાજની જયતળેટી.

4. The Jay (Taleti) of Shatrunjay before hundred years.




૫. સંવત ૨૦૩૫માં સુધારેલી દેરીઓ સહિતની જય તળેટીનું દૃશ્ય

Aview of Reconstructed group of temples in Samvat 2035 under the Jay taleti of the Shantrujaya




૬. સંપાદક ઉપાસ્ય શ્રીશામળાપાર્શ્વનાથ

6. An image of Shyamla Parshwanath Worshipped by the Collector (Author)



૭. ગિરિરાજ ઉપરનાં મંદિરો અને તેને ફરતો કોટ

7. A view of Giriraj temples and its rampart.



૮. ધ્યાનસ્થસ્વર્ગગત આચાર્ય શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મ.

8. Acharya Shree Anandsagar Surishvarji giving blessings

પૂર્ત્તિ-ફોટાઓનો પરિચય

ટાઈટલપેજ-ગિરિરાજ ઉપર મંદિરોની મનોહર રચના દેખાડતી, તેમજ ગિરિરાજ કેવો મનોહર દેખાય છે, તેવું સો વર્ષ પૂર્વેનું દૃશ્ય. (પં. કપુરચંદા વારૈયાના સૌજન્યથી)

૧. શ્રેષ્ઠિ કરમાશાહે સં. ૧૫૮૭માં કરેલા જિર્ણોદ્ધાર વખતના પ્રતિષ્ઠિત, લાખેની આંગી સહિતના શ્રીઆદીશ્વર દાદા, (આ આંગી અક્ષયતૃતીયાની છે.)

૨. શાંતિદાસ શેઠે ૧૬૯૮ માં પંચતીર્થોનો પટ કપડા પર બનાવેલો અને તે બે બનાવેલા. તેમાંનો એક હાજાપટેલની પોળમાં છે. અને એક શેઠ. આ. ક. ની પેઢી પાસે છે. તેમાંથી વચ્ચે જે શ્રી શત્રુંજય ગિરિરાજનો પટ્ટ હતો તે અત્રે આપ્યો છે. (શે. આ. ક. ના સૌજન્યથી)

૩. શેઠ શાંતિદાસના પંચતીર્થ કપડાના પટ્ટપર જે કરાવનારની પશસ્તિ લખી છે તેનો શ્લોક આમાં છાપ્યો છે. માર્ગના નવા અંકમાં હાજાપટેલની પોળના પટ્ટની વિસ્તારથી પશસ્તિ આપી છે. પણ જે શે. આ. ક. પાસે પટ્ટ છે તેમાં જે પસસ્તિ છે તેમાંની અત્રે આપી છે. તે એ પણ પૂર્વાવાર કરે છે કે શાંતિદાસ શેઠની પહેલાં પણ પટ્ટ જુહારવાની પ્રથા હતી ને પટ્ટો કરવાની પ્રથા હતી તે સાબીત કરે છે. (શે. આ. ક. ના સૌજન્યથી)

૪. સો વર્ષ પૂર્વે શ્રીજયતલાટી કેવી સુરમ્ય દેખાતી હતી તે, તથા ધનવસહીનો દેખાવ આમાં દેખાય છે, (પં. કપુરચંદ વારૈયાના સૌજન્યથી)


૫. સં. ૨૦૩૫ માં શે. આ. ક. ની પેઢીએ આ જયતલાટીના ઓટલા ઉપર જે દેરીઓ જીર્ણ થઈ હતી તેને સુધરાવીને નવિ સુંદર બનાવી તે દેખાવવાળી જયતલાટી

૬. સંપાદકશ્રીએ પ્રતિષ્ઠિત મનોહર સહસ્ત્રફણા શ્રીપાર્શ્વનાથ ભગવાનમાંથી ધ્યાન માટે તૈયાર કરાવેલ શ્રીશામળાપાર્શ્વનાથજી

૭. શ્રીશત્રુંજય ગિરિરાજ પર જે મંદિરો આખા નગર રચના જેટલાં છે, તે મંદિરોના તલ તથા તે બધા મંદિરોને આવરી લેતો કોટો જે છે, તેને જણાવનાર આ ફોટો છે, આ આખીએ કોટ સુધિની માલીકી શે. આ. ક. ની છે. (શે. આ. ક. ના સૌજન્યથી)

૮. ધ્યાનસ્થસ્વર્ગત, આગમવાચનાદાતા, આગમમંદિરોના સંસ્થાપક. અમારા પરમ પૂજ્ય ગુરુ દેવ આચાર્યશ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજ. (આશીર્વાદદેતા)

શ્રીશત્રુંજય ગિરિરાજ દર્શન



શ્રી સિદ્ધાચલ-તીર્થરાજમનીશં વંદે યુગાદીશ્વરમ

પ્રાણીમાત્રએ, પોતાના આત્માના વિકાસ માટે ઊદ્યમ કરવો જોઇએ. આત્માનો વિકાસ કરવાના માટે, એવા વિકાસને રૂંધનાર શત્રુઓ કોણ છે, તેને પહેલાં તો લક્ષમાં લેવા જોઇએ. શત્રુઓ ખોળી ખોળીને, તેમને મહાત કરવા માટે, પ્રયત્નશીલ થવું જોઇએ. એવા પ્રયત્નો કરવામાં સાધનો કયાં કયાં છે તે જાણવું જોઇએ. જાણીને પછી શીઘ્ર અમલ કરવામાં મન પરોવવું જરૂરી છે.

આત્માના શત્રુઓ, બાહ્ય અને અભ્યંતર, એમ બે પ્રકારના છે. બાહ્ય અને અભ્યંતર બન્ને પ્રકારના શત્રુઓને જાણીને, તેનો નાશ કરવાનું સાધન શોધીને, એવા સાધનોનો ઉપયોગ કરીને, આત્માનો વિકાસ સાધવો જોઇએ.


આત્માના બાહ્ય શત્રુઓ, દુન્યવી દુશ્મનો છે. અંતરંગ શત્રુઓ તે કામક્રોધાદિ છે. આવા ઊભય પ્રકારના શત્રુઓનો નાશ કરવાને માટે, કોઇક અપૂર્વ પરિણામ ઉત્પન્ન કરે, તેવી જગ્યા (સ્થાન) જોઇએ. બાહ્ય અભ્યંતર શત્રુને નાશ કરવાના પરિણામની ધારાને વધારનાર અને વધારીને તે મેળવી આપનાર સ્થાન એટલે **શ્રી 'શત્રુંજય'** શત્રુને જીતી આપનાર.

જગતમાં પર્વતો-ગિરિઓ તો જગો જગો પર આવેલા છે, ઘણા છે. પણ તે ગિરિ એવા જોઇએ કે જેની પરમ પાવન ભૂમિ, આત્માને પોતાના ઉત્કર્ષ માટે, પરિણામની ધારાને ઉપર ચઢાવે. તે ધારાને ચઢાવનાર જો કોઇ પરમ પાવન ગિરિ હોય તો તે આ ગિરિ છે. તેથી આને **ગિરિરાજ** કહેવાય. બાઇઓ તો બધીજ છે. બધી બાઇઓને 'મા' ન કહેવાય. 'મા' તો જનેતાને જ કહેવાય. બાઇ તે ભલે હોય પણ તેને બાઇ ન કહેવાય, તેને મા જ કહેવાય, તેમ આ પરમ પાવન ગિરિને ગિરિ, પર્વત કે ડુંગર ન કહેવાય. આને ડુંગર કહેનારા, ઉપર કહી તે વાતને લક્ષમાં રાખ્યા વિનાનું બોલે છે. તેથી આવી પરમ પાવન ભૂમિ તે **'ગિરિરાજ'**

પરમ પાવન ગિરિરાજના દર્શન; સ્પર્શન અને પૂજન કરીએ તો જ આત્માનો ઉદ્ધાર થઇ શકે. તેથી તેના **'દર્શન'** આદિ કરવાજ જોઇએ. તે બતાવનાર પુસ્તક આ છે.

શ્રીશત્રુંજય ગિરિરાજ દર્શન.





પ્રકરણ ૧ લું

શ્રીશત્રુંજય લઘુ કલ્પ

(ગુજરાતી ભાષાંતર સહિત)

અઇમુત્તય કેવલિણા. કહિયં સિત્તુંજય તિત્થ માહપ્પં ।
નારયરિસિસ્સ પુરઓ, તં નિસુણહ ભાવઓ ભવિઆ ॥૧॥

હે ભવ્ય જીવો ! જેનું વર્ણન **શ્રીઅઇમુત્તા** કેવલી ભગવાને, **નારદ** ઋષિ આગળ મુક્તકંઠે કર્યું છે, એવા **શત્રુંજય તીર્થનું** મહાત્મ્ય ભાવધરીને સાંભળો ॥૧॥

સેત્તુંજે પુંડરિઓ, સિદ્ધો મુણિ કોડિ પંચ સંજુત્તો ।
ચિત્તસ્સ પુણિમાએ, સો ભણઈ તેણ પુંડરિઓ ॥૨॥

શ્રીશત્રુંજય તીર્થ ઉપર, ચૈત્રી પૂર્ણિમાને દિવસે, **શ્રીપુંડરિક** સ્વામી પાંચ કરોડ મુનિઓ સાથે સિદ્ધ થયા, તેથી તે **પુંડરિક ગિરિના** નામથી ઓળખાય છે. ॥૨॥

નમિ વિનમિ રાયાણો, સિદ્ધા કોડિહિં દોહિં સાહૂણું ।
તહ દવિડવાલિખિલ્લા, નિવ્વુઆ દસ ય કોડીઓ ॥૩॥

નમિ અને **વિનમિ** નામના બે ભાઇઓ (જે વિદ્યાધરના રાજા હતા તે) બે કરોડ મુનિઓ સાથે સિદ્ધિ પામ્યા. **દ્રાવિડ** અને **વાલિખિલ્લ** નામના બે ભાઇઓ, દસ કરોડ મુનિઓ સાથે નિર્વાણ (મોક્ષ) પામ્યા ॥૩॥

પજુન્ન સંબ પમુહા, અણ્ણૂટ્ઠાઓ કુમાર કોડીઓ ।
તહ પાંડવાવિ પંચ ય, સિદ્ધિ ગયા નારયરિસી ય ॥૪॥

પ્રદ્યુમ્નકુમાર અને **શાંબ**કુમાર વગેરે સાડા આઠ કરોડ કુમારો (કૃષ્ણના પુત્ર કુમારો સહિત) તથા પાંચ **પાંડવો** (વીસ કરોડ સાથે) તેમજ **નારદ**ઋષિ (એકાણુ લાખ સહિત આ તીર્થે) મોક્ષે ગયા. ॥૪॥

થાવચ્ચાસુય સેલગાઈ, મુણિણો વિ તહ રામમુણી ।
ભરહો દસરહ પુત્તો, સિદ્ધા વંદામિ સેત્તુંજે ॥ ૫ ॥

થાવચ્ચાપુત્ર (એક હજાર સાથે), **શુક**મુનિ (એક હજાર સાથે), **સેલ**ગમુનિ (પાંચશો સહિત) વગેરે તથા દશરથ રાજાના પુત્રો, **રામ**ચંદ્રજી અને **ભરત**જી (ત્રણ કરોડ સાથે) **શ્રીશત્રુંજય** ઉપર સિદ્ધ થયા, તે સર્વને હું વંદું છું. ॥૫॥

અન્નેવિ ખવિય મોહા, ઉસભાઈ વિસાલ વંસ સંભૂઆ ।
જે સિદ્ધા સેત્તુંજે, તં નમહ મુણી અસંખિજ્જા ॥ ૬ ॥

(ઉપર જણાવ્યા ઉપરાંત) બીજા પણ **શ્રીઋષ**ભદેવ આદિ ભગવાનના ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થએલા, અસંખ્ય (ન ગણાય તેટલા) મુનિઓ, મોહનો નાશ કરીને **શત્રુંજય** ગિરિ ઉપર સિદ્ધ થયા, તે સર્વને વંદના કરો. ॥૬॥

પન્નાસ જોયણાઈં, આસી સેત્તુંજ વિત્થરો મૂલે ।
દસ જોયણ સિહર તલે, ઉચ્ચત્તં જોયણા અટ્ઠ ॥ ૭ ॥

આ **શ્રી શત્રુંજય** તીર્થનો વિસ્તાર મૂળમાં પચાસ યોજન અને શિખર તલે દશ યોજનનો હતો અને ઉંચાઇ આઠ યોજનની હતી. ॥૭॥

જં લહઇ અન્ન તિત્થે, ઉગ્ગેણ તવેણ બંભચેરેણ ।
તં લહઇ પયત્તેણં, સેત્તુંજ–ગિરિમ્મિ નિવસંતેણ ॥ ૮ ॥

બીજા તીર્થમાં ઘણું ઉગ્ર તપ કરવાથી તથા બ્રહ્મચર્ય પાળવાથી જે ફળ મળે છે તે ફળ, પ્રયત્ન પૂર્વક (યતના પૂર્વક) **શત્રુંજય** ઉપર વસવાથી મળે છે. ॥૮॥

જં કોડિએ પુણ્ણં, કામિય આહાર ભોઇયા જે ઉ ।
તં લહઇ એત્થ પુણ્ણં, એગેા વાસેણ સેત્તુંજે ॥ ૯ ॥

અન્ય સ્થળે એક કરોડ માણસોને ઇચ્છિત વસ્તુ જમાડવાથી જે પુણ્ય, થાય તે આ **શત્રુંજય** તીર્થમાં એક ઉપવાસથી મળે છે. ॥૯॥

જં કિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ ।
તં સવ્વમેવ દિટ્ઠં, પુંડરિએ વંદિએ સંતે ॥ ૧૦ ॥

સ્વર્ગમાં, પાતાળમાં કે મનુષ્ય લોકમાં જે કોઇ નામ માત્રનું પણ તીર્થ હોય તે સર્વનાં, **શ્રી પુંડરિક** ગિરિને વંદના કરવાથી, દર્શન થઇ જાય છે. (તે સર્વને વંદના થઇ જાય છે.) ॥૧૦॥

પડિલાભંતે સંઘં, દિટ્ઠમદિટ્ઠે ય સાહૂ સેત્તુંજે ।
કોડિગુણં ય અદિટ્ઠે, દિટ્ઠે અ અણંતયં હોઇ ॥ ૧૧ ॥

શ્રીસંઘની ભક્તિ કરતાં થકાં **શત્રુંજય** સન્મુખ ચાલતા, તેના દેખવાથી અને ન દેખવાથી પણ લાભ થાય છે. નહીં દેખવા છતાં ભક્તિ કરતાં કરોડગણું ફળ થાય છે, અને દેખવા છતાં ભક્તિ કરતાં અનંતગણું ફળ થાય છે. ॥૧૧॥

કેવલનાણુપ્પત્તી, નિવ્વાણં આસિ જત્થ સાહૂણં ।
પુંડરિએ વંદિત્તા, સવ્વે તે વંદિયા તિત્થ ॥ ૧૨ ॥

જ્યાં જ્યાં મુનિરાજોને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હોય અને જ્યાં જ્યાં સાધુઓને મોક્ષની પ્રાપ્તિ થઇ હોય, તે સર્વ સ્થાનોને, **પુંડરિક** ગિરિને વંદના કરવાથી, વંદના થઇ જાય છે. ॥૧૨॥

અટ્ઠાવય સમ્મેએ, પાવા ચંપાઇ ઉજ્જંત નગે ય ।
વંદિત્તા પુણ્ણફ્ફલં, સય ગુણં તંપિ પુંડરિએ ॥ ૧૩ ॥

શ્રીઅષ્ટાપદ તીર્થ (ઋષભદેવ ભગવાનનું નિર્વાણ ક્ષેત્ર), **સંમેતશિખર** (૨૦ તીર્થંકરની નિર્વાણ ભૂમિ), **પાવાપુરી** (મહાવીર સ્વામિનું મોક્ષ ક્ષેત્ર), **ચંપાપુરી** (વાસુપૂજ્ય સ્વામિની નિર્વાણ ભૂમિ) અને **ગિરનાર** તીર્થ(નેમિનાથ ભગવાનનું મોક્ષ સ્થાન)ને વંદના કરવાથી જે પુણ્ય થાય છે તે કરતાં સોગણું પુણ્ય, પુંડરિક ગિરિના દર્શનથી થાય છે. ॥૧૩॥

પૂઆ કરણે પુણ્ણં, એગગુણં સયગુણં ય પડિમાએ ।
જિણભવણેણ સહસ્સં, ણંતગુણં પાલણે હોઇ ॥ ૧૪ ॥

(**શ્રી શત્રુંજય** ઉપર) પ્રભુ પ્રતિમાની પૂજા કરવાથી એક ગણું, પ્રભુ પ્રતિમા બનાવડાવવાથી સોગણું, દેરાસર બંધાવવાથી હજારગણું અને તેનું રક્ષણ કરવાથી અનંતગણું પુણ્ય થાય છે. ॥૧૪॥

પડિમં ચેઇહરં વા, સિત્તુંજ ગિરિસ્સ મત્થએ કુણઇ ।
ભુત્તૂણ ભરહ વાસં, વસઇ સગ્ગે નિરુવસગ્ગે ॥૧૫॥

જે મનુષ્ય, **શ્રીશત્રુંજય** પર પ્રતિમા ભરાવે અથવા દેહરૂ બંધાવે, તે ભરતક્ષેત્રનું રાજ્ય (ચક્રવર્તી પણું) ભોગવીને છેવટે સ્વર્ગમાં અંતે મોક્ષમાં વસે છે. ॥૧૫॥

નવકાર પોરિસીએ, પુરિમડ્ઢેગાસણું ચ આયામં ।
પુંડરીયં ચ સરંતો, ફલકંખી કુણઇ અભત્તટ્ઠં ॥૧૬॥
છટ્ઠ–અટ્ઠમ–દસમ દુવાલસાણું, માસડ્ઢ–માસ–ખવણાણું ।
તિગરણસુદ્ધો લહઇ, સિત્તુંજં સંભરંતો અ ॥૧૭॥

ઉત્તમ ફળની ઇચ્છાવાળો જે મનુષ્ય **પુંડરિક** ગિરિનું સ્મરણ કરતો થકો નવકારશી, પોરસી, પુરિમુટ્ઠ, એકાસણું, આયંબીલ કે ઉપવાસ કરે, તે અનુક્રમે છટ્ઠ (બે ઉપવાસ) અટ્ઠમ (ત્રણ ઉપવાસ) દશમ (ચાર ઉપવાસ) દ્વાદશમ, (પાંચ ઉપવાસ) અર્ધમાસ (પંદર ઉપવાસ) અને માસ ખમણ (૧ મહિનાના ઉપવાસ)નું ફળ પામે છે. ॥૧૬–૧૭॥

છટ્ઠેણં ભત્તેણં, અપ્પાણેણં તુ સત્ત જત્તાઇં ।
જો કુણઇ સેત્તુંજે, તઇય ભવે લહઇ સો મોકૂખં ॥૧૮॥

જે ભવ્ય પ્રાણી ચોવિહારો છટ્ઠ કરીને **શત્રુંજયની** સાત યાત્રાઓ કરે તે, ત્રીજે ભવે મોક્ષ પામે છે. ॥૧૮॥

અજ્જવિ દીસઇ લોએ, ભત્તં ચઇઊણ પુંડરિય નગે ।
સગ્ગે સુહેણ વચ્ચઇ, સીલ વિહૂણો વિ લોઊણં ॥૧૯॥

આજે પણ, લોકોમાં જોવામાં આવે છે કે જે પ્રાણી ભોજનનો ત્યાગ કરી, **શત્રુંજય** ઉપર અણસણ કરે છે, તે આચાર રહિત હોય તો પણ, સુખ પૂર્વક સ્વર્ગે જાય છે. ॥૧૯॥

છત્તં ઝયં પડાગં, ચામર – ભિંગાર – થાલ દાણેણં ।
વિજ્જાહરો અ હવઇ, તહ ચક્કી હોઇ રહદાણા ॥૨૦॥

(આ તીર્થમાં) છત્ર, ધ્વજા, પતાકા, ચામર, વિજંણો તથા થાળનું દાન આપવાથી (મનુષ્ય) વિદ્યાધર થાય છે, અને રથનું દાન કરવાથી ચક્રવર્તી થાય છે. ॥૨૦॥

દસ વીસ તીસ ચત્તા, પન્નાસા પુપ્ફ દાણેણ ।
લહઇ ચઉત્થ છટ્ઠટ્ઠમ–દસમ–દુવાલસ ફલાઇં ॥૨૧॥

(આ તીર્થમાં) દશ ફૂલની માળા ચઢાવવાથી એક ઉપવાસનું, વીસ ફૂલની માળા ચઢાવવાથી બે ઉપવાસનું, ત્રીસ ફૂલથી ત્રણ ઉપવાસનું, ચાલીસ ફૂલથી ચાર ઉપવાસનું, અને પચાસ ફૂલની માળાથી પાંચ ઉપવાસનું ફળ મળે છે ॥૨૧॥

ધુવે પક્ખુવવાસો, માસખમણં કપૂર ધુવમ્મિ ।
કિત્તિય માસખમણં, સાહૂ પડિલાભિએ લહઈ ॥૨૨॥

(આ તીર્થમાં કૃષ્ણા ગુરુ વગેરે) ધૂપથી પંદર ઉપવાસનું, કપૂરથી ૧ મહિનાના ઉપવાસનું અને મુનિને દાન દેવાથી કેટલાંક માસ ખમણનું ફળ થાય છે. ॥૨૨॥

ન વિ તં સુવણ્ણભૂમિ–ભૂસણ દાણેણં અન્ન તિત્થેસુ ।
જં પાવઇ પુણ્ણ ફલં, પૂઆન્હવણેણ સિત્તુંજે ॥૨૩॥

શ્રીશત્રુંજય ઉપર પ્રભુ પૂજા અને ન્હવણથી જે ફળ થાય છે તે ફળ, અન્ય તીર્થોમાં સોનું, ભૂમિ કે ભૂષણ દાનથી પણ નથી મળતું. ॥૨૩॥

કંતાર – ચોર – સાવય – સમુદ્દ – દારિદ્દ– રોગ - રિઉ – વુદ્દા ।
મુચ્ચંતિ અવિગ્ઘેણં, જે સેત્તુંજં ધરન્તિ મણે ॥૨૪॥


જે પ્રાણી મનમાં **શ્રીશત્રુંજય** તીર્થનું ધ્યાન ધરે છે, તે નિર્વિઘ્નપણે અટવી, ચોર, સિંહ, સમુદ્ર, દરિદ્ર, રોગ, શત્રુ અને અગ્નિ આદિ ભયોને પાર પામે છે. ॥૨૪॥

સારાવલી પયન્નગ–ગાહાઓ સુઅહરેણ ભણિઆઓ ।
જો પઢઇ ગુણઇ નિસુણઇ, સો લહઇ સિત્તુંજ જત્ત ફલં ॥૨૫॥

સારાવલી પયન્નામાં પૂર્વધરે જે ગાથાઓ કહી છે તે ગાથાઓ જે ભણશે, ગણશે કે સાંભળશે, તે પ્રાણી, **શત્રુંજય** તીર્થની યાત્રાનું ફળ પામશે. ॥૨૫॥

॥ ઇતિ શ્રીશત્રુંજય લઘુકલ્પ ॥





પ્રકરણ ૨ જી

શ્રીશત્રુંજય ગિરિરાજ માહાત્મ્ય

યસ્યુંગૈરતિ શોભતે જિનગૃહૈઃ પંક્તિસ્થિતૈરુજ્વલૈ-
र्नान्यो येन समो गिरिस्त्रिभुवने प्रौढप्रभावान्वितः ।
यस्मिन् सिद्धिवधूर्पुता मुनिवरैः श्रीपुंडरीकादिभि-
स्तं शत्रुंजयशैलराजमनिशं वन्दे मुदा पावनं ॥१॥

(શ્રીઆગમોદ્ધારક)

ઉંચા, અતિ શોભતા, પંક્તિ બદ્ધ રહેલા અને ઉજ્વલ, એવાં જિન મંદિરોવડે જણાવે છે કે, આ ગિરિરાજના સરખો પ્રૌઢ પ્રતાપવાળો બીજો ગિરિ ત્રણ ભુવનમાં નથી; કારણ કે આ ગિરિરાજ ઉપર શ્રીપુંડરિક ગણધર વગેરે મુનિવરો મોક્ષ વધૂને પામેલા છે. એવા આત્માને પવિત્ર કરનાર શ્રીશત્રુંજય ગિરિરાજને હર્ષથી હમેશાં વંદન કરૂં છું. ॥૧॥

ભૂમિકા

શ્રીશત્રુંજય ગિરિરાજના મહાત્મ્યને વિસ્તારથી જણાવનાર, વર્તમાન કાળમાં, ઉપલબ્ધ[1] મુદ્રિત સાહિત્યમાં શ્રીધનેશ્વરસૂરિ મહારાજે રચેલ, **શ્રી શત્રુંજયમહાત્મ્ય**, સંસ્કૃત પદ્યબદ્ધ છે, વળી, તેની ઉપરથી રચેલ **શત્રુંજયમહાત્મ્ય** સંસ્કૃતગદ્ય છે. વળી તેના ઉલ્લેખો આગમમાં **શ્રીજ્ઞાતાધર્મકથા, અંતકૃદ્દશા, સારાવળી પયન્નામાં** છે, પણ તેમાં સામાન્ય નામનિર્દેશ જેટલું જ છે. પ્રાકૃતમાં **શત્રુંજય લઘુકલ્પ, બૃહત્કલ્પ** મૂળ છે. વળી, શ્રીધર્મઘોષ સૂરિ રચિત,

---

૧. પ્રાય : આગળ ઉપર વર્તમાન કાળમાં ઉપલબ્ધ એવા સાહિત્યની નોંધ આપીશું.

શત્રુંજય કલ્પ પર **શુભશીલ** ગણિકૃત **વૃત્તિ** છે. તેમાં તેના આરાધકોની ઘણીજ કથાઓ આપેલી છે. વળી **શ્રીશત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ, શ્રીનાભિનંદન જીર્ણોદ્ધાર–પ્રબંધ શ્રીશત્રુંજય તીર્થોદ્ધાર રાસ, વિવિધ તીર્થકલ્પો** વગેરે પ્રૌઢ ગ્રન્થો પણ છે. **તીર્થમાલાઓ, નવાણું પ્રકારી પૂજા, નવાણું અભિષેક પૂજા, સ્તોત્રો, સ્તુતિઓ, ચૈત્યવંદનો, સ્તવનો** વગેરે મળે છે. તેમજ વીસમી સદિમાં રચાયેલી, નાની મોટી પુસ્તિકાઓ પણ મળે છે.

અત્રે તો મોટે ભાગે **શ્રીશત્રુંજય માહાત્મ્ય**નો આધાર જ લેવો છે. (આટલા માટે **શ્રીશત્રુંજય માહાત્મ્ય**નું જે ભાષાંતર **જૈન પત્રે** બહાર પાડયું છે તે લીધું છે. (ઇ.સ. ૧૯૧૭)

શત્રુંજય અને જેમ્સ બર્ગેસ

એક વાત અત્રે જણાવવી જરૂરી છે કે પાશ્ચાત્ય વિદ્વાન **જેમ્સ** બર્ગેસ, **શ્રીશત્રુંજય ગિરિરાજ,** પવિત્ર છે એમ સમજતા હતા અને તેને જોઇને એના કેવા પવિત્ર વિચારો આવ્યા હશે તે તેના લખાણથી અને તેને બહાર પડાવેલ **શત્રુંજય** પુસ્તક ઉપરથી આપણે સમજી શકીશું. ઇ. સ. ૧૮૬૯માં મુંબઇની યુરોપીયન કંપનીના સહકારથી (SYXES & DWYER, COMPANY Photographas, BOMBAY.) તેણે **શત્રુંજય** અંગેના અંગ્રેજી લખાણ અને **ગિરિરાજ**ના પિસ્તાલીસ ફોટા સાથે પુસ્તક બહાર પાડ્યું હતું. તેનું પુનર્મુદ્રણ ગુજરાત ગવર્મેન્ટે ઇ. સ. ૧૯૭૬માં કર્યું. તેના જ ઉપરથી, કલકત્તામાંથી નીકળતા ત્રિમાસિક **જૈન જર્નલ**માં, શ્રીમાન્ લલવાણીએ **જેમ્સ** બર્ગેસનો આભાર સ્વીકાર સહિત **'શત્રુંજય'** પુસ્તક બહાર પાડયું. સો વર્ષ પૂર્વે તેને કેટલી પ્રતિકુળતા અને કેટલી અનુકુળતા હશે તે તો તે પોતે જ જાણે. કહેવું જોઇએ અને માનવું પડશે કે તેણે અથાગ પ્રયત્ન કરીને, તે પુસ્તક બહાર પાડયું છે. વર્તમાન કાળમાં, તેના જેટલા ફોટા મુકીને હજી સુધી કોઇએ પુસ્તક બહાર પાડયું નથી. ખરેખર, મને પ્રમાદમાં પડેલાને તે પુસ્તક જોઇને, **શ્રીશત્રુંજય ગિરિરાજ દર્શન** બહાર પાડવાનો મનોરથ થયો. જો કે મેં પૂર્વે તો તે પુસ્તક જોયું ન હતું પણ ભાવના થવાથી વિ. સં. ૨૦૨૬ માં મેં શેઠ આ. ક. ની પરવાનગી લેવા સાથે ૮૫ ફોટા પડાવ્યા હતા. આથી એ મારા મનોરથને સાર્થક કરવા હું તૈયાર થયો અને બીજા પણ થોડા ફોટા લેવડાવ્યા. **શત્રુંજય, જૈન જર્નલનો શત્રુંજય** અંક અને શેઠ **આ.** ક. ની બહાર પાડેલ **તીર્થાધિરાજ** શ્રી શત્રુંજય (ટુંક પરિચય) એ બધાને ભેગા કરીને આ પુસ્તક બહાર પાડવા ઉદ્યમવંત થયો. સંસ્કૃત સાહિત્ય અને સ્થાપત્યની દૃષ્ટિને લક્ષ્ય બિન્દુમાં લઇને આ પુસ્તક તૈયાર કર્યું છે.

પ્રકરણો

શ્રમણ ભવાન મહાવીર મહારાજ, **શત્રુંજય ગિરિરાજ** પર પધાર્યા અને ઇન્દ્ર મહારાજે જે પ્રશ્નો ભગવાનને કર્યા અને ભગવાને વિસ્તારથી ઉત્તરો આપ્યા તે સર્વ વિગતો આમ તો આ પુસ્તકમાં સમાવી શકાય નહિ. છતાં, આ પુસ્તકમાં તેના સંદર્ભમાં ઉપયોગી, એવી સર્વ વિગતો કડીબદ્ધ ઢુંકમાં રજુ કરું છું. અત્રે લીધેલા વિષયોનો મુખ્ય આધાર **શત્રુંજય માહાત્મ્ય** શ્રીધનેશ્વરસૂરીશ્વરજીના રચેલાનો લીધો છે. અવસરે અન્ય પુસ્તકનો આધાર પણ સામાન્યથી લીધો છે.

તેને જણાવનારા પ્રકરણો આ પ્રમાણે

૧–**શ્રીશત્રુંજય** ગિરિરાજ માહાત્મ્ય, ૨–**સૂર્યકુંડ**=સૂરજકુંડનો મહિમા, ૩–ગિરિરાજના ૧૭ **ઉદ્ધારો**, ૪–ગિરિરાજ ઉપર **સિદ્ધિપદને** પામેલા મુનિવરો, ૫–વર્તમાનમાં ગિરિરાજની **યાત્રા**, ૬–**પાયગાઓ**=રસ્તાઓ, ૭–**સંઘો** કાઢનાર પુણ્યવાનો, ૮–નજીકના પૂર્વકાળમાં કેટલા **મંદિરો** હતાં અને અત્યારે કેટલાં ? ૯–યાત્રાના મુખ્ય **તહેવારો**, ૧૦–દોઢ ગાઉ, ત્રણ ગાઉ, છ ગાઉ, બાર ગાઉની **પ્રદક્ષિણાઓ**, ૧૧–**પટ** જુહારવાની પ્રથા, ૧૨–સાર્થ **એકવીશ** નામના **ખમાસમણો**, ૧૩–અર્થ સહિત **એકસો આઠ ખમાસમણ**, ૧૪–ઢાઢાની ઢુંકમાં ત્રણ **પ્રદક્ષિણા**, ૧૫–**નવાણું યાત્રા**, ૧૬–**ચાતુર્માસની સ્થિરતા** અને ગિરિસ્પર્શના, ૧૭–**કિલ્લેબંધિ**, ૧૮–યાત્રાળુને **ભાથું**, ૧૯–ગિરિરાજનો **વહિવટ**, ૨૦–**ગિરિરાજ અંગે એકસો બાર (લગભગ) ફોટાઓ** અને ૨૧–(એકસો બાર) ફોટાઓનો **પરિચય**, એ રીતે **શ્રીશત્રુંજય ગિરિરાજ દર્શન** નામના આ પુસ્તકમાં લેવા વિચાર્યું છે.

શ્રીધનેશ્વરસૂરિજી મહારાજે, **શ્રીશત્રુંજય ગિરિરાજના માહાત્મ્યની** રચના કરતાં, સર્વ પ્રથમ, પાંચ તીર્થંકરોને નમસ્કાર કરી **શ્રીપુંડરિક**સ્વામિને નમસ્કાર કરી, શાસન દેવીનું ધ્યાન કરીને, ગ્રંથ રચવાનો પ્રારંભ કર્યો છે. તેમાં જણાવ્યું છે કે પ્રથમ, **શ્રીપુંડરિક** સ્વામિએ **સવાલાખ શ્લોક પ્રમાણ** માહાત્મ્ય રચ્યું હતું, **ગૌ**તમ સ્વામિએ **પચ્ચીસ હજાર શ્લોક પ્રમાણ** રચ્યું હતું પણ હું **વલ્લભી**ના રાજા **શી**લાદિત્યની પ્રાર્થનાથી સંક્ષેપમાં **શ્રી શત્રુંજય ગિરિરાજ માહાત્મ્ય** રચું છું, એમ જણાવ્યું છે. (શ. મા. પૃ. ૨)

'મારી વાત'–ઉપર જણાવેલ **શત્રુંજય માહાત્મ્ય**ના આધાર સાથે ગુરુવર્ય ની સેવાથી મેળવેલ અનુભવ અને મારા અનુભવથી મેળવેલ એમ ત્રિવેણીને રાખીને હું આ ગ્રંથ ગુર્જર ભાષામાં તૈયાર કરું છું.

શ્રીશત્રુંજય ગિરિરાજ

તીર્છા લોકમાં આવેલા અસંખ્યાત દ્વીપ સમુદ્રના મધ્યે, નાભિના સ્થાને **જમ્બૂદ્વીપ** આવેલો છે. તે દ્વીપની પણ નાભિ સ્થાને **મેરુ** છે. **જમ્બૂદ્વીપમાં** છ વર્ષધર પર્વતો અને સાત વર્ષ–ક્ષેત્રો આવેલાં છે. તેમાં દક્ષિણે **ભરત** ક્ષેત્ર છે. **ભરત** ક્ષેત્રના વૈતાઢ્યથી બે ભાગ પડે છે. અને તે બે ભાગમાં થઈને **ગંગા સિન્ધુ** જાય છે. એટલે બન્ને ભાગના ત્રણ ત્રણ ભાગ થાય છે. એમ **ભરતક્ષેત્રના** છ ભાગ થાય છે. તે છ ભાગમાંના દક્ષિણ–**ભરતના** મધ્ય ખંડમાં **સૌ**રાષ્ટ્ર દેશ આવેલો છે. તેમાં **શ્રીશત્રુંજય ગિરિરાજ** આવેલો છે.

ભરત ક્ષેત્રમાં ૩૨ હજાર દેશો છે. તેમાં સાડા પચ્ચીસ આર્ય દેશો છે. આર્ય દેશ તેને કહેવાય છે કે જ્યાં ધર્મ કરવાની જોગવાઇ મળી શકે. આ એક આર્યક્ષેત્રની લાક્ષણિકતા છે. જ્યારે ધર્મની ઉત્પત્તિ ન થઇ હોય ત્યારે ત્યાં પણ ધર્મ ન હોય. પણ તેટલા માત્રથી તેનું ક્ષેત્રાર્યપણું ચાલ્યું જતું નથી. સાડા પચ્ચીસ આર્ય દેશમાં **સૌ**રાષ્ટ્ર આવેલો છે. તે **સૌ**રાષ્ટ્ર દેશમાં **શ્રીશત્રુંજય ગિરિરાજ** આવેલો છે. જેનું વર્ણન અત્રે પ્રસ્તુત છે.

શ્રીશત્રુંજય ઉપર સમવસરણો

શ્રીઅભિનંદન સ્વામિ(ચોથા તીર્થંકર)ના શાસનમાં થયેલા મહાલબ્ધિધારી આચાર્ય **શ્રીશ્રુ**તસાગરસૂરિજી **શ્રીશ**ંખેશ્વર આવતાં અને **વિમલાદ્રિ** જતાં, સંઘમાં વચમાં આવેલા જીતારિરાજાના નગરે પધાર્યા, રાજા **હં**સી અને **સા**રસી બન્ને રાણીઓ સાથે ગુરુ મહારાજને વંદન કરવા જાય છે. ત્યારે ગુરુ મહારાજ ગિરિરાજના મહિમાનું વર્ણન કરતાં જણાવે છે કે શ્રીઋષભદેવથી માંડીને ચાર તીર્થંકરોના સમવસરણ ગિરિરાજ પર થયાં છે અને ઓગણીસ તીર્થંકરોના સમવસરણ **શત્રુંજય** પર થશે. (**શ્રાદ્ધવિધિ** પ્રકરણગત **શુ**કરાજ કથા અંતર્ગત, ભાષાંતર પૃ. ૪૭)

વળી **શત્રુંજય માહાત્મ્ય** સર્ગ ૧૦ મો પૃ. ૫૯૭માં જણાવ્યું છે. ઈન્દ્ર મહારાજે ગૃહસ્થપણામાં **શ્રીનેમિનાથ** ભગવાનને કહ્યું કે અમને **શ્રીશત્રુંજયાદિ** તીર્થોની યાત્રા કરાવો. આથી ઇન્દ્રે રચેલા વિમાનમાં, દેવોની સાથે બેસીને ભગવાન **શ્રીશત્રુંજય ગિરિરાજ** પર પધાર્યા હતા. અને ત્યાં **શ્રીગિરિરાજ**ના મહિમાને વર્ણવ્યો હતો. એટલે આ ગિરિ ચોવીસે તીર્થંકરોની ચરણરજ વડે પવિત્ર છે.

૧ શ્રીધર્મઘોષસૂરિજીના શત્રુંજય લઘુકલ્પની શુભશીલગણિની વૃત્તિમાં પૃ. ૪૩-૭૫ સુધિમાં ત્રેવીશ તીર્થંકરોના સમવસરણનો વિસ્તાર આપ્યો છે.

શ્રીધનેશ્વરસૂરિજી મહારાજ **શત્રુંજય** ગિરિરાજના મહિમાનું વર્ણન કરતાં જણાવે છે કે એક વખત **શત્રુંજય માહાત્મ્ય** ભક્તિથી સાંભળવામાં આવે તો બીજા શાસ્ત્રો સાંભળવાથી જે શુભ ફળ મળે છે તેનાથી અધિક ફળ મળે છે. ધર્મ આચરવાની ઇચ્છા હોય તો **સિદ્ધાચલ**નો આશ્રય લો. આથી **સિદ્ધાચલ** ઉપર આવીને જિનેશ્વરનું ધ્યાન કરવું ઉત્તમ છે, કારણ કે આના જેવું બીજું કોઈ ચૌદ ક્ષેત્રમાં તીર્થ નથી. જીવે કષાયો વડે કરેલું, મન, વચન અને કાયાનું ઉગ્ર પાપ, **પુંડરિક** ગિરિના સ્મરણ માત્રથી નાશ પામે છે. **શ્રીશત્રુંજય** ગિરિરાજ પર, હિંસક પ્રાણિઓ ગિરિરાજ ઉપર અરિહંતના દર્શનથી સ્વર્ગે જાય છે. જેણે દેવભવમાં કે મનુષ્યભવમાં ગિરિરાજનું દર્શન કર્યું નથી તે પશુ જેવો છે. અન્ય તીર્થોમાં દાનાદિ કરવામાં જે ફળ મળે છે તેનાં કરતાં પણ અધિક ફળ **શત્રુંજયની** કથા શ્રવણ કરવાથી મળે છે. (શ. મા. પૃ. ૨) આગળ ચાલતાં જણાવે છે કે—

શ્રમણ ભગવાન મહાવીર સ્વામી દેવોથી પરિવરેલા ગિરિરાજ પર પધારતાં, ઇન્દ્રોના આસન કંપથી ચોસઠ ઇન્દ્રો આવ્યા. (શ. મા. પૃ. ૩)

આથી ઇન્દ્ર પોતાના ભૃત્ય વગેરેને જણાવે છે કે, બધા પર્વતોનો આ રાજા છે. પૃથ્વીને, આકાશને, એક કાળે પવિત્ર કરતો આ ગિરિરાજ પાપને ટાલે છે. તેનાં **ઉદયગિરિ** વગેરે એકસો આઠ શિખરો છે. (જેના નામો આગળ આપાશે) યક્ષ, ગાંધર્વો વગેરેથી હંમેશા સેવાએલો **શ્રીશત્રુંજય** છે. યોગીઓ વગેરે આ ગિરિની ગુફાઓમાં નિવાસ કરે છે. દિવ્ય ઔષધિઓ વગેરે પણ આ ગિરિ પર છે. અનેક પ્રકારના વૃક્ષો પણ અત્રે છે. શેષનાગ પણ આ ગિરિ પર પ્રભુ આગળ નાટારંભ કરે છે. **શત્રુંજી** વગેરે નદીઓના પાણી ગિરિરાજથી પવિત્ર થયેલાં છે. અત્રે **સૂર્યોદાન** વગેરે ઉદ્યાનો આવેલાં છે. સર્વ **તીર્થાવતાર** વગેરે સરોવરો અત્રે આવેલાં છે. સૂર્યકુંડ વગેરે, બનાવનારના નામોવાલા કુંડો અત્રે આવેલા છે. અત્રે પુણ્યવાન મુનિઓ તપ કરે છે. જુઓ આ બાજુએ **કંડુરાજર્ષિ** તપ કરી રહ્યા છે. (શ.મા.પૃ. ૭)

કંડુરાજની કથા

કંડુરાજની ગોત્ર દેવી **અંબિકા**એ, તેને કહેલો **શત્રુંજય**નો મહિમા ઇન્દ્ર આ રીતે કહે છે. હે! બુધ્ધિવાળા તું અન્ય તીર્થોમાં શું કરવા ફરે છે? પર્વતના રાજા **શત્રુંજય**નું સ્મરણ શા માટે નથી કરતો? **સિદ્ધાચલ**નું શુભ ભાવનાથી પૂજન, સ્મરણ, સ્તવન કીર્તન કર્યું હોય, અગર એકવાર દર્શન કર્યું હોય તો, જલ્દીથી કર્મનો નાશ થાય છે. ધર્મિષ્ઠો સુખી થાય છે, પાપીઓના પાપ નાશ થાય છે. વળી ઇચ્છિત ફળ પણ આપે છે. આ રીતે પૂર્ણ

કલ્યાણ કરનાર છે. અત્રે દાનાદિ વગર પણ, ગિરિરાજના સ્પર્શથી અવિનાશી સુખ મળે છે. મુક્તિરુપી સ્ત્રી વરવા માટે વેદિકારુપ છે. આવો આ **શાશ્વતગિરિ** કલ્યાણ કરનાર છે. (શ. મા. પૃ. ૧૩)

આગળ ચાલતાં જણાવે છે કે – **ચં**દ્રપુરમાં **કું**ડુ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે પાપીઓ મધ્યે અગ્રેસર હતો. મદિરામાં આસક્ત રહેતો હતો. દેવ, ગુરુ, માતા, પીતાદિ કોઇને પણ ગણતો ન હતો. રાત્રે પરસ્ત્રી, પારકા ધનને લેવાનો જ વિચાર કરનારો હતો. સવારે, રાત્રે વિચારેલું બધું કરતો હતો. તે યમરાજાના પાશ જેવો હતો. તેને ક્ષય રોગ ઉત્પન્ન થયો. આથી તેની દયાથી તેની ગોત્ર દેવી **અં**બિકાએ તેને બોધ કરવા નીચેના અર્થ વાળો એક શ્લોક કલ્પવૃક્ષના પાન પર **લ**ખીને આકાશમાંથી નાંખ્યો :–

"ધર્મ વડે ઐશ્વર્ય સંપાદન કર્યા છતાં જે મનુષ્યો ધર્મનો જ નાશ કરે છે. તે સ્વામિ-દ્રોહ કરનાર પાતકીનું ભવિષ્યમાં શી રીતે ભલું થાય."

આ શ્લોક વાંચી વિચારે છે કે–અજ્ઞાની માયામાં લપટાએલા પાપી એવા મારા પાપ કર્મથી જ મને ક્ષયરોગ લાગુ પડયો છે. આથી તે **કું**ડુરાજા મરવાને માટે રાત્રે એકાકી (એકલો) નિકળી પડયો. આગળ જતાં રસ્તામાં એક ગાય તેની સામે દોડી શીંગડા મારવા લાગી. **કું**ડુરાજાએ તરવારથી તેનાં બે ટુકડા કરી નાંખ્યા. એટલે તેમાંથી હથિયાર વાળી એક સ્ત્રી ઉત્પન્ન થઇ. તેણે કહ્યું તું પશુ–ગાયનો હથિયાર વગરનાનો નાશ કરે છે, તો આવીજા યુદ્ધ કરવા. રાજા કહે "હું ક્ષત્રિય છું." બન્નેનું યુદ્ધ ચાલ્યું, હથિયારથી વિંધાએલો ને રુધિર ગળતો પોતાનો દેહ જોયો, ત્યારે તે સ્ત્રીએ કહ્યું – ક્યાં ગયું તારું ઐશ્વર્ય ? રાજા વિચારે કે બળવાન કહેવાતો એવો હું સ્ત્રીથી પરાભવ પામ્યો ! તે સ્ત્રીએ તીરસ્કાર્યો. આથી રાજાનું અંતર કાંઇક કુણું થતાં, તે બોલી – હું તારી ગોત્ર દેવી છું. બીજે ભટકે છે તો ગિરિરાજનાં દર્શન કર. તારો જ્યારે ધર્મ સાધવાનો સમય થશે ત્યારે તને કહીશ.

હવે રાજાનો ક્રોધાગ્નિ શાંત થયો. ફરતો ફરતો કોઇ પર્વતે આવ્યો. ત્યાં પૂર્વનો શત્રુ યક્ષ આવ્યો. પૂર્વના વૈરથી તેને ઉપાડી આકાશમાં લઇ ગયો. ભમાડયો, પછાડયો વગેરે કદર્થના કરીને ગુફામાં મુકયો. પર્વતના જલથી અને મીઠા પવનથી ચેતના આવી. મને પાપનું ફળ મળ્યું. એમ વિચારી તીર્થ તરફ ચાલ્યો. દેવી પોતાના વચન પ્રમાણે આવીને કહેવા લાગી કે તને પ્રતિબોધ કરવા મ્હેંજ તે શ્લોક નાખ્યો હતો. હવે તું **શત્રુંજય** ગિરિરાજ પર જા. તેણે ગિરિરાજનો મહિમા વર્ણવી બતાવ્યો. તેને શ્રવણ કરી ગિરિરાજ તરફ ચાલ્યો અને પ્રતિજ્ઞા કરી કે ગિરિરાજના દર્શન ન થાય ત્યાં સુધી આહાર (ખોરાક) લેવો નહિ. રસ્તામાં સાત

દિવસ વ્યતિત થયા. ગિરિરાજ નજદીક આવ્યો. મુનિરાજને જોઈને ત્યાં ગયો, નમસ્કાર કર્યા. ગુરુ મહારાજે જણાવ્યું કે ગિરિરાજ પર જાય છે તો ચારિત્ર અંગીકાર કર. કંડુ રાજાએ ચારિત્ર લીધું, **શત્રુંજય** તરફ ચાલ્યો અને ગિરિરાજ પર **શ્રીઆદીશ્વર** ભગવાનના દર્શન કર્યાં. અને મન સ્થિર કરી તપ કરે છે. કર્મ હણાયાં, કેવળ જ્ઞાન પામ્યા. અને થોડા વખતમાં ગિરિરાજ પર મોક્ષે જશે. એમ ઇન્દ્ર મહારાજે બીજા દેવતાઓને કહ્યું કે મેં **શ્રીસિ**મંધર સ્વામિ પાસે ગિરિરાજની આરાધનાથી કંડુરાજા ગિરિરાજ પર મોક્ષે જશે તેમ સાંભળેલું તે તેમને કહ્યું. કંડુરાજા ગિરિરાજ પર મોક્ષે ગયા. (શ.મા.પુ.૧૬)

હવે દેવતાઓએ શ્રમણ ભગવાન **મહાવીર** સ્વામિનું સમવસરણ **શ્રીશત્રુંજય** ગિરિરાજ પર રચ્યું. પ્રભુ પધાર્યા. સમવસરણમાં બીરાજ્યા. ત્યાં યાદવકુળમાં જન્મેલો, ગિરિદુર્ગનો રાજા, **ગા**ધિ રાજાનો પુત્ર, **રિ**પુમલ્લરાજા સમવસરણમાં આવીને બેઠો. **સૌ**ધર્મેન્દ્રે ભગવાનની સ્તુતિ કરી. પછી પ્રભુએ ઉપદેશની શરુઆત કરી. (શ.મા. પૃ. ૨૪) ઉપદેશ સાંભળીને ઇન્દ્રહર્ષિત થયા. તે કેવા હર્ષિત થયા તે જણાવે છે.

ઇન્દ્રના પ્રશ્નો, પ્રભુની દેશના

ચંદ્ર જેવી શીતલતાને અનુભવતા શ્રીગિરિરાજને, શ્રી**યુ**ગાદીશ પ્રભુને, અખંડ દુધ ઝરતા રાયણ વૃક્ષને, તેની નીચે રહેલ **યુ**ગાદીશ પ્રભુની પાદુકા નીરખી હરખી. નદીઓ, સરોવરો કુંડો, પર્વતો, વૃક્ષો, અરણ્યો, નગરો, **શત્રુંજય**ના ઉચ્ચ (ઉંચા) શીખરો નીરખી હરખી. શરીરમાં રુવાંડા ખડાં થયાં હોય તેવા થયા ને પ્રભુને કહેવા લાગ્યા કે–આપ તીર્થ જ છો, પણ આ પવિત્ર તીર્થ અને તેની પર રહેલ પ્રતિમા વગેરે અદ્‌ભુત છે. તેના મહિમાને સાંભળવો છે. આથી ઇન્દ્રે ઘણા પ્રશ્નો કર્યા અને બધાએ પ્રશ્નોના ઉત્તરો વિસ્તારથી ભગવાને આપ્યા. તેને જણાવનારો **શ્રી શત્રુંજય માહાત્મ્ય** ગ્રન્થ રચાયો. પણ અત્ર એટલો બધો વિસ્તાર અપાય તેમ નથી એટલે યત્કિંચિત્ આપીશું. (શ. મા. પૃ. ૨૭)

શ્રી**મ**હાવીર પ્રભુએ ઇન્દ્રને કહ્યું કે–તીર્થના નાયક **શ્રીસિદ્ધાચલ**નો મહીમા કહેનાર અને સાંભળનાર બન્નેને લાભ દાયક છે. જંબૂવૃક્ષ ઉપરથી નામ પડેલા જંબૂદ્વીપમાં મધ્યમાં મેરુ પર્વત નાભિ સ્થાને આવેલો છે. તે જંબૂદ્વીપમાં દક્ષિણે છેલ્લું ભરતક્ષેત્ર આવેલું છે. જેમાં **શ્રીશત્રુંજય** ગિરિથી પ્રધાન બનેલો **સૌ**રાષ્ટ્ર દેશ આવેલો છે. તેનું નામ **સો**રઠ દેશ છે. તેના સઘળા સરોવર, તલાવ, કુંડ, કુવા, વાવ વગેરેનું પાણી પવિત્ર છે. ત્યાં મન, વચન, કાયાથી થયેલાં પાપને નાશ કરનાર આ તીર્થ છે, નિર્મળ પાણીને વહન કરનારી નદીઓ વહે છે. ટાઢાં ઊના જળપૂર્ણ કુંડો પણ છે. ગિરિઓમાં પ્રભાવવાળી ઔષધિઓ છે. તીર્થ સ્થાન જેટલું

ફળ આપે તેવી પવિત્ર માટી અહીં છે. **આદી**નાથ ભગવાનની પૂજા માટે કુદરતી રીતીએ અહીં મૂલ્યવાન રત્નો વિગેરે થાય છે. દેવોએ પૂજા કરેલા ચોવીસ તીર્થંકરો **સો**રઠમાં વીચર્યા હતા. ચક્રવર્તિઓ, વાસુદેવો, બળદેવો, વગેરે શ્રેષ્ઠનરો પધારેલા છે. જ્યાં અનેક મુનિઓ સિદ્ધિ પદને વરેલા છે. દુશ્મનોનો નાશ કરનાર, દાતાર પૂજ્યવાન, સમદૃષ્ટિવાલા, પ્રસન્ન મુદ્રાવાળા ડાહ્યા ગુણોવાલા રાજાઓ થયા છે. મનુષ્યો પોતાની સ્ત્રીમાં સંતોષ માનનાર, સ્ત્રીઓ પોતાના પતિમાં સંતોષ માનનાર, નિર્લોભિ વગેરે ગુણોવાળા મનુષ્યો અત્રે વસે છે. ઐશ્વર્યવાળા ક્ષત્રિયો પણ અત્રે છે. સુંદર ગાયો, ભેંસો બંધન રહિત ફરી શકે છે. નિર્ભયપણે તિર્યંચો અહીં રહી શકે છે. ધનવાન લાકો નગરમાં વસે છે. આવા **સો**રઠ દેશના, માથાના મુકુટ સરખો આ **શ્રીશત્રુંજય** ગિરિવર છે.

તે ગિરિરાજને સંભાળવાથી પણ અનેક પાપો નાશ પામે છે, અને કેવળજ્ઞાન થાય છે. હે ઇન્દ્ર? **સિદ્ધાચલ**નો જેટલો મહિમા કેવળજ્ઞાનથી જાણે છે તેટલો જીભે બોલી શકાતો નથી. મોઢે થોડો જ કહેવાય છે. જેમ બોબડો માણસ સાકર ખાવા છતાં તેના રસને કહી શકતો નથી. ત્રણે લોકના તેજના ધામરૂપ, આ ગિરિરાજના નામ સ્મરણ માત્રથી પણ પાપ નાશ પામે છે. **શત્રુંજય, પુંડરિક, સિદ્ધાચલ** વગેરે ઘણા સુખને આપનારાં આ ગિરિના ૧૦૮ નામ છે. તે નામોનું સવારમાં સ્મરણ કરનારની સઘળી પીડાઓ ટલી જઇ, સંપત્તિ મળે છે. આનું યુગના આરંભમાં **સિદ્ધાચલ** નામ હતું. **શત્રુંજય**નાં દર્શન થવાથી, બધા તીર્થ ભેટયાનું ફળ મળે છે. કર્મભૂમિમાં જુદા જુદા ઘણા તીર્થો છે. પણ સઘળા પાપને નાશ કરનારું **સિદ્ધાચલ** જેવું બીજું તીર્થ નથી.

તીર્થ–દર્શનમાં ફળની વૃદ્ધિ

કુતીર્થમાં કરેલા દાનાદિથી દસગણું પુણ્ય જંબૂવૃક્ષે થાય છે. તેનાથી **ધા**તકી ચૈત્યમાં હજારગણું, તેથી પુષ્કર વગેરે કરતાં દસહજારગણું. **વૈ**ભાર, **સ**મેતશિખર, **વૈ**તાઢય, **મે**રુમાં દસલાખગણું, **રૈ**વતાચલ **અ**ષ્ટાપદે, કોટીગણું અને બધાથી અનંતગણું ફળ **શત્રુંજય**ના દર્શન વડે પ્રાપ્ત થાય છે. જે ફળ આ ગિરિની સેવાથી મળે છે તે વચન અગોચર છે. (શ. મા. પૃ. ૩૩)

ગિરિરાજનું પ્રમાણ

આ અવસર્પીણીના પહેલે આરે એંસી, બીજે સિત્તેર, ત્રીજે સાઠિ, ચોથે પચાસ, પાંચમે બાર યોજન અને છઠ્ઠે આરે સાત હાથ જેટલા પ્રમાણવાલો આ ગિરિ હોય છે. અવસર્પીણીમાં

ધીરે ધીરે પ્રમાણ ઘટે છે. ઉત્સર્પિણીમાં ધીરે ધીરે પ્રમાણ વધે છે. તેથી ગિરિરાજ પ્રાયે શાશ્વતો કહેવાય છે. (શ. મ. પૃ ૩૩)

એકવીશ પ્રધાન શીખરો

શત્રુંજય, રૈવત વગેરે એકવીશ પ્રધાન શિખરો[1] આ ગિરિરાજનાં છે. તેમાં પણ **શત્રુંજય** અને **સિદ્ધક્ષેત્ર** એ મુખ્ય છે. આ શિખર પર ગતિ કરનાર ઉત્તમ લોકમાં ગતિ કરે છે. આથી બધા કરતાં ગુણે કરીને **સિદ્ધાચલ** વિશાલ છે. આ ગિરિ ઉપર મનુષ્ય. સિદ્ધિને, પોતાના તાબે કરે છે. અર્થાત્ સિદ્ધ થાય છે, (શ. મા. પૃ. ૩૪)

ધર્મ ધર્મ એમ પોકાર કરતો ભટક નહિ, એક **સિદ્ધાચલ** ઉપર જા, તેના દર્શન કર, આથી તારો બેડો પાર થશે, ગિરિરાજ પર વૃષભદેવ પ્રભુનું પૂજન અર્ચન કર, તારો જન્મ સફળ થશે, તે સિવાય તારો જન્મ નિષ્ફળ છે, **સિદ્ધાચલ**ની એક યાત્રા કરવાથી પાપ રૂપ કચરો ધોવાઇ જાય છે, તે ભવ્યને નિર્મલ કરનાર હોવાથી તેને **વિમલાદ્રિ** પણ કહે છે. સારી ભાવનાવાળો મનુષ્ય **પુંડરિક** ગિરિના ધ્યાન વડે પરમ પદને પામે છે. **પુંડરિક** ગિરિનું શિખર જે આનંદ આપે છે તે બીજું નથી આપી શકતું. આથી **પુંડરિક** ગણધર અને **પુંડરિક** ગિરિ એટલે બે પુંડરિક તેથી અદ્વૈતાનંદ થાય, તેમાં શું આશ્ચર્ય ? (શ. મા. પૃ. ૩૫)

ઉપમેય અને ઉપમા

જગતમાં પાંચ **સ**કાર મુશ્કેલ છે–જેમ–સત્ માર્ગનો ધોરીયો ૧, સારા કુળમાં જન્મ ૨, સિદ્ધક્ષેત્ર ૩, સમાધિ ૪, તથા ચાર પ્રકારનો સંઘ ૫, તેમ **પું**ડરિક ગિરિ ૧, પાત્ર ૨, પ્રથમ પ્રભુ ૩, પરમેષ્ઠી ૪ તથા પર્યુષણા પર્વ ૫, એ પાંચ **પ**કાર દુર્લભ છે. એજ પ્રમાણે **શત્રુંજય** ૧, **શી**વપુર ૨, **શત્રુંજય** સરિતા ૩, **શાં**તિનાથ ૪ તથા શમયુક્તદાન ૫, એ પાંચ **શ**કાર દુર્લભ છે, તેમ આ ગિરિરાજ પણ દુર્લભ છે. (શ. મા. પૃ. ૩૬)

ગિરિરાજ પર મોક્ષ

આ **સિદ્ધક્ષેત્ર** પર અનંતા તીર્થંકરો પધાર્યા છે તેથી મહાતીર્થ છે. **શત્રુંજય** તીર્થમાં અનેક તીર્થંકરો સિદ્ધિપદને પામ્યા છે (આ અવસર્પિણીમાં) અસંખ્યાત મુનિઓ સિદ્ધિપદને પામ્યા છે તેથી પણ આ તીર્થ મહાન છે. (સિદ્ધગિરિના કાંકરે કાંકરે, બીજા સ્થળો કરતાં

---

૧ શત્રુંજય કલ્પની શુભશીલગણિની વૃત્તિમાં આ ૨૧ શિખરો ઉપર તે નામો સાથે તેના આરાધકની કથાઓ આપેલી છે (સે. ક. વૃ. પૃ. ૨ થી ૩૨)

અનંત કાળમાં, અનંતા મોક્ષે ગયા ને ભાવીકાળમાં અનંતા મોક્ષે જશે, તે આ ગિરિનો જ પ્રભાવ છે. (શ. મા. પૃ. ૩૬)

હિંસક પ્રાણિનો પણ ઉદ્ધાર

સિદ્ધાચલ પર મોર, સાપ, સિંહ વગેરે હિંસક જીવો **શ્રીજિનેશ્વર** ભગવાનના **દર્શન**-વડે ઉચ્ચ ગતિને પામેલા છે, ક્રમે, ભૂતકાળમાં, મોક્ષે ગયા છે અને ભાવીકાળમાં મોક્ષે જશે. (શ. મા. પૃ. ૩૬)

ગિરિ સ્પર્શનાનો મહિમા

શત્રુંજયનો સ્પર્શ કરવા વડે બાલક અવસ્થામાં, યુવાનીમાં, વૃદ્ધાવસ્થામાં અને તિર્યંચ-પણામાં કરેલાં પાપો નાશ પામે છે. દાન, શીયલ, ચારિત્ર, કાયિક–વાચિક–માનસિક પાપ, ધ્યાન તથા તપ વગેરે એક **શત્રુંજય**ના સેવનમાં સમાઇ જાય છે. આ તીર્થ પર અલ્પ વાપરેલું ધન વિશેષ ફળ આપનાર છે. **શત્રુંજય**ની યાત્રા, સેવા કે સંઘનુ રક્ષણ, યાત્રાળુઓનો આદર સત્કાર, જે મનુષ્ય કરે છે તે પોતાના કુળ સહિત સ્વર્ગમાં સત્કાર પામે છે. તેવી રીતે તેનાથી વિપરીત, યાત્રાળુઓને બંધન, તેના દ્રવ્યનો નાશ કરનારો પાપનો ઢગ ભેગો કરી, ઘોર નરકની યાતનાને પામે છે. વળી **સિદ્ધાચલ** પર આચરેલું પાપ જન્મો જન્મ લગી વધે છે, તે વજ્રલેપ જેવું થાય છે. (શ. મા. પૃ. ૩૭)

પૂજનનું ફળ

સ્વર્ગ, મૃત્યુલોક ને પાતાલમાં રહેલી પ્રતિમાનું પૂજન કરતાં જે ફળ થાય છે, તેના કરતાં **શત્રુંજય** પર રહેલી જિન પ્રતિમાનું પૂજન કરવાથી અનેકગણું ફળ મળે છે. (શ. મા. પૃ. ૩૭)

કલ્પવૃક્ષ બારણામાં હોય તેને સંતાપનો ભય નથી, તેમ **શત્રુંજય–સિદ્ધાચલ** સમીપ થતાં નરકનો ભય નથી. જ્યાં સુધી **શત્રુંજય** એવા અક્ષરો ગુરુમુખથી શ્રવણ કર્યા નથી ત્યાં સુધીજ હિંસાદિ પાપો રાજી રહે છે. પણ તે નામ શ્રવણ કરે તેને પાપોની સત્તા જોર કરતી નથી. (શ. મા. પૃ. ૩૮)

પુંડરીક ગિરિ યાત્રાનું ફળ

પુંડરીક પર્વતની યાત્રાએ જવાની કામનાવાલા પુરુષોના કરોડો જન્મના પાપો, ડગલે ડગલે નાશ પામે છે. તેનો સ્પર્શ કરનારને વ્યાધિ, ચિંતા, દુઃખ, વિયોગ, દુર્ગતિ કે શોક થતાં નથી. (શ. મા. પુ. ૩૮)

સિદ્ધગિરિરાજ પર મળ મૂત્ર પણ ન કરવાં. કારણ કે સ્વયમેવ ગિરિરાજ તીર્થ રૂપ છે.

ગિરિરાજનું દર્શન, સ્પર્શન, ભોગ અને મોક્ષ બન્ને આપે છે. આ તીર્થાધિરાજ **શ્રીઆદિનાથ** ભગવાનથી અલંકૃત છે, તેથી પણ તે ગાઢ પાપનો નાશ કરે છે. પૂર્વના ભવમાં તપ, દાન કર્યા હોય તો જ જિન ભગવાનની પ્રસન્નતાને પામે છે. તેથી જ **સિદ્ધગિરિરાજનું** ક્ષણ પણ સેવન કરી શકાય છે.

શ્રીસિદ્ધાચલના મહિમાને જાણ્યા છતાં કેવલી ભગવાન પણ પૂરો વર્ણવી શકતા નથી. (શ. મા. પૃ. ૩૮)

ચરણ પાદુકાની પૂજા

સિદ્ધાચલ પર રહેલા **યુગાદિ** દેવના **ચરણ કમલ** (પગલા)ના પૂજન વડે ભવ્ય જીવો વંદવા લાયક, સેવવા યોગ્ય, તથા પાપ રહિત થાય છે. (શ. મા. પૃ. ૩૯)

માળા વગેરેનું ફળ

શત્રુંજય તીર્થ પર પ્રભુ પૂજામાં દશ માલાથી ચાર ઉપવાસનું ફળ મળે તેથી આગળ દશ દશગણી માલાથી ક્રમે છ, આઠ, યાવત્ માસક્ષમણ વગેરે ફળ મલે છે.

બીજા તીર્થમાં સોના વગેરેના દાનથી જે ફળની પ્રાપ્તિ થતી નથી તે ફળની પ્રાપ્તિ અત્રે એક ઉપવાસ કરવાથી મળે છે. અન્ય તીર્થમાં દુષ્કર તપ કરવાથી, બ્રહ્મચર્ય પાળવાથી જે ફળ થાય છે, તે ફળ **સિદ્ધક્ષેત્ર**માં એક ઉપવાસથી થાય છે. આ તીર્થમાં **પુંડરીક**ને સ્મરણ કરતો દશવિધ પચ્ચક્ખાણ કરે તો નિર્વિઘ્નપણે સઘળા મનોરથ સિદ્ધ કરે છે. છટ્ઠ કરવાથી સંપત્તિઓ મળે છે. અટ્ઠમ કરવાથી મોક્ષ મળે છે. અન્યક્ષેત્રે અતિકષ્ટવાળું મહિનાનું તપ કરે અને જે ફળ મેળવે તે ફળ **સિદ્ધક્ષેત્ર**માં બેઘડી જ, સર્વ આહાર ત્યાગ કરે તો પ્રાપ્ત કરે. (શ. મા. પૃ. ૪૧)

સિદ્ધગિરિરાજ પર સાધુની પૂજનિકતા

સાધારણ સાધુ ચિહ્નને ધારણ કરનારો, મનથી કંકાસ કરનારો, બેડોળ, ગુરુને કડવું બોલનાર આવો હોય તોએ **ગૌતમસ્વામીને** જેમ **શ્રેણિક** પૂજે તેમ તે આ ગિરિપર પૂજનીય છે. કારણ કે ગુરુની આરાધના કરવાથી સ્વર્ગે જવાય ને વિરાધના કરવાથી નરકે જવાય. માટે જે ઇચ્છિત હોય તે કરો. (શ. મા. પૃ. ૪૩)

ગિરિરાજ પર શું ન કરવું ?

આ ગિરિરાજ પર કોઇની નિંદા ન કરવી. બીજાનું અશુભ કરવાનો વિચાર ન કરવો, પારકી સ્ત્રીપર મોહ ન કરવો, બીજાનું દ્રવ્ય પડાવી ન લેવું. વિપરીત દૃષ્ટિવાળાનો સહવાસ ન કરવો, તેના વચન પર પ્રીતિ ન કરવી. શત્રુ સાથે પણ દ્વેષ બુદ્ધિ ન કરવી, હિંસા ન કરવી, ખોટી બુદ્ધિથી કોઇ વિચાર ન કરવો. એટલું જ નહિં પણ, તેનાથી વિપરીત સત્કર્મો જરૂર કરવાં. (શ. મા. પૃ. ૪૪)

સંઘયાત્રાનું ફળ

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચારે પ્રકારના સંઘ સહિત [૧]છ'રી પાળતો, સંઘ કાઢી જે **સિદ્ધાચલ** આવે છે તે, સર્વોત્તમપદ–તીર્થંકર પદને સંપાદન કરે છે. (શ. મા. પૃ. ૪૫)

રાયણ વૃક્ષનો મહીમા

રાજનંદની એટલે રાયણનું શાશ્વત વૃક્ષ. તેની નીચે **શ્રીઋષભદેવ** ભગવાનની ચરણ પાદુકાઓ છે. તેના વડે તે વૃક્ષ શોભે છે. રાજનંદનીની વહેતી દુધની સેરો અલ્પસમયમાં અંધકાર ટાળે છે. આ પવિત્ર વૃક્ષ નીચે **ઋષભદેવ** ભગવાન, **પૂર્વનવાણું વાર** સમોસર્યા છે, તેથી તે સર્વોત્તમ તીર્થસમાન, વંદવા લાયક છે. તેના પાંદડાં ફળ શાખાઓ પર દેવતાઓનાં સ્થાન છે. માટે તેનાં પાંદડાં વગેરે કાપવા લાયક નથી. કોઇ સંઘનો નાયક, જ્યારે ભક્તિ ભાવથી ભરપુર ચિત્તવડે એની પ્રદક્ષિણા કરે છે, ત્યારે તે પ્રસન્ન થઇ તેના મસ્તક પર દુધની વૃષ્ટિ કરે છે. તેથી તેના બેઉ જન્મ સુધરે છે. રાજનંદનીનું ભક્તિ ભાવથી પૂજન કર્યું હોય તો, થવાવાળું શુભ અશુભ તેને સ્વપ્નમાં કહે છે. તેના પૂજનથી શારીરિક દોષ નાશ થાય છે. તેનાથી ઝેર પણ દૂર થાય છે. તેના પાંદડાં વગેરે ખરી પડેલાં જો સંધરી રખાય તો સર્વ અનિષ્ટનો નાશ કરે છે.

રાયણવૃક્ષની પશ્ચિમ દિશામાં, અગમ્ય રસકૂપિકા છે. તેના રસથી લોઢું, સોનું થઇ જાય છે. તેવા સર્વ કલ્યાણકારી આ તીર્થનો મહિમા કોણ વર્ણવી શકે છે? (શ. મા. પૃ. ૪૭)

---

૧ છરી–સચિત પરીહારી ૧, એકલ–આહારી ૨, પાદચારી ૩, ભૂમિ સંથારી ૪, બ્રહ્મચારી ૫, આવશ્યક દોષ વારી ૬=૧ સચિત વસ્તુને ન વાપરનારો, ૨ એકાશન તપ કરનારો, ૩ પગે ચાલનારો–વાહનનો ઉપયોગ ન કરનાર, ૪ જમીન પર શયન કરનાર, ૫ બ્રહ્મચર્યને પાળનાર અને ૬ બે ટંક આવશ્યક ક્રિયાને કરનાર,

સૂરિમંત્ર વડે મંત્રીત એવા જળવડે ઋષભદેવ ભગવાનનું, પુંડરીક ગણધરનું, રાયણ પગલાનું, અને શાંતિનાથ ભગવાનને જે ૧૦૮ ઘડા જળવડે પ્રક્ષાલ કરે છે તે, આ લોકમાં ધન વગેરેને પ્રાપ્ત કરનાર થાય છે. (શ. મા. પૃ. ૪૭)

દોષ રહિત એવું આ સિદ્ધક્ષેત્ર મોક્ષ રૂપ સ્ત્રીનો સંગ કરાવવા માટે વેદિકા રૂપ છે. અનંત કેવલ જ્ઞાનવાળાની જેમ, આ તીર્થ ઉપકાર કરનાર છે. આ તીર્થ હમેશાં મોક્ષપદની જેમ, સ્થિર પવિત્ર અને બધા-દોષ રહિત છે. રાયણની ઉગમણી દિશામાં સૂર્યોદ્યાન છે. અત્રેના જિનમંદિરોના સંગથી પક્ષીઓ પણ આનંદ અનુભવે છે. અહિંના વૃક્ષોનો જથ્થો હંસાવતાર છે. અત્રેના ઉત્તમ સરોવરના પાણી, પ્રાણીઓના અઢાર પ્રકારના કોઢનો નાશ કરે છે. તેવું સરોવર પૂર્વ દિશામાં અત્રે આવેલ છે. તીર્થનો આ મહિમા છે. (શ. મા. પૃ. ૪૯)

—oo—

શ્રી ગિરિરાજના મહિમા ઉપર
શુકરાજાની કથા

"શુકરાજા નિજ રાજ વિલાસી, ધ્યાન ધરે ષટ્ માસી રે"

(નવાણું પ્રકારી પૂજા, ૧૦મી પૂજા)

ક્ષીતિ પ્રતિષ્ઠીત નગરમાં ઋષભધ્વજ રાજાનો પુત્ર મૃગધ્વજ રાજ્ય કરતો હતો. તેને ત્રણ પત્નીઓ હતી. એક વખત તે ક્રીડા કરવા ઉદ્યાનમાં ગયો. રાજ પરિવાર સાથે આમ્રવૃક્ષ નીચે બેઠો હતો. પોતાની પત્નીઓના અંહકારમાં હતો, ત્યાં શુક (પોપટ) બોલ્યો—તેણે રાજાને કુવાના દેડકા જેવી ઉપમા આપી. રાજા પુછે છે કે શું મારી સ્ત્રીઓ કરતાં અધિક રુપવાલી કન્યા છે ? શુકે કહ્યું કે—

ગાંગલી ઋષિની પુત્રી કમલમાલા આગળ આ બધી નકામી છે. રાજા કહે કયાં છે ? શુકે કહ્યું કે ચાલ મારી સાથે. રાજા જલ્દી પવનવેગી ઘોડો મંગાવીને, શુકની પાછળ પાછળ ચાલ્યો. જંગલમાં પહોંચ્યા, શ્રીઆદિનાથ ભગવાનનો પ્રાસાદ જોયો. રાજાએ બહારથી વંદન કર્યું. શુક મંદિરમાં ગયો ને ભગવાનને નમસ્કાર કર્યો, એટલે રાજા મૃગધ્વજે પણ મંદિરમાં જઈને પ્રભુને નમસ્કાર કરી સ્તુતિ કરી.

તે વખતે મંદિરમાં આવેલા ગાંગલી ઋષિએ આનંદથી તે સ્તુતિ સાંભળી. ઋષિએ કહ્યું હે મૃગધ્વજ રાજા મારા આશ્રમે ચાલો. હું અતિથિ સત્કાર કરું, રાજા આશ્રમમાં ગયો.

ગિરિરાજના મહિમાને જણાવનારી ઘણીજ કથાઓ છે, પણ અમે તો કોક કોકજ આપીશું.

ઋષિએ સત્કાર કર્યો. પછી **ગાં**ગલી ઋષિએ કહ્યું મારી કન્યા આપને યોગ્ય છે. માટે તેનું પાણી-ગ્રહણ કરો. **કમ**લમાલાને પરણાવી.

રાજાને પુત્ર પ્રાપ્તિનો મંત્ર આપ્યો. ઋષિએ પુત્રીને સાચવવાની પ્રાર્થના કરી. રાજાએ તે મંજુર રાખી. ત્યાંથી બધા **આ**દીશ્વર ભગવાનના મંદિરમાં આવ્યા. મંદિરની બહાર આવીને માર્ગ પુછયો. ઋષિએ કહ્યું કે માર્ગ જાણતો નથી.

આમ્ર વૃક્ષ પર શુક

એટલામાં આમ્રવૃક્ષ પર બેઠેલો શુક બોલ્યો કે ઋષિ તમો ચિંતા ન કરો. ત્યારે ઋષિ **મૃ**ગધ્વજ રાજાને બહાર બોલાવી લાવે છે. રાજા બહાર આવ્યો એટલે પોપટ (શુક) બોલ્યો આપને હું માર્ગ બતાવું છું. આગળ ચાલતાં પોતાના નગર નજીક આવ્યા, ત્યારે શુક સુસ્ત થઈને ઝાડપર બેઠો.

રાજા પુછે કે હે શુકરાજ! આપ નગર નજીક આવી સુસ્ત કેમ થયા? શુકે કહ્યું કે એમાં એક કારણ છે, તે સાંભળો :—

ચંદ્રપુરીના રાજા **ચ**ન્દ્રશેખરની બહેન **ચ**ંદ્રાવતી આપની માનીતી રાણી છે, પણ અંદરથી કપટી છે. તેણે તમારા બહાર જવાથી પોતાના ભાઇને સમાચાર આપીને તમારા નગર પર ચઢાઇ કરાવી છે. આથી તમારા રક્ષકોએ નગરના દરવાજા બંધ કર્યા છે. પણ નાયક વગરનું શું? આથી હું નિરાશ થઈને બેઠો છું. (આ સાંભળીને રાજા ચિંતાતુર થયો.)

ત્યારે પોપટે કહ્યું વ્યર્થ શોક ન કરો. તું એમ ન સમજ કે "મારું રાજ ગયું". એટલામાં ચારે કોરથી ધુળ ઉડાડતી સેના આવે છે. ત્યારે રાજા વિચારે છે કે મને મારી નાંખશે. રાજા મુંઝાય છે. એટલામાં સેના આવીને રાજાનો જય જયકાર બોલે છે. આપના પધારવાથી અમને આનંદ છે. રાજા વિચારે છે કે આ પોપટ(શુક)ના વચનનો જ પ્રભાવ છે. રાજા ઉપકારી પોપટ તરફ જુવે છે. તો તે દેખાતો જ નથી. રાજાએ પોપટની વાત કહી–ઉપકાર કરવાનો બદલો આપવાની વાત કહી. પણ પોપટ દેખાતો નથી. શું કરવું? સેવકોએ કહ્યું હે રાજન્! પોપટ મળશે.

રાજાના આગમનથી નગરલોક વગેરે બધા ખુશ થયા. **મૃ**ગધ્વજરાજાનું આગમ જાણીને **ચ**ંદ્રશેખર ભાગ્યો અને દૂતદ્વારા રાજાને ભેટ મોકલી અને કપટથી કહેવરાવ્યું કે આપ નહોતા એટલે રાજ્યનું રક્ષણ કરવા આવ્યો હતો. **મૃ**ગધ્વજે, **ચ**ંદ્રશેખરના સામા આવવાથી ઉચિત સત્કાર કર્યો. રાજાએ મહોત્સવથી નગરમાં પ્રવેશ કર્યો.

ચંદ્રાવતીને રાજા બહુ માનતો હતો, કપટના પાપને પ્રતાપે, તેને પુત્ર ન થયો. કમલમાલાએ રાત્રે ઉંઘમાં દિવ્ય સ્વપ્ન જોયું, અને તે રાજાને કહ્યું કે–મેં સ્વપ્નમાં જોયું કે **આદીશ્વર** ભગવાને કહ્યું–કે આ શુકને લે, પછી હંસને આપીશ. એમ કહીને મને શુક આપ્યો. રાજાએ કહ્યું તને બે તેજસ્વી પુત્ર થશે. રાણીને આનંદ થયો. ગર્ભ ક્રમે વધવા લાગ્યો, અવસરે પુત્ર જન્મ્યો. રાજાએ તેનું નામ **શુકરાજ** પાડ્યું.

રાજા ઉદ્યાનમાં ફરવા ગયા. ત્યાં આમ્રવૃક્ષ નીચે બેઠા. રાજા બોલ્યા કે આ વૃક્ષ પરથી શુકે મને કહ્યું અને તેની પાછળ, તારે ત્યાં આવીને, તને પરણ્યો. આ વખતે રાજાના ખોળામાં બેઠેલો **શુકરાજ** તે વાત સાંભળીને પૂર્વના સ્મરણથી મૂર્ચ્છિત થઇને જમીન પર પડ્યો. રાજા વગેરે આકુલ વ્યાકુલ થઈ ગયા. ચેતનામાં **શુકરાજ** આવ્યો પણ પ્રફુલિત ન થયો. અને મૌનપણું ધારણ કર્યું. રાજારાણીને ઘણું દુઃખ થયું. ઘણા ઉપચાર કર્યા પણ ન જ બોલ્યો.

કૌમુદી મહોત્સવ

એક દિવસ કૌમુદી મહોત્સવ આવ્યો, રાજા વગેરે બધા ઉદ્યાનમાં ગયા. એટલામાં એક જગો પર દુંદુભીનો અવાજ સાંભળ્યો. તપાસતાં ખબર પડી કે **શ્રીદત્તકેવલી** પધાર્યા છે. પુત્રની પરિસ્થિતિ અંગે પુછવાની ઇચ્છાથી કેવલી પાસે ગયા. દેશના સાંભળી. પછી રાજાએ **શ્રીદત્તકેવલી** ભગવંતને પુછયું કે શુકરાજ કેમ બોલતો નથી?

આથી કેવલી મહારાજે તેને કહ્યું: હે શુકરાજ! વિધિપૂર્વક તું વંદન કર, એટલે તેને મોટા અવાજે, ગુરુ મહારાજને વંદન કર્યું. બધાને આશ્ચર્ય થયું.

રાજાએ પુછ્યું પ્રભુ આમ કેમ? ગુરુ મહારાજે જણાવ્યું કે પૂર્વભવનું કારણ છે તે વિચારે કે પૂર્વભવમાં જે પત્નીઓ હતી. તેને માતા પીતા કેમ કહું? આથી તે બોલતો ન હતો. પૂર્વભવમાં હંસી હતી તે મૃગધ્વજ રાજા થયો. સારસી હતી તે કમલમાલા થઈ. જીતારી રાજા, જે હંસીને સારસીનો પતિ હતો, તે ક્રમે આ શુકરાજ થયો, એથી તે વિચારે કે રાણીઓને માતા પીતા કેમ કહું, તેથી એ મૌન થયો હતો. ગુરુ મહારાજે કહ્યું કે હે શુકરાજ! સંસારની ઘટમાલ આવી જ છે, આમ સાંભળીને શુકરાજ માતાપીતા કહેવા લાગ્યો.

કમલમાલાને બીજો પુત્ર

કમલમાલાને **હંસરાજ** નામે બીજો પુત્ર થયો. એક વખત રાજા સભામાં બેઠા હતા ત્યારે **ગાંગલી** ઋષિ આવ્યા. કુશલ ક્ષેમ વાર્તા થઈ. સૌને આનંદ થયો, રાજાએ **વિમલાચલ** તથા

આશ્રમના સમાચાર પૂછયા. વળી આપ કયા હેતુથી પધાર્યા છો તે વાત પણ પુછી. ગાંગલી-ઋષિએ કહ્યું કે યક્ષે સ્વપ્નમાં આવીને કહ્યું કે **વિમલાચલ** તીર્થે જવાનો છું. ત્યારે મેં પૂછયું કે તીર્થની રક્ષા કોણ કરશે? યક્ષે કહ્યું કે તમારી પુત્રી કમલમાલાના પુત્રોમાંથી એક રક્ષણ કરશે. માટે તેના એક પુત્રને અહીં લઇ આવો. આથી અત્રે આવ્યો છું. માટે એક પુત્રને તીર્થના રક્ષણ માટે આપો. હંસરાજ જવા તૈયાર થયો પણ નાનો હોવાથી તેને રોકીને **શુ**કરાજને મોકલ્યો. ત્યારે તે બોલ્યો–'પીતાજી **વિમલાચલ**ના દર્શનની મને ઉત્કંઠા હતી, તેમાં તેના રક્ષણ માટે જવાનું થયું, એ તો સોનામાં સુગંધ મળી

તીર્થ રક્ષણ માટે શુકરાજ

તીર્થે **શુ**કરાજ આવ્યો. અને સુસજ્જ થઇને ત્યાં રહેવા લાગ્યો. એક વખત રાત્રીએ સ્ત્રીને રડતી સાંભળી તેની પાસે ગયો. તેની વાત સાંભળી. તાપસની ઝુંપડીમાં બેસાડી, વિદ્યાધરની શોધમાં નીકળ્યો. શોધતાં વિદ્યાધર મળ્યો.

વિદ્યાધરને **શુ**કરાજે પુછયું–આ દશા તારી કેમ? ત્યારે તે બોલ્યો **ગ**ગનવલ્લભપુરના રાજાનો **વા**યુવેગ નામે પુત્ર છું. શત્રુ રાજાની પુત્રીને, હરણ કરીને આ માર્ગે જતો હતો. ત્યારે તીર્થનું ઓલંગન કરતા મારી વિદ્યા નષ્ટ થઇ ગઇ. આથી આ પીડા ભોગવું છું. **શુ**કરાજ જેને શોધવા નિકળ્યો હતો તે મલી ગયો. એટલે મંદિરમાં રહેલી તે કન્યાને તેની ધાવમાતાને સોંપી. પછી વિદ્યાધરને ઉપચારો કરીને સારો કર્યો. હવે વિદ્યાધર **શુ**કરાજાનો સેવક થઇ ગયો. **શુ**કરાજે કહ્યું કે તારી વિદ્યા નષ્ટ થઈ તો મારા મસ્તક પર હાથ રાખીને જો મને વિદ્યા આપે તો, વિદ્યા મને સિદ્ધ થાય. તો તું તે વિદ્યા મને આપ. વિદ્યાધરે **શુ**કરાજને તે વિદ્યા આપી. પછી પોતાને તે વિદ્યા સિદ્ધ થતાં **શુ**કરાજે વિદ્યાધરને તે વિદ્યા આપી. વિદ્યાધરે બીજી પણ ઘણી વિદ્યાઓ **શુ**કરાજને આપી. ગાંગલી ઋષીની આજ્ઞાથી બન્ને એક મોટા વિમાનમાં બેસીને તે કન્યા સાથે **ચ**ંપાપુરીમાં ગયા. અને રાજાને તે કન્યા આપી. રાજા વગેરે આનંદ પામ્યા. **વા**યુવેગે **શુ**કરાજાનો પરિચય કહ્યો. **ચ**ંપાપુરીમાં વિવાહ મહોત્સવ આનંદથી કર્યો. ત્યાંથી **વૈ**તાઢય પર **ગ**ગનવલ્લભનગરમાં ગયા. ત્યાં **વા**યુવેગે તે કન્યા **શુ**કરાજને પરણાવી. શુકરાજ અને વિદ્યાધર બંને તીર્થ વંદન કરવા નિકળ્યા.

માતાનો સંદેશ

પાછળ સ્ત્રીનો અવાજ આવ્યો એટલે ઉભા રહીને પુછયું– તું કોણ છે? તેને જવાબ આપ્યો કે હું **ચ**ક્રેશ્વરી દેવી છું. **કા**શ્મીર દેશમાં, **સિદ્ધાચલ**ની રક્ષા માટે, **ગો**મુખ યક્ષની

આજ્ઞાથી, જતી હતી. ત્યાં માર્ગમાં, ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં, મેં સ્ત્રીના રુદનનો અવાજ સાંભળ્યો. આથી ત્યાં જઇ રોવાનું કારણ પુછ્યું. ત્યારે તે બોલી કે મારો પુત્ર શુકરાજ ઘણા સમયથી ગયો છે, તેના સમાચાર નથી. માટે રડું છું. ત્યારે મેં કહ્યું કે હું તેની શોધ કરીને તમને જણાવીશ. હું વિમલાચલ પર ગઇ પણ તને ન દેખ્યો. અવિધિજ્ઞાનથી તને મેં અહિં જોયો એટલે અહિં આવી. તમારી માતાને જલદી દર્શન આપો.

ત્યારે શુકરાજ આંસુ ઝરતી આંખોએ બોલ્યો કે તીર્થની નજીક આવેલો, તીર્થના દર્શન વગર હું કેવી રીતે જાઉં ? માટે હું તીર્થના દર્શન કરીને માતા પાસે જઇશ. તમે જલ્દી જઇને મારી માતાને આ બધા સમાચાર કહેજો.

શાશ્વતા અશાશ્વતા તીર્થની યાત્રા કરીને, ગાંગલી ઋષિની આજ્ઞા લઇને, ઘણા વિદ્યાધરો સાથે, ધામધૂમથી પોતાના નગરે પહોંચ્યો. પુત્ર હેમક્ષેમ નગરમાં આવ્યો એટલે, રાજાએ નગરમાં મહોત્સવ કર્યો.

શૂર અને હંસનું યુદ્ધ

વસંત ઋતુ હતી. તેથી બન્ને પુત્રોને લઇને રાજા ઉદ્યાનમાં ગયા હતા, ત્યાં આનંદ કરતા હતા. એટલામાં ત્યાં ભયંકર કોલાહલ થયો. સરદારે તપાસ કરીને કહ્યું કે સારંગપુરના વીરાંગ રાજાનો પુત્ર પૂર્વના વૈરથી હંસરાજ પર ચઢી આવ્યો છે. રાજાએ કહ્યું વીરાંગ તો મારો સેવક છે. આથી રાજા બન્ને પુત્રોને લઈને ચાલ્યો. એટલામાં સેવકે આવીને જણાવ્યું કે, આ પૂર્વભવનું વૈર હંસરાજ અને શૂરનું યુદ્ધ ચાલ્યું. અંતે હંસરાજે તેને ઉઠાવીને દડાની માફક બહાર ફેંકયો. ત્યાર પછી શૂરને પશ્ચાતાપ થવા લાગ્યો.

હવે મૃગધ્વજ રાજા દીક્ષા લેવા તૈયાર થયા. ત્યારે કેવલી ભગવંતે કહ્યું કે ચંદ્રાવતીના પુત્રને તું જોશે ત્યારે તું દીક્ષા લઈ શકશે. રાજાને આવીને એક પુરુષે નમસ્કાર કર્યો. રાજાએ પુછ્યું તું કોણ છે ? ત્યારે આકાશવાણી થઈ અને તે પુરુષે કહ્યું કે હું ચંદ્રાવતીનો પુત્ર છું. જો તમારે નિર્ણય કરવો હોય તો યશોમતી નામની યોગીની છે, તેને જઇને પુછો.

જંગલમાં યોગિની

રાજાએ યોગીની પાસે જઇને પુછ્યું ત્યારે યોગીનીએ કહ્યું કે–ચંદ્રપુરમાં સોમચંદ્ર રાજાની ભાનુમતી નામની રાણી હતી. એણે જોડલાને જન્મ આપ્યો, પુત્રનું નામ ચંદ્રશેખર રાખ્યું ને પુત્રીનું નામ ચંદ્રાવતી રાખ્યું. ચંદ્રાવતી તમને પરણી. ચંદ્રશેખરને

યશોમતી સાથે પરણાવ્યો. પૂર્વભવના સંસ્કારથી ચંદ્રશેખરને અને ચંદ્રાવતીને પરસ્પર રાગ થયો. હે રાજા ! જ્યારે તું એકલો ગાંગલીઋષિના આશ્રમે ગયો હતો ત્યારે તે તારું રાજ લેવા આવ્યો પણ તેનું ઇચ્છિત ન થઈ શકયું.

ચંદ્રાંક

તેને યક્ષની આરાધના કરી, અદૃશ્ય અંજન મેળવ્યું. આથી **ચ**ંદ્રશેખર **ચ**ંદ્રાવતીના મહેલમાં ગયો. તેની સાથે કામક્રીડા કરી. એનાથી **ચ**ંદ્રાવતીને **ચ**ન્દ્રાંક નામનો પુત્ર થયો. યક્ષના પ્રભાવથી તે વાત કોઇને જાણ ન થઇ. તે પુત્ર **ચ**ંદ્રશેખર લઈ ગયો, અને પોતાની પત્નીને સોંપ્યો. તે પોતાના પુત્રની માફક તેનું પાલન કરવા લાગી.

યશોમતી કોણ ?

યશોમતી સાથે વાતમાં તે પુત્રને માલમ પડયું કે તે **મૃ**ગધ્વજ રાજાની ચંદ્રાવતીનો પુત્ર છે. એ સાંભળીને તે ત્યાંથી નીકળી ગયો. યશોમતી પતિ તથા પુત્રથી ભ્રષ્ટ થયેલી દીક્ષા લેવાના વિચારમાં આવી, પણ સાધ્વી ન મળવાથી તે યોગીની થઈ, તે હું યશોમતી.

મૃગધ્વજ રાજાની દીક્ષાની ભાવના

આ સાંભળીને રાજાને ક્રોધ આવ્યો. તેને યોગીનીએ મધુર વચનથી શાંત કર્યો, મૃગધ્વજ રાજા વૈરાગી થયા. નગરના ઉદ્યાનમાં ગયા અને **ચ**ંદ્રાકને મોકલીને **શુ**કરાજને અને **હ**ંસરાજને બોલાવ્યા. હું તપશ્ચર્યા કરીશ. ઘેર નહિ આવું. બહુ આગ્રહ કરવાથી રાજા નગરમાં આવ્યા. મૃગધ્વજ રાજાએ **શુ**કરાજને ગાદીએ બેસાડયો, પછી કહ્યું કે હું દીક્ષા લઇશ.

મૃગધ્વજ રાજા કેવલી

રાત્રી પડી. મૃગધ્વજ રાજા રાત્રે સંયમની ભાવનામાં એકતાન થતાં, પ્રભાતે ઘાતીકર્મનો ક્ષય કરીને, કેવલી થયા. દેવતાઓએ સાધુવેષ આપ્યો. આ વાત જાણીને **શુ**કરાજ વગેરે ત્યાં આવ્યા. કેવલી ભગવાને દેશના આપી. ઉપદેશ સાંભળીને **હ**ંસરાજા, **ચ**ંદ્રાંક અને **ક**મલમાલા ત્રણેએ દીક્ષા લીધી. **શુ**કરાજ આદિ મનુષ્યોએ ગૃહસ્થ ધર્મ આદિ બારવ્રત લીધાં.

ચંદ્રશેખર શુકરાજ રૂપે

ચંદ્રશેખર **ચ**ંદ્રાવતી પર સ્નેહ રાખે અને **શુ**કરાજ પર દ્વેષ રાખે. **ચ**ંદ્રશેખરે ગોત્ર-દેવીની આરાધના કરી. દેવી પ્રત્યક્ષ થઇ અને વરદાન માગવાનું કહ્યું. તેણે માગ્યું કે **શુ**કરાજનું

રાજ્ય મને આપ. દેવીએ કહ્યું કે દૃઢ સમ્યક્ત્વી તેની આગળ મારું કાંઇ ન ચાલે. તેણે કહ્યું "તું વરદાન ન દે" તો પછી મારું કામ કેમ ન થાય? ત્યારે દેવીએ કહ્યું કે **શુ**કરાજ જ્યારે બહારગામ જાય ત્યારે તેના રાજ્યમાં તું જજે. તે વખતે તું **શુ**કરાજા જ દેખાશે. દેવી અદૃશ્ય થઇ ગઇ. ચંદ્રશેખર ખુશી થયો. **ચં**દ્રાવતીને આ બધી વાત કહી.

રાજ્ય પર ચન્દ્રશેખર

એક વખત તીર્થ યાત્રા કરવા, **શુ**કરાજ બન્ને રાણીઓ સાથે દેવતાની પેઠે વિમાનમાં બેસીને, યાત્રા કરવા નિકળ્યો. **ચં**દ્રાવતીએ ચંદ્રશેખરને સમાચાર આપ્યા. તે આવ્યો. તેનું સ્વરૂપ **શુ**કરાજ જેવું થયું. લોકો **શુ**કરાજ જ સમજવા લાગ્યા. તેને નાટક રચ્યું. રાત્રીએ ધૂમ પાડી કે કોઇ વિદ્યાધર મારી બે સ્ત્રીઓને હરીને જાય છે. **ચ**ન્દ્રશેખર કપટથી દુઃખવાળી મુદ્રા કરીને રહ્યો. **ચ**ન્દ્રાવતી પર પ્રીતિ રાખીને રાજ્ય કરવા લાગ્યો.

શુકરાજ **વિમલાચલ**ની યાત્રા કરીને શ્વસુરાલયમાં ગયો. થોડો વખત ત્યાં રહ્યો. પછી પોતાના નગરના ઉદ્યાનમાં આવ્યો. ઝરુખામાં બેઠેલા **ચ**ન્દ્રશેખરે **શુ**કરાજને આવતો જોયો એટલે હાહાકાર મચાવ્યો. મારી બે સ્ત્રીઓનું હરણ કરનાર વિદ્યાધર આવે છે. માટે એને મારીને પાછો હઠાવો. મંત્રીઓ વગેરે ત્યાં ગયા. **શુ**કરાજ વિમાનમાંથી ઉતર્યા. મંત્રીએ પ્રણામ કરીને કહ્યું કે હે વિદ્યાધર હમારા સ્વામીની બે સ્ત્રીઓને લઇને આપ ગયા છો તો પણ આવ્યા તો આપ આપના સ્થાન પર પધારો.

ત્યારે **શુ**કરાજ મંત્રીને કહેવા લાગ્યા કે-હું **શુ**કરાજ છું. તમે આ શું બોલો છો? ત્યારે મંત્રીએ કહ્યું કે હમારા સ્વામી **શુ**કરાજ તો મહેલમાં બીરાજમાન છે. માટે આપ જલ્દીથી અહિંથી જતા રહો. **શુ**કરાજને થયું કે કોઇ મારું રુપ કરીને રાજ્યમાં આવ્યો છે.

મૃગધ્વજ કેવલી પાસે શુકરાજ

આમ થવાથી **શુ**કરાજ વિમાનમાં બેસીને પાછો ગયો. માર્ગમાં જતાં **સૌ**રાષ્ટ્રમાં પર્વત પર વિમાન રોકાયું, તેથી વિમાનમાંથી ઉતરી રોકવાનું કારણ શોધવા લાગ્યો. એટલામાં પોતાના પિતા રાજર્ષિ મગધ્વજને જોયા. તે સુવર્ણના કમલપર શોભતા હતા. દેવતાઓ હાજર હતા. ભક્તિથી વંદન કરીને **શુ**કરાજ સંતોષ પામ્યો. અને આંસુવાળી આંખોવાળા તેણે રાજ્ય હરણ વગેરે પોતાનો વૃત્તાંત કહ્યો. રાજઋષિએ કહ્યું કે પૂર્વ કર્મનો આ દોષ છે.

શુકરાજને બતાવેલી આરાધના

રાજર્ષિ ચંદ્રશેખરના આખા અધિકારને જાણે છે પણ તે વાત કાઢતા નથી. શુકરાજ પિતાની પાસે કરગરીને પુછે છે કે મને રાજ્ય કઈ રીતે મલે? ત્યારે કેવલી મૃગધ્વજ બોલ્યા કે–દુઃસાધ્ય કાર્ય પણ ધર્મકૃત્યથી સુસાધ્ય થાય છે. માટે તીર્થ શિરોમણી **શ્રી-સિદ્ધાચલ** અહિંથી નજીક છે. ત્યાં જઇને **શ્રીઆદીશ્વર** ભગવાનની ભક્તિ કરી, **સિદ્ધાચલની** ગુફામાં પરમેષ્ઠી મંત્રનો જાપ કરતો રહે, તે તને સર્વ ઈચ્છીત દેનાર થશે. જે સમયે ગુફામાં પ્રકાશ થાય ત્યારે જાણજે કે તારી કાર્ય સિદ્ધિ થઇ ગઇ.

શુકરાજે કરેલી ગિરિરાજની આરાધના

કેવલી ભગવાનના વચનથી આનંદિત થઇ તે વિમાનમાં બેસીને **વિમલાચલ** પર આવ્યો અને કેવલી ભગવંતે કહ્યા પ્રમાણે ધ્યાન ધરવા લાગ્યો. છ મહિને ગિરિરાજની, આરાધનાથી તેજપુંજ દેખાયો. ત્યારે ચંદ્રશેખરને દેવીએ કહ્યું કે હવે તારું સ્વરુપ ચાલ્યું ગયું છે, માટે જલ્દી અહિંથી ભાગીજા. આથી ચંદ્રશેખર ચોરની માફક ભાગી ગયો. હવે શુકરાજ પોતાના નગરમાં આવ્યો. બધાએ આદર સત્કાર કર્યો. ચંદ્રશેખરના ભાગી જવાથી પૂર્વનો વૃત્તાંત કોઇ જાણી શકયું નહિ.

એક સમયે શુકરાજ વિદ્યાધરો વગેરે બધા પરિવાર સાથે ઠાઠમાઠથી **સિદ્ધાચલતીર્થ**ની યાત્રાએ ચાલ્યો. ત્યાં જઇને પ્રભુ પૂજા સ્તુતિ વગેરે મહોત્સવ કર્યો.

શત્રુંજય નામ

આ તીર્થમાં મંત્ર સાધનાથી શત્રુ પર જય થાય છે. આથી બુધ્ધિમાન પુરુષો આને **શત્રુંજય** એવા નામથી બોલે છે. શુકરાજાથી **શત્રુંજય** નામ પડયું, ને તે જગતમાં પ્રસિદ્ધ થયું.

શુકરાજ, શત્રુ રહિત રાજ્ય કરવા લાગ્યો, બીજાઓને દૃષ્ટાંત લેવા યોગ્ય થયો. શાસનની પ્રભાવના કરી. તેને **પદ્માવતી** વગેરે ઘણી રાણીઓ હતી. **પદ્માવતી**થી **પદ્માકર** નામનો પુત્ર થયો. **વાયુવેગા** રાણીથી **વાયુસાર** નામનો પુત્ર થયો. શુકરાજાએ પદ્મકુમારને રાજ્ય આપ્યું અને **વાયુસાર**ને યુવરાજ બનાવ્યો. પછી પત્નીઓની સાથે શુકરાજાએ દીક્ષા લીધી. **શત્રુંજય** તીર્થ ઉપર આવ્યા. શુકલ ધ્યાનમાં ચઢવાથી કેવલજ્ઞાન પામ્યા. પૃથ્વી પર વિચરી અંતે બન્ને સ્ત્રીઓ અને શુકરાજ મોક્ષે ગયા. (શ્રાદ્ધવિધિ પ્રકરણ)

શ્રી ગિરિરાજના મહિમા ઉપર

ચંદ્રશેખરની કથા

"ચંદ્રશેખર નીજ ભગીની ભોગી, તે પણ એ ગિરિ મોક્ષે જાવે"

(નવાણું પ્રકારી પૂજા, ૨–પૂજા)

ચંદ્રપુરી નગરીમાં સોમચંદ્ર રાજાનો ચંદ્રશેખર પુત્ર અને ચંદ્રાવતી પુત્રી હતી. ચંદ્રાવતીને મૃગધ્વજ રાજા સાથે પરણાવી હતી. ચંદ્રશેખરને યશોમતી રાજકન્યા પરણાવી હતી. પણ ચંદ્રશેખર કપટી હતો. ચંદ્રાવતી પણ પોતાના ભાઇ ચંદ્રશેખર પર પ્યાર કરનારી હતી.

એક દિવસ મૃગધ્વજ રાજા શુકની પાછળ ગયો ત્યારે ચંદ્રાવતીના સંદેશાથી ચઢાઇ લઇને ચંદ્રશેખર આવ્યો. નગરને ઘેરો ઘાલ્યો, કમલમાલાને પરણીને શુકે બતાવેલા માર્ગે રાજા પોતાના નગરની બહાર આવ્યો. ત્યારે ઉદાસ થયેલા એવા પોપટના મુખથી સાંભળ્યું કે ચંદ્રશેખરે ઘેરો ઘાલ્યો છે. રાજા નિરાશ થયો. એટલામાં લશ્કર આવ્યું ને રાજા આનંદમાં આવ્યો. કપટી ચંદ્રશેખરે ભેટ મોકલીને કહેવડાવ્યું કે–તમો ન હતા તેથી તમારા રાજ્યનું રક્ષણ કરવા આવ્યો હતો, એમ કહેવડાવીને ચંદ્રશેખર ગયો, એક વખત ચંદ્રશેખરે કામદેવ યક્ષની આરાધના કરી, યક્ષે પ્રગટ થઇને વરદાન માંગવા કહ્યું ત્યારે તેને કહ્યું મને ચંદ્રાવતી આપ. આથી યક્ષે અદશ્ય અંજન આપ્યું, આથી તે ચંદ્રાવતી પાસે આવે અને ભોગ ભોગવે પણ તેને કોઇ દેખી શકે નહિ. ચંદ્રાવતી ગૂઢગર્ભા થઈ અને તેને ચંદ્રાંક પુત્ર થયો.

તે પુત્ર ચંદ્રશેખરે પોતાની રાણી યશોમતીને આપ્યો. ચંદ્રાંક મોટો થયો, ત્યારે એક વખત યશોમતીએ તેની પાસે કામ ભોગની માંગણી કરી, ત્યારે ચંદ્રાંક બોલ્યો કે માતા તું શું બોલે છે ? ત્યારે યશોમતીએ કહ્યું કે તારી માતા તો મૃગધ્વજ રાજાની રાણી ચંદ્રાવતી છે. આમ સાંભળીને તે મૃગધ્વજ રાજા પાસે ગયો. ત્યારે યશોમતીએ સાધ્વી થવાનો નિર્ણય કર્યો. પણ સાધ્વી ન મલતાં યોગીની થઇ.


મૃગધ્વજ રાજાના દીક્ષા લીધા પછી શુકરાજા ગિરિરાજની યાત્રા કરવા ગયો. ત્યારે ચંદ્રશેખરે રાજ્યની અધિષ્ઠાત્રી ગોત્રદેવીની ખૂબ આરાધના કરી. તે પ્રગટ થતાં વર માંગવાનું કહ્યું. તેથી ચંદ્રશેખરે શુકરાજાનું રાજ્ય માંગ્યું. દેવી તે ન અપાય એમ કહ્યું, ત્યારે તેણે કહ્યું કે બલથી કે છલથી મારું કાર્ય થાય તેમ કરો. દેવીએ તથાસ્તુ કહ્યું

આથી શુકરાજાનું રૂપ કરીને તે ત્યાં ગયો, શુકરાજા તરીકે રહ્યો, શુકરાજા યાત્રા કરીને આવ્યા, ત્યારે 'આ બનાવટી વિદ્યાધર છે' એમ કહીને ચંદ્રશેખરે તેને કઢાવી મુકયો. શુકરાજાએ છ મહિના ગિરિરાજની આરાધના કરી. છેલ્લે પ્રકાશ થયો. એટલે તેને થયું કે હવે વાંધો નહિ. ત્યારે ચંદ્રશેખરની ગોત્રદેવીએ તેને કહ્યું કે હવે ભાગીજા. એટલે ચંદ્રશેખર ચોરની માફક ભાગી ગયો.

ચંદ્રશેખરને પશ્ચાતાપ

હવે ચંદ્રશેખરને પશ્ચાતાપ થવા લાગ્યો. હે પ્રભુ ! મારા પાપ કર્મનો ક્ષય કેમ થશે ? એટલામાં મહોદય નામના મુનિ મહારાજ મલ્યા. તેથી મુનિ મહારાજને કહ્યું કે મારા પાપકર્મના ક્ષયનો રસ્તો બતાવો. મુનિરાજે કહ્યું ગિરિરાજ પર જઈને પાપનો ક્ષય કરવા માટે તપ કરો. તેથી તે ગિરિરાજ પર આવીને તપમાં તલ્લીન થયો. ગિરિરાજના પ્રભાવે ને તપના પ્રભાવે, તે સર્વ કર્મનો ક્ષય કરીને, ગિરિરાજ પર મોક્ષે ગયો. (શ્રાદ્ધ વિધિ પ્રકરણ)





પ્રકરણ ૩જું

સૂર્યાવર્ત–સૂર્યકુંડનો મહિમા

મહીપાળ રાજાનું દૃષ્ટાન્ત

સૌરાષ્ટ્ર દેશમાં ગિરનારની તલેટીમાં ગિરિદુર્ગ નામે નગર છે. ત્યાં સમુદ્રવિજય રાજાના વંશમાં ઉત્પન્ન થયેલ, સૂર્યમલ્લ નામનો પુણ્યવાન, ભાગ્યવાન, પ્રતાપી રાજા હતો. તેને શશિલેખા નામે રાણી હતી. રાજા રાણી ગિરનારની યાત્રાએ ગયાં. ત્યાં મોરલીને–ઢેલને બચ્ચાં રમાડતી જોઈને રાણીને સંતાનની ઇચ્છા થઈ. રાજાએ પ્રભુ પૂજા વગેરે કરવાનું જણાવતાં રાણી તે સઘળું કરવા લાગી. કાળે કરીને જગદંબિકાની કૃપાથી રાણીને બે કુંવરો–દેવપાળ અને મહીપાળ નામે થયા. રાજાએ તેમને યોગ્ય ઉંમરે, રાજકુંવરીઓ સાથે પરણાવ્યા.

બન્ને કુંવરમાં દેવપાલ કરતાં મહીપાલ હોંશીઆર હતો. એક વખત રાત્રીમાં જાગતાં મહીપાલ પોતાને હિંસક પ્રાણીવાળા જંગલમાં જુવે છે, આ શું ? એવા આશ્ચર્યથી જંગલમાં ફરે છે. ત્યાં એક પ્રાસાદ જોતાં તેમાં ચઢે છે. ત્યાં એક યોગીને પદ્માસને ધ્યાન લગાવીને બેઠેલો જુવે છે. નમસ્કાર કરીને ત્યાં બેસે છે. એટલે યોગી ધ્યાન પારી કહે છે કે હે બાલ! ગુરુ ઋણ ચુકવવાની ઇચ્છાથી મારા વડે તું અહિં લાવયો છે. એમ કહી ભોજન કરાવ્યું. પછી ગુરુ પાસેથી મળેલી ખડ્ગસિદ્ધ મહાવિદ્યા આપી. પછી યોગીએ પોતાના પ્રાણ છોડયા. ત્યારે તે યોગી કે પ્રાસાદ કાંઇ ન જોતાં, જંગલમાં રહેલો પોતાને દેખે છે. (શ. મા. પૃ. ૫૫)

જંગલમાં ભમે છે, અને વિચારે છે કે યોગમાર્ગનો આશ્રય કરનારને સર્વ સિદ્ધિઓ મલે છે. ત્યાં ભમતાં ભમતાં બગલાના રહેડાણવાળો એક કુંડ જોયો, તેથી તેમાં સ્નાન

કરવાનો વિચાર કરે છે. ત્યાં આકાશવાણી થઇ કે **"નહીં નહીં"** આથી વાણીના આધારે તે બોલનારને શોધે છે. પણ કોઈ દેખાતું નથી. એટલામાં એક વાનર આવે છે. તે કહે છે કે આજે ઢગલા દેખાય છે, તે રાક્ષસે મારેલા પ્રાણીઓના હાડકાના છે, માટે નિષેધ કરું છું. ત્યારે **મ**હીપાલે કહ્યું કે–તું તો પશુ જ છે, વાનરે કહ્યું કે "બળ હોય તો જા", ત્યાં "ક્રોધવાળો અને કાળા વાળવાળો રાક્ષસ રહે છે." એમ કહીને વાનર અદશ્ય થઈ ગયો. (શ.મા. પૃ. ૫૬)

વિદ્યાથી અલંકૃત ખડ્ગ લઈને તે કુંડમાં પેઠો. ત્યાં રાક્ષસ પ્રગટ થઇને સામે આવ્યો. બન્નેનું યુદ્ધ ચાલ્યું તેને ખડ્ગવિદ્યાથી રાક્ષસને જીત્યો, હારેલા રાક્ષસે **મ**હીપાલની સેવા કરવાનું કબૂલ કર્યું અને કહ્યું કે જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે મને યાદ કરજે. એમ કહીને વેષ બદલવાની અને ઘા રુઝાવવાની એમ બે ઔષધિઓ આપી. **મ**હીપાલે તેને અહિંસા-ધર્મ અંગીકાર કરાવ્યો, **મ**હાબલ શ્રીનિવાસ વનમાં ગયો, ત્યાં મંદિરમાં **શ્રીને**મિનાથ ભગવાનના દર્શન કર્યા, ત્યાં એક યોગીની તેની દૃષ્ટિએ પડી, તેણે યોગીનીને પ્રણામ કર્યા, તેણે આશીર્વાદ આપ્યો, તે બોલ્યો તમે મારાં કુલદેવી લાગો છો? તે બોલી–હું માનુષી કે દેવી નથી, પણ યોગીની છું. મારું આતિથ્ય સ્વીકારો, બન્ને બહાર આવ્યા, તેણીએ પાત્ર લઈને વૃક્ષ પાસે ફળોની યાચના કરી, એટલે કલ્પવૃક્ષની માફક તેમાંથી ફળો તેના પાત્રમાં પડયાં, **મ**હાબળે તેમાંથી કેટલાંક ફળો ખાધાં, યોગીનીએ પુછયું કે વત્સ! ક્યાંથી આવ્યો? અને ક્યાં જવાનો છે? સંઘાતથી વિખુટો પડતાં આવ્યો છે, હવે પ્રભુને ને આપને નમસ્કાર કરી મારા નગરે જઈશ. (શ. મા. પૃ. ૫૮)

યોગીની બોલી આગળ ઉપર જે વન દેખાય છે, તેમાં મોટો **મ**હાકાલ નામનો યક્ષ છે. તેણે ઘણા પ્રાણીઓને મારી નાખ્યો છે. માટે ત્યાં જતો નહીં.

અકસ્માત્ ત્યાં આકાશમાંથી બે મુનિઓ ઉતર્યા. બન્ને જણે મુનિને નમસ્કાર કર્યા. મુનિએ ધર્મલાભ કહ્યો. મુનિરાજે ઉપદેશ દેતાં જણાવ્યું કે, દાન, ભણવું, શીલ, દયા આ બધું જિનેશ્વરની સેવાથી પ્રાપ્ત થાય છે. માટે આળસનો ત્યાગ કરી ત્રણ ટંક પ્રભુની પૂજા કરવી. (શ. મ. પૃ. ૬૦)

દેશના સાંભળી આનંદિત થયેલા તેણે અને **મ**હાકાળે પૂછયું. એટલે મુનિરાજે તેની વાત આ રીતે જણાવી.–પૂર્વકાળમાં અહીં જિનશાસન ઉપર દ્વેષ રાખનારો એક તાપસ સ્ત્રી સહિત રહેતો હતો. તેને **શ**કુંતલા નામની પુત્રી હતી. આ વનમાં **ભી**મ નામનો રાજા ઘોડે બેસીને આવ્યો, તેણે તે પુત્રીને એકલી દેખીને મોહ પામીને પુછયું–કે તું પરણેલી છે કે

કુમારી ? ત્યારે શરમથી મુખ નીચું કરીને બોલી કે કુમારી. તેના મનના ભાવ જાણીને ઘોડા ઉપર બેસાડીને લઈ ગયો. તેને લઈ જવાથી શોકથી તાપસ ક્ષીણ થવા લાગ્યો. છેવટે બીજા તાપસો તેને ઉંચકીને જિન મંદિરમાં લઈ ગયા. પણ તે ભગવાનને પગે ન લાગ્યો. ભગવાનના દર્શનથી, મરણ પામીને, અહીં યક્ષપણે ઉત્પન્ન થયો, યક્ષપણાથી, પોતાની પુત્રીને મનુષ્ય હરણ કરી ગયો છે એમ જાણીને, મનુષ્ય પર દ્વેષથી, મનુષ્યોનો નાશ કરે છે. મુનિરાજ અન્યત્ર ગયા. પૂજા કરી તે વનમાં પેઠો. (શ. મા. પૃ. ૬૩)

ખડ્ગ રમાડતો ચાલ્યો. કાળ અને કંકાળ બે રાક્ષસો સામા આવ્યા. યુદ્ધ થયું. બન્ને રાક્ષસોને જીત્યા. રાજકુમાર પેલા રાક્ષસ ભણી ચાલ્યો. રાક્ષસ બોલ્યો–તારા ઈષ્ટદેવનું સ્મરણ કરી લે, તારું મરણ આવ્યું. કુમાર બોલ્યો,– શું તું મને ક્ષોભ પમાડવા ઈચ્છે છે ? ક્રોધ ત્યાગ કરીને પ્રસન્ન થા. શા માટે તું નીરપરાધિ મનુષ્યોને મારે છે ? એટલે રાક્ષસ બોલ્યો– શરણ્ય એવો ધર્મ તારામાં હોય તો મારી સાથે યુદ્ધ કરવા આવી જા. બન્નેનું યુદ્ધ ચાલ્યું. રાક્ષસે કુમારને બોખરો કર્યો એટલે તેને પોતાની ખડ્ગવિદ્યાને યાદ કરી. તે હાજર થતાં કુમારે વીજળીના ઝબકારા મારતું ખડગ મ્યાનમાંથી કાઢયું. રાક્ષસ ભય પામ્યો. ત્યારે કુમારે કહ્યું કે મારા ચરણમાં પડ અને જીવ હત્યા બંધ કર. ત્યારે યક્ષે કહ્યું કે તેં મને જીતી લીધો. હું હિંસક છું અને તમે અભયદાન દેનાર છો. ત્યારે કુમારે કહ્યું–ચાલો આપણે ધર્મ ચર્ચા કરીએ. એક સ્થાનમાં બેસી ચર્ચા કરતાં કુંવરે કહ્યું– કૃતઘ્નતા છોડીને કૃતજ્ઞપણું સેવવું જોઇએ.

જીવદયાથી બગ પક્ષીએ સ્વર્ગ મેળવ્યું, તે સાંભળો–(શ. મા. પૃ. ૬૬)

જીવ દયા ઉપર બગ કથા

એક વનમાં મનોહર સરોવર હતું. ત્યાં એક નિર્દય બગલો રહેતો હતો. તરસના માર્યા પાણી પીવા આવતાં પક્ષીઓનો તે સંહાર કરતો હતો. એક વખત સરોવરના કિનારે કેવલી મહારાજ પધાર્યા. ત્યાં જલ્દી જલ્દી સિંહ વગેરે હિંસક પ્રાણીઓ પણ આવ્યા. પેલો બગલો પણ ત્યાં આવ્યો. અને મુનિની દેશના સાંભળવા લાગ્યો. તિર્યંચપણામાં ધર્મ પ્રાપ્ત થવો દુર્લભ છે. તેમાં પણ પાપ કરનાર નર્કપણાને પામે છે. નરકમાં પરમાધામીઓ મહાપીડા કરે છે. માટે કોઈપણ પ્રાણીની હિંસા, આર્ત, રૌદ્ર ધ્યાન કરવું નહિ. હિંસક પ્રાણીઓને પણ તે ધર્મ રુચ્યો. બગલાએ પણ હિંસાદિનો ત્યાગ કર્યો. તેનો મરણ સમય આવતાં દયાધર્મનું ભાન થવાથી તે દેવપણાને પામ્યો. (શ. મા. પૃ. ૬૮)

કુમાર બોલ્યો– હે યક્ષરાજ તે હિંસક બગલો દયાથી દેવપણાને પામ્યો. તમે પૂર્વભવના ક્રોધનું ફળ ચાખ્યું તો તે છોડો. યક્ષરાજ, કુમારના ગુણોથી ખુશી થયા. અને બોલ્યા કે આજથી

વીતરાગ મારા દેવ, મહાવ્રતધારી મારા ગુરુ અને દયા પ્રધાન મારો ધર્મ. એ રીતે યક્ષે ધર્મ અંગીકાર કર્યો. રાજકુમારના ઉપકારના બદલામાં, ગુરુ દક્ષિણામાં યક્ષે એક વિદ્યા કુમારને આપી. (શ. મા. પૃ. ૬૮)

હવે રાજકુમાર યક્ષને વિદાય કરી આગળ ચાલ્યો. ઘેર જવું યોગ્ય નથી. આગળ વધું અનેક દેશો જોઉં, પૂર્વ દિશા તરફ ચાલ્યો. આગળ ચાલતાં, **સુ**ંદર નગરના ઉદ્યાનમાં **અ**ંબિકા દેવીનું મંદિર જોયું, ત્યાં વિશ્રામ લીધો. ઇષ્ટદેવના સ્મરણ પૂર્વક રાત્રે સુતો. મધ્ય રાત્રીએ હે બાપ! વગેરે મારૂં આ પાપીથી રક્ષણ કરો, એ અવાજ સાંભળીને જાગેલો રાજકુમાર તે તરફ ગયો. ત્યારે પર્વતની ફાટમાં ધ્યાન કરતો પુરુષ અને વિહ્વલ સ્ત્રી જોઇ. તે સ્ત્રીને બચાવું. રાજકુમાર બોલ્યો–હે પાપી! તેં આ શું આચર્યું છે.? સ્ત્રીને છોડી દે, નહિ તો તને યમલોક પહોંચાડીશ. એટલે તે વિદ્યાધર તે સ્ત્રીને બગલમાં મારી નાઠો. કુમાર ખડ્ગ લઇને તેની પાછળ દોડ્યો, આગળ ચાલતાં વિદ્યાધરે નરક સરખા કુવામાં સ્ત્રી સહિત પડતું મુકયું. કુમાર પણ તેની પાછળ કુવામાં પડ્યો. એટલામાં વિદ્યાધર કુમારની નજરથી દુર જતો રહ્યો. કુવાનો માર્ગ વટાવી તે અંદર આગળ વધ્યો. એટલે ઉજાસ દેખાયો. પર્વતો વગેરે ઉપર નજરે પડી. સંતાતો સંતાતો, ઉઘાડી તલવારે કુમાર આગળ ચાલ્યો. સ્ત્રીના આર્તસ્વર તરફ ચાલ્યો. રતાંજલી વગેરે લાલવસ્તુથી શણગારીને હોમવાને માટે તૈયાર કરેલી સ્ત્રી જોઈ. ધીરે ધીરે વિદ્યાધર સન્મુખ આવીને ઉભો. રાજકુમારે પડકાર કર્યો, કે તું મૂર્ખપણાથી કરે છે કે ગુરુ આજ્ઞાથી આ પાપ કરે છે? તે બોલ્યો હે વટેમાર્ગુ! તું તારા માર્ગે જા. એ બોલાબોલીમાં સ્ત્રી બોલી હે પરોપકારી! આ પાપીથી મને બચાવો. ત્યારે કુમાર બોલ્યો–હે મૂર્ખ તું ક્ષત્રિયકુલમાં ઉત્પન્ન થયેલો છે, છતાં સ્ત્રીની હિંસા કરે છે? તેનાથી શું વિદ્યા સિદ્ધ થાય છે? તપેલા તેલમાં જળની માફક તે ક્રોધથી બોલ્યો, કે–હે પંથી તું મારી વિદ્યાને કેમ નિંદે છે? તેથી તારુ મસ્તક ટુકડે ટુકડા કરી નાખીશ. તલવાર લઈ કુમાર સામો ધસ્યો. બન્નેનું ભારે યુદ્ધ ચાલ્યું. અંતે વિદ્યાધર હાર્યો, એટલે બોલ્યો કે–હે બલીષ્ઠ તારા સિવાય કોઇએ મને જીત્યો નથી. ધર્મનો જય છે, એ નિર્વિવાદ છે. એમ કહી વિદ્યાધર શાંત થયો. ત્યારે કુમારે કહ્યું સુખની પ્રાપ્તિને માટે સત્કર્મ કર. રાજકુમારને તેને પ્રણામ કર્યા. કુમાર પુછે છે કે આ રાજકુમારી કોણ છે? એમ કુમારે પુછતાં વિદ્યાધર બોલ્યો–(શ. મા. પૃ. ૭૨)

કાન્યકુબ્જ દેશમાં **કલ્યા**ણ કટક નામના શહેરમાં **કલ્યા**ણ સુંદર નામનો, યાચકોને સોનાનું દાન આપનાર રાજા છે. તેની **કલ્યા**ણસુંદરી નામની રાણીથી જન્મેલ, **ગુણ**સુંદરી નામની કન્યા છે. મને તમે પાપથી બચાવ્યો. આ કુંવરીનો મહીના પછી સ્વયંવર છે. રાજપુત્રે કહ્યું કે આ બાળાને તેના પિતાને ઘરે પહોંચાડો. તેથી તેને રાજાને ત્યાં પહોંચાડી. કુટુંબીજનોને

હર્ષ થયો. વિદ્યાધરે **મ**હીપાલ કુમારને સોળ વિદ્યાઓ આપી. રાજપુત્ર આગળ પૂર્વમાં ચાલ્યો. ત્યાં પ્રાસાદ જોઈને કુમારના પુછવાથી વિદ્યાધરે પ્રાસાદ સંબન્ધિ કથા આ પ્રમાણે કહી– (શ. મા. પૃ. ૭૩)

વૈતાઢ્ય પર, **ર**ત્નપુર નગરમાં **મ**ણિચૂડ રાજા રાજ્ય કરે છે. તેને **ર**ત્નપ્રભ અને **ર**ત્નકાંત નામના બે પુત્રો છે. **ર**ત્નપ્રભને રાજ્ય આપી પિતાએ દીક્ષા લીધી. **ર**ત્નકાંત તે હું. મને પરાક્રમીને ઉછૃંખલ જાણી કાઢી મુકયો. તેથી પાતાળમાં નગર રચાવી હું અત્રે રહું છું. (શ. મા. પૃ. ૭૪)

પછી તે **શા**ંતિનાથ ભગવાનના ચૈત્યમાં લઈ જઈને બન્ને જણે ભગવાનની ભાવથી પૂજા કરી. રાજપુત્રને રસ્તો બતાવ્યો. વનમાં મુનિ મહારાજ બતાવ્યા. ત્યારે રાજપુત્રે વિધિપૂર્વક ગુરુ વંદન કર્યું. તે મુનિ સન્મુખ બેઠો. મુનિરાજે ઉપદેશ આપ્યો. રાજપુત્રે પુછયું આપ કયાંથી પધારો છો? ત્યારે કહ્યું કે અમે **શ્રી**પુંડરી**ક**ગિરિ અને **ઉ**જ્જયંતની યાત્રા કરીને આવીએ છીએ. **સિ**દ્ધા**ચ**લનું નામ સાંભળતાં, પોતાને રાજકુમાર ધન્ય માનવા લાગ્યો. ગુરુ મહારાજ બોલ્યા–જિનમાં પ્રથમ જિન, ચક્રીમાં પ્રથમ **ભ**રત ચક્રી, જન્મમાં મનુષ્ય જન્મ, અક્ષરોમાં ૐકાર, દેશમાં **સો**રઠ ઉત્તમ છે, તેમ સઘળા તીર્થોમાં **શત્રુંજય** ઉત્તમ છે. તે કલ્યાણ કરનાર છે. **શત્રુંજય** તીર્થ ત્રણે લોકમાં પવિત્ર છે. **સિદ્ધાચલ** પર **ઋ**ષભદેવ પ્રભુ બિરાજે છે. ગિરિરાજ અને આદિદેવના દર્શનથી–સર્વ પાપથી, પ્રાણી મુક્ત થાય છે. (શ. મા. પૃ. ૭૬).

તે સંબંધિ કથા

ભરતમાં **શ્રા**વસ્તિ નગરીમાં **ત્રિ**શંકુનો પુત્ર **ત્રિ**વિક્રમ રાજા રાજ્ય કરતો હતો. એક વખત, બહાર વડ નીચે, રાજા ઉભો હતો ત્યારે, તે ઝાડ ઉપરથી, પક્ષી કઠોર શબ્દ કરતું સાંભળી બાણ વડે તેને વીંધી નાંખ્યું. થરથર કંપતું પક્ષી પૃથ્વી પર પડયું. તેથી રાજાને પરિતાપ થયો. આર્તધ્યાનથી પક્ષી મરીને ભિલ્લના કુળમાં જન્મ્યું. તેણે શિકાર કરવાનો ધંધો કર્યો.

રાજા **ત્રિ**વિક્રમને એક વખત, **ધ**ર્મરુચિ મુનિએ, દયા–ધર્મનો મહિમા સમજાવ્યો. રાજાના અંતરમાં દયાનો અંકુરો ઉગ્યો. તેણે મુનિ પાસે દીક્ષા અંગીકાર કરી. ભણીને જ્ઞાની થયા. એકાકી વિહાર વાળા થયા. એક વખત ઘોર અરણ્યમાં આવ્યા. ત્યાં કાયોત્સર્ગ કર્યો. પેલો ભીલ ત્યાં આવી ચઢયો, પૂર્વના વેરના કારણે તેને મુનિને પ્રહાર કર્યા. તેથી ક્રોધિત થયેલા મુનિએ ભીલ પર તેજો લેશ્યા મૂકી, આથી તે ભીલ મરીને તેજ વનમાં સિંહ થયો. ત્રિવિક્રમ મુનિ વિહાર કરતા ફરી તેજ વનમાં આવ્યા. સિંહે મુનિને જોતાં મુનિ ઉપર ધસ્યો. તેમણે તપના પ્રભાવે સિંહને મારી નાંખ્યો. તે તેજ વનમાં રોઝ થયો. તે વનમાં તે મુનિ આવીને કાયોત્સર્ગમાં રહ્યા.

તે દ્વેષથી મુનિને પીડા કરવા લાગ્યો. તેમણે રોઝને મારી નાંખ્યો. તે ઉજ્જયણી પાસે, વડની પોલાણમાં, મહાઝેરી સર્પ થયો. તે મુનિ આવીને વડ નીચે કાયોત્સર્ગમાં રહ્યા. મુનિને જોતાં સર્પને દ્વેષ પ્રગટયો. મુનિને દંશ-કરવા દોડયો. મુનિએ તપની શક્તિથી તેને મારી નાંખ્યો. તે દરિદ્ર બ્રાહ્મણનો પુત્ર થયો. મુનિ વિહાર કરતાં તે ગામમાં આવ્યા. ત્યાં બહાર મુનિ બેઠા. પેલો બ્રાહ્મણ પુત્ર મુનિને જોઇને પૂર્વના સંસ્કારથી મારવા ધસ્યો. લાકડીથી પ્રહાર કરતાં, તે બ્રાહ્મણ પુત્રને, ક્રોધથી મુનિએ મારી નાખ્યો.

અકામ નિર્જરાથી કોઇક પુણ્યના ઉદયે **કાશી**માં **મહા**બાહુ રાજા થયો. રાજ્ય કરતાં એક વખત મહેલના ઝરુખામાંથી, સમતા સાગર મુનિને જોયા. મનમાં વિચાર આવ્યો. સમતા સાગર મુનિને જોઇને મને કેમ પાપ બુદ્ધિ થાય છે? તે વિચારતાં જાતિ સ્મરણ જ્ઞાન થતાં, **પૂર્વના પોતાના પક્ષી, બિલ્લ, સિંહ, વ્યાઘ્ર, રોઝ, સર્પ, બ્રાહ્મણ અને રાજા એમ ભવો જોયા,** અને પૂર્વના ભવોમાં ત્રિવિક્રમ મુનિથી પોતે મરાયો, તે જોયું. આથી રાજાએ પોતાના ભવોનો અડધો શ્લોક લખ્યો અને જાહેર કર્યું કે-આ મારા અર્ધા શ્લોકને જે પૂરશે તેને લક્ષ સોનામહોર આપીશ. લોભી સઘળા વિદ્વાનો તે પુરવાનો પ્રયત્ન કરે છે. કોઇથી તે શ્લોક પૂર્ણ કરાતો નથી. તેવામાં ત્રિવિક્રમ મુનિ વિચરતા ત્યાં આવે છે. પેલા અર્ધા શ્લોકને સાંભળે છે, પોતાને જાતિસ્મરણ જ્ઞાન થાય છે. તેથી પોતે ઉત્તરાર્ધ પૂરી આપે છે. **જેણે આ સાતને ક્રોધથી હણ્યા છે, તેનું ખરેખર શું થશે?** મુનિએ પૂરી કરેલી સમસ્યા લઇને એક પામર દરબારમાં જાય છે, અને રાજાને કહે છે. રાજા વિચારે કે આ સમસ્યા આ પામરથી પૂર્ણ ન થાય. રાજાએ તેને પુછયું. "હે વિદ્વાન આ સમસ્યા પૂરનાર કોણ છે? તે મને જલ્દી કહે." તેણે રાજાના આગ્રહથી કહ્યું કે-આ શ્લોકને પૂરનાર મુનિ જંગલમાં પધાર્યા છે. તેમને આ સમસ્યા પૂરી છે. (શ. મા. પૃ. ૮૦)

આ વાત સાંભળીને, રાજા મુનિને મળવાની ઇચ્છા વાળો થયેલ, સૈન્ય સાથે વનમાં આવ્યો. પૂર્વ જન્મના જ્ઞાનથી, મુનિને વંદન કરી કહેવા-લાગ્યો કે મને મારા અપરાધની ક્ષમા આપો. આપના પ્રતાપે આ રાજ્યને પામ્યો છું. આવું રાજાનું વચન સાંભળી, મનથી મુનિએ ક્રોધ ઉપર કાબુ મેળવી રાજાને કહ્યું, કે-ધિક્કાર મને છે કે મુનિ થવા છતાં પાપી એવા મેં, અનેક તારા ભવોમાં તારો નાશ કર્યો. મેં મારુ જ્ઞાનરુપ વૃક્ષ મૂળમાંથી ઉખેડી નાખ્યું. આમ રાજા અને મુનિ વાત કરે છે, ત્યાં આકાશમાં દુન્દુભિનો નાદ થયો. આકાશમાં જોતાં, દેવોએ જણાવ્યું કે ઉદ્યાનમાં કેવલી ભગવાન પધાર્યા છે.

બન્ને જણા તુર્ત વન ભણી ગયા અને કેવલી ભગવાનને નમસ્કાર કર્યા. કેવલીએ દયા-ધર્મનો ઉપદેશ આપ્યો, અને રાજાને કહ્યું–તેં પૂર્વ ભવમાં અજ્ઞાનપણે મુનિનો નાશ કર્યો છે; માટે **શત્રુંજય** તીર્થ પ્રત્યે જા અને **શત્રુંજય** ગિરિરાજની આરાધના કર. (શ. મા. પૃ. ૮૨)

કાશીના મહાબાહુ રાજાને કેવલીએ વર્ણવેલો ગિરિરાજનો મહિમા

શત્રુંજય પર જઈ તપ આદરવાથી, ધ્યાન કરવાથી, જ્ઞાન અને સિદ્ધિ બેઉ થાય છે. બાંધેલું કર્મ નાશ પામે છે. માટે ગુરુને અગ્રેસર કરી સંઘ સહિત **શત્રુંજય** વગેરે તીર્થોની યાત્રા કર. યાત્રા કરીને વિરતિનો સ્વીકાર કરી, સાવધાન થઈ, મુનિ સહિત, તપ આદરજો. પુણ્યથી દરિદ્રતા નાશ પામે, તેમ **શત્રુંજય** તીર્થના સ્મરણથી તમારાં પાપ નાશ પામશે. તેના સ્મરણથી અજ્ઞાનરુપી અંધકાર નાશ પામે છે. (શ. મા. પૃ. ૮૨)

આથી રાજા સંઘ અને મુનિ સહિત **શત્રુંજયની** યાત્રાએ ગયા. ઉત્સવ કર્યો. અંતે અનશન કરી રાજા મોક્ષે ગયો. આ રીતે ગુરુ પાસેથી ધર્મનું શ્રવણ કરીને, **મહી**પાલકુમાર 'અને' વિદ્યાધર પોતાના આત્માને કૃતકૃત્ય માનતા ઉઠ્યા. વિદ્યાધર સાથે કેટલોક વખત રહી, રાજકુમાર તેની આજ્ઞા લઇ, કલ્યાણ કટક નગર તરફ ચાલ્યો અને સ્વયંવરમાં પહોંચ્યો. અનેક દેશના રાજાઓ ત્યાં આવ્યા. **મહી**પાલ આમતેમ ફરે છે. ત્યાં પોતાના મોટાભાઈ **દેવ**પાલને જોયા. **મહી**પાલે પોતાનું રૂપ બદલ્યું, ભાઈ પાસે આવીને કહેવા લાગ્યો કે આ નગરમાં સૈન્ય સહિત ઘણા રાજાઓ કેમ આવ્યા છે ? લોકો ઉત્સાહથી આમ તેમ કેમ દોડ્યા કરે છે ? હું વટેમાર્ગુ છું, માટે મને તે કહેશો ? મોટા ભાઈએ સઘળી હકીકત કહી. આવતી કાલે સ્વયવર છે. (શ. મા. પૃ. ૮૪)

તેમાં એવું છે કે આ જે અગ્નિનો કુંડ છે, તેમાં વચમાં એક વૃક્ષ છે. તેની શાખા અને ફળને જે ગ્રહણ કરશે તેને રાજકન્યા ગુણસુંદરી વરમાળા આરોપશે. બીજે દિવસે રાજકન્યા વરમાળા હાથમાં લઈને સ્વયંવર મંડપમાં આવી. હવે કોઇ રાજકુમાર અગ્નિકુંડ તરફ જવાની તાકાતવાળો થતો નથી. તેથી વિચારે છે કે હવે શું થશે ? ત્યારે **મહી**પાલ પોતાનો હાથ પછાડતો અગ્નિકુંડે આવ્યો, અને બોલ્યો કે વિદ્યા અને સંપત્તિવાળા તમે સાંભળો– "કોઇપણ પ્રકારના બોટા ડોળ સિવાય વૃક્ષની શાખા, ફળ અને ગુણસુંદરીને હું લઇ જઈશ." **મહી**પાળે અગ્નિકુંડ નજદિક જઇને ફળની લટકો ચુંટી લઈને, ગુણસુંદરીને આપી. રાજાઓ ફળ જોઈને શરમિંદા થઇ ગયા. **નરવર્મા**દિ રાજાઓને દ્વેષ ઉત્પન્ન થયો. ગુણસુંદરીએ વરમાળા **મહી**પાલના ગળામાં નાંખી. તેના પિતા **મહી**પાલ નજીક આવ્યા. (શ. મા. પૃ. ૮૬)

કહેવા લાગ્યા કે–તમારું રૂપ ગમે તેવું છે, પણ આપનું પરાક્રમ ક્ષત્રિયનું છે. માટે આપ કોણ છો તે જણાવી અમારા કાન પવિત્ર કરો. આવું મધુર વચન તેમનું સાંભળી મહીપાલે પોતાનું રૂપ પ્રગટ કર્યું. આ જોઈને સઘળા લોકોએ જયજયકાર કર્યો. દેવપાલ, નાનાભાઈને અદ્‌ભૂત રૂપવાલો જોઈને ભેટી પડ્યો. આકાશમાંથી મહીપાલ પર પુષ્પ વૃષ્ટિ થઈ. (શ.મા. પૃ. ૮૭)

સ્વયંવરમાં આવેલા રાજાઓ, નરવર્મા રાજાને કહેવા લાગ્યા કે–મહીપાલે આવી રીતે વૃક્ષની ડાળ, ફળ લીધાં તેમાં કોઈ આશ્ચર્ય નથી. તેને ગુણહીન જાણી ઘરમાંથી પૂર્વે કાઢી મૂકયો હતો. માટે અમે તેની પાસેથી કન્યાનું હરણ કરશું. તે સાંભળી નરવર્મા રાજા બોલ્યા– "જરાક શાંતિ રાખો." તેમના પિતા મારા પરમ મિત્ર છે. હમણાં શાંતિથી સમારંભ થવા દો. પછી જે કરવુ હોય તે કરજો." રાજાઓ શાંત રહીને વિચારે છે કે– સોરઠના રાજા અલ્પ બળવાળા છે. માટે જતાં આપણે તેને રુંધીશું. આથી બધા રાજાઓ બહારથી શાંત રહ્યા. (શ. મા. પૃ. ૮૮)

દેવપાલ મહીપાલને કહેવા લાગ્યો કે માતા પિતા તમારા વિરહથી ઝુરે છે. તમારા માટે જ જીવન ધારીને ટક્યા છે. હું સ્વયંવરની ઇચ્છાથી અત્રે નથી આવ્યો, પણ કદાચ તમે મળી જાઓ એ આશાએ આવ્યો છું. આવું બંધુનું વાકય સાંભળી મહીપાલે, પોતાની બધી વાત કરી. તે સાંભળીને દેવપાલ હર્ષ પામ્યો. પહેરામણીમાં રાજાએ હાથી, ઘોડા વગેરે ઘણું આપ્યું. (શ. મા. પૃ. ૮૯)

મહીપાલે, ભાટચારણોના મુખેથી સાંભળ્યું કે રત્નપ્રભ વિદ્યાધર સ્વયંવરમાં આવેલો છે. તેજ વખતે મહીપાલ તેના ઉતારે ગયો. તેણે તેના ભાઈ રત્નકાન્ત વિદ્યાધર સાથેનો વૃત્તાંત જણાવ્યો. મહીપાલે જણાવ્યું કે પૂર્વભવના પૂણ્યને લીધે સહોદરનો સમાગમ થાય છે. તેથી બીજા હાથની માફક, ભાઇનું પાલન કરવું જોઈએ. (શ. મા. પૃ. ૮૯)

આથી રત્નપ્રભ વિદ્યાધર ધડકતી વાણી વડે કહેવા લાગ્યો કે મેં ઘણું સમજાવ્યો, પણ રત્નકાન્ત ન રોકાયો અને ચાલ્યો ગયો. ભાઇ વિનાનું, સુખ દુઃખ આપનારું આ રાજ્ય, મને ઝેર ભરેલું લાગે છે. ત્યારે મહીપાલે કહ્યું પશ્ચાત્તાપ ન કરો. આવું મહીપાલનું વચન સાંભળી નાનાભાઈને મળવાની ઇચ્છાથી તે મહીપાલ સાથે સંગીત વગેરે આનન્દમાં કેટલોક વખત સાથે રહ્યો. (શ. મા. પૃ. ૯૦)

પૂર્વના પ્રારબ્ધના લીધે અકસ્માત્ મહીપાલને તાવની વ્યાધિ ઉત્પન્ન થઇ. ફોડલા થયા. તલના દાણા પણ તપી જાય તેવો તાવ થયો, ઉપચારો ઉલટા પરિણમ્યા. આથી કલ્યાણસુંદર રાજાની આજ્ઞા લઇને સૈન્ય સહિત પિતાને મળવા પોતાના નગર તરફ ચાલ્યો. પોતાના માતા-પિતાને પગે પડી ગુણસુંદરી પતિની સાથે ચાલી. (શ. મા. પૃ. ૯૧)

સ્વયંવરમાં ઉશ્કેરાયેલા રાજાઓએ **મા**લવાના માર્ગમાં **મ**હીપાલને રોકયો. રંક રત્ન લઈને કયાં જાય છે ? આ તું રોગી થયો. એમ કહી બધા રાજાઓએ તેને ઘેર્યો. **મ**હીપાલે વ્યાધિને ભૂલી જઈને, રાજાઓના સામા થવા અડગ હાથમાં લીધું, યુદ્ધ શરુ થયું. **મ**હીપાલ, દેવપાલ, રત્નપ્રભ તથા શિવના પરાક્રમી યોદ્ધાઓએ, શત્રુના સૈન્યને હંફાવી નાંખ્યું. સૈન્ય ભાગી છુટયું. હારવાથી **ન**રવર્માદિ રાજાઓ દાંતમાં તરણું લઈને, **મ**હીપાલ પાસે આવ્યા. પોતાની હાર કબૂલ કરી, **ન**રવર્મા રાજાએ પોતાની પુત્રી દેવપાળને પરણાવી. રાજાઓ તેની આજ્ઞાથી પોતપોતાના સ્થાને ગયા. (શ. મા. પૃ. ૯૩)

જેમ જેમ **મ**હીપાલ આગળ વધ્યો તેમ તેમ રોગ પણ વૃદ્ધિને પામ્યો. ૧૮ કોઢ તેના શરીરમાં થયા. નદીનું જળ ભય ઉપજાવે, ગાન ભય કરનાર લાગે, શરીરમાંથી દુર્ગંધ નીકળવા લાગી. દુઃખી થએલા તેણે પુષ્પથી ભરપૂર વનમાં પડાવ કર્યો. સુખ થવાની ઈચ્છાથી પૂર્ણ એવી રાત્રીએ શયન કર્યું. આ દિવસ ચૈત્રી પૂર્ણિમાનો હતો. (શ. મા. પૃ. ૯૪)

ચૈત્રી પૂર્ણિમાએ **શત્રુંજય**ની યાત્રા કરવાથી, સર્વ તીર્થની યાત્રાથી ફળ વધારે મળે છે. આથી વિદ્યાધરો સુંદર ફૂલ વગેરે વડે પ્રભુની પૂજા કરી, સ્તવના કરી. પછી વિદ્યાધરો જવા લાગ્યા ત્યારે **ચ**ંદ્રચૂડ વિદ્યાધરની સ્ત્રીએ સ્થિરતા કરવાનું કહ્યું. તે કહેવા લાગી કે મને પ્રભુની પ્રેરણા છે. અહિં રહેવામાં, સ્વર્ગ અને મોક્ષનાં સુખ, જાણે તણખલા જેવા છે. હું શાંતિથી **આ**દિનાથ પ્રભુની સેવા કરું. તેઓ ત્યાં આઠ દિવસ રોકાયા. પ્રભુ ભક્તિ કરી. પછી વિશાળ વિમાનમાં બેસીને જતાં **સૂ**ર્યોદ્યાન જોયું, નિર્મલ જલથી ભરેલો પેલો કુંડ પણ પાસે જ ગણાય. આની સુંદરતાથી એક ક્ષણ અત્રે સ્થિરતા કરીએ. વિમાન ત્યાં ઉતાર્યું. આ ઉદ્યાનમાં સર્વે ઔષધિઓ છે. આ **સૂ**ર્યકુંડના એકજ જળબિન્દુથી અઢાર પ્રકારના કોઢ મટે છે. તેમણે કુંડમાં વિલાસ કર્યો. પછી પવિત્ર વસ્ત્ર પહેરી પ્રભુ પૂજા કરી. સર્વ વ્યાધિનાશક **સૂ**ર્યાવર્ત કુંડનું જલગ્રહણ કરી, વિમાનમાં બેસી તેઓ ચાલ્યા. (શ. મા. પૃ. ૯૬)

આગળ ચાલતાં શ્વેત તંબુઓ જોયા. અર્થાત્ **મ**હીપાલની સેનાનો પડાવ વિમાનમાંથી જોયો. હાથી, ઘોડાઓ વગેરે અનેક વસ્તુઓ જોઈ. અહીયાં કોઇ મનુષ્ય વ્યાધિથી પીડાતો હશે. એટલે લોકો તેને ટોલે વળ્યા છે. નઠારી દુર્ગંધ આવે છે. માટે કોઇને કોઢ થયો લાગે છે. પ્રાણનાથ ! આપણી પાસે જે જળ છે તે છાંટીએ. આથી વિમાનમાંથી જ વિદ્યાધરણીએ, **મ**હીપાલ ઉપર તે જળ છાંટયું. શુદ્ધજળનો સ્પર્શ થતાં જ, તે નિર્મળ થયો. શાંતિ થઇ. દેદીપ્યમાન કાંતિવાળો **મ**હીપાલ થયો. રાણી વગેરે બધા ખુશી થયા. વ્યાધિઓ આકાશમાં ગઈ ને ત્યાં રહીને તે વ્યાધિઓ બોલી કે **સૂ**ર્યાવર્તકુંડનું જળ તારી ઉપર નાંખેલું છે. એટલે અમે તારા શરીરમાં

સાત જન્મ સુધી રહેવા શક્તિમાન નથી. વ્યાધિઓ કોલાહલ કરતી અન્ય સ્થળે ચાલી ગઈ. પ્રાતઃકાલે દેવપાલે મહોત્સવ કર્યો. પ્રથમ મિત્ર રત્નકાન્તને સુખ કરવા તેને તેડાવ્યો. તે વિમાન સહિત ત્યાં આવ્યો ને મહીપાલને ભેટ્યો. ત્યાં બેઉ ભાઇઓને ભેગા કર્યા. (શ. મા. પૃ. ૯૮)

મધ્યાહ્ન સમયે માસોપવાસી બે મુનિઓ પારણા માટે પધાર્યા. ભક્તિ ભાવથી મહીપાલે ઉઠીને મુનિને વંદન કર્યું. ત્યારપછી અચિત જળ વગેરેથી મુનિને પ્રતિલાભ્યા. પછી વ્યાધિનું કારણ પૂછતાં મુનિઓએ જણાવ્યું કે વિશેષ જ્ઞાની અમારા ગુરુ મહારાજ ઉદ્યાનમાં પધારેલ છે. જે પુછવું હોય તે નિઃશંકપણે તેમને પૂછી શકો છો. મુનિઓ ગુરુ મહારાજ પાસે આવ્યા અને બનેલી સઘળી બીના કહી. એટલામાં દેવપાલ, મહીપાલ, રત્નપ્રભ અને રત્નકાન્ત, મનુષ્યોથી પરિવરેલા, ગુરુ મહારાજને વંદન કરવા આવ્યા. ગુરુ મહારાજને ત્રણ પ્રદક્ષિણા દઇ, ઉત્તરાસણ કરી, દેશના સાંભળવા બેઠા. ગુરુ મહારાજે દેશના આપી. પછી પુછયું કે પ્રભુ મહીપાલના દેહમાંથી નિકળેલી વ્યાધિઓ બોલી કે સાત જન્મ સુધી તમારા દેહમાં રહેવાની તાકાત હવે અમારી નથી. તે કેમ બોલી ? (શ. મા. પૃ. ૯૯)

મહીપાલનો પૂર્વભવ

મુનિ મહારાજ ધ્યાન લગાવી તેના પૂર્વભવને જાણી કહેવા લાગ્યા કે–ભરતખંડના શ્રીપુરનગરમાં શ્રીનિવાસ નામે રાજા હતો. પ્રજાનું પાલન કરતો અને શત્રુનું દમન કરતો. યાચકને ઇચ્છીત દાન આપતો. શિયળ ગુણવાળો હતો પણ શિકારના દુર્વ્યસનવાળો હતો. ઘોડા ઉપર બેસીને મૃગયા માટે વનમાં જતો. મૃગના ટોળા પર બાણ વૃષ્ટિ કરતો, એક વખત સેનાથી છુટો પડી ગયો. ઝાડીમાં મૃગ હશે એમ વિચારી બાણ છોડ્યું, એટલે 'અરિહંત ભગવાનને નમસ્કાર થાવ' એવો અવાજ આવ્યો. તેથી ત્યાં દૃષ્ટિ ફેરવતાં કાયોત્સર્ગમાં રહેલા મુનિને ભોંય પર પડી જતાં જોયા. રાજાને પશ્ચાત્તાપ થયો. બોલ્યો કે હે સ્વામિ ! અઘોર પાપી એવા મેં આ શું કર્યું ? મને ધિક્કાર છે. આ વ્યસનથી મને ઋષિ હત્યાનું પાપ લાગ્યું. હવે શું કરું ? એમ વિચારી ઘોડા પરથી ઉતરી ધનુષ્યબાણ ભાંગી નાંખ્યાં. મુનિને પગે લાગ્યો. પછી મોટે સ્વરે રડવા લાગ્યો. મેં મારા કુળને કલંકિત કર્યું, હવે મને તમારી ચરણરજ જ શાંતિ આપનાર છે. મુનિ કાળધર્મ પામ્યા. (શ. મા. પૃ. ૧૦૨)

એટલામાં રાજા મુર્ચ્છિત થયો. ભાનમાં આવતાં તે પાપથી છુટવા માટે તેણે જંગલમાં ચાર દ્વારવાલો શાંતિનાથ ભગવાનનો પ્રાસાદ કરાવ્યો. પણ તે પાપથી મુક્ત ન થયો. મોટી વ્યાધિ તેને ઉત્પન્ન થઈ. પછી મરીને સાતમી નર્કે ગયો. ત્યાંથી તિર્યંચપણામાં આવ્યો.

એમ નર્ક તિર્યંચના અનેક અવતાર પછી, છ જન્મ સુધી મનુષ્ય ભવમાં કોઢ રોગથી મરણ પામ્યો. આ સાતમા જન્મે તું **મહી**પાલ થયો. તને જે કોઢ રોગ હતો તે મુનિ હત્યાનું ફળ હતું. માટે હે રાજન્! મુનિને **ગૌ**તમ સ્વામીની બુદ્ધિએ જોવા. અને ભક્તિ કરવી. કદાચ, સાધુ ક્રોધી હોય તો પણ, તેમની અવજ્ઞા ન કરવી. (શ. મા. પૃ. ૧૦૪)

સૂર્યાવર્ત કુંડનું માહાત્મ્ય

સિદ્ધાચલની તલેટીમાં, પૂર્વ દિશામાં મોટું **સૂ**ર્યવન આવેલું છે. ત્યાં સૂર્ય, ભગવાનની પૂજા કરવા, સાઇઠ હજાર વર્ષ રહ્યો. તે ઉદ્યાનમાં **સૂ**ર્યાવર્ત નામે કુંડ છે. તેનું જળ, **આ**દિપ્રભુની દૃષ્ટિથી પવિત્ર છે. હિંસાદિ દોષ નિવારનાર, દરેક પ્રકારના કોઢ મટાડનાર છે. તે જળ પ્રભુના સ્નાત્રમાં વપરાય છે. ચૈત્રી પૂર્ણિમાની યાત્રા કરવા, **મ**ણિચૂડ વિદ્યાધર પત્ની સાથે આવેલ. તે યાત્રા કરી તે જળ લઇને જતાં, તેની પત્નીએ વિમાનમાંથી તને જોયો. એટલે તારી ઉપર કરુણા લાવીને તે જળ છાંટ્યું. તે જળના સ્પર્શથી તારા શરીરમાં રહેવાને અશક્ત તે રોગો બહાર નિકળીને બોલ્યા કે–હવે અમે તારા શરીરમાં રહેવાને શક્તિમાન નથી. હે રાજકુમાર! હિંસા એ નર્કનું દ્વાર છે. તેમાં સાધુની હિંસા તો સંસારચક્રમાં ભમાવનાર છે. વેષધારી મુનિઓ પણ વંદનીય છે, વેષ નમનીય છે. (શ. મા. પૃ. ૧૦૫)

પછી **મ**હીપાલ કહેવા લાગ્યો કે–જંગમ તીર્થ રૂપ આપ મલ્યા. અને પરમપાવન **સિદ્ધા**ચલ તીર્થના ઉપદેશથી, મારી આંખો ઉઘાડી. ગુરુ ઉપદેશ વગર વિદ્વાન પણ ધર્મના રહસ્યને પામી શકતો નથી. (શ. મા. પૃ. ૧૦૬)

ગિરિરાજની યાત્રા કરવા ગુરુ મહારાજને સાથે પધારવા વિનંતી કરતાં, ગુરુ મહારાજ સહિત તેઓ સપરિવાર આગળ ચાલ્યા. **સૂ**ર્યાવર્ત ઉદ્યાનમાં આવ્યા. ગુરુએ બતાવેલી વિધિ પ્રમાણે **સૂ**ર્યકુંડમાં સ્નાન કરી પ્રભુ પૂજા કરી. પછી **શત્રુંજય** ઉપર આવ્યા. તેની **છેલ્લી ટુંક** પર આવી તીર્થ તથા **શ્રી આ**દીશ્વર પ્રભુના દર્શન કર્યા, તેથી નિર્મળપણું તેમનામાં આવ્યું. **શ્રી આ**દીશ્વર પ્રભુની પાદુકાને નમન કર્યું. પ્રાસાદ જોતાં આનંદિત થયા. ત્યારપછી **શત્રુંજ**્યા નદીમાં સ્નાન કરી, બાહ્ય અભ્યંતર શુદ્ધ થયા. વિધાના ઐશ્વર્યથી નંદનવનના આણેલા (લાવેલા) પુષ્પો વડે, પ્રભુ પૂજા કરી. **સિદ્ધા**ચલ ઉપર સર્વ પ્રકારે ધર્મકૃત્ય કર્યું. (શ. મા. પૃ. ૧૦૭)

એક વખત ગુરુ મહારાજે કહ્યું કે–પ્રભુ પૂજાથી અધિક ફળ દેરાસર બંધાવાથી મળે છે. તેથી અધિક ફળ, પ્રતિમા ભરાવવાથી મળે છે. પ્રાસાદનું રક્ષણ કરવામાં તેનાથી પણ અધિક ફળ

છે. આ રીતના ગુરુ મહારાજના વચનથી **મ**હીપાલે પ્રતિમા સહિત એક પ્રાસાદ બનાવ્યો, અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. ગુરુ મહારાજે બતાવેલા માર્ગે રૈવતાચલપર આવી, **શ્રીને**મિનાથ ભગવાનની પૂજા કરી. સૂર્યમલ્લ રાજાના જાણવામાં આવ્યું કે પુત્રો સ્ત્રીઓ સહિત ગિરનાર ઉપર આવેલા છે. એટલે રાજા આવ્યા. તેથી પુત્રો પિતાને પગે પડયા. પિતાએ હાથ પકડીને ઉભા કર્યા. પછી બધો પરિવાર પોતાને નગરે આવ્યો. રત્નકાન્ત અને રત્નપ્રભ વિદ્યાધરોને શિરપાવ આપીને, પોતાને સ્થાને પહોંચાડ્યા. **મ**હીપાલ ગુણે શ્રેષ્ઠ છે. એમ કહી પિતાએ તેને રાજગાદીએ બેસાડયો. (શ. મા. પૃ. ૧૦૮)

મહીપાલ રાજ્યનું ન્યાયથી પાલન કરે છે. તેના રાજ્યમાં અત્યન્ત સુખ હતું. **મ**હીપાલે રાણીઓ સહિત, વિદ્યાના બળથી, શાશ્વતા આશાશ્વતા ચૈત્યોની પ્રભુ પૂજા કરી. તેને **શત્રુંજય** ગિરનાર અને બીજા ગામોમાં નવાં દેરાસર બંધાવ્યાં. ક્રમે પોતાના પુત્ર **શ્રી**પાળને રાજગાદીએ બેસાડયો. સિંધનો મુલુક દેવપાળના પુત્ર **ધ**નપાળને આપ્યો. પોતાની રાણીઓ સહિત, **શત્રુંજય** ઉપર આવ્યો. **કી**ર્તિવિજય મુનિ પાસે વ્રત અંગીકાર કર્યું, આરાધના કરી, તે જ ભવમાં મોક્ષ પામ્યા. (શ. મા. પૃ. ૧૦૯)

હે ઇન્દ્ર ? તે જ રાજવંશમાં, આ **રી**પુમલ્લ રાજા થયો. તે રૈવતાચલ આગળ વાસ કરીને રહેલો છે. તે ત્રણ જન્મ કરીને મોક્ષે જશે, (શ. મા. પૃ. ૧૦૯)



સૂર્યકુંડના મહાત્મ્ય ઉપર

શ્રી ચંદ્રરાજ કથા

દ્રવ્ય સેવનથી સાજા તાજા, જેમ કુકડો ચંદરાય રે, એ તીરથ તારૂં

(નવાણું પ્રકારી પૂજા-૧૦મી પૂજા)

આભાપૂરી નામના નગરમાં **વી**રસેન રાજા હતો. તેને **વી**રમતી નામે રાણી હતી. ઘોડા વેચનાર સારા ઘોડા લાવ્યા એટલે બધાય ખરીદ્યા. પણ તેમાં એક ઘોડો વક્રગતિનો હતો. રાજાને શિકારનો શોખ હતો. શિકારે નિકલ્યો અને હરણની પાછળ તે ઘોડા પર બેસીને નિકલ્યો. લગામ ખેંચવાથી તે દોડ્યો. ઝાડ પકડી લેવાની બુદ્ધિએ લગામ ઢીલી કરતાં ઘોડો ઉભો રહ્યો. ઘોડો ઝાડે બાંધી, વાવમાં પાણી પીવા ઉતર્યો. ત્યાં જળી જોતાં તે તોડીને અંદર ગયો. જોગીએ બાંધેલી કન્યા અને ખુલ્લી તલવાર જોઇ, કન્યાએ કહ્યું હે **આ**ભાપુરી નરેશ મને બચાવો. તલવાર લઇને જોગીને પડકાર કર્યો. જોગી ભાગી ગયો. રાજાએ પુછયું. તું કોણ છે? તેથી તે બોલી. "**પદ્મ**પુરીના **પદ્મ**શેખર રાજાની **ચ**ંદ્રાવતી નામની હું પુત્રી છું. જોગી મને ઉપાડી લાવ્યો. તમે મને બચાવી." ઉપર આવ્યા અને લશ્કર પણ આવ્યું. રાજા બધા સહિત (સાથે) પોતાના નગરે ગયા. **પદ્મ**શેખર રાજાએ **ચ**ંદ્રાવતીને **વી**રસેન રાજાને પરણાવી. **ચ**ંદ્રાવતીને **ચ**ંદ્રકુમાર નામે પુત્ર થયો છે. એક વખત રાજા અને **વી**રમતી ઉદ્યાનમાં ગયાં છે. **વી**રમતીને ઉદાસ જોઇને પોપટ ઉદાસીપણાનું કારણ પુછે છે. મારે પુત્ર નથી, તેથી ઉદાસ છું. પોપટ બતાવે છે, કે—ઉત્તરમાં **ઋ**ષભદેવ ભગવાનનું મંદિર છે. ત્યાં **ચૈ**ત્રી પૂર્ણિમાએ અપ્સરાઓ આવે છે. ગીત-ગાન કરે છે. તે પછી કુંડમાં ન્હાવા પડે છે ને રમે છે. તેમાં મુખ્ય અપ્સરાના લીલાં વસ્ત્ર જો તારા હાથમાં આવે તો તારુ કાર્ય થાય. **વી**રમતી ચૈત્રી પૂર્ણિમાએ આવે છે અને અપ્સરાઓ ન્હાવા જાય છે, ત્યારે છાનીમાની મુખ્ય અપ્સરાના લીલાં વસ્ત્રો લઇને મંદિરમાં સંતાઇને દ્વાર બંધ કરે છે. અપ્સારાઓ ન્હાઇને વસ્ત્ર શોધે છે. વસ્ત્ર મળતાં નથી અને મંદિરના દ્વાર બંધ છે. એટલે નક્કી થયું કે વસ્ત્ર લઇને કોઈ સંતાયું છે. વિનંતી કરે છે. દ્વાર ખોલે છે. પછી પુત્રની માંગણી કરે છે, ત્યારે કહે છે કે તારા ભાગ્યમાં નથી. પણ હું તને વિદ્યાઓ આપું છું, તેને ગ્રહણ કર. એમ કહીને વિદ્યાઓ આપે છે. **વી**રમતી રાત્રે જ પોતાના મહેલે આવે છે. અપ્સરાએ એ પણ કહ્યું છે કે-તું વિદ્યાઓ સિદ્ધ કરજે. **ચ**ંદ્રકુમાર તારે આધીન રહેશે. તે તેમ કરે છે.

વીરમતી વિદ્યાના બળે રાજાને પણ વશ કરે છે, ચંદ્રકુમારને ગુણાવલી સાથે પરણાવે છે. એક વખત ચંદ્રાવતી રાજાના વાળ ઓળે છે. અને સફેદ વાળ જોઈને રાજાને કહે છે. 'દુત આવ્યો' કયો દૂત? ઘડપણ! સફેદ વાળ રૂપી દુત. ચંદ્રકુમારને વીરમતીને ભળાવી, રાજા રાણી શ્રીમુનિસુવ્રતસ્વામીના શાસનમાં, દીક્ષા લેછે.

હવે વીરમતી નિરંકુશ થયેલી ગુણાવલીને ભોળવે છે. એને રાજાના સુતા પછી દેશો જોવા પોતાની સાથે લઈ જાય છે. જતાં પહેલાં ઉંઘતા રાજા પર સોટી ફેરવે છે. અને રાજાને નિંદ્રામાં નાંખે છે. એક વખત ચંદ્રરાજાને શંકા પડતાં ઉંઘતો હોય તેમ સુઈ રહે છે. બન્ને બહાર જાય છે. ત્યારે પાછળ પાછળ જાય છે. અને તે ઝાડ પર બેસે છે. તે ઝાડના પોલાણમાં પોતે ભરાય છે. ઝાડ ઉડે છે. વીમલાપુરીના ઉદ્યાનમાં તે ઉતરે છે.

લગ્ન માટે ચંદ્ર રાજાને લઇ જવો

અહીં શું બન્યું છે તે જુઓ–રાજાને દેવીએ કહેલું છે કે–દરવાજે બે સ્ત્રીઓની પાછળ આવેલ ચંદ્રરાજને તમારે પરણાવીને તે છોકરી તમારા છોકરાને આપવી. એટલે રાજાએ બે માણસો દરવાજે ગોઠવ્યા છે, પહેલો પહોર ગયો એટલે વૃક્ષ ઉપરથી તે ઉતરી, તેની પાછળ ચંદ્ર ગયો. સેવકો તેને સિંહરાજા પાસે લઈ ગયા. ચંદ્રે પુછ્યું કે ભાઇઓ શું છે? ત્યારે સિંહલ રાજાએ કહ્યું કે કનકધ્વજ સાથે પ્રેમલાલચ્છીને પરણાવવાની માંગણી છે પણ તે કોઢીઓ છે, એટલે કુલદેવીની આરાધના કરી. તેથી તેને આ પ્રકારે કહ્યું. તેથી તમોને લઈ જઇએ છીએ. પ્રેમલાલચ્છીને પરણીને તમારે કનકધ્વજને આપવાની છે.

પ્રેમલા લચ્છી સાથે લગ્ન

વરઘોડો નીકલ્યો–ગુણાવલી વીરમતીને કહે છે કે આતો ચંદ્ર દેખાય છે. વીરમતી કહે તને તો બધા ચંદ્ર જ દેખાય. ચોરીએ આવ્યા લગ્ન થયાં, પ્રેમલાએ મોઢું ખોલીને ચંદ્રને જોયો, ઉતારે ગયા, સારીપાશે રમવા બેઠા. ચંદ્ર શ્લોક બોલ્યો

આભાપુરીની વસઇ, વિમલપુરે સિહરો સમુગ્ગઓ ।
અપત્થિય રસ પેમસ્સ, વિહિ હત્થે હવઈ નિવ્વહો ॥

ચંદ્ર રાજાએ પાશા નાંખ્યા, પ્રેમલા નીચે પ્રમાણે બોલી, પણ ચંદ્રનો ભાવ ન સમજી.

વસિઓ સસિ આગાસે, વિમલપુરે ઉગ્ગીઓ જહાસુખં ।
જેણામિ નઓ જોયો, સ કરી સઈ તસ્સ નિવ્વહો ॥

થોડું ખાધું ત્યાં ગંગાનું પાણી માંગ્યું. આ રીતે ચંદ્રે નિશાન આપ્યું. ત્યાં તો હિંસક મંત્રી નિકલવાનું કહે છે. ત્યાંથી રથમાં બેસાડીને સિંહરાજ પોતાને ત્યાં લઇ જાય છે. ચંદ્રરાજા નીકળી ગયો, અડધી રાત થઈ છે. વીરમતી ચાલ્યો, બન્ને ઝાડ પાસે આવ્યા, ચંદ્ર આવીને તેમાં ભરાયો, વીરમતીએ પુછયું ત્યાં કનકધ્વજ કુમાર કેવો હતો ? ગુણાવલી બોલી કે તમારા કુમાર હતા, બોટું. તને તો બધે તે જ લાગે. વૃક્ષ આભાપુરીએ આવ્યું બન્ને ઉતર્યાં પ્રથમ ચંદ્રરાજ નીકળીને આવીને પલંગ પર સૂતો. જગાડવા સોટી લગાડી તો આળશ મરડીને ઉઠયો. રાણીએ પ્રભાતે ઉઠાડ્યા, સ્વપ્નની બોટી વાત કરી, ચંદ્ર રાજાએ પણ બોટી વાત કહી.

ચંદ્રરાજા કુકડો

ગુણાવલીએ ચંદ્રરાજાના શરીરપર કેટલાંક લક્ષણો લગ્નના જોયાં. વીરમતીને વાત કહી. તેણે કહ્યું ચિંતા ન કર, વીરમતી ચંદ્રરાજા પાસે તલવાર લઇને આવી, તારા ઈષ્ટદેવને સંભાળ. ગુણાવલી બોલી મારા સૌભાગ્યનો ચાંલ્લો ખંડિત ન કરશો, વીરમતી બોલી તે મારાં છિદ્ર જુવે છે. ચંદ્રને જીવતો રાખવા તેના ગળે દોરો બાંધ્યો, કુકડો થઇ ગયો, ગુણાવલી અંતરથી બળવા લાગી. ગુણાવલી કુકડાને રમાડે છે, બોળામાં રાખે છે, સોનાના પાંજરામાં રાખે છે. લોક ચંદ્રરાજ કેમ નથી, એમ પુછે છે પણ તે કોઇને જવાબ દેતી નથી. વીરમતીએ કહ્યું કે તારે કુકડાને રાખવો હોય તો પાંજરામાં લઇને ઝરૂખે ન બેસીસ, મને ન દેખાડીશ.

પ્રેમલાલચ્છીની દશા

ચંદ્રરાજાને કાઢ્યા પછી પ્રેમલાલચ્છી પાસે કનકધ્વજકુમારને મોકલવામાં આવ્યો. તેને કહ્યું તમે કોણ છો ? ભૂલા પડ્યા દેખાઓ છો. તે બેઠો એટલે તે દૂર જતી રહી. હાથ પકડ્યો તો તરછોડી નાંખ્યો. સવારે રાજા, રાણી, હિંસક મંત્રી બધા દોડી આવ્યા. રાજા પણ ત્યાં આવ્યો. આ તમારી કન્યા વિષકન્યા છે. મકરધ્વજ રાજાએ વાત સાચી માની.

પ્રેમલાલચ્છીને પ્રશ્ન અને જવાબ

રાજાએ પોતાના મંત્રીને બધી વાત કરી. મંત્રીએ કહ્યું કુંવરને જોયો છે ? તે જન્મથી કોઢીઓ છે કે કેમ ? તમે કાંઇ કરશો તો પસતાશો. રાજાએ પુત્રીને બોલાવી. રાજાએ હુકમ કર્યો "તેને મારી નાંખો" મારા લઇ ગયા. પુત્રીને કહે તમે તલવારની ધાર કેમ સહન કરશો ? હું મંત્રીને કહીશ બીજાને નહિ. તેઓ કન્યાને સોંપીને, મંત્રીને બોલાવવા ગયા. મંત્રીને બધી વાત કહી. મંત્રીએ રાજાને જઇને કહ્યું કે પડદા પાછલ રાખીને તેની વાત સાંભળો. પુત્રીને

તેડાવી. "પિતાજી એક પણ શબ્દ અસત્ય નહિ બોલું મારી વાત ખોટી પડે તો જે કરવું હોય તે કરજો," કન્યા બોલી **સો**ગઠા બાજીમાં મને **આ**ભાનગરી કહી હતી અને ગંગાનું પાણી માંગ્યું હતું. માટે તે **આ**ભાનગરીના છે. તેમને કાઢી મુકયા ને કનકધ્વજને મોકલ્યો. મેં ન બેસવા દીધા એટલે વિષકન્યા કહ્યું. રાજાને તરકટનો ભરોશો થયો. મંત્રીએ આશ્વાસન આપ્યું.

રાજ દરબારમાં

રાજ દરબારમાં **સિં**હલ રાજાને, રાણીને, હિંસકમંત્રીને, કનકધ્વજને, તેની ધાવને બોલાવ્યા. **સિં**હપુર વિવાહ કરવા મોકલેલા ચારેને બોલાવ્યા. તેમણે કબુલ કર્યું કે અમે નજરે જોયા નથી. અમને તો મોસાળ ભણે છે. તેમ કહ્યું હતું. તેથી નક્કી કર્યું.

મંત્રીએ કહ્યું આ **સિં**હલ રાજાનું કપટ લાગે છે. પાંચેને કબજે રાખવા. કેદીપણે તેમને રાખ્યા.

પ્રેમલા પાસે દાનશાળા મંડાવી. આવનારને સમાચાર પુછે છે. **આ**ભાનગરીના **ચં**દ્રરાજા જેવો કોઇ તેજસ્વી અમે નથી જોયો.

જંઘાચારણ મુનિ આવ્યા–દેશના સાંભળવા બધા ગયા. **પ્રે**મલા શુદ્ધ સમ્યકત્વધારી થઈ. મુનિએ કહ્યું કે નવકારના પ્રતાપે ને શાસનદેવના પ્રતાપે સોળ વર્ષે તારો સ્વામી મળશે.

એક દિવસ એક યોગીની આવી. **પ્રે**મલાએ પુછ્યું ત્યારે કહ્યું કે પૂર્વદેશમાં રહું છું. **ચં**દ્રરાજાના ગુણ ગાઉં છું. તેની અપરમાતાએ તેને કુકડો બનાવ્યો છે. આ વાત સાંભળીને તેના પિતાએ કહ્યું કે પુત્રી તારી વાત સાચી છે.

આભાપુરીમાં શું થયું.

એક મહિનો થયો પણ ગુણાવલીએ **ચં**દ્રરાજાની વાત કોઇને કહી નથી. મંત્રીએ કહ્યું તમો આનંદમાં રહેજો. **વી**રમતી પાસેથી વાત મેળવીશ. **વી**રમતી કહે મંત્રી શું છે. વાંક તારો છે. અને પાછો મને કહેવા આવે છે.? તારે **ચં**દ્રની વાત વધારે છેડવી નહિ. હું રાજા તું મંત્રી. એમ જાહેર કરી દે. મંત્રીએ કબુલ કર્યું. એટલે રાજી થઈ.

મંત્રીએ પુછ્યું પંખીને પાંજરામાં કેમ પુર્યું છે? રાણીએ રમાડવા રાખ્યું છે. ગુણાવલીને રુદન કરતી જોઇને કુકડાએ અક્ષર લખીને સમજાવ્યું. કુકડો જ મારો પતિ છે.

હેમરથ રાજા વીરમતીને જાણી તે લડવા આવ્યો, તો હારેલો, ભાગવા માંડયો. આભાપુરીના રાજાની આજ્ઞા ધારણ કરજો.

નટનું આવવું

શિવકુમાર નાટકીઓ શિવમાળા સાથે નાટક કરવા આવ્યો. ચંદ્રરાજાના ગુણ ગાય છે. ગુણાવલી ગોખમાં પાંજરુ લઈને નાટક જુવે છે. કુકડાએ ચંદ્રરાજાના ગુણથી પાંજરામાંથી પાંખો વડે સોનાનું કચોળું નાખ્યું. વીરમતી ન જાણે તેમ લીધું. ગુણાવલી કહે માતા ગુસ્સો ન કરો. કેમે કુકડાએ પોતાની ભાષામાં નટડી જોડે વાત કરી. પાંજરુ લઈને અને મને મૃત્યુથી બચાવ. વીરમતીએ દાન માંગવા કહ્યું ત્યારે તેને કુકડા સહિત પાંજરુ માંગી લીધું. ગુણાવલીએ નટને ભલામણ કરી. ગુણાવલીએ મંત્રીના કાનમાં સાચો ભેદ કહ્યો. તેના રક્ષણ માટે સુભટોને સાથે મોકલ્યા.

સિંહલદ્વીપમાં સિંહલપુરના સિંહલરાજાની આગળ નાટક કર્યું. રાણી કુકડા પર રાજી થવાથી માગ્યો. ના કહેવાથી લડાઈ થઈ. સિંહલરાજાને હરાવ્યો. પોતનપુર જવા રવાના થયા.

પોતનપુર નગરમાં જયસિંહરાજા છે. સુબુદ્ધિ પ્રધાન છે. તેની મંજુષા સ્ત્રી છે. પુત્રી લીલાવતી છે. ધનદ શેઠ છે. શેઠના પુત્ર લીલાધર સાથે લીલાવતીને પરણાવી છે. પુત્ર પરદેશ જવા પિતા પાસે રજા માંગે છે. લીલાવતીએ ના પાડી પણ પિતાએ હા કહેલી હોવાથી મુહૂર્ત જોવડાવ્યું. છ મહીના મુહૂર્ત નથી, માટે કુકડો બોલે ત્યારે પ્રયાણ કરવું. મંત્રીએ ગામમાંથી કુકડા બહાર કઢાવ્યા. કુકડાનો સ્વર સાંભળવા તૈયાર પણ કુકડાનો સ્વર આવતો જ નથી. નટો ત્યાં આવ્યા અને રાજા પાસે ઉતારો માંગ્યો. સરોવરના કાંઠે ઉતારો કર્યો. તંબુઓ ઠોકયા. કુકડાને લઈ નટરાજ રાજા પાસે જાય છે, ત્યારે લોકોએ કહ્યું કે કુકડાને બોલવા દઈશ નહિ.

લીલાધરનું પ્રયાણ

તે મૌન રહ્યો. પણ રાત્રી પૂરી થતાં પોતાના સ્વભાવ પ્રમાણે કુકડો બોલ્યો. લીલાધરે પ્રયાણ કર્યું. લીલાવતીએ પતિ વિયોગથી મૂર્ચ્છા આવી. મને કુકડો લાવી આપો. નટ પાસે માંગ્યો. જવાબ આપ્યો કે અમે બીજાનાં દાંત તોડી નાંખીએ પણ કુકડો ન આપીએ, આગ્રહથી નટ કુકડો લાવ્યો. લીલાવતીને તેની પર સ્નેહ ઉત્પન્ન થયો. કુકડાએ ભૂમીપર અક્ષર લખીને જણાવ્યું. લીલાવતીએ કહ્યું–બહુ દુઃખ ન કરશો. નટને કુકડો પાછો આપ્યો.

વિમલા પુરીમાં નટ

વિમલાપુરી આવ્યા અને તે જ આંબા નીચે પડાવ નાંખ્યો. જ્યાંથી પ્રેમલા લચ્છીને ભાડે પરણ્યો હતો. ક્યાં **આ**ભાપુરીને ક્યાં **વી**મલાપુરી ! પ્રેમલાલચ્છીનું ડાબુ અંગ ફરકયું, ખુશી થઈ અને સખીઓને કહેવા લાગી કે કુળદેવીએ સોળ વર્ષ કહ્યાં હતાં તે પૂરાં થવા આવ્યાં. કાંઈ સંદેશ નથી, વચન કેવી રીતે સત્ય થશે. ? નટ પાંજરુ લઈને દરબારમાં આવ્યો. ક્યાંથી આવ્યાં ? **સો**રઠ દેશ અને વીમલાપુરી જોવા, **આ**ભાપુરીથી આવીએ છીએ.

પ્રેમલાને કુકડો

શીવમાલાએ કુસુમના ઢગલા પર પાંજરુ મુકયું, **શી**વમાલાનું સુંદરરૂપ હતું. રાજા વગેરે આવ્યા અને નાટક જોવા પ્રેમલાલચ્છીને પણ બોલાવી. આ નટો **આ**ભાપુરીથી આવ્યા છે. નાટક કરી **શી**વકુમાર નટ રાજા પાસે આવ્યો. રાજાએ ભેટ આપી. પ્રેમલા કુકડાને ચાહે છે. અને કુકડો પ્રેમલાને ચાહે છે. કુકડો સમજે છે કે આ મારી રાણી. બન્નેનો દૃષ્ટિ મેલાપ થયો. પ્રેમલાએ પાંજરા સામુ જોયું. કુકડો પ્રેમલા પરથી દૃષ્ટિ ફેરવી શકયો નહિ. પ્રેમલાએ કુકડાને પાંજરામાંથી કાઢી હાથથી પંપાળ્યો. કુકડો રાજી થયો. હૃદયપર ચાંચ મારે છે. તારા હૃદયમાં સમાવું પછી પાંજરામાં મુકયો.

કુકડો કયાંથી ?

રાજાનો પ્રશ્ન–કુકડો કયાંથી લાવ્યા ? આભાપુરીના **ચ**ંદ્રરાજાને તેની ઓરમાન મા **વી**રમતીએ કુકડો બનાવ્યો હતો. તેને **વી**રમતી મારી નાંખતી હતી. અમે તેની પત્ની ગુણાવલી પાસેથી લાવ્યા. કુકડાએ પોતાની ભાષામાં **શી**વમાલાને સમજાવી. કુકડાને લઈને ફરતા ફરતા નવ વર્ષે અત્રે આવ્યા છીએ. આ વાત સાંભળીને **અ**કરધ્વજ રાજા ખુશી થયો. નટે ચોમાસું રહેવાની આજ્ઞા માંગી. રાજાએ રજા આપી. અને કહ્યું કે તમો રોજ કુકડાને રાજદરબારમાં લાવજો ?

રાજાએ પુત્રીને કહ્યું–તારી વાત માનતો ન હતો પણ તારી વાત તદ્દન સાંચી નીકળી.

પ્રેમલાને કુકડાનું મીલન

નટે રાજાને પુછ્યું આપનો શો હુકમ છે ? રાજાએ કહ્યું પ્રેમલાને કુકડા પર સ્નેહ છે. માટે કુકડો તમે આપો. તમારો પહાડ માનશું. **શી**વમાળાને કુકડાએ પોતાની ભાષામાં વાત

કરી. નટ કહે–અમને તેની પર સ્નેહ છે. અને તમે એમ કેમ કહો છો ? કુકડાએ પોતાની ભાષામાં **શી**વમાલાને કહ્યું. તેથી કુકડો આપ્યો. **પ્રે**મલા બોલી તેં મારી પર ઉપકાર કર્યો. કુકડાએ **શી**વમાલાને કહ્યું આ રાજપુત્રીનો હું પતિ છું. આમાં આ પ્રબલ હેતુ છે. મારી ઓરમનમાએ મને પંખી કુકડો બનાવ્યો છે. તારું ભલું થજો. તેં મને ઓરમન માથી છોડાવ્યો. સાંભળીને **શી**વમાલા ઘણી દીલગીર થઈ. રાજાને પક્ષી આપ્યું. અને કહ્યું કે તમારી પુત્રી મારી સખી છે. તેને ખુશીમાં રાખવા આપું છું. પક્ષીને સાચવવાની ભૂલ ન કરશો. રાજાએ પાંજરુ લાવીને પ્રેમલાને આપ્યું. **પ્રે**મલા તેને બહાર કાઢે છે, રમાડે છે અને તેની સાથે ગાંડી-ઘેલી વાતો પણ કરે છે. નટે રાજાને કહ્યું કે ચાર મહીને અમે જઇશું ત્યારે લઇ જઇશું, **પ્રે**મલા કુકડાને કહે છે–હવે મારી પાસે આવ્યા, અંતર શા માટે રાખો છો !

બે દિવસમાં મળશે

સિદ્ધાચલની તલેટીમાં જ **વી**મલાપુરી હતી. એક વખત નીમિત્તિઓ આવ્યો. ત્યારે નીમિત્તિયાને **પ્રે**મલા પુછે છે કે–મારા પતિ કયારે મળશે ? નીમિત્તિઓ પોતાના જ્ઞાનબળથી કહે છે કે–એક બે દિવસમાં જ મળશે. જો આ મારી વાત ખરી પડે તો મને શાબાશી આપજો, હું જ્યોતિષ ભણવા માટે કર્ણાટક ગયો હતો.

પુંડરીક ગિરિની યાત્રા

પિતાની આજ્ઞા લઇને, **પ્રે**મલા પાંજરાને લઈને **પુંડરી**કગિરિ ગઇ. ગિરિરાજને જોઈને કુકડો ખુશ થયો. ભગવાનની સ્તુતિ કરી, ચૈત્યવંદન કર્યું, રાયણવૃક્ષ નીચે પ્રભુ પાદુકાને નમસ્કાર કર્યો. રાયણની પ્રદક્ષિણા કીધી. ત્યાંથી **સૂર્ય**કુંડ પર આવ્યા ?

સૂર્યકુંડ બન્નેને ફળ્યો

સૂર્યકુંડના જળનો સ્પર્શ કર્યો. આવીને તેની પાળ પર બેઠા. કુકડાને પણ હર્ષ થયો, હવે તે વિચારે છે કે આમ તિર્યંચના જીવમાં સોળ વર્ષ વીતી ગયાં. કયાં સુધી આવું જીવન જીવવું ? માટે **સૂર્ય**કુંડમાં પડીને મરી જાઉં. આથી તે **સૂર્ય**કુંડમાં પડ્યો. તેને પડ્યો જોઇને દિલગીરીથી, **પ્રે**મલા પણ કુંડમાં પડી. તેને પકડવા જાય છે. તો ગળે બાંધેલો દોરો જુનો થવાથી તૂટી ગયો. **દોરો તુટતાં જ તે ચંદ્રરાજા થયો.** શાસન દેવે બન્નેને **સૂર્ય**કુંડમાંથી બહાર કાઢ્યા. દેવોએ પુષ્પ વૃષ્ટિ કરી.

ચંદ્રરાજા અને પ્રેમલાલચ્છી

પછી બન્નેએ ભગવાનની પૂજા કરીને, સ્તવના કરી, પ્રભુ તમારા અને સૂર્યકુંડના પ્રતાપે અમારું દુઃખ ગયું. ચારણ મુનિ મળ્યા. દેશના સાંભળી. ગિરિરાજને પ્રદક્ષિણા દીધી. દાસી દોડતી ગઈ અને મકરધ્વજ રાજાને સમાચાર આપ્યા. દાસીને પુષ્કળ દાન આપ્યું. રાજા, રાણી અને નગરલોક હર્ષ પામ્યા. નાટકીયા અને શિવભાળાને સમાચાર આપ્યા. તેને બોલાવ્યો. તમારો મહાન ઉપકાર. લશ્કર જે હતુ તેને પણ બોલાવીને સમાચાર આપ્યા.

રાજા વગેરે વિમલાચલ પર આવ્યા. બધા પ્રભુ મંદિરે ગયા. પ્રભુને નમીને બોલ્યા, "હે પ્રભુ! તમારા અને સૂર્યકુંડના પ્રભાવે આભાપુરીનો રાજા, કુકડો મટીને ચંદ્રરાજા થયો." ગિરિરાજ પરથી ઉતર્યા. ચંદ્રરાજાને મોતીથી વધાવ્યા.

ચંદ્રરાજાને હાથી પર બેસાડયા અને પ્રેમલાને રથમાં બેસાડી ગામ તરફ ચાલ્યા. યાચકોને દાન આપ્યું, સામંતોને દાન આપ્યું.

પુત્રીને રાજા કહેવા લાગ્યા કે મારા અપરાધને ક્ષમા કર. મેં જો મંત્રીનું કહ્યું ન માન્યું હોત તો પસ્તાવું પડત. મંત્રીનું કથન અને તારું કથન સત્ય છે. તારો પતિ આભાનગરીનો ચંદ્રરાજા જ છે. પિતાજી આમાં કોઈનો દોષ નથી. મારા કર્મનો દોષ છે. પિતાજી આપ જરા પણ ચિંતા ન કરશો.

ચંદ્રરાજાને કુકડો કર્યો

પ્રેમલા અને ચંદ્રરાજા સુખ ભોગવે છે. રાજાને એકાંતે બેસાડીને બધી વાત પુછી. ઓરમાન મા વીરમતીનું કાવતરું. સિંહરાજાના પુત્રના લગ્ન જોવા ગુણાવલીને (ભોળવીને) સાથે સાથે લાવ્યા. તેમાં છાનો હું ઝાડના પોલાણમાં પેસીને આવ્યો. તે બે દરવાજામાં આવતી હતી તેની પાછળ પાછળ હું આવ્યો. સિંહરાજાના ચોકીદારો મને ત્યાં લઈ ગયા અને વરઘોડે મને બેસાડયો. પ્રેમલાલચ્છી સાથે લગ્ન થયાં. મારે તો ભાગવાનું જ હતું, એટલે ભાગીને તે ઝાડ પર ચઢી એટલે હું તે પોલાણમાં બેઠો. કમે ગુણાવલીને ખબર પડતાં તેને વીરમતીને કહ્યું અને તેને દોરો બાંધીને મને કુકડો બનાવ્યો.

ચંદ્રરાજાનો પ્રભાવ

મકરધ્વજ રાજાએ બંદીખાનામાંથી પાંચને બોલાવ્યા. બધી વાત પુછી. સાચી વાત પડી. પાંચને ફાંસી ચઢાવો. ચંદ્રરાજાએ છોડાવ્યા. શરણે આવેલાને અભય અપાય. પુત્રીએ કહ્યું આતો

મારા કર્મનો દોષ. પોતાના પતિનું સત્ય દેખાડવા ચંદ્રરાજાના પગ ધોઇને પાણી તત્કાલ કુષ્ઠીને પાયું, અને તે તત્કાલ નિરોગી થયો.

ગુણાવલીને જાણ

એક રાત્રીએ ચંદ્રરાજાને ગુણાવલી યાદ આવી. મારી ગુણાવલીનું શું થતું હશે? કુકડા સાથે છુટા પડતા મેં વચન આપ્યું છે કે મનુષ્ય થઇશ ત્યારે તુર્ત તને સમાચાર આપીશ. મારે તેને ભુલવી ન જોઇએ. પ્રભાતનું કાર્ય પરવારીને પત્ર લખ્યો. પોતાના વિશ્વાસુ માણુસને બોલાવીને પત્ર આપીને કહ્યું કે–આ પત્ર મંત્રીને અને ગુણાવલીને આપજે. તારા આવ્યાના સમાચાર કોઇને જાણવા ન દઈશ. પરદેશના ગુલાબ કરતાં સ્વદેશનો કાંટો વ્હાલો હોય. માણસ ગયો અને આનગી પત્ર આપ્યો. કુદરતી રીતે આભાપુરીમાં ખબર પડી ગઈ.

વીરમતી વેર લેવા તત્પર થઈ

ફરતી ફરતી વાત વીરમતીએ જાણી. તેને અત્રે આવવા જ નહિ દઉં. ગુણાવલીને બોલાવી, મેં સાંભળ્યું છે કે કુકડો ચંદ્રરાજ થયો. તું અહીં જ રહેજે. હું જઇને તેને પુરો કરી આવીશ. ગુણાવલી બોલી તે માણુસ કયાંથી થાય? માટે જે કરો તે વિચારજો. વીરમતીએ પોતાના દેવને બોલાવીને વાત કરી. દેવે કહ્યું હવે અમારાથી તેનું વિપરીત નહિં થાય. તેને તો હવે માન આપવું ઘટે. તેથી તે ઉલટી ગુસ્સે થઈ. મંત્રીને કહ્યું "રાજ સંભાળજો." હું વિમલાપુરી જાઉં છું. દેવોએ આવીને ચંદ્રરાજાને સમાચાર પહેલેથી આપ્યા. આકાશ માર્ગે વીરમતી આવી. ચંદ્રરાજ લશ્કર સાથે બહાર નીકળ્યો. કહે કે માતાજી ગુસ્સો ન કરો. તેના કહેવાથી તે વધારે ગુસ્સે થઈ. ચંદ્રરાજાએ બખ્તર પહેરેલ છે. વીરમતીએ તલવાર ફેંકી. તે ચંદ્રરાજાના બખ્તરને અડીને પાછી વળી અને વીરમતીને વિંધી નાખી. દેવતાઓએ ચંદ્રરાજા પર પુષ્પ વૃષ્ટિ કરી. વિમલાપુરીમાં ડંકા વગડાવ્યા. પ્રેમલા ખુશ થઇ.

પ્રેમલા, ચંદ્રરાજા સાથે સુખ ભોગવે છે. વીરમતીના મરણના સમાચાર આભાપુરીમાં પહોંચી ગયા. ગુણાવલી ઘણી ખુશ થઈ.

ગુણાવલીના પત્ર

ગુણાવલીએ પત્ર લખ્યો. અને લખ્યું કે–મારી બહેન પ્રેમલાલચ્છીનું સુખ સિદ્ધ કર્યું બરૂં? પણ હું તો હજી ઝુરી ઝુરીને દિવસો કાપું છું.

પોપટને કાગળ

ગુણાવલીએ પત્ર લખ્યો છે, ઝુરે છે. એટલામાં એક સૂડો આવ્યો. તું આમ કેમ છે? મને કહે હું તારું દુઃખ દૂર કરું. મારા પતિ પરદેશ છે માટે ચિંતા કરું છું. સૂડાએ કહ્યું "કાગળ લખીને મને આપ, હું તેને પહોંચાડી દઈશ." સૂડો આવ્યો ને પત્ર પહોંચાડયો. **ચ**ંદ્રરાજાને પત્ર મળતાં, રાણીને મળ્યા જેટલો જ આનંદ થયો.

આભાપુરી જવાનો વિચાર

ગુણાવલીનો પત્ર વાંચીને રાજા ઉદાસ થયો. **પ્રે**મલાએ ઉદાસપણાનું કારણ પુચ્છ્યું? ગુણાવલીનો પત્ર આવ્યો છે. **પ્રે**મલાએ કહ્યું મારી બહેનનો પત્ર આવ્યો હોય તો તેને અહિં તેડાવો. તેની દાસી થઇને હું રહીશ. **ચ**ંદ્રરાજાએ કહ્યું પ્રિયે! **વી**રમતીના દુભવેલા, સિમાડાના રાજા, રાજ્યને ઉપદ્રવ કરે. રાજ્યનું તો રક્ષણ કરવું જ જોઇએ. **પ્રે**મલા સમજી ગઇ. પિતાને સમજાવવા ગઇ. **આ**ભાનગરીથી તેડું આવ્યું છે. પતિદેવને ગયા વગર છુટકો નથી. રાજાએ **ચ**ંદ્રરાજાને જવા માટે ખુશીથી રજા આપી. પુત્રીને પુચ્છ્યું તારી શું ઇચ્છા છે? **પ્રે**મલા બોલી કે "જ્યાં કાયા ત્યાં છાયા, જ્યાં પતિ ત્યાં પત્ની. પતિ સાથે જવાની."

મકરધ્વજ રાજાએ પુત્રીને આપવા યોગ્ય બધું આપ્યું અને શિખામણ પણ આપી. **ચ**ંદ્રરાજાને આપવા યોગ્ય આપ્યું અને કહ્યું કે અમારી પુત્રી તમારે આધીન છે, તેને સંભાળજો. અમોને પણ સંભાળજો. બધાએ રજા આપી. **ચ**ંદ્રરાજાને તિલક કર્યું. ચાલતાં તલાટીએ વંદના કરી. **વિમલાચલ** પર ચઢયા. જાત્રા કરી.

લીલાધરનું આવવું

શીવકુમાર નટ વગેરેને સાથે લીધા. રોજ નાટક વગેરે જોતાં, રોજ પ્રયાણ કરે છે. માર્ગમાં **પો**તનપુર આવ્યું કે જ્યાં કુકડાનો અવાજ સાંભળી **લી**લાધર પરદેશ ગયો હતો. તે પણ તે જ દિવસે **પો**તનપુર આવ્યો. ત્યાં **લી**લાવતીને કુકડાની ઉપર પ્રેમ હતો એટલે તેને જમવા નોતરી અને સાસરવાસો સારી રીતે આપ્યો.

રાત્રે ચમત્કાર

ઇંદ્રમહારાજે સભામાં કહ્યું કે–**વી**રમતીએ ગુણાવલીના પતિ **ચ**ંદ્રરાજાને કુકડો કર્યો હતો. તે **ચ**ંદ્રરાજા થયો છે. તેને કોઈ શીલથી ચુકવી શકે તેમ નથી. શ્રદ્ધા નહિં કરનારો એક દેવ પરીક્ષા કરવા આવ્યો. સ્ત્રીનું રૂપ લઇ તે એક સ્થાનમાં કરુણ રુદન કરે છે. તેથી **ચ**ંદ્રરાજા

ત્યાં જાય છે. પુચ્છયું કે હે સુંદરી! તું અહીં એકલી કેમ ? તે બોલી મારું દુઃખ દૂર કરો. તમે મને સ્વીકારો. મારી પ્રાર્થનાનો ભંગ ન કરશો. તું આવી અઘટિત વાત ન કર. તારા પતિ સાથે તને મેળવી આપું. તે રોષથી બોલી–હું મરી જઈશ તો સ્ત્રી હત્યાનું પાતક તને લાગશે. **ચંદ્ર** બોલ્યો કે તેના કરતાં શીયળ ભંગનું પાતક મોટું છે. તું મારી બહેન કે માતા છે. આ તારી જીદ છોડી દે. શીયળમાં તેને દૃઢ જાણી દેવોએ આકાશમાંથી પુષ્પ વૃષ્ટિ કરી. તે પોતાને સ્થાને ગઈ. **ચંદ્રરાજા પ્રેમલા** પાસે આવ્યો.

પોતનપુરથી પ્રયાણ

પોતનપુરથી આગળ પ્રયાણ શરુ થયું. રસ્તામાં આવતાં રાજાઓએ નજરાણું આપ્યું અને કન્યાઓ પરણાવી. ક્રમે સાતસો કન્યાઓને પરણ્યા. પોતાના નગર **આ**ભાપુરીએ પહોંચ્યા. સામૈયું કર્યું. સાતસો રાણીઓને જુદા જુદા મહેલ આપ્યા. પોતે **ગુ**ણાવલીના મહેલે ગયા. **ગુ**ણાવલીએ સુંદર રસવતીથી પતિને જમાડયા. **ચં**દ્રરાજા સુખ ભોગવે છે. સાતસો રાણીઓમાં શોક્ય ભાવ નથી. **ગુ**ણાવલીને પટરાણી બનાવે છે.

ચંદ્રરાજા અને ગુણાવલી

એક અવસરે સુખ દુઃખની વાત કરવા, રાજા અને **ગુ**ણાવલી રાણી બેઠાં છે. અમૃત કરતાએ મીઠી વાતો કરે છે. સોળ વર્ષ વિરહમાં કેમ કાઢયા? તે સમય તો કાઢયો, પણ ખરેખર હું **પ્રે**મલાલચ્છીનો આભાર માનું છું કે–**સિ**દ્ધાચલ પર ગયા ને મારો પતિ કર્યો. રાજાએ મશ્કરીમાં કહ્યું કે–"મારો તો આભાર જ નહિ?" તમારો ઉપકાર તો કેમ ભુલાય? સાસુની અવળી શિખામણે ચઢી, તેનું ફળ આ જ ભવમાં ભોગવ્યું. **શિ**વમાળા સાથેના જે દિવસો ગયા તે તો જુદા જ ગયા. **ચં**દ્ર બોલ્યો આ બધી વાત મારા મગજ બહાર નથી.

નટને બદલો

ચંદ્રરાજાએ સભા ભરી **શિ**વકુમાર નટને બોલાવ્યો. ગામો અને બીજો ગરાસ નટને ભેટ આપ્યો.

ગુણાવલીને શુભ સ્વપ્ને સુચિત ગર્ભ રહ્યો. ક્રમે પુત્ર જન્મ્યો. **ગુ**ણશેખર એવું તેનું નામ પાડયું. **પ્રે**મલાલચ્છીને પુત્ર જન્મ્યો. તેનું નામ **મ**ણિશેખર પાડયું. બન્ને કુમારો શોભે છે. **ચં**દ્રરાજા ત્રણ ખંડનું રાજ્ય ભોગવે છે.

ચંદ્રરાજા ગુણાવલી વગેરે સહિત સિદ્ધાચલની યાત્રાએ ગયા છે. ત્યાં પ્રતિમાઓ ભરાવે છે અને પ્રતિષ્ઠા કરે છે.

એક વખત વિહાર કરતાં શ્રી મુનિસુવ્રતસ્વામી પધાર્યા છે. સમવસરણ થાય છે. વધામણી આવે છે. રાજા સકલ પરિવાર સાથે વંદન કરવા જાય છે. અને દેશના સાંભળે છે. યથાશક્તિ સૌએ નિયમ લીધા. ચંદ્રરાજા પૂર્વભવના પોતાના કર્મની વાત પુછે છે. તીર્થંકર પરમાત્મા પૂર્વભવનો અધિકાર વિસ્તારથી જણાવે છે.

બધાના પૂર્વભવો

વૈદર્ભ દેશમાં તિલકપુરીમાં મદનભ્રમ રાજાને કમલમાલા પટરાણી અને તિલકમંજરી પુત્રી હતી. તે જૈન ધર્મની દ્વેષી હતી. સુબુદ્ધિ પ્રધાનને રૂપમતી પુત્રી હતી. તિલકમંજરી અને રૂપમતી બે બહેનપણીઓ હતી. તેમણે પ્રતિજ્ઞા કરી કે આપણે એક જ પતિને વરવું. રૂપમતી સાધુ–સાધ્વીની ભક્તિ કરે તે તિલકમંજરીને ન ગમે. સાધ્વીઓની નિંદા કરે. એક વખત બન્ને સખીઓ બેઠી હતી. સાધ્વી વહોરવા આવ્યા, રૂપવતી વહોરાવવા ગઈ. ત્યારે, મોતી થાળીમાં હતાં, એક ઝુમખું હતું. સાધ્વી વહોરીને આવ્યાં, ત્યાં કોઇ ન જાણે તેમ, તિલકમંજરીએ સાધ્વીના કપડાના છેડે તે બાંધ્યું. સાધ્વીના ગયા પછી ઝુમખું કયાં? તો કહે કે સાધ્વી લઇ ગયા, બોટું. ચાલ, નિર્ણય કરીએ. સાધ્વીએ ના કહી એટલે તેમના કપડાં તપાસ્યાં. તેથી બાંધેલું હતું ત્યાંથી નીકળ્યું. આથી સાધ્વી ગભરાઇ અને ગળે ફાંસો બાંધ્યો. પાડોશમાં રહેનારી સુરસુંદરીએ તે ફાંસો તોડી નાંખ્યો. આથી રાજપુત્રીએ નિબિડ કર્મ બાંધ્યું.

બન્નેના લગ્ન

સૂરસેન રાજા સાથે બન્ને સખીઓ પરણી. સાસરે ગઇ. તિલકમંજરીના પિતાએ એક નવી જાતની 'કાબર' પુત્રીને મોકલી. તે તેને રમાડે છે. રૂપવતીને આપતી નથી. એટલે તેણે પિતા પાસે તેવું પક્ષી મંગાવ્યું, પણ તેવું ન મળતાં 'કોસી' નામનું પક્ષી મોકલ્યું, તિલકમંજરી કાબરને બોલાવે તે બોલે. પણ કોસી બોલતી નથી. તેથી રોષમાં રૂપવતીએ તેની પાંખો છેદી. સોળ પહોર દુઃખ ભોગવી પક્ષી મરી ગયું. મરતાં દાસીએ તેને નવકાર સંભળાવ્યો. રૂપવતીને પશ્ચાતાપ થયો, કોસી મરીને વીરમતી થઈ અને આભાપુરીના રાજાને પરણી. રૂપવતી પશ્ચાતાપથી મરીને વીરસેન રાજાની ચંદ્રાવતી રાણીનો ચંદ્રકુમાર પણે પુત્ર થયો. સુરસુંદરીએ સાધ્વીનો ફાંસો તોડેલો એટલે તારી રાણી ગુણાવલી થઇ. તિલકમંજરી મરીને પ્રેમલાલચ્છી થઇ. કાબરનો જીવ કપિલાધાત્રી થઈ. સાધ્વી મરણ પામીને કનકધ્વજ થઇ. સૂરસેન મરણ પામીને શિવકુમાર નટ થયો. રૂપવતીની દાસી શિવમાલા થઇ. કાબરનો રક્ષક હિંસક મંત્રી થયો.

આ રીતે ભગવાન કહે છે કે–કર્મની આવી વિચિત્ર ગતિ છે. પૂર્વભવના તે તે કર્મના પરિણામે તે તે રીતે તમારે સંયોગ થયો અને કર્મ ભોગવવું પડયું.

ચંદ્રરાજાને વૈરાગ્ય

ચંદ્રરાજાને પૂર્વભવ સાંભળીને વૈરાગ્ય થયો. ત્યારે પ્રભુએ કહ્યું–વિલંબ શા માટે કરવો? **ચંદ્ર**રાજાએ **ગુણ**વલીને, **પ્રેમ**લાલચ્છીને બોલાવીને વાત કરી. તેઓ બોલી કે હમે સંસારમાં શા માટે રહીએ? આથી **ગુણ**શેખરકુમારને રાજગાદીએ બેસાડયો. **મણિ**શેખર આદિ પુત્રોને બીજાં બીજાં રાજ્યો આપ્યાં. સાતસો રાણીઓ, **સુ**મતિ મંત્રી અને **શિવ**કુમાર નટ તે પણ કહે કે અમે પણ સંયમ લઈશું.

દીક્ષા મહોત્સવ

ગુણશેખરકુમારે દીક્ષા મહોત્સવ કર્યો અને **ચંદ્ર**રાજા સાતસો રાણીઓ, મંત્રી, **શીવ**કુમાર, **શિવ**માલા બધાએ દીક્ષા લીધી.

ક્રમે ગિરિરાજ પર આવ્યા. કેવલજ્ઞાન પામ્યા. હજાર વર્ષ ચારિત્ર પર્યાય પાળી, ૩૦ હજાર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી **સિદ્ધાચલ** પર મોક્ષે ગયા. **સુ**મતિ મંત્રી, **શિવ**, **ગુણ**વલી, **પ્રેમ**લાલચ્છી વગેરે પણ કેવલજ્ઞાન પામી મોક્ષે ગયાં. **શિવ**માલા વગેરે અનુત્તર વિમાનમાં ગયા.

આ રીતે **સૂર્ય**કુંડના પ્રભાવ પર **ચંદ્ર**રાજાની કથા સંપૂર્ણ. (ચંદ્રરાજાનો રાસ)

શ્રીગિરિરાજના માહાત્મ્ય પર નાની નાની કથાઓ

(૧) સુશર્મા બ્રાહ્મણની કથા

* **મહા**વિદેહક્ષેત્રમાં **પશુ**ગ્રામમાં **સુ**શર્મા નામનો એક મૂર્ખ શિરોમણી બ્રાહ્મણ રહેતો હતો. તેને એક પત્ની, પુત્ર અને પુત્રી હતાં. નગરમાંથી ભીખ માગી લાવી જેમ તેમ નિર્વાહ કરતો હતો.

એક વખતે તે ગામમાં ભીખ માંગવા ગયો, આખો દિવસ ફરવા છતાં કંઈ પણ ભિક્ષા મળી નહિ તેથી કંટાળીને ખાલી પાત્રે ઘેર આવ્યો. તેથી સ્ત્રી તેના ઉપર ખૂબ ગુસ્સે થઇ. તેણે સમજાવવા છતાં તે સ્ત્રી શાંત થઈ નહિ એટલે **સુ**શર્માએ તેને એક પત્થર માર્યો. પત્થર મર્મસ્થાનમાં વાગવાથી થોડીવારમાં સ્ત્રી મરણ પામી. પોતાની માતાને મરણ પામેલી જોઇ પુત્ર–પુત્રી પિતાને કહેવા લાગ્યા કે, 'અરે અધમ બ્રાહ્મણ તે આ શું કર્યું? મારી માતાને મારી નાંખી?

*શ્રીશત્રુંજય ગિરિરાજ સ્પર્શના પુસ્તકના આધારે

પુત્રના વચનથી ક્રોધ પામેલા બ્રાહ્મણે પુત્ર અને પુત્રીને પણ મારી નાખ્યાં. ભાગવા જતાં રસ્તામાં ગાયથી સ્ખલના પામતાં ગાયને પણ મારી નાંખી.

આ રીતે ઘોર કૃત્ય કરવાથી તેને પકડવા માટે રાજપુરુષો તેની પાછળ પડ્યા. આથી ભયનો માર્યો નાસતાં નાસતાં **સુશર્મા** એક ખાડામાં પડ્યો અને તીવ્ર વેદના ભોગવી મરણ પામી સાતમી નરકમાં ઉત્પન્ન થયો.

સાતમી નરકમાં ઘોર વેદના ભોગવીને ત્યાંથી મરીને તે કોઈ વનમાં સિંહ થયો, ત્યાંથી ચોથી નરકમાં ગયો, પછી ચંડાલ થઈ ફરી સાતમી નરકમાં ગયો પછી ત્યાંથી મરી દૃષ્ટિવિષ સર્પ થયો.

એક વખતે રાફડા પાસે મહાવ્રતધારી મુનિવર જોવામાં આવતાં એકદમ ફુંફાડા મારતો મુનિને કરડવા દોડ્યો, પણ મુનિને ભય વિનાના જોતાં સર્પ વિચારમાં પડી ગયો કે 'મારા એક ફુંફાડાથી મનુષ્યો ભયભીત થઇને નાશભાગ કરી મૂકે છે જ્યારે આ મારાથી જરાયે ત્રાસ કેમ પામતો નથી ?' આમ વિચાર કરતો સર્પ મંદમંદ ગતિએ મુનિ પાસે પહોંચ્યો. તે વખતે મુનિ વિદ્યાધરોને **શ્રીશત્રુંજય** માહાત્મ્ય કહી રહ્યા હતા. તેથી તેને પણ સાંભળવામાં આવ્યું. લઘુકર્મપણાના યોગે સર્પને તરત જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી સર્પને પોતાના પૂર્વભવો સાંભળ્યા અને મુનિને ત્રણ પ્રદક્ષિણા કરી, નમસ્કાર કરી અનશન કરવાની ભાવના જાણી, મુનિએ અનશન કરાવ્યું. એટલે વિદ્યાધરોએ તે સર્પને **શ્રીસિદ્ધગિરિજી** ઉપર મૂકી દીધો. સર્પ મરણ પામી ઇશાન દેવલોકમાં સુંદર સ્વરૂપવાળો દેવ થયો. (રાયણ પગલાની દેરી પાસેના પગલાની દીવાલમાં સાપનો ગોખલો છે એમ મારો ખ્યાલ છે. સંપાદક)

(૨) મોર

એક વાર **શ્રીઆદિનાથ** પ્રભુ, **શ્રીશત્રુંજય** ગિરિવર પાસે ધ્યાનમાં રહેલા છે. ત્યાં એક મયૂર બીજા કેટલાક મયૂરો સાથે આવ્યો અને પોતાના પીંછા વડે પ્રભુને જાણે છત્ર ધરતો ન હોય તેમ ભક્તિથી પીંછા પહોળાં કરતો હતો.

ધ્યાનના અંતે પ્રભુએ મયૂરને બોધ કર્યો. ત્રણ દિવસ સુધી પ્રભુ મયૂરો સાથે ત્યાં રાયણ વૃક્ષ નીચે રહ્યા. વૃદ્ધ મયૂરનું મરણ નજીક જાણી પ્રભુએ તેને અનશન કરાવ્યું. મયૂર ચારે આહારનો ત્યાગ કરી શુભ ભાવનામાં મરણ પામી ચોથા દેવલોકમાં દેવ થયો. 'પોતાને સ્વર્ગ-

પ્રાપ્તિનું કારણ **શ્રીસિદ્ધગિરિ** તીર્થ છે, એમ જાણી પ્રભુને વંદન કરવા આવ્યો. ત્યાં પ્રભુએ તે દેવને મયૂરદેવ કહીને બોલાવ્યો. ત્યારે ઇન્દ્રે પૂછયું કે, 'હે સ્વામી! આ મયૂરદેવ કોણ?' પ્રભુએ કહ્યું કે, આ અહિં તીર્થ ઉપર દેશના સાંભળી શાંત થયો હતો અને જીવવધ ત્યજી દઈ અનશનવ્રત લીધું હતું. આ તીર્થના પ્રભાવે મયૂરતિર્યંચના ભવમાંથી ચોથા દેવલોકમાં દેવ થયો છે. અને આવતા ભવમાં આ તીર્થ ઉપર સિદ્ધિપદને પામશે. (રાયણના પગલાની દેરીની બાજુમાં ગોખલામાં મયૂર કોરેલો છે એવો મને ખ્યાલ છે—સંપાદક)

(૩) સિંહ

પ્રતિષ્ઠાનપુર નગરમાં એક બ્રાહ્મણ દિન-પ્રતિદિન હિંસામય યજ્ઞ કરાવતો હતો.

એક વાર યજ્ઞ ચાલી રહ્યો છે, ત્યાં કોઇ મુનિએ કહ્યું કે "ભરત મહારાજાએ ધર્મમય વેદ રચેલા છે, તે વેદના અર્થને બદલીને આ પેટભરૂ હિંસા કરી અનર્થ કરી રહ્યો છે?"

મુનિના વચનો સાંભળી આ બ્રાહ્મણ મુનિને મારવા જતાં વચમાં યજ્ઞસ્તંભ સાથે અથડાઇ મરણ પામ્યો. મુનિના દર્શનથી **સિદ્ધગિરિ** તીર્થસ્થાનમાં સિંહ થયો.

એક વાર **શ્રીશાંતિનાથ** ભગવાન ધ્યાનાસ્થ રહેલા છે, ત્યાં પેલો સિંહ આવ્યો. પ્રભુને મારવા માટે એકદમ કુદ્યો, પણ વચમાં પટકાઇ પડયો. આમ વારંવાર વચમાં પછડાવાથી સિંહ વિચારવા લાગ્યો કે 'વચમાં કોઇ નથી છતાં હું ફાળ કેમ ચૂકી જાઉં છું. નક્કી આ કોઇ મહાન પુરુષ લાગે છે.' આમ વિચારતાં પૂર્વભવનું સ્મરણ થઇ આવ્યું. ત્યાં પ્રભુએ તેને પ્રતિબોધ કર્યો અને કહ્યું કે, 'તેં પૂર્વભવમાં પાપ કર્મો કર્યાં તેથી તું તિર્યંચગતિમાં ઉત્પન્ન થયો છે. હાલમાં તીર્થંકરનું સાનિધ્ય મળવા છતાં અતિરોષ કરીને નરકની માતા તુલ્ય હિંસાને કેમ હજુ આચરે છે? પૂર્વભવમાં મુનિને મારવા જતાં તત્કાલ તને મરણ તુલ્ય ફળ મળ્યું, માટે જીવહિંસા છોડી દે અને દયામય ધર્મને આચર, બોધ પામ્યા વગર આ તીર્થની આરાધના કર, તીર્થના પ્રભાવે તને દેવગતિ મળશે અને એક અવતારે તારો મોક્ષ થશે'.

આવી પ્રભુની વાણી સાંભળતાં સિંહ પ્રભુનું ધ્યાન કરવા લાગ્યો અને મુનિના જેવો શાંત ચિત્તવાળો થયો. આયુષ્યના અંતે શુભ ભાવમાં મરણ પામી દેવલોકમાં ગયો. ત્યાંથી મનુષ્ય જન્મ પામી મોક્ષમાં જશે.

(૪) હંસ


કેટલાક મુનિવરો **શ્રીસિદ્ધગિરિજી** તરફ વિહાર કરી રહ્યા હતા. કોઇ જંગલમાં તરફડતો

મરણ સન્મુખ એક હંસ જોવામાં આવ્યો. એક મુનિએ હંસ પાસે આવીને કહ્યું કે, હે જીવ! ઘણા દુઃખદાયક આ સંસારરૂપ અરણ્યમાં શરણ રહિત ભમતો એવો તું શ્રીઅરિહંત ભગવંત, શ્રીસિદ્ધ ભગવંત, શ્રીસાધુ ભગવંત અને કેવલી પ્રણિત શ્રીજિનધર્મ આ ચાર શરણનો સ્વીકાર કર. વળી તેં જે જે જીવોની વિરાધના કરી હોય, હિંસા કરી હોય, તે સર્વ જીવોને તું ખમાવ. **શ્રીશત્રુંજય** તીર્થનું અને **શ્રીઆ**દિનાથ પ્રભુનું સ્મરણ કર'. આ પ્રમાણે કહીને મુનિએ તે હંસને **નવકાર મહામંત્ર** સંભળાવ્યો. મંત્રના પ્રભાવે પીડા રહિત થયેલો હંસ ગિરિરાજ પર સમાધિ પૂર્વક મૃત્યુ પામી સૌધર્મ દેવલોકમાં ઉત્તમ દેવ થયો.

આ તીર્થનો પ્રભાવ કહી પણ નિષ્ફળ જતો નથી, માટે સૌએ આ તીર્થનું એકાગ્રતા પૂર્વક ધ્યાન, જાપ, સ્મરણ, પૂજન, વંદન, સ્પર્શન વગેરે કરવું જોઇએ.

(૫) ગિરિરાજના પ્રભાવે વિદ્યાસિદ્ધિ

શ્રીગૌતમ સ્વામિજી પૂર્વના ત્રીજા ભવમાં **મ**હાવિદેહ ક્ષેત્રમાં **વે**ગવાન નામના વિદ્યાધર હતા. ત્યાં સાધના કરવા છતાં વિદ્યાઓ સિદ્ધ થઇ નહિ, એટલે **સિદ્ધ**ગિરિજી આવીને સાધના કરતાં તે બધી વિદ્યાઓ માત્ર બે મહિનામાં સિદ્ધ થઈ હતી.



પ્રકરણ ૪થું

શ્રીશત્રુંજય મહાતીર્થના ઉદ્ધારો

*ચોથા આરામાં થયેલા ઉદ્ધારો

(૧) શ્રી**ઋ**ષભદેવસ્વામિના વખતમાં **ભરતચક્રવર્તિ**નો.
(૨) ભરતચક્રવર્તિના વંશમાં **દંડવીર્ય** રાજાનો.
(૩) બીજા દેવલોકના ઇન્દ્ર **ઇશાનઇન્દ્ર**નો.
(૪) ચોથા દેવલોકના ઇન્દ્ર **મહેન્દ્ર**નો
(૫) પાંચમાં દેવલોકના ઇન્દ્ર **બ્રહ્મેન્દ્ર**નો.
(૬) ભવનપતિના ઇન્દ્ર **ચમરેન્દ્ર**નો.
(૭) શ્રી**અ**જિતનાથ પ્રભુના સમયમાં **સગરચક્રવર્તિ**નો.
(૮) **વ્યંતરેન્દ્ર**નો
(૯) શ્રી**ચ**ન્દ્રપ્રભસ્વામિના વખતમાં **ચંદ્રયશારાજા**નો.
(૧૦) શ્રી**શાં**તિનાથ ભગવાનના સમયમાં **ચક્રાયુધરાજા**નો.
(૧૧) શ્રી**મુ**નિસુવ્રતસ્વામિના વખતમાં **શ્રીરામચંદ્રજી**નો.
(૧૨) શ્રી**ને**મનાથ ભગવાનના શાસનમાં **પાંડવો**નો.

---

*શ્રીશત્રુંજય ગિરિરાજ સ્પર્શના પુસ્તિકા. (લે. મુનિશ્રી મિત્રાનંદ વિજયજી, પ્રકાશક સોમચંદ ડી. શાહ) ના આધારે આ વિષય લીધો છે.

પાંચમા આરામાં થયેલા ઉદ્ધારો અને થનાર ઉદ્ધાર

(૧૩) શ્રી**મ**હાવીરસ્વામિજીના તીર્થમાં **જાવડશાનો.**
(૧૪) શ્રી**ધ**નેશ્વરસૂરીશ્વરજીના ઉપદેશથી[1] **શિલાદિત્યરાજાનો.**
(૧૫) **સમરાશા ઓસવાલનો** કરેલો ઉદ્ધાર.
(૧૬) **કર્માશા**એ કરેલો ઉદ્ધાર.
(૧૭) શ્રી**દુ**ષ્પસહસૂરીશ્વરજીના ઉપદેશથી છેલ્લો ઉદ્ધાર **વિમલવાહન** રાજા કરાવશે.

શત્રુંજય કલ્પમાં કહ્યું છે કે, 'અસંખ્ય પ્રતિમાઓ અને અસંખ્ય ચૈત્યો જ્યાં થયા તે **શ્રીશત્રુંજય** મહાતીર્થ જયવંત વર્તો.'

આ અવસર્પિણીમાં મોટા સોળ ઉદ્ધારો થયા અને સત્તરમો ઉદ્ધાર થશે. નાના–નાના ઉદ્ધારો તો અસંખ્ય થઈ ગયા છે અને હજુ સેંકડો થશે.

ઉદ્ધારોનું વર્ણન

ઉદ્ધાર પહેલો–ભરત મહારાજાનો

શ્રી**ઋ**ષભદેવ ભગવંતને સો પુત્ર હતા, તેમાં સૌથી મોટા **ભ**રત મહારાજા. જે દિવસે **ઋ**ષભદેવ ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું તે જ દિવસે **ભ**રત મહારાજાની આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું હતું. આથી **ભ**રત મહારાજા વિચારમાં પડયા કે પહેલું પૂજન કોનું કરવું? વિચાર કરતાં લાગ્યું કે ચક્રરત્નની પૂજા આલોકની ઋદ્ધિ અપાવશે, જ્યારે તીર્થંકર પરમાત્માની ભક્તિ આલોક અને પરલોકની ઋદ્ધિ અપાવશે, માટે પહેલાં તીર્થંકર ભગવાનનો કેવળજ્ઞાન મહોત્સવ કરવો.

આ પ્રમાણે નક્કી કરી **ભ**રત મહારાજાએ પ્રથમ પ્રભુના કેવળજ્ઞાનનો ઉત્સવ કરી પછી ચક્રરત્નનું પૂજન કર્યું. ત્યારબાદ ચક્રરત્નની સહાયથી **ભ**રતક્ષેત્રના છ ખંડ સાધ્યા.

ભગવાન ગામોગામ વિચરી અનેક જીવોનો ઉપકાર કરવા લાગ્યા. એક વખત **શ્રીઆ**દિનાથ ભગવંત પોતાના ગણધર આદિ પરિવાર સહિત આ ગિરિરાજ ઉપર આરોહણ કરી **રા**યણ વૃક્ષ નીચે સમવસર્યા. ત્યાં આસન કંપથી પ્રભુનું આગમન જાણી દેવતાઓએ ત્યાં સમવસરણ રચ્યું. સમવસરણમાં સિંહાસન ઉપર બેસી પ્રભુએ દેશના આપી. ત્યારબાદ **શ્રીસિદ્ધ**ગિરિવરનું માહાત્મ્ય

---

૧ નવ્વાણું પ્રકારી પૂજામાં ચૌદમો ઉદ્ધાર બાહડ મંત્રીએ કરાવ્યો એમ કહે છે.

પ્રકાશ્યું. વિહાર કરતાં પુંડરીક સ્વામિને કહ્યું કે–અત્રે સ્થિરતા કરો. આ ગિરિરાજના પ્રતાપે તમોને અને તમારા પરિવારને કેવળજ્ઞાન ઉત્પન્ન થશે–ગિરિરાજનો મહિમા વધશે.

આવા પ્રભુના આદેશથી **શ્રીપુ**ંડરીક ગણધર ભગવંત પાંચ ક્રોડ મુનિવરો સાથે ત્યાં જ રહ્યા અને અનશન કર્યું. પાંચક્રોડ મુનિવરો સાથે શ્રીપુંડરીકસ્વામિજીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, અને ચૈ. સુ. ૧૫ના મોક્ષે ગયા. ત્યારથી આ તીર્થ **શ્રીપુંડરીકગિરિરાજ** નામથી પ્રસિદ્ધ થયું.

જ્યાં માત્ર એક મુનિ સિદ્ધ થાય તે પણ **તીર્થ** કહેવાય છે, તો **શ્રીશત્રુંજય** ગિરિવર ઉપર આટલા બધા મુનિવરો સિદ્ધ થયા તેથી તે તીર્થોત્તમ તીર્થ કહેવાય છે.

એકવાર **ભ**રત મહારાજાએ પ્રભુ મુખથી સંઘપતિના પદનું વર્ણન સાંભળતાં, તેમને સંઘપતિ થવાની ભાવના થઇ અને પ્રભુને વિનંતિ કરતાં પ્રભુએ વાસચૂર્ણનો નિક્ષેપ કર્યો. એટલે શક્રેન્દ્રે દિવ્યમાળા મંગાવી **ભ**રત મહારાજા અને તેમની પત્ની **સુ**ભદ્રાના કંઠમાં પહેરાવી.

ભરતજીએ મોટા સંઘ સહિત અને સુવર્ણના મંદિર સહિત શ્રીગિરિરાજની યાત્રા માટે પ્રયાણ કર્યું. ગામોગામ પડાવ કરતાં અને પ્રભુ ભક્તિ કરતાં અનુક્રમે **સૌ**રાષ્ટ્ર દેશમાં આવ્યા, ત્યાં **સૌ**રાષ્ટ્રના અધિપતિ **શ**ક્તિસિંહે **ભ**રત મહારાજાનું સન્માન કર્યું.

દૂરથી ગિરિરાજના દર્શન થતાં સંઘ સહિત **ભ**રત મહારાજાએ ગિરિરાજની સ્તવના કરી, પછી **શ્રીના**ભગણધરને પુચ્છ્યું કે, આ ગિરિરાજની કેવી રીતે પૂજા કરવી ? અને અહીં શી શી ક્રિયા કરવી ?

શ્રીનાભગણધરે જણાવ્યું કે 'જ્યારે આ ગિરિવર નજરે પડે ત્યારે પ્રથમ નમસ્કાર કરવો, જે કોઇ ગિરિરાજના દર્શનની પ્રથમ વાત જણાવે તેને દાન આપવું, તેથી પુણ્યની વૃદ્ધિ થાય છે. દર્શન થતાં ગિરિવરને સોનું, મણિ રત્ન વગેરેથી વધાવવો, વાહનનો ત્યાગ કરી પૃથ્વી ઉપર આળોટી પંચાંગ નમસ્કાર કરી, પ્રભુના ચરણોની જેમ ગિરિરાજની સેવા કરવી, ત્યાં સંઘનો પડાવ નાંખી ઉપવાસ કરવો, સ્નાન કરી શુદ્ધ થઇ સંઘ સાથેના દેવાલયમાં સ્નાત્ર પૂજા કરવી, પછી સંઘના પડાવની બહાર પવિત્ર જગ્યા ઉપર **શ્રીશત્રુંજય** સન્મુખ પૂજાનો ઉત્સવ કરવો.

આ પ્રમાણે સાંભળી **ભ**રત મહારાજાએ બધી વિધિ કરી, પછી અનુક્રમે શ્રીગિરિરાજ પાસે આવી પહોંચ્યા. ત્યાં વાર્ધકીરત્ન પાસે સંઘનો પડાવ કરાવ્યો.

બીજે દિવસે ગણધર ભગવંતો વગેરે સાથે ભરત મહારાજાએ ગિરિરાજ ઉપર આરોહણ કર્યું. સૌધર્મેન્દ્ર ત્યાં આવ્યા. બંને પરસ્પર ભેટ્યા, પછી ઇન્દ્રની સાથે ભરત મહારાજાએ રાયણ વૃક્ષની હર્ષથી પ્રદક્ષિણા કરી. ત્યાં ઇન્દ્ર ઋષભદેવ ભગવંતની જે પાદુકા પોતે બનાવી હતી તે બતાવી, એટલે ભરતેશ્વરે પાદુકાને નમસ્કાર કર્યો.

પછી ઇંદ્રે ભરત મહારાજાને કહ્યું કે, આ તીર્થ ઉપર પ્રભુની મૂર્તિ વિના કોઇ કદી પણ શ્રદ્ધા કરશે નહિ. પ્રભુના ચરણથી પવિત્ર થયેલો આ ગિરિ સ્વયં તીર્થરૂપ જ છે, તો પણ લોકોની ભાવનાની વિશેષ પ્રકારે શુદ્ધિને માટે અહીં શ્રીજિનેશ્વરદેવનો એક ભવ્ય વિશાળ પ્રાસાદ થવો જોઈએ, માટે ચોર્યાસી મંડપથી મંડિત એક મહાન જિન પ્રાસાદ કરાવો.

ઇંદ્રની વિનંતીથી ભરત મહારાજાએ દિવ્ય શક્તિવાળા વાર્ધકીરત્ન પાસે ત્રૈલોક્યવિભ્રમ નામનો એક ભવ્ય પ્રાસાદ બનાવરાવ્યો. પૂર્વ દિશામાં સિંહનાદ વગેરે એકવીશ મંડપો, દક્ષિણ દિશામાં ભદ્રશાલ વગેરે એકવીશ મંડપો, પશ્ચિમ દિશામાં મેઘનાદ વગેરે એકવીશ મંડપો. અને ઉત્તર દિશામાં શ્રીવિશાળ પ્રમુખ એકવીશ મંડપો બનાવરાવ્યા. જિનમંદિરના મુખ્ય માર્ગમાં સેંકડો સૂર્યની પ્રભાની જાણે રાશિ ન હોય તેવી તેજસ્વી રત્નમય શ્રીઋષભદેવ ભગવાનની ચતુર્મુખ પ્રતિમા તથા બન્ને બાજુ શ્રીપુંડરીકસ્વામિની મૂર્તિ તથા ભગવાનની મૂર્તિની પાસે ખડ્ગ ખેંચીને ઉભેલા નમિ-વિનમિની મૂર્તિ પણ સ્થાપન કરાવી. તે સિવાય શ્રીનાભિરાજા, શ્રીમરુદેવી માતા, સુનંદા, સુમંગલા, બ્રાહ્મી, સુંદરી તથા બીજા કેટલાક પૂર્વજોની રત્નમય પ્રતિમા પણ સ્થાપન કરાવી.

ત્યારબાદ બીજા નવીન મંદિરો કરાવીને શ્રીઅજિતનાથ ભગવાન આદિ ત્રેવીશ તીર્થંકરોના પોત પોતાના દેહ અને વર્ણ પ્રમાણે શાસનદેવતા સહિત રત્નમય બિમ્બો પણ પધરાવ્યાં. આ રીતે ભરત મહારાજાએ ગિરિરાજ ઉપર મંદિરોનું નગર બનાવ્યું.

સર્વ બિમ્બોની પ્રતિષ્ઠાવિધિ-અંજનશલાકા શ્રીનાભગણધર પાસે કરાવી. તે વખતે વિધિમાં જોઇતી સઘળી વસ્તુઓ ઇન્દ્રમહારાજાએ હાજર કરી હતી. (પ્રભુની પ્રતિમા ભરાવ્યા બાદ અંજનશલાકા થાય ત્યારે જ પૂજનિક બને છે. વર્તમાનમાં પણ અનેક સ્થળોએ અંજનશલાકા મહોત્સવમાં આ સઘળી વિધિ કરાવવામાં આવે છે.)

ગોમુખ નામનો યક્ષ અને **ચક્રેશ્વરી** નામે શાસન દેવી **શ્રીશત્રુંજય** તીર્થની રક્ષણ કરનારા સ્થાપ્યાં.

ભરત મહારાજાએ આ અવસર્પિણીમાં **શ્રીસિદ્ધગિરિજીનો પહેલો ઉદ્ધાર કરાવ્યો.** છેલ્લે ભરતમહારાજા આરીસાભુવનમાં કેવળજ્ઞાન પામી, દેવોએ આપેલો સાધુવેશ ગ્રહણ કરી પૃથ્વી-ઉપર વિચરી આયુષ્ય પૂર્ણ થયે મોક્ષમાં ગયા.

ઉદ્ધાર બીજો-દંડવીર્ય રાજાનો

ભરત મહારાજાના મોક્ષગમન બાદ છ કોટી પૂર્વ પસાર થયા તે વખતે તેમના વંશમાં આઠમા રાજા **દંડવીર્ય** નામે થયા. તે **શ્રીઋષભદેવ** પ્રભુ ઉપર દઢ ભક્તિવાળા હતા.

એકવાર દંડવીર્યરાજા શ્રીસંઘસહિત **શ્રીસિદ્ધગિરિજી**ની યાત્રા માટે પ્રયાણ કરતાં કાશ્મીર દેશ છોડીને આગળ વધતાં વચમાં બે પર્વતોએ માર્ગ રૂંધેલો જણાતાં, દંડવીર્ય રાજાએ ઉપદ્રવ કરનાર દેવતાને વશ કરી આગળ પ્રયાણ કરતાં-કરતાં ભરત મહારાજાની જેમ **શ્રીશત્રુંજય** તીર્થની યાત્રા કરી.

દંડવીર્યરાજા વગેરેએ **શ્રીઋષભદેવ** ભગવંતની પ્રતિમા, પગલાં. રાયણવૃક્ષ વગેરેની ત્રણ ત્રણ વાર પૂજા કરી, ત્યારબાદ દેવપૂજા તથા મહોત્સવ વગેરે શુભ કાર્યો કર્યાં.

શ્રીઋષભદેવપ્રભુના જીર્ણ થઈ ગયેલા પ્રાસાદ જોઇ દંડવીર્ય રાજાને મંદિરોનો ઉદ્ધાર કરવાની ભાવના થઈ. ઇન્દ્રની આજ્ઞા મેળવી **શ્રીશત્રુંજય તીર્થનો બીજો ઉદ્ધાર કરાવ્યો.** ત્યારબાદ એજ રીતે **શ્રીગિરિનારજી, આબુજી, વૈભારગિરિ, અષ્ટાપદ** અને **સંમેત શિખર**ની યાત્રા કરી ઉદ્ધાર કરાવ્યો.

અંતે તેઓ પણ આરીસાભુવનમાં કેવળ જ્ઞાન પામી મુનિવેષ અંગીકાર કરી અર્ધપૂર્વ જેટલો દીક્ષાપર્યાય પાળી મોક્ષે ગયા.

ઉદ્ધાર ત્રીજો-ઇશાન ઇન્દ્રનો

શ્રીદંડવીર્ય રાજાએ બીજો ઉદ્ધાર કરાવ્યાને સો સાગરોપમ પસાર થયા બાદ, એક વાર બીજા દેવ લોકના ઇશાન ઇન્દ્રે **મહાવિદેહ** ક્ષેત્રમાં પ્રભુ પાસે **શ્રીશત્રુંજય** તીર્થનો મહિમા સાંભળી ક્ષણવારમાં શ્રીશત્રુંજય તીર્થ ઉપર આવ્યા. ત્યાં વંદન સ્તુતિ કરી અઠ્ઠાઇમહોત્સવ કર્યો.

અર્હત્ ભગવંતોના પ્રાસાદો કાળના પ્રભાવે જીર્ણ થયેલા જોઇ ઇશાનેન્દ્ર શ્રીગિરિવર ઉપર નવા પ્રસાદો બનાવી **ત્રીજો ઉદ્ધાર કરાવ્યો.**

ઉદ્ધાર ચોથો–માહેન્દ્ર ઇન્દ્રનો

શ્રીઇશાનેન્દ્રના ઉદ્ધાર કર્યા બાદ એક ક્રોડ સાગરોપમ જેટલો કાળ ગયા પછી એક વાર ઘણા દેવતાઓ **શ્રીસિદ્ધગિરિની** ચૈત્રી પુનમની યાત્રા કરવા આવ્યા. તે વખતે હસ્તિસેન નગરમાં ક્રોડ દેવીઓના પરિવારવાળી, મહાબળવાળી મિથ્યાદૃષ્ટિ **સુહસ્તિની** નામની દેવી ઉભી હતી, તે દેવીએ **તાલધ્વજ** (તળાજા) વગેરે પરના ક્ષેત્રપાલોને પોતાને વશ કરી બધું તીર્થ અવ્યવસ્થિત કરી નાંખ્યું હતું.

જ્યારે આ દેવો **શ્રીશત્રુંજય** તીર્થની નજીક આવ્યા ત્યારે આ દેવીએ માયાથી ઘણા **શત્રુંજયો** બનાવ્યા. આ જોઇ દેવો વિચારમાં પડી ગયા અને આશ્ચર્ય પામ્યા. બધા **શત્રુંજયો** ઉપર યાત્રા ભક્તિ અઠાઇ મહોત્સવ કરીને જવાની જ્યાં ઇચ્છા કરે છે, ત્યાં બધા **શત્રુંજયો** અદૃશ્ય થઇ ગયા. આથી દેવોને લાગ્યું કે નક્કી આપણાથી કંઈ આશાતના થઈ હશે એટલે આ તીર્થો અદૃશ્ય થઈ ગયાં. અથવા તો શું આપણે ગિરિરાજથી દૂર આવી ગયા કે તીર્થ સ્વયં સ્વર્ગમાં ચાલી ગયું.

અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકતાં ખબર પડી. અહો ? આ દુષ્ટ દેવીએ આપણને ઠગ્યા છે, માટે તેને શિક્ષા કરવી જોઇએ. તુરતજ દેવોએ મહાઘોર કોપ જ્વાળા તે દેવી ઉપર મૂકી. એટલે તેજોગ્નિથી અત્યંત બળી, બળતી તે દેવીએ દેવતાઓની માફી માંગી અને પ્રભુના ચરણનું શરણું સ્વીકાર્યું. આથી તેને છોડી અને કહ્યું જો ફરી આવુ દુષ્ટ કાર્ય કરીશ તો તારૂં સ્થાન રહેશે નહિ. તેથી તે હસ્તિની દેવી ફરીથી તીર્થની આશાતના નહિ કરવાના સોગંદ ખાઇ હસ્તિસેન પુરમાં ચાલી ગઇ.

તે વખતે ચોથા દેવલોકના માલિક **મા**હેન્દ્ર નામના ઇંદ્રે **શ્રીશત્રુંજય**ગિરિ ઉપરના પ્રસાદો જીર્ણ થયેલા જોયા. 'અહો ? આવા જગત હિતકારી તીર્થ ઉપર આવી જીર્ણતા કેમ થઇ હશે ? જરૂર તે દુષ્ટ દેવીનું જ કાર્ય લાગે છે' આમ મનમાં ચિંતવન કરતાં **મા**હેન્દ્રે વાર્ધકી દેવની પાસે નવીન પ્રાસાદો કરાવ્યા અને બીજા શિખરોનો પણ ઉદ્ધાર કરી નવાં કરાવ્યાં.

ઉદ્ધાર પાંચમો–બ્રહ્મેન્દ્રનો

માહેન્દ્ર ઇન્દ્રે ઉદ્ધાર કરાવ્યાને દશકોટી સાગરોપમ જેટલો કાલ ગયા પછી, એક વખતે **ઐ**રવત ક્ષેત્રમાં દેવો જિન જન્મોત્સવ કરી **શ્રીન**ંદીશ્વરદ્વીપની યાત્રાએ ગયા. આઠ દિવસસોનો મહોત્સવ કરી, આ ભરતક્ષેત્રમાં **વિમલાચલ**ગિરિ ઉપર **શ્રીઆ**દિનાથ ભગવંતના દર્શને આવ્યા, આઠ દિવસ સુધી ઉત્તમ પ્રકારે ભક્તિ કરી.

તે વખતે પાંચમા દેવલોકના ઇન્દ્ર **બ્રહ્મેન્દ્રે** પ્રભુના પ્રાસાદો જીર્ણ થયેલા જોઈ દિવ્ય-શક્તિથી નવા પ્રાસાદો કરાવી પાંચમો ઉદ્ધાર કરાવ્યો.

ઉદ્ધાર છઠ્ઠો-ચમરેન્દ્રનો

બ્રહ્મેન્દ્રે કરેલા ઉદ્ધાર પછી લાખ કોટી સાગરોપમ જેટલો કાળ વ્યતિત થયો ત્યારે **ચમ**રેન્દ્ર આદિ ભવનપતિ દેવલોકના ઇન્દ્રો **નંદીશ્વર**દ્વીપે ગયા હતા, ત્યાં બે વિદ્યાધર મુનિરાજો પાસે **શ્રીસિદ્ધગિરિ**નો મહિમા સાંભળતાં મુનિરાજોની સાથે શ્રીગિરિરાજની ઉપર યત્રાએ આવ્યા, ત્યાં તીર્થ ઉપર રહેલા પ્રાસાદો જીર્ણ થઇ ગયેલા જોતાં નવા પ્રાસાદો બનાવરાવ્યા. પછી દેવતાઓ પોતપોતાના સ્થાને ગયા. અહીં એક વાત ખાસ સમજી લેવી રહી કે 'વસ્તુનો સ્વભાવ જીર્ણ થવાનો છે, દેવશકિતથી બનેલી વસ્તુ કદાચ અધિક સમય ટકી શકે. તો પણ તે જીર્ણ તો થાય જ ? કારણ કે તે ઔદારિક છે.

ઉદ્ધાર સાતમો-સગરચક્રવર્તીનો

શ્રીઅજિતનાથ ભગવાનના વખતમાં બીજા ચક્રવર્તી **સ**ગર નામે થયા.

સગર ચક્રવર્તી **ભ**રતક્ષેત્રના છ ખંડની સાહ્યબી અખંડ રીતે ભોગવતા હતા.

એક વાર શ્રી**અ**જીતનાથ ભગવાનના મુખે **શ્રીશત્રુંજય**ગિરિરાજનું માહાત્મ્ય સાંભળ્યું. અને તેમના ઉપદેશથી **શ્રીશત્રુંજયની** યાત્રાનો મોટો સંઘ કાઢ્યો.

ચક્ર રત્નના બતાવેલા માર્ગે સંઘ આગળ ને આગળ પ્રયાણ કરે છે. સંઘ માર્ગમાં દરેક ગામમાં શ્રીજિનેશ્વર દેવની પૂજા, મુનિજનોને વંદના, સાધર્મિક ભક્તિ, દાન વગેરે કાર્યો કરતાં **શ્રીસિદ્ધાચલજી** પાસે આવી પહોંચ્યો. ચક્રીએ ત્યાં સારી રીતે તીર્થ દર્શન નિમેત્તો અઠ્ઠાઈ-મહોત્સવ કર્યો. **સિદ્ધગિરિજી** આવી પહોચ્યા. ત્યાં ચૌદ નદીઓમાંથી તીર્થજળ મેળવી સગર ચક્રવર્તી વગેરે **શ્રીગિરિરાજ** ઉપર ચઢી રાયણવૃક્ષ પાસે આવ્યા. ત્યાં ઇન્દ્ર પણ ભક્તિથી આવ્યા હતા. ચક્રવર્તી અને ઇન્દ્ર બંન્ને પરસ્પર મળ્યા. **ભ**રત મહારાજાની જેમ તીર્થમાં સ્નાત્રપૂજાદિ મહોત્સવો કર્યો.

ઇન્દ્રે **સ**ગર ચક્રવર્તીને કહ્યું કે આ શાશ્વત તીર્થમાં તમારા પૂર્વજ **ભ**રત મહારાજાના પુણ્યને વધારનારૂં આ કર્તવ્ય જૂઓ. ભવિષ્યના કાળમાં મલિન હૃદયવાળા લોકો મણિ, રત્ન, રૂપા અને સુવર્ણના લોભથી આ પ્રાસાદની અને પ્રતિમાની કદાચ આશાતના કરશે, માટે ઇન્દ્રની જેમ તમે પણ આ પ્રાસાદની કંઈક રક્ષા કરો.'

આ સાંભળી સગર ચક્રવર્તી વિચારવા લાગ્યા કે મારા પુત્રો ગંગા નદી લાવ્યા, તો હું તેમનો પિતા થઇ, જો સમુદ્ર લાવું તો તેમનાથી વિશેષ થાઉં, નહી તો માનહીન થાઉં.

આમ વિચાર કરી યક્ષો દ્વારા સમુદ્રને ત્યાં લાવ્યા. ત્યારે ઇન્દ્રે સગર ચક્રવર્તીને કહ્યું કે 'હે ચક્રી! આ તીર્થ વિના બધી ભૂત સૃષ્ટિ નિષ્ફળ છે. અષ્ટાપદ તીર્થનો માર્ગ રૂંધાઇ ગયો. હવે આ તીર્થ પ્રાણીઓને તારનાર છે, પણ જો સમુદ્રના જળથી આ તીર્થ રૂંધાશે તો આ પૃથ્વી ઉપર બીજું કોઇ તીર્થ પ્રાણીઓને તારનાર મારા જોવામાં આવતું નથી. જ્યારે શ્રીતીર્થંકર દેવ જૈનધર્મ અને જૈનઆગમ પૃથ્વી ઉપર રહેશે નહિ ત્યારે માત્ર આ સિદ્ધગિરિ જ લોકોના મનોરથ સફળ કરનારો થશે'.

આ સાંભળી સગર ચક્રવર્તીએ લવણદેવને કહી સમુદ્રને અટકાવી દીધો, પછી ઇન્દ્રના કહેવાથી રત્નમણીમય પ્રભુની મૂર્તિઓ સુવર્ણ ગુફામાં મુકાવી દીધી અને સુવર્ણની મૂર્તિઓ અને સોના-રૂપાના પ્રાસાદો બનાવરાવી તીર્થનો ઉદ્ધાર કર્યો.

આ રીતે સગર ચક્રવર્તીએ સાતમો ઉદ્ધાર કરાવી, બીજા તીર્થોની યાત્રા કરી, અયોધ્યામાં ગયા અને દીક્ષા લઈ સઘળા કર્મોનો ક્ષય કરી બોત્તેર લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કરી સમ્મેતશિખર ઉપર મોક્ષે ગયા.

આઠમો ઉદ્ધાર-વ્યંતરેન્દ્રનો

અભિનંદન સ્વામિજી પૃથ્વીતલને પાવન કરતા, એકવાર શ્રીશત્રુંજયગિરિવર ઉપર રાયણવૃક્ષ નીચે સમવસરી સુંદર પ્રકારે દેશના આપતા જણાવ્યું કે-'આ શત્રુંજય ગિરિવર, કામ, ક્રોધ, મદ, માન, લોભ, વિષયાદિ અભ્યંતર શત્રુઓનો નાશ કરનાર, સર્વપાપોને દૂર કરનાર, મોક્ષનું લીલાગૃહ છે, અહીં કલ્યાણકુંભ જેવા સર્વ કલ્યાણનું કારણ અને સુવર્ણ વર્ણવાળા શ્રીઆદિનાથ પ્રભુ રહેલા છે. અરિહંતો મોક્ષમાં ગયે છતે અને કેવળજ્ઞાનરૂપી પ્રકાશ નાશ પામે છતે આ તીર્થ જ સર્વ કલ્યાણને કરનારૂં થશે. જેઓ આ તીર્થમાં આવી ભક્તિથી ભગવાનનું ધ્યાન, પૂજન વગેરે કરે છે, તેઓ થોડા જ કાળમાં મોક્ષસુખને પ્રાપ્ત કરે છે.' ઇત્યાદિ દેશના સાંભળી વ્યંતર નિકાયના ઇન્દ્રોએ શ્રીસિદ્ધગિરિજીના પ્રાસાદો જીર્ણ થયેલ જોઈ ભક્તિથી તીર્થના પ્રાસાદોનો ઉદ્ધાર કરી નવા બનાવ્યા. આ આઠમો ઉદ્ધાર થયો.

ઉદ્ધાર નવમો ચંદ્રયશા રાજાનો

શ્રીચંદ્રપ્રભુસ્વામીના શાસનમાં શ્રીચંદ્રશેખર મુનીના પુત્ર ચંદ્રયશા રાજા ચંદ્રપ્રભા નગરીમાં રાજ્ય કરતા હતા. એકવાર શ્રીચંદ્રશેખર મુનિ ચંદ્રપ્રભા નગરીમાં આવ્યા. ત્યાં ચંદ્રયશા રાજા

પરિવાર સહિત વંદન કરવા આવ્યા. ત્યાં મુનિવરના ઉપદેશથી શ્રી **ચંદ્રપ્રભુસ્વામિ**નો પ્રાસાદ બનાવ્યો. જે **ચંદ્રપ્રભાસ** (પ્રભાસપાટણ) તીર્થ તરીકે પ્રસિદ્ધ થયેલ છે.

એકવાર **ચંદ્રયશા** રાજા **સગરચક્રવર્તિ**ની જેમ **શ્રીસિદ્ધગિરિજી**નો સંઘ કાઢી તીર્થયાત્રા કરવા આવ્યા. ત્યાં તેમણે જિનપ્રાસાદો જીર્ણ થઈ ગયેલ જોતાં સર્વ પ્રાસાદોનો ઉદ્ધાર કરાવ્યો. તથા **શ્રીપુંડરિક** રૈવતગિરિ **આબુ** અને **બા**હુબલિ વગેરે શિખરોનો પણ ભક્તિથી ઉદ્ધાર કરાવ્યો.

છેવટે દીક્ષા ગ્રહણ કરી એક લાખ પૂર્વ ચારિત્ર પર્યાય પાળી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, મોક્ષે ગયા.

ઉદ્ધાર દશમો ચક્રધર રાજાનો

શ્રીશાંતિનાથ ભગવાન **શ્રીસિદ્ધગિરિરાજ** ઉપર ચાતુર્માસ નિર્ગમન કરી **હસ્તિ**નાપુર નગરમાં પધાર્યા. ત્યાં **શ્રીશાંતિ**નાથ ભગવાનના પુત્ર **ચક્ર**ધર રાજા, જે ત્રણ ખંડનું આધિપત્ય ભોગવતા હતા, તેમણે ભગવાનને વિનંતિ કરી કે (હે પ્રભુ! મને સંઘપતિની પદવી આપો., આ સાંભળી ભગવાને દેવોએ લાવેલા અક્ષત યુક્ત વાસક્ષેપ **ચક્ર**ધરના મસ્તક ઉપર નાંખ્યો. ઈન્દ્રમાળા પહેરાવી., **ચક્ર**ધર રાજાએ ત્યાં મહોત્સવ કર્યો. સંઘને આમંત્રણ કરી બોલાવ્યો. ઈન્દ્ર પણ આવેલા. દેવાલય સાથે મંગળ મુહૂર્તે સંઘ નીકળ્યો. ગામોગામ શ્રીજિનપ્રતિમાને અને મુનિઓને નમતો સંઘ **સૌ**રાષ્ટ્ર આવ્યો. ત્યાં **ચક્ર**ધર રાજાએ તીર્થ અને સંઘની પૂજા કરી. અનુક્રમે **શ્રીશત્રુંજય** તીર્થમાં આવી તીર્થયાત્રા કરી મોટો ઉત્સવ કર્યો અને તે વખતે ઈન્દ્રે પણ આવીને મહોત્સવ કર્યો.

ત્યાં એક દેવે આવી **ચક્ર**ધર રાજાને કહ્યું કે 'અનંતાભવો વધારનાર તિર્યંચના ભવનું ઉલ્લંઘન કરી જે હું દેવ થયો છું તે શ્રીજિનેશ્વરની અને આ તીર્થની સેવાનું જ ફળ છે. હે રાજન્! અહીં **ઋ**ષભદેવા નામના શિખર ઉપર જગદીશ તમારા પિતા **શ્રીશાંતિ**નાથ ભગવાનનો પ્રાસાદ છે, માટે ત્યાં જઈ હર્ષથી પૂજા કરો.'

દેવનું વચન સાંભળી **ચક્ર**ધર રાજાએ ત્યાં જઈ પૂજા વગેરે સઘળું ઉચિત કાર્ય કર્યું. ત્યારબાદ ઈન્દ્રે કહ્યું કે, 'હે રાજન્! તમારા પૂર્વજોનું આ તીર્થ કાળયોગથી જીર્ણ થઈ ગયું છે, તમે **શાંતિ**નાથ પ્રભુના પુત્ર છો તો આ તીર્થનો ઉદ્ધાર કરવો જોઇએ.'

આ સાંભળી **ચક્ર**ધર રાજાએ જિનપ્રસાદોને દઢ કરી સંસારસ્વરૂપ જીર્ણ કર્યું.'

તમે આ તીર્થના જીર્ણોદ્ધાર કરનાર થયા. એમ કહી ઈન્દ્રે પુષ્પવૃષ્ટિથી હર્ષપૂર્વક વધાવ્યા.

ત્યારબાદ બીજા તીર્થોની યાત્રા, ઉદ્ધાર વગેરે કરતા હસ્તિનાપુરમાં આવ્યા. શ્રીશાંતિનાથ ભગવાનનું નિર્વાણ સાંભળી ચક્રધર રાજાએ દીક્ષા ગ્રહણ કરી. દશ હજાર વર્ષ દીક્ષા પર્યાય પાળી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સમ્મેશિખર ઉપર મોક્ષે ગયા.

ઉદ્ધાર અગીયારમો શ્રીરામચંદ્રજીનો

અયોધ્યા નગરીમાં દશરથરાજાના પુત્ર શ્રીરામચંદ્રજીનું ચરિત્ર પ્રસિદ્ધ છે. એટલે અહીં તે લખતા નથી.

શ્રીરામચંદ્રજી વનવાસ વસી રાવણને હરાવી અયોધ્યામાં પુનઃ પધાર્યા, ત્યારે ભરતે મોટા મહોત્સવપૂર્વક રામચંદ્રજી, લક્ષ્મણજી, સીતાજી આદિનો પ્રવેશ કરાવ્યો અને રાજ્ય શ્રીરામચંદ્રજીને સોંપી પોતે તેમની આજ્ઞાને અનુસરવા લાગ્યા.

એકવાર શ્રીદેવભૂષણ મુનિ પાસે પોતાનો પૂર્વભવ સાંભળી ભરતે દીક્ષા લીધી, પછી ગુરુમુખે શ્રીશત્રુંજય ગિરિવરનો મહિમા સાંભળી એક હજાર મુનિને સાથે શ્રીસિદ્ધાચલ તીર્થે આવી શ્રીઋષભદેવ ભગવંતની યાત્રા કરી ત્યાં અનશન કર્યું અંતે સર્વકર્મ ખપાવી કેવળજ્ઞાન મેળવી હજાર મુનિવરો સાથે મોક્ષે ગયા.

શ્રીરામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજી શ્રીસિદ્ધાચલજી ઉપર આવી યાત્રા કરી મંદિરો જીર્ણ થઈ ગયેલાં જોતાં સર્વ મંદિરોને નવાં બનાવરાવી, શ્રી સિદ્ધાચલજી તીર્થનો ઉદ્ધાર કરી મહાતીર્થના મહિમાને પસિદ્ધ કર્યો.

ઉદ્ધાર બારમો પાંડવોનો

પાંડુરાજાની પત્ની કુંતીએ અનુક્રમે યુધિષ્ઠિર, ભીમસેન, અને અર્જુન આ ત્રણ પુત્રોને જન્મ આપ્યો હતો. અને માદ્રીએ નકુલ અને સહદેવને જન્મ આપ્યો હતો. આ પાંચે પાંડવો તરીકે પ્રસિદ્ધ થયા છે. તેમણે શ્રીસિદ્ધાચલજીનો બારમો ઉદ્ધાર કરાવ્યો.

અંતે શ્રીધર્મઘોષ મુનિના ઉપદેશથી પાંચે પાંડવો, કુંતી અને દ્રૌપદીએ દીક્ષા લીધી અને પાંચ પાંડવોએ એવો અભિગ્રહ કર્યો કે, 'શ્રીનેમિનાથ ભગવાનને વંદન કર્યા બાદ પારણું કરીશું'. વિહાર કરતા કરતા પાંડવો જ્યારે હસ્તિકલ્પ નગરમાં આવ્યા, ત્યારે શ્રીનેમિનાથ ભગવંતનું નિર્વાણ સાંભળ્યું એટલે શ્રીસિદ્ધગિરિજી ઉપર આવી અનશન કર્યું. અંતે અંતકૃત કેવળી (કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને તુરત નિર્વાણ પામ્યા) થઈ મોક્ષે ગયા.

પાંચમા આરામાં થયેલાં ચાર ઉદ્ધારો

ઉદ્ધાર તેરમો જાવડશાનો

(વિ. સં. ૧૦૦ મતાંતરે વિક્રમ સં. ૧૦૮)

કાંપિલ્યપુર નગરમાં ભાવડશા નામના શેઠ રહેતા હતા. તેમને ભાવલા નામે પત્ની હતી. કર્મયોગે બધું ધન ચાલ્યું ગયું. છતાં ધર્મશ્રદ્ધામાં જરા પણ ઓછાસ તેમણે આવવા ન દીધી અને ધર્મ આરાધનાની ભાવના વધતી રાખી.

એક વખતે બે મુનિવરો આહાર પાણી અર્થે આવ્યા હતા. ત્યારે ભાવલાએ મુનિવરને પુછ્યું કે, ભગવન્! અમારે ફરીથી ધનની પ્રાપ્તિ થશે, કે નહિ ? થશે તો શી રીતે અને કયારથી થવા માંડશે ?

મુનિવરે પોતાના જ્ઞાનથી ભવિષ્યમાં લાભ જાણીને કહ્યું કે 'આજે એક ઉત્તમ લક્ષણવંતી ઘોડી વેચાવા આવશે. તે ઘોડીને તમે ખરીદી લેજો, તેના યોગે પુનઃ ધનપ્રાપ્તિ થશે.'

ભાવલાએ પોતાના પતિને એ વાત કરી. ભાવડે ઘોડી ખરીદી લીધી.

ઘરમાં એકાદ પુણ્યવાન માણસ કે પશુ આવે તો તેના પુણ્યથી આખા કુટુંબનું ભાગ્ય પલટાઈ જાય છે, જ્યારે કોઈ દુર્ભાગી બાળકનો જન્મ કે પશુ આદિનો જન્મ થાય તો તેના યોગે આખા કુટુંબમાં વિપત્તિનો કોઈ પાર રહેતો નથી.

લક્ષણવંતી ઘોડીના યોગે ભાવડશાની સ્થિતિ સુધરવા લાગી. ઘોડીએ એક લક્ષણવંતા કિશોરને જન્મ આપ્યો. આ કિશોર સર્વે લક્ષણથી યુકત હતો, તેથી તેની ખ્યાતિ ચારે બાજુ રેલાઈ ગઈ. તપન રાજાના જાણવામાં આવતાં તે અશ્વ કિશોરના ત્રણ લાખ રૂપિયા ભાવડને આપી કિશોર ખરીદી લીધો.

ત્રણ લાખ રૂપિયા મળવાથી ભાવડશાએ સારી સારી અનેક ઘોડીઓ ખરીદી. તે ઘોડીઓથી અનેક ઉત્તમ પ્રકારના એક સરખા રંગ અને ઉંમરના કેટલાક ઘોડાઓ લઈ જઈને વિક્રમ રાજાને ભેટ આપ્યા.

ઉત્તમ પકારના એક સરખા દેખાવડા અશ્વ રત્નો જોઈને વિક્રમ રાજા ખૂબ ખુશ ખુશ થઈ ગયા. અને ભાવડને મધુમતિ (મહુવા) સહિત બાર ગામોનો માલિક બનાવ્યો. જ્યારે

ભાગ્ય જોર કરે છે ત્યારે અણચિંતવ્યું આવી મળે છે. અને ભાગ્ય પરવારે છે ત્યારે ચારે બાજુએથી આપત્તિઓનો વરસાદ વરસે છે.

ભાવડશા બાર ગામના અધિપતિ બન્યા. ભાવલાએ એક પુત્રરત્નનો જન્મ આપ્યો. આથી ભાવડશા એક પુત્રરત્નના પિતા બન્યા. તેનું નામ જાવડશા રાખવામાં આવ્યું.

ભાવડશાનું આયુષ્ય પૂર્ણ થતાં બધી સંપત્તિના માલિક જાવડશા બન્યા.

આ વખતે વિષમકાળના પ્રભાવે **શ્રીશત્રુંજય** મહાતીર્થનો અધિષ્ઠાયક કપર્દિયક્ષ મિથ્યાત્વી થઈ ગયો હતો. તેથી ઘણી હિંસા કરવા લાગ્યો, અને આખા ગિરિરાજ ઉપર માંસના લોચા, રૂધિરના ખાબોચિયાં, હાંડકાના ઢગલા, જ્યાં ત્યાં એકઠા થવા લાગ્યા. તેથી તીર્થની ખૂબ આશાતના થવા લાગી. ગિરિરાજની ફરતા પચાસ યોજનની અંદર જે કોઈ આવે તે મૃત્યુના મુખમાં હોમાઈ જતા, આથી યાત્રાળુઓ આવતા બંધ થઈ ગયા હતા.

આવી પરિસ્થિતિમાં કોઈ પ્રભાવક આચાર્ય આ યક્ષને દૂર કરે અને નવા યક્ષનું સ્થાપન કરે તો જ યાત્રા સંભવિત બને. એક બાજુ કપર્દિ યક્ષનો ઉપદ્રવ સતાવતો હતો. ત્યાં બીજી બાજુ મ્લેચ્છ–મોગલો **સૌ**રાષ્ટ્ર ઉપર ચઢી આવ્યા. ધન, માલ, મિલ્કત લુંટી લેતા, માણસોનો નાશ કરતા અને માણસોને ઉઠાવી જતા. **મો**ગલ સૈન્ય **મ**હુવા નગરમાં પ્રવેશ્યું. બીજા ઘણાં કુટુંબોને કેદ કરી ઉઠાવ્યાં તેમાં જાવડશાનું કુટુંબ પણ સપડાઈ ગયું. બધાને **મો**ગલો પોતાના દેશમાં લઈ ગયા.

અનાર્ય દેશમાં રહેવા છતાં જાવડશા ધર્મનું ચુસ્તપણે પાલન કરતા હતા. વળી જાવડશા બુદ્ધિશાળી અને હોંશિયાર હોવાથી વિવિધ પ્રકારની વાતો વગેરેથી મ્લેચ્છોને પણ ખુશ કરી દીધા. આથી બાદશાહે જાવડશાને સ્વતંત્ર રીતે રહેવાની અને વેપાર કરવાની રજા આપી.

હવે જાવડશા સ્વતંત રીતે વેપાર કરવા લાગ્યા, તેમાં ઘણા ધનની પ્રાપ્તિ થઈ બાદશાહની રજા મેળવી તેણે એ નગરમાં એક શ્રીજિનેશ્વર ભગવંતનું દહેરાસર બંધાવ્યું. બહારના જે કોઈ સાધર્મિક આવે તેને સર્વે પ્રકારની સહાય આપતા હતા. આથી ત્યાં ઘણા જૈનો એકઠા થયા. સૌ સારી રીતે ધર્મ આરાધના કરવા લાગ્યા.

એક વખતે એક મુનિવર વિહાર કરતા ત્યાં પધાર્યા. જાવડશાએ સારૂં સ્વાગત કર્યું. જાવડશા હંમેશાં વ્યાખ્યાન શ્રવણ કરવા જાય છે. એક દિવસે વ્યાખ્યાનમાં **શ્રીસિદ્ધાચલજી**ના મહિમાનો પ્રસંગ ચાલતો હતો, તેમાં વર્તમાનમાં થઈ રહેલી આશાતના વિગેરેની વાતો કરી

અને કહ્યું કે ' પાંચમા આરામાં **જાવડશા શ્રીસિદ્ધાચળજી**નો ઉધ્ધાર કરાવશે.'

પોતાનું નામ સાંભળી **જા**વડશાએ બે હાથ જોડીને મુનિવરને પુછયું કે ' હે ભગવન્! આપે જે કહ્યું કે **શ્રી સિદ્ધાચળજી**નો ઉદ્ધાર **જા**વડશા કરાવશે તો તે હું કે બીજો કોઈ **જા**વડશા ?

મુનિવરે પોતાના જ્ઞાનબળથી જાણીને કહ્યું કે જ્યારે **સિદ્ધિગિરિજી**ના અધિષ્ઠાયકો હિંસા કરનારા થશે. પચાસ યોજન સુધીમાં બધું ઉજ્જડ કરી નાંખશે. પચાસ યોજનની અંદર જે કોઈ જશે તેને મિથ્યાદૃષ્ટિ થયેલ કપર્દિયક્ષ મારી નાંખશે. ભગવાનની મૂર્તિ અપૂજ રહેવા લાગશે. તેવા કટોકટીના સમયે તું પોતે જ અવસપર્ણી કાલમાં **શ્રીસિદ્ધાચળજી**નો તેરમો અને પાંચમા આરામાં પહેલો ઉદ્ધાર કરાવીશ. હાલમાં એવો કટોકટીનો સમય આવી લાગ્યો છે, માટે ઉદ્ધાર કરાવવા માટે ઉદ્યમ કર.'

જાવડશાએ કહ્યું કે ભગવન્! આ કપરૂં કાર્ય મારાથી શી રીતે થઈ શકે ?

મુનિવરે કહ્યું કે, ' **જા**વડ ! તું પુણ્યશાળી છે, તું **શ્રીચ**ક્રેશ્વરી દેવીની આરાધના કર, તે બધો માર્ગ બતાવશે, જેથી તારૂં કાર્ય સિદ્ધ થશે.'

જાવડશા ઘરે જઇ ઉપવાસ કરવાપૂર્વક **શ્રીચ**ક્રેશ્વરીદેવીના ધ્યાનમાં સ્થિર બની ગયા. એક મહિનાના ઉપવાસ થયા, ત્યારે દેવી પ્રત્યક્ષ થયા અને કહ્યું કે, ' તારા મનોરથ **શ્રીસિદ્ધાચલજી** તીર્થનો ઉદ્ધાર કરવાનો છે તે હું જાણું છું. **તક્ષ**શિલા નગરીમાં **જ**ગન્મલ્લ રાજાની ધર્મચક્રની સભાના આગલા ભાગના ભોંયરામાં શ્રીઆદિનાથ ભગવંતનું મનોહર બિંબ છે, તે લાવીને **શત્રુંજય**નો ઉદ્ધાર કરાવી તે મૂર્તિને સ્થાપન કરજે. **જ**ગન્મલ્લ તને પ્રતિમાજી લેવાની રજા આપશે.'

આ સાંભળી **જા**વડશા ખુશી થયા. દેવીને પ્રણામ કર્યા. એકત્રીસમે દિવસે **જા**વડશાએ પારણું કર્યું. શુભ દિવસે **જા**વડશા **તક્ષ**શિલા નગરીમાં ગયા અને **જ**ગન્મલ્લ રાજાની સભામાં જઇ તેમની આગળ મહાકિંમતી સુંદર ભેટણાં મૂક્યાં. વિવિધ પ્રકારનાં કિંમતી અને નયન, મનોહર ભેટણાં જોઇ રાજા ખુશી થઇ ગયા અને **જા**વડશાને કહ્યું કે, ' તારે જે કોઇ પ્રયોજન હોય તે કહે, બીજા કોઇથી ન સાધી શકાય તેવું હશે, તો હું જાતે તે કામ કરવા તૈયાર છું.'

જાવડશાએ કહ્યું, " રાજન્! મારે બીજું કોઈ કામ નથી, આપના ભોંયરામાં અમારા ભગવાનની મૂર્તિ છે, તેની મારે જરૂર છે તો તે આપો.'

રાજાએ કહ્યું કે, 'અમારા કોઇ ભોંયરામાં અમે તો કોઇ મૂર્તિ જોઇ નથી, છતાં તું કહે,

તે મૂર્તિ ક્યાં છે ? જ્યાં હોય ત્યાંથી ખુશીથી એ મૂર્તિ તું લઇ જા.'

જાવડશાએ કહ્યું: 'આપની જે ધર્મચક્રની સભા છે તેના આગળના ભાગમાં ભોંયરામાં મૂર્તિ છે. આપ આજ્ઞા આપો એટલે તે ભોંયરામાંથી મૂર્તિ કઢાવું.'

રાજાએ આજ્ઞા આપી એટલે જાવડશા માણસો દ્વારા ભૂમિ ખોદાવીને ભોંયરામાં ગયા. તો મુગુટ, કુંડલ, બાજુબંધ વગેરેથી શોભતા અને તાજું જ પૂજન કરેલું હોય તેવી શ્રીઆદીશ્વર ભગવંતની મૂર્તિ બિરાજમાન હતી.

વાંચકોને આશ્ચર્ય થશે કે બંધ ભોંયરામાં આવી પૂજા વગેરે કોણે કરી હશે ? આ મૂર્તિનું પૂજન હંમેશાં ચક્રેશ્વરીદેવી ભાવ-ભક્તિપૂર્વક કરે છે, અને નિત્ય અવનવી અંગરચના વગેરે કરી રત્નાલંકારો ચઢાવી પોતાની ભક્તિ પ્રદર્શિત કરે છે, એટલે હંમેશાં દેદીપ્યમાન મૂર્તિ છે.

સુલતાન વગેરે આવ્યા, સુંદર મૂર્તિ જોઇને આશ્ચર્ય પામ્યા અને ભાવથી તેમનાં મસ્તક નમી પડયાં. જગન્મલ્લ સુલતાન હોવા છતાં મૂર્તિના દર્શન કરી આનંદ પામ્યો અને બોલ્યો કે 'ખરેખર ! સાક્ષાત્ જગત્કર્તા જ નીકળ્યા છે ? જાવડ ! તું ખરેખર પુણ્યશાળી છે, દેવતાઓ પણ તારા ઉપર પ્રસન્ન છે. આ મૂર્તિને તારે જ્યાં લઇ જવી હોય ત્યાં ખુશીથી લઇ જા, અને તારા મનોરથ પૂર્ણ કર !

સુલતાને રેશમી વસ્ત્ર, અલંકાર વગેરે આપીને જાવડશાનું સન્માન કર્યું.

મહાવિકટ માર્ગને પણ દેવીની સહાયથી પસાર કરી મૂર્તિ સહિત જાવડશા મહુવા પહોંચ્યા.

ઘણા વર્ષ પહેલાં જાવડશાએ ચીન વગેરે મલેચ્છ દેશોમાં વિવિધ પ્રકારનો માલ વગેરે ભરીને ઘણાં વહાણો મોકલ્યાં હતા, તે વહાણોના કોઈ સમાચાર નહતા. પુણ્યયોગે જાવડશાનું મહુવામાં ભગવાન સાથે આગમન થયું અને સાથે સાથે મોકલેલાં વહાણોનો બધો માલ વેચાઇ ગયેલો, તેનું સોનું વગેરે ખરીદીને વહાણમાં ભરીને વહાણો પાછા આવી પહોંચ્યા હતા.

આ સમાચાર મળતાં જાવડશાને ખૂબ આનંદ થયો. હવે તીર્થાધિરાજ શ્રીશત્રુંજયના ઉદ્ધારમાં કોઈ કમીના નહિ રહે.

પુણ્ય બળવાન હોય તેથી જંગમ યુગપ્રધાન શ્રીવજ્રસ્વામિજી પણ વિચરતા વિચરતા મહુવા પધાર્યા. જાવડશાએ સુંદર સામૈયાપૂર્વક પ્રવેશ કરાવ્યો.

એક દિવસે જાવડશાએ શ્રીવજ્રસ્વામિજીને વિનંતિ કરી કે, 'હે ભગવાન! આપ સહાયક થાવ તો શ્રીશત્રુંજયતીર્થનો ઉદ્ધાર નિર્વિઘ્ને કરાવી શકું.' એ વખતે એક યક્ષ શ્રીવજ્રસ્વામિજીને વંદન કરવા આવ્યો હતો. તેનો પૂર્વ વૃત્તાંત આ પ્રમાણે છે.

વર્તમાન કપર્દિ યક્ષની ઉત્પત્તિ

મહુવા નગરીમાં કપર્દિ નામનો એક વણકર હતો, તેને આડી અને કુહાડી નામની બે સ્ત્રીઓ હતી. વણકર અપેય પાનમાં અને અભક્ષ્ય ભોજનમાં આસકત રહેતો હતો, આથી એક દિવસે બન્ને સ્ત્રીઓએ વણકરને શિક્ષા કરી કપર્દિ રોષમાં આવી ગયો, અને નગરીની બહાર ચાલ્યો ગયો. ત્યાં એક મુનિ જોવામાં આવ્યાં તે વજ્રસેન મુનિએ કોમળ વચનથી તેને આશ્વાસન આપ્યું. કપર્દિ વણકર બે હાથ જોડીને માથું નમાવીને ઉભો રહ્યો. મુનિવરે પોતાના જ્ઞાનથી કપર્દિને સુલભબોધી જાણ્યો અને થોડા કલાકનું આયુષ્ય બાકી રહેલું જાણી, ધર્મનો ઉપદેશ આપ્યો.

કપર્દિએ કહ્યું, કે 'મને યોગ્ય પ્રતિજ્ઞા કરાવો'.

ગુરુમહારાજે ગંઠસીનું પચ્ચકખાણ કરાવ્યું. (ગંઠસીનું પચ્ચક્ખાણ એટલે કપડાના છેડે ગાંઠ વાળી રાખવી, જ્યારે પાણી પીવું હોય, ખાવું હોય કે મોંમાં કઇ નાંખવું હોય ત્યારે નવકાર ગણીને અથવા 'નમો અરિહંતાણં' બોલી ગાંઠ છોડીને પછી જ મોંમાં કોઇપણ વસ્તુ નાંખી શકાય. ખાધા પછી મોં ચોખું કરી પછી ગાંઠ વાળી દેવાની. જ્યાં સુધી ગાંઠ વાળેલી હોય ત્યાં સુધી ચારે આહારના ત્યાગના પચ્ચક્ખાણનો લાભ મળે.)

તે દિવસે સર્પના ગરલ (ઝેર) યુકત ભોજન કપર્દિના ખાવામાં આવ્યું અને મૃત્યુ પામ્યો, અને વ્યંતર નિકાયમાં દેવ તરીકે ઉત્પન્ન થયો.

કપર્દિ મરણ પામ્યાના સમાચાર સ્ત્રીઓએ જાણ્યા અને રાજા પાસે જઇને ફરિયાદ કરી 'કે' આ સાધુડાએ અમારા ધણીને કંઇ ખવડાવીને મારી નાંખ્યો.'

આથી રાજાએ શ્રી વજ્રસેન મુનિને ચોકીમાં બેસાડ્યા. આ બાજુ વ્યંતર થયેલા કપર્દિએ જ્ઞાનથી જોયું, તો પોતાના ઉપકારી ગુરુને સંકટમાં સપડાયેલા જોયા, એટલે તુરત જ તે શહેરના જેટલી મોટી શિલા વિકુર્વી અને રાજા વગેરે લોકોને કહ્યું, કે 'આ ગુરુ મહાઉપકારી છે' તમે સર્વે તેમની પાસે જાઓ, પગમાં પડીને માફી માગો, નહિતર આ શિલાથી મનુષ્યો સહિત આખી નગરીના ચૂરેચૂરા કરી નાખીશ.'

રાજા વગેરે ભય પામ્યા, ગુરુમહારાજ પાસે જઈ પગમાં પડયા અને માફી માંગી, બહુમાન પૂર્વક ઉપાશ્રયે મોકલ્યા.

નવા કુપદિ'યક્ષે ગુરુને નમસ્કાર કરીને કહ્યું કે 'હે પ્રભો! પૂર્વભવમાં મેં ઘણાં પાપો કર્યા છે, તો તે પાપોથી બચવાનો ઉપાય બતાવો'.

ગુરુમહારાજે કહ્યું **શ્રીસિદ્ધાચલજી** મહાતીર્થનો સહાયક બન.

કુપદિ'યક્ષે તે વચન સ્વીકાર્યું, અને કોઇ કાર્ય હોય તો જણાવવા વિનંતિ કરી.

શ્રીવજ્રસ્વામિજીએ કહ્યું કે **શ્રીશત્રુંજય**નો ઉદ્ધાર કરવા માટે **જા**વડશાને સહાય કરજે. કુપદિ'યક્ષે તે સ્વીકાર્યું.

શ્રીવજ્રસ્વામિજીના સાન્નિધ્યમાં **જા**વડશાએ **શ્રીસિદ્ધાચલજી**નો સંઘ કાઢયો. **પા**લીતાણા આવતાં રસ્તામાં જુના કુપદિ'યક્ષે ઘણા ઉપદ્રવો કર્યા પણ શ્રીવજ્રસ્વામિજીએ તે બધા ઉપદ્રવો દૂર કર્યા. અને સુખપૂર્વક **પા**લીતાણા આવી પહોચ્યા.

તક્ષશિલાથી લાવેલી પ્રતિમાજી પણ સાથે હતી, તે ગિરિરાજ ઉપર ચઢાવવાના હતા. તે પ્રતિમાજી દિવસે જેટલી ઉપર ચઢાવી હોય તેટલી બીજે દિવસે સવારે જુઓ તો નીચે હોય. આમ દરરોજ બનવા **લા**ગ્યું આમ એકવીશ દિવસ સુધી મિથ્યાત્વી કુપદિ'યક્ષે તે અર્હત્ બિમ્બને પર્વતથી નીચે ઉતાર્યું અને **જા**વડશાએ તે એકવીશ વખત ઉપર ચઢાવ્યું. યક્ષે કહ્યું કે 'જુનો કુપદિ'યક્ષ આ પ્રમાણે કરે છે. માટે હવે તમે અને તમારી પત્ની ગાડાના પૈડાં પાછળ સુઈ જજો અને આખો સંઘ કાઉસ્સગ કરજો. જેથી યક્ષનું જોર ચાલી શકશે નહિ.

યક્ષના કહેવા મુજબ કરવામાં આવ્યું. **જા**વડશાના શીલના પ્રભાવે યક્ષ ઉપદ્રવ કરી શક્યો નહિ. બીજે દિવસે સવારે શ્રી વજ્રસ્વામિજીએ મંત્રેલા અક્ષતો નાંખી સર્વ દુષ્ટ દેવતાજીઓને સ્થંભિત કરી દીધા. પ્રતિમાજી નિર્વિ'ઘ્ને ઉપર પહોંચી ગઈ.

આખો ગિરિરાજ જે હાડકા વગેરેથી અપવિત્ર થઈ ગયો હતો, તે બધી અશુચી દૂર કરાવીને આખો ગિરિરાજ **શ્રીશત્રુંજય** નદીના જળ અને દૂધ વગેરેથી ધોવરાવી પવિત્ર બનાવ્યો. મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને થોડા ટાઇમમાં બધા મંદિરોનો જીર્ણોદ્ધાર તૈયાર થઇ ગયો.

ભગવાન **શ્રી**આદિનાથની લેપ્પમય જુની મૂર્તિને ઉઠાવવામાં આવી ત્યારે જુના કુપદિ'યક્ષે તેમાં પ્રવેશ કર્યો અને મહાભયંકર અવાજ કર્યો. આથી આખો ગિરિરાજ કંપી ઉઠયો અને

કહેવાય છે કે તેથી ગિરિરાજના ઉત્તર દક્ષિણ બે ભાગ થઇ ગયા. શ્રી વજ્રસ્વામિજી, જાવડશા અને તેમનાં પત્ની આ ત્રણ સિવાય સઘળાં મૂર્છાવશ થઇ ગયાં. પરંતું શ્રીવજ્રસ્વામિજીએ બધાને સચેતન કર્યા અને સ્થંભિત થયેલા દેવોને વજ્રસ્વામિજીએ છુટા કર્યા. નવા કપર્દિયક્ષે બધા ક્ષુદ્ર દેવોને ભગાડી મૂકયા.

ત્યાર પછી મોટો પ્રતિષ્ઠા મહોત્સવ કરવામાં આવ્યો. અને સારા મુહૂર્તે નવા શ્રીઆદીશ્વર ભગવંતની પ્રતિષ્ઠા કરવામાં આવી. જાવડશા અને તેમનાં સુપત્ની ધ્વજા ચઢાવતાં ખૂબ હર્ષમાં આવી ગયાં. અને અતિહર્ષના યોગે હૃદય બંધ પડી જવાથી (નીચે પડી જવાથી) મૃત્યુ પામ્યાં અને ચોથા દેવલોકમાં દેવ થયાં.

જાવડશાનો પુત્ર ઝાંઝણાગ વિલાપ કરવા લાગ્યો. ત્યારે વજ્રસ્વામિજી અને ચક્રેશ્વરીદેવીએ તેમને શાંન્ત્વન આપ્યું અને કહ્યું કે આમાં શોક કેવો? તમારા માતા-પિતા તો ઉત્તમ કાર્ય કરી ગયા છે. અને મૃત્યુ પામી ચોથા દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા છે.

વ્યંતરદેવોએ બંન્નેના મૃતદેહને ક્ષીરસમુદ્રમાં પધરાવ્યાં.

જાવડશા તક્ષશિલાથી શ્રીઆદીશ્વર ભગંવતની પ્રતિમાજી શ્રીસિદ્ધિગિરિજી લાવ્યા, તેમાં નવલાખ સોના મહોરોનો વ્યય કર્યો હતો અને પ્રતિષ્ઠા મહોત્સવમાં દશલાખ સોના મહોરો વાપરી હતી. જીર્ણોદ્ધારમાં તો કેટલો ખર્ચ કર્યો હશે તે વાંચકો આ ઉપરથી સ્વયં સમજી લે. ધન્ય હો પાંચમા આરામાં પ્રથમ ઉદ્ધાર કરાવનાર જાવડશા મહાપુરુષને! કે જેમણે લક્ષ્મીની મૂર્છા ઉતારી તીર્થોદ્ધારના ઉત્તમ કાર્યમાં લક્ષ્મીનો સદ્વ્યય કર્યો.

(૨) ઉદ્ધાર ચૌદમો બાહડ મંત્રીનો વિ.સં. ૧૨૧૩

એકવાર કુમારપાળ મહારાજાએ સોરઠ દેશના રાજા સમરને જીતવા ઉદયન મંત્રીને મોકલ્યા હતા. તે વખતે શત્રુંજય તીર્થની યાત્રા કરવા ગયા, ત્યાં શ્રીઋષભદેવ ભગવંતની દ્રવ્યપૂજા કરીને ભાવપૂજા (ચૈત્યવંદન) કરી રહ્યા છે, ત્યાં એક ઉંદર સળગતી દીવાની વાટ કાષ્ઠના મંદિરમાં લઇ જતા જોઇ ઉંદર પાસેથી તે વાટ મૂકાવી.

ઉદયન મંત્રીને વિચાર આવ્યો કે કાષ્ટના મંદિરનો કોઇ વખત આવી રીતે નાશ થઈ જવાનો સંભવ છે, રાજ્યના પાપ વ્યાપારથી મેળવેલી મારી લક્ષ્મી શા કામની? યુદ્ધમાંથી પાછા ફરી આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવીશ, માટે મારી લક્ષ્મીથી જ્યાં સુધી જીર્ણોધ્ધાર ન કરાવું ત્યાં સુધી મારે 'નિત્ય એકાસણાં કરવાં, પૃથ્વી ઉપર શયન કરવું, બ્રહ્મચર્યનું પાલન કરવું અને તાંબુલનો ત્યાગ કરવો. આ પ્રમાણેના અભિગ્રહો ભગવંતની આગળ કર્યા.

યાત્રા કરી નીચે ઉતરી આગળ પ્રયાણ કર્યું. **સમરસેન** રાજા સાથે યુદ્ધ કરતાં શત્રુના બાણોથી તેનું શરીર જર્જરીત થઇ ગયું, તો પણ ઉદયન મંત્રીએ **સમર**રાજા ઉપર બાણોનો પ્રહાર કરી તેને મારી નાંખ્યો અને જીત મેળવી, દેશ કબજે કર્યો.

માર્ગમાં ઉદયન મંત્રીને શત્રુનાં બાણોના પ્રહારની વેદનાથી આંખે અંધારા આવવા લાગ્યાં. તેથી છાવણીમાં મુકામ કર્યો, ઉપચારો કરવા છતાં સારૂં ન થયું ત્યારે ઉદયન મંત્રીએ પરિવારને જણાવ્યું કે મારા મૃત્યુ સમયે ચાર વસ્તુઓ પૂર્ણ કરવાની કબૂલાત આપો તો મને સંતોષ થાય. ૧. નાના પુત્ર અંબડને સેનાપતિ બનાવવો, ૨. **શ્રીશત્રુંજય** ગિરિવર ઉપર પાષાણનો પ્રાસાદ બનાવવો. ૩. ગિરિનારજી ઉપર પત્થરનાં પગથિયાં, ૪. મને નિર્યામણા કરાવનાર ગુરુ મળે.'

આ સાંભળી સામંત આદિએ કહ્યું કે 'પહેલા ત્રણ કાર્યો તો તમારા મોટા પુત્ર બાહડ પૂર્ણ કરશે. તમો અમે સાક્ષીભૂત છીએ અને તમોને નિર્યામણા કરાવનાર સાધુ મહારાજને હમણાં જ શોધી લાવીએ છીએ.'

બાહડે પિતાજીની ઇચ્છા પૂર્ણ કરવાની પ્રતિજ્ઞા કરી. પછી ત્યાં આસપાસમાં કોઇ મુનિરાજ નહિ હોવાથી, એક વંઠ પુરૂષને સાધુનો વેષ પહેરાવી ઉદયન મંત્રી પાસે લઇ જઇ નિર્યામણા કરાવી. મંત્રી સમગ્ર પ્રાણીઓને ખમાવી, સ્વર્ગે ગયા. પછી વંઠે વિચાર્યું કે, જગત જેને સલામો ભરે છે એવા મંત્રીએ ભિખારી એવા મને જે વંદન કર્યું, તે ખરેખર આ વેષનો જ પ્રભાવ છે, માટે આ વેષ મને શરણભૂત હો.'

પછી તે વંઠ સાધુએ સુગુરુ પાસે જઈ વિધિપૂર્વક દીક્ષા લઇ નિર્મળ રીતે સંયમનું પાલન કર્યું, પછી ગિરનારજી ઉપર જઈ બે મહીનાનું અનશન કરી સ્વર્ગે ગયો.

બાહડે કુમારપાળ રાજાની આજ્ઞા મેળવી, ગિરનારજી ઉપર ત્રેસઠ લાખ દ્રવ્ય ખરચી નવાં પગથિયાં કરાવ્યાં, પછી પરદેશનાં કારીગરોને બોલાવી **શ્રીશત્રુંજય** ઉપર બધાં મંદિરો પાષાણનાં બનાવવાની શરૂઆત કરી.

શ્રીસિદ્ધિગિરિની છાયા (તલાટી) પાસે ઉતારો કરી **બાહડ** મંત્રી વગેરે બેઠા છે, આજુ-બાજુ ખબર પડતાં પણ દરેક સ્થળોથી અનેક પુણ્યશાળીઓ ઉદ્ધાર ફંડમાં નાણાં આપવા વિનવે છે. મંત્રીશ્વર લેવા ના કહે છે. એટલે આગ્રહ ભરી વિનંતિ કરતાં દાક્ષિણ્યતાથી સ્વીકારે છે.

શ્રીસંઘના દર્શનાર્થે તથા પૈસા આપી લાભ લેનારની ભીડ એટલી જામી છે કે વિશાળ એવા સંઘપતિના તંબુમાં કયાંએ માર્ગ દેખાતો ન હતો.

તે વખતે એક **ભીમા** નામનો વાણીયો, જે માત્ર છ દ્રમની મુડીનું ઘી લઈને ત્યાં આવ્યો હતો, તે ઘી બાહડના સૈન્યમાં વેચતાં તેને મૂલ છ દ્રમ ઉપરાંત તેને એક દ્રમ અને એક રૂપીયાનો નફો થયો, પછી એક રૂપીયાના પુષ્પો લઈ પ્રભુની પુજા કરી અને તે **ભીમા** શ્રાવક તંબુના બારણા સુધી તો આવ્યો, પણ જાડા અને જરા મલીન કપડાં હોવાથી છડીદાર અંદર પ્રવેશ કરવા દેતો નથી, જેથી ઉંચો નીચો થઇ રહેલ છે.

જેની દ્રષ્ટિ ચારે બાજુ ફરે છે. એવા **બા**હડ મંત્રીની દ્રષ્ટિ બારણા તરફ ગઈ. જોતાં જણ્યું કે આને અંદર આવવું છે. પરંતુ દ્વારપાળના રોકવાથી આવી શકતો નથી. દ્વારપાળને હુકમ કર્યો કે તેને અંદર પ્રવેશ કરવા દો. જેથી તે **ભીમા** કુંડળીઆને અંદર દાખલ થવા દીધો. સભામાં આવેલો તે પોતાની સ્થિતિને અનુસારે તેમજ બીજા સ્થળે માર્ગ નહિ દેખવાથી એક બાજુ પ્રથમ આવેલાઓના જોડા પાસે બેઠો.

આ વખતે ઉદાર દિલના મંત્રીશ્વરે પોતાની પાસે ગાદી ઉપર બેસવા કહ્યું પણ મનમાં સંકોચાતો જોઈ તેનો હાથ પકડી મંત્રીશ્વરે જાતે જાડાં અને મલીન કપડાંવાળા ભીમા કુંડલીયાને પોતાની પાસે મખમલના તકીયાઓ ગોઠવેલી રેશમી ગાદી ઉપર બેસાડયો. સભામાં બેઠલો **ભીમા** કુંડલીયો ત્યાં આવેલા સ્વામીભાઇઓમાંના કોઈ પાંચ તો કોઈ દશ તો કોઇ પચ્ચીશ પચાસ હજાર ભરાવતા જોઇ અનુમોદના કરતો વિચારે છે કે ધન્ય છે, આ મહાનુભાવો કે મહાન તીર્થના ઉદ્ધારમાં ધનનો વ્યય કરી, અસાર એવી લક્ષ્મીવડે સાર એવા લાભને ઉપાર્જન કરે છે.

સાચી ભાવનાવાળા એકલી કોરી અનુમોદના કરી બેસી રહેતા નથી. પણ શક્તિ અનુસારે અમલમાં મુકી સાર્થક કરી બતાવે છે. તે પ્રમાણે આ **ભીમા**, શ્રાવકપણુ આપવાની ભાવનાથી બીસ્સામાં હાથ નાંખે છે, અને કાઢે છે. વળી વિચારે છે કે આ લાખ્ખો અને હજારોની રકમ આગળ મારા આ પૈસા શા હિસાબમાં ? આ ભાવનાથી તરબતર બનેલા તે **ભીમા** શ્રાવકને મંત્રીશ્વર પૂછે છે કે 'કેમ મહાનુભાવ ? તમારે કાંઈ આપવા ભાવના છે ?

મંત્રીશ્વરના આ પ્રશ્નથી ઉંડો નિઃશ્વાસ નાંખી વિચાર સાગરમાં ડુબકી મારતાં તે **ભીમા** શ્રાવકને ફરીથી મંત્રીરાજ કહેવા લાગ્યા, (આમાં વિચારમાં પડવા જેવું કશું નથી, જેની જેટલી શક્તિ અને ભાવના હોય તે પ્રમાણે પણ આપી શકે છે., વાત્સલ્ય ભાવનાના આ વચનોથી ઉત્સાહિત બનેલા **ભીમા** શ્રાવકે બિસ્સામાં જેટલું હતું તેટલું બહાર કાઢીને કહે છે કે 'આજે

કલિયુગમાં કલ્પતરૂ સમાન **શ્રીસિદ્ધાચલ** તીર્થની યાત્રા કરી એક રૂપીયાના ફુલ વડે દાદાશ્રી-ઋષભદેવ ભગવાનની પૂજા કરી, તલાટીમાં આવતા પુણ્યોદયથી શ્રીસંઘનાં દર્શન થયા અને મારી પાસે મુડી મિલ્કત આ ગજવામાંથી નીકળી તે સાત દ્રમ છે, જેથી મારી આ નજીવી રકમ સ્વીકારી ટીપમાં લખવા કૃપા કરી આ સેવકને કૃતાર્થ કરશો'.

ભીમા શ્રાવકની આ ઉમદા ઉદારતાથી અતિ ખુશ થયેલા મંત્રીરાજે તે વખતનું ચાલતું નાણું સ્વીકારી લઈ, તે વહીમાં સૌથી મથાળે (પહેલું) નામ તેનું ચડાવ્યું. આ બનાવથી મોટી રકમો ભરનાર શ્રીમંતો તો વિચારમાં પડી ગયાં કે આ શું? પણ મંત્રીશ્વરને કહી કોણ શકે? જેથી એક બીજાના મુખ સામું જુએ છે.

વિચક્ષણ મંત્રી તુરત જ કળી જઈ કહી દે છે કે, આ અલ્પ રકમ આપનારના પ્રથમ નામથી તમારાં મન દુઃખાય છે, પરંતુ મહાનુભાવો! ન્યાય બુદ્ધિથી વિચાર કરાય તો પણ સમજી શકાય છે કે–હું અને તમો ક્રોડો, લાખો કે હજારો આપીએ તોયે ઘરમાં ઘણું રાખીને તે પ્રમાણે આપીએ છીએ.

જ્યારે આ ભાગ્યશાળીએ તો ઘરનું સર્વસ્વ આપી 'દરિદ્ર અવસ્થામાં દાન' એ પ્રથમ કલ્પવૃક્ષ હોવાનું દૃષ્ટાંત પુરૂં પાડ્યું છે, તો તેનું નામ પહેલું રહે એ વ્યાજબી છે, એમ તમારે પણ સમજવું જોઇએ. હવે પ્રથમ નામવાળાને પહેરામણી કરાવવાના ક્રમ પ્રમાણે મંત્રીશ્વરે ઉમદા પોષાક તથા અલંકાર (ભંડારી પાસેથી મંગાવી) સ્વીકારવા આગ્રહભરી ભક્તિ દર્શાવી, ત્યારે નિઃસ્પૃહ એવો તે **ભીમા** કુંડલીઓ સારૂં એમ ન કહેતાં કહે છે કે–

'અલ્પ પૈસા આપવાવાળો એવો હું ઉમદા પોષાક વગેરેનો અધિકારી ન હોઉં' મંત્રી-શ્વરનો અત્યાગ્રહ છતાં નિઃસ્પૃહ **ભીમા** કુંડલીઆએ તે કશું ન લીધું, તે ન જ લીધું. પછી સંઘને તથા સંઘપતિને નમસ્કાર કરી તે **ભીમો** શ્રાવક પોતાના ઘેર ગયો.

ઉચ્ચભાવનું તાત્કાલિક ફળ

આ બાજુ **ભીમા** શ્રાવકના ઘરમાં તેની સ્ત્રી પ્રભાતે પ્રભાતીયાં અને સાંજે સાંજી (કડવા કઠોર શબ્દ) સંભળાવી કલેશ કરવાના સ્વભાવાળી એવી પ્રતિકૂલ હતી, તે પણ આજે **ભીમા** કુંડલીયાની ઉચ્ચ ભાવનાથી કરેલા ધર્મના પ્રભાવ વડે એકાએક સાનુકૂલ બની, સ્વામી આવતા દેખી ઉઠી ઉભી થઈ, બહુમાનપુર્વક મધુર વાણીથી આદર–સત્કાર કરી સુખ શાંતિના સમાચાર પૂછી, ગરમ પાણીવડે પગ પ્રક્ષાલી આસને બેસાડી, પડોશમાંથી ભોજનની સામગ્રી (ઉધારે) લાવી મિષ્ટ ભોજન બનાવી સ્નેહપૂર્વક પતિને જમાડ્યા.

સરલ હૃદયના **ભીમા** શ્રાવકે સંઘપતિની સભામાં બનેલી હકીકત નિખાલસ પણે પત્નીને કહી, તે સાંભળી પરિવર્તિત સ્વભાવવાળી ગૃહીણી આનંદ પૂર્વક અનુમોદન કરે છે. આવા પ્રકારના વર્તનથી **ભીમા** શ્રાવક તો આશ્ચર્યમુગ્ધ બની જઈ વારંવાર સુકૃતની અનુમોદના કરે છે. હવે તે આંગણામાં બાંધેલી ગાયે ખીલો ઉખેડી નાંખવાથી ખીલો મજબૂત બેસાડવા માટે જમીનને જરા ઊંડી ખોદે છે, એટલામાં ૧૦,૦૦૦ દશ હજાર સોના મહોરથી ભરેલો ચરૂ નીકળે છે. તે સોનામહોરો લઈ સ્ત્રીની અનુમતિ મેળવી, સીધો સંઘપતિના તંબુમાં ગયો. અને તે સઘળી મિલ્કત ઉદ્ધાર ફંડમાં લેવાની મંત્રીશ્વરને આજીજી કરે છે. ત્યારે મંત્રીશ્વર કહે છે કે, હવે ઉદ્ધાર ફંડનું કાર્ય સમાપ્ત થયું હોવાથી જરૂર નથી, તેમજ આ લક્ષ્મી તમારા પુણ્યપ્રભાવથી મળેલી છે. તો તેનો ભોગવટો તમે જ કરો.

મંત્રીએ સુવર્ણ લેવા ના પાડી, **ભીમા** આગ્રહ કરીને જાય છે, ત્યાં રાતપડી રાત્રે કપર્દિ-યક્ષે સ્વપ્નમાં **ભીમા**ને કહ્યું કે 'હે **ભીમા**! એક રૂપીયાના પુષ્પ લઈ **શ્રીઆદીશ્વર** ભગવંતની તે પૂજા કરી, તેથી પ્રસન્ન થઈ મેં તને સુવર્ણનો ચરૂ આપ્યો છે, માટે તું ઈચ્છા મુજબ તેનો ભોગવટો કર'.

સવારે **ભીમા**એ મંત્રીને વાત કરી, પ્રભુની સુવર્ણ રત્નો, તથા પુષ્પોથી પૂજા કરી, પોતાના ઘેર આવ્યો અને પુણ્ય કાર્યમાં પ્રવૃત્ત થયો.

બે વરસે જ્યારે જીર્ણોદ્ધાર થઈ જવાના સમાચાર મંત્રીને મળ્યા ત્યારે ખબર લાવનારને મંત્રીએ વધામણીમાં બત્રીશ સોનાની જીભો આપી. થોડીવાર પછી બીજા માણસે આવી પ્રસાદમાં કોઇ કારણથી ચીરાડ પડી ગયાના સમાચાર આપ્યા, ત્યારે મંત્રીએ તેને ચોસઠ જીભો આપી.

પાસે બેઠેલા માણસોએ કારણ પુછ્યું, ત્યારે મંત્રીએ કહ્યું કે (મારા જીવતા પ્રાસાદ ફાટ્યો તે ઠીક થયું, કેમકે હું તે ફરીથી બીજીવાર કરાવીશ. મારા મરણ પછી આ દેરાસર તૂટી પડ્યુ હોત તો તેને કોણ કરાવત? મારા જીવતાં તે પણ ફાટી ગયું તેથી હું તે ફરીથી બંધાવીશ'.

તુરત જ મંત્રીએ શિલ્પીઓને પ્રાસાદ ફાટીગયાનું કારણ પુંછ્યું. શિલ્પીઓએ કહ્યું કે ભમતીવાળા પ્રાસાદમાં પવન પેશવાથી અને નીકળવાની જગ્યા નહિ મળવાથી પવનના જોરથી પ્રાસાદ ફાટી ગયો, જો ભમતી વિનાનો પ્રાસાદ કરવામાં આવે તો કરાવનારને સંતાન થાય નહિ, એવો શિલ્પશાસ્ત્રનો ઉલ્લેખ છે.'

આ સાંભળી મંત્રીએ કહ્યું કે કોની સંતતિ કાયમ રહી છે? માટે મારે વાસ્તવિક ધર્મસંતતિ જ હો'. પછી બંને ભીંતોની વચમાં મજબુત શીલાઓ મુકાવીને પ્રાસાદ પૂર્ણ

કરાવ્યો, ફરીથી જીર્ણોદ્ધારમાં મંત્રીએ બે કરોડ સતાણું લાખ દ્રવ્ય ખર્ચ્યું. ત્રણ વર્ષે કામ પૂર્ણ થયું હતું.

શ્રીહેમચંદ્રાચાર્યને બોલાવી મોટા ઉત્સવ પૂર્વક વિ. સં. ૧૨૧૩માં પ્રતિષ્ઠા કરાવી.

પાંચમા આરાનો આ બીજો ઉદ્ધાર થયો

ઉદ્ધાર પંદરમો (ત્રીજો) સમરાશાનો સં. ૧૩૭૧

પાટણ શહેરમાં **ઓ**શવાલ જ્ઞાતિના દેશળશા નામના શ્રેષ્ઠિ વસતા હતા. તેમને **ભો**લી નામની સ્ત્રી હતી, તેમને **સ**હજ્જ, **સા**હણ અને **સ**મરસિંહ અને બીજા બે એમ પાંચ પુત્રો હતા.

સહજપાલ દેવગિરિમાં વેપાર વગેરે કરતા હતા. **સા**હણ **ખં**ભાતમાં રહેતા હતા અને **સ**મરસિંહ **પા**ટણમાં પિતાની સાથે રહી વેપાર આદિ કરતા હતા. પાંચે ભાઇઓમાં **સ**મરસિંહ હોંશિયાર અને બુદ્ધિશાળી હતા. તેથી તે **પા**ટણના સુબા **અલ**પખાન તથા દિલ્હીના બાદશાહ **અલ્લા**ઉદ્દીનના પ્રીતિપાત્ર હતા.

ચૌદમો ઉદ્ધાર **બા**હડ મંત્રીએ કરાવ્યો બાદ, વિ. સં. ૧૩૬૯માં મ્લેચ્છ લોકોએ **શત્રુંજય**-તીર્થનો ધ્વંશ કર્યો, **જા**વડશાએ પ્રતિષ્ઠિત કરેલ **શ્રીઆ**દીશ્વર ભગવંતની મૂર્તિ તથા બીજી સેંકડો મૂર્તિઓનો નાશ કરી નાંખ્યો. આ સમાચારોથી **ભા**રત ભરના જૈનસંઘોને ભારે આઘાત લાગ્યો, કેટલાક રૂદન કરવા લાગ્યા, કેટલાકે ખાવા–પીવાનું છોડી દીધું, કેટલાક મૂર્છાથી બેભાન બની ગયા.

પાટણમાં પણ આ સમાચારથી દેશલશા મૂર્છાવશ બની ગયા. શીતોપચારથી મૂર્છા દૂર કરવામાં આવી. દેશલને ખૂબ આઘાત થયો પૌષધ શાળામાં શ્રીસિદ્ધસેનસૂરિજી મહારાજની પાસે ગયા, અને પોતાને થયેલ દુઃખનું નિવેદન કર્યું.

આચાર્ય ભગવંતે આશ્વાસન આપી શાંત કર્યા અને કહ્યું કે. સંસારને વિશે કોઈ પદાર્થ સ્થિર નથી જ. તે મનુષ્યો ધન્ય પાત્ર છે કે તીર્થનો નાશ ન થાય તે માટે તીર્થનો ઉદ્ધાર કરાવીને તીર્થને ટકાવી રાખે છે. આ પ્રમાણે કહીને **શ્રીશત્રુંજય**મહાતીર્થમાં થયેલા ઉદ્ધારો કોણે કોણે ક્યારે ક્યારે કરાવ્યા તેનું સુંદર વર્ણન કર્યું.

શ્રી**સિ**દ્ધસેનસૂરિજી મહારાજનો ઉપદેશ સાંભળી દેશળે કહ્યું કે હમણાં મારી પાસે ભૂજબળ, ધનબળ, મિત્રબળ, રાજબળ વગેરે છે, તેમાં આપશ્રીનું કૃપાબળ મને સહાયકર્તા થાય તો આ તીર્થનો ઉદ્ધાર હું કરાવું.

આચાર્ય મહારાજે કહ્યું કે ધર્મકાર્યમાં ગુરુની કૃપા સર્વદા રહેલી હોય છે, માટે તમે આ તીર્થનો ઉદ્ધાર શીઘ્ર કરાવો.

દેશલશા આનંદ પામ્યા, ઘરે જઇને બુદ્ધિ શાળી, ભાગ્યશાળી અને હોંશિયાર પુત્ર **સમર**ને બોલાવી બધી વાત કરી. **સમર**સિંહે પિતાનો આદેશ માથે ચઢાવ્યો, પછી ગુરુ મહારાજ પાસે જઇને અભિગ્રહ લીધો કે જ્યાં સુધી તીર્થનો ઉદ્ધાર પૂર્ણ ન થાય ત્યાં સુધી, ૧ બ્રહ્મચર્યનું પાલન કરવું, ૨ નિત્ય એકાસણું (એકવાર જમવુ) કરવાં, ૩ રોજ પાંચ વિગઇનો ત્યાગ કરવો, ૪ ભૂમિ ઉપર સંથારો કરવો. (પલંગ આદિ ઉપર સુંવું નહિ., અને ૫. ખડી, તેલ અને પાણી એમ ત્રણથી જોગું સ્નાન કરવુ નહિ'

પછી શુભ દિવસે સારૂં ભેટણું લઇને **સમર**સિંહ **પા**ટણના સુબા **અલ**પખાન પાસે ગયા અને તેમની આગળ ભેટણું મૂકયું.

અલપખાન **સમર**સિંહને ભેટ્યો અને આનંદ પામ્યો.

અલપખાને કહ્યું કે, '**સમર**! મારા પુત્ર કરતાં પણ તારા ઉપર મને અધિક સ્નેહ છે, માટે તારે જે કોઈ કાર્ય કે જે કોઈ ઇચ્છા હોય તે કહે, તેમાં કોઈ વિચાર કરીશ નહિ, કઠીન કાર્ય હશે તો પણ ચિંતા કરીશ નહીં'.

સમરશા મનમાં આનંદ પામ્યા અને સુબાને કહ્યું કે અમારા મહાતીર્થ **શ્રીસિદ્ધાચલ**-**જી**નો તમારા બાદશાહના સૈન્યે નાશ કરી નાખ્યો છે. આ તીર્થની હયાતી હોય તો સમગ્ર જૈનો વગેરે ત્યાંની યાત્રા કરે છે, અને પોતાની લક્ષ્મીનો શુભ કાર્યોમાં સદ્‌ઉપયોગ કરે છે. દીન દુખીયા, ગરીબ ગરબા વગેરે દાન આપી સહાયક થાય છે અને તેમને સંતોષ પમાડે છે. તમે આજ્ઞા આપો તો તે તીર્થનો ઉદ્ધાર કરાવવાની મારી ઇચ્છા છે'

અલપખાને કહ્યું કે 'હું તારા ઉપર પ્રસન્ન છું. તારી ઇચ્છામાં આવે તે પ્રમાણે કર. દિલ્હીના બાદશાહનો તું કોઈ ભય રાખીશ નહિ'.

ઉદ્ધાર કરાવવામાં કોઈ વિઘ્ન કરે નહિ એટલા માટે **અલ**પખાને આજ્ઞાપત્ર લખાવીને **સમર**શાને સુપ્રત કર્યું. ઉપરાંત પાઘડી, ખેશ અને પાનનું બીડું આપી **સમર**શાનું બહુમાન કર્યું.

પુણ્યયોગે કપરૂં ગણાતું કાર્ય પણ આમ સરળતાથી પતી ગયું, નહિતર દિલ્હીના બાદશાહની આજ્ઞાથી સૈન્યે મંદિરો અને મૂર્તિઓ તોડી નાંખી હતી, અને પોતે બાદશાહની ગુલામી નીચે હતો. બાદશાહને ખબર પડતાં શું કરે તે કલ્પી શકાય નહિ, છતાં પણ આપત્તિ

આવે તો સહન કરી લેવી પણ જેને પુત્રથી અધિક માન્યો તેનું કાર્ય અવશ્ય થવું જોઇએ' એવી સુબાની મનોવૃત્તિ થઈ.

સમરાશાને ઘણો આનંદ થયો. ગુરુમહારાજ પાસે જઈને આજ્ઞાપત્ર મળ્યાની વાત કરી.

આચાર્ય મહારાજે કહ્યું કે 'દેવોના દ્વેષી એવા અલપખાને તીર્થના ઉદ્ધાર માટે રજા આપી, તેથી ખરેખર તારૂં ભાગ્ય ચઢીયાતું છે'.

સમરાશાએ મૂલનાયકની પ્રતિમાજી નવી ભરાવવા અંગે પૂછ્યું કે 'ભગવાન ! ઘણાં વર્ષો પહેલાં મંત્રી વસ્તુપાલે મમ્માણી ખાણમાંથી આરસની શિલા મંગાવીને સિદ્ધાચલજીની ઉપર રાખેલી સાંભળવામાં આવે છે અને તે શિલા આજ સુધી ભોયરામાં અક્ષત છે, તો તે શિલામાંથી નવી પ્રતિમાજી ભરાવું તો કેમ ?

સંઘ ભેગો કરવામાં આવ્યો. સંઘે કહ્યું કે, આ ભયંકર કલિકાળ છે, મંત્રીએ ઘણું દ્રવ્ય ખર્ચી શિલા લાવીને સંઘને સમર્પણ કરેલી છે. અત્યારે તે શિલા બહાર કાઢવાનો સમય નથી, માટે બીજી શિલા મંગાવીને તેની નવી પ્રતિમાજી ભરાવરાવો.

મૂર્તિ માટે શિલા મેળવવા માટે સમરાશા ત્રિસંગમપુર ગયા. ત્યાં આરસપાણની ખાણનો માલિક મહિપાલ રાણો શિવભક્ત હતો, પણ જૈનધર્મને વિષે શ્રધ્ધાવાળો હતો, જીવદયાનું પાલન કરતો હતો તથા માંસાહારનો ત્યાગી હતો.

સમરાશાએ કિંમતી ભેટણું અને વિનંતિપત્ર રાણાની આગળ મૂકયો.

મહિપાલ રાણાએ વિનંતિપત્ર વાંચ્યો અને ખુશ થયો. ભેટણું પાછું આપ્યું અને કહ્યું કે 'જે ખાણમાંથી જે શિલા પસંદ પડે તે કઢાવીલો, તેનો કર પણ છોડી દઉં છું. અને હવેથી જે કોઈને મૂર્તિ માટે શિલા જોઇતી હશે તેનો પણ કર લઈશ નહિ'

મોટી શિલા કાઢવા માટે સમરાશાહે કારીગરોને બોલાવ્યા અને શિલા કાઢવા માટે જે મૂલ્ય માંગ્યું તેનાથી અધિક મૂલ્ય આપવાનું નક્કી કર્યું. અને પાતાક મંત્રીને દેખરેખ માટે મૂકી સમરાશા પાટણ આવી ગયા.

ખાણમાંથી શિલા કાઢવાનું કામ ધમધોકાર ચાલ્યું. થોડા દિવસોમાં એક શિલા બહાર કાઢવામાં આવી, સાફ કરીને જોઇ તો તે શિલા તડપડેલી હતી.

સમાચાર **સ**મરાશાને મોકલવામાં આવ્યા.

સમરાશાએ કહેવરાવ્યુ કે 'બીજી શિલા કઢાવરાવો' બીજી શિલા કાઢવામાં આવી, તે પણ દોષવાળી નીકળી.

સમરાશાને ખબર મળ્યા, એટલે તે ત્રિસંગમપુરમાં આવ્યા. **સ**મરાશાહે અઠ્ઠમનો તપકરી શાસનદેવનું આરાધન કર્યું, શાસનદેવે પ્રગટ થઈને કહ્યું કે, શિલા કાઢતા પહેલાં જે વિધિ કરવી જોઈએ તે કરી નથી. તેથી શિલા 'દોષવાળી નીકળી છે, હવે બધી વિધિ કરી, બાણુની અમૂક જગ્યામાંથી શિલા કઢાવો.'

પૂજન વિગેરે વિધિ કરાવી શિલા કાઢવાનું કામ શરૂ કરવામાં આવ્યું.

સમરશા **પા**ટણ આવી ગયા.

ત્રીજી વખતે જે શિલા નીકળી તે નિર્મળ, સ્ફટિક જેવી સુંદર અને દોષ વિનાની હતી.

નિર્મળ શિલા નિકળ્યાની ખબર લાવનારને **સ**મરાશાહે સોનાના દાંત સોનાની જીભ અને રેશમી બે વસ્ત્રો આપ્યાં.

કારીગરોને પણ મજુરી ઉપરાંત સોનાના કંકણ અને વસ્ત્ર આપી સૌને ખુશ કર્યા.

સ્ફટિક સમાન શિલા નીકળી જાણી **અ**હિપાલ રાણાએ પણ ત્યાં આવી તે શિલાની ચંદન-પુષ્પાદિકથી પૂજન કર્યું. આજુબાજુના ગામોના લોકો પણ ત્યાં આવી શિલાનું પૂજન કરવા લાગ્યા.

પર્વત ઉપર બાણુમાંથી શિલા બહાર કઢાવ્યા બાદ, પર્વત ઉપરથી શિલા નીચે ઉતારવામાં આવી અને **આ**રાસણ લાવ્યા. ત્યાં મહોત્સવ કરવામાં આવ્યો, આજુબાજુના ગામોમાં જેમ જેમ ખબર પડતી ગઈ તેમ તેમ લોકો આવવા લાગ્યા. શિલાનું ચંદન વગેરેથી પૂજન કરવા લાગ્યા. શિલા એક તીર્થ જેવી બની ગઈ.

મજબૂત ગાડામાં શિલા ચઢાવીને વીસ જોડી બળવાન બળદો ગાડામાં જોડી કુમારસેના સુધી ગાડું આવ્યા બાદ ગાડું અટકી પડ્યું. **પા**તાક મંત્રીએ **પા**ટણ સમાચાર મોકલ્યા, એટલે **સ**મરાશાહે વીસ જોડી સારા રૂષ્ટપુષ્ટ અને બળવાન બળદો તથા મજબૂત ગાડું મોકલાવ્યું. શિલા ગાડામાં ચઢાવવા ગયા ત્યાં ગાડું તૂટી ગયું, એમ સમરાશાહે મોકલેલાં ત્રણ ત્રણ ગાંડા ભાંગી ગયાં.

સમરાશા આ સાંભળી ચિંતામાં પડ્યા, કે મજબૂત ગાડાના ચૂરા થઈ ગયા, તો હવે શિલા છેક પાલીતણા સુધી કેવી રીતે લઈ જવાશે ?

રાત્રે શાસનદેવે સમરાશાહને કહ્યું કે 'સમર ! તું ચિંતા કરીશ નહિ, ઝંઝા ગામમાં એક દેવી છે, તેની યાત્રા માટે એક ગાડું બનાવવામાં આવેલું છે, તે દેવથી અધિષ્ઠીત છે. અને ઘણું મજબુત છે, એટલું જ નહિ પણ તેમાં પચાસ માણસો બેસે તોપણ ગાડાને બે કોસને અંતરે જોડેલા માત્ર બે બળદોથી ગાડું ચાલવા લાગે છે. આ ગાડું દેવી પોતે પોતાના પૂજારીને આદેશ કરીને અહીં તારી પાસે મોકલાવશે, તે ગાડા દ્વારા શિલાને **સિદ્ધાચલજી** સુખપૂર્વક લઈ જવાશે.'

સમરાશા સવારે ઝંઝા ગામે જવા વિચાર કરે છે, ત્યાં દેવીનો પૂજારી આવી પહોંચ્યો અને કહ્યું, કે દેવીએ મને આદેશ કર્યો છે કે–તું પાટણ સમરાશાની પાસે જઈને કહે કે 'મારા ગાડાથી શિલાને લઈ જવાશે.'

રસ્તાના ખાડા ટેકરા વાળી જમીન સરખી કરવા માટે ૧૦૦ માણસો સાથે દેવીએ ગાડું અને વીસ જોડી બળદો મોકલ્યા. તે ગાડા દ્વારા શિલા ગામોગામ પૂજન અને મહોત્સવ કરાતી પાલીતાણા આવી પહોંચી. પાલીતાણાના સંઘે પણ ધામધૂમ પૂર્વક શિલાનો નગરપ્રવેશ કરાવ્યો.

સમરાશાહે માણસો આદિને વસ્ત્ર, ધન, અલંકાર, વગેરે આપીને સૌને ખુશી કર્યા.

સિદ્ધાચલજી ઉપર શિલા ચઢાવવાનું જણાવ્યું અને શિલ્પશાસ્ત્રમાં કુશળ સોળ કારીગરોને **સિદ્ધાચલજી** મોકલ્યા. તથા **જુનાગઢમાં** બિરાજમાન **શ્રીબાલચંદ્ર** મુનિને પ્રતિમાજી ઘડાય તેની દેખરેખ રાખવા માટે વિનંતિ કરીને **સિદ્ધગિરિજી**એ બોલાવ્યા.

શિલાનો વધારાનો કેટલોક ભાગ કાઢી નાંખીને શિલા કંઈક હળવી બનાવીને ૮૪ માણસોએ ૭ દિવસમાં શિલા ઉપર ચઢાવી, માણસોને ધન વગેરે આપી સંતુષ્ટ કર્યા.

હાલમાં તો **શ્રીસિદ્ધગિરિજી** ઉપર ચઢવા માટે સુંદર સરસ પગથિયાં બનાવવામાં આવેલાં છે, જ્યારે તે વખતે તો ચઢવા માટે પથ્થરના ટુકડાઓ ઉંચા–નીચા ગોઠવેલા હતા એટલે કોઈપણ વસ્તુ ઉપર લઈ જવાનું કામ તે વખતે ઘણું કઠીન હતું. વર્તમાનમાં દરવાજા વગેરેના કામ માટે પત્થરો વગેરે મજુરો કેવી રીતે ઉપર લઈ જાય છે અને કેટલી મહેનત પડે છે તે જુઓ તો ખ્યાલમાં આવે કે પૂર્વકાલમાં ગિરિરાજના કઠણ માર્ગે મંદિરો વગેરે કેટલા પરિશ્રમે અને કેટલા દ્રવ્યના વ્યયે બંધાયાં હશે ? માલ–સામાન કેટલી મુશ્કેલીએ ઉપર ચઢાવ્યો હશે ?

મુખ્ય મંદિરના તોરણ દ્વાર આગળ **શ્રીબાલચંદ્ર** મુનિની દેખરેખ નીચે ઉત્તમ કારીગરો મૂર્તિને ઘડવા લાગ્યા. થોડા ટાઈમમાં સુંદર મૂર્તિ તૈયાર થઈ ગઈ એટલે મૂર્તિ અંદરના ભાગમાં મુખ્ય સ્થાને લાવવામાં આવી.

એક બાજુ મૂર્તિ ઘડાતી હતી. અને બીજી બાજુ મંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલતું હતું. તથા નવા મંદિરો બનતાં હતાં. મુખ્ય મંદિરની આજુબાજુમાં **શ્રીઅષ્ટાપદજી**નું મંદિર, **વીસવિહરમાન** મંદિર તથા બીજાં કેટલાંય મંદિરો માત્ર બે વરસમાં તૈયાર થઈ ગયાં.

સમરાશાને ખબર મોકલવામાં આવ્યા કે, 'જીર્ણોદ્ધાર પુરો થઈ ગયો છે.'

સમરાશાને આ ખબર મળતાં પોતાના પિતા દેશળશા સાથે ગુરુમહારાજ **શ્રીસિદ્ધ**સેનસૂરિજી મહારાજ પાસે ગયા અને વિનંતિ કરી કે '**શ્રીસિદ્ધાચલજી**નો જીર્ણોદ્ધાર પૂર્ણ થઈ ગયો છે. હવે પ્રતિષ્ઠાનો દિવસ નક્કી કરી આપો અને આપ સંઘમાં પધારી અંજન શલાકા તથા પ્રતિષ્ઠા કરાવો.'

સારા સારા જ્યોતિર્વિદો બોલાવીને આચાર્ય ભગવંતે પ્રતિષ્ઠા માટે વિક્રમ સંવત ૧૩૭૧ મહા સુદ-૧૪ સોમવાર પુષ્ય નક્ષત્રનો દિવસ અને સંઘના પ્રયાણ માટે પોષ સુદ-૮નો દિવસ નક્કી કરી આપ્યો.

સ્થાનિક સંઘ એકઠો કરી સંઘ કાઢવાની રજા લઈ, ગામોગામ-શહેર શહેરમાં સંઘોને તથા આચાર્યાદિ મુનિવરોને સંઘમાં પધારવા માટેના આમંત્રણ મોકલવામાં આવ્યાં. પ્રયાણનો દિવસ નજીક આવતાં પહેલાં સૌ આવી પહોંચ્યા.

પોષ સુદ-૮ના દિવસે શ્રીસંઘે **પા**ટણથી પ્રયાણ કર્યું ત્યારે સંઘમાં સૌથી અગ્રેસરે પૂ. આચાર્ય **શ્રીસિદ્ધ**સેનસૂરીશ્વરજી મહારાજ હતા બીજા ગચ્છોના પણ આચાર્ય મ. હતા. જેવાકે બૃહત્તપાગચ્છના **શ્રી**રત્નાકરસૂરિજી, દેવસુરગચ્છના **શ્રીપદ્મા**ચાર્યજી ખરતરગચ્છના **શ્રીસુ**મતિચંદ્રાચાર્યજી, ભાવડાગચ્છના **શ્રીવી**રસૂરિજી, સ્થારાપદ્ર ગચ્છના **શ્રીસ**ર્વદેવસૂરિજી, બ્રહ્માણગચ્છના **શ્રીજ**ગતસૂરિજી, નિવૃત્તિગચ્છના **શ્રીઆ**મ્રદેવસૂરિજી, નાણકગચ્છના **શ્રીસિદ્ધ**-સેનાચાર્ય, બૃહદ્ગચ્છના **શ્રીધ**ર્મઘોષસૂરિજી, નાગેન્દ્રગચ્છના **શ્રીપ્ર**ભાનંદસૂરીશ્વરજી તથા શ્રીવિનયાચાર્યજી. આ ઉપરાંત બીજા ભિન્ન ભિન્નગચ્છના આચાર્યો, પદસ્થ મુનિઓ, સામાન્ય મુનિવરો વગેરે પધાર્યા હતા. તથા વિશાળ સાધ્વીવર્ગ અને નોંધાયેલ સંઘપતિઓ, શ્રાવકો, શ્રાવિકાઓ સંઘમાં જોડાયા હતા.

સંઘની રક્ષા માટે **અ**લપખાને જમાદારો સિપાઈઓ વગેરેની સગવડો આપી હતી. તથા પોતે પાછળથી સંઘમાં ભેગા થયા હતા.

દિલ્હીના બાદશાહ તરફથી અલપખાનને ઘણી મુશ્કેલીઓ આવી હતી. પણ એક વચનને ખાતર બહાદુરીથી બધી મુશ્કેલીઓ અલપખાને દુર કરી હતી અને જીર્ણોદ્ધારના કાર્યમાં કાંઈ આંચ ન આવે તે માટે બહેરખાનની સરદારી નીચે ચૂંનદા સૈનિકો મોકલ્યા હતા.

જ્યાં જ્યાં સંઘના મુકામ થતા ત્યાં ત્યાં સૌને જમવાની છુટ હતી, તે માટે અન્નસત્ર રાખવામાં આવ્યાં હતાં અને ઉદ્ઘોષણા કરવામાં આવતી કે 'જે કોઈ ભૂખ્યા હોય તે અહીં આવીને ભોજન કરી જાવ'. દરેક ગામમાં દીન–અથાથ અને જીર્ણોદ્ધાર વગેરે જેમાં જેમાં જરૂર હોય તેમાં ઉદારતાથી દાન આપતા હતા.

ગામે ગામ સંઘનો સુંદર સત્કાર થતો હતો, પાટણથી નીકળી શેરીસા અમદાવાદ સરખેજ ધોળકા વગેરે સ્થળોએ મુકામો કરી સંઘ પીપરાળી ગામે આવ્યો. ત્યાંથી શ્રીગિરિરાજના દર્શન થતાં, ત્યાં ગીરિરાજને સોના–રૂપા મોતીડેથી વધાવ્યો અને મહોત્સવ કર્યો. અનુક્રમે સંઘ પાલીતણા આવી પહોંચ્યો. તે સમયે મોટાભાઈ સહજપાલ દેવરિથી અને સાહણસિંહ ખંભાતથી સંઘ લઈને આવી પહોંચ્યા હતા, સમરાશા બંને ભાઈઓને ભેટ્યા. આનંદ આનંદ થઈ ગયો. પાલીતણામાં સંઘનો સામૈયાસહ નગર પ્રવેશ કરાવ્યો. લલિતા સરોવરના વિશાળ કાંઠા ઉપર પડાવ નાખવામાં આવ્યો.

બીજે દિવસે પ્રભાતે પાલીતણામાં શ્રીપાર્શ્વનાથ ભગવાનના અને તળાવના કાંઠા ઉપર રહેલ શ્રીમહાવીર ભગવંતના જિનાલયે દર્શન કરી તલાટીએ આવ્યા. ત્યાં શ્રીનેમનાથ ભગવંતનું પૂજન કરી, તલાટીએ દર્શનાદિ કરી બધો સંઘ ગિરિરાજ ઉપર ચઢ્યો.

મુખ્ય આચાર્ય શ્રીસિદ્ધસેનસૂરિજી મહારાજે અંજન શલાકા પ્રતિષ્ઠા આદિ અંગેની બધી સામગ્રી મંગાવી રાખી હતી. બધી વિધિઓ કરવા પૂર્વક શ્રીઆદીશ્વર ભગવંત આદિ નૂતન પ્રતિમાજીઓની અંજનક્રિયા કરવામાં આવી અને સંવત ૧૩૭૧ ના મહા સુદ ૧૪ ને સોમવારે પુષ્ય નક્ષત્રમાં મીન લગ્ને શુભ મુહુર્તે ધામધૂમ પૂર્વક અચલ પ્રતિષ્ઠા કરવામાં આવી. મૂળનાયકની પ્રતિમાજીની પૂજ્ય આચાર્ય ભગવંતે પ્રતિષ્ઠા કરી, મૂળનાયકના ધજાદંડની પ્રતિષ્ઠા આચાર્યદેવની આજ્ઞાથી વાચનાચાર્ય શ્રીનાગેન્દ્રે કરી અને બીજી પ્રતિમાજીઓ વગેરેની બીજા આચાર્યો આદિએ પ્રતિષ્ઠા કરી.

સમરાશાહે પોતાના પિતા, ભાઈઓ વગેરે સાથે મૂળનાયક ભગવંતની ભાવપૂર્વક અષ્ટપ્રકારી પૂજા કરી. નૃત્યગીતગાન વગેરેથી ભાવપૂજા કરી. દશ દિવસનો પ્રતિષ્ઠા મહોત્સવ સુંદર રીતે ઉજવાયો. સુખાઅલપખાનની સહાયથી જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠાનું કાર્ય સુંદર રીતે નિર્વિઘ્ને સમાપ્ત થયું.

શ્રીજીનેશ્વર ભગવંતનું ગુણગાન કરનારા ભાટ લોકો વગેરેને સોનું-રૂપું, રત્ન, ઘોડા, હાથી, વસ્ત્ર વગેરેનું દાન આપ્યું. કપર્દિયક્ષનું પણ વિધિપૂર્વક પૂજન કરી રેશમીવસ્ત્ર તથા અલંકારો વગેરે ચઢાવ્યા.

એકવીસ દિવસ સુધી સંઘ રોકાયો હતો. દરરોજ મીઠાઈ-જાતજાતના ખાન-પાન વગેરેથી સૌની ભક્તિ કરી સૌને સંતોષ પમાડ્યો હતો.

મહોત્સવમાં પાંચસો (૫૦૦) તો પદસ્થ આચાર્યો-ઉપાધ્યાયો વાચનાચાર્યો, બે હજાર ઉપરાંત મુનિવરો ઘણા સાધ્વીજીઓ પધાર્યા હતા. શ્રાવક-શ્રાવિકોનો તો હિસાબ ન હતો.

મહારાષ્ટ્ર-ચીન તિલંગ આદિ દેશોમાંની બારીક અને સુંદરવસ્ત્રો-કામળ વગેરે મુનિમહારાજો તથા સાધ્વીજીઓને યોગ્યતાપૂર્વક વહોરાવીને લાભ લીધો હતો. તથા સાધર્મિક ભક્તિમાં કોઈ ઊણપ રાખી નહતી.

એક હજાર ગવૈયાને ઘોડા-સોનું વસ્ત્રો વગેરે ઈચ્છીત દ્રવ્ય આપ્યું હતું.

સંઘ **સિદ્ધાચળ**થી નિકળી ગિરનારજી **પ્ર**ભાસપાટણ વિગેરે તીર્થોની યાત્રા કરી **પા**ટણ આવ્યો ત્યારે **પા**ટણના સંઘે **સ**મરાશાહનો મહોત્સવ પૂર્વક નગર પ્રવેશ કરાવ્યો હતો. **સ**મરાશાહે આખા **પા**ટણ શહેરનું સ્વામિવાત્સલ્ય કર્યું.

તીર્થના ઉદ્ધારમાં **સ**મરાશાહે સત્તાવીસ લાખ સીતેર હજાર દ્રવ્યનો વ્યય કર્યો હતો.

બીજી વખત ગુરૂ મહારાજ, સાત સંઘપતિઓ અને બેહજાર માણસો સાથે સં. ૧૩૭૫માં સર્વ તીર્થોનો સંઘ કાઢ્યો હતો. તે વખતે **સૌ**રાષ્ટ્રમાં મુસલમાન સૈનિકોએ પકડેલા બધા માણસોને છોડાવ્યા હતા. સંઘમાં ૧૧ લાખ દ્રવ્ય વાપર્યું હતું.

દિલ્હીની ગાદીએ ગ્યાસુદ્દીન આવ્યો. **સ**મરાશાએ **દ**ક્ષિણ દેશમાં તોફાનો વિગેરે સમાવી બાદશાહની આણ વરતાવી હતી, **સ**મરાશાહના ગુણોથી રંજીત થઈને **ગ્યા**સુદ્દીન બાદશાહે **સ**મરાશાહને **તૈ**લંગ દેશનો અધિપતિ બનાવેલ અને કોઈપણ કર નહિ ભરવાનો આદેશ આપ્યો હતો.

સમરાશા અધિપતિ બન્યા પછી **તુ**ર્ક લોકોના કેદી તરીકે પકડાયેલા અગીયાર લાખ મનુષ્યોને છોડાવ્યા. અનેક રાજાઓ રાણીઓ અને વેપારીઓ ઉપર ઘણો ઉપકાર કર્યો હતો. સુલતાનના કેદી થયેલા **પાં**ડુદેશના **વી**રવલ્લભ રાજાને પણ મુક્ત કરાવ્યા હતા. સર્વ દેશોમાંથી

આવેલા શ્રાવકોને વસાવ્યા હતા. અનેક શ્રીજિનમંદિરો બંધાવ્યા હતા. આ રીતે જીવનમાં ઘણા સત્કાર્યોમાં પોતાની મળેલ લક્ષ્મીનો સદ્વ્યય કર્યો હતો. અંતે ધર્મનું આરાધન કરતાં તેઓ સમાધિપૂર્વક મૃત્યુ પામી સ્વર્ગલોકમાં ગયા.

મહાવિસમ કાળમાં પણ તેમણે તીર્થનો ઉદ્ધાર કરાવ્યો. તે તેમનામાં રહેલી શાસન ધગશની ખાસ વિશેષતા તરી આવે છે.

(૪) ઉદ્ધાર સોળમો કરમાશાનો (સં. ૧૫૮૭)

મેવાડ દેશમાં ચિતોડ નગરમાં સંગ્રામસિંહ મહારાણા હતા, તે બળવાન હતા, તેમની પાસે ત્રણ લાખ તો અશ્વો હતા. જેવા બળવાન હતા તેવા ગુણવાન, ધૈર્યવાન, દયાળુ હતા. તેમની વિભૂતિ જોઈને લોકો તેમને ચક્રવર્તી સમાન માનતા હતા.

તે નગરીમાં ઓશવાલ વંશના જૈનધર્મી આમરાજ થઇ ગયા હતા, તેમના વંશમાં રામદેવ પછી તેમના પુત્ર લક્ષ્મીસિંહ, તેમના પુત્ર ભુવનપાલ, તેમના પુત્ર ભોજરાજ, તેમના પુત્ર નરસિંહ અને તેમના પુત્ર તોલાશા તે વખતે ચિતોડમાં વસતા હતા.

સંગ્રામસિંહ મહારાણાને તોલાશા ઘણા પ્રિય હતા. તેઓ પોતાનું પ્રધાનપણું તોલાશાને આપવા માગતા હતા, પણ તોલાશા પ્રધાનપણું લેવા તૈયાર ન થયા તેથી રાણાએ શ્રેષ્ઠિપદ આપ્યું.

તોલાશા ન્યાયી, વિનયી, જ્ઞાની, ધનવાન અને સ્વમાની હતા. તેમને લીલુ નામની પત્ની હતી. તેનાથી તેમને પાંચ પુત્રો થયા હતા. રત્નશા, ચોમાશા, દશરથ, ભોજ અને કરમાશા. પાંચે ભાઈઓ બળવાન અને પરાક્રમી હતા. તેમાં સૌથી નાના કરમાશા બધા કરતાં બુદ્ધિ, બળ, સૌંદર્ય, ગંભીરતા, ઉદારતા, વગેરેમાં વિશેષ ગુણવાળા હતા. તેથી કરમાશાની ખ્યાતિ વિશેષ હતી.

એક વખત શ્રીધર્મરત્નસૂરિજી મહારાજની નિશ્રામાં નિકળેલો ધનરાજનો સંઘ તીર્થો વગેરેની યાત્રા કરતો ચિતોડ આવ્યો, ત્યારે સંગ્રામસિંહ રાણા, તોલાશા શ્રેષ્ઠિ વગેરેએ સંઘનું સુંદર સામૈયું કરી સન્માન કર્યું.

પુત્રો વગેરેના પરિવાર સાથે તોલાશા ગુરુ મહારાજની દેશના સાંભળે છે, એ જ વખતે સમય જોઇને તોલાશાએ આચાર્ય મહારાજને પ્રશ્ન કર્યો કે 'મેં *જે કાર્ય વિચાર્યું છે તે કાર્ય સફળ થશે કે નહિ ?

* મંત્રી વસ્તુપાલ શ્રીશત્રુંજય તીર્થ ઉપર સંઘ લઈને આવ્યા હતા. મૂળનાયક ભગવંતનો સ્નાત્ર મહોત્સવ ચાલી રહયો હતો, તે વખતે બીજા અનેક શહેરોના સંઘો આવેલા હતા. તેથી માણસોની ભીડ ઘણી હતી.

શ્રીધર્મરત્નસૂરિજી મહારાજને જ્યોતિષ સંબંધી વિશેષ જ્ઞાન હતું. તેથી પોતાના જ્ઞાનનો ઉપયોગ કરી, પ્રશ્નકુંડલી માંડી અને બધી ગણતરી વગેરે કરીને તોલાશાને કહ્યું કે, 'હે સજ્જન શિરોમણી! તમારા ચિત્તમાં શ્રી શત્રુંજયતીર્થનો ઉદ્ધાર કરવાનો મનોરથ છે, પરંતુ તમોએ જે મનોરથ કર્યો છે તે તમારા સૌથી નાના પુત્ર કરમાશાથી પૂર્ણ થશે. અર્થાત્ શ્રીશત્રુંજય મહાતીર્થનો સોળમો ઉદ્ધાર તમારો નાનો પુત્ર કરમાશા કરાવશે. સમરાશાએ ઉદ્ધાર કરાવ્યો, તેની પ્રતિષ્ઠા મારા પૂર્વજ આચાર્ય ભગવંતે કરાવી હતી. તેમ હવેના સોળમા ઉદ્ધારની પ્રતિષ્ઠા મારા શિષ્યના હાથે થશે.'

અભિષેકમાં પણ ઘણા માણસોની ઠઠ જામી પડી. બધા અભિષેક કરવા પડાપડી કરવા લાગ્યા. માણસોની પડાપડી જોઈને પૂજારીને તે વખતે વિચાર આવ્યો કે, ધમાધમમાં કળશ આદિની ભગવંતના અંગને જો ઠોકર લાગશે તો ભગવંતની પ્રતિમા ખંડિત થઈ જશે.' આમ વિચાર કરી ભગવંતની મૂર્તિને કંઈ નુકશાન ન થાય તે માટે પૂજારીએ મૂર્તિ ઉપર ફુલનો ઢગલો કર્યો.

વસ્તુપાલ મંત્રી રંગમંડપમાં બેઠા હતા. તેમણે આ દ્રશ્ય જોયું અને પૂજારીનો ભાવ સમજી ગયા.

દીર્ઘદર્શી વસ્તુપાલ તે પછી મોજુદીન બાદશાહની આજ્ઞા મેળવી તેમના તાબાની ખાણમાંથી સુંદર આરસની પાંચ શિલાઓ મંગાવી (એક મૂલનાયક ભગવંતની મૂર્તિ માટે, બીજી પુંડરીક સ્વામીની મૂર્તિ માટે, ત્રીજી કપર્દિયક્ષની મૂર્તિ માટે, ચોથી ચક્રેશ્વરીજીદેવીની મૂર્તિ માટે અને પાંચમી તેજલપુર પ્રાસાદમાં શ્રીપાર્શ્વનાથની મૂર્તિ માટે) પાંચે શિલાઓ ઘણી મુશ્કેલીઓથી સિદ્ધાચળજી ઉપર ચઢાવવામાં આવી, તેમાંથી મોટી બે શિલાઓ ભોંયરામાં મુકાવી કેમકે કોઈ કારણસર મૂળનાયક ભગવંતની મૂર્તિ ખંડિત થઈ જાય કે મ્લેચ્છ આદિ કોઈ નુકશાન પહોંચાડે તો તુરત આ શિલામાંથી નવી પ્રતિમા બનાવીને તુરત પ્રતિષ્ઠા કરાવાય.'

સંવત ૧૨૯૮માં વસ્તુપાલનો સ્વર્ગવાસ થયો. તે પછી થોડા વર્ષો બાદ સં. ૧૩૬૯માં મ્લેચ્છ લોકોએ શ્રીજાવડશાએ પધરાવેલી શ્રીઆદિનાથ ભગવાનની મૂર્તિ તથા બીજી ઘણી મૂર્તિઓ અને મંદિરો ખંડિત કરી નાખ્યા હતા, તેનો ઉદ્ધાર સમરાશાએ સં. ૧૩૭૧ માં કરાવ્યો હતો. ત્યારે સંઘની આજ્ઞાથી આરસની ખાણમાંથી નવી શિલા લાવીને પ્રતિમાજી ભરાવવામાં આવ્યા હતા. અને પ્રતિષ્ઠા કરાવી હતી. વસ્તુપાલે લાવેલી શિલા એમને એમ ભોંયરામાં પડી રહી હતી, સમરાશાહે પધરાવેલી મૂર્તિ પણ કેટલાક વર્ષ બાદ મ્લેચ્છોએ હુમલો કરીને ખંડિત કરી નાખી, છતાં ત્યારબાદ તે ખંડિત થયેલી ભગવાનની પ્રતિમાજી પૂજાતા હતા. તોલાશા વખતે પણ તે ખંડિત પ્રતિમાજીનું જ પૂજન થતું હતું.

'વસ્તુપાલની લાવેલી બે શિલાઓ ભોંયરામાં પડેલી છે.' આ વાત પણ પ્રચલીત હતી, આથી તોલાશાને મનમાં વિચાર આવેલો કે ભોંયરામાં રહેલી શિલામાંથી ભગવંતની પ્રતિમાજી ભરાવી તીર્થનો જીર્ણોદ્ધાર કરાવાય તો સારૂં.' તેમના મનનો ધારેલો આ પ્રશ્ન હતો.

આચાર્ય ભગવંતે કહેલ સાંભળી તોલાશાને હર્ષ અને ખેદ સાથે થયાં. પોતાનો પુત્ર તીર્થનો જીર્ણોદ્ધાર કરાવશે તેથી હર્ષ, જ્યારે પોતે તીર્થનો ઉદ્ધાર નહિ કરાવી શકવા બદલ ખેદ થયો.

આ વખતે કરમાશા કુમાર અવસ્થામાં હતા. તેમણે આ વાત સાંભળી ગુરૂમહારાજના વચનને સફળ કરવાનો મનોરથ નક્કી કર્યો.

શ્રીધર્મરત્નસૂરિજી મહારાજ સંઘ સાથે આગળ વિહાર કરવા તૈયાર થયા ત્યારે તોલાશાની વિનંતીથી પોતાના શિષ્ય ઉપાધ્યાય વિનયમંડનગણિને ચિતોડમાં રોકૂયા.

ઉપાધ્યાય મહારાજ પાસે તોલાશાના પાંચે પુત્રો ધર્મનો અભ્યાસ કરવા લાગ્યા. તેમાં ભવિષ્યમાં તીર્થ ઉદ્ધારનું કાર્ય કરનાર કરમાશા ઉપર ઉપાધ્યાય મહારાજનો અધિક સ્નેહ હતો.

એક વખતે કરમાશાએ ગુરૂ મહારાજને કહ્યું કે, ' હે ગુરુદેવ ? આપશ્રીના ગુરુમહારાજનું વચન સિદ્ધ કરવા માટે આપશ્રીએ મારા સહાયક થવું પડશે.'

ઉપાધ્યાય મહારાજે હસીને કહ્યું કે ' ભાગ્યવાન્! આવા ઉત્તમ કાર્યમાં સહાય થવાનું કોણ ન ઇચ્છે ?

એક સારા દિવસે ઉપાધ્યાય મહારાજે કરમાશાને ' ચિંતામણિ મહામંત્ર ' આરાધનાની વિધિ સાથે આપ્યો અને તીર્થોદ્ધાર કરવાના કાર્યમાં ઉદ્યમશીલ રહેવાનો ઉપદેશ આપી ગુરુ મહારાજ વિહાર કરી ગયા.

તોલાશાનું આયુષ્ય પૂર્ણ થયે તોલાશા સમાધિપૂર્વક મૃત્યુ પામ્યા. પાંચ પુત્રો વગેરેને ખૂબ આઘાત લાગ્યો. ' દુઃખનું ઓસડ દિવસો ' એ ન્યાયે પિતાના મૃત્યુનો શોક વિસરાઇ ગયો અને સૌ સૌનું કામ કરવામાં લાગી ગયા.

કરમાશાને બે પત્નીઓ હતી, પહેલી કપૂરદેવી અને બીજી કમલાદેવી. કપૂરદેવીને કોઈ સંતાન નહતું, જ્યારે કમલાદેવીને લીમજી નામનો પુત્ર અને શોભા, સોના, મન્ના અને પન્ના નામે ચાર પુત્રીઓ હતી.

કરમાશા કાપડ આદિનો વ્યાપાર કરતા અને તેમાં દિન-પ્રતિદિન ઉન્નતિ પામવા લાગ્યા. બીજા ભાઇઓ પણ જુદો જુદો વ્યાપાર કરતા હતા.

કરમાશા ધર્મ આરાધનામાં સવાર સાંજ પ્રતિક્રમણ, ત્રિકાળ દેવપૂજા, મધ્યાહ્ન વખતે અષ્ટપ્રકારી પૂજા, અનુકંપા દાન, સાધર્મિક ભક્તિ નિયમિત કરતા. પર્વના દિવસોમાં પૌષધ વગેરે કરતા. વ્યાપારમાં ધર્મ અને નીતિ ચૂકતા નહિ. દાનાદિ કાર્યો પણ નિરંતર કરતા.

પુણ્યયોગે કરમાશા થોડા વર્ષોમાં કરોડો રૂપિયાના માલિક બન્યા. હજારો કુટુંબોને સહાય કરી સુખી બનાવ્યા. યાચકોને વિષે કલ્પવૃક્ષ સમાન ઇચ્છિત દાન આપનારા બન્યા.

ચાવડા વંશમાં પ્રસિદ્ધ રાજા વનરાજે વિ. સં. ૮૦૨ માં પાટણ વસાવી ગુજરાતની રાજધાની કરી હતી, ત્યારબાદ પાટણની ગાદીએ યોગરાજ, ક્ષેમરાજ ભૂવડ, વજ્જ, રત્નાદિત્ય અને સામંતસિંહ એમ છ રાજાઓ ચાવડા વંશના થયા. ત્યારબાદ મુલરાજ, ચામુંડરાજ, વલ્લભરાજ, દુર્લભરાજ, ભીમરાજ, કર્ણરાજ, સિદ્ધરાજ, કુમારપાળ, અજયપાળ, લઘુમૂલરાજ અને ભીમરાજ એમ અગીયાર ચૌલુક્ય (સોલંકી) વંશના રાજાઓ થયા અને પછી પાટણની ગાદી ઉપર વીરધવલ, વીસલ અર્જુનદેવ, સારંગદેવ અને કરણઘેલો એમ પાંચ વાઘેલા વંશના રાજાઓનું રાજ્ય રહ્યું.

સંવત્ ૧૩૫૭માં અલ્લાઉદ્દીનના સૈન્યે કર્ણરાજા (કરણઘેલા)ને હરાવીને પાટણ ઉપર પોતાનો અધિકાર જમાવ્યો હતો. અલ્લાઉદ્દીન દિલ્હીની ગાદીએ સં. ૧૩૫૪માં બેઠો હતો. ગુજરાતથી લાહોર સુધીનો અને બીજો ઘણો પ્રદેશ કબજે કર્યો હતો.

પીરોજશાહના સમયમાં ગુજરાત સ્વતંત્ર થયું. અને ગુજરાતની જુદી બાદશાહી શરૂ થઈ હતી. સંવત્ ૧૪૩૦માં ગુજરાતનો પ્રથમ બાદશાહ મુજફર હાકીમ થયો. તેના મૃત્યુ બાદ સં. ૧૪૫૪માં અહમદશાહ ગુજરાતની ગાદી ઉપર બેઠો. તેણે સં. ૧૪૬૮માં સાબરમતી નદીના કાંઠે જ્યાં પ્રાચીન કર્ણાવતી નગરી વસેલી હતી, ત્યાં પોતાના નામનું અહમદાબાદ (અમદાવાદ) શહેર વસાવ્યું અને પાટણના બદલે અહમદાબાદમાં પોતાની રાજધાની સ્થાપી. તે પછી ગુજરાતની ગાદીએ મહંમદશાહ, કુતબુદ્દીન, મહમુદ બેગડો અને તે પછી મુજફર એમ બાદશાહો થયા.

મુજફરખાનને ઘણા પુત્રો હતા. તેમાં સિકંદર બધાથી મોટો પુત્ર હતો, અને તેનો ભાઇ બહાદુરખાન હતો. તે કોઈ કારણસર નારાજ થઈને થોડા નોકરો સાથે અમદાવાદથી નીકળી ગયો અને ફરતો ફરતો ચિતોડ આવ્યો. ત્યા મહારાણાએ તેનો યથોચિત સત્કાર કર્યો.

કરમાશા કાપડનો વ્યાપાર કરતા હતા. બંગાલ અને ચીન વગેરે દેશ–વિદેશોથી કરોડો રૂપીયાનો માલ મંગાવતા અને વેચતા હતા. આથી તેમને અપરિમિત દ્રવ્યની પ્રાપ્તિ થઈ હતી.

શાહજાદા બહાદુરખાને પણ ફરમાશાની દુકાનેથી ઘણું કાપડ ખરીદ્યું. તેથી ફરમાશાને શાહજાદાની સાથે સારી મિત્રતા થઈ ગઇ.

એક દિવસ રાત્રીમાં ફરમાશા ઊંઘતા હતા, ત્યારે સ્વપ્નામાં ગોત્રદેવીએ આવીને કહ્યું, કે 'આ શાહજાદાથી તારી ઇષ્ટ સિદ્ધ થશે.'

બીજે દિવસેથી ફરમાશા, શાહજાદાનું ખૂબ સંભાળ પૂર્વક ખાન પાન, મીઠાં વચનો વગેરેથી સન્માન કરવા લાગ્યા.

બહાદુરખાન પાસેથી બધી રકમ જ્યારે ખર્ચાઈ ગઈ, ત્યારે ફરમાશાએ એક લાખ રૂપીઆ કોઇપણ જાતની શરત કે લખાણ કર્યા વગર આપ્યા. આથી શાહજાદો ખૂબ પ્રસન્ન થઈ ગયો અને કહ્યું કે 'હે ઉત્તમ મિત્ર! જીંદગી સુધી આ તારો ઉપકાર ભૂલી શકું તેમ નથી.' અર્થાત્ જીંદગી સુધી તારો ઉપકાર ભૂલીશ નહિ.

ફરમાશાએ કહ્યું, કે 'આપ આવું ન બોલો. આપ તો અમારા માલિક છો. અમે આપના સેવક છીએ. કેવળ એટલી અરજ છે કે કોઈ કોઈ વખત આ સેવકને યાદ કરજો અને આપને રાજ્ય મળે ત્યારે **શ્રીશત્રુંજય** તીર્થનો ઉદ્ધાર કરવાની મારી પ્રબળ ઉત્કંઠા છે, તે પૂરી કરવા દેજો.'

શાહજાદાએ વચન આપ્યું, કે જરૂર તારી ઇચ્છા હું પૂર્ણ કરીશ, અને જે કોઈ સહાયની જરૂર હશે તે હું પૂરી પાડીશ.' એમ કહી અનુમતિ લઇ ત્યાંથી નીકળી ગયો.

આ બાજુ ગુજરાતમાં મુજફ્ફરખાનનું મૃત્યુ થયું. તેની જગ્યાએ સિકંદર બેઠો, તે નીતિવાન હતો પરંતુ દુર્જનોએ તેને થોડા જ દિવસોમાં મારી નાંખ્યો. આ સમાચાર જ્યારે બહાદુરખાને સાંભળ્યા ત્યારે તે એકદમ ગુજરાત તરફ આવ્યો, અને ચાંપાનેર પહોંચ્યો. ત્યાં ઇમાદુમુલ્કને પકડી ને મારી નાંખ્યો. ચાંપાનેરની ગાદી ઉપર વિ. સં. ૧૫૮૩ના ભાદરવા સુદ-૨ ગુરુવારને દિવસે તેનો રાજ્યાભિષેક થયો અને બહાદુરશાહ નામ ધારણ કરી તે ગાદી ઉપર બેઠો.

રાજ્ય ગાદી ઉપર આવીને બહાદુરશાહે સ્વામીદ્રોહી, દુર્જનો ઉદ્ધત માણસો વગેરેને કડક શિક્ષા કરી. કોઈને જેલમાં પૂર્યા તો કોઈને મારી નાંખ્યા, કોઇને દેશનિકાલ કર્યા, તો કોઇને પદભ્રષ્ટ કર્યા, કોઈની માલમિલકત જપ્ત કરી, જેજે માણસોએ અનાદર કર્યો હતો તેઓને પણ શિક્ષા કરી. આથી નાના-નાના રાજાઓએ આવીને ભેટ ધરી તેની આજ્ઞાનો સ્વીકાર કર્યો.

પૂર્વાવસ્થામાં જે જે માણસોએ ઉપકાર કર્યો હતો તે સૌને બોલાવી ઉચિત સત્કાર કર્યો, ફરમાશાને બોલાવવા માટે ખાસ માણસને ચિતોડ મોકલ્યો.

કરમાશા પણ કિંમતી ભેટણું લઈ રાજ્યસભામાં આવી પહોંચ્યા. કરમાશાને જોતાં બહાદુરશાહ સિંહાસન ઉપરથી ઊભા થઇ ગયા, સામે જઈને ભેટી પડયા. પછી પોતાની પાસે કરમાશાને બેસાડયા અને સભા સમક્ષ કરમાશાએ નિષ્કારણ કરેલ પરોપકારની ખૂબ પ્રશંસા કરી, અને બોલ્યા કે 'આ મારા પરમ મિત્ર છે, જે સમયમાં મારી ખરાબ દશાએ મને ઘણોજ તંગ કર્યો હતો ત્યારે આ દયાળુએ તેનાથી મને મુકત કર્યો હતો અને મને બચાવ્યો હતો.

બાદશાહના મુખે પોતાની પ્રસંશા સાંભળતા કરમાશાએ બાદશાહના મુખ ઉપર એકદમ પોતાનો હાથ દબાવી આગળ બોલતાં રોકીને કહ્યું કે 'હે શહેનશાહ! આટલો બધો બોજો મારા ઉપર ન નાંખો, હું આ બોજો ઉપાડી શકું એમ નથી, હું તો માત્ર આપનો એક સેવક છું. મેં કોઇ એવું કાર્ય કર્યું નથી કે જેથી આપ મારી આટલી બધી પ્રશંસા કરો છો', આ પ્રમાણે મિત્રતા પૂર્ણ બોલાયા પછી બાદશાહે કરમાશાને પોતાની પાસે રાખ્યા. તેમને રહેવા માટે શાહી મહેલનો એક સુંદર ભાગ આપ્યો અને સારસંભાળનો સર્વ બંદોબસ્ત કરી દીધો.

કરમાશા દેવગુરુના દર્શનાર્થે ઠાઠમાઠથી દહેરાસર અને ઉપાશ્રયમાં ગયા, દર્શન–પૂજન કર્યું. વિવિધ પ્રકારનાં વસ્ત્ર આભૂષણ અને મિષ્ટાન્ન વગેરે યાચકોને આપ્યું. તે વખતે ચાંપાનેરમાં **શ્રીસોમ**ધીરગણિ નામના વિદ્વાન્ યતિ બિરાજમાન હતા. તેમની પાસે કરમાશા હંમેશાં વ્યાખ્યાન સાંભળતા અને પ્રતિક્રમણાદિ ધર્મક્રિયાઓ કરવા માટે જતા. આ પ્રમાણે સતત પૂજા, પ્રભાવના અને સાધર્મિક ભકિત કરતાં બાદશાહની પાસે રહેવા લાગ્યા.

કેટલાક દિવસ બાદ **શ્રીવિદ્યા**મંડનસૂરિ અને **શ્રીવિનય**મંડન પાઠકને કરમાશાએ પોતાનું આગમન અને બાદશાહની મુલાકાત વગેરેને જણાવનારો પત્ર લખ્યો.

બાદશાહે **ચિતો**ડમાં કરમાશા પાસેથી જેટલું દ્રવ્ય લીધું હતું તે બધું દ્રવ્ય કરમાશાને પાછું આપ્યું.

એક દિવસે બાદશાહે ખુશ થઈને કરમાશાને કહ્યું, કે 'હે મિત્રવર! હું તમારૂં શું ઇષ્ટ કરૂં? દિલખુશ કરવા માટે મારા રાજ્યમાંથી તમને જે દેશ વગેરે પસંદ પડે તેનો સ્વીકાર કર.'

કરમશાએ કહ્યું, કે 'આપની કૃપાથી મારી પાસે બધું છે, મારે કોઈ વસ્તુ જોઇતી નથી, પરંતુ મારી એક ઇચ્છા છે કે **શ્રીશત્રુંજય** પર્વત ઉપર મારી કુલદેવને સ્થાપન કરવાનો મારે નિયમ છે, તેને માટે મેં આપને **ચિત્તો**ડમાં વિનંતિ કરી હતી. આપે તે વખતે વચન પણ આપ્યું હતું. એ વચન પાલન કરવાનો હવે સમય આવી ગયો છે, માટે કરવાની મને આજ્ઞા આપો.'

આ સાંભળીને બાદશાહે કહ્યું કે, હે શાહ! તમારી જે ઇચ્છા હોય તે નિઃશંક થઈને પૂર્ણ કરો, તે માટે હું તમને ફરમાન લખી આપું છું, જેથી તમારા કાર્યમાં કોઇપણ માણસ કોઇપણ જાતનું વિઘ્ન કે અટકાયત કરી શકશે નહિ.' આમ કહીને તુરત બાદશાહે શાહી ફરમાન લખી આપ્યું, તે ફરમાન લઇને સારા મુહુર્તે ફરમાશાએ ત્યાંથી (**ચાંપાનેર**થી) પ્રયાણ કર્યું. તે વખતે સારૂંયે વાતાવરણ વાજીંત્રના ઘોષથી ગાજી ઉઠ્યું, પ્રયાણમાં શુકનો પણ સારા થવા લાગ્યા. તે જોઇને ફરમાશાને ખૂબ આનંદ થયો.

રસ્તામાં ભાટ–ચારણ વગેરે તેમના યશોગાન કરતા હતા. તેમને ધન વગેરે છુટથી દાનમાં આપતા હતા. અનેક સાધર્મિકો સાથે રથમાં આરૂઢ થઈ ક્રમસર **શ્રીશત્રુંજય** તરફ આગળ જવા લાગ્યા.

માર્ગમાં જ્યાં જ્યાં જિનમંદિર આવે ત્યાં સ્નાત્ર મહોત્સવ અને ધ્વજારોપણ કરતા. ઉપાશ્રયમાં જૈન સાધુ મહારાજ હોય તો દર્શન–વંદન કરતા તથા વસ્ત્ર–પાત્રાદિનો લાભ લેતા.

રસ્તામાં દીન–અનાથ વગેરેને દાન વગેરે આપતા, માછીમારો મળે તેને મોં માગ્યું ધન આપી જીવહિંસા છોડાવતા. **ખંભાત** આવ્યા. ખંભાતના સંઘે ફરમાશાનું ભવ્ય સ્વાગત કર્યું સંઘ વગેરે સાથે **શ્રીસ્થંભન પાર્શ્વનાથ** તથા **શ્રીસીમંધર** સ્વામી મંદિરે દર્શનાદિ કરી ઉપાશ્રયમાં આવ્યા. **શ્રીવિનયમંડન** પાઠકને હર્ષપૂર્વક વંદના કરી સુખશાતા પૂછી અને બધી વાત કરી.

પાઠકવરે કહ્યું કે, 'ફરમાશા ! હવે શું કરવું તે તમો સારી રીતે જાણો છો. અમારે તો એટલું જ કહેવું છે કે સારા કામમાં વિલંબ કરવો નહિ, અવસરે અમારૂં કર્તવ્ય પણ અમે બજાવશું, શુભ કાર્યમાં કોણ ઉપેક્ષા કરે ?' પછી શ્રીસંઘસાથે ગુરુ મહારાજને વંદન કરી **ખંભાત**થી નીકળી પાંચ છ દિવસોમાં તો બધા **સિદ્ધાચલજી** આવી પહોંચ્યા, ગિરિરાજને સોના-ચાંદીના ફુલડે, પુષ્પો અને શ્રીફળ વગેરેથી વધાવ્યો, યાચકવર્ગને દાન આપી ખુશ કર્યા.

માણસો, કારીગરો વગેરેને ઉપર જવા આવવામાં સુગમતા રહે એટલે **સિદ્ધાચલજી**ની તલાટી–**આદપર** મુકામ કર્યો.

કેટલાક સમય પછી **શ્રીવિનયમંડન** પાઠક, સાધ્વીજી મહારાજો આદિ ઘણા પરિવાર સાથે **પાલીતાણા** પધાર્યા. ફરમાશાએ ખુબ ઠાઠમાઠથી નગર પ્રવેશ કરાવ્યો. ગુરુમહારાજના પધારવાથી ખુબ આનંદ થયો.

ગુરુમહારાજ અને કરમાશાએ પૂજારીને બોલાવીને વસ્તુપાલે લાવીને રાખેલી મમ્માણી ખાણની બે શિલાઓ ભોંયરામાં જે ગુપ્ત રાખેલી તેની માંગણી કરી, પૂજારીએ ભોંયરું બતાવ્યું અને તેમાંથી શિલાઓ બહાર કાઢીને મૂર્તિ બનાવવાનો પ્રારંભ કરાવ્યો, અને પૂજારીને ઈચ્છા કરતાં અધિક દિલખુશ થઇ જાય એટલું ધન આપ્યું.

એક શિલામાંથી શ્રીઆદીશ્વર ભગવંત, બીજી શિલામાંથી શ્રીપુંડરીક સ્વામીજી તથા પોતાના કુંટુંબીજનોના શ્રેયાર્થે બીજી ઘણી મૂર્તિઓ વિધિપૂર્વક ઘડવવાની આજ્ઞા આપી, ગુરુમહારાજે શિલ્પશાસ્ત્રના વિશેષ જાણકાર, વાચક વિવેકમંડન અને પંડિત વિવેકધીર નામના પોતાના બે શિષ્યોને મૂર્તિઓની દેખરેખનું કામ સોંપ્યું, તથા તેમના માટે આહારપાણી લાવી વૈયાવચ્ચ કરવા માટે શ્રીક્ષમાધીર આદિ મુનિઓને રાખ્યા. બાકીના બીજા મુનિવરો વગેરે ઉદ્ધાર નિર્વિઘ્ને સારી રીતે પૂર્ણ થાય તે માટે છઠ્ઠ અઠ્ઠમ, આયંબીલ આદિ તપશ્ચર્યા કરવા લાગ્યા.

શ્રીરત્નસાગર અને શ્રીજયંતમંડન નામના બે મુનિવરોએ છ મહિનાનો તપ કર્યો.

વ્યંતર આદિ હલકા દેવોના ઉપદ્રવોની શાંતિ માટે ઉપાધ્યાયજી મહારાજે શ્રીસિદ્ધચક્રનું સ્મરણ કર્યું, સાથે સંઘ પણ તપ, જપ, ધ્યાન વગેરે આરાધના કરવા લાગ્યા.

કારીગરો, સલાટ વગેરેને ઉપર જવા–આવવા માટે ડોળીની સગવડ તથા મનોભિષ્ટ ખાવા–પીવા વગેરેની સગવડ કરમાશાએ સારામાં સારી રાખી હતી. ગરમ દૂધ મિષ્ટાન્ન વગેરે આપતા હતા, સેંકડો કારીગરો મજુરો વગેરે ઉદ્ધારના કાર્યમાં લાગી ગયા. ઈચ્છા કરતાં પણ અધિક મજુરી વગેરે મળતી હોવાથી સૌ મન દઈને ઉત્સાહથી વધુ કામ કરતા હતા.

આ રીતે થોડા વખતમાં મંદિરોના જીર્ણોદ્ધાર અને બધી મૂર્તિઓ તૈયાર થઇ ગઇ, એટલે પ્રતિષ્ઠાનું મુહૂર્ત નક્કી કરવા માટે દૂરદૂરના સારા જાણકાર અને વિદ્વાન્ વાચનાચાર્ય, પંડિતો, પાઠકો, આચાર્ય વગેરેને નિમંત્રણ પાઠવીને બોલાવ્યા તથા નિમિત્ત શાસ્ત્રના પારંગત જ્યોતિષીઓને બોલાવ્યા, બધાએ મળીને બધી જાતનો વિચાર કરીને પ્રતિષ્ઠા માટે સંવત ૧૫૮૭ વૈશાખ વદી ૬ રવિવાર શ્રવણ નક્ષત્ર નક્કી કરવામાં આવ્યું.

પ્રતિષ્ઠાનો દિવસ નક્કી થયા બાદ શ્રીવિદ્યામંડનસૂરિજી મહારાજને આમંત્રણ માટે પોતાના ભાઇ રત્નાશાને મોકલ્યા અને કુંકુમ પત્રિકાઓ લખાવીને ચારે દિશામાં અંગ, બંગ, કલિંગ, કાશ્મીર, જાલંધર, માલવા, લાટ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મગધ, મેવાડ, કચ્છ વગેરે દરેક દેશોમાં પ્રતિષ્ઠા ઉપર પધારવા માટેનાં આમંત્રણ મોકલાવ્યાં.

પ્રતિષ્ઠાનો દિવસ નજીક આવતાં હજારો માણસો, હાથી, ઘોડા, રથ, ગાડાં, વગેરેમાં બેસીને આવવા લાગ્યા. શ્રીવિદ્યામંડનસૂરિજી આદિ સેંકડો આચાર્ય મહારાજો, હજારો સાધુ, સાધ્વીજીઓ સ્થાનિક સંઘની સાથે પ્રયાણ કરી પાલીતાણા પધારતાં કરમાશાએ સૌનો યથાયોગ્ય સામૈયાપૂર્વક પ્રવેશ કરાવી ઉતારા વગેરેની સુંદર સગવડ સાચવી.

આમ પ્રતિષ્ઠાના પ્રસંગ ઉપર લાખો માણસો આવી પહોંચ્યા. ગિરિરાજની નીચેની વિશાળ જગ્યા પણ સાંકડી થઈ ગઇ, પરંતુ કરમાશાનું નાનું હૃદય અતિ વિસ્તૃત બનતું ગયું. આવેલા સંઘ માટે ભોજન–પાણી, નાસ્તો, રહેઠાણ, વસ્ત્ર, ગાદલાં વગેરેનો સુંદર બંદોબસ્ત અગાઉથી રાખવામાં આવ્યો હતો, આથી કોઈને કોઈ પણ જાતની મુશ્કેલી પડી નહિ.

નિર્ધનથી માંડી ધનવાન, નાનાથી માંડી વૃદ્ધ પર્યંત સઘળાં જન પૂર્ણપ્રસન્ન હતાં. શોધતા પણ એવો કોઈ માણસ ન મળે કે જે કરમાશા પ્રત્યે નારાજ હોય.

કરમાશાની પ્રસન્નતા જોઈ યાચક વધુ માંગણી કરતા, જ્યારે કરમાશા તેની માંગણી કરતાં પણ અધિક આપતા હતા આથી તેમનું દાન વચનાતીત કહેવાયું હતું.

સ્થાને સ્થાને મોટા મોટા મંડપો બંધાવેલા તે બધા કિંમતી ચંદરવા, ગાલીચા, તોરણો વગેરેથી સુશોભિત બનાવવામાં આવ્યા હતાં. આખું જગત જાણે મહોત્સવ રૂપ ન હોય તેમ જણાતું હતું. મહોત્સવના દિવસો ક્ષણની જેમ પસાર થઇ જવા માંડ્યા. જળયાત્રાનો મહોત્સવ પણ ભરત મહારાજાના મહોત્સવને યાદ કરાવતો.

પ્રતિષ્ઠા અંગેની બધી વિધિઓ થઈ ગયા બાદ વૈશાખ વદી–૬ રવિવારે શ્રવણ નક્ષત્રમાં શુભ મુહુર્ત આવતાં શ્રીઆદીશ્વર ભગવંત, શ્રીપુંડરીકસ્વામિની મંગલકારી પ્રતિષ્ઠા કરવામાં આવી અને તે જ સમયે બીજાં મંદિરોમાં પણ મૂર્તિઓની પ્રતિષ્ઠા તથા શિખરો ઉપર કળશ તથા ધજા ચડાવવામાં આવી. મુખ્ય મંદિર ઉપર રત્નજડિત સોનાનો કળશ અને રત્નજડિત સોનાનો ધજાદંડ તથા રેશમી ધજા ચઢાવવામાં આવી તે વખતે સંઘનો હર્ષ એટલો બધો હતો કે તેનું માપ કાઢવું મુશ્કેલ હતું.

શ્રીઆદીશ્વર ભગવંતની મૂર્તિ ઉપરનો લેખ

ૐ ॥ સંવત ૧૫૮૭ વર્ષે, શાકે ૧૪૫૩ પ્રવર્તમાને વૈશાખ વદિ–૬ રવૌ શ્રીચિત્રકૂટવાસ્તવ્યશ્રીઓસવાલ જ્ઞાતીય વૃદ્ધ શાખાયાં દો. નરસિંહ સુત તોલા ભાર્યા બાઈ લીલુ પુત્ર ૬ દો. રત્ના ભાર્યા રજમલદે પુત્ર શ્રીરઙ્ગ દો. પોમા

ભાર્યા પદ્માદે દ્વિ. પાટમદે પુત્ર માણિક હીરા દો. ગણા ભા. ગઉરાદે દ્વિ. ગારવ પુ. દેવા દો. દશરથ ભા. દેવલદે દ્વિ. દુરમદે પુત્ર કેહલા દો. ભોળા ભા. ભાવલદે દ્વિ. હર્ષમદે પુત્ર શ્રીમણ્ડન ભગિની સુહવિદે બંધવ શ્રીમદ્રાજસભાશૃંગારહાર [1]સપ્તમોદ્ધારક દો કરમા ભા૦ કપૂરાદે દ્વિ કામલદે પુત્ર ભીષજી પુત્રી સોભા ભા૦ સોનાબા. મનાબા. પના પ્રમુખ સમસ્તકુટુમ્બશ્રેયોર્થં શત્રુંજય મુખ્યપ્રાસાદોદ્ધારે શ્રીઆદીનાથ બિંબં પ્રતિષ્ઠાપિતમ્। મં. રવી। મં. નરસિંગ સાનિધ્યાત્। પ્રતિષ્ઠિતં શ્રીસૂરિભિ: શ્રી ।।

શ્રી પુંડરીકસ્વામીજીની મુર્તિ ઉપરનો લેખ

ૐ ।। સંવત ૧૫૮૭ વર્ષે વૈશાખ વદિ–૬ શ્રી ઓશવંશે વૃદ્ધ શાખાયાં દો તોલો ભા૦ બાઇ લીલુ સુત દો. રત્ના દો. પોમા દો ગણા દો. દશરથ દો. ભોળા દો, કરમા ભા. કપૂરાદે કામલદે પુ. ભીષજી સહિતેન શ્રી પુંડરીકબિંબં કારિતં ।।શ્રી।।

પ્રતિષ્ઠા થઈ ગયા બાદ કરમાશાને સંઘપતિનું તિલક કરી ઇદ્રમાળા પહેરાવવામાં આવી.

કરમાશાએ આરતી, મંગલદીવો, છત્ર, ચામર, અલંકારો, ચંદરવા, રથ વગેરે સોના-ચાંદીની બધી સામગ્રી ઘણી સંખ્યામાં મંદિરોમાં અર્પણ કરી.

મહોત્સવના દિવસોમાં સવારે સૂર્યોદયથી સૂર્યોસ્ત સુધી ભોજનગૃહ ખુલ્લું રહેતું જૈન–અજૈન સૌ કોઇને ઇચ્છા મુજબ જમાડવામાં આવતાં.

કરમાશાનો રસ્તામાં જતાં–આવતાં દાનનો પ્રવાહ ચાલુ જ રહેતો. તેમણે સેંકડો હાથી, ઘોડા, રથો, સુવર્ણ અલંકારોથી શણગારીને અર્થીજનોને દાનમાં આપ્યા.

---

* શ્રી કક્કસૂરિ વિરચિત 'નાભિનંદનજિનોદ્ધાર–પ્રબંધમાં' પહેલો ઉદ્ધાર શ્રીભરત ચક્રવર્તિનો, બીજો ઉદ્ધાર શ્રીસગર ચક્રવર્તિનો, ત્રીજો ઉદ્ધાર પાંડવોનો, ચોથો ઉદ્ધાર જાવડનો પાંચમો ઉદ્ધાર વાગ્‌ભટ્ટ મંત્રીનો, એમ પાંચ ઉદ્ધારોનું વર્ણન કરેલું છે, તે પછી છઠ્ઠો ઉદ્ધાર સમરાશાએ કરાવ્યો, આ હિસાબે આ સાતમો ઉદ્ધાર કરનારા કરમાશાને ગણાવ્યો હોય એમ લાગે છે. (શ્રીકક્કસૂરિએ કયા મુદ્દાઓ આ રિતે ગણાવ્યું તે મગજમાં બેસતું નથી. આમાં પણ કરમાશાનો સાતમોદ્ધાર કયા મુદ્દાએ લખ્યો તે પણ પ્રશ્ન જ છે.)

દરેક કારીગરોને સોનાની જનોઇ, સોનાની મુદ્રિકા, સોનાનો બાજુ બંધ, સોનાના કુંડલ, અને સોનાના કંકણ તથા કિંમતી અલંકારો મજૂરી ઉપરાંત આપ્યા. સાધર્મિકોને ઉચિત ધન, વસ્ત્ર, અશન, પાન, વાહન આપી મીઠાં વચનોથી સૌનું સન્માન કર્યું. પૂજ્ય આચાર્ય-મ૦ આદિ સઘળા સાધુ સાધ્વીજીઓને કાંબળ, વસ્ત્ર, પુસ્તક વગેરે જરૂરિયાત પ્રમાણે ધર્મોપકરણ વહોરાવી ભક્તિનો લાભ લીધો.

આ રીતે સૌ કોઇનું સુંદર રીતે સન્માન કરી પોત-પોતાના સ્થાને જવાની રજા આપી.

મૂળ નાયક ભગવંતના ક્ષણવાર દર્શન કરવાનો સો રૂપીયાનો કર તે વખતે રાજાને આપવો પડતો હતો તે માફ કરાવવા માટે કરમાશાએ રાજાની આગળ સોનાનો ઢગલો કરી રાજાને અર્પણ કર્યો. ત્યારથી રાજાએ કર લેવાનો બંધ કર્યો. (**અકબર** બાદશાહના વખતમાં **શત્રુંજય**ની યાત્રાનો સોનાનો ટાંક લેવાતો હતો તે **શ્રીહીર**સૂરિમ૦ના ઉપદેશથી બંધ થયેા હતો.)

કરમાશાએ **શ્રીશત્રુંજયતીર્થ**નો ઉદ્ધાર કરવા પાછળ અઢળક દ્રવ્યનો સદ્વ્યય કર્યો હતો. ઉદ્ધારમાં સવા કરોડ દ્રવ્યનો વ્યય કર્યો અને પ્રતિષ્ઠા વગેરેનો ખર્ચ તો જુદો. કેવી ઉદારતા અને પ્રભુ પ્રત્યે કેવી પ્રેમ-ભક્તિ હશે? આ રીતે ઉદ્ધાર માટેના ખર્ચમાં તેમણે પાછું-વાળીને જોયું નહિ. ધન્ય હો આવા ધર્મવીરોને.


હાલમાં ગિરિરાજ ઉપર જે મૂર્તિ બિરાજમાન છે, તે કરમાશાએ પ્રતિષ્ઠિત કરેલી છે અને મંત્રી વસ્તુપાલે મંગાવી રાખેલી જે આરસની શિલા હતી તેમાંથી મૂર્તિ બનેલી છે. હાલમાં દર વર્ષે વૈશાખ વદ ૬ ના દિવસે મૂળનાયક ભગવંત આદિના શિખરો ઉપર ધજા ચઢાવવામાં આવે છે અને સ્વામિવાત્સલ્ય થાય છે.

આ પ્રમાણે પાંચમા આરામાં મોટા ઉદ્ધારોમાં આ ચોથો ઉદ્ધાર છે. નાના-મોટા તો સેંકડો ઉદ્ધારો આ તીર્થ ઉપર થઈ ગયા છે અને હજુ થશે.

આજે જે મૂર્તિપ્રતિષ્ઠિત છે તે કરમાશાએ બેસાડેલી છે. હાલમાં મૂલનાયક ભગવંતનું જે મંદિર છે. તે **બાહડ**મંત્રીએ કરાવેલ છે. તેમાં નુકશાન પહોંચેલા ભાગોનો જીર્ણોદ્ધાર થતો રહ્યો છે. દર વરસે વૈશાખ વદ-૬ ના દિવસે વરસગાંઠ ઉજવાય છે.

છેલ્લો ઉદ્ધાર-૧૭મો ઉદ્ધાર

આ અવસર્પિણીમાં છેલ્લો ઉદ્ધાર શ્રીદુષ્પસહસૂરિના ઉપદેશથી વિમલવાહન રાજા કરાવશે.



પ્રકરણ ૫ મું

શ્રીતીર્થાધિરાજ ગિરિરાજની યાત્રા

શ્રીઆદીશ્વર દાદાની યાત્રા

તબક્કો પહેલો

તીર્થ ચાર પ્રકારના હોય છે. જેમકે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. તીર્થ એટલે જે તારે તે તીર્થ.

આ ગિરિરાજ તારનાર છે, આથી તે તીર્થ કહેવાય. પર્વતનો જે રાજા–પૂજનીક તે ગિરિરાજ, તીર્થના–ગિરિરાજના દેખાડનાર તે **શ્રીઆદીશ્વરદાદા**. નામતીર્થ તેને કહેવાય કે–જે તારનાર એવા તીર્થનું જે નામ હોય તે નામતીર્થ. જેમકે **શત્રુંજય, ગિરનાર, અષ્ટાપદ** વગેરે. તેનો જે આકાર હોય તે 'સ્થાપના તીર્થ'નાપટ વિગેરે. નદીના ઓવારા વગેરે તરવાના સાધન તરીકે હોવાથી તીર્થ કહે છે. પણ તે 'દ્રવ્યતીર્થ' કહેવાય. જે તીર્થ સંસાર સમુદ્ર તરવાનું કારણ હોય તે 'ભાવતીર્થ' કહેવાય. તે **શત્રુંજય ગિરનાર** વગેરે. આવી રીતે ચારે પ્રકારનું તીર્થ કહેવાય. તેમાં **શ્રીશત્રુંજય** ગિરિરાજ સર્વશ્રેષ્ઠ તીર્થ છે. ભાવતીર્થ છે. કારણ કે તેની પાવનભૂમિ ભવ્યને સંસાર સમુદ્રમાંથી તરવાના ભાવને ઉત્પન્ન કરે છે. આવા **તીર્થાધિરાજ શ્રીશત્રુંજય ગિરિરાજની યાત્રા**

ગિરિરાજ

જ્યારે છ'રી પાલતાં યાત્રાએ જવા નિકળીએ. અને ચાલતાં ચાલતાં જ્યાં ગિરિરાજ દેખાય ત્યાં ગિરિરાજને સોનારુપાના ફૂલ વગેરેથી વધાવે. વળી તીર્થના દર્શન થાય, આથી તીર્થદર્શને ઉપવાસ કરાવો જોઇએ. એટલે ઉપવાસ કરે પછી આગળ પ્રયાણ થાય.

દાદા શ્રીઆદીશ્વર

આ અવસર્પીણી કાળમાં આ તીર્થની આરાધના શ્રીઆદીશ્વર ભગવાને દેખાડી.

શ્રીઆદીશ્વર ભગવાન તે સૌમાં પ્રથમ. વડીલ તીર્થંકર અને પૂજ્ય હોવાથી, 'દાદા'ના નામથી સંબોધાય છે.

ભૂમિની પવિત્રતા છે, પણ ભૂમિ અને પ્રતિમા બન્ને સાથે હોય તો, તે વધારે ભાવને કરાવનાર છે. આથી શ્રીશત્રુંજય ગિરિરાજ પર દહેરાસરો બાંધવાનો 'આદ્ય ઉપદેશ' પ્રથમ ઉપદેશ શ્રીઆદીશ્વર પ્રભુએ કર્યો. આથી આદિદેવ, પ્રથમ તીર્થંકર, પ્રથમજિન, શ્રીઋષભદેવ ભગવાનને 'દાદા' એવા ટુંકા નામથી બોલાય છે. આદીશ્વરદાદા એમ પણ બોલાય છે.

પૂર્વ નવાણું વાર

આવા શ્રીશત્રુંજય ગિરિરાજની યાત્રા તો અવશ્ય કરવી જ જોઈએ. પ્રથમ તીર્થંકર આ ગિરિરાજની પવિત્રતાથી પોતાના દીક્ષા પર્યાયમાં, 'પૂર્વનવાણું વાર' ફાગણ સુદ ૮ ના આતપર–આદીત્યપુરથી, ઘેટીની પાયગાથી પધાર્યા હતા. પ્રથમ મંદિર આ ગિરિ ઉપર ભરત મહારાજાએ બંધાવ્યું હતું.

કારણ કે ઉત્સર્પીણી કાળના પાછલા ભાગમાં ગિરિરાજ ઉપર મંદિર ન હોય, તે પછી અવસર્પીણી કાળના પૂર્વ ભાગમાં ન હોય, તેથી ઋષભદેવ પ્રભુના ઉપદેશથી મંદિરો બન્યાં.

આવા ગિરિરાજ પર ઋષભદેવ ભગવાનના ઉપદેશથી ભરત મહારાજે મંદિરો બંધાવ્યાં.

આવા પરમપાવન તીર્થાધિરાજની યાત્રા તો કરવી જ જોઈએ. આથી તીર્થંકરો પણ ગિરિરાજની યાત્રાનો ઉપદેશ આપે છે.

યાત્રા કરવા કઈ રીતે અવાય

પૂર્વ કાળમાં અને વર્તમાનકાળમાં છ'રી પાળતા' સંઘો કાઢતા અને યાત્રાએ આવતા. તેમજ છૂટા, છૂટા પણ યાત્રાએ પધારતા.

પૂર્વકાળમાં અને વર્તમાન કાળમાં જે જે પ્રદેશમાં થઈને યાત્રિકો પસાર થતા તેમની પાસે થોડું રક્ષણ હોય તો પણ તે તે પ્રદેશના માલિકો સંઘને પોતાના પ્રદેશમાં રક્ષણ આપતા. આ રીતે રક્ષીત થઈને યાત્રાએ આવતા અને રાજ્યથી પણ રક્ષણ પામતા.

છ'રીપાળતી યાત્રા

છ'રી પાળતા સંઘની યાત્રાનું જ મહત્વ છે. પગપાળા જે યાત્રા તે આત્મકલ્યાણનું જ સાધન બને છે, તેવું વાહનની યાત્રા બનતી નથી. ભલે કે યાત્રા તો લાભ આપે છે, પણ છ'રી પાળતા-પગપાળાની યાત્રામાં કાયા તીર્થ તરફના પગલાં ભરે છે, મન તીર્થની ભાવનામાં રહે છે, અને વચન તે બન્નેને અનુકુળ વર્તે છે. આવો આત્મ ઉદ્ધારનો સુંદર લાભ પગપાલા યાત્રામાં છે, આથી જ છ'રી પાળતા સંઘની મહત્તા છે.

આ અવસર્પિણીમાં પ્રથમ સંઘપતિ, ઋષભદેવ ભગવાનના ઉપદેશથી, ભરત મહારાજ હતા. તે પછી તે તે સમયોમાં તેવા તેવા પુણ્યવાન પુરુષોએ સંઘો કાઢ્યા અને આત્મસાધનાનું ભાથું બાંધ્યું. યાવત્ મહાવીર ભગવાના શાસન સુધી. મહાવીર મહારાજના શાસનમાં જે થોડા ઘણા નામો પ્રચલીત છે, તે આ પ્રમાણે છે. શ્રીસિદ્ધસેન દિવાકર સૂરિથી પ્રતિબોધ પામેલ વિક્રમરાજા, કલીકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યથી પ્રતિબોધ પામેલ કુમારપાળ મહારાજ, શ્રેષ્ઠિઆભૂસંઘવી, સાધુપેથડશા, મંત્રી-વસ્તુપાળ તેવી રીતે અનેક પુણ્યવાનપુરુષોએ છ'રી પાળતા સંઘ કાઢ્યા. વીસમી સદીનાં પણ થોડાં નામો-રાધનપુરવાળા શેઠ ગીરધરલાલ ત્રીકમલાલ. શેઠ જીવાભાઈ પ્રતાપસી, સુરતના શેઠ જીવણભાઈ, અમદાવાદના સંઘવી શેઠ માણેકલાલ મનસુખભાઈ, જામનગરના શેઠ પોપટલાલ ધારશી વોરા, શેઠ ચુનીલાલ લક્ષ્મીચંદ વોરા, વગેરે અનેક પુણ્યવાન પુરુષોએ સંઘ કાઢ્યા. ૨૦૩૩ માં આ. મ. શ્રીવિજયપ્રતાપ સૂરીશ્વર મહારાજ આદિના ઉપદેશથી મુંબઈથી ગિરિરાજનો સંઘ કાઢ્યો હતો. કલકત્તાથી શ્રીશત્રુંજય ગિરિરાજનો સંઘ નીકળ્યો. એમ અનેક પુણ્યવાન પુરુષોએ શ્રીશત્રુંજય ગિરિરાજ આદિનો છ'રી પાળતા સંઘો કાઢયા છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, બંગાળ વગેરે વગેરે પ્રદેશોથી પણ પુણ્યવાન પુરુષોએ ગુરુમહારાજના ઉપદેશથી ગિરિરાજના સંઘ કાઢ્યા છે.

વળી વર્તમાનમાં પણ છ'રી પાળતા સંઘો નીકળે છે. અને વાહણના વ્યવહારવાળા અનેક સંઘો નીકળે છે. ગિરિરાજના ચઢાણમાં ડોળીનો પણ ઉપયોગ કરે છે. પણ છ'રી પાળવાવાળા પુણ્યવાનો તો ચાલીને જ યાત્રા કરે છે.

ભૂતકાળમાં, રેલ્વે થઈ તે પહેલાં પણ, ઘણાએ પુણ્યવાનો સંઘને છ'રી પાળતા લાવ્યા હશે, અને અત્યારે પણ લાવે છે. પૂર્વમાં રેલ્વે માર્ગ શરૂ થતાં, યાત્રિકોએ રેલ્વે માર્ગે પણ આવવાનું શરૂ કર્યું. સોનગઢ ઉતરતા અને ત્યાંથી આવતા. પાલીતાણા સ્ટેટની હદ શરૂ થતાં પાલીતાણા સ્ટેટ રક્ષણ આપતું અને પાલીતાણા આવતા.

યાત્રાનો માર્ગ

પહેલાના વખતમાં યાત્રાનો માર્ગ ઘેટી આતપુરનો રસ્તો હતો, પણ વર્તમાનકાળમાં પાલીતાણા 'જયતલાટી'થી રસ્તો ચાલે છે, એટલે પાલીતાણા આવી ધર્મશાળાઓમાં ઉતરી યાત્રા કરે છે.

વળી વર્તમાનકાળમાં પાલીતાણા સ્ટેશન થતાં, વાહનવ્યવહારવાળા શિહોરથી ગાડી બદલી ટ્રેનમાં પાલીતાણા સ્ટેશને આવે છે. ધર્મશાળામાં ઉતરે છે અને ગિરિરાજની યાત્રા કરે છે.

પૂર્વકાળની અને વર્તમાનકાળની તલેટીઓ

પૂર્વ કાળમાં પહેલી 'વડનગર તલાટી હતી. પછી બીજી તલાટી વળાથી થઇ. તે પછી કાળબળના પ્રતાપે આદપુરથી થઈ, ચોથી તલાટી પાલીતાણાની થઈ, અને હાલમાં એટલે પાંચમી તલેટી 'જયતલેટી થઈ. આ અત્યારે પ્રચલીત છે.

*જામવાળીના દરવાજા બહાર, નદી કીનારે, ગોડીજીનાં પગલાં છે.

રણસી દેવરાજની ધર્મશાળાની બાજુમાં રૂમ છે, તેમાં દેરી અને આદીશ્વર ભગવાનના પગલાં છે. તેને પણ જુની તલેટી કહે છે.

બીજી પણ જુની તલેટી

વળી કુંકુબાઇની ધર્મશાળા પાસે જુની તલેટીનો ઓટલો કહેવાય છે, તેની ઉપર શ્રી-આદીશ્વર ભગવાન, શ્રીગૌતમસ્વામી અને અણિવિજયજી મહારાજનાં પગલાં છે, તેને જુની તલેટી કહે છે પણ વર્તમાનકાળમાં, જયતલેટી જે કહેવાય તે અત્યારે મુખ્ય ગણાય છે. આ રીતે ગિરિરાજની યાત્રામાં તલેટી–તળીયું, જ્યાંથી ગિરિરાજની શરુઆત તે 'તલેટી'.

યાત્રાની વર્તમાન રીત

ધર્મશાળા અને ચૈત્યો. ટ્રેનમાં પાલીતાણા સ્ટેશને આવ્યા. ત્યાં જૈન ગુરુકુળ છે. ત્યાં મંદિર છે. આગળ સડકે થઇને ગામમાં આવવા નીકળીએ. માર્ગમાં પુલ નજીક દીગંબરની ધર્મશાળા અને મંદિર આવે છે. પછી પુલ આવે, અને પછી પાલીતાણા નગર શરૂ થાય.

*અત્રે કેટલીક જગ્યા પર 'આત્મરંજન–ગિરિરાજ–શત્રુંજય (નેમચંદ જી. શાહ, અને 'શ્રીસિદ્ધાચલનું) વર્તમાન વર્ણન (લે. મોહનલાલ રૂગનાથ)નો ઉપયોગ કર્યો છે.

પાલીતાણામાં સ્થાનિક જૈનોની વસ્તી ઘણી છે. ગામથી માંડીને જય તલાટી સુધીમાં અનેક મંદિરો અને અનેક ધર્મશાળાઓ આવે છે. યાત્રાળુઓ તેમાં સ્થિરતા કરે છે.

પુલ ઓળંગ્યા પછી ગામમાં પ્રવેશ કરતાં થોડું ચાલીએ એટલે જમણા હાથ પર એક ખાંચામાં આગળ જતાં શ્રીગોડીપાર્શ્વનાથજીનું મંદિર આવે છે. બજારમાં ચાલતાં, માંડવીથી જમણી બાજુએ થોડા અંદર જઈએ એટલે, શેઠ આણંદજી કલ્યાણજીની મૂળ–અસલ પેઢી આવે છે. જોડે જ શ્રીઆદીશ્વર ભગવાનનું મંદિર છે. સામે મોતીશા શેઠની ધર્મશાળા છે. બજારમાં આવીએ ત્યારે જુદીજુદી ધર્મશાળાઓ આવે છે. આગળ ચાલતાં રણસી દેવરાજની ધર્મશાળા આવે છે. તેની બાજુમાં એક જુની તલાટીના નામે ઓળખાતી જગ્યા છે. આગળ ચાલતાં નરશી કેશવજી, વીરબાઈ, નરસીનાથાનાં દહેરાસર આવે છે. ધર્મશાળાઓ તો આવ્યા જ કરે છે. કંકુબાઇની ધર્મશાળામાં મંદિર છે.

વિજયતલાટી

કંકુબાઇની ધર્મશાળા પાછળ વિજયતલાટીનો ઓટલો છે. તેની ઉપર આદીશ્વર ભગવાનના ગૌતમસ્વામીના અને મણિવિજયના પગલાં છે.

કંકુબાઇની ધર્મશાળા પાછળ શ્રીમલ્લિનાથ ભગવાનનું મંદિર છે. આગળ ચાલતા જશકુંવરબાઇની ધર્મશાળામાં દહેરાસર આવે છે. વર્તમાનમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અહીં લાવવામાં આવી છે. શે. આ. ક. નો બધો વહીવટ અત્યારે અત્રે ચાલે છે.

આગળ ચાલતાં માધવલાલ બાબુનું દહેરાસર આવે છે. સાંડેસરાવ ભુવનમાં દહેરાસર છે, પંજાબીની ધર્મશાળામાં મંદિર આવે છે, આરિસાભુવનમાં મંદિર આવે છે, આગળ ચાલતાં, નાહર બીલ્ડીંગ પછી 'કલ્યાણવિમલ'ની દેરી આવે છે.

કલ્યાણ વિમલની દેરી

ઊંચા ઓટલા ઉપર ઘુમટવાળી દેરી છે. તે વિમલગચ્છના કલ્યાણવિમલ મુનિની છે. તેમનો અત્રે અગ્નિસંસ્કાર કર્યો હતો, અને તેની ઉપર યાદગીરીમાં મુનિશ્રીગજવિમલે આ દેરી બંધાવરાવી હતી. આમાં છ જોડી પગલાં છે. તલાટીએ પ્રથમ ભાથું આ મુનિરાજના ઉપદેશથી સીતાબચંદ્રહારના દાદાએ શરૂ કર્યું હતું. ભાથાની શરૂઆત ઢેબરાથી થઈ હતી. ભાથું ભાથા–તલાટીએ અપાય છે, તે અદ્યાપિ પર્યંત ચાલુ છે.

આગળ ચાલતા, વલ્લભવિહારનું દહેરાસર આવે છે. ત્યાંથી આગળ નાળા પછી બાળાશ્રમ આવે છે. ત્યાં મંદિર છે. તે પછી રાણાવાવ આવે છે. તેની નજીકમાં ઊંચા ઓટલા પર મેઘમુનિનો સ્તુપ છે.

આગળ ચાલતા નંદા ભુવનમાં મંદિર આવે છે. તે પછી જૈન સોસાયટીમાં કાચની નકસી કામવાળું દેરાસર આવે છે. તેની પછી રસ્તા ઉપર શ્રીકેશરીયાજીનું મંદિર આવેલું છે.

શ્રીકેસરીયાજી મંદિર

આ મંદિર સડક ઉપર જ છે. તે આ. વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી થયું છે. ભોંયરું અને બે માળ છે. ઘણાં પ્રતિમાજી મહારાજ બિરાજમાન છે. ગણધરભગવંત વગેરે સ્થવિરોની પ્રતિમાઓ પણ છે. તેની પહેલી પ્રતિષ્ઠા સં. ૨૦૨૬ માં થઈ હતી. મંદિરની બહાર બે હાથીઓ છે.

આ મંદિર પછી નાળું આવે છે. (ગામથી તલાટી સુધીમાં અનેક ધર્મશાળાઓ છે. કેટલીક ધર્મશાળાઓમાં આધુનિક સગવડો પણ છે.)

ત્યારબાદ 'ભાથા તલાટી' આવે છે. પહેલાં જુનું મકાન હતું, હાલમાં નવી પધ્ધતિએ નવું મકાન ભાથું વાપરવા માટે બંધાવ્યું છે. યાત્રિકો અંદર ભાથું વાપરે છે. આગળ ગંગામાનો બંધાવેલો ભાથાતલાટીનો મંડપ છે. તેની પશ્ચિમમાં એક બાજુએ અંદર ત્રણ ઓરડા છે, ત્યાં **સાધુસાધ્વી** ભાથું વાપરી શકે છે.

સતીવાવ

ભાથા તલાટીના મંડપની આગળ સતીવાવ છે. તે **શાંતિદાસ** શેઠના ભાઈ **સૂરદાસના** પુત્ર **લક્ષ્મીદાસે** સં. ૧૬૫૭માં યાત્રાળુઓને પાણીની સવડ પડે તે માટે બંધાવી છે. તેના ચોકી–આળામાં **મોતીશા** શેઠ તરફથી પરબ ચાલે છે.

આગળ ચાલતાં એક દેરી આવે છે, તે **શાંતિદાસ** શેઠે બંધાવી છે, તેમાં **શ્રીગોડીપાર્શ્વનાથના** પગલાં છે.

શ્રીવર્ધમાન જૈનાગમ મંદિર

જયતલાટીએ જતાં જમણી બાજુએ શ્રીવર્ધમાન જૈન આગમ મંદિર આવે છે. તેમાં પાંચ મેરુ, ચાલીસ સમવસરણ છે. તે બધાની ઉપર ચૈમુખજી એટલે ૧૮૦ પ્રતિમાજી છે. દીવાલોએ

આ શ્રીવર્ધમાન જૈન આગમ-મંદિર ધ્યાનસ્થ સ્વર્ગત આગમોદ્ધારકશ્રીના ઉપદેશથી ભાવિક શ્રાવકોએ બંધાવ્યું છે. મધ્યનું મુખ્ય મંદિર દેવરાજ શેઠના પૌત્રોએ બંધાવ્યું છે. ભગવતીજી પોપટલાલ શેઠે કોરાવ્યું બાકી બધું તે ભાગ્યશાળીઓના નિયત નકરાએ શ્રી વર્ધમાનજૈન આગમ મંદિર સંસ્થાએ બંધાવ્યું. છે. ડાહ્યા ગણાતા અને અણસમજદાર માણસો પોતે ભુલ કરીને આગમમંદિરને સંઘવી પોપટલાલ ધારશીએ બંધાવ્યું લખે છે. તે તેમની ખરેખર ભુલ જ છે.

પીસ્તાલીશ આગમો અને કર્મ પ્રકૃતિ વગેરે, શાસ્ત્રો ૩૬૦ આરસની શિલામાં કોતરાવી ચોઢેલાં છે. તેના કમ્પાઉન્ડમાં શ્રીસિદ્ધચક્રમંદિર, ગુરુ મંદિર, સ્વાધ્યાય મંદિર, નમસ્મારક મંદિર, બંગલાઓ, ઉપાશ્રય, આયંબીલખાતુ, શ્રમણપુસ્તક સંગ્રહ આવેલાં છે. આનું આખુંયે કમ્પાઉન્ડ બાંધેલું છે. વળી અહિં ટાવર પણ છે.

આગમ મંદિરના સામે શે. આ. ક. એ સંગ્રહસ્થાન માટે એક સુંદર મકાન બાંધ્યું છે. ત્યાંથી પગથીયાં ચઢતાં જમણી બાજુમાં ઓટલા ઉપર એક નાની દેરી છે, ત્યાં ચાર્તુમાસ કરનાર ૯૯ પ્રદક્ષિણા કરે છે. પછી પગથીયાં ચઢીએ એટલે '**જયતલાટી**' આવે છે.

જય તલાટી

ત્યાં જયતલાટીનો ખુલ્લો ઓટલો છે, તેની જમણી બાજુમાં **અમદાવાદના** નગરશેઠ **હેમાભાઈ વખતચંદે** આરસની દેરી બનાવવા પૂર્વક મંડપ બાંધ્યો છે, ડાબી બાજુએ **ધોલેરાવાળા** શેઠ **વીરચંદ ભાઇચંદે** આરસની દેરીપૂર્વક મંડપ બાંધ્યો છે. જયતલાટીમાં વચમાં ગિરિરાજની સ્પર્શના માટે વિશાળ શિલા છે. તેની પૂજા થાય છે, તેની ઉપર ઓટલા ઉપર ઘણી દેરીઓ હતી તે બધી જુની થવાથી નવી શોભાયમાન દેરીઓ કરી છે, અને તેની સં. ૨૦૩૪ માં પુનઃ પ્રતિષ્ઠા કરી છે.

પ્રથમ ચૈત્યવંદન

અત્રે ગિરિરાજની પૂજ્યતાદર્શક ચૈત્યવંદન કરે છે. તે ચૈત્યવંદન આદિ આ પ્રકારે છે.

શ્રીશત્રુંજય ગિરિરાજ ચૈત્યવંદન

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે,
ભાવ ધરીને જે ચઢે, તેને ભવપાર ઉતારે ॥ ૧ ॥
અનંત સિદ્ધનો એહ ઠામ, સકલતીર્થનો રાય,
પૂર્વ નવાણું **ઋષભદેવ**, જ્યાં ઠવિયા પ્રભુ પાય ॥ ૨ ॥
સૂરજકુંડ સોહામણો, **કવડ** જક્ષ અભિરામ,
નાભિરાયા કુલમંડણો, જિનવર કરું પ્રણામ. ॥ ૩ ॥

સ્તવન

સિદ્ધાચલ ગિરિ ભેટયા રે, ધન્ય ભાગ્ય હમારાં,
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતા ન આવે પારા;
રાયણઋષભ સમોસર્યા સ્વામી, પૂરવ નવાણું વારા રે, ધન્ય૦ ॥ ૧ ॥

મૂળનાયક 'શ્રીઆદિજિનેશ્વર, ચૌમુખ પ્રતિમા ચારા;
અષ્ટદ્રવ્યશું પૂજા ભાવે, સમકિત મૂળ આધારા રે; ધન્ય૦ ॥ ૨ ॥
ભાવભક્તિશું પ્રભુગુણ ગાતાં, અપના જન્મ સુધારા,
યાત્રા કરી ભવિજન શુભભાવે, નરકતિર્યંચ ગતિવારા રે ધન્ય૦ ॥ ૩ ॥
દૂરદેશાંતરથી હું આવ્યેા, શ્રવણે સુણી ગુણ તારા;
પતિત ઉદ્ધારણ બિરુદ તુમારેા, એ તીરથ જગસારા રે, ધન્ય૦ ॥ ૪ ॥
સંવત અઠાર ત્યાસી માસ આષાઢા, વદિ આઠમ ભેામવારા,
પ્રભુ કે ચરણ પ્રતાપસે સંઘમાં, ક્ષમારતન પ્રભુ પ્યારા રે, ધન્ય૦ ॥ ૫ ॥

થાય

શત્રુંજય મંડણ **ઋ**ષભજિણુંદ દયાળ,
મરુદેવાનંદન વંદન કરૂ ત્રણુકાળ,
એ તીરથ જાણી પૂર્વ નવાણું વાર,
આદીશ્વર આવ્યા જાણી લાભ અપાર ॥ ૧ ॥

જયતલાટીથી ગિરિરાજ પર જતાં બે બાજુ પગથીયાં આવે. એક બાજુથી બાબુના દેરાસર જવાય ને બીજી બાજુથી ગિરિરાજ પર ચઢાય. એટલે ઉપર ચઢતા ડાબી બાજુએ **ગોવિંદજી ખેાના**નું નવું બંધાવેલું મંદિર આવે છે. પછી **ધન**પતસિંહ બાબુની બનાવેલી **ધન**વસહી આવે છે. તેની પ્રતિષ્ઠા સ. ૧૯૪૯ થઇ છે. વિશાળ ટુંક છે. અંદરની બાજુના કમ્પાઉન્ડમાં આરસના બડા *કાઉસગીયા ઉભા કરેલા છે. (આ મંદિર અંગેનેા અધિકાર આગળ વિચારીશું.) તેમાં આગળ પાવાપુરીનું મંદિર છે.

ગિરિરાજ પર જમણી બાજુથી ચઢતાં **શ્રીગૌ**તમસ્વામીજી, **શ્રીઆદી**શ્વર ભગવાનના પગલાં, **શ્રીઅ**જીતનાથ આદિના પગલાંની દેરી આવે છે. તેનાથી થેાડું ચઢતાં ગિરિરાજ પર થેાડે દૂર ગુફા જેવું હંસવાહિની **સ**રસ્વતીદેવીનું નાજુક મંદિર આવે છે. બાબુના દેરાસરની બહાર નિકળીને **સ**રસ્વતીની ગુફા નજીક પ. પૂ. આ. **શ્રીવિજયચં**દ્રોદયસૂરિજીના ઉપદેશથી ૧૦૮ **શ્રીપા**ર્શ્વનાથજીનું મંદિર થાય છે.

* આ કાઉસગીયા કદમ્બગિરિ માટેના હતા પણ કોઇ કુદરતની વિચિત્રતાથી તે રેલ્વેમાં ખંડીત થયા. છેલ્લે બાબુના મંદીરવાળાએ તે શોભા માટે લીધા અને દિવાલે ફીટ કર્યા. ઉપર ઢાંકણ બનાવ્યું છે. કાઉસગીયા વિશાલ છે.

ગિરિરાજ પર ચઢવા માટે જયતલાટીથી પગથીઆવાળો રસ્તો છે. પૂર્વે કાચા પગથીયાં હતાં, હવે જયતલાટીના આખા રસ્તા પર ને ઘેટીની પાયગાના આખા રસ્તા પર પગથીયાં પાકાં થયાં છે, જયતલાટીથી ચઢતાં રામપોળ સુધીના ૩૭૪૫ લગભગ પગથીયાં છે. ગિરિરાજનો આખો રસ્તો સવાબે માઈલનો છે. ગિરિરાજ પર વિસામે વિસામે શે.આ.ક. તરફથી ચોકી રહે છે. ચઢવાનું ચાલુ કરીએ એટલે પહેલો વિસામો આવે છે. પછી બીજો વિસામો આવે છે. ત્યાં ઘોળી પરબ આવે છે. તે ઘોરાજીવાળા અમુલખ ખીમજીના નામની છે. તેની સામી બાજુએ દેરીમાં ભરત ચક્રવર્તિનાં પગલાં છે. તેની પ્રતિષ્ઠા સં. ૧૯૮૫માં થઇ છે. સિદ્ધગિરિરાજનો પહેલો ઉદ્ધાર કરાવનાર ભરત મહારાજા છે. તેઓ અરિસા ભવનમાં કેવળ-જ્ઞાન પામ્યા, અને પછી મોક્ષે ગયા.

પહેલો કુંડ

પછી સરખી જમીન આવે છે. ત્યાં પહેલો કુંડ-ઇચ્છાકુંડ છે. તેને નવો કુંડ પણ કહે છે. તે ૧૯૮૧માં સુરતના શેઠ ઇચ્છાચંદે બંધાવેલો છે. ત્યાં વિસામો છે, પરબ પણ છે.

ત્યાંથી ચઢવાની શરૂઆત થતાં થોડા પગથીયાં ચઢતાં, શ્રીનેમિનાથ ભગવાન શ્રીઆદીશ્વર ભગવાન અને વરદત્તગણધરના પગલાં આવે છે, તે નેમિનાથ ભગવાનનાં પ્રથમ ગણધર હતા. તે ગણધરે આ તીર્થનો સુંદર મહિમા વર્ણવ્યો હતો. આગળ ચાલતા લીલી પરબ આવે છે. આ પરબ ડાહ્યાભાઇ દેવસી કચ્છીના નામથી થઈ છે, ત્યાં દેરી પણ છે. પછી ત્રીજો વિસામો આવે છે. તેની બાજુમાં ઊંચા ઓટલા પર દેરીમાં શ્રીઆદીનાથ ભગવાનના પગલાં છે, વિસામો છે. ત્યાં સુરતવાળા શેઠ તલકચંદ માણેકચંદ તરફથી પરબ છે. બાજુમાં કુમારપાળ રાજાનો બંધાવેલો બીજો કુમારકુંડ છે.

હિંગલાજનો હડો

ત્યાંથી ચાલતાં હિંગરાજના હડાની શરૂઆત થાય છે, તેનો ચઢાવ જરાક છાતી સમો અને કઠીન છે. એવી એક કહેવત છે કે, "આવ્યો હિંગલાજનો હડો, કેડે હાથ દઈ ચઢો, કુટયો પાપનો ઘડો, બાંધ્યો પુણ્યનો પડો।।" હિંગલાજનો હડો ચઢતાં હિંગલાજ માતાની દેરી આવે છે.

હિંગલાજ માતા

દંતકથા એવી છે કે-હિંગલાજની મૂર્તિ સ્વરુપે અંબિકાદેવી છે. કારણ કે-એક વખત હિંગુલ નામનો રાક્ષસ, સિંધુ નદી તરફથી જતા આવતા યાત્રાળુઓને ઉપદ્રવ કરતો હતો. આથી કોઈ સંતપુરુષે ધ્યાન અને તપના પ્રભાવે, અંબિકાદેવીને બોલાવી, અને દેવીને કહ્યું કે

આ હિંગુલ રાક્ષસ યાત્રાળુઓને હેરાન કરે છે, તેને દૂર કર ? જેથી યાત્રાળુઓ સુખે યાત્રા કરી શકે. દેવીએ રાક્ષસ સાથે યુદ્ધ કરીને તેનો પરાભવ કર્યો. યાવત્ મૃત્યુની અવસ્થા સુધી પહોંચાડ્યો. ત્યારે રાક્ષસે દેવીના પગમાં પડીને વિનંતી કરી કે મારી એક પ્રાર્થના સ્વીકારો. આજથી તમે મારા નામથી ઓળખાવ અને તીર્થક્ષેત્રમાં મારા નામની સ્થાપના થાય એવું કરો. હવે હું કદીએ કોઇને પીડા નહિં કરું. તેની વિનંતી દેવીએ માન્ય રાખી. રાક્ષસ અદશ્ય થઈ ગયો. પોતાના કરેલાં પાપનો બદલો તે ભોગવવા લાગ્યો. અંબિકાદેવીએ ભક્તોને જણાવ્યું કે મને હિંગલાદેવીના નામથી ઓળખજો. (એમ કહેવાય છે કે આ બનાવ કરાંચી નજીકના ડુંગરોમાં હિંગલાજનું સ્થાન છે, ત્યાં બન્યો હતો.) અંબિકાદેવીને સૌરાષ્ટ્રમાં અધિષ્ઠાત્રી દેવી માને છે. તે શ્રીસિદ્ધાચલ પર એક આ ટેકરી પર અધિષ્ઠાત્રી દેવી થઈને રહ્યાં છે, તે ટેકરી 'હિંગલાજના હડા' તરીકે પ્રસિદ્ધ છે.

તે હડો ચઢીએ એટલે સુંદર વિસામો આવે છે. ત્યાં બધા યાત્રિકો વિસામો લે છે. ત્યાં કચ્છી હીરજી નાગજી તરફથી પાણીની પરબ છે. આગળ વચમાં દેરી છે, તે દેરીમાં સ. ૧૮૩૫ માં પ્રતિષ્ઠિત શ્રીકલિકુંડ પાર્શ્વનાથના પગલાં છે. પૂર્વે અહીંયાં નાનો માનમોડીઓ અને મોટો માનમોડીઓ નામથી હડા બોલાતા હતા. નવો રસ્તો થતા અહીંથી જુનો નવો બન્ને રસ્તા જુદા પડે છે, જુના રસ્તે જતાં થોડું ચઢ્યા પછી સમવસરણના આકારની દેરીમાં મહાવીર ભગવાનના પગલાં છે. આગળ ચાલતાં નવો જુનો રસ્તો ભેગો થઈ જાય છે.

ત્યાં ચોકની વચમાં શ્રીઋષભ–ચંદ્રાનન–વારીષેણ ને વર્ધમાન એમ. શાશ્વતા ચાર જિનના પગલાં કમલના આકારે છે.

છાલાકુંડ

અહીં વિસામો છે અને કુંડ છે. અને શેઠ અમરચંદ મોતીચંદ તરફથી પાણીની પરબ છે. ઝાડ નીચે એક સાર્વજનિક પરબ અમદાવાદના નગરશેઠ હેમાભાઈ વખતચંદ તરફથી બેસે છે. છાલાકુંડ સં. ૧૮૭૦ માં બંધાયો છે.

નવા રસ્તે ચાલતાં થોડું ચાલતાં શ્રીપુજની દેરીના નામે ઓળખાતો કીલ્લેબંધીવાળો એક ભાગ આવે છે. એમ કહેવાય છે કે–તપાગચ્છના શ્રીદેવેન્દ્રસૂરિજી નામના શ્રીપુજે આ બંધાવરાવી છે. તેમાં ૧૪ દેરીઓમાં શ્રીપુજના પગલાં છે અને ચાર દેરીઓ ખાલી છે. વચમાં એક મોટી દેરી છે, તે મંડપ સહિતની છે, અને મોટી છે. તેમાં ૧૭ ઇંચની સાતફણા સહિતની પદ્માવતી દેવની મૂર્તિ છે. તેના મસ્તકથી ઉપરના ભાગમાં પાંચફણાવાળી શ્રીપાર્શ્વનાથ–ભગવાનની પ્રતિમા છે. તે બધુ સલંગ જ આરસામાં કોરેલું છે. નીચલા ભાગમાં ડુંબરૂધારી બે

મૂર્તિઓ અને બે ચામરધારી મૂર્તિઓ કોરેલી છે. વળી જમણી બાજુ હનુમાનજી છે. બહાર શ્રીમાણીભદ્રવીરની મૂર્તિ પણ છે. વચમાં એક મોટો કુંડ પણ બાંધેલો છે. કુંડની ચાર બાજુએ ક્રમે શ્રીપાર્શ્વનાથ ભગવાન, શ્રીઆદીશ્વર ભગવાન, શ્રીગૌતમસ્વામીજી અને શ્રીવિજય ધર્મસૂરિનાં પગલાં છે. અહીંથી નગર તરફ જોતાં ગિરિરાજનો રસ્તો અને ગામની નયનરમ્ય સુંદરતા દૃષ્યમાન થાય છે.

ધીરે ધીરે ચઢતાં, આગળ સપાટ સીધો માર્ગ ચાલવાનો આવે છે. આગળ ચાલતાં ગિરિરાજ પરનું શિખર વિગેરે દેખાય છે.

આગળ ઊંચા ઓટલા પર શ્યામ રંગની ચાર ઉભી મૂર્તિવાળી દેરી આવે છે. તેમાં ૧ દ્રાવિડ, ૨ વારિખિલ્લ, ૩ અઇમુત્તા, અને ૪. નારદજીની મૂર્તિઓ છે.

૧-૨ દ્રાવિડ ને વારિખિલ્લ

શ્રીઋષભદેવ ભગવાનનો દ્રવિડ નામનો પુત્ર હતો. તેના દ્રાવિડ અને વારિખિલ્લ નામના બે પુત્રો થયા. પિતાએ મિથિલાનુ રાજ્ય દ્રાવિડને આપ્યું અને વારિખિલ્લને લાખગામ આપી પોતે દીક્ષા દીધી. બન્ને ભાઈઓ રાજ્યને માટે એક બીજા સાથે યુધ્ધે ચઢ્યા. આ લડાઈમાં કરોડો મનુષ્યોનો સંહાર થયો. દ્રાવિડને એક વખત સુવલગુ તાપસના આશ્રમે જવાનું થયું. તાપસ ઉપદેશ આપીને રાજાને પ્રતિબોધ્યો તેને વારિખિલ્લ પાસે જઈને તેને ખમાવ્યો. રાજાએ વ્રત લેવાની વાત કરી એટલે બન્ને ભાઈઓએ વ્રત લીધુ, તાપસ થયા, પુત્રોને ગાદિ સોંપી, કંદમૂળ ખાનારા અને પ્રભુનું ધ્યાન ધરનારા તાપસ થયા. એમ લાખો વરસ વીત્યાં.

વિદ્યાધર મુનિ સાથે ગિરિરાજ પર

એક વખત બે વિદ્યાધર મુનિઓ ત્યાં આવ્યા. તેમને પુછ્યું કે તમે કયાં જાવ છો? મુનિઓએ સિદ્ધગિરિરાજની યાત્રાએ જઈએ છીએ એમ કહ્યું અને શ્રીશત્રુંજય તીર્થનો મહીમા વર્ણવ્યો. ઉપદેશ આપીને સાધુપણું આપ્યું, તેઓ મુનિઓ સાથે શ્રીશત્રુંજય ગિરિરાજની યાત્રાએ ચાલ્યા. શ્રીઋષભદેવ ભગવાનના ગુણગાન ગાતાં અતિઆનંદથી યાત્રા કરી ખુબ આનંદ પામ્યા.

વિદ્યાધર મુનિઓએ ઉપદેશ આપ્યો કે 'અશુભધ્યાનથી નરક સુધીના, બાંધેલાં કર્મો આ ગિરિરાજની આરાધનાના પ્રતાપે નાશ પામે છે અને કર્મનો ક્ષય કરીને મોક્ષે જવાય છે. માટે આ ગિરિની આરાધના કરો.' વિદ્યાધરમુનીઓ ઉપદેશ આપી ચાલ્યા ગયા.

દ્રાવિડ અને વારિખિલ્લ મુનિઓ પ્રભુના ધ્યાનમાં લીન થઈ અંતે માસિક સંલેખના કરીને દશક્રોડ મુનિઓ સાથે 'કાર્તકી પૂર્ણિમાને' દિવસે મોક્ષે ગયા. આથી **કાર્તિકી પૂર્ણિમા**નો મહિમાનો દિવસ થયો તે જણાવનારી આ દેરી છે.

૨. અતિમુક્તક મુનિ

પોઢાલપુરમાં વિજયરાજાની **શ્રીમતી** રાણીના **અતિમુક્તક**કુમાર હતા. ૬ વર્ષની ઉંમરે **મહા**વીર ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી હતી. એક વખત ગામ બહાર સાધુઓ સાથે દિશાએ–જંગલ જવા ગયા હતા. છોકરાઓને કાગળની નાવડી તરાવતાં જોઈ બાળસ્વભાવથી કાછલીને પાણીમાં તરાવવા લાગ્યા. સાધુઓએ જોયા. એટલે કહ્યું કે આતો અપ્કાયની વિરાધના કરી. બહુ પાપ લાગ્યું. તેની આલોચના કરતાં પ્રભુ પાસે ઈરિયાવહી કરતાં 'પણગદગ' પદના ધ્યાનમાં ક્ષપકશ્રેણીએ ચઢીને કેવળી થયા. ક્રમે આ ગિરિરાજ પર મોક્ષે ગયા.

૪. નારદમુનિ

તેમનો સ્વભાવ કજીયા પ્રિય, પણ બ્રહ્મચર્યમાં અડગ. દ્વારકા નગરી અને યાદવોના નાશના સમાચાર જાણીને તેમનો આત્મા કકળી ઉઠ્યો. પોતાની અવિરતિપણાની નિંદા કરતા તેમને અનશન કર્યું. શુકલધ્યાનની ધારાએ ચઢ્યા, ક્ષપકશ્રેણી માંડી, કેવળ જ્ઞાનપામી મોક્ષે ગયા. આવી રીતે અવસર્પિણીમાં એકાનુ લાખ મુનિ સાથે **નારદ**મુનિ સિદ્ધિ પદને આ ગિરિરાજ પર પામ્યા.

ઉપર જણાવી ગયેલી તે દેરી સહિતના ચોતરા પર **દ્રાવિડ વારિખિલ**નો કા. સુ. ૧૫ના મોક્ષ મહિમા બતાવવા તે દિવસે ત્યાં તાંસા વાગે છે.

જુના રસ્તે એક વિસામો શેઠ હઠીસીંગ કેસરીસંગે બંધાવેલો છે. **મુ**ંબાઈવાળા **સુ**રતી માસ્તર **ત**લકચંદ **મા**ણેકચંદ તરફથી ત્યાં પરબ હતી. આગળ ચાલતાં **હી**રાબાઈનો કુંડ આવે છે. તેનાથી આગળ ચાલતાં બાવળ કુંડ આવે છે. આ કુંડ **સુ**રતવાળા **ભુ**ખણદાસે બંધાવ્યો છે. આને ભુખણદાસનો કુંડ પણ કહે છે. અહીં પાણીની પરબ પણ છે. ત્યાંથી આગળ ચાલતાં આગળ ઓટલા પર એક દેરી આવે છે. તેમાં ૧ **રા**મ, ૨ **ભ**રત, ૩ **થા**વચ્ચા, ૪ **શુ**કપરિવ્રાજક અને ૫ **શૈ**લકાચાર્યની એમ પાંચ મૂર્તિઓ ઉભી છે.

૧–૨. રામ ભરત

રામ અને **ભ**રત **દ**શરથ રાજાના પુત્ર હતા. તેઓએ ગુરુમહારાજ પાસે પોતાનો પૂર્વભવ સાંભળ્યો. એટલે વૈરાગ્ય જાગ્યો. દીક્ષા અંગીકાર કરી **શ્રીશત્રુંજય** ગિરિરાજ પર અનસન કરી કોડમુનિ સાથે મોક્ષે ગયા.

૩ થાવચ્ચા પુત્ર

દ્વારકા નગરીમાં **થાવચ્ચા** નામની સાર્થવાહી હતી. તેના નામ પરથી તેના પુત્રનું નામ **થાવચ્ચા** સુત એવું રુઢ થયું હતું. તે બત્રીસ કન્યાને પરણ્યો હતો, **શ્રીનેમિનાથ** ભગવાનની દેશનાથી વૈરાગ્ય પામી એક હજાર પુરુષો સાથે દીક્ષા અંગીકાર કરી. તેમણે **શૈલક** નગરના રાજા **શૈલક**ને પ્રતિબોધી શ્રાવક બનાવ્યો. ત્યારબાદ **શુક**પરિવ્રાજકને પ્રતિબોધ કર્યો. તેને પોતાના બધા શિષ્યો સાથે દીક્ષા અંગીકાર કરી. **થાવચ્ચા**પુત્ર પોતાનો અંતકાળ નજીક આવતાં **શ્રીશત્રુંજય** ગિરિરાજ પર એક મહિનાનું અનશન કર્યું. અંતે કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા.

૪ શુકપરિવ્રાજક

થાવચ્ચા પુત્રના ઉપદેશથી, સંયમ અંગીકાર કર્યું હતું. ક્રમે આચાર્ય થયા. વિહાર કરતા કરતા પોતાના શિષ્ય પરિવાર સાથે **શૈલક**નગરીએ પધાર્યા. ત્યાં પાંચસો મંત્રી સાથે **શૈલક** રાજાને દીક્ષા આપી. અને ક્રમે તે **શૈલક**ાચાર્ય થયા. **શુક**પરિવ્રાજક લાંબો કાળ સંયમ પાળી. એકહજાર મુનિઓ સાથે કેવળજ્ઞાન પામી **શ્રીશત્રુંજય** ગિરિરાજ પર મોક્ષે ગયા.

૫ શૈલકાચાર્ય

આચાર્ય થયા પછી તેઓ **શૈલક**ાચાર્ય નામથી બોલાવા લાગ્યા. શરીરમાં રોગો ઉત્પન્ન થયા. આથી પોતાના પુત્ર **મ**ંડુક રાજાને ચિકિત્સા માટે કહ્યું. તેમને પોતાના નગરમાં લાવ્યા. ઉપચાર કરતાં નિરોગી થયા. રસાસિક્તિથી શિથીલ થયા. ત્યારે **પ**ંથકમુનિ ગુરુમહારાજની ભાવથી સેવા કરવા લાગ્યા. ચોમાસી ખામણાં ખામતાં **પ**ંથકમુનિએ ગુરુમહારાજના પગનો સ્પર્શ કર્યો. નિદ્રામાં ખલેલ પડતાં જાગી ગયા. શિષ્યે પોતાના અપરાધની માફી માગી અને જણાવ્યું કે ચોમાસી ખામણાં ખામતો હતો. આ સાંભળીને આચાર્યને પોતાનો પ્રમાદ યાદ આવ્યો. અને વૈરાગ્ય જલહળ્યો. આરાધના કરવા લાગેલા, કર્મને ખપાવવા **શ્રીશત્રુંજય** ગિરિરાજ ઉપર આવ્યા. પાંચસો શિષ્યો સાથે એક મહિનાનું અનસન કરી કેવળજ્ઞાન પામી, મોક્ષે ગયા.

ભુખણદાસના કુંડ પાસે ચોતરા પર દેરી છે તેમ દેરી વગરનાં ખુલ્લાં પગલાં છે. તેની પાસે બીજી એક દેરીમાં **સુ**કોશલ મુનિનાં પગલાં છે.

સુકોશલ મુનિ

અયોદ્ધાના રાજા કીર્તિધરને સહદેવીના પુત્ર સુકોશલ હતા. ગર્ભસ્થ પુત્રને ગાદી સોંપી. રાજાએ દીક્ષા લીધી. ક્રમે પુત્રને ધાવમાતા ઉચ્છેરે છે. તેની પાસેથી પિતાની દીક્ષાની વાત તેણે જાણી. તેથી તેણે પણ પિતાની પાસે દીક્ષા લીધી. માતાને પુત્રનો વિયોગ સહન ન થયો. આથી આર્તધ્યાનથી મરણ પામીને પહાડમાં વાઘણ થઈ. એક વખત રાજર્ષિ અને સુકોશલ મુનિ વિહાર કરતા કરતા પહાડ પર આવ્યા. વાઘણે તેમને જોતાં રોષ ઉત્પન્ન થયો. મુનિઓએ જાણ્યું કે વાઘણ ફાડી ખાશે, એટલે તેઓ આરાધનામાં ચઢ્યા. પુત્ર પર પહેલો હલ્લો કર્યો. ફાડી નાખ્યો. મુનિ અંતગડ કેવલી થઈ મોક્ષે ગયા. તે મુનિનો સોનાનો દાંત જોતાં પૂર્વનો અધિકાર યાદ આવ્યો. આથી કીર્તિધર મુનિએ તેને ઉપદેશ આપ્યો. વાઘણ અનશન અંગીકાર કરીને દેવ ગતિમાં ગઈ.

નમિ-વિનમિ

ત્યાંથી આગળ ચાલતાં એક દેરીમાં નમિ વિનમિનાં પગલાં આવે છે. ઋષભદેવ ભગવાનના કચ્છના પુત્ર નમિ હતા. ને મહાકચ્છના પુત્ર વિનમિ હતા. કચ્છ મહાકચ્છે ભગવાન સાથે દીક્ષા લીધી હતી. તેમના પુત્રો નમિ વિનમિ બહાર ગયા હતા. તેથી આવ્યા ત્યારે ભરત મહારાજે તેમનું રાજ્ય આપવા માંડયું. તે ન લેતાં પ્રભુ પાસે આવીને પ્રભુની સેવા કરવા લાગ્યા અને 'રાજ્ય આપનાર થાવ, એમ કહેવા લાગ્યા. ભગવાન સાથે જ વિહારમાં રહે છે. ભગવાન કાઉસગે રહે ત્યાં બે બાજુએ બે ચોકીદાર માફક રહે છે.

એક વખત ધરણેન્દ્ર ભગવાનને વંદન કરવા આવે છે. નમિ વિનમિની પરીક્ષા કરે છે. ત્યારે જવાબ આવે છે કે "અસ્તિ નાસ્તીતિ કા ચિંતા, કાર્યા સેવૈવ સેવકૈઃ" છે કે "નથી તેની ચિંતા શા માટે કરવી, સેવકે તો સેવા જ કરવાની છે." આ વચનથી ધરણેન્દ્ર પ્રસન્ન થયો. ૧૬ હજાર વિદ્યાઓ અને વૈતાઢયની દક્ષિણ ઉત્તર શ્રેણીનું રાજ્ય આપ્યું. તે સુખપૂર્વક ત્યાં આવીને નગરો વિગેરે વસાવીને રાજ્ય કરે છે.

ભરત મહારાજ છ ખંડ જીતવા નિકળ્યા ત્યારે નમિ વિનમિ વિદ્યાધર સાથે યુદ્ધ ચાલ્યું. અંતે નમિ વિનમિ હાર્યા, અને ભરતની આજ્ઞા સ્વીકારી. પણ વૈરાગ્યથી પોતાના પુત્રોને રાજ્ય આપીને સંયમ અંગીકાર કર્યું. સંયમની આરાધના કરતા ગિરિરાજ પર પધાર્યા અને અનસન કરીને ફાગણ સુદ ૧૦ ના બે ક્રોડ મુનિઓ સાથે મોક્ષે ગયા.

હનુમાન ધારા

આગળ ચાલતાં હનુમાનધારા આવે છે. ત્યાં ડાબી બાજુએ ચોતરા તરફ ઋષભદેવ પ્રભુના પગલાં છે. જમણી બાજુએ ઉભી હનુમાનજીની મોટી મૂર્તિ છે. તેની ઉપર દેરીમાં છે. અહીં પવનની સુંદર લહેર આવે છે. યાત્રાળુઓ અહીં વિસામો ખાય છે. ટાઢા ઉના પાણીની પરબ છે.

હનુમાન ધારાથી બે રસ્તા પડે છે. એક નવટુંક તરફ જાય છે ને બીજો દાદાની ટુંકે જાય છે. દાદાની ટુંક તરફ જતાં આગળ ડુંગરની ભેખડમાં કોતરેલી મૂર્તિઓ છે ત્યાં ચઢવા માટે ડુંગરમાં કોતરેલાં પગથીયાં છે. તે મૂર્તિઓ **જાલિ**, **મયાલિ** ને **ઉવયાલિની** કાઉસગ્ગ ધ્યાને ઉભી કોરેલી છે.

જાલિ-મયાલિ-ઉવયાલિ

અંતકૃદ્દશા નામના આઠમા અંગના ચોથા વર્ગમાં એમના નામનું પહેલું, બીજું ને ત્રીજું અધ્યયન છે. દ્વારામતી નગરીના **વસુદેવ** અને **ધારણી**ના પુત્ર જાલિ હતા. તેમને **નેમિનાથ** ભગવાનના ઉપદેશથી સંયમ અંગીકાર કર્યું અને **શત્રુંજય** ગિરિરાજ પર આવીને આરાધના કરી અને અંતકૃત્ કેવલી થઈને મોક્ષે ગયા. આવી જ રીતે **મયાલિ** પણ દ્વારિકા નગરિના રાજકુમાર હતા. **શ્રીનેમિનાથ** ભગવાનના ઉપદેશથી સંયમ અંગીકાર કરી, ગિરિરાજ ઉપર આવી આરાધના કરી, અંતકૃત્ કેવલી થઈને મોક્ષે ગયા. તેવી જ રીતે ઉવયાલિ પણ **શ્રીનેમિનાથ** ભગવાનના ઉપદેશથી સંયમ અંગીકાર કરી, ગિરિરાજ ઉપર આરાધના કરી, અંતકૃત્ કેવલી થઈ મોક્ષે ગયા. તેઓ ત્રણે મુનિવરો અગીયાર અંગને ભણ્યા હતા.

આગળ ચાલતાં **રામપોળ** બહાર વિસામો આવે છે ત્યાં ઉભય પાણીની પરબ છે.

કીલ્લે બંધી

ગિરિરાજ પર વર્તમાનમાં નવટુંક કહેવાય છે. આ દરેક ટુંકને પોતપોતાની કીલ્લેબંધી તેમજ તમામ ટુંકોને આવરી લેતો આખો કોટ પણ છે. આ કોટમાં મોટો દરવાજો રામપોળનો

છે. નવટુંક તરફ જતાં નવટુંકની બારી આવે છે, ઘેટીની પાયગાએ જવા માટે ઘેટીની બારી. આટલાં કોટમાં પ્રવેશ દ્વાર છે. દરેકે ટુંકમાં રક્ષણ માટે પેરેા ભરનાર પહેરેગીરેા—ચેાકીયાતેા છે. ગિરિરાજનેા વહિવટ શે. આ. ક. ની પેઢી કરે છે. તેમજ કેટલીક ટુંકનેા વહીવટ તેમનેા સ્વતંત્ર પણ છે. પણ આથી ગિરિવરની કીલ્લેબંધી સુધીની કહેા કે બધી કહેા તે બધી જવાબદારી પેઢીની છે.

તબક્કો બીજો

રામપેાળ

શ્રીશત્રુંજય ગિરિરાજ પર નાનાં મેાટાં હજાર એક દેરાસર હશે. એટલે ગિરિરાજ મંદિરેાના નગર જેવેા સુરમ્ય છે. જેમ નગરને કીલ્લેા હેાય તેમ આ બધા મંદિરેાને રક્ષણ માટે કીલ્લેા છે. નગરમાં પેાળેા હેાય તેમ અહિં ટુંકેા રૂપી પેાળેા છે. નગરને રક્ષણ માટે પહેરેગીર જોઇએ તેમ અહિં પહેરેગીરેા છે. નગરમાં મનેાહર મહેલેા હેાય તેમ અહિં મંદિરેા છે. નાનામેાટા મહેલેા નગરમાં હેાય તેમ અહિં નાના મેાટાં મંદિરેા છે. મહેલેા પર ધજા ફરકે તેા અહિં દેવ મંદિરેા પર ધજા ફરકે છે. રાજમંદિર મેાટું હેાય તેમ દાદાનું મંદિર મેાટું ને મનેાહર છે. કળશ મહેલ ઉપર જોઇએ તેમ અહિં દાદાના શિખર પર કળશ છે. જો કે બધાજ શિખરેા પર કળશ છે પણ દાદાના શિખર પર સેાને રસેલેા કળશ છે.

આ ગિરિરાજના નગરમાં પ્રવેશ કરવા માટે વર્તમાન કાળમાં મુખ્ય રસ્તેા જયતલાટીનેા છે. જેનું વર્ણન પૂર્વે કર્યું છે. તે જયતલાટીના રસ્તે ૩૭૪૫ પગથીયાં છે. આખેા રસ્તેા **રામપેાળ** સુધીનેા અઢી માઇલનેા થાય છે. આ ગિરિરાજની ટોચ દરિયાની સપાટીથી ૧૮૦૦ ફુટની ઉંચી છે. કલ્પનામાં પણ ન આવે કે આટલી ઉંચાઇએ અનયથીવાળાં અનેક પ્રકારના દહેરાં કેવા કેવા ભાગ્યશાળીઓએ બંધાવ્યાં હશે અને કેટલેા પરિશ્રમ લીધેા હશે.

આરાધ્ય એવેા આ ગિરિરાજ હેાવાથી સૌને તેના માટે ભાવ ઉત્પન્ન થાય અને ભાવને બતાવવા માટે ગિરિરાજ પર મનેાહર મદિરેા બનાવે અને પ્રતિમાજી મહારાજ પધરાવે. આવા મંદિરના નગરરૂપ ગિરિરાજની ટોચે આવીએ એટલે પ્રથમ પ્રવેશ દ્વાર 'રામપેાળ' આવે. વર્તમાનમાં આ દરવાજો મનેાહર સુશેાભિત બનાવ્યેા છે. ત્યાં કાયમ માટે પહેરેગીર રહે છે. વહાણું વાય ત્યારે દરવાજો ખુલે અને સાંજે બંધ થાય. 'રામપેાળ' એવું નામ કયા કારણે થયું, તે જાણવામાં આવ્યું નથી.

રામપેાળમાં પેસતાં સન્મુખ પંચશિખરી **શ્રીવિમળનાથ** ભગવાનનું મંદિર આવે છે. આ મંદિર શેઠ **મેાહનલાલ વલ્લભદાસ ઔરંગાબાદવાળાએ** બંધાવ્યું છે. તેની બાજુમાં શેઠ

દેવચંદ કલ્યાણચંદ સુરતવાળાએ બંધાવેલું ત્રણ શિખરવાળું મંદિર છે. તેમાં મૂળનાયક શ્રીસુમતિનાથ ભગવાન છે. મોતીશા શેઠની ટુંક પહેલાં આ મંદિરો થયાં છે. તેથી એમ કલ્પી શકાય કે કુંતાસારની જે બીણ હતી તેની ધાર પર આ બે મંદિરો બંધાવ્યાં હશે. તેની પછી બગીચો અને મોતીશાની ટુંક આવે છે. (તેનું વર્ણન નવ ટુંકમાં કરશું.) આગળ જવાનો રસ્તો છે. મોતીશા શેઠની ટુંકને લાગીને કુંડ આવે છે. તે કુંડ ઉપર મોતીશાને ટુંકની દીવાલને લાગીને કુંતાસાર દેવીનો ગોખલો છે. રામપોળની અંદર જે ચોક છે. ત્યાં ડોળીવાળાઓ વગેરે બેસે છે. આરામ કરે છે.

સગાળપોળ

ત્યાંથી થોડા પગથીયાં ચઢીએ એટલે સગાળપોળનો દરવાજો છે. દરવાજાની ડાબી બાજુએ ગેસ્ટ હાઉસ છે. 'સગાળપોળ'નો દરવાજો જીર્ણ થતાં શોભાયમાન નવો બંધાવ્યો છે. દરવાજાની અંદર યાત્રાળુઓનો પૂજાના સાધન સિવાયનો વધારાનો સામાન મુકાય છે. ત્યાં પહેરેગીર કાયમ રહે છે. અંદર આવીએ એટલે નાંધણકુંડ આવે છે.

રસ્તાની એક બાજુએ ઓફીસ છે. ગિરિરાજ ઉપરનો જવાબદાર મેનેજર ત્યાં બેસે છે. તથા ત્યાં કામચલાઉ પેઢી પણ છે. બીજી બાજુએ કેશવજી નાયકની ટુંક આવે છે. તેનો બીજો દરવાજો વાઘણપોળમાં પડે છે. ઓફીસની બાજુમાં પુજારી વગેરેને રહેવાના સ્થાનરૂપ ઓરડીઓ બાંધેલી છે. આ 'દોલાખાડીના' નામથી ઓળખાય છે.

વાઘણપોળ

ઉપર થોડાં પગથીયાં ચઢીએ એટલે 'વાઘણપોળ'નો દરવાજો આવે છે. તેની એક બાજુએ રક્ષકનું બાવલું આવે છે, અને બીજી બાજુએ વાઘ છે. વાઘના તેવા કોઈ કારણથી આ 'વાઘણપોળ' કહેવાય છે. વાઘની બાજુમાં હનુમાનજીની મૂર્તિ વાળી દેરી છે.

વ્યાઘ્રપતોલી

ખોદ કામ કરતાં વિ. સં. ૧૨૮૮નો વસ્તુપાલ તેજપાલનો કાળા પત્થરનો શિલાલેખ જે નિકલ્યો તે વાઘણપોળના દરવાજામાં તેની દિવાલ પર લગાવ્યો છે. વાઘણપોળનો દરવાજો નવેસરથી નવો બનાવ્યો છે.

વાઘણપોળની અંદર પ્રવેશ કરતાં મંદિરોનો વિશાળ સમુદાય દષ્ટિગોચર થાય છે. આ સારીએ ટુંક આજે 'વિમલવસહી'ના નામથી ઓળખાય છે. વાઘેલા યુગમાં વાઘણપોળની જમણી

બાજુએ હાલમાં જ્યાં કેશવજી નાયકનું આધુનિક મંદિર છે. ત્યાં 'રૈવતાચલાવતાર' રુપ નેમિનાથ ભગવાનનું મંદિર શોભી રહ્યું હતું. અને અત્યારે ડાબી બાજુએ આજે જ્યાં દમણવાળા શેઠ હીરાચંદ રાયકરણનું શાંતિનાથ ભગવાનનું મંદિર છે. ત્યાં પૂર્વે 'સ્થંભન પુરાવતાર' શ્રીપાર્શ્વ-નાથ ભગવાનનું મંદિર હતું. આ બન્ને જિનાલયો મહામાત્ય વસ્તુપાલે બંધાવ્યાં હતાં. તે પંદરમા સોળમા સૈકા સુધી વિદ્યમાન હતાં. પાછળથી તે લુપ્ત થઈ ગયાં. તે મંદિર પાસે પૂર્વકાળમાં કવડ યક્ષની દેરી હશે જ. વર્તમાનમાં તે યક્ષની દેરી જમણી બાજુમાં આવેલી છે. કાળના પરિબળે ફેરફાર થઈ ગયો.

વર્તમાન કાળમાં વાઘણપોળમાં આવીને શેઠ હીરાચંદ રાયકરણના બંધાવેલા શ્રીશાંતિનાથ ભગવાનના મંદિરે યાત્રાળુઓ આવે છે. દર્શન કરે છે અને પ્રભુ સ્તુતિ કરે છે, પછી ચૈત્યવંદન કરે છે.

ચૈત્યવંદન બીજું

શ્રીશાંતિનાથ ભગવાનનું ચૈત્યવંદન

શાંતિજિનેશ્વર સોળમા, અચિરા સુત વંદો ।
વિશ્વસેન કુલ નભમણિ, ભવિજન સુખ કંદો ॥ ૧ ॥
મૃગપતિ લંછન પાઉલે, લાખ વરસ પ્રમાણ ।
હત્થિણા ઉર નયરી ધણી, પ્રભુ ગુણમણી ખાણ ॥ ૨ ॥
ચાલીસ ધનુષ્યની દેહડી, સમચઉરસ સંઠાણ ।
વદન પદ્મજયું ચંદલો, દીઠે પરમ કલ્યાણ ॥ ૩ ॥

સ્તવન

મ્હારો મુજરો લ્યોને રાજ, સાહિબ શાંતિ સલુણા (એ આંકડી)

અચિરાજીના નંદન તોરે, દર્શન હેતે આવ્યો ।
સમકિત રીઝ કરોને સ્વામી, ભક્તિ ભેટણું લાવ્યો ॥૧॥ મ્હારો ૦
દુઃખ ભંજન છે બિરુદ તુમ્હારો, અમને આશ તુમ્હારી ।
તુમે નિરાગી થઇને છૂટો, શી ગતિ હોશે હમારી ॥૨॥ મ્હારો ૦
કહેશે લોક ન તાણી કહેવું, એવડું સ્વામી આગે ।
પણ બાલક જો બોલી ન જાણે, તો કેમ વ્હાલો લાગે ॥૩॥ મ્હારો ૦
મ્હારે તો તું સમરથ સાહિબ, તો કેમ ઓછું માનું ।
ચિંતામણી જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિશ્યાનું ॥૪॥ મ્હારો ૦
અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જાગતે ।
વિમલ વિજય વાચકનો સેવક, રામ કહે શુભ ભગતે ॥૫॥ મ્હારો ૦

થાય

શાંતિ સુહંકર સાહિબો, સંયમ અવધારે;
સુમિત્રને ઘેર પારણું, ભવ પાર ઉતારે
વિચરંતા અવનિ તલે, તપ ઉગ્ર વિહારે;
જ્ઞાન ધ્યાન એકતાનથી, તિર્યંચને તારે ॥ ૧ ॥

વાઘણ પોળના દરવાજામાં ઉભા રહીએ તો બન્ને બાજુએ મંદિરોની હારમાળા દેખાય છે. **શાં**તિનાથ ભગવાનના મંદિરેથી નીકળી થોડા પગથિયાં ઉતરતાં સં. ૧૫૮૭માં કરમાશાહે બિરાજમાન કરેલ **શત્રુંજય**ની અધિષ્ઠાયિકા દેવી **ચક્રે**શ્વરી માતાની દેરી આવે છે. તેના બહારના ભાગમાં **પદ્મા**વતી, **નિ**ર્વાણી, **સ**રસ્વતી અને **લ**ક્ષ્મીજી એ ચાર દેવીઓની મૂર્તિ છે. પાસેની દેરીમાં **ચા**ક્રેશ્વરીની અને **પદ્મા**વતીની મૂર્તિઓ છે. (જૈ. તી. સર્વ સંગ્રહ ૧૦૩)

ડાબી બાજુના મંદિરો બધાં હારબંધ અને ઉત્તરાભિમુખ છે, જ્યારે જમણી બાજુએ જે જિનાલયો છે, તેમાં કોઇ પૂર્વાભિમુખ છે કોઈ દક્ષિણાભિમુખ પણ છે.

ડાબી બાજુમાં વધારેમાં વધારે જુનું સં. ૧૩૭૬ નું મંદિર છે. પણ જમણી બાજુના મંદિરો સત્તરમા શતકના ચારેક મંદિર હશે. બાકીના મંદિરો તો અઢાર ઓગણીશ વીસમી સદિના હશે.

ભૂલવણી યાને ચોરીવાળું મંદિર

ભૂલવણીનું મંદિર—આ મંદિરમાં **વિ**મલશાહના મંદિરની નમુનાની કોરણીઓ છે. આવી કોરણીવાળા ઘુમટો વગેરે આખા ગિરિરાજ ઉપર બીજે હશે કે કેમ તે વિચારનીય છે. આવા જ કોઇ કારણથી આને 'વિમલવસાહી' કહેવાઈ હશે. પણ ખરતરવસહી કહેવું તે તો વ્યાજબી નથી. આની અંદર ત્રણ મુખ્ય મંદિરો છે. ફરતી નાની નાની બહોતેર દેવકુલિકાઓ છે. વિમલવરસહીના કહેવાતાં બધાએ દહેરાસરોમાં **કે**શવજી **ના**યકના દહેરાસરેને છોડીને આ મોટામાં મોટું દહેરાસર છે. થોડા સ્થાનમાં પણ વિસ્તૃત અને અટપટું આમાં આયોજન છે. આ આયોજન કરનાર સ્થપતિ કુશળ હોવો જોઇએ. પ્રાચીન પરીપાટીકારો આ જિનભવનના ખુબ વખાણ કરે છે. અને આજના કાળમાં તો તેની ગણતરી કેવળ **ગુ**જરાતના જ નહિ. પણ સારાયે **ભા**રતના દેવાલયના, સ્થાપત્યમાં ઉત્તમ રત્નોમાં થઈ શકે એમ છે.

મંદિરના પ્રવેશદ્વારે (ખરેખર જોતાં આ મુખ્ય પ્રવેશદ્વાર નથી. મુખ્ય પ્રવેશદ્વાર તો પાછળ છે) ચોકીયાળાની રચના કરી છે. અંદર પ્રવેશતાં મનોહર શિલ્પકારી મંડિત સ્તંભો

અને તે પર ટેકવેલ પદ્મશિલાયુક્ત, સુંદર છત સાથેનો રંગમંડપ જોવા મળે છે. રંગમંડપ પછી ગૂઢમંડપ અને તે પછી મૂળ પ્રાસાદ આવે છે. જેમાં મૂળ **આ**દિનાથ ભગવાન પ્રતિષ્ઠિત હતા. આવું પ્રાચીન તીર્થમાલાઓ બોલે છે. ગૂઢ મંડપના દ્વારોની અડખે–પડખે સુંદર જાળીની કોરણીવાળાં ગોખલાઓ કાઢેલા છે. ગૂઢ મંડપના ઉત્તર દક્ષિણ પડખાઓનું, જુદીજુદી કોરણીયુક્ત વિતાનોથી દેવકુલિઓ સાથે સંધાન કરી લીધું છે. પાછળના ભાગમાં ત્રણ ગઢવાળો મનોહર મેરુ છે. આજુબાજુ બે મોટી દેરીઓ છે. તેમાં તીર્થમાળાઓના કથન અનુસાર **પા**ર્શ્વનાથને **ને**મિનાથ બિરાજમાન હતા. બન્ને દેરીઓની સાંધતી છતોમાં '**નાગપાસ**' '**રાસલીલા**' વગેરે છે. રંગમંડપના ત્રણ ઘુમટોમાં અનેક પ્રકારનું કોતરકામ, પંચ કલ્યાણકો વગેરે વગેરે વિવિધ વસ્તુઓ લીધી છે. જુલતીદેવીઓ (કદાચ તે વિદ્યાદેવીઓ પણ હોય) છે.

મેરુથી નીચે ઉતરતાં જમણી બાજુએ **ને**મનાથની **અ**ડધી બંધાયેલી ચોરી છે. તેના ભાલપટમાં આખો **ને**મનાથના જીવનચરિત્રનો ચિતાર પાટડામાં કોરેલો છે. અત્રે મોટો દરવાજો છે. તેની આજુબાજુમાં બે ગોખલાં છે. તેમાં પથ્થરનાં કોરાલા યક્ષ યક્ષણી છે.

(આ વિમલવસહીની કારીગરીને કઇ સાલમાં લેવી તે મારો અભ્યાસ નથી) આ મોટા દ્વાર આગળ જવાનો રસ્તો હતો. એમ સ્થાપત્યકારને માનવું જ પડે. પછી શું થયું તે વાત આગળ વિચારીશું.

વિમલવસહીથી આગળ ચાલતાં **મોક્ષની બારી**વાળું સ્થાન છે. તેમાં સાંઢણી છે. તેના પગ વચ્ચેથી નીકળવાનું છે, એટલે તેને મોક્ષની બારી કહે છે. આગળ ચાલતાં સં. ૧૬૮૮ માં બંધાવેલા **વિ**મલનાથ અને **અ**જિતનાથના મંદિર છે. પાછલી બાજુમાં થોડી નાની નાની દેરીઓ છે. પછી **ભા**વનગરના શેઠ **કુ**વરજી **લા**ધાએ સંવત ૧૮૧૫ માં બંધાવેલ **સ**હસ્ત્રફણા પાર્શ્વનાથનું મંદિર છે. તે પછી **પા**ટણવાળા શેઠ **પ**ન્નાલાલ કોટાવાળા બાબુએ બંધાવેલ આરસનું નાનુક મંદિર છે. જેની પ્રતિષ્ઠા–આગમોદ્ધારક આચાર્ય **શ્રી આ**નંદસાગરસૂરીશ્વરજી-એ કરી છે, આગળ ચાલતાં **ધ**ર્મનાથભગવાનનું મંદિર છે. ચૌદમીસદીની કોરણીવાળું છે. કદાચ આજ મંદિર જગા શેઠનું હોય. વિ. સ. ૧૬૮૩માં **હી**રાબાઈનું બંધાવેલ **ચ**ંદ્રપ્રભુનું મંદિર આવે છે. તેનાં મંડપમાં સુંદર કોરણીવાળા તોરણો છે. તે મંદિરને અડીને પાછળ ખેંચીને બાંધેલું **જા**મનગર ના ઓસવાળ બંધુઓ **વ**ર્ધમાનશાહ અને **પ**દમસિંહશાહે સં ૧૬૭૮ માં બંધાવેલું **શા**ંતિનાથભગવાનનું મંદિર છે. વળી એક સહસ્રફણા **પા**ર્શ્વનાથનું મંદિર છે.

કુમાર વિહાર

આ આખી લાઈનના છેડા ઉપર **કુ**મારપાળના મંદિરથી ઓળખાતું મંદિર છે. વિદ્વાનોની ગણતરીએ સં. ૧૩૭૭ ની આસપાસ બંધાવેલું આ મંદિર છે **કુ**મારવિહાર **પા**લીતાણામાં હોવાના

પંદરમાં શતકમાં બે ઉલ્લેખો મલે છે. તે શું આ નહિ હોય ? આ મંદિરમાં **આદીશ્વર**ભગવાન છે. મંદિરના મુખ આગળ સુંદર ચોકીયાળું છે. અંદર મંડપ અને ફરતી ચોવીસ દેરીઓ છે. મૂળમંદિર તેમજ ઝરૂખાઓ અને સુંદર ઘાટવિધાનથી આ મંદિર વિભૂષિત છે. તેના ભમતિના બે છેડે, બે ભમતિને મળતાં છેડાપર બે મંદિરો છે. મૂળમંદિરનો શિખર વગેરે ઘાટ કોરણીમય છે. ભમતિના એક મંદિરની એક દિવાલે સુંદર ૧૪ સ્વપ્ન વગેરેની કોરણી છે.

'કુમારવિહાર' પછી ને હાથીપોળ' ની વચ્ચે ગલી છે, તે ગલીમાંથી પાછળ જવાય છે.

સૂર્યકુંડ-સૂરજકુંડ

અહીં **સૂર્ય**કુંડ છે, જેનો મહિમા ગવાય છે તે. જેના પાણી વડે **મ**હિપાલ રાજાના રોગ ગયા હતા, કુકડો થયેલ ચંદ્રરાજા આ કુંડના પ્રતાપે **ચં**દ્રરાજા થયો હતો. તે પછી તેનીજ બાજુમાં **ભી**મકુંડ આવે છે. પછી ત્રીજો **બ્રહ્મ**કુંડ અને **ઇ**શ્વરકુંડ આવે છે. ત્યાં એક દેરી છે. તેમાં શિવલીંગ સ્થાપન કરેલું. આનું કારણ તો એવું દેખાય છે કે, વડીલોએ પૂજારીને તેમના ભગવાનની સગવડ પડે તે માટે ઉદારતા વાપરીને ત્યાં તે દેરી બનાવવા દીધી હશે. **સૂર્ય**કુંડ પર કુકડાનું ચિત્ર અત્યારે વિદ્યમાન છે.

એક વાત–ડાબી બાજુના આ બધા દેરાસર પાછળ મોટા ભયંકર ટાંકાં છે, તેનું પાણી પ્રભુજીની પખાલમાં વપરાય છે. આ ટાંકાં કયા હિસાબે બન્યા તે આગળ વિચારીશું.

ટાંકાં અને કુંડ

કુંડો પથ્થરને કોરીને બનાવાય છે, તેમાં પાણી નીકળી ન જાય તે માટે ચોકસાઇ કરાય છે. તે ખુલ્લા હોય છે. તેનું પાણી ન્હાવામાં ને પીવામાં વપરાય છે. જ્યારે ગિરિરાજ પર મોટાં મોટાં ટાંકા છે. ટાંકું તેને કહેવાય છે કે જેની ચારે દિશા બરોબર મજબૂત હોય છે. તેનું પાણી કોઇપણ દિશામાંથી બહાર ન નીકળે તેવું મજબૂત હોય છે. તેને ઉપરથી બંધ કરી દેવામાં આવે છે, ને એક ઢાંકણાવાળું બારણું ઉપર રખાય છે. પાણી કાઢવું હોય ત્યારે એ ખોલાય છે. તેનું પાણી પ્રભુજીની પખાલમાં વપરાય છે. તેમાં પાણી આજુબાજુએથી વરસાદનું તેવા તેવા માર્ગોથી આવે. તેમાં ઉતરવાના પગથિયાં હોતાં નથી. પણ કુંડોમાં ઉતરવાને માટે પગથીયાં હોય છે.

વાઘણપોળની જમણી બાજુમાં પહેલું દેરાસર **કેશવજી નાયક**નું આવે છે. તેને બે દરવાજા છે. એક સગાળપોળમાં પડે અને એક વાઘણપોળની અંદર પડે. આ દેરાસર

સં. ૧૯૨૮માં બંધાવેલું છે. તેના વચલા મુખ્ય મંદિરની સામે પુંડરીક સ્વામિની દેરી છે. આ મંદિર ઉપર નીચે બે ભાગમાં વહેંચાયેલું છે. ચારે બાજુએ દેરીઓ છે. મુખ્ય મંદિરમાં **સ**મવસરણ, ડાબે હાથે **સ**મેતશિખરજી. જમણે હાથે **મે**રુ. બીજી બાજુ **અ**ષ્ટાપદ, બીજી બાજુએ એક રચના છે. **વા**ઘણપોળ તરફ નીકળતાં **રા**ધનપુરવાળા **મ**સાલીયા કુટુંબનું બંધાવેલું પ્રભુનું દેરાસર છે. નીચે રસ્તા પર 'કવડ યક્ષ'ની દેરી છે.

સંવત્ **૧૭૯૧**માં **ભ**ંડારીએ બંધાવેલુ ઊંચા ઓટલાવાળું ઘણા પગથીયાંવાળું સામળા શ્રી**અ**મીજરાપર્શ્વનાથનું મંદિર છે.

તે પછી સં. ૧૭૮૮માં શાહ. **પ્રે**મચંદ **ર**તનજીનું કરાવેલું **ચ**ંદ્રપ્રભુસ્વામીનું મંદિર છે. **બે**ાગલશાવાળાનું બંધાવેલું **સ**ંભવનાથ ભગવાનનું મંદિર છે.

શ્રીપાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે, તે બહારથી જોતાં ઘર જેવું દેખાય છે, પણ તેની ખુબી કોઈ જુદી છે. અંદર આરસપહાણની સુંદર છત્રી બનાવેલી છે. તેમાં આરસના સિંહાસન પર પાર્શ્વનાથ ભગવાન સુંદર નાનુક છે, તેને આગળ દરવાજે આરસનો છે. તે દરવાજાની બે બાજુએ એટલે એક બાજુએ નંદીશ્વરદ્વીપનો આબેહુબ ચિતાર આરસમાં કોરેલો છે જંબુદ્વીપથી લઇને નંદીશ્વરદ્વીપ સુધીનો બધોએ અધિકાર નંદીશ્વરદ્વીપના ડુંગર વગેરે તેની પર છે. ચૈત્યમાં ભગવાન અતિ બારીક કળાથી બનાવેલ છે. પ્રતિમાજી મહારાજ દેખાય તેવા છે. બીજી બાજુએ અષ્ટાપદ પર્વત અને ૨૪ દેરાં રાવણ મંદોદરી ગૌતમ સ્વામી તાપસો ખાઈ વગેરે બધો અધિકાર કોર્યો છે. નાનુક કળા કેવી હોય તે આ બે કોરણીમાં કોરેલું દેખાય છે. આગળ આરસના બે હાથી મનોહર બનાવ્યા છે. નાના મંદિરમાં કેવી કળા થાય તે આમાં બતાવ્યું છે. આગળ દિવાલને સામાન્ય દરવાજો છે.

સં. ૧૮૬૯માં પાટણના શેઠ ડુગરસી **મી**ઠાચંદ લાધાનું કરાવેલું **શ્રી**ચંદ્રપ્રભુસ્વામીનું મંદિર છે સુરતના કેશરીચંદ વહોરાનું બંધાવેલ **સ**ંભવનાથ ભગવાનનું મંદિર છે. વળી **પા**ટણના શેઠ. **મી**ઠાચંદે કરાવેલું **અ**જીતનાથ ભગવાનનું બીજું મંદિર છે.

સં. ૧૭૮૮ માં બંધાવેલ શ્રી મહાવીર ભગવાનનું દેરાસર છે. આને ત્રણ ગઢ છે એટલે તે સમવસરણના ત્રણ ગઢ છે. પહેલા ગઢમાં વાહનો, બીજા ગઢમાં તિર્યંચોનો ને ત્રીજા ગઢમાં ૧૨ પર્ષદા છે. મધ્યે સિંહાસનમાં ચતુર્મુખ ભગવાન છે. કર્તાએ શિલાલેખમાં કોતરાવ્યું છે કે **વિશેષાવશ્યક**માં સમવસરણની જે રચના મેં સાંભળી, તેના આધારે આ સમવસરણનું દહેરાસર બાંધ્યું છે. તે સુરતવાળા સોમચંદ કલ્યાણચંદે બંધાવેલું છે.

તે પછી સં. ૧૮૬૦માં ઝવેરભાઈ નાનજીએ બંધાવેલું શ્રીઆદિનાથ ભગવાનનું મંદિર છે. વળી તેજ શાલમાં અમદાવાદના શેઠ નાનચંદ માણેકચંદ માણેકવાળાનું બંધાવેલું ધર્મનાથ-ભગવાનનું મંદિર છે. ત્યારબાદ મોરબીવાળા પીતાંબરદાસ પદમશીનું સં. ૧૯૧૩માં બંધાવેલું મહાવીરસ્વામીનું મંદિર છે. આ બધા અઢારમા ઓગણીસમા શકતમાં બંધાયેલાં કહેવાય છે. તેને ૧૯મી કે ૨૦મી સદીના પણ કહેવાય છે. વળી ચૂણો ખાંચરે જ્યાં જ્યાં જગામળી ત્યાં ત્યાં નાની–નાની દેરીઓ પણ છે.

તે પછી સં. ૧૬૭૫માં જામનગરના રાયસી શાહે કરાવેલ શ્રીશ્રેયાંસનાથ ભગવાનનું શિલ્પવિભૂષિત મંદિર છે.

ઈશાન બાજુએ જોધપુરવાળા મનોત્તમલલજી જયમલ્લજીએ સં.૧૬૮૬માં કરાવેલું મોટું ચતુર્મુખ મંદિરછે. આ મંદિરને ચારદિશાએ મંડપ છે, તે મંડપના બધાએ થાંભલાને ગણતાં સો થાંભલા છે, આથી આ શતથંભીયું મંદિર કહેવાય છે. તેના થાંભલાઓ પર ગભારાની નજીકમાં સુંદર તોરણ છે. આપણી ભાષામાં તે કમાનો છે. દક્ષિણદિશાના મંડપની છતમાં થોડુંક સુઘડ કોતરકામ પણ છે. શિખર પણ શિલ્પના આધારે સુંદર કોરણીવાળું છે. વાઘણપોળના બધાએ મંદિરોમાં સૌથી ઊંચું શિખર આ મંદિરનું છે.

તેની નજીકમાં સં. ૧૬૭૫માં અમદાવાદના શેઠનું બંધાવેલુ સંભવનાથ ભગવાનનું મંદિર છે. તેમજ રીખવદાસ વેલજીનું બંધાવેલુ સંભવનાથ ભગવાનનું મંદિર છે.

ત્યારબાદ કપડવંજના શેઠાણી માણેકબાઇએ કરાવેલું ઋષભદેવ ભગવાનનું મંદિર છે. તેમાં ઘણાએ પ્રતિમાજીઓ બિરાજમાન કરેલાં છે. આ બધા મંદિરના સમુહ પાછળ સત્તરમા શતકમાં થયેલ દિગંબરનું મંદિર છે.

શ્રીધનેશ્વરસૂરિજી

શતથંભીયા મંદિરના નીચેના ભાગમાં શ્રીશત્રુંજયમાહાત્મ્યના રચચિતા શ્રીધનેશ્વરસૂરિજીની આરસની વિશાળમૂર્તિ દેરીમાં બીરાજમાન છે.

વાઘણપોળની ડાબી–જમણી બાજુના મંદિરમાં કોઈ શરતચુકથી નોંધવા રહી પણ ગયાં હોય.

પોળીઓ અને લિંબડો

વીર વિક્રમશી

પાલીતાણા શહેરમાં ભાવસાર જ્ઞાતિમાં વિક્રમશીનામનો માણસ, તે ભાઈ–ભાભી ભેગો રહેતો હતો.

એક વખત બપોરના સમયે કપડાં ધોઈને કપડાં અને ધોકો લઇને ઘેરે આવ્યો. તેને ભૂખ લાગી હતી. તેથી હાથ–પગ ધોઈને ભાભી પાસે ખાવાનું માગ્યું. ત્યારે રસોઈ તૈયાર થઈ નહોતી એટલે, તેણે ભાભીને કહ્યું કે બપોર થઇ તોયે રસોઇ થઈ નથી, મારે ખાવું છે. ઘરમાં રહીને રસોઈ પણ ટાઈમસર કરતાં નથી.

ભાભીએ ગુસ્સામાં કહ્યું કે 'વા'રે' થાય એમાં શું થઈ ગયું. આટલો પાવર કોની ઉપર કરો છો. તમારાભાઈ કમાય છે. તમારે બેઠા બેઠા તાગડધિન્ના કરવાં છે. બહુબળ હોય તો **સિદ્ધગિરિપર** યાત્રાળુઓને હેરાન કરનાર 'સિંહ' છે, તેને મારો તો જાણું કે તમો બહાદુર છો.'

ભાભીએ મારેલા મેણાથી તે પાવરમાં આવ્યો. ને પ્રતિજ્ઞા કરી કે, 'સિંહને મારી નાખું તો જ ઘરમાં પગ મુકું.'

આથી ધોકો લઈને નીકળી પડયો, તલાટીએ આવ્યો મિત્રોની વિદાય લીધી ને કહ્યું કે ઉપર જઇને સિંહને મારીશ એટલે 'ઘંટ' વગાડીશ, ઘંટ વાગે ત્યારે તમારે જાણવું કે સિંહ મરાયો.

એમ કહીને ધોકો લઈને ગિરિરાજ ઉપર ચઢવા માંડયો ઉપર આવીને સિંહને શોધવા લાગ્યો. સિંહ તો એક ઝાડ નીચે નિરાંતે સુતેલો હતો. સુતેલાને ન મરાય આથી અવાજ કરીને સિંહને જગાડયો. સિંહ જેવું ઊંચું જોવા જાય છે કે તેના માથામાં એવો ધોકો માર્યો કે, તે તરફડીને નીચો પડયો, બેભાન થઈ ગયો

વિક્રમસી સિંહ મર્યો એમ સમજી જેવો ઘંટ વગાડવા જાય છે, ત્યાં પાછળથી સિંહે ઝાપટ મારી, તે નીચે પડી ગયો. પણ ધોકો મારવાથી સિંહની ખોપરી તૂટી ગઈ હતી, તેથી સિંહ ત્યાંજ મરણ પામ્યો, વિક્રમસી પણ સિંહના ઘાથી ગવાયો હતો. વિક્રમસી વિચારે છે કે ઘંટ કેમ કરી વગાડવો, તાકાત છે નહિ ? પણ ઘા ઉપર ગમે તેમ કરી પાટો બાંધ્યો અને બધું પોતાનું બળ અજમાવીને ધીમે ધીમે ઉઠયો અને જોરથી ઘંટ વગાડયો. વિક્રમસી મરી ગયો.

વિક્રમસીના ઉપર આવવાથી લોકો પણ ઉપર આવ્યા હતા, પણ ઘણા જ દુર રહ્યા હતા. આથી ઘંટનો અવાજ સાંભળતાં બધા આવ્યા ત્યારે, એક બાજુ સિંહ મરેલો પડયો હતો, ને બીજી બાજુ વિક્રમસી મરેલો પડયો હતો.

વિક્રમસીએ પોતાના પ્રાણના ભોગે યાત્રા ખુલ્લી કરી. તેની યાદમાં લીંબડાના ઝાડ નીચે તેનો પાળીઓ આજે પણ વિદ્યામાન છે.

હાથીપોળ

પહેલાં હાથી પોળના દરવાજાની બે બાજુએ વિશાળકાય મનોહર હાથીઓ ચિતરેલા હતા. દરવાજાની બે બાજુમાં એક બાજુએ ૐ કાર અને બીજી બાજુએ હ્રીંકાર, આરસમાં કોરીને એકની ઉપર પાંચ અને બીજા ઉપર ચોવીસ રંગીન પ્રતિમાઓ કોરેલી હતી. ડાબી બાજુએ વિ.સં', ૧૮૬૭નો શિલાલેખ આરસમાં ટેકારેલ ચોઢેલો હતો. તેનો અર્થ એ હતો કે અત્યારે ફૂલવાળાના ચોક તરીકે જે કહેવાય છે કે જે હાથીપોળ અને રતનપોળનો વચલો ભાગ છે તે. તેમાં દહેરાસર વગેરે કરીને પ્રતિમા બેસાડવાનો નિષેધ કરેલો હતો. નહિ કે રતનપોળમાં બેસાડવાનો નિષેધ કરેલો હતો. રતનપોળમાં તો, હું જોઈ શકૂયો છું ત્યાંસુધી અઢારમી સદીના પાછલા ભાગથી માંડીને આજ સુધીમાં કોઈ વિશિષ્ટ દહેરુ ઊભું થયું નથી. જોકે ગોખલા વગેરેમાં પ્રતિમાજી પધરાવ્યા ખરા.

હાથીપોળથી જમણીબાજુએ એટલે કુમારપાળ મહારાજાના દહેરાસરની પડખે થઈને પાછળ જવાય છે. ત્યાં જતાં બારીમાંથી બહાર નીકળ્યા પછી **સૂર્ય**કુંડ અને **ભીમ**કુંડ આવેછે. તે પછી **બ્રહ્મ**કુંડ યાને ઈશ્વરકુંડ આવે છે. **સૂર્ય**કુંડની ઉપર કૂકડો—**ચંદ્ર**રાજા થયાનો કોરણી કોરેલો ગોખલો છે. (**ચંદ્ર**રાજાનું દૃષ્ટાંત આ પુસ્તકમાં પૂર્વે આપેલું છે.) આગળ મનોહર, છત્રીવાળો વિસામો છે. અને સં'. ૧૯૪૫માં પ્રતિષ્ઠિત કરેલ **શ્રીઆદીશ્વર** ભગવાનના પગલાંની એક દેરી છે. અહીંયાં શિવલિંગની પણ એક દેરી છે. (આ પૂજારીઓની સગવડ માટે થયેલી લાગે છે.) સૂર્યકુંડનો મહિમા આ પુસ્તકમાં વર્ણવ્યો છે.

વર્તમાનમાં **હાથી**પોળનો નવો દરવાજો **મનોહર** બનાવ્યો છે, અને બન્ને બાજુએ પાષાણના સુંદર **હાથી** બનાવ્યા છે.

હાથીપોળમાં અંદર પેસીએ એટલે ઓટલા ઉપર ફૂલ વેચવા માળીઓ બેસે છે. એની પાછલી બાજુએ જૂનું ન્હાવાનું ધાબુ હતું. આ નવાના ધાબાના તળીયા બરોબર રતનપોળમાં **શ્રીઆદીશ્વર** ભગવાનના દેરાસરનું બહારનું તળિયું હતું. વર્તમાન કાળમાં તો ત્યાં બધો ફેરફાર થયેલો છે. અત્યારે ન્હાવાનું ધાબુ જમણી બાજુથી ડાબી બાજુમાં નવી પદ્ધતિથી, નવેસર બનાવેલું છે. યાત્રાળુઓ અહીં નાહીને પૂજાનાં કપડાં પહેરે છે.

પછી રતનપોળનો દરવાજો આવે છે. વર્તમાનમાં આ ચોકમાં આ દરવાજો પાષાણનો નવો સુંદર બનાવેલો છે.

તબક્કો ત્રીજો

રતનપોળ યાને દાદાની ટૂંક

રતનપોળના દરવાજામાં થઈ ને એટલે પુંડરીકસ્વામીની નીચે થઇને પગથિયાં ચઢીને આગળ જવાય છે. આગળ ચાલતાં સ્નાત્ર મંડપ આવે છે. આ દાદાના મંદિરની આગળના ચોકમાં છે. આ ચોકમાં તળિયાનું આરસપાનનું કામ ધુલીઆ નિવાસી સખારામ દુર્લભદાસે કરાવેલું છે. અને તે ચોકમાં ચાંદીનું સોનાથી રસેલું સિંહાસન શેઠ દેવકરણ મુળજીએ મૂકેલું છે. તેમાં પ્રભુજીને પધરાવીને સ્નાત્ર ભણાવાય છે. પૂજા પણ ભણાવાય છે. મંડપમાં છાંયો કરવાને માટે લોખંડના પાઈપો વગેરે નાખીને ઢાંકણ, ખંભાતવાળા શેઠ પોપટલાલ અમરચંદે કરાવ્યું છે.

ત્યાંથી શ્રીઆદીશ્વર દાદાના મંદિરમાં જવાય છે. ભરત મહારાજાથી માંડીને કરમાશા સુધી સોળ ઉદ્ધાર થયા છે. આ મંદિર (વર્તમાનકાલમાં છે તે) વિ.સં. ૧૨૧૩માં બાહડમંત્રીએ કરેલા ઉદ્ધારનું છે. પંદરમા અને સોળમા ઉદ્ધારમાં તેનું સમારકામ થયું છે, પણ મંદિર નવું બંધાયું નથી. પંદરમા સોળમા ઉદ્ધારમાં મૂળનાયક શ્રીઆદીશ્વર ભગવાનની મૂર્તિ નવી ભરાવીને પ્રતિષ્ઠા કરી છે. વર્તમાનમાં પણ કરમાશાના ઉદ્ધારનો વિ.સં. ૧૫૮૭નો શિલાલેખ પ્રતિમા ઉપર વિદ્યમાન છે. દાદાનું પરિકર ત્યારે ન હતું. અત્યારે જે પરિકર છે તે અમદાવાદના શા. શાંતિદાસ વગેરેએ ભરાવેલું છે. તેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૬૭૦માં શ્રીવિજયદેવસૂરિ મહારાજે કરી છે.

દાદાનું મંદિર ભોંયતળિએથી બાવન હાથ ઊંચું છે. શિખરમાં ૧૨૪૫ કુંભો છે. એકવીસ સિંહોના વિજય ચિહ્ન શોભી રહ્યાં છે. ચાર દિશામાં ચાર યોગીનીઓ છે. દશદિગ્પાલોનાં પ્રતિકો એના રક્ષકપણાનો ખ્યાલ આપી રહ્યાં છે. મંદિરની વિશાળતાનો ખ્યાલ આપતી ગભરાની આસપાસ મંડપમાં બહોતેર દેવકુલિકાઓની રચના છે. (જો કે રતનપોળના કોટને લાગીને તો અનેક દેરીઓછે.) ચાર ગવાક્ષો એની ભવ્યતામાં વધારો કરે છે. બત્રીસ પૂતલીઓ અને બત્રીસ તોરણો આ મંદિરને કળામય બનાવે છે. મંદિરને ટેકવી રાખતા કુલ્લે બહોતેર આધાર સ્થંભો એની કળામય રચનાનું ભાન કરાવી રહ્યા છે. એવી સર્વાંગ સુંદર રચના પાછળ પોતાની અનર્ગળ સંપત્તિ લગાડનાર કરમાશા પછી તેજપાળ સોની છે. સોળમા ઉદ્ધારના કરતા કરમાશા ઉદ્ધારવાળા અને બાહડમંત્રીના બનાવેલા આ મૂળમંદિરને 'નંદીવર્ધન' એવું નામ સં. ૧૬૫૦માં અપાયું એવું દેખાય છે.

ત્રણ શિલાલેખો

વર્તમાનમાં દાદાના મંદિરમાં પ્રવેશ કરવાના સન્મુખના ચોકીયાળામાં અત્યારે ત્રણ શિલાલેખ છે. તે આ પ્રમાણે ૧–કરમાશાના ઉદ્ધારનો મોટો શિલાલેખ પેસતાં ડાબે હાથે

૨–તેના સામે જમણા હાથે મોટો શિલાલેખ છે તે તેજપાલ સોનીના કરાવેલા સુધારાનો છે ને બાજુમાં ૩–તે અકબરશાહે શત્રુંજયનો કર માફ કર્યો ને સાધુઓએ જાત્રા કરી તે જણાવનારો છે. એમ અત્યારે ત્યાં ત્રણ શિલાલેખ વિદ્યમાન છે.

દાદાના દર્શન

ગામમાંથી ચાલતાં જયતલાટીએ ગિરિરાજની સ્પર્શના કરી ચૈત્યવંદન કર્યું. ગિરિરાજ ચઢવા માંડ્યા. ક્રમે રામપોળે આવ્યા. ત્યાંથી વાઘણપોળે આવ્યા. વિમલવસહીમાં શાંતિનાથ ભગવાનનું ચૈત્યવંદન કર્યું. હાથીપોળે આવ્યા. રતનપોળમાં પ્રવેશ કર્યો અને હવે જણાવી ગયા તેમ દાદાના દરબારે આવ્યા.

ચમત્કારી દાદાના દર્શન કરતાં હૈયું નાચી ઊઠે છે. સંતાપ ભૂલી જવાય છે અને ભાવના બળવાન બને છે, એટલું જ નહિ પણ દિલડું એવું તો ચોંટે કે ત્યાંથી ખસવાનું મન પણ ન થાય. દાદાના દર્શને સ્તુતિ કરે અને ચૈત્યવંદન કરે, નવ લોગસ્સનો કાઉગ્ગ કરે, નવ ખમાસમણ દે. તે આ પ્રમાણે:—

ચૈત્યવંદન

શ્રીઆદિજિનેશ્વરનું ચૈત્યવંદન,

આદિદેવ અલવેસરૂ, વિનિતાનો રાય;
નાભિરાય કુલમંડણો, મરૂદેવા માય ॥ ૧

ધનુષ્ય પાંચશે દેહડી. પ્રભુજી પરમ દયાલ;
ચોરાશી લાખ પૂર્વનું, જસ આયુ વિશાલ ॥ ૨

વૃષ લંછન જિન વૃષધરૂએ, ઉત્તમ ગુણ મણિ ખાણ;
તસ પદ પદ્મ સેવનથકી, લહીએ અવિચલ ઠાણ ॥ ૩

સ્તવન

માતા મરૂદેવીના નંદ, દેખી તારી મૂરતિ મારૂં મન લોભાણું જી,
મારૂં દીલ લોભાણું જી, દેખી. ॥૧॥

કરુણાનાગર કરૂણાસાગર, કાયા કંચનવાન;
ધોરી લંછન પાઉલે કાંઇ, ધનુષ્ય પાંચસે માન. માતા. ॥૨॥

ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર,
જોજનગામમિની વાણી મીઠી, વરસંતી જલધાર. માતા. ॥૩॥

ઉરવશી રૂડી અપચ્છરાને, રામ છે મન રંગ;
પાયે નેપૂર રણુઝણે કાંઈ, કરતી નાટારંભ. માતા. ॥૪॥
તુંહી બ્રહ્મા તુંહી વિધાતા. તુંહી જગતારણહાર;
તુજ સરીખો નહિ દેવ જગતમાં અરવડીઆ આધાર. માતા. ॥૫॥
તુંહી ભ્રાતા તુંહી ત્રાતા. તુંહી જગતનો દેવ;
સુરનર કિન્નર વાસુદેવા, કરતા તુજ પદ સેવ. માતા. ॥૬॥
શ્રીસિદ્ધાચલ તીરથ કેરો, રાજા ઋષભ જિણુંદ.
કીર્તિ કરે માણેકમુનિ તાહરી, ટાળો ભવ ભય ફૂંદ. માતા. ॥૭॥

થોય

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા,
મરૂદેવી માયા, ધોરી લંછન પાયા;
જગત સ્થિતિ નીપાયા. શુદ્ધ ચારિત્ર પાયા,
કેવલસિરિ રાયા, મેક્ષ નગરે સિધાયા. ૧

નવ ખમાસમણ

અકેકું ડગલું ભરે, શત્રુંજય સામો જેહ;
ઋષભ કહે ભવ કોડના, કર્મ ખપાવે તેહ ॥ ખમા૦ ૧
શત્રુંજય સમો તીરથ નહિ. ઋષભ સમો નહિ દેવ;
ગૌતમ સરખા ગુરુ નહિ, વળી વળી વંદુ તેહ ॥ ખમા૦ ૨
સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર; ખમા૦ ૩
સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર;
શેત્રુંજી નદી નાહ્યો નહિ, એનો એળે ગયો અવતાર; ખમા૦ ૪
શેત્રુંજી નદી નાહીને, મુખ બાંધી મુખકોશ;
દેવ યુગાદિ પૂજીએ, આણી મન સંતોષ; ખમા૦ ૫
જગમાં તીરથ દો'વળાં, શત્રુંજય ગિરનાર;
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમ કુમાર; ખમા૦ ૬

સિદ્ધાચલ સિદ્ધિ વર્યા, ગ્રહી મુનિલિંગ અનંત;
આગે અનંતા સિદ્ધશે, પૂજે ભવી ભગવંત; ખમા૦ ૭
શત્રુંજય ગિરિ મંડણો, ઋષભદેવાનો નંદ;
યુગલાધર્મ નિવારણો, નમો યુગાદિ જિણંદ; ખમા૦ ૮
તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિ સુખ ભોગ;
વળી વળી એ ગિરિ વંદતા, શિવરમણી સંયોગ; ખમા૦ ૯

દાદાના ગભારામાં રહેલાં અન્ય પ્રતિમાજીનાં તેમજ મંડપમાં રહેલા મહાવીર ભગવાન વગેરે બધીએ પ્રતિમાજીનાં દર્શન કરીને આપણા ડાબા હાથ તરફના દરવાજેથી બહાર નીકળીએ છીએ.

૦—૦—૦

દાદાની યાત્રા કરનાર ત્રણ પ્રદક્ષિણા દે છે. તે આ પ્રમાણે —

પહેલી પ્રદક્ષિણા

અહીંથી પહેલી પ્રદક્ષિણા શરૂ થાય છે. બહાર નીકળતાં સામે સહસ્ત્રકુટ આવે છે.

સહસ્ત્રકુટની રચના

આમાં ૧૦૨૪ શ્રીજિનેશ્વર ભગવાનની પ્રતિમાઓ છે, તે આ પ્રમાણે —

૨૪૦ પાંચ ભરતક્ષેત્રો અને પાંચ ઐરવતક્ષેત્રો એટલે દશ ક્ષેત્રો, તેની વર્તમાનકાળની ચોવીસીઓ એટલે ૨૪૦.
૨૪૦ તેવી જ રીતે તે દશ ક્ષેત્રોના ભૂતકાળની ચોવીસીઓ એટલે ૨૪૦.
૨૪૦ તેવી જ રીતે તે દશ ક્ષેત્રોની ભાવી કાળની ચોવીસીઓ એટલે ૨૪૦.
૧૨૦ ચોવીસે તીર્થંકર ભગવંતના પાંચ પાંચ કલ્યાણુકો એટલે ૧૨૦.
૧૬૦ પાંચ મહાવિદેહ ક્ષેત્રના ઉત્કૃષ્ટ કાળના તીર્થંકરો ૩૨×૫=૧૬૦.
૨૦ પાંચ મહાવિદેહ ક્ષેત્રના જઘન્ય કાલે વિદ્યમાન ૪×૫=૨૦.
૪ શાશ્વતાજિન એમ. ૧૦૨૪ કુલ્લે પ્રતિમાજી મહારાજ થાય.

આથી આ રચનામાં ચારે દિશામાં તે રીતે ગોઠવણી કરીને ૧૦૨૪ પ્રતિમાજી મહારાજ ગોઠવેલાં છે.

સં. ૧૭૧૮ માં ઉગ્રસેનપુરના રહેવાસી વર્ધમાન શાહે આ સહસ્ત્રકુટ મંદિર બનાવ્યું છે. તેનો શિલાલેખ સહસ્ત્રકુટના આગળના બે સ્થંભ પર કંડારેલ છે.

પહેલી પ્રદક્ષિણામાં સહસ્ત્રકુટથી આગળ ચાલતાં દાદાના દહેરાસરને ફરતી પ્રદક્ષિણા દેવાની હોય છે. (દાદાના દહેરાસરને ફરતાં ત્રણ બાજુએ જુદી જુદી દેરીઓ હતી. જેમાં વિ. સં. ૧૬૨૦ના શિલાલેખો હતા. વળી તે પૂર્વેના બીજા લેખો હતા. સં. ૨૦૨૦ પછીથી તે દેરીઓ વગેરે કાઢી નાખેલ છે. તે વખતે રતનપોળમાંથી જુદી જુદી જગ્યા ઉપરથી લગભગ ૫૦૦ પ્રતિમાજીઓ ઉત્થાપન કર્યાં છે. તેમ તે સ્થાનો પણ કાઢી નાખ્યાં છે. આ બધું કાઢી નાખી તે શિખરનાં અંગો વગેરે ખુલ્લાં કર્યાં છે.)

પ્રદક્ષિણામાં આગળ ચાલતાં રાયણ પગલાંની દેરીની નજીકમાં બીજાં પગલાંઓ વગેરેનાં પણ દર્શન થાય છે. આજે પગલાંઓ છે તેના ચોતરાની દીવાલમાં સર્પનો અને મોરનો એમ બે ગોખલા રાયણપગલાં નજીક છે. તેનાં દૃષ્ટાન્તો આ ગ્રન્થમાં પૂર્વે આપેલ છે.

રાયણપગલાંની દેરીમાં શ્રીઆદીશ્વર ભગવાનનાં પગલાં છે. આ પગલાંની પ્રતિષ્ઠા સં. ૧૫૮૭માં કરમાશાના ઉદ્ધારમાં થઈ છે. આ દેરી આરસપહાણની છે. દેરીની અંદર દીવાલે અમદાવાદના શેઠ દલપતભાઇ ભગુભાઇએ કરાવેલ શ્રીસમ્મેતશિખરજીનો સુશોભિત પટ છે. ત્યાં દર્શન કરી આગળ ચાલતાં ૧૪૫૨ ગણધર પગલાંનું દેરાસર આવેછે

ગણધરનાં પગલાં

તીર્થંકરો અને ગણધરો

૧	ઋષભદેવ.	૮૪ ગ.	૧૩	વિમલનાથ	૫૭ ગ.
૨	અજિતનાથ.	૯૫ ગ.	૧૪	અનંતનાથ	૫૦ ગ.
૩	સંભવનાથ.	૧૦૨ ગ.	૧૫	ધર્મનાથ	૪૩ ગ.
૪	અભિનંદનસ્વામી	૧૧૬ ગ.	૧૬	શાંતિનાથ	૩૬ ગ.
૫	સુમતિનાથ.	૧૦૦ ગ.	૧૭	કુંથુનાથ	૩૫ ગ.
૬	પદ્મપ્રભુ	૧૦૭ ગ.	૧૮	અરનાથ	૩૩ ગ.
૭	સુપાર્શ્વનાથ	૯૫ ગ.	૧૯	મલ્લીનાથ	૨૮ ગ.
૮	ચંદ્રપ્રભુ	૯૩ ગ.	૨૦	મુનિસુવ્રત સ્વામી	૧૮ ગ.
૯	સુવિધિનાથ	૮૮ ગ.	૨૧	નમિનાથ.	૧૧ ગ.
૧૦	શીતલનાથ	૮૧ ગ.	૨૧	નેમિનાથ.	૧૭ ગ.
૧૧	શ્રેયાંસનાથ	૭૬ ગ.	૨૩	પાર્શ્વનાથ	૧૦ ગ.
૧૨	વાસુપૂજ્યસ્વામી	૬૬ ગ.	૨૪	મહાવીરસ્વામી	૧૧ ગ.
		———			
		૧૪૫૨			

ત્યાં દર્શન કરીને કહેવાતા શ્રીસિમંધરસ્વામીના દેરાસરે જવાય છે. (ખરેખર આ દહેરાસરના મૂળનાયક ભગવાન ઉપર શ્રીઆદીશ્વર ભગવાનનું નામ અંકિત છે. તે સં. ૧૬૭૭માં ભરાવેલા છે) તે ગભરામાં અને બહાર મંડપમાં બીજી પ્રતિમાઓ છે. તેની ઉપર જુદા જુદા લેખો પણ છે. શ્રાવક શ્રાવિકાની મૂર્તિ પણ મંડપમાં છે.

રંગમંડપમાં દેવીની પણ મૂર્તિ છે. તેને અમકા (અંબિકા) દેવી કહે છે. તેને અધિકાર આ રીતે છે.

અમકા દેવી

અમકાના સાસરાનું ઘર મિથ્યાત્વી હતું, પણ પોતે જૈનધર્મ પાળતી હતી. એક દિવસ શ્રાદ્ધનો આવ્યો. શ્રાદ્ધમાં ખીર કરી હતી. તે વખતે માસખમણના તપસ્વી મુનિરાજ વહોરવા આવ્યા. તેથી તેને ખીર વહોરાવી. સાસુ પાણી ભરવાં ગયાં હતાં. તે આવ્યાં ત્યારે પાડોસણે ચાડી ખાધી. આથી વહુને ધમકાવી. વહુ અને તેનાં બે છોકરાંને પકડીને બહાર કાઢ્યાં. જ્યારે તેનો પતિ આવ્યો ત્યારે કહ્યું કે આને મુડકાને શ્રાદ્ધ કરતાં પહેલાં ખાવાનું આપ્યું. તેને ગુસ્સો ઘણો આવ્યો અને ઊંધાં પડેલાં વાસણો બોલ્યાં. તેમાં જાત જાતનાં પકવાન ભરેલાં હતાં. આથી કાઢી મૂકેલી તે પત્નીને બોલાવવા કુહાડો બગે મૂકીને દોડ્યો. દૂરથી તેને આવતો જોતાં આ મને મારવા આવે છે, તેથી બન્ને છોકરાને લઈને તે કૂવામાં પડી. તેની પાછળ તેનો ધણી પણ કૂવામાં પડ્યો. તેનો ધણી મરીને ભેંસલો થયો અને અમકા મરીને અંબિકા થઈ. તેનો ભેંસલો તેનો વાહણ થયો. આ શિલ્પ કહેવાતા સિમંધર સ્વામીના રંગમંડપમાં આરસમાં કોરેલ ગોખલામાં છે.

અહિંયાં પહેલી પ્રદક્ષિણા પૂર્ણ થાય છે.

બીજી પ્રદક્ષિણા

નવા શ્રીઆદીશ્વરનું મંદિર

અહિંથી બીજી પ્રદક્ષિણા શરૂ થાય છે. આ મંદિર વસ્તુપાળ તેજપાળનું બંધાવેલું છે એવું અનુમાન કરે છે.

નવા શ્રીઆદીશ્વરનો ઇતિહાસ

દુનિયામાં વાત એવી વહેતી મૂકાઇ છે કે શ્રીઆદીશ્વર ભગવાનની નાસિકા પર વીજળી પડી, એટલે નાસિકા ખંડિત થઈ. ખરેખર જોતાં વીજળીથી નાસિકા ખંડિત થઈ એ વાત પૂજારીની વહેતી મૂકેલી છે. એટલે વાત ખોટી જ માનવી પડે. ખોટી માનવાનાં કારણો

છે–તે વિચારીએ. વીજળી જો ગભારામાં આવી હોય અને નાસિકા ખંડિત થઈ હોય એવો સંભવ જ નથી. કારણ કે વીજળીનો સ્વભાવ પેઠા પછી જો ઉપરથી આવી હોય તો નીચે જાય, અને જો તીરછી આવી હોય તો તીરછી નીકળી જાય. આથી જો ઉપરથી આવી હોય તો મંદિરમાં ફાટ પડે. તીરછી આવી હોય તો તીરછી ફાટ પડે. પરંતુ ગભારામાં કોઇપણ જગાએ ફાટ પડેલી નથી. આથી નક્કી માનવું જ પડે કે વિજળી ગભારામાં આવી નથી અને વીજળીથી નાસિકા ખંડિત થઈ નથી. પરંતુ પૂજારી વગેરેના હાથમાંથી કળશ વગેરે ત્યાં અફળાવા વગેરેથી નાસિકા ખંડિત થઇ. આથી પૂજારી વગેરેએ પોતાનો બચાવ કરવા માટે, વીજળીના નામે વાત વહેતી મૂકેલી દેખાય છે.

ઉપર જણાવી ગયા તેમ દાદા **શ્રીઆ**દીશ્વર ભગવાનની નાસિકા ખંડિત થઈ માટે નવા ભગવાન બેસાડવા માટે **સુ**રતના શેઠ **તા**રાચંદ સંઘવી ગિરિરાજનો સંઘ લઈને આવ્યા. તે સંઘમાં સાથે **શ્રીઆ**દીશ્વર ભગવાન, બે કાઉસગ્ગીયા અને ભગવાનની પાદુકા સાથે લાવ્યા. ગિરિરાજ પર દાદાના સ્થાને બિરાજમાન કરશું અને અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ કરશું, પણ જ્યારે ગિરિરાજ પધાર્યા અને નવા આદીશ્વર બિરાજમાન કરવાનો ઉદ્યમ કર્યો, ત્યારે અધિષ્ઠાયકે નિષેધ કર્યો, એટલે કુરમાશાના બિરાજમાન કરેલા દાદા કાયમ જ રહ્યા. હવે પ્રશ્ન ઉપસ્થિત થયો કે આ લાવેલા ભગવાન કયાં બિરાજમાન કરવા? આથી આ મંદિરના પ્રતિમાજી મહારાજો ઉત્થાપન કરીને અન્ય સ્થળે સ્થાપિત થયા અને નવા **આ**દીશ્વર, કાઉસગ્ગીયા અને પગલાં આ મંદિરમાં સ્થિર કરાયાં. આથી આ નવા **શ્રીઆ**દીશ્વરનું દેરાસર કહેવાય છે. આ **શ્રી**નવા**આ**દીશ્વર ભગવાન આદિ ઉપર કોઇપણ જાતનો શિલાલેખ નથી. દર્શન કરનાર પણ સમજી શકે છે કે આવડા ગભારામાં આવડા મોટા બિંબ ન જ હોય, તેથી પુરાણા મંદિરમાં નવા ભગવાન બેસાડયા છે એમ માનવું જ પડે. આ મંદિરમાં તે સિવાયની પણ બીજી વસ્તુઓ છે. અહિંથી દર્શન કરીને નીકળીએ એટલે બહાર ચોકીયાળાની બાજુમાં પગલાઓની દેરીઓ છે, તેની બાજુમાંથી નાના બાંચામાં થઇને પાછળ જવાય છે. ત્યાં **મે**રુ આવે છે.

મેરૂ

પહેલાં આ **મે**રૂ જૂનો હતો, પણ **અ**મદાવાદના શેઠ **મા**ણેકલાલ **મ**નસુખભાઇ **શ્રીગિરિનાર** અને **શ્રીશત્રુંજય** ગિરિરાજનો સં. ૧૯૯૧માં છરી પાળતો સંઘ લઈને આવ્યા હતા. તેની યાદગિરિમાં આ **મે**રૂ ત્રણ ગઢનો સફેદ આરસનો સુશોભિત નવેસરથી બનાવરાવ્યો છે. તેમાં ચૂલિકા પણ છે અને ચતુર્મુખ ભગવાન પણ છે.

તેના દર્શન કરીને ભમતિમાં આગળ આગળ દર્શન કરતાં કરતાં આગળ વધે છે. પછી રથ વગેરે મુકવાના સ્થાન આગળથી નીચે ઉતરે છે. પછી **સ**મવસરણના દેરાસરે દર્શન કરે

છે. આ મંદિર સંઘવી **મોતીચંદ પાટણવાળાએ** સં. ૧૩૭૫ માં બંધાવ્યું છે. તેની જોડે **સમ્મેતશિખરનું** દેરાસર છે. તેમાં આઠ દિશામાં થઈને ૨૦ પ્રતિમાજીઓ છે. અને નીચે પગલાં છે. એટલે તે **સમ્મેતશિખરનું** દહેરાસર કહેવાય છે. આ દહેરાસર સં. ૧૭૭૪ માં બંધાવ્યું છે આ બન્ને દહેરાસર સંલગ્ન છે.

તેની બાજુમાં પખાલને માટે ટાંકું આવેલું છે. ત્યાંથી આગળ ચાલતાં પગલાંનાં દર્શન કરતાં **રાયણવૃક્ષ** આવે છે. (રાયણવૃક્ષનો મહિમા આ પુસ્તકમાં પૂર્વે વર્ણવ્યો છે. રૂઢિ પ્રમાણે રાયણ વૃક્ષને પ્રદક્ષિણા દેનારો રાયણાં ખાતો નથી.) ત્યાંથી બહાર આવી **શ્રીઆદીશ્વર** દાદાના પગલાંનાં દર્શન કરી આગળ વધે છે, અને ગણધર પગલાંની બાજુમાં થઈને દર્શન કરતા આગળ વધે છે.

કહેવાતા **શ્રીસિમંધર** સ્વામીના દેરાસરની બાજુમાંથી વર્તમાનમાં જે નવી સીડી કરી છે, તેની ઉપર થઈને દાદાના દહેરાસર વગેરે ઉપર બિરાજમાન પ્રતિમાજીના દર્શન કરે છે. પાછા વળતાં **શ્રીસિમંધર** સ્વામીના શિખરમાં ચૌમુખજી મહારાજનાં દર્શન કરે છે. આ ચૌમુખજી મહારાજ સં. ૧૩૩૭ કે ૧૩૬૧ના અંજનશલાકા થયેલા છે. પછી નીચે ઉતરી જમણા હાથ તરફ જતાં સહસ્રફણા **શ્રીપાર્શ્વનાથજી**ના દર્શન કરે છે. અને **ગંધારીયાના** દેરાસરની બાજુમાંથી આગળ જાય છે. અહીંથી ત્રીજી પ્રદક્ષિણા શરુ થાય છે.

ત્રીજી પ્રદક્ષિણા

સામે પાંચ ભાઇઓના દેરાસરથી ત્રીજી પ્રદક્ષિણા શરૂ થાય છે. પાંચ ભાઇઓએ આ મંદિર બંધાવેલું હોવાથી પાંચભાઈનું મંદિર કહેવાય છે. તેમાં પાંચ પ્રતિમાજી છે. તેની પ્રતિષ્ઠા સં. ૧૬૬૭ માં થઈ છે. વળી સં. ૧૮૬૮ નો એક શિલાલેખ પણ ત્યાં છે. તે લેખ બહારના ગોખલાનો લાગે છે.

ત્યાંથી આગળ **શ્રીપુંડરીક** સ્વામીના દેરાસરની પૂંઠે લાગીને દેરાસર છે, ત્યાં દર્શન કરે. બાજુમાં **બાજરીયાનું** દેરાસર છે. આ દેરાસર પર સં. ૧૬૫૧ નો શિલાલેખ છે. ત્યાંથી આગળ ચાલતાં દાગીના મૂકવાની સુરક્ષિત તિજોરીની રૂમ આવે છે. પછી **શ્રીનેમનાથ** ભગવાનના દર્શન કરી આગળ વધાય છે, આગળ ચાલતા રથ મૂકવાના ઓરડાની બાજુમાં દેરાસરમાં દર્શન કરી **વીસવિહરમાનના** દેરાસરમાં જવાય છે. આ મંદિરના ગભારામાં વીસવિહરમાન છે. અને રંગમંડપમાં ૨૪ ભગવાન છે. ત્યાં દર્શન કરી દેરીઓમાં દર્શન કરતાં આગળ વધે છે. આગળ વધતાં એક ઓરડામાં પ્રતિમાજી છે. અને બીજી દેરીઓ પણ છે. ત્યાં દર્શન થાય. પછી **અષ્ટાપદજી**ના દેરાસરમાં આવે છે. ત્યાં અષ્ટાપદની રચના કરીને ચોવીસ તીર્થંકરો બિરાજમાન

કરેલા છે. (પરંતુ પ્રતિમાજી મહારાજના ક્રમનો નિયમ નથી. એમ મનાય કે તે વખતે જે પ્રતિમાજી મળ્યા ને માપમાં આવ્યા તે ચોવીસ બિરાજમાન કર્યા.) અહીંયા રાવણ અને મંદોદરી નાચ કરતાં દેખાડયાં છે. તેમજ ગૌતમસ્વામી મહારાજ ઉપર ચઢતા બતાવ્યા છે. આ મંદિરમાં ગોખલામાં બીજી બીજી પ્રતિમા બિરાજમાન છે. એક અંદર ને એક બહાર એમ આચાર્યની મૂર્તિ પણ છે. તેની ઉપર લેખ પણ છે.

ત્યાંથી આગળ ચાલતાં દર્શન કરતાં રાયણ વૃક્ષ આવે છે. ત્યાંથી બહાર નિકળીએ એટલે રાયણ પગલાંની દેરી આવે. અહીં શ્રીઆદીશ્વર ભગવાનનાં પગલાં છે. (આ વાત આગળ લખી છે.) અહીં રાયણ પગલાંનું ચૈત્યવંદન કરે છે. પૂર્વ નવાણું વાર શ્રી આદીશ્વર ભગવાન રાયણવૃક્ષ નીચે સમવસરેલા તેની યાદગિરિમાં પગલાં સ્થાપન થતાં. આથી ૧૬મા ઉદ્ધારના કરતા કરમાશાએ સં. ૧૫૮૭માં આ દેરીમાં દાદાના પગલાં સ્થાપન કર્યાં છે. પગલાં જે છે તે ભવ્ય છે અને તેની મનોહર ચાંદીની આંગી છે. (આ દેરીનું વર્ણન પૂર્વે કરી ગયા છીએ)

રાયણ પગલાંનું ચૈત્યવંદન

શ્રીશત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે ।
ભાવ ધરીને જે ચઢે, તેને ભવ પાર ઉતારે ॥ ૧ ॥
અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીર્થનો રાય ।
પૂર્વ નવાંણું ઋષભદેવ, જ્યાં ઠવીયા પ્રભુ પાય ॥ ૨ ॥
સૂરજકુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ ।
નાભિરાયા કુળમંડણો, જિનવર કરું પ્રણામ ॥ ૩ ॥

સ્તવન

નીલુડી રાયણ તરૂ તળે, સુણ સુંદરી; પીલુડા પ્રભુના પાય રે, ગુણમંજરી ।
ઉજવલ ધ્યાને ધ્યાઇએ, સુણ૦; એહીજ મુક્તિ ઉપાય રે, ગુણ૦ ॥૧॥
શીતલ છાએ બેસીએ, સુણ૦; રાતડો કરી મન રંગ રે, ગુણ૦ ।
પૂજીએ સોવન ફૂલડે, સુણ૦; જેમ હોય પાવન અંગ રે, ગુણ૦ ॥૨॥
ખીર ઝરે જેહ ઉપરે, સુણ૦; નેહ ધરીને એહ રે, ગુણ૦ ।
ત્રીજે ભવે તે શિવ લહે, સુણ૦; થાયે નિરમલ દેહ રે, ગુણ૦ ॥૩॥
પ્રીત ધરી પ્રદક્ષિણા, સુણ૦; દીએ એહને જે સાથ રે, ગુણ૦ ।
અભંગ પ્રીતિ હોય તેહને, સુણ૦; ભવ ભવ તુમ આધાર રે, ગુણ૦ ॥૪॥

કુસુમ પત્ર ફળ મંજરે, સુણ૦; શાખા થડને મૂળ રે, ગુણ૦ ।
દેવતણા વાસાય છે, સુણ૦; તીરથને અનુકૂલ રે, ગુણ૦ ॥૫॥
તીરથ ધ્યાન ધરો મુદા, સુણ૦; સેવો એહની છાંય રે, ગુણ૦ ।
જ્ઞાનવિમલ ગુણ ભાખીએ, સુણ૦; **શત્રુંજય** માહાત્મ્ય માંહ્ય રે, ગુણ૦ ॥૬॥

થાય

ત્રેવીસ તીર્થંકર ચઢીયા ઇણ ગિરિરાય,
એ તીરથના ગુણ અસુર સુરાદિક ગાયક ।
એ પાવન તીરથ ત્રિભુવન નહિ તસ તોલે,
એ તીરથના ગુણ સિમંધર મુખ બોલે ॥૧॥

આગળ ચાલતાં બાજુમાં, ખૂણા ઉપર નવણ નાંખવાની એક બારી છે. ત્યાંથી નવણ બહાર પડે છે. તેનાથી આગળ એક ઓરડીમાં **ભ**રત **બા**હુબલી **ન**મિ **વિ**નમિની મૂર્તિઓ છે.

ભરત બાહુબલી

ભરત મહારાજા ૬ ખંડ સાધ્યા પછી, જ્યારે આયુધશાળામાં ચક્ર પ્રવેશતું નથી, તેથી નવાણું ભાઇઓને આજ્ઞા માનવાનું કહેવડાવતાં, ૯૮ ભાઇઓ **ઋ**ષભદેવ ભગવાન પાસે જઇને વાત કહે છે. પછી પ્રભુના ઉપદેશથી દીક્ષા લે છે. જ્યારે **બા**હુબલી સાથે યુદ્ધ થાય છે. તેમાં **ભ**રત મહારાજા હારે છે. આ હારથી **ભ**રત રાજા **બા**હુબલી ઉપર ચક્ર મૂકે છે. આ અન્યાયથી **બા**હુબલી **ભ**રતને મારવા મુઠી ઉપાડે છે. આ તો વડીલબંધુ એમ વિચાર કરીને તે મુઠી પોતાના મસ્તક ઉપર મૂકીને લોચ કરી નાખે છે. સાધુ થાય છે. ભગવાન પાસે નાના ભાઇઓ છે, તેથી કેવી રીતે જાઉં. એ વિકલ્પથી કાઉસગ્ગે રહે છે. જ્યારે બાર મહિનાના છેડે પ્રભુ **બ્રા**હ્મી અને **સુ**ંદરી સાધ્વીઓ (તેમની બ્હેનો)ને મોકલે છે. તેઓ આવીને કહે છે કે, "વીરા મોરા ગજ થકી ઊતરો" એ વાકયનો વિચાર કરતાં, તેઓ ચાલવા માટે પગ ઉપાડે ત્યાંજ કેવળ જ્ઞાન થાય છે. આ વાત જણાવનારું દ્રશ્ય ત્યાં આપેલું છે. અને **ભ**રત મહારાજ પણ ત્યાં સાધુના વેશમાં છે.

નમિ વિનમિ

નમિ **વિ**નમિનો અધિકાર ગિરિરાજ ચઢવાના અધિકારમાં આપ્યો છે તેથી અત્રે નથી આપ્યો. તે અધિકારને બતાવતી આ પ્રતિમાઓ કોરેલી છે.

સમરાશા અને તેમનાં સુપત્ની

આગળ દર્શન કરતાં ચાલતાં એક દેરીના ગોખલામાં શ્રાવક શ્રાવિકાની ઊભી મૂર્તિ છે. આ સમરાશા અને તેમની સુપત્નીનું દ્રશ્ય છે. જેમને ગિરિરાજનો પંદરમો ઉદ્ધાર કર્યો હતો.

દેરીઓમાં પ્રભુજીનાં દર્શન કરતાં આગળ ચાલતાં ૧૪ રતનનું દહેરાસર આવે છે. આ દહેરાસર એવી પદ્ધતિએ બાંધવામાં આવ્યું છે કે ગભારામાં અને રંગમંડપમાં થઈને ૧૪ પ્રતિમાજી છે. આથી આ દહેરાસર ચૌદ રતનનું દહેરાસર કહેવાય છે. ત્યાં દર્શન કરી આગળ જઈએ અને જ્યાં બીજી પ્રદક્ષિણ પૂર્ણ થવા આવે છે ત્યાં એક દેરી ખોલીને રસ્તો બનાવ્યો છે. ત્યાંથી પાછળ અંદર નવી ટુંકમાં જવાય છે.

નવી ટુંક

આ નવી ટુંક જે બાંધી તેમાં રતનપોળમાંથી જુદા જુદા સ્થાનોમાંથી ઉત્થાપન કરેલા જે લગભગ ૫૦૦ પ્રતિમાજી હતાં. તેમાંનાં પ્રતિમાજી મહારાજ બિરાજમાન કરવામાં આવ્યાં છે. બાકી રહેલાં થોડા પ્રતિમાજીઓ દાદાના મંદિર ઉપર અને અન્ય સ્થળોએ પ્રતિષ્ઠિત કર્યા છે.

નવી ટુંકની રચના

આ ટુંકમાં મધ્યમાં મુખ્ય મંદિર શિખરબદ્ધ બનાવી પદ્ધતિસરની ટુંક બાંધી છે. આમાં મૂળનાયક **શ્રીઆદીશ્વર** ભગવાન છે, પ્રતિષ્ઠા સંવત ૨૦૩૨ માં થઈ છે. (આ ટુંકની પ્રતિષ્ઠાનો જે શિલાલેખ કોર્યો છે, તે અનેક ક્ષતિઓવાળો છે) આ ટુંકની પ્રતિષ્ઠામાં ભિન્નભિન્ન ગચ્છના પૂ. આચાર્યો મ. વગેરે હતા.

ત્યાં દર્શન કરીને બહાર આવી આગળ ચાલતાં એક ગોખલો એવો આવે છે કે ત્યાં ૨૪ તીર્થંકરોની માતા પુત્રો(તીર્થંકરો)ને ખોળામાં લીધેલી છે. આ પણ આરસની જ કોરણી છે. આગળ ચાલતાં છેલ્લે ગંધારીયાનું દહેરાસર આવે છે.

ગંધારીયા ચૌમુખજી

આ દહેરાસર **રામજી** ગંધારીયાએ સં. ૧૬૨૦ ના કારતક સુદ ૨ના દિવસે બંધાવ્યું છે. તેમાં ચૌમુખજી મહારાજ બિરાજમાન છે. દેરાસરની ચારે બાજુએ ચાર ચોકીયાળાં છે. તે ચારે ચોકીયાળામાં ત્રણ ત્રણ દરવાજા છે. તે આખુયે મંદિર અને ઉપરનો ભાગ મનોહર છે. ચોકીયાળાં વગેરે બધુંએ ઉપર છે. તેમાં પણ પ્રતિમાજીઓ છે, કળાની અપેક્ષાએ શિલ્પીએ એક નમુના જેવું આ દેરાસર બાંધ્યું છે. મૂળ ગભારે ચારે ભગવંતો મનોહર છે. પરંતુ તે

સમયે જે મળ્યા તે લીધા હશે, એટલે બરોબર ફિટ બેસે તેવા નથી. અહીંથી આગળ પુંડરીક સ્વામીના મંદિરમાં જવાય છે.

પુંડરીક સ્વામીનું મંદિર

આ મંદિરના ગાદીપતિ શ્રીપુંડરીક સ્વામી સોળમા ઉદ્ધારના કરતા કુરમાશાના સં. ૧૫૮૭માં ભરાવેલા છે. લેખ પણ તેની ઉપર વિદ્યમાન છે. શ્રીપુંડરીક સ્વામીના ગભારામાં અનેક પ્રતિમાજીઓ બિરાજમાન છે. ગભારાની બે બાજુએ બે ઓરડાઓમાં પણ અનેક પ્રતિમાજીઓ છે. તેના મંડપમાં બે ઓરડાઓમાં પણ અનેક પ્રતિમાઓ છે.

શ્રીપુંડરીકગિરિ

શ્રીઆદીશ્વર ભગવાનના ગણધર શ્રીપુંડરીક સ્વામી આદિ પરિવાર સાથે આ ગિરિરાજ પર પધાર્યા હતા. ત્યારપછી જ્યારે વિહારનો અવસર આવ્યો ત્યારે, પ્રભુજીએ પુંડરીક સ્વામીને જણાવ્યું કે 'તમો અને તમારો પરિવાર અત્રે સ્થિરતા કરો, કારણ કે આ તીર્થના પ્રભાવે તમોને અને તમારા પરિવારને કેવળજ્ઞાન થશે અને તીર્થનો મહિમા વધશે' આવા ભગવાનના વચનથી પુંડરીક સ્વામી સપરિવાર આ ગિરિરાજ ઉપર રોકાઈ ગયા. સ્થિરતા કરી. આરાધના કરતાં કેવળજ્ઞાન પામ્યા, અને પાંચ ક્રોડ મુનિઓ સાથે **ચૈત્રી પૂર્ણિમાએ મોક્ષે પધાર્યા.**

પાંચમું ચૈત્યવંદન

શ્રીપુંડરીક સ્વામીનું ચૈત્યવંદન

આદીશ્વર જિનરાયનો, ગણધર ગુણવંત;
પ્રગટ નામ પુંડરીક જસ, મહિમાંહે મહંત ॥૧॥
પંચ ક્રોડ સાથે મુણીંદ, અણુસણ તિહાં કીધ;
શુકલ ધ્યાન ધ્યાતાં અમૂલ, કેવલ તિહાં લીધ ॥૨॥
ચૈત્રી પુનમને દિને, પામ્યા પદ મહાનંદ;
તે દિનથી પુંડરીકગિરિ, નામ દાન સુખ કંદ ॥૩॥

સ્તવન

એક દિન પુંડરીક ગણધરૂં રે લાલ, પુછે શ્રીઆદિજિણંદ સુખકારી રે;
કહીએ તે ભવજલ ઉતરી રે લાલ, પામીશ પરમાનંદ ભવવારી રે, ॥એક૦૧॥
કહે જિન ઈણ ગિરિ પામશો રે લાલ, જ્ઞાન અને નિરવાણ જયકારી રે;
તીરથ મહીમા વાધશે રે લાલ, અધિક અધિક મંડાણ નિરધારી રે, ॥એક૦૨॥

ઇમની સુણીને તીહાં આવીયા રે લાલ, ઘાતી કરમ કર્યા દૂર તમ વારી રે;
પંચકોડ મુનિ પરિવર્યા રે લાલ, હુઆ સિદ્ધિ હજુર ભવ વારી રે, ॥એક૦૩॥
ચૈત્રી પુનમ દિન કીજીએ રે લાલ, પૂજા વિવિધ પ્રકાર દિલ ધારી રે;
ફળ પ્રદક્ષિણા કાઉસગ્ગા રે લાલ, લોગસ્સ થુઈ નમુક્કાર નરનારી રે, ॥એક૦૪॥
દશ વીસ ત્રીશ ચાલીશ ભલાં રે લાલ, પચાસ પુષ્પની માલ અતિ સારી રે;
નરભવ લાહો લીજીએ રે લાલ, જેમ હોય જ્ઞાન વિશાલ મનોહારી રે. ॥એક૦॥

થોય

પુંડરીક મંડન પાય પ્રણમી જે, આદીશ્વર જિનચંદાજી
નેમ વિના ત્રેવીશ તીર્થંકર ગિરિ ચઢિયા આનંદાજી;
આગમમાંહે પુંડરીક મહીમા, ભાખ્યો જ્ઞાન દિનંદાજી,
ચૈત્રી પુનમદિન દેવી ચક્રેશ્વરી, સૌભાગ્ય દો સુખ કંદાજી ॥૧॥

કેટલાક અણસમજુ માણસો દાદાની ટૂંકને નવમી ટુંકમાં લઈ જાય છે, તે તેમનું અણસમજણપણું છે, બરેબરતો બીજી બધી ટુંકો એ તો દાદાની ટુંકના પરિવારરૂપે છે. આ ગિરિરાજ ઉપર પૂર્વાચાર્યોએ કોઈ તેવા પ્રબલ કારણોના આધારે આ સ્થાનને મૂળ ટુંક તરીકે સ્વીકારી છે. વર્તમાનમાં પણ જો જોઈએ તો સગાળપોળથી માંડીને રતનપોળના છેડા સુધીનો જે વિસ્તાર છે તે એવો સરસ વિસ્તાર છે કે બીજે તેવો વિસ્તાર બની શકે તેવો નથી. આથી પણ માનવું જ પડે કે આવા કોઈ પ્રબલ કારણોના આધારે આજ સ્થાન મુખ્ય બને. આથી આ સ્થાનને મુખ્યતા આપેલી છે.

સગાળપોળ નીનજીકમાં મોતીશાની ટુંક આવે પણ નવટુંકના ક્રમમાં ઋતરવસહી=ચોમુખજીની ટુંક=સવા સોમજીનાં ટુંકથી વર્ણન શરૂ કરાય છે. આથી તે લઇને અત્રે પણ વર્ણન લઈએ છીએ. પૂર્વ પ્રણાલિકાની અપેક્ષાએ (પૂર્વેના બીજા પુસ્તકોના હીસાબે) પણ ત્યાંથી વર્ણન કરવું ઠીક લાગે છે. તેથી હવે સવાસોમજીની ટુંક. નવ ટુંકની બારીએથી વર્ણન શરૂ કરીએ છીએ.

તબક્કો ચોથો

નવ ટુંક

આગળ જે હનુમાનધારા જણાવી છે, ત્યાંથી બીજો રસ્તો નવટુંક તરફ જાય છે. એટલે બીજા રસ્તેથી ચઢવા માંડીએ એટલે આગળ નવટુંકની બારી આવે છે. ત્યાં પેસતાં આપણા ડાબા હાથે આગળ જતાં અંગારશા પીરનું સ્થાન આવે છે.

અંગારશા પીર

આ અંગે દંતકથા એવી છે કે, મુસલમાની યુગમાં કોઈક વિચારક પુરુષોએ તે વખતના બાદશાહ વગેરેને બતાવવા અહીંયા દરગાહ કરાવી હોય.

વળી એવી પણ દંતકથા છે કે, **શા**હબુદ્દીન ઘોરીના વખતમાં **હિ**ન્દ નામનો સ્થાનદાર હતો, તેનું બીજુ નામ **અં**ગારશા હતું.

એક વખત **અં**ગારશા ભગવાનની મૂર્તિ ઉપર હુળ મારવા ગયો. ત્યારે ભગવાનના મસ્તકમાંથી હજારો ભમરા છૂટયા, અને **અં**ગારશાને ચોંટી પડયા. આથી **અં**ગારશા ધૂમો પાડતો અને ચીસો પાડતો ભાગ્યો. તે **સં**પ્રતિ મહારાજના દહેરાસર પાસે આવતાં ચતોપાટ પછડાઈ ગયો, અને મૃત્યુ પામ્યો. તે અવગતિએ જતાં 'ઝંડ' થયો, અને યાત્રાળુઓને હેરાન કરવા લાગ્યો, ત્યારે મંત્ર વિદ્યામાં બળીષ્ટ એવા આચાર્ય મહારાજે વિદ્યાના બળે એને બોલાવ્યો, અને પૂછ્યું કે, 'તું યાત્રાળુઓને શા માટે હેરાન કરે છે?' એટલે તે બોલ્યો કે 'આ ટેકરી ઉપર હું મૃત્યુ પામ્યો છું, માટે મારા નામની અહીં કબર ચણાવશો તો હું યાત્રિકોને હેરાન નહિ કરું.' આથી આચાર્ય મહારાજના કહેવાથી સંઘે આ કબર કરાવી. તે **અં**ગારશા પીરના નામથી ઓળખાય છે.

ખરેખર જોવા જઈએ તો તીર્થ રક્ષાને માટે કબર હશે તેમ માનવું પડે. વર્તમાનમાં સંઘ લઈને આવનારા સંઘપતિઓ સંઘના શ્રેયને માટે અહીંયાં ચાદર ઓઢાવે છે. (*મિસ્ટર કોરડીયા **ગુ**લાબચંદ **શા**મજીએ **સૌ**રાષ્ટ્રની **જુની તવારીખ** નામના પુસ્તકમાંથી કેટલીક હકીકત તો મેળવીને **અં**ગારશાની વાત લખી છે.)

નવ ટુંકના દરવાજો

ત્યાંથી આગળ ચાલતાં **નવ**ટુંકના દરવાજે જતાં મોટો કુંડ આવે છે. આ કુંડનું નામ વલ્લભકુંડ છે. તે શેઠ **જે**ઠાલાલ ભાઈના મુનીમ વલ્લભદાસે બંધાવ્યો છે. કુંડથી આગળ નવટુંકનું પ્રવેશદ્વાર આવે છે. ત્યાં મનોહર નવો બંધાવેલો વિસામો છે. યાત્રાળુઓ ચોખાનો વાટવો વગેરે સામાન સાથે લઈ જાય છે. ડોળી વગેરે અત્રે મુકી દેવાય છે. બીજે બધા યાત્રાળુઓનો સામાન અત્રે મુકેલો **સ**ગાળપોળે પહોંચાડી દે છે.

*અહીંયા કેટલિક વાર્તામાં 'શ્રીસિદ્ધાચલનું વર્તમાન વર્ણન' જે શાહ મોહનલાલ રૂગનાથે બહાર પાડયું છે, તેનો આધારે લીધો છે.

અહિંથી પ્રવેશ કરતાં ખરતરવસહીમાં પેઠા એમ થાય. અહીં યાત્રાળુની જમણી બાજુએ શેઠ નરસિંહ કેશવજીની ટુંક આવે છે. તે સં. ૧૯૨૧માં બંધાવેલી છે. તેમાં મધ્યમાં મુખ્ય મંદિર અને તેને ફરતી ચોત્રીસ દેરીઓ છે. બીજી ૧૭ દેરીઓ છે તેમાં પ્રભુજી નથી એટલે ખાલી છે.

સંપ્રતિ મહારાજનું દહેરાસર

ડાબા હાથે સંપ્રતિ મહારાજના નામે ઓળખાતું દહેરાસર આવે છે. તે શાંતિનાથ ભગવાનનું દહેરાસર છે. એમાં સુધારાવધારા તો ઘણાએ થયેલા હશે પણ ગભારાનું બારશાખ કોતરણીવાળું પુરાણું આજે પણ છે, તે મનોહર છે. તે તેના પુરાણાપણાને જણાવે છે. આ દહેરાસરની ડાબી બાજુએ હમણાં થોડા વખત પૂર્વે બનાવેલો એક વિશાળકાય કુંડ આવેલો છે. પાણીના પુરવઠાને પહોંચી વળવા તે નવો બંધાવ્યો છે.

આગળ ચાલતાં જુદાં જુદાં દહેરાસર છે. તેમાં બાબુ હરખચંદ ગુલેછા મુર્શીદાબાદવાળાનું બંધાવેલું એક દહેરાસર છે. વળી સુમતિનાથ ભગવાનનું દહેરાસર બાબુ પ્રતાપસિંહ દુગ્ગડનું સં. ૧૮૯૩માં બંધાવેલું છે. સંભવનાથ ભગવાનનું દહેરાસર સં. ૧૮૯૧માં બંધાવેલું છે. વળી ઋષભદેવ ભગવાનનું દહેરાસર છે. હાલા કુંડીવાળાનું સં. ૧૮૯૩ માં ચંદ્રપ્રભુનું દહેરાસર છે. શેઠ નરસિંહ નાથા કચ્છીનું સં. ૧૯૦૩માં બંધાવેલું ચંદ્રપ્રભુનું દહેરાસર છે. **ભારૂદેવી માતાનું** જુનું મંદિર છે. આ મંદિરમાં ભારૂદેવી માતા હાથી પર બેઠેલાં છે. અને હાથી આગળ આવી રહ્યો છે તેવું દેખાડે છે. ભારૂદેવી માતા હાથી ઉપર કેવળજ્ઞાન પામીને તુર્ત મોક્ષે ગયા હતાં, તે તેનો ભાવ છે. કચ્છી બાબુભાઈએ સં. ૧૭૯૧માં બંધાવેલું ચૌમુખજીનું દહેરાસર છે. સં. ૧૮૮૫ માં બાબુ હરખચંદ દુગ્ગડનું બંધાવેલું શ્રીચંદ્રપ્રભુનું દહેરાસર છે. સં. ૧૮૮૮ માં લખનૌવાળા શેઠ કાલીદાસ ચુનીલાલનું બંધાવેલું અજીતનાથ ભગવાનનું દહેરાસર છે. સં. ૧૮૨૭માં શેઠ હિંમતલાલ લુણિયાએ બંધાવેલું શ્રીકુંથુનાથ ભગવાનનું દહેરાસર છે.

સવાસોમ યાને ખરતરવહી

ચૌમુખજીની ટુંક

ઉપર જણાવેલા મંદિરોએ દર્શન કરતા આગળ ચાલીએ એટલે ચૌમુખજીની ટુંકનો દરવાજો આવે. તેમાં પેસીએ એટલે સન્મુખ ચૌમુખજીનું મંદિર આવે. આ મુખ્ય મંદિર

સવાસોમજીએ બંધાવેલું છે. આના શિખરની ટોચ ૨૦ થી ૨૫ માઈલ દૂરથી દેખાય છે. આ ટુંકની લંબાઈ પહોળાઈ ૨૭૦×૧૧૬ ફૂટની છે. ચોકની મધ્યમાં ચતુર્મુખ **શ્રીઆદી**શ્વર ભગવાનનું મંદિર છે. આગળ તેનો રંગમંડપ આવેલો છે. ત્રણ દિશામાં ચોકીયાળા છે. પાછળની બાજુમાં ચૌમુખજીના દહેરાસરને લાગીને દેરીઓ છે. આ દહેરાસરની પ્રતિષ્ઠા સં. ૧૬૭૫ માં થઈ છે.

સવાસોમજીનો ટુંકો ઈતિહાસ

વણથલી ગામમાં પ્રમાણિકતા પ્રતિષ્ઠા અને શુભ નિષ્ઠાના મુદ્રાલેખવાળા **સ**વચંદ શેઠ વેપાર કરતા હતા, શેઠ, શાહુકારો બધા તેમને પોતાની મિલકત આપતા અને જ્યારે જોઈએ ત્યારે પાછી મેળવતા.

એક વખત એક ઈર્ષ્યાખોર વેપારીએ એક **ગ**રાસદારના કાન ભંભેરી કહ્યું કે '**સ**વચંદ શેઠ ખોટમાં છે, માટે તમારી મૂડી હવે પાછી મેળવી લો.'

ગરાસદારે શેઠ પાસે આવી પોતાની બધી મૂડી પાછી માગી. તે ટાઈમે પેઢીમાં એટલી રોકડ રકમ ન હતી. વહાણો આવ્યાં નહતા. ઉઘરાણી પણ જલદી પતે તેમ ન હતી. પ્રતિષ્ઠાનો સવાલ હતો. જો ના કહે તો આબરુ જાય તેમ હતું. શેઠને મૂંઝવણ થઈ. થોડીવાર વિચાર કરી **અ**મદાવાદના પ્રતિષ્ઠિત શેઠ **સો**મચંદ ઉપર મોટી હુંડી લખી આપી. લખાણ લખતાં લખતાં આંસુના બે ટીપાં હુંડી પર પડી ગયાં. હુંડી **ગ**રાસદારને આપી.

ગરાસદાર નામ પુછતો **અ**મદાવાદ **સો**મચંદ શેઠને ત્યાં આવ્યો. શેઠ બહાર ગયા હતા. માણસોએ તેના ઉતારા વગેરેની સરભરા કરી. મુનીમે હુંડી લીધી. વાંચીને **સ**વચંદ શેઠનું ખાતું શોધવા લાગ્યા, પણ ખાતું મળ્યું નહિ. આથી **ગ**રાસદારને કહ્યું કે શેઠ આવે ત્યારે આવજો.

ગરાસદારને શંકા પડી, લાખ રૂપિયાની હુંડી હતી. બે કલાક ફરીને પાછો આવ્યો. હુંડી આપી. **સો**મચંદ શેઠ હાથમાં હુંડી લઈ તપાસવા લાગ્યા. ખાતાવહી તપાસડાવી પણ મુનીમે કહ્યું કે તેમનું ખાતું નથી. ત્યારે **સો**મચંદ શેઠની નજર હુંડી પર પડેલાં આંસુ ઉપર પડી. વળી હુંડીના અક્ષરો પણ મુંજતા હાથે લખાયેલા હોય એમ લાગ્યું. આથી શેઠ બધી વાત સમજી ગયા. શેઠે પોતાને ખાતે રકમ લખીને હુંડીની રકમ ગરાસદારને આપી દીધી.

થોડા દિવસ પછી **સો**મચંદ શેઠનું નામ લેતો કોઈ મહેમાન આવ્યો. શેઠે અતિથિ ધારી

પોતાના ઘેર લઈ ગયા. જોખમ ગાડીમાંથી પટારામાં મુકાવ્યું. જમ્યા બાદ વાત નીકળતાં શેઠને કહ્યું કે તમારા રૂપિયા વ્યાજ સાથે લઈ ખાતું ચૂકતે કરો.

શેઠને આશ્ચર્ય થયું કે –શેના રૂપિયા ? શેની વાત ? મહેમાને યાદી આપી. હુંડીની વાત કરી. આપે હુંડી સ્વીકારી મારી લાજ રાખી હતી. **સો**મચંદ શેઠે કહ્યું કે રૂપિયા તો જમા ખરચ નંખાઈ ગયા છે. સંકટમાં આવેલા સાધર્મિકને સહાય કરવી એ તો મારી ફરજ હતી. માટે હવે તો રૂપિયા મારાથી લેવાય નહિ. **સ**વચંદ શેઠ ખૂબ આગ્રહ કરવા લાગ્યા, બન્નેએ રૂપિયા લેવાની ના પાડી. હવે શું કરવું ?

છેવટે નક્કી કરવામાં આવ્યું કે આ રકમમાં બીજી રકમ ઉમેરી **શ્રીશત્રુંજય** ઉપર મંદિર બંધાવવું. આથી **શ્રીશત્રુંજય** ઉપર આ ઊંચામાં ઊંચી ટુંક બંધાવવામાં આવી.

આ રીતે આ **ચૌ**મુખજીની ટુંકનું સં. ૧૬૭૫માં નિર્માણ થયું. આથી આને **સ**વા **સો**મજીની ટુંક પણ કહે છે.

આ ટુંકમાં **ચૌ**મુખજી સન્મુખ સં. ૧૬૭૫ પ્રતિષ્ઠિત થયેલ **શ્રીપુંડરીકસ્વામીનું મંદિર** છે. **અ**મદાવાદવાળા શેઠ **ડા**હ્યાભાઇનું બંધાવેલું સહસ્રકુટનું દહેરાસર છે. સં. ૧૬૭૫માં શેઠ **સુ**ંદરદાસ **ર**તનદાસનું બંધાવેલું **શા**ંતિનાથ ભગવાનનું મંદિર છે. બીજું એક **શા**ંતિનાથ ભગવાનનું મંદિર પણ છે. સં. ૧૮૫૬માં પ્રતિષ્ઠા કરેલ **શ્રીપા**ર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. શેઠ **ખી**મજી **સો**મજીએ સં. ૧૬૭૫માં બંધાવેલું **શા**ંતિનાથ ભગવાનનું દહેરાસર છે. આ દહેરાસરમાં પાસણમાં એક ચોવીસી છે. અને ત્રણ ચોવીસીની એક એક પ્રતિમાજીઓ છે. **અ**મદાવાદના શેઠ કરમચંદ **હી**રાચંદનું સં. ૧૮૮૪માં બંધાવેલું **શ્રીસી**મંધર સ્વામીનું મંદિર છે. **અ**જમેરવાળા **ધ**નરૂપમલે બંધાવેલું આરસનું એક દહેરાસર છે. **ભા**ણસાલી કરમસિંહ **અ**મદાવાદવાળાનું બંધાવેલું **અ**જીતનાથ ભગવાનનું દહેરાસર છે આ ટુંકના એક મંદિરમાં પરિકરપર સં. ૧૩૩૭ નો શિલાલેખ છે. અને એક ઠેકાણે સં. ૧૬૭૫ નો શિલાલેખ છે અને બીજે એક ઠેકાણે સં. ૧૬૭૫ નો શિલાલેખ પણ છે. **સ**મવસરણ પર સં. ૧૩૩૭ નો શિલાલેખ છે. સં. ૧૬૮૨માં પ્રતિષ્ઠિત થયેલ ૧૪૫૨ ગણધરના પગલાં છે. અહીં દેરી નં. ૮૭૨માં એક ધાતુ પ્રતિમા ઉપર **સિદ્ધહેમકુમાર સંવત્** એમ ઉલ્લેખ કોરેલો મલે છે.

આ રીતે આ **ખ**રતરવસહી=**સ**વા**સો**મની ટુંકમાં ૧૧ મોટા દહેરાસરો છે. ૪૧૨ પ્રતિમાજીઓ છે. ભમતીમાં ૭૪ દેરીઓ છે. તેમાં ૨૯૧ પ્રતિમાજીઓ છે. બધાં મળીને કુલ્લે પ્રતિમાજી ૭૦૨ છે. પગલાં બધાં ભેગા ગણતાં ૪૨૫૯ (કે ૨૧૫૯) પગલાં હશે.

બારીમાંથી બહાર

સવાસોમની ટુંકમાંથી પાછલી બારીમાંથી બહાર નીકળતાં ચાર પાંચ પગથીયાં ચઢતાં **પાંડવોનું દહેરાસર** આવે છે. તેમાં પાંચ પાંડવો, કુંતામા અને દ્રૌપદીની મૂર્તિ છે. તેની ઉપર સં. ૧૭૮૮ નો લેખ છે. તેના ચોગાનમાં બરા પથ્થરનું મનોહર સ્થાપત્ય છે. (ડો. **મધુસુદન** ઢાંકીના આધારે આ પાંચ પાંડવોનું દહેરાસર ૧૪૨૧ માં શા. દલીચંદ કીલાભાઇએ બંધાવ્યું છે) (ખરેખર આ મંદિર **માંડવગઢ**ના મંત્રી પેથડશાનું બંધાવેલું છે.) પૂર્વે આ મંદિરમાં **શ્રીઆદીશ્વર** ભગવાન બીરાજમાન હશે, પછીથી આમ ફેરફાર થયો માનવો પડે. આ મંદિરના મંડોવર અને શિખરમાં સુંદર કોરણી છે. મંદિર દક્ષિણાભિમુખ છે.

પાંડવો

પાંડુરાજાના પુત્રો **પાંડવો** રાજ્ય કરતા હતા ત્યારે, કૌરવોએ જુગટું રમવાના બહાને પાંડવોને જુગટામાં જોડ્યા. **પાંડવો** બધું હાર્યા. સર્વનાશ કરનારા એવા જુગટામાં **દ્રૌપદી**ને પણ હાર્યા. આથી દુષ્ટ એવા દુર્યોધને **દ્રૌપદી**નું શિયળ લૂંટવા એનાં વસ્ત્રો ખેંચાવ્યાં. પરંતુ શિયળના પ્રતાપે **દ્રૌપદી**નું શિયળ ન લુંટાયું. **પાંડવો** વનવાસ ગયા. અંતે **પાંડવ** કૌરવોનું **યુદ્ધ** થયું. કૌરવોનો નાશ થયો. **પાંડવો** રાજ્ય ઉપર આવ્યા. ગિરિરાજનો ઉધ્ધાર કરાવ્યો. પછી આ બધાએ હિંસાના પાપથી નિર્લેપ થવા સંયમ અંગીકાર કર્યો. તેની સાથે અભિગ્રહ લીધો કે ' **શ્રીનેમિ**નાથ ભગવાનને વંદન કર્યા પછી આહારપાણી કરવાં, આગળ વિહાર લંબાવ્યો. ત્યારે સાંભળ્યું કે **શ્રીનેમિ**નાથ ભગવાન નિર્વાણ પામ્યા. આથી **શ્રીશત્રુંજય** ઉપર આવીને અનસણ અંગીકાર કર્યું, અને **આસો** સુદ ૧૫મે દશક્રોડ મુનિઓ સાથે **પાંડવો** મોક્ષે ગયા. પરંતુ નિયાણાના પ્રતાપે **દ્રૌપદી** આરાધના કરી દેવલોકમાં ગઇ. તે દેવલોકથી મનુષ્યભવમાં આવીને મોક્ષે **જશે**.

સહસ્રકુંડ

પાંડવોના દેરાસરની પાછળ **સહસ્રકુંડનું દહેરાસર** આવેલું છે. (**સહસ્ર**કુંડની રચનાનું વર્ણન આગળ આપી ગયા છીએ.) આ સહસ્રકુંડ ઉપર બે બાજુએ શિલાલેખ છે. તેની સં. ૧૮૬૦માં પ્રતિષ્ઠા થઇ છે. આ દહેરાસર **સુરત**વાળા **ખુબચંદ મયાભાઇ લાલચંદે** બંધાવ્યું છે. તે દહેરાસરમાં એક બાજુએ ૧૭૦ પ્રતિમાજી આરસપહાણમાં કોરેલાં છે. એકસો સિતેર-જિન **શ્રીઅજીતનાથ** ભગવાનના સમયમાં હોય છે.

૧૭૦ જિન

પાંચ **મહા**વિદેહમાં થઈને ૧૬૦ જિન અને પાંચ **ભ**રત પાંચ **ઐ**રવત એમ દશમાં દશ એટલે ૧૭૦ જિન થાય. તે પટની બે બાજુમાં એક બાજુ **ચૌદરાજલોક** અને બીજી બાજુ **સમવસરણ** આરસપાષાણમાં તેમાં કોરેલું છે. તેની બીજી દિવાલે **સિદ્ધચક્ર** કોરેલા છે. હવે પાછા ચાલો **સવાસો**મની ટુંકમાં. તેની દેરીઓનાં દર્શન કરતાં બીજી બારીએથી બહાર નીકળાય છે, ત્યાં **છીપાવસહી** આવે છે.

છીપાવસહી

ભરતરવસહીમાંથી બાજુમાં ઢોળાવ ઉપર **છી**પાવસહી (**ભા**વસારની ટુંક) આવેલી છે. આ ઢોળાવવાળા ચોકમાં જ પ્રાચીન અને ૩ અર્વાચીન મંદિરો છે. આ મંદિર ૧૪મી સદીમાં છીપાઓએ બંધાવેલું છે. તેથી છીપાવસહી તરીકે બોલાય છે. ગિરિરાજ ઉપરના ઉત્તમ મંદિરો પૈકી નાજુક રચનાવાળું આ મંદિર છે. આ મંદિરમાં અંદર પ્રદક્ષિણા દેવાય છે. તેમાં ભમતીમાં ૨૪ ગોખલા છે. અને આગલી બાજુમાં ચોકીયાળું છે. ચૈત્ય પરિપાટીઓમાં **ટોડરવિહાર** તરીકે પરિચિત છે. એમ ડો. **ઢાંકી** કહે છે. આથી આની પુનઃ પ્રતિષ્ઠા સં. ૧૭૯૫ માં થઇ છે એવું માનવા બેસવું પડે.

ગઢની રાંગને અડીને શ્રી**શ્રે**યાંસનાથ ભગવાનનું મંદિર છે. આના ચોકીયાળામાં સુંદર તોરણ છે. આ પુરાણું મંદિર છે.

શ્રીઅજિતશાંતિનાથની દેરી

ઢોળાવ ઉપર **અ**જીતનાથ અને **શા**ંતિનાથ ભગવાનની દેરી જોડાજોડ આવેલી છે, પૂર્વકાળમાં આ દેરીઓ સામ સામે હતી. એટલે એકમાં દર્શન કરતાં બીજા ભગવાનને પૂંઠ પડે. તેથી **નં**દીસેન ઋષિએ **શ્રીઅજીતશાંતિસ્તવની** રચના કરીને સ્તવના કરી, એટલે તે દેરીઓ દેવતાઈ રીતિએ એક લાઈનમાં આવી ગઈ.

ગઢ નજીક સં. ૧૭૯૧ માં બંધાવેલું **ઋ**ષભદેવ ભગવાનનું અને સં. ૧૭૮૮માં બંધાવેલું **શ્રે**યાંસનાથ ભગવાનનું, વળી સં. ૧૭૯૪માં શાહ હરખચંદ શિવચંદનું બંધાવેલું **ને**મિનાથ ભગવાનનું દેરાસર છે. બાજુમાં પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. વળી એક છત્રીમાં પગલાં છે ને રાયણવૃક્ષ પણ છે. આ બધાં મંદિરોમાં થઈને ૨૭ પ્રતિમાજીઓ છે.

સાકરવસહી

આગળ ચાલતાં દરવાજે આવે. તે **સાકરવસહી**નો દરવાજો. આ ટુંક **અ**મદાવાદના શેઠ **સા**કરચંદ **પ્રે**મચંદે સં. ૧૮૯૩માં બંધાવી છે. તેથી તેનું નામ સાકરવસહી પડયું છે. આમાં ત્રણ દેરાસર અને એકવીસ દેરીઓ આવેલ છે. મૂળ મંદિર શ્રી ચિંતામણી **પા**ર્શ્વનાથ ભગવાનનું છે. તે મૂળ નાયકજી ભગવાન પંચધાતુના છે. બીજુ દેરાસર **ચ**ંદ્રપ્રભુનું છે. તે શેઠ **લ**લ્લુભાઇ **જ**મનાદાસે સં. ૧૮૯૩માં બંધાવ્યું છે. ત્રીજું દેરું **પદ્મ**પ્રભુનું છે. તે શેઠ **મ**ગનલાલ **કે**રમચંદે બંધાવ્યું છે. આ ટૂંકમાં ૧૪૯ પ્રતિમાજી છે.

શ્રી નંદીશ્વર દ્વીપ યાને ઉજમફઇની ટુંક

અમદાવાદના પ્રખ્યાત નગરશેઠ **પ્રે**માભાઇના ફઇ ઉજમબાઈ હતા, તેમને આ ટૂંક બંધાવી એટલે ઉજમફઇના નામથી ટુંક બોલાય છે. તેમને અસંખ્યાત દ્વીપ સમુદ્રમાં આઠમો **નંદીશ્વર** દ્વીપ છે. જેમાં ચારે દિશામાં તેર તેર ડુંગરો થઇને બાવન ડુંગરો છે. તેની ઉપર ચૌમુખજી પધરાવ્યા છે. આથી અહિં મધ્યમાં **જ**ંબૂદ્વીપ આવ્યો. તેની મધ્યમાં **મે**રુ આવ્યો. આથી મધ્યમાં મેરુનો ડુંગર બનાવી તેની ઉપર પ્રભુજી પધરાવ્યા છે. આથી આ મંદિર **શ્રી નંદીશ્વરદ્વીપનું** કહેવાય છે, આની પ્રતિષ્ઠા સં. ૧૮૯૩માં થઈ છે. મંદિરની બધી બાજુએ મનોહર કોતરણિવાળી જાળી પાષાણની છે. આ ટુંકને ફરતો કોટ છે. તેમાં શ્રી**કુ**ંથુનાથ ભગવાનનું અને **શા**ંતિનાથ ભગવાનનું દેરાસર છે. **કુ**ંથુનાથ ભગવાનનું દેરાસર **હા**થીભાઈ શેઠે બંધાવ્યું છે. **શા**ંતિનાથ ભગવાનનું દેરાસર **પ**રસનબાઈએ બંધાવ્યું છે. આ ટુંકમાં ૨૭૪ પ્રતિમાજી મહારાજ છે.

હેમાવસહી

શ્રી**નં**દી**શ્વ**રના દહેરાસરથી ઉપર ચઢીએ એટલે શરૂઆતમાં એક નાનો કુંડ આવે છે. તેની જોડે **હે**માભાઈ શેઠની ટુંક આવે છે. અમદાવાદના **શા**ંતિદાસ શેઠના પૌત્રના પૌત્ર નગરશેઠ **હે**માભાઈ એ સં. ૧૮૮૨માં આ ટુંક બંધાવી છે. અને તેની પ્રતિષ્ઠા સં. ૧૮૮૬માં થઈ છે. આમાં બધાં મળીને ચાર દેરાસર છે. ૪૩ દેરીઓ છે. મૂળ મંદિરમાં **શ્રી**અજિતનાથ ભગવાન છે. આ દહેરાસર શેઠ **હે**માભાઇ **વ**ખતચંદ **ખુ**શાલચંદે બંધાવ્યું છે. સામે **શ્રી**પુંડરીકસ્વામીનું દેરાસર છે. એક ચૌમુખજી ભગવાનનું દેરું છે, તે **સા**કરચંદ **પ્રે**મચંદે બંધાવ્યું છે, તેની પ્રતિષ્ઠા સં. ૧૮૮૮માં થઈ છે. બીજું ચૌમુખજીનું મંદિર શેઠ હેમાભાઈએ બંધાવ્યું છે. તેની પ્રતિષ્ઠા સં. ૧૮૮૬માં થઈ છે. આ ટુંકમાં ૩૨૩ પ્રતિમાજીઓ છે. આ ટુંકમાં મૂળ મંદિર ઉપર મોટો શિલાલેખ છે.

તેની બારીમાંથી નીકળતાં મોટો કુંડ આવે છે. એ કુંડની ઉપર **ખો**ડિયાર માતાનું સ્થાનક

છે. એક કુટુમ્બના લોકો ખોડિયાર માતા આગળ આવીને છેડાછેડી છોડે છે.

મોદીની ટૂંક ઉર્ફે પ્રેમાવસહી

આગળ ચાલતાં રાજનગરના ધનાઢ્ય વેપારી મોદી પ્રેમચંદ લવજીએ **સિદ્ધાચલ** ગિરિરાજનો સંઘ કાઢ્યો હતો. અને આડંબરથી ગિરિરાજ પધાર્યા હતા. તેમને અહીયાં સપાટ જગ્યા દેખાતાં અત્રે ટુંક બંધાવવાની ભાવના થઈ અને ટુંક બંધાવી. આથી આ ટુંક **મોદીની ટુંક** કહેવાય છે. આમાં, દહેરાસર અને ૫૧ દેરીઓ છે. આની ઉભણી નીચી છે. મૂળ દેરાસર શ્રીઋષભદેવ ભગવાનનું છે. તે તેમનું બંધાવેલું છે. તેની પ્રતિષ્ઠા સં. ૧૮૪૩માં થઈ છે. શ્રીપુંડરીક સ્વામીનું દેરાસર પણ તેમનું જ બંધાવેલું છે.

સુરતવાળાનાં દેરાસાર

ટુંકમાં પેસતાં એક બાજુ સહસ્રફણા **પાર્શ્વનાથજીનું** મંદિર છે. તે સુરતના શેઠ **રતનચંદ ઝવેરચંદાસનું** બંધાવેલું અને આરસપાષાણનું છે. આ દેરાસરના રંગમંડપમાં બે ગોખલા છે, તેની કારીગીરી વસ્તુપાલ તેજપાલના આબુ બંધાવેલા દહેરાસરમાં આવેલા દેરાણી જેઠાણીના ગોખલાને યાદ કરાવે તેવી છે. ગભારામાં શેઠ શેઠાણીની મૂર્તિઓ પણ છે. અહિંના બે ગોખલાઓ સાસુવહુના નામના છે. ત્રણ મનોહર તોરણો આગળ થાંભલાઓ પર છે.

કળાકારે થાંભલા પર ત્રણ પુતળીઓ કરી છે, તેમાં એકને સાપવિંટાઓ છે એકને વિંછી કરડે છે એકને વાંદરો પકડે છે. એટલે સાસુને સાપ, પાડોશણને વીંછી અને વહુને વાંદરો. તેની કથા એમ જણાવે છે કે—વહુ બીચારી ભોળી છે, તેને કોઈ વાતની ખબર હોતી નથી. પણ સાસુ તેનો વાંક જ શોધે છે. એક વખતે ખોટો વાંક શોધી કાઢ્યો. વહુ તો તે સાંભળીને શરમાઈ ગઈ. તેથી તે ખુબ ખુબ રડી. તેની આંતરડી કકળી ઉઠી. તેમાં જાણે અધુરામાં પુરુ કરે તેમ પાડોશણીએ જુઠી ટાપશી પુરી. આથી વહુના વાંકમાં વધારો કરાયો. તે કુવો પુરવા ચાલી. તેણે દુઃખની આગથી બળતે મને હૃદયની આહ નાખી. આ વાતની સાખ જાણે કરતો હોય તેમ કળાકારે તે વાત પુતળીમાં ઉતારી અને જગતને જણાવ્યું કે આ દશા થાય, માટે કુટુંબમાં કજીઓ ન થાય તેવું સુંદર વર્તન રાખવું જોઈએ.

આ મંદિરના સામે જ સહસ્રફણા **શ્રીપાર્શ્વનાથનું** મંદિર છે. તે સુરતવાલાના રતનચંદભાઈના ભાઈ પ્રેમચંદ ઝવેરચંદાસનું બંધાવેલું છે. બન્ને મંદિરમાં મન ડોલાવે તેવી **પાર્શ્વનાથ** ભગવાનની પ્રતિમાઓ છે. બન્ને મંદિરની ઉપર ચૌમુખજી મહારાજ છે.

પાલણપુરવાળા મોદીનું બંધાવેલું **અજીતનાથ** ભગવાનનું મંદિર છે.

પાછલી બાજુમાં **સુરત વગેરે વીશાનિમાનું બંધાવેલુ ચંદ્રપ્રભુનુ દહેરાસર છે.** (કેટલાક લેખકો **મહુધાવાળા** લખે છે પણ તેમને તેની ઉપરનો શિલાલેખ વાંચ્યો નથી. તેની ઉપર **સુરત** વગેરે સંઘના **વીસાનિમાયે** બંધાવ્યું, તેવો શિલાલેખમાં મોજુદ છે.) એક બીજુ **ચંદ્રપ્રભુનું** મંદિર **રાધનપુરવાળા** શેઠ **લાલચંદભાઈનું** બંધાવેલું છે.

નાની સાઈઝનાં ૧૪૫૨ ગણધરનાં પગલાં પણ આ ટુંકમાં છે. આ ટુંકમાં બધાં મળીને ૩ દહેરાસર ૫૧ દેરીઓ છે, બધીમાં મળીને ૪૮૦ પ્રતિમાજીઓ છે.

માણેકબાઇની દેરી

મોદીની ટુંકથી આગળ ઉતરવા માંડતાં ૭૫ પગથીયાં ઊતર્યા પછી એક નાની દેરી આવે છે. તેમાં એક મૂર્તિ છે. તેની દંતકથા એવી કહે છે કે **માણેકબાઇ** રીસાઈને આવ્યાં. તેની યાદમાં મૂર્તિવાળી આ દેરી બનાવી છે. (ખરેખર આનો પાકો ઇતિહાસ જાણવા મલ્યો નથી.) ત્યાં બાજુમાં **અદબદજી**નું દહેરાસર આવે છે.

અદ્‌ભુત શ્રીઆદિનાથ

અહીંયાં વિશાળ ખંડ છે અને આગળ ઢાંકેલો ચોક છે. ખંડમાં પહાડના પથ્થરમાં કોરેલી વિશાળકાય **શ્રીઆદીશ્વર** ભગવંતની પ્રતિમા છે. **તેની ઊંચાઇ ૧૮ ફુટ છે. અને પહોળાઈ ૧૪॥ ફુટ છે.** વિશાલ કાય પ્રતિમા હોવાથી **અદબદજી** એમ બોલાય છે. આ મંદિર અને પ્રતિમાજી ધર્મદાસ શેઠે સં. ૧૬૮૬માં કરાવી છે. તેનો શિલાલેખ તેની દિવાલ પર લગાવેલો છે. મનને ડોળાવી નાખે એવી આશ્ચર્યકારી રમ્ય આ પ્રતિભા છે. જુની ચૈત્ય-પરિપાટીઓમાં **સ્વયંભુ આદિનાથ** અને **અદ્‌ભુત આદિનાથ** એવાં નામો ઉપલબ્ધ થાય છે. વિધિવિધાનથી તેને પૂજનિક બનાવી છે. કેટલાક અણસમજુ મનુષ્યો આને **ભીમનું** મંદિર કહેતા હતા પણ મુનીમ ગિરધરલાલ બાબુના સમયમાં પ્રતિમાની પખાલપૂજા અને નવઅંગ પૂજા કરવાનો દિવસ દાદાની પ્રતિષ્ઠાનો જ દિવસ (**વૈશાખ વદ ૬નો દિવસ**) નક્કી કર્યો. તે નક્કી કરવાથી જે અજ્ઞાનતા હતી તે દૂર કરી. આથી વૈ. વ. ૬ ના દિવસે પ્રક્ષાલ, પૂજા અને અંગરચના થાય છે. આ મંદિરની અંદર બોલીએ તો પડઘો પડે છે. અહીંયાંના રંગ-મંડપમાં ઉભા રહીને દાદાના દહેરાસર તરફ જોઈએ તો મનને મહેકાવે તેવી સુંદરતા મંદિરોની દેખાય છે.

બાલાવસહી

અદબદજીની ટુંકથી બહાર નીકળીને પગથીયાં ઊતરીએ ત્યારે **બાલાવસહી** આવે છે.

આ ટુંક ઘોઘા બંદરના શેઠ દીપચંદ કલ્યાણજીએ લાખો રૂપિયા ખર્ચીને સં. ૧૮૯૩માં બંધાવી છે. દીપચંદ શેઠનું હુલામણું નામ બાલાભાઇ હતું. તેથી આ ટુંકને **બાલાભાઇની ટુંક** યાને **બાલાવસહી** કહેવાય છે. (ટુંકને વસહી નામથી પણ બોલે છે એટલે કોઈ જગોપર ટુંક તો કોઈ જગોપર વસહી એવો પ્રયોગ થાય.) તેમને મુંબાઈમાં ગોડીપાર્શ્વનાથજીના દહેરાસરની બાજુમાં હજારોની ઉપજવાળી મોટી ચાલી બંધાવી હતી. આ શેઠનું નામ અલબેલી મુંબાઈ નગરીમાં મશહુર હતું. મુંબાઈ ગોડીજીમાં એમ મનાય છે કે તેમના સમયમાં ઘોઘારીનું અગ્રેસરપણું હતું. આ ટુંકમાં મુખ્ય શ્રીઆદીશ્વર ભગવાનનું મંદિર સં. ૧૮૯૩માં તેમનું બંધાવેલું છે. તેમજ શ્રીપુંડરીકસ્વામીનું દેરાસર પણ તેમનું જ બંધાવેલું છે. સં. ૧૯૦૮માં મુંબાઈના શેઠ ફતેચંદ ખુશાલચંદનું બંધાવેલું ચૌમુખજીનું મંદિર છે. તેની સામે કપડવણજના શેઠ મોઠાભાઇ ગુલાબચંદનું સં. ૧૯૧૬માં બંધાવેલું શ્રીવાસુપૂજ્યસ્વામીનું મંદિર છે. વળી એક ઇલોરના શેઠ માનચંદ વીરચંદનું બંધાવેલું અજીતનાથ ભગવાનનું મંદિર છે. બીજી બાજુ એક પુનાવાળાનું બંધાવેલું શાંતિનાથ ભગવાનનું મંદિર છે. આ ટુંકમાં ૨૭૦ પાષાણ બિંબ છે–ધાતુના ૪૫૮ બિંબ છે. અને દેરીઓ ૧૩ છે.

મોતીશા શેઠની ટુંક

બાલાવસહીથી આગળ ચાલીએ એટલે મુંબાઈના શેઠ મોતીચંદ અમીચંદની બંધાવેલી ટુંક આવે છે. મુંબાઈના શેઠ મોતીચંદભાઈને ચીન, જાપાન, ઇંગ્લેન્ડ વગેરે જોડે ક્રય વિક્રયનો કરોડો રૂપિયાનો વ્યાપાર ચાલતો હતો. ઘણાં વહાણો પોતાનાં હતાં. એક વખત વહાણ ચીન તરફ જતું હતું, તેમાં દાણચોરીનું અફીણ છે. એવો સરકારને વહેમ પડયો. આથી વહાનને પકડવા સ્ટીમલાંચ મૂકી. આ વાતની શેઠને ખબર પડી. તેથી શેઠે સંકલ્પ કર્યો કે જો વહાણ બચી જાય તો, તેની જે કાંઈ કુલ આવક થાય તે **શ્રીશત્રુંજય** તીર્થ ઉપર ખર્ચી નાંખવી.

પુણ્યયોગે વહાણ બચી ગયું. આથી ૧૨ તેરલાખ રૂપિયાની જે રકમ હતી તે **શ્રીશત્રુંજય** ઉપર ખર્ચવા જુદી કાઢી. શેઠ તે માટે **સિદ્ધગિરિરાજ** ઉપર પધાર્યા, અને ટુંક બાંધવા જગા જોવા લાગ્યા. કોઈ જગા ટુંક બાંધવા જેવી ન દેખાઈ. પરંતુ દાદાની ટુંક અને ચૌમુખજીની ટુંક વચ્ચે મોટી ખીણ કે જે કુંતાસારનો ખાડો કહેવાતો હતો, તે દેખ્યો. આથી વિચાર કર્યો કે આ ખીણ પૂરીને તેની ઉપર ટુંક બાંધવી. જો ખાડો પુરાય તોજ સુંદર ટુંક બંધાય. ખીણની ઉંડાઈ તો એવી હતી કે તે જોતાં આંખે અંધારાં આવી જાય. પણ શેઠે તે પૂરાવવી અને ટુંક બાંધવી જ, એવા નિર્ણય કર્યો.

આથી દેશ પરદેશના મજુરો બોલાવ્યા. ખાત મુહૂર્ત કર્યું. આ વખતે પાણી માટે એક હાંડાના ચાર આના આપવા પડતા હતા. આવી મહેનતને હીંમતથી ખીણ પુરાઈ. પછી જ્યારે

તળ સરખું થયું ત્યારે તેની ઉપર વિમાન સરખાં સુંદર મંદિરો કરવાનું થયું. એમ કહે છે કે આ ખાડો પુરવામાં ૮૦ હજારનાં દોરડાં થયાં હતાં. પછી દહેરાસરોનું કામ ધમધોકાર ચાલ્યું. દહેરાસરો પૂર્ણ થતાં પ્રતિષ્ઠાનો અવસર આવ્યો. પણ ભાવનાશીલ શેઠ સં. ૧૮૯૨ના ભાદરવા સુદ ૧ ના સ્વર્ગે સિધાવ્યા.

પૂર્વે કરેલી શેઠની ભલામણને અનુસાર સં. ૧૮૯૩ના પોષ વદ ૧ ના સુરતથી સંઘ પાલીતાણા આવ્યો. આ સંઘમાં બાવન સંઘવીઓ અને સવા લાખ જેટલા યાત્રાળુઓ હતા. આ બધાની જવાબદારી શેઠના મિત્ર અમરચંદ દમણીયા અને કુલચંદ કસ્તુરચંદને શીરે હતી. તે બધી જવાબદારી ઉપાડતા હતા. ઉત્સવની શરૂઆત કરી. ૧૮ દિવસ ઓચ્છવ ચાલ્યો. ગામ બાંધે ચોખા મૂકયા હતા. ત્યારે એક દિવસના ચાલીસ હજાર રૂપિયાનો ખર્ચો હતો. આ મહોત્સવ મોતીશા શેઠના પુત્ર ખીમચંદભાઈએ કર્યો.

મંદિરની રચના

આ મોતીશા શેઠની ટુંકની રચના નલિની ગુલ્મવિમાન જેવી લાગે. આખી ટુંકને ફરતો કોટ છે. કોટની ચારે દિશાએ ચાર કોઠા છે. વચ્ચે બધા દેરાસર છે ને કોટની રાંગે દેરીઓ છે.

મધ્યમાં મૂળ દેરાસર શ્રીઆદીશ્વર ભગવાનનું છે. તેની પ્રતિષ્ઠા સં. ૧૮૯૩ મહા વદ ૨-ના રોજ થઈ. તેમનું જ બંધાવેલું સામે શ્રીપુંડરીકસ્વામીનું મંદિર છે. તેની પણ પ્રતિષ્ઠા સાથે જ થઈ છે.

શેઠ હઠીભાઇ કેશરીસિંહ અમદાવાદવાળાએ ધર્મનાથ ભગવાનનું દહેરાસર બંધાવ્યું છે. વળી અમીચંદ દમણીનું બંધાવેલું ધર્મનાથ ભગવાનનું પણ મંદિર છે. તે મંદિરના ગભારામાં રત્નના બે સાથીયા દિવાલે લગાવેલા ગભારામાં છે. તેઓ શેઠના દિવાન કહેવાતા હતા. શેઠ પ્રતાપમલ જોયતાનું બંધાવેલું ચૌમુખજીનું મંદિર છે. તેઓ મોતીશા શેઠના મામા થતા હતા. બીજુ ચૌમુખજીનું મંદિર ઘોલેરાવાળા શેઠ વીરચંદ ભાયચંદનું બંધાવેલું છે, ઋષભદેવ ભગવાનનું દહેરાસર ઘોઘાના પારેખ કીકાભાઇ કુલચંદનું બંધાવેલું છે. માંગરોલવાળા નાનજી ચીનાઈનું બંધાવેલું ચૌમુખજી મહારાજનું મંદિર છે. આદીશ્વર ભગવાનનું અમદાવાદવાળા ગલાલભાઈનું બંધાવેલું દહેરાસર છે. પાટણવાળા શેઠ પ્રેમચંદ રણજીભાઈનું બંધાવેલું પદ્મપ્રભુનું દહેરાસર છે. સુરતવાળા શેઠ તારાચંદ નથ્થુનું બંધાવેલું પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. સુરતવાળા શેઠ ખુશાલચંદ તારાચંદનું બંધાવેલું ગણધર પગલાનું દહેરાસર છે. મુંબાઈવાળા શાહ જેઠાલાલ નવલશાહનું બંધાવેલું સહસ્રકુટનું દહેરાસર છે. સંભવનાથ ભગવાનનું દહેરાસર શેઠ કરમચંદ પ્રેમચંદનું બંધાવેલું છે. શેઠ અમીચંદ દમણીના તેઓ કાકા થતા હતા. સુપાર્શ્વનાથ ભગવાનનું દહેરાસર ખંભાતવાળા પારેખ સ્વરુપચંદ હેમચંદનું બંધાવેલું છે. પાટણવાળા જેચંદભાઈ પારેખનું બંધાવેલું શ્રીમહાવીર પ્રભુનું દહેરાસર છે.

આ રીતે આ ટુંકમાં ૧૬ મોટાં દહેરાસર છે એનો ઘેરાવો જોતાં ટુંક વિમાનના આકાર જેવી મનોહર દેખાય છે. તેના કોટની રાંગને લાગીને કુલ્લે ૧૨૩ દેરીઓ છે. તેની એક બારીમાંથી નીકળતાં ત્યાં મુનિરાજની મૂર્તિ છે.

આ રીતે આ ટુંકમાં ૧૬ દહેરાસરો ૧૨૩ દેરીઓ અને કુલ્લે ૩૦૧૧ પ્રતિમાજીઓ છે, ૧૪૫ ધાતુ પ્રતિમા છે. રાયણ પગલાં ગણધર પગલાં વગેરે પગલાં મળીને ૧૪૫૭ પગલાં જોડી છે. શેઠ શેઠાણીની મૂર્તિ રંગ મંડપમાં ગોખલામાં પધરાવી છે.

ઘેટીની બારી

દાદાની આખી મોટી ટુંક એક બાજુએ અને બીજી બાજુએ બાકીની બધીયે ટુંકો છે. તે બેની વચ્ચે ઘેટીની બારીએ જવાનો રસ્તો છે. ત્યાં ઘેટીની બારી છે. ત્યાંથી નીકળીને ઘેટીના પગલે જવાય. નીચે તલાટીએ (ઘેટી પગલાંની) દેરી આવે.

નવે ટુકનાં જિનમંદિરો વગેરેનો કોઠો A

ક્રમ	ટુંકનું નામ	પ્રતિમાજી	ધાતુના પ્રતિમાજી	દેરીઓ મોટી	દેરીઓ નાની
૧	દાદાની મોટી ટુંક	૪૩૩૯	૫૦	૪૪	૨૮૯
૨	ચૈમુખજી (ખરતરવસહીની ટુંક)	૮૯	૧૦	૨૩	૨૧૨
૩	છીપાવસહીની ટુંક	૪૮	—	૬	૧૪ ૭ ખાલી
૪	સાકરવસહીની ટુંક	૧૩૫૯	૧	૨	૩૫ ૮ ખાલી
૫	નંદીશ્વરદ્વીપની ટુંક	૨૮૮	—	૨	૬
૬	હેમાભાઈની ટુંક	૨૬૫	—	૪	૩૪ ૩ ખાલી
૭	મોદીની ટુંક	૫૨૫	૧	૪	૩૧
૮	બાલાભાઈની ટુંક	૨૭૦	૪૫૮	૪	૧૩
૯	મોતીશાની ટુંક	૩૦૧૧	૧૪૫	૧૬	૧૮૧
	કુલ	૧૧૦૬૪	૬૬૫	૧૦૫	૮૧૫

Aઆ લખાણ (શત્રુંજય) શ્રીગિરિરાજ સ્પર્શના (પ્ર. સોમચંદ ડી. શાહ) પૃષ્ઠ. ૧૪૩ના આધારે આવ્યું છે. તે સં. ૨૦૩૨માં બહાર પડેલ છે. એટલે પહેલાંની નોંધને આ નોંધમાં ફેરફાર આવે પણ ખરો. અત્યારે એટલે સં. ૨૦૩૨માં આ નોંધની ગણતરી સાચી ગણવી પડે.


શ્રીશત્રુંજય તીર્થની નવ ટુંકનો નવાંગી કોઠો B

ટુંકનું નામ	બંધાવનારનું નામ	માતાનું નામ	પિતાનું નામ	જ્ઞાતિનું નામ	ગામનું નામ	સંવત્	પ્રતિષ્ઠાતિથિ
મૂળટુંક	કરમાશાહનો દાદાની	તારાદેવી	તોલાશાહ	વીશાઓશવાલ	ચિતોડગઢ	૧૫૮૭	વૈશાખવદ૬
ચૌમુખજીની ટુંક	સવાસોમજી	જસમાદેવી	જોગરાજ	દશાપોરવાડ	અમદાવાદ	૧૬૭૫	વૈશાખસુદિ૧૩
છીપાવસહી	લખચંદ ભંડારી		શીવચંદ	વીશાઓશવાળ	અમદાવાદ	૧૭૯૪	અષાઢ સુદિ ૧૦
પ્રેમાવસહી	પ્રેમચંદ મોદી		લવજીમોદી	દશાશ્રીમાળી	અમદાવાદ	૧૮૪૩	મહાસુદિ ૧૧
હેમાવસહી	હેમાભાઈ શેઠ	દાદીજડાવ	વખતચંદશેઠ	વીશાઓશવાળ	અમદાવાદ	૧૮૮૬	મહાસુદિ ૫
ઉજમવસહી	ઉજમબાઇ	જડાબાઈ	વખતચંદશેઠ	વીશાઓશવાળ	અમદાવાદ	૧૮૮૯	વૈશાખસુદિ૧૩
બાલાવસહી	દીપચંદ ઉર્ફે બાલાભાઈ		કલ્યાણજી	વીશાશ્રીમાળી	ઘોઘાબંદર	૧૮૯૩	
મોતીવસહી	મોતીશાશેઠ	રૂપાદેવી	અમીચંદ	વીશાઓશવાળ	ખંભાત મુંબાઈ	૧૮૯૩	મહાવદિ ૨
સાકરવસહી	સાકરચંદ		પ્રેમચંદ	દશાશ્રીમાળી	અમદાવાદ	૧૮૯૩	મહાસુદિ ૧૦

ફિલ્લેબંધી

આની થોડી ઘણી માહીતિ પહેલાં આપી હશે. પણ અત્રે વિસ્તારથી આપીએ છીએ. દાદાની ટુંકને–રતનપોળને આખો કોટ છે. વિમલવસહીને દાદાની ટુંકને લાગતો કોટ છે. સગાળપોળનો પણ કોટ છે. આ ત્રણે ભાગને આવરી લેતો આખો કોટ છે. નવટુંકની બારીથી સવાસોમની ટુંક સુધી કોટ છે. સાવાસોમની આખી ટુંકને કોટ છે. છીપાવસહી આગળનાં બધા દેરાંને આવરી લેતો કોટ છે. સાકરવસહીને પણ આખો કોટ છે. ઉજમવસહીને પણ કોટ છે. હેમાવસહીને પણ કોટ છે. મોદીવસહીને પણ કોટ છે. બાલાવસહીને પણ કોટ છે. મોતીવસહીને =મોતીશાની ટુંકને પણ કોટ છે. ગિરિરાજ પરની સમગ્ર ટુંકોને આવરી લેતો આખોયે કોટ છે. તેમાં દ્વાર ત્રણ જ છે. મોટો દરવાજો રામપોળનો એક અને ઘેટીની બારી ૨ તેમજ નવટુંકની બારી એ બે બારી જોવાં છે. એટલે આખાયે ગિરિરાજ પરના મંદિરોને આવરી લેતા કોટને ગોળ ફરીને આવે તો દોઢ ગાઉ થાય છે.

B આ નોંધ સારાભાઇ મણીભાઈ નવાબની શ્રીશત્રુંજય ગિરિરાજના ઉદ્ધાર વગેરેની નોંધપોથીમાંથી લીધી છે.



પ્રકરણ–૬

ગિરિરાજની નવ્વાણું યાત્રા

પરમ પાવન **શ્રીશત્રુંજય** ગિરિરાજ પર **શ્રીઆદીશ્વર** ભગવાન પૂર્વ નવ્વાણું વાર **ફાગણ સુદ–૮ ના દિવસે** પધાર્યા હતા. દર વખતે તેઓ આજ દિને પધાર્યા હતા. ભગવાનની આ યાત્રા ધ્યાનમાં લઈને પુણ્યશાળી આત્માઓ પણ **અષાડ** ચાતુર્માસ સિવાયના આઠ મહિનાઓમાં **નવ્વાણું યાત્રા** કરવા અહીં પધારે છે, અને અહીંની ધર્મશાળાઓમાં સ્થિરતા કરી **કારતક** સુદ ૧૫ થી ગિરિરાજ પર યાત્રા શરૂ કરે છે. આ નવ્વાણું યાત્રા કરવા શેષ કાળમાં ગમે ત્યારે અનુકૂળ દિવસથી આરંભ કરવામાં આવે છે.

યાત્રી પોતાની ધર્મશાળામાંથી નીકળી **જયતળેટી**એ પહોંચી ત્યાં શ્રીગિરિરાજનું ચૈત્યવંદન કરી ઉપર ચડે છે. રસ્તામાં ચાલતાં ક્રમે રામપોળ, સગાળપોળ, વાઘણપોળ આવે છે. ત્યાં **શ્રીશાંતિનાથ** ભગવાનના મંદિરે ચૈત્યવંદન કરી, **હાથી**પોળ થઈ **રત્ન**પોળે જાય છે. અહીં શ્રીઆદીશ્વર દાદાનું દર્શન કરી ચૈત્યવંદન કરે. એક જ યાત્રા કરનાર પ્રદક્ષિણા દેવાનું શરૂ કરે અને ત્રીજી પ્રદક્ષિણામાં રાયણના વૃક્ષને પ્રદક્ષિણા દઈ ત્યાં **શ્રીઆદીશ્વર** ભગવાનની પાદુકા આગળ ચૈત્યવંદન કરે છે અને પછી દર્શન કરતાં આગળ ચાલતાં **પુંડરીક**સ્વામીના દર્શન કરી ચૈત્યવંદન કરે છે.

દરેક યાત્રામાં નવ સાથિયા, નવ **લોગસ્સ**નો કાઉગ્ગ અને નવ ખમાસણાં દે છે. એટલું કરે એટલે એક યાત્રા કરી કહેવાય.

બે યાત્રા એક સાથે કરનાર **શાં**તિનાથ ભગવાનનું ચૈત્યવંદન કરી દાદાનાં દહેરે ચૈત્યવંદન કરી **રા**યણપગલાં અને **પુ**ંડરીકસ્વામીનું દર્શન કરી **ઘે**ટીના પાયગાયે જાય છે. અહીં દર્શન અને ચૈત્યવંદન કર્યા પછી ફરીથી બીજીવાર ઉપર ચડે છે.


ઉપર આવીને સેવા પૂજા કરનાર નહાઈ પૂજાના સમયે પૂજા કરે છે. અને સમય મળે એટલે પ્રદક્ષિણા કરવા માંડે. પ્રદક્ષિણા કરતી વખતે રાયણ પગલાં તથા **પુ**ંડરીકસ્વામીનું ચૈત્યવંદન, ખમાસમણાં, સાથિયા, કાઉસગ્ગ વગેરે વિધિ પૂરી કરે છે.

ત્રણ યાત્રા કરનાર ઉપરની પદ્ધતિ પ્રમાણે ત્રણ યાત્રાની ક્રિયા કરે છે.

નાવાણું યાત્રા કરનાર નવ વખત નવ ટુંકમાં જાય છે. **ઘે**ટીની પાયગાએ પણ ઓછામાં ઓછાં નવવાર દર્શન તો કરે **જ**. નવાણું યાત્રા કરનાર આયંબીલ કરીને એકવખત બે વાર જાત્રા કરે છે, અને ઉપવાસ કરી ત્રણ જાત્રા એક દિવસે સાથે કરે છે. વળી **શે**ત્રુ**ંજી** નદીમાં નાહીને પણ એક જાત્રા કરે છે. (હાલમાં બંધ બંધાયેલો હોવાથી નદીમાં નહાવાનું વિકટ બન્યું છે.) જતાં આવતાં ત્રણ ગાઉના અંતર વાળી રોસાળાની પાયગાએ એક વાર જાત્રા કરવા જાય અને એક–વાર ગિરિરાજ પરનાં બધાં મંદિરોનિ પ્રદક્ષિણા કરે ત્યારે દોઢ ગાઉની પ્રદક્ષિણા પૂરી કરે છે. એક વખત છ ગાઉની પ્રદક્ષિણા દેછે. એક વાર બાર ગાઉની પ્રદક્ષિણા (બંધ ન હતો ત્યારે) દેવામાં આવતી હતી. તેમાં **હસ્તગિરિ** અને **કદમ્બગિરિ**નાં દર્શન પણ કરે, નવ્વાણું યાત્રા કરનાર પોતાની શક્તિ પ્રમાણે તપ કરે છે.

આ સિવાય, કેટલાક એક લાખ **નવકારમંત્ર**નો જાપ નવાણુ યાત્રામાં પૂરો કરે છે. અથવા તો એક યાત્રા કરતી વખતે દશ બાંધી માળા ગણે છે.

પગપાળા છ'રીપાળી યાત્રા કરે, તેને વધુ પુણ્ય મળે છે. તે જેટલું પુણ્ય મેળવે તેના કરલાએ ભાગનું પુણ્ય ડોળીમાં બેસીને યાત્રા કરનાર મેળવે છે.



પ્રકરણ—૭

શ્રીશત્રુંજય ગિરિરાજના ૨૧ ખમાશ્રમણો (અર્થ સાથે)

સિદ્ધાચલ સમરું સદા, **સો**રઠ દેશ મોઝાર ।
મનુષ્ય જન્મ પામી કરી, વંદું વાર હજાર ॥૧॥
અંગ વસન મન ભૂમિકા, પૂજે પગરણ સાર ।
ન્યાય દ્રવ્ય વિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર ॥૨॥
કાર્તિક સુદિ પૂનમ દિને, દશ કોડી પરિવાર ।
દ્રાવિડને વારિ ખીલજી, સિદ્ધ થયા નિરધાર ॥૩॥
તિણ કારણ કાર્તિક દિને, સંઘ સકલ પરિવાર ।
આદિ દેવ સન્મુખ રહીં. ખમાસમણ બહું વાર ॥૪॥
એકવીશ નામે વર્ણવ્યો, તિહાં પહેલું અભિધાન ।
''શત્રુંજય'' શુકરાજથી, જનક વચન બહુમાન ॥૫॥

(સિદ્ધાચલ૦ ૧)

આ આત્માને આઠકર્મોએ ઘેરેલે છે. તે આઠ કર્મોનો જેણે નાશ કર્યો છે, તે સિદ્ધ કહેવાય. આવા આઠકર્મનો નાશ કરાવનાર એવોજ અચલ–પર્વત–ગિરિ તે **સિદ્ધાચલ** તેનું હમેશાં આત્માએ ધ્યાન એને સ્મરણ કરવું જોઈએ. આવું સ્થાન ક્યું ? તેથી જણાવે છે કે ઉર્ધ્વ અધો અને તિર્ચ્છા લોકમાં કે ૧૪ કર્મ ભૂમિમાં આવુ આ એકજ **ભરત** ક્ષેત્ર છે કે જેમાં તે **સ્થાન** આવેલું છે. તેમાં પણ, દક્ષિણ **ભરત** અને ઉત્તર **ભરતના** છખંડમાં દક્ષિણના ત્રણ ખંડમાં, મધ્યનો જે ખંડ છે, તે ખંડમાં, **સો**રઠ દેશ આવેલો છે. તે **સો**રઠ દેશમાં આ **શ્રીસિદ્ધાચલ** આવેલો છે. તો હવે પછી શું ? ત્યારે કહે છે કે–ચોરાસી લાખ જીવાયોનિમાં એવો એકજ મનુષ્યભવ છે, કે તે તે મેળવવાની તાકાત વાળો છે. એવો મનુષ્ય જન્મ તને મલ્યો છે, તેને પામીને તારા આત્માના કલ્યાણ માટે તું વરંવાર, હજારો વખત તેને વંદન કર ॥૧॥

એ **સિદ્ધાચલની** આરાધના કરવાને માટે તારે કઈ સામગ્રી જોઇએ ? અંગની–શરીરની પવિત્રતા જોઈએ, વસ્ત્રની પવિત્રતા જોઈએ, મનની–અંતરની પણ પવિત્રતા જોઈએ, ભૂમિની પવિત્રતા જોઇએ, પૂજા કરવાને માટે પણ પૂજાના ઉપકરણો સારાં જોઈએ. પૈસો પણ ન્યાયથી પ્રાપ્ત કરેલો જોઇએ, આવી રીતે સાતે પ્રકારની શુદ્ધિ હોય તો તે સાચી આરધનાના રૂપમાં આવે ॥૨॥

હવે તે તેવા આરાધકો કોણ થયા ? કયારે કયારે થયા ? કેવી રીતે આરાધના કરી ? અને કેટલા કેટલાની સાથે તે આરાધી ગયા, તેવા તે આ '૨૧' ખમાસમણના કર્તા **વી**રવિજયજી મહારાજ તેમનાં નામ લેવા સહિત વર્ણન કરી બતાવે છે.

શ્રીશત્રુંજય મહાત્મ્યમાં જણાવ્યું છે કે

એકેનાપ્યુપવાસેન, કાર્તિકૂર્યાં વિમલાચલે ।
બ્રહ્મ હેાષિદ્ ભ્રૂણ હત્યા–પાતકાન્મુચ્યતે નરઃ ॥
અનન્તા મુક્તિમાસેદુ–રત્ર તીર્થપ્રભાવતઃ ।
સેત્સ્યન્તિ બહવોપ્યત્ર, શુદ્ધચારિત્રભૂષિતાઃ ॥૧॥
યાત્રયા તપસા દાનાદ્–દેવાર્ચનવિધાનતઃ ।
અન્યત્રાન્યકાલપુણ્યાત્ તસ્યાં સ્યાદધિકં ફલમ્ ॥૨॥

કાર્તિકી પૂર્ણિમાના દિવસે **વિમલાચલ** પર એક ઉપવાસ વડે, બ્રાહ્મણ-સ્ત્રી–બાળકની હત્યાના પાપથી મનુષ્ય મુક્ત થાય છે. શુદ્ધ ચારિત્રના પ્રભાવ વડે શુદ્ધ એવા મુનિઓ આ તીર્થના પ્રભાવથી અહિયાં અનન્તા મુક્તિપદને પામેલા છે. વર્તમાનમાં પામે છે. અને ભવિષ્યમાં પણ પામશે. અન્ય તીર્થમાં યાત્રા કરવાથી, દાન દેવાથી, તપશ્ચર્યા કરવાથી, પૂજા કરવાથી જે પુણ્ય થાય છે, (તેથી અહિં કાર્તિકી પૂર્ણિમાની આરાધના કરનાર એવા 'દ્રાવિડ' અને વારિખિલ્લનું દૃષ્ટાન્ત બતાવે છે.)

આદિદેવ **શ્રીઆદિનાથ** ભગવાને, **ઋ**ષભદેવ ભગવાને ગૃહસ્થપણામાં મનુષ્યોને વ્યવહાર સારી રીતે ચાલે માટે, લેખનકળા, શિલ્પકળા સ્ત્રીપુરુષોનાં લક્ષણો વગેરે બધું બતાવ્યું, રાજ્ય વ્યવસ્થા સુદૃઢ કરી. સંયમ અંગીકાર કરતાં ૧૦૦ પુત્રોને રાજ્ય વહેંચી આપ્યું, તેમાં **'દ્રા**વિડ'ને **મિ**થિલાનું રાજ્ય આપ્યું, તેને પોતાના મોટા પુત્ર દ્રવિડને મિથિલાનું રાજ્ય આપ્યું અને નાના પુત્ર **વા**રિખિલ્લને લાખ ગામ આપ્યાં, એક બીજાએ પોત-પોતાના પ્રદેશમાં આવતાં પરસ્પર રોકયા. આથી માંહોમાંહે ઝઘડો થયો અને યુદ્ધે ચઢ્યા, મંત્રીએ લડતાં બંધ કરવા, વનરાજી જોવાના બહાને દ્રવિડને સુવર્ણ તાપસના આશ્રમમાં લઈ ગયા. તાપસે આશીર્વાદ આપ્યો. ધર્મોપદેશ આપ્યો ને કહ્યું કે તમારા પિતાજીએ જે સુવ્યવસ્થા કરી, તેનો તમે કયાં આમ સત્યાનાશ કરવા બેઠા ? દ્રાવિડે કહ્યું **ભ**રત **બા**હુબલી લડ્યા, તો પછી અમે કેમ ન લડીએ. તાપસ કહે તેતો ચક્ર આયુધશાળામાં ન હોતું આવતું માટે લડ્યા. તમને લડવું યોગ્ય નથી. તેથી લડવું બંધ કર્યું.

દ્રવિડવારિખિલ્લનું મોક્ષે જવું

આ ઉપદેશથી મોટાભાઈએ નાનાભાઈને ખમાવ્યા.ને બન્ને તાપસ બન્યા. આદીશ્વર ભગવાનનું ધ્યાન કરનારા થયા. આવા અવસરે **નમિ વિનમિ**ના વિદ્યાધર મુનિના પ્રશિષ્યો આકાશમાર્ગે **પુંડરીકગિરિ**ની યાત્રા કરવા જતા હતા તે ત્યાં આવ્યા, ગિરિરાજનો મહિમા વર્ણવ્યો, ઉપદેશ આપ્યો, અને સાધુપણું આપ્યું. તેમની સાથે **પુંડરીકગિરિ**એ પધાર્યા, દશકોડ સાધુ તે બન્ને મુનિનો પરિવાર હતો. ગિરિરાજની આરાધના કરી અને અંતે અનશન કરી કાર્તિક સુદ ૧૦ ના બધા પરિવાર સાથે કર્મખપાવી ગિરિરાજ ઉપર મોક્ષે ગયા.

કાર્તિક પૂર્ણિમાનો મહિમા

આ કારણથી **કા**ર્તિક સુદ ૧૫ ના દિવસનો મહિમા છે. માટે **કા**ર્તિક સુદ ૧૫મે યાત્રાદિ કરી **આ**દીશ્વર ભગવાન સન્મુખ ખમાસમણ વગેરે કરવું જોઈએ, આલંબન આત્માને જોઇએ જ.

એટલે આલંબન આ ગિરિરાજનું અને **આદીશ્વર** ભગવાનનું. તેથી તેમની સન્મુખ ખમાસમણ દેવાય. આને જ માટે **કાર્તિક** સુદ ૧૫ ના તે આરાધનાના ઉદ્દેશથી જગો જગો પર, ગામે ગામ **શત્રુંજય** ગિરિરાજનો પટ બાંધીને ત્યાં ચૈત્યવંદન ખમાસમણ વગેરે દેવાય છે. પછી ૨૧ ખમાસમણ આપે કે ૧૦૮ ખમાસમણ આપે, પણ **કાર્તિક** સુદ ૧૫ ને યાત્રાના પ્રતિક તરીકે પટ જુહારવા જાય અને તે આરાધના કરે.

આ ગિરિરાજના મોટાં એકવીસ નામ છે. તેથી તે નામો ગુણ પૂર્વક લઇને તેના ખમાસમણ દે, તેમાં પહેલું નામ **'શત્રુંજય'** નું લે છે. કાર્તિકી માસની અપેક્ષાએ પ્રથમ કાર્તિકથી મહિમા વર્ણવ્યો, એટલે પ્રથમ કાર્તિક સુદ ૧૫ ની વાત લીધી.

શુકરાજાને પોતાનું રાજ્ય શત્રુઓએ લઈ લીધું છે. તેથી **શુ**કરાજા ભારે ચિંતામાં પડેલાં છે. રાજ્ય પાછું આવવાનો કોઈ રસ્તો જડતો નથી. એ ઉપદેશક પાસે જાય છે. ત્યારે સલાહ મળે છે કે હે પુણ્યવાન બીજી બધી જંજાળમાં તને સાર કાંઈ નહિ આવે માટે શાંત ચિત્તે તમે **શત્રુંજય** ગિરિરાજનું છ મહિના ધ્યાન કરો. આથી તેઓ ગિરિરાજનું ધ્યાન છ મહિના ધરે છે. તેના પ્રતાપે શત્રુ ઉપર પોતાનો જય છે. અને રાજ્ય પણ પાછું મળે છે. આમ બાહ્ય અને આભ્યન્તર શત્રુઓનો નાશ કરનાર આ તીર્થ છે. એથી આ તીર્થનું પહેલું નામ **'શત્રુંજય'** એવું પડે છે. તેથી પહેલાંજ ખમાસમણમાં તે નામ લેવાય છે. (ખમા૦ ૧)

સમોસર્યા સિદ્ધાચળે, પુંડરીક ગણધાર ।
લાખ સવા માહાત્તમ કહ્યું, સુર નર સભા મોઝાર ॥૬॥
ચૈત્રી પૂનમ દિને, કરી અણુસણ એક માસ ।
પાંચ કોડી મુનિ સાથશું, મુક્તિ નિલયમાં વાસ ॥૭॥
તેણે કારણ **પુંડરીકગિરિ**, નામ થયું વિખ્યાત ।
મન, વચ, કાયે વંદીએ, ઊઠી નિત્ય પ્રભાત ॥૮॥ **સિદ્ધા**૦૨॥

શ્રીઋષભદેવ ભગવાન **સિદ્ધગિરિરાજ** પર પધાર્યા છે. અને દેવતા, અસુરો ને માનવની એમ બાર પરિષદામાં=સભામાં ગિરિરાજના મહિમાનું વર્ણન કરે છે. અને જણાવે છે કે બધાં તીર્થો કરતાં આ તીર્થનો મહિમા સવાલાખગણો છે. વિહારના સમયે ગણધર **શ્રીપુંડરીક** સ્વામિને જણાવે છે કે આ તીર્થના પ્રભાવે તમોને અને તમારા પરિવારને કેવળજ્ઞાન પ્રાપ્ત થશે. અને મોક્ષે જવાશે. વળી તમારી આરાધનાથી આ તીર્થનો મહિમા વધશે. માટે તમો

આ તીર્થ પર સ્થિરતા કરો. આથી **શ્રીપુ**ંડરીક ગણધર પોતાના પરિવાર સાથે સ્થિરતા કરે છે. અને છેલ્લે એક માસનું અણસણ કરીને પાંચકોડી મુનિની સાથે **ચૈ**ત્રી પૂર્ણિમાના દિવસે મોક્ષે જાય છે. આ કારણથી આ ગિરિરાજનું **પુંડરીક ગિરિરાજ** એવું નામ પડે છે. માટે રોજ સવારે ઊઠીને મન, વચન, કાયાથી તે ગિરિરાજનું ધ્યાન કરવું જોઇએ. (ખમા૦૨)

વીસ કોડીશું **પાં**ડવા, મોક્ષ ગયા ઇણે ઠામ ।
એમ અનંત મુકૂતે ગયા, **સિદ્ધક્ષેત્ર** તેણે નામ ॥૯॥ (સિદ્ધા૦૩)

પાંડવો અને **કૌ**રવો કાકા કાકાના ભાઈઓ, **મ**હાભારતના ભયંકર યુદ્ધમાં ઊતર્યા. ભયંકર સંગ્રામ થયો. **મ**હાશિલા કંટક અને **ર**થમૂશળ વગેરે ભયંકર સંગ્રામો થયા. અસંખ્ય-જનનો સંહાર થયો. અંતે **પાં**ડવો જીત્યા. રાજવી થયા. પણ અંતરમાં કરેલો સંહાર ડંખી રહ્યો છે. અંતે રાજ્ય વ્યવસ્થા કરે છે. આ બાજુ **જ**રાકુમારના બાણથી **શ્રી**કૃષ્ણના મરણને જાણે છે. આત્મા કકળી ઊઠે છે. એટલે સંયમ માટે તૈયાર થાય છે. વીસકોડની સાથે પાંચ **પાં**ડવો **કુ**ંતીમાતા અને **દ્રૌ**પદી સંયમ અંગીકાર કરે છે. **પાં**ડવો સંયમ અંગીકાર કર્યા પછી અભિગ્રહ કરે છે કે 'પ્રભુ **ને**મિનાથ ભગવાનને વંદન કર્યા, પછી જ આહાર પાણી લેવાં'. ત્યાર પછી સમાચાર મળે છે કે **શ્રીને**મિનાથ ભગવાન મોક્ષે પધાર્યા, એટલે એમનો અભિગ્રહ આહાર પાણી ન લેવાનો હતો તે તો હવે કાયમ રહ્યો. એટલે એમને ગિરિરાજ ઉપર અનશન અંગીકાર કર્યું', એવી રીતે એ તીર્થ ઉપર અનંતા મોક્ષે ગયા છે. આથી આ ગિરિનું નામ **સિદ્ધક્ષેત્ર** એવું પણ પડ્યું. (ખમા૦૩)

અડસઠ તીરથ ન્હાવતાં, અંતરંગ ઘડી એક ।
તુંબી જલ સ્નાને કરી, જાગે ચિત્ત વિવેક ॥૧૦॥

ચંદ્રશેખર રાજા પ્રમુખ, કર્મ કઠિન મલ ધામ ।
અચલપદે વિમલા થયા, તીણે **વિમલાચલ** નામ ॥૧૧॥સિ૦૪॥

ચંદ્રશેખર વગેરે રાજાઓ, દુનિયામાં કહેવાતાં અડસઠ તીર્થમાં શુદ્ધિને માટે ફર્યા અને આ તીર્થે નહાતાં અંતરંગ ઘડી એક એવી આવીકે એક તુંબડી પાણીથી નહાતાં આત્મામાં વિવેક જાગ્યો અને તે વિવેક જાગતાં અચલ એવાં કર્મના કઠિન મળને ચલાયમાન કર્યો અને આ અચલ= પર્વત ઉપર પોતે જે નિર્મળતા કર્મની કરવા માંગતા હતાં, તે નિર્મળતા પ્રાપ્ત કરી ને મોક્ષે ગયા, આથી આ તીર્થનું **વિમલાચલ** એવું નામ પડયું, (ખમા૦૪)

પર્વતમાં **સુરગિરિ** વડો, જિન અભિષેક કરાય ।
સિદ્ધ હુવા સ્નાતક પદે, **સુરગિરિ** નામ ધરાય ॥૧૨॥ સિ૦૫॥

જગતના બધાએ પર્વતો છે. તેમાં **જમ્બૂદ્વીપમાં**, મધ્યમાં આવેલો **મેરુ** પર્વત, લાખ જોજન ઊંચો છે. કે જેની ઉપર તીર્થંકર પરમાત્માનો ચારે નિકાયના દેવતાઓ જન્માભિષેક કરે છે. પરંતુ ત્યાં કોઈ મોક્ષે જતું નથી. પણ આ ગિરિવર પર સ્નાતક–સર્વ કર્મોનો નાશ કરનાર થાય છે માટે આ ગિરિરાજને **સુરગિરિ** એવું પણ નામ આપે છે.

જમ્બૂદ્વીપનાં ૧૫ ક્ષેત્રમાંથી ૧૪ ક્ષેત્રમાં આના જેવો પરમપાવન પવિત્ર કરનારો કોઇજ પર્વત નથી. તે કારણથી તેમજ જ્યાં દેવતાઓનાં અનેક સ્થાનકો છે, આથી આ ગિરિરાજ **સુરગિરિ** નામથી ઓળખાય છે. (બમા૦૫)

એંસી યોજન પૃથુલ છે, ઉચ્ચપણે છવ્વીસ ।
મહિમાએ મોટો ગિરિ, **મહાગિરિ** નામ નમીશ ॥૧૪॥સિ૦૬॥

આ પ્રાયે શાશ્વતો ગિરિ છે. કારણકે બીજી શાશ્વતિ વસ્તુઓમાં ઓછાવત્તાપણું થતું નથી, પણ આ ગિરિરાજનું ઓછાવત્તાપણું થતું હોવાથી આને પ્રાયે શાશ્વતો કહેવાય છે. આ **અવસર્પિણી**ના પહેલા આરામાં ૮૦ જોજન, બીજામાં ૭૦ જોજન, ત્રીજામાં ૬૦ જોજન, ચોથામાં ૫૦ જોજન, પાંચમામાં ૧૨ જોજન અને છઠ્ઠામાં ૭ હાથનો રહેશે. તેથી એ પ્રત્યે શાશ્વતો છે. તેથી કહે છે કે ૮૦ જોજનના વિસ્તારવાળો અને ૨૬ જોજનની ઊંચાઈ વાળો, તેથી મહિનાના પ્રભાવે આ મોટો ગિરિ છે, તેથી તે **મહાગિરિ** નામવડે નમવા યોગ્ય છે. (બમા૦૬)

ગણધર ગુણવંતા મુનિ, વિશ્વમાં હે વંદનિક ।
જેહવો તેહવો સંયમી, **વિમલાચલ** પૂજનિક ॥૧૫॥
વિપ્રલોક વિષધરસમા, દુખીયા ભૂતલ જાણ ।
દ્રવ્ય, લિંગ, કણ ક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન ॥૧૬॥
શ્રાવક મેઘસમા કહ્યા, કરતા પુણ્યનું કામ ।
પુણ્યની રાશિવધે ઘણી, તીણે **પુણ્યરાશિ** નામ ॥૧૭॥સિ૦ ૭॥

મુનિવરોની અંદર ગણધરો તો આખાયે જગતમાં વંદનીય છે. આ **વિમલાચલ** પર

ઓછુવતું ચારિત્ર પાળનારો હોય તો પણ તે આ તીર્થે પૂજનીય છે. વિપ્રલોક જગતમાં ઘણા છે. પણ કોઈ કોઈ પુણ્યના યોગ વગરના હોય તે, જગતમાં દુઃખી દેખાય છે. સાધુપણાના દ્રવ્ય લિંગને-વેશને ધારણ કરનારા તો ક્ષેત્રમાં નાંખેલા ધાન્ય જેવા છે. પણ સંયમ પાળનાર સાધુઓ છીપમાં જેમ મોતી જેવી છે તેથી તેમની ભક્તિ એ છીપના મોતી જેવી છે. એ રીતે, સંયમીની મુખ્યતા જણાવી છે. જ્યારે શ્રાવકો દાન દેનારા છે એટલે તે જેવા જેવા પાત્રમાં આપે તેવું તેવું ફળ મલે, તે ફળ-તે પુણ્ય અહીં દાનાદિથી મળે છે-આથી પુણ્યની રાશી અહીં એકઠી થાય છે. માટે આ ગિરિરાજ **પુણ્યરાશિ** કહેવાય છે. (ખમા ૦૭)

સંયમધર મુનિવર ઘણા, તપ તપતા એક ધ્યાન ।
કર્મ વિયોગે પામીઆ, કેવલ લક્ષ્મી નિધાન ॥૧૮॥
લાખ એકાણુ શિવ વર્યા. **નારદશું** અણગાર ।
નામ નમો તેણે આઠમું, **શ્રીપદગિરિ** નિરધાર ॥૧૯॥સિ૦૮॥

આ ગિરિરાજને પામીને સંયમ ધારણ કરનાર એવા ઘણા મહામુનિવરો, આ ગિરિરાજ પર ગિરિરાજનું એકાગ્રતા પૂર્વક ધ્યાન લગાવીને, તપ સારી રીતે કરે છે. તે ધ્યાન અને તપના પ્રભાવે સર્વ કર્મોનો ક્ષય કરીને, કેવળજ્ઞાન રૂપી લક્ષ્મીના મેળવનાર બને છે. આથી જેમનું બ્રહ્મચર્ય અખંડ છે, વળી જેઓ જગતમાં એક બીજાને અથડામણ કરાવનાર પણ છે, છતાં અંતે આ ગિરિની આરાધના કરે છે અને પોતાની સાથે બીજાઓને પણ આરાધનામાં જોડે છે. તે **નારદ**મુનિ એકાણું લાખ સાધુઓની સાથે આ ગિરિ પર નિર્વાણપદને પામ્યા. તેથી આ ગિરિરાજનું આઠમું નામ **શ્રીપદગિરિ** એવું પડ્યું. (ખમા૦૮)

શ્રી**સિમ**ંધર સ્વામીએ, એ ગિરિ મહિમા વિલાસ ।
ઈન્દ્રની આગળ વર્ણવ્યો, તેણે એ **ઇન્દ્રપ્રકાશ** ॥૨૦॥ સિ૦૯॥

જમ્બૂદ્વીપના મહાવિદેહમાં વર્તમાન વીશ તીર્થંકરોમાંથી, શ્રીસિમંધર સ્વામીએ આ ગિરિરાજનો અપરંપાર મહિમા ઈન્દ્રને પ્રકાશ્યો-વર્ણવ્યો, તે કારણથી ગિરિરાજ **ઇન્દ્રપ્રકાશ** નામથી પણ કહેવાય છે. (ખમા૦૯)

દશ કોડી અણુવ્રત ધરા, ભક્તે જમાડે સાર ।
જૈન તીર્થ યાત્રા કરે, લાભ તણો નહિં પાર ॥૨૧॥
તેહ થકી **સિદ્ધાચલે**, એક મુનિને દાન ।
દેતાં લાભ ઘણો હુવે, **મહાતીર્થ** અભિધાન ॥૨૨॥સિદ્ધા૦૧૦॥

કોઈ શ્રાવકના વ્રતોને ધારણ કરનાર=શ્રાવક વ્રતોને ધારણ કરનાર એવા દશક્રોડને જમાડે તેના કરતાં પણ આ ગિરિરાજ પર ભક્તિભાવથી એક મુનિને દાન આપે તો તેનાથી તેને ઘણો જ લાભ થાય છે=મહાન્ લાભ થાય છે. તેથી આ ગિરિરાજ **મહાતીર્થ** નામથી બોલાય છે. (ખમા૦૧૦)

પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાળ અનંત ।
શત્રુંજય મહાત્મ સુણી, નમો **શાશ્વતગિરિ** સંત ।।૨૩।। સિદ્ધા૦૧૧।।

(છઠ્ઠા**મહાગિરિ** નામમાં પ્રાયે શાશ્વતાપણાનું-વર્ણન કર્યું છે. એટલે તે વાત વિસ્તારથી અત્રે કહી નથી.) આ ગિરિ અનંતકાળ રહેશે એમ **શ્રીધનેશ્વરસૂરિ** મહારાજના રચેલા **શ્રીશત્રુંજય માહાત્મ્ય**માં છે. તેથી આ ગિરિ પ્રાયે શાશ્વતો છે. માટે અગિયારમા **શાશ્વતગિરિ** નામથી કહેવાય છે. તેથી હે ભવ્યો ! એ **શાશ્વતગિરિ**ની આરાધના કરો. (ખમા૦૧૧)

ગૌ, નરી, બાળક, મુનિ, ચઉ હત્યા કરનાર ।
યાત્રા કરતાં કાર્તિકી, ન રહે પાપ લગાર ।।૨૪।।
જે પરદારા લંપટી, ચોરીના કરનાર ।
દેવદ્રવ્ય, ગુરુદ્રવ્યના, જે વળી ચોરણહાર ।।૨૫।।
ચૈત્રી, કાર્તિકી પૂનમે, કરે યાત્રા ઇણ ઠામ ।
તપ તપતાં પાતિક ગળે, તેણે **દૃઢશક્તિ** નામ ।।૨૬।।સિદ્ધા૦૧૨।।

ગિરિરાજના મહિમાનો વર્ણન કરતાં જણાવે છે કે-આ ગિરિના પ્રભાવે ગાય, સ્ત્રી, બાળક અને મુનિની હત્યા કરવાથી હત્યારો થયેલો એવો પાપી, કાર્તિકી જાત્રા કરીને પાપનો નાશ કરે છે-પાપ રહિત થાય છે. દુનિયાના જે મહાપાપો જેમકે પરસ્ત્રીગમન કરનાર, ચોરી કરનાર, દેવના દ્રવ્ય ચોરી જનાર, ગુરુના દ્રવ્યને ચોરી જનાર, આવા આવા મહાપાપો કરનાર **ચૈત્રી** પૂર્ણિમાની તથા **કાર્તિકી** પૂર્ણિમાની, જો ભાવથી જાત્રા કરે, તો તપના પ્રભાવ વડે પોતાના પાતિક ગાળી=નાશ કરી નાંખ છે. આવી આવી ગિરિરાજની દૃઢશક્તિ છે તેથી તેનું **દૃઢશક્તિ** એવું નામ કહેવાય છે. (ખમા ૧૨)

ભવ ભય પામી નીકલ્યા, **થા**વચ્ચા સુત જેહ ।
સહસ મુનિશું શિવ વર્યા, **મુક્તિનિલય** ગિરિ તેહ ।।૨૭।।સિ૦૧૩।।

થાવચ્ચા રાણીના પુત્રને ગુરુ મહારાજનો સંજોગ મળી જાય છે. ગુરુ મહારાજ ધર્મોપદેશથી સંસારના ભવભ્રમણના ભયનું સવિસ્તાર=ભયંકરપણું જણાવે છે. એટલે તેને વૈરાગી થાય છે.

કર્મનો નાશ કરવા તત્પર થાય છે. એટલે ગુરુમહારાજ અને આ ગિરિવર બતાવે છે. આથી થાવચ્ચા રાણીનો પુત્ર હજાર મુનિઓ સાથે આવીને તપ કરીને અણસણ કરે છે. ગિરિના પ્રભાવથી મુક્તિના સ્થાનને પામે છે, તેથી આ ગિરિનું **મુકિતનિલયગિરિ** એવું નામ કહેવાય છે. (ખમા૦૧૩)

ચંદા સૂરજ બિહુ જણા, ઊભા ઈણે ગિરિશ્રૃંગ ।
કરી વર્ણનને વધાવીઓ, **પુષ્પદંત** ગિરિ રંગ ॥૨૮॥સિદ્ધા૦૧૪॥

ચંદ્ર અને સૂર્ય આ ગિરિરાજના દર્શને આવે છે, ગિરિને જોઈને પોતાના આત્માને અત્યન્ત સંતોષ થાય છે. આથી તે પુષ્પો વડે ગિરિરાજને વધાવે છે, તેથી આ ગિરિનું **પુષ્પદંત** એવું નામ પડે છે. (ખમા૦૧૪)

કર્મ કલણ ભવ જલ તજી, ઈહાં પામ્યા શિવસદ્મ ।
પ્રાણી પદ્મ નિરંજની,વંદો ગિરિ **મહાપદ્મ** ॥૨૯॥સિ૦૧૫॥

જે ભવ્ય પ્રાણિઓ આ તીર્થની, અંતરથી આરાધના કરે છે, તે પ્રાણિઓ સંસારના કર્મના કાદવ રુપ=સંસાર સમુદ્રને તરીને ઈહાં શિવપદ્મ=મોક્ષને=પદ્મ નિરંજનીને પામે છે. માટે આ **મહપદ્મગિરિને** હે ભવ્યો ! તમે વંદન કરો, (ખમા૦૧૫)

શિવ વહુ વિવાહ ઉત્સવે, મંડપ રચીયો સાર ।
મુનિવર વર બેઠક ભણી, **પૃથ્વીપીઠ** મનોહાર ॥૩૦॥ સિદ્ધા૦૧૬॥

કવિ કલ્પના કરે છે કે આત્માને લાગેલાં કર્મોનો નાશ કરીને મોક્ષ રૂપી સ્ત્રીને પરણવી હોય તો મંડપ પીઠ=બેઠક વગેરે કરવાં પડે અને ત્યાં બેસીને મોક્ષે જનાર વરરાજા મોક્ષ રૂપી સ્ત્રીને પરણે. આથી કહે છે કે શિવ વહુના વિવાહના મહોત્સવમાં આ ગિરિરાજરૂપી મંડપ પર ધ્યાન મગ્ન બેઠક બનાવીને મુનિવરો મોક્ષે ગયા, તેવો આ મનોહર એવો **પૃથ્વીપીઠ** ગિરિરાજ છે. ॥ ખ૦ ૧૬ ॥

શ્રીસુભદ્રગિરિ નમો, ભદ્ર તે મંગળ રૂપ ।
જલ તરુ રજ ગિરવર તણી, શીશ ચઢાવે ભૂપ ॥ ૩૧ ॥ સિદ્ધા૦૧૭ ॥

આ ગિરિરાજ–પર્વત પાવન–પવિત્ર કરનાર છે. તેની રજ પણ પવિત્ર છે, આ ગિરિરાજના તો ઝાડ પણ પવિત્ર છે. વળી ભદ્રતા તેમજ મંગળ પણું કરે છે. ભદ્ર અને

કલ્યાણને કરે છે. તેથી તેની રજને મસ્તકે ચઢાવે છે. આથી આ ગિરિનું ૧૭મું **સુભદ્રગિરિ** એવું પણ નામ છે. (ખમા૦૧૭)

વિદ્યાધર સુર અપ્સરા, નદી **શત્રુંજી** વિલાસ ।
કરતા હરતા પાપને, ભજીએ ભવિ **કૈલાસ** ॥ ૩૨ ॥ સિદ્ધા૦૧૮ ॥

આ **શત્રુંજય** ગિરિરાજના પાણીને વહન કરનારી શેત્રુંજી નદી ત્યાં આવેલી છે. તેનું ગિરિરાજના પ્રભાવે પાણી પણ પ્રાણીઓના પાપને નાશ કરનાર છે. આથી વિદ્યાધરો, દેવતાઓ, અપ્સરાઓ વગેરે પાપને નાશ કરવાની આશાએ આ નદીમાં વિલાસ કરે છે. તેવી આ ગિરિરાજની આ નદી હોવાથી આ ગિરિને **કૈલાસ** એવા નામથી સંબોધે છે, (ખમા૦૧૮) ॥

બીજા નિરવાણી પ્રભુ, ગઈ ચોવીસી મોઝાર ।
તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ અણગાર ॥ ૩૩ ॥
પ્રભુ વચને અણસણ કરી, મુક્તિ પુરીમાં વાસ ।
નામે **કદંબગિરિ** નમો, તો હોય લીલ વિલાસ ॥ ૩૪ ॥ સિદ્ધા૦૧૯ ॥

ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં દરેક કાળે ચોવીસ તીર્થંકરો થાય. તેમાં ભૂતકાળની ચોવીસમાના, બીજા નિરવાણી નામના તીર્થંકર ભગવાનના કદંબ ગણધર, પ્રભુને પોતાના આત્માની આરાધના અને મુક્તિ માટે પૂછે છે, ત્યારે પ્રભુ તેમને આ ગિરિરાજની આરાધના કરવાનું બતાવે છે. તેઓ આ ગિરિરાજ પર આવીને આહાર પાણી ત્યાગ કરવા રૂપ અનસન અંગીકાર કરે છે, અને સર્વકર્મોનો ક્ષય કરીને મુક્તિપુરીમાં જાય છે. તેથી તેમના નામ પરથી તે સ્થાનકે તે શિખર **કદંબગિરિ** નામથી પ્રસિદ્ધ થયું. આથી તે રીતે જો આરાધના કરીએ તો બાહ્ય પણ લીલવિલાસને મેળવીએ અને અભ્યતર પણ લીલવિલાસ-મોક્ષ મેળવીએ (ખમા૦૧૯)

પાતાલે જસ મૂળ છે, **ઉજ્જવલ** ગિરિનું સાર ।
ત્રિકરણ યોગે વંદતાં, અલ્પ હોય સંસાર ॥૩૫॥ સિદ્ધા૦૨૦ ॥


આ ગિરિરાજનું મૂળ પાતાળમાં છે. એટલે ઘણે નીચે સુધી ઊંડું ગયેલું છે. આને મન, વચન અને કાયાના સુયોગથી-શુભ ભાવથી વંદન કરીએ તો સંસાર અલ્પ થાય. આથી આ ગિરિનું **ઉજ્જવલગિરિ** એવું નામ છે. (ખમા૦૨૦)

તન, મન, ધન, સુત, વલ્લભા, સ્વર્ગાદિક સુખભોગ ।
જે વંછે તે સંપજે, શિવરમણી સંયોગ ॥૩૬॥
વિમલાચલ પરમેષ્ઠિનું, ધ્યાન ધરે ષટ માસ ।
તેજ અપૂર્વ વિસ્તરે, પૂગે સઘલી આસ ॥૩૭॥
ત્રીજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ ।
ઉત્કૃષ્ટા પરિણામથી, અંતર મુહૂર્ત સાચ ॥૩૮॥
'સર્વકામદાયક' નમો. નામ કરી ઓળખાણ ।
શ્રીશુભવીરવિજય પ્રભુ, નમતાં કોડ કલ્યાણ ॥૩૯॥ સિદ્ધા૦૨૧॥

૨૧મા ખમાસમણમાં=છેલ્લા ૨૧મા નામના મહિમાનું વર્ણન કરતાં કવિરાજ ભવ્ય પ્રાણીને જણાવે છે કે–હે ભાગ્યશાળી ? શરીરના સુખની ઇચ્છા હોય, મનના સુખની ઇચ્છા હોય ધન–પૈસાની ઇચ્છો હોય, સુત–પુત્રની ઇચ્છા હોય, વલ્લભા–પત્નીની ઇચ્છા હોય, સ્વર્ગાદિક સુખની ઇચ્છા હોય, સર્વસુખની ઇચ્છા હોય, સંસારિક ભોગ સુખની ઇચ્છા હોય, ॥૩૬॥ અરે ? એટલું જ નહિં પણ જે જે તારી ઇચ્છા હોય, તે તે તમામ આ ગિરિની સેવનાથી મળે છે, આના પ્રતાપે શિવરૂપી રમણીનો પણ સંયોગ મળે છે. આવા **વિમલાચલ** પરમેષ્ઠીનું, જો ષટ્માસ એક સરખુ ધ્યાન કરે તો અપૂર્વ તેજ વિસ્તારે એટલું જ નહિં પણ પોતાની બધીએ આશાઓ પરિપૂર્ણ થાય છે ॥૩૭॥ જે એમ કહેવામાં આવે છે કે–ત્રીજા ભવે મોક્ષે જાય તે વાત તો સાચી જ પણ જો તેવા કોઈ અપૂર્વ પરિણામની ધારાએ ચઢી જાય તો અંતર મુહૂર્ત કાચી બે ઘડી=અડતાલીસ મિનિટની અંદર પણ મોક્ષે જાય ॥૩૮॥ આથી આ તીર્થની **'સર્વકામદાયક'** એવા નામથી ઓળખાણ કરાવી, અને તેને નમન આદિ કરવા વડે કોડો કલ્યાણ થાય, એમ પ્રભુ વીર જણાવે છે, (તે જણાવવા વડે કરતા પોતાનું નામ વીરવિજય એવું પણ જણાવે છે, તેમને પોતાના નામની પૂર્વે શુભ એવો **પણ શબ્દ** જોડવાની પદ્ધતિ રાખી છે,)

આ રીતે **શ્રીશત્રુંજય** ગિરિરાજની આરાધના કરવા માટે તેનાં ગુણ પૂર્વક એકવીશ નામો લઈને કાયાને કષ્ટ આપનારાં એવાં આ એકવીશ ખમાસમણ બતાવ્યાં છે. ॥૩૯॥ખમા૦૨૧॥

॥ શુભં ભવતુ ॥



પ્રકરણ ૮ મું

ગિરિરાજના ૧૦૮ ખમાસમણો ભાવાર્થ સાથે

શ્રી શત્રુંજય ગિરિરાજના ૧૦૮ નામનું વર્ણન

ગિરિ ઉપર–પર્વત પર, જુદી જુદી જગો ઊંચી નીચી હોય, જે ભાગ ઊંચો છે તેને શિરે કૂટ કહેવાય છે. એવા આ ગિરિરાજને ૧૦૮ કૂટ છે. ગિરિપરના કૂટો કૂટો વચ્ચે અંતર હોય છે. જ્યારે વરષાદ પડે ત્યારે આવા ભાગ ધોવાતા પણ જાય, પાણીનો સ્વભાવ છે કે માટીને ધીરે ધીરે ઓછી કરે. ઘસડી જાય. પથ્થરને પણ પોતાની અસર કરે. તેથી તે તે જગો જગોને પરસ્પર ઘસારો થતો જાય, તે ઘસારો થતાં તે તે ભાગ જુદા જુદા પડતા જાય, એટલે તે તે કૂટો શિખરો જુદાં પડે. વળી, કાળ બળ પણ તેમાં કાર્ય કરે, એથી ટૂંકો જુદી પડી જાય, એવી રીતે આ ગિરિની ૧૦૮ ટુંકો કહેવાય છે, તેથી અહીં ૧૦૮ કૂટની વાત જણાવીએ છીએ. તેથી એકસોને આઠ ખમાસમણાં વડે તેને વંદના કરવામાં આવે છે. તેમાં પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવ ભગવાન આ તીર્થની પવિત્રતાને લીધે, આ તીર્થ પર પહેલાંના વખતમાં પૂર્વ નવાણું વાર ફાગણ સુદ ૮ ના અત્રે પધાર્યા હતા. જ્યારે જ્યારે પધાર્યા ત્યારે ત્યારે તે જ દિવસે પધાર્યા. આજ ઉદાહરણ પરથી આજે પણ ભાવિકો તેને ઉદ્દેશીને નવાણું યાત્રા કરે છે.

જુદી જુદી ટુંકોના નામને ઉદ્દેશીને આજે પણ નવાણું નામો શ્રીવીરવિજયજી મહારાજ પૂજામાં જણાવે છે. તે આ પ્રકારે :–

૧ **શત્રુંજયગિરિ**, ૨ **બાહુબલી**, ૩ **મરુદેવી**, ૪ **પુંડરીકગિરિ**, ૫ **રૈવતગિરિ**, ૬ **વિમલાચલ**, ૭ **સિદ્ધરાજ–તીર્થરાજ**, ૮ **ભગીરથ**, ૯ **સિદ્ધક્ષેત્ર**. ૧૦ **સહસ્રકમલ**. ૧૧ **મુક્તિનિલયગિરિ**, ૧૨ **સિદ્ધાચલ**, ૧૩ **શતકૂટ**, ૧૪ **ઢંક**, ૧૫ **કદંબગિરિ**, ૧૬ **લોહિતધ્વજ**, ૧૭ **તાલધ્વજ**, ૧૮ **સુરપ્રિય**, ૧૯ **પુણ્યરાશી**, ૨૦ **મહાબલ**, ૨૧ **દૃઢશક્તિ**, ૨૨ **શતપત્ર**, ૨૩ **વિજયાનંદ**, ૨૪ **ભદ્રંકર**, ૨૫ **મહાપીઠ**, ૨૬ **સુરગિરિ**, ૨૭ **મહાગિરિ**, ૨૮ **મહાનંદ**, ૨૯ **કર્મસૂદન**, ૩૦ **કૈલાશ**, ૩૧ **પુષ્પચંદ્ર**, ૩૨ **જયંત**, ૩૩ **આનંદ**, ૩૪ **શ્રીપદ**, ૩૫ **હસ્તગિરિ**, ૩૬ **શાશ્વતગિરિ** ૩૭ **ભવ્યગિરિ**, ૩૮ **સિદ્ધશેખર**, ૩૯ **મહાજશ**, ૪૦ **માલ્યવંત**, ૪૧ **પૃથ્વીપીઠ**, ૪૨ **દુઃખહર**, ૪૩ **મુક્તિરાજ**, ૪૪ **મણિકાન્ત**, ૪૫ **મહિધર**, ૪૬ **કંચનગિરિ**, ૪૭ **આનંદધર**, ૪૮ **પુષ્પકંદ**, ૪૯ **જયાનંદ**, ૫૦ **પાતાળમૂળ**, ૫૧ **વિલાષ**, ૫૨ **વિશાલુગિરિ**, ૫૩ **જગતારણ**, ૫૪ **અકલંક**, ૫૫ **અકર્મક**, ૫૬ **મહાતીર્થ**, ૫૭ **હેમગિરિ**, ૫૮ **અનંતશક્તિ**, ૫૯ **પુરુષોત્તમ**, ૬૦ **પર્વતરાજ**, ૬૧ **જ્યોતિરૂપ**, ૬૨ **વિશાલભદ્ર**, ૬૩ **સુભદ્ર**, ૬૪ **અજરામર**, ૬૫ **ક્ષેમંકર**, ૬૬ **અમરકેતુ**, ૬૭ **ગુણકંદ**, ૬૮ **સહસ્રપત્ર**, ૬૯ **શિવંકરુ**, ૭૦ **કર્મક્ષય**, ૭૧ **તમોકંદ**, ૭૨ **રાજરાજેશ્વર**, ૭૩ **ભવતારણ**, ૭૪ **ગજચંદ્ર**, ૭૫ **મહાદેવ**, ૭૬ **સુરકાંત**, ૭૭ **અચલ**, ૭૮ **અભિનંદ**, ૭૯ **સુમતિ**, ૮૦ **શ્રેષ્ઠ**, ૮૧ **અભયકંદ**, ૮૨ **ઉજ્વલગિરિ**, ૮૩ **મહાપદ્મ**, ૮૪ **વિશ્વાનંદ**, ૮૫ **વિજયભદ્ર**, ૮૬ **ઇંદ્રપ્રકાશ**, ૮૭ **કુપર્દી**, ૮૮ **મુક્તિનિલય**, ૮૯ **કેવળદાયક**. ૯૦ **ચર્ચગિરિ**, ૯૧ **જયકમલ**, ૯૨ **સૌંદર્ય**, ૯૩ **યશોધર**, ૯૪ **ખીતિમંડણ**, ૯૫ **કામુક**, ૯૬ **સહજાનંદ**, ૯૭ **મહેન્દ્રધ્વજ**, ૯૮ **સર્વાર્થસિદ્ધ**, ૯૯ **પ્રિયંકર**.

૧૦૮ યાત્રા કેમ?

શ્રીઋષભદેવ ભગવાન પૂર્વ નવાણુવાર આ ગિરિરાજ પર પધાર્યા છે પણ યાત્રાળુએ ૯૯ના બલે ૧૦૮ જાત્રા કરે છે. તેમાં પણ ગમે ત્યારે ૧૦૮ પ્રદક્ષિણા દેવા પૂર્વક, એક દુહો બોલીને (૧૦૮) ખમાસમણ દે છે. તેથી તે દુહા અત્રે સામાન્ય અર્થ સાથે આપીએ છીએ. તેના કર્તા કલ્યાણસાગર સૂરિના શિષ્ય **સુજશ** છે.

આદીશ્વર અજર અમર, અવ્યાબાધ અહનીશ ।
પરમાતમ પરમેસરુ, પ્રણમુ પરમ મુનીશ ॥ ૧ ॥ ખમા૦ ॥

જ્યાં ઘડપણ નથી, જ્યાં મરણ પણ નથી, જ્યાં હંમેશાં ઓછું ન થાય એવું સુખ છે,

જ્યાં શ્રેષ્ઠ આત્મિકતા છે, જ્યાં પરમ ઐશ્વર્ય છે. તેવું જેની આરાધનાથી મળે છે, એવા મુનિના પણ ઈશ્વર. એવા વર્તમાન કાળમાં, (વર્તમાન અવસર્પીણીમાં) ધર્મને સ્થાપનાર શ્રીઆદીશ્વર ભગવાનને નમસ્કાર કરું છું ॥ ૧ ॥

જય જય જગતપતિ જ્ઞાન ભાણુ, ભાષિત લોકાલોક ।
શુદ્ધ સ્વરૂપ સમાધિમય, નમિત સુરાસુર થોક ॥ ૨ ॥ખમા૦ ॥

જ્ઞાનમાં સૂર્ય સરખા, લોક અને પરલોકને દેખાડનાર, શુદ્ધસ્વરૂપવાલા, આત્મસમાધિમય, વળી જેમને દેવતાઓ દાનવોનો સમુદાય નમ્યો છે, તે જગતના પિતા જય પમો ॥૨॥

શ્રીસિદ્ધચલ મંડણો, **નાભિ** નરેસર નંદ ।
મિથ્યામતિ મત ભંજણો, ભવિ કુમદાકર ચંદ ॥૩॥ખમા૦॥

નાભિરાજાના પુત્ર, મિથ્યાત્વીના મતનું ખંડણ કરનાર, ભવ્ય (રૂપી) કુમુદને વિકસાવવામાં ચંદ્ર જેવાં, **શ્રીસિદ્ધાચલની** શોભા રૂપ **શ્રીઋ**ષભદેવ ભગવાનને નમસ્કાર થાવ. ॥૩॥ખમા૦॥

પૂરવ નવાણું જશ સિરે, સમવસર્યા જગન્નાથ ।
તે **સિદ્ધાચલ** પ્રણમીએ, ભકૂતે જોડી હાથ ॥૪॥ખ૦॥

જે ગિરિરાજના શિખર પર પૂર્વ નવાણુંવાર **શ્રીઆ**દીશ્વર ભગવાન સમોસર્યા છે–પધાર્યા છે, તે **શ્રીસિદ્ધાચલ** ગિરિરાજને ભક્તિ વડે હાથ જોડીને નમસ્કાર કરીએ. ॥૪॥ખમા૦॥

અનંત જીવ ઈણ ગિરિવરે, પામ્યા ભવનો પાર ।
તે **સિદ્ધાચલ** પ્રણમીયે, લહિએ મંગળ માળ ॥૫॥ખમા૦॥

જે ગિરિરાજના પ્રભાવ વડે અનંત જીવો, તેની ઉપર ભવના–સંસારના પારને પામ્યા છે. તે **શ્રીસિદ્ધાચલને** ભાવથી પ્રણામ કરીએ તો મંગળમાળને પામીએ. ॥૫॥

જશ શિર મુકુટ મનોહરુ, **મ**રુદેવીનો નંદ ।
તે **સિદ્ધાચલ** પ્રણમીએ, ઋદ્ધિ સદા સુખ વૃંદ ॥૬॥ખમા૦॥

જે ગિરિના શિખર પર **મ**રુદેવી માતાના નંદ, **શ્રીઋ**ષભદેવ મુકુટ સમાન શોભે છે, તે **સિદ્ધાચલને** પ્રણામ કરીએ, કે જેના પ્રતાપે હમેંશાં રિદ્ધિ અને સુખનો સમુદાય મળે છે, ॥૬॥

મહિમા જેહનો દાખવા, સુર ગુરુ પણ મતિ મંદ ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, પ્રગટે સહજાનંદ ॥૭॥ખમા૦॥

જે દેવતાઓના પણ ગુરુ કહેવાય તેવા, સુરગુરુ જેનો મહિમા કહેવાને માટે મંદ બુદ્ધિવાળા થાય છે. તે તીર્થને નમસ્કાર કરીએ કે જેના પ્રતાપે આત્મામાં સ્વભાવિક આનંદ પ્રગટ થાય. ॥૭॥

સત્તા ધર્મ સમારવા, કારણ જેહ પડૂર ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, નાશે અઘ સવિ દૂર ॥૮॥ખમા૦॥

જેની ઉપાસનાથી આત્માનો પોતાનો સાહજિક ગુણ પ્રગટ થાય છે તે, જેની ઉપાસનાથી ઉજ્જવલ થાય છે—પ્રગટે છે, તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ કે જેથી તેના પ્રભાવથી સઘળા પાપો દૂર ભાગી જાય. ॥૮॥

કર્મ કાટ સવિટાળવા, જેહનું ધ્યાન હુતાશ ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, પામીજે સુખવાસ ॥૯॥ખમા૦॥

અનાદિ કાળનો કર્મ તો સઘળો કાટ કાઢવાને માટે આ તીર્થ સમર્થ છે—આત્માને ઉજ્જવલ કરનાર છે. જેનુ ધ્યાન અગ્નિના સરખું છે. એવા તીર્થેશ્વરને પ્રણામ કરીએ કે જેથી બાહ્ય અને અંતરંગ સુખ મળે. ॥૯॥

પરમાનંદ દશા લહે, જશ ધ્યાને મુનિરાય ।
તે તીર્થેશ્વર પ્રણમિએ, પાતક દૂર પલાય ॥૧૦॥ખમા૦॥

જે ગિરિરાજના ધ્યાનમાં લીન થનારા મુનિરાજ શ્રેષ્ઠ એવા આનંદ દશાને પામે છે. અને તેમના પાપ દૂર થાય છે, તેવા આ તીર્થરાજને હે ભવ્યો ? પ્રણામ કરો ॥૧૦॥

શ્રદ્ધા ભાષણ રમણતા, રત્ન ત્રયીનો હેતુ ।
તે તીર્થેશ્વર પ્રણમિએ. ભવ મકરાકર સેતુ ॥૧૧॥ખ૦॥

ગિરિરાજની શ્રદ્ધા, ગિરિરાજનું વચનથી બોલવું, અને અંતરમાં ગિરિરાજનું સ્મરણ તે જ્ઞાન–દર્શન–ચારિત્રના હેતુ રૂપ છે, એટલુંજ નહિં પણ તે ભવરૂપી સમુદ્રને પાર પમાડવા માટે સેતુ–પુલ સમાન છે. તેથી હે ભવ્યો ! તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ. ॥૧૧॥

મહા પાપી પણ નિસ્તર્યા, જેહનું ધ્યાન સુહાય ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, સુર નર જશ ગુણ ગાય ॥૧૨॥ખ૦॥

મહા ભયંકર એવા પાપને કરનાર પણ આ તીર્થના ધ્યાનથી પાપ રહિત થાય છે. તેમજ દેવતાઓ અને મનુષ્યો જેના ગુણ ગાય છે. તે તીર્થેશ્વરને હે ભવ્ય પ્રાણીઓ ! આથી ગિરિરાજને પ્રણામ કરીએ. ॥૧૨॥

પુંડરીક ગણધર પ્રમુખ, સિદ્ધયા સાધુ અનેક ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, આણી હૃદય વિવેક ॥૧૩॥ખમા૦॥

શ્રીઆદીશ્વર ભગવાનના ગણધર પુંડરીકસ્વામી વગેરે અસંખ્ય, અહીં તીર્થના પ્રભાવે સિદ્ધિપદને પામ્યા છે. તેથી હે ભવ્યો ! હૃદયમાં વિવેકને લાવીને આ તીર્થરાજને પ્રણામ કરીએ. ॥૧૩॥

ચંદ્રશેખર સ્વસા પતિ, જેહને સંગે સિદ્ધ ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, પામીજે નિજ ઋદ્ધ ॥૧૪॥ખમા૦॥

કોઈ પૂર્વના પાપ કર્મના ઉદય વડે પોતાની બહેનની સાથે અનાચારમાં ઊતરેલ ચંદ્રશેખર આ ગિરિરાજના સંગ વડે તે પાપોને દૂર કરીને મોક્ષને મેળવી શક્યો, એવા આ ગિરિરાજને પ્રણામ કરીએ કે જેથી આપણો આત્મા પોતાની ઋદ્ધિને મેળવી શકે. ॥૧૪॥

જલચર ખેચર તિરિય સવે, પામ્યા અતમ ભાવ ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, ભવજલ તારણ નાવ ॥૧૫॥ખમા૦॥

જળમાં રહેનારા, આકાશમાં ફરનારા (સ્થલચર) આવા પણ તિર્યંચો આ તીર્થને સેવે છે, અને પોતાના આત્મસ્વભાવને–જીવસ્વભાવને મેળવે છે. કારણ કે આ તીર્થ ભવસમુદ્રમાંથી તારવા માટે નૌકા સમાન છે, તેથી હે ભવ્ય ! આ તીર્થને ભાવથી પ્રણામ કરવા જોઈએ ॥૧૫॥

સંઘ યાત્રા જેણે કરી, કીધા જેણે ઉદ્ધાર ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, છેદીજે ગતિ ચાર ॥૧૬॥ખમા૦॥

આ તીર્થની જેણે સંઘ યાત્રા કરી છે, જેણે આ તીર્થ પર જીર્ણ મંદિરોના ઉદ્ધાર કર્યા છે, કે જે કરવા વડે કરીને પોતાનો ચાર ગતિ (તિર્યંચ, નારકી, દેવતા, મનુષ્ય)માં ભમવા રૂપ સંસાર છેદ્યો છે, તેવા આ તીર્થેશ્વરને હે ભવ્યો ! નમન કરો ॥૧૬॥

પુષ્ટિ શુદ્ધ સંવેગ રસ, જેહને ધ્યાને થાય ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, મિથ્યામતિ સતિ જાય ॥૧૭॥ખ૦॥

આત્મામાં રહેલો એવો જે વૈરાગ્ય રંગ જેહના ધ્યાનથી પ્રગટ થાય છે, અને આત્માની મિથ્યાબુદ્ધિ-અવળીબુદ્ધિ જેનાથી સર્વથા જાય છે, એવા આ ગિરિરાજને ભાવથી નમસ્કાર કરીએ. ॥૧૭॥

સુરતરૂ સુરમણિ સુરગવી, સુરઘટ સમ જસ ધ્યાન ।
તે તીર્થેશ્વર પ્રણમીએ. પ્રગટે શુદ્ધ સ્વભાવ ॥૧૮॥ખમા૦ ॥

જેનું ધ્યાન, કલ્પવૃક્ષ, ચિંતામણિરત્ન, કામધેનુ અને કામકુંભથી પણ અધિક, મેળવી આપે છે. તેમ જ જેના ધ્યાનથી આત્માનો શુદ્ધ સ્વભાવ પ્રગટ થાય છે, તેવા આ ગિરિરાજને ભાવથી નમન કરીએ. ॥૧૮॥ખ૦॥

સુરલોકે સુરસુંદરી, મળી મળી થોકે થોક ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, ગાવે જેહના શ્લોક ॥૧૯॥ખમા૦॥

દેવલોકમાં, સુરસુંદરીઓ ઘણા સમૂહમાં ભેગી થઈને જેના ગુણગાન ગાય છે, તે તીર્થેશ્વરને ભાવથી નમસ્કાર કરો ॥૧૯॥

યોગીસર જસ દર્શને, ધ્યાને સમાધિ લીન ।
તે તીર્થેશ્વરને પ્રણમીએ, હુવા અનુભવ રસલીન ॥૨૦॥ખમા૦॥

પરમ પાવન ગિરિરાજના દર્શન થવા માત્રથી યોગીઓ પણ સમાધિમાં તલ્લીન થઈ જાય છે, અને આત્મ અનુભવ રસમાં મગ્નમ થઇ જાય છે. એવા આ તીર્થરાજને ભાવથી નમીએ. ॥૨૦॥

માનું ગગને સૂર્ય શશી, દીયે પ્રદક્ષિણા નિત્ત ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, મહિમા દેખણ ચિત્ત ॥૨૧॥ખમા૦॥

કવિ કલ્પના કરે છે કે સૂર્ય અને ચંદ્ર આકાશમાં હંમેશાં ભ્રમણ કરે છે, તેથી એમ કેમ ન માનવું કે તેઓ આ મહિમાવાન ગિરિને જોવાના મનવાળા છે તેથી ભ્રમણ કરે છે. તેવા આ તીર્થેશ્વરને હે ભાગ્યશાળીઓ ! તમે પણ હંમેશાં પ્રણામ કરો. ॥૨૧॥

સુર અસુર નર કિન્નર, રહે છે જેહની પાસ ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, પામે લીલ વિલાસ ॥૨૨॥ખમા૦॥

દેવતાઓ, દાનવો, મનુષ્યો, અને કિન્નરો (ગીત પ્રિય તેવા), આ તીર્થની સાનિધ્યમાં રહે છે, કારણ કે મનથી માને છે કે આના સાનિધ્યથી આપણે લીલ વિલાસને પામી શકીશું, તેવા આ પાવન તીર્થને હે જીવ તું નમન કર. ।।૨૨।।

મંગળકારી જેહની, મૃત્તિકા હારી ભેટ ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, કુમતિ કદાગ્રહ મેટ ।।૨૩।।ખમા०।।

જે મૃત્તિકા=માટી એ પરમ પવિત્ર અને મંગળ કરનારી છે. આથી દેવને પણ તે ભેટ ધરે છે. કારણ કે જેના પ્રભાવથી અરાળ બુદ્ધિ અને કદાગ્રહનો નાશ થાય છે. તેવા આ તીર્થરાજને હે ભાગ્યશાળી! તમે ભાવ પૂર્ણ નમન કરો. ।।૨૩।।

કુમતિ કૌશિક જેહને, દેખી આંખા થાય ।
તે તીર્થેશ્વર પ્રણમીએ. સવિ તસ મહિમા ગાય ।।૨૪।।ખમા०।।

જેને દેખીને ખોટી બુદ્ધિવાળા ઘુવડના જેવા જે હોય તેઓ પણ આંખા પડી જાય છે, અને તેના મહિમાને ગાય છે, તેવા આ તીર્થરાજને હે પુણ્યવાનો! તમે પ્રણામ કરો. ।।૨૪।।

સૂરજ કુંડના નીરથી, આધિ વ્યાધિ પલાય ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, જસ મહિમા ન કહેય ।।૨૫।।ખમા०।।

આ ગિરિરાજ પર આવેલો એવો જે **સૂરજકુંડ** છે. તેના પાણીથી મન સંબંધી ઉપાધિ આધિ, વ્યાધિ-કાયા સંબંધી ઉપાધિ પણ નાશ પામે છે. આવો જેનો વર્ણવી ન શકાય તેવો પ્રભાવ છે, એવા આ તીર્થને હે ભવ્યો! તમે અંતરથી પ્રણામ ।।૨૫।।

સુંદર ટૂંક સુહામણી, મેરુસમ પ્રાસાદ ।।
તે તીર્થેશ્વર પ્રણમીયે, દૂર ટલે વિખવાદ ।।૨૬।।ખમા०।।

આ ગિરિરાજ પર મનોહર ટુંકો શોભે છે. અને તેનાં ઉંચા શિખિરવાળાં મંદિરો **મેરુ**નાં જેવાં મનોહર છે. વળી આ ગિરિના ધ્યાન વડે કલેશ, કંકાસ, પણ દૂર થઈ જાય છે. તો એવા પ્રભાવશાળી તીર્થેશ્વરને હે ભવ્યો! તમે નમન કરો. ।।૨૬।।

દ્રવ્ય ભાવ વૈરી ઘણા, જિહાં આવ્યે હોય શાંત ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, જાયે ભવની ભ્રાંત ।।૨૭।।ખમા०।।

મનુષ્યોના બાહ્ય વૈરી હોય કે અભ્યન્તર વૈરી હોય, પણ તેને અહીં આવવાથી આ તીર્થના પ્રભાવે, શાંતિ મળે છે, અને ભવભ્રમણની અશાંતિ ટળે છે, તેથી હે પુણ્યવાનો! આ તીર્થને હંમેશાં પ્રણામ કરો. ॥૨૭॥

જગ હિતકારી જિનવરા, આવ્યા એણે ઠામ ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, જસ મહિમા ઉદ્દામ ॥૨૮ખમા૦॥

જગતના જીવોનું હિત કરનારા જિનેશ્વરો પણ આ તીર્થભૂમિની પાવનતાથી આકર્ષાઈ આની ઉપર પધાર્યા હતાં, એવો આનો શ્રેષ્ઠ મહિમા છે, આવા આ તીર્થેશ્વરને હે ભવ્યાત્માઓ! તમે પૂર્ણ ભાવથી નમસ્કાર કરો. ॥૨૮॥

નદી શેત્રુંજી સ્નાનથી, મિથ્યા મળ ધોવાય ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, સવિજનને સુખદાય ॥૨૯ખમા૦॥

જેને સ્પર્શીને વહેતી **શત્રુંજય** નદીનું પાણી એવું પવિત્ર છે કે તે ભવ્યોના મિથ્યાત્વ મેલને ધોઈ નાંખે છે, અને જેનું પાણી સર્વ જીવોને સુખ આપનાર થાય છે. એવા આ તીર્થરાજને હે ભવ્યો! તમે નમસ્કાર કરો. ॥૨૯॥

આઠ કર્મ જે **સિદ્ધગિરે**, ન દીયે તીવ્ર વિપાક ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, જિહાં નવિ આવે કાક ॥૩૦ખમા૦॥

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય. મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એ આઠ કર્મો જે છે તે આ ગિરિ ઉપર તીવ્ર ફળને દેતા નથી, કારણ કે તે આ ગિરિનો પ્રભાવ છે, આ ગિરિ ઉપર કાગડા જેવા જે હોય છે તે આવતા નથી. તેથી હે ભાગ્યશાળી! આ ગિરિરાજને નમસ્કાર કરો ॥૩૦॥

સિદ્ધાશિલા તપનીયમય, રત્ન સ્ફટિક ખાણ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામ્યા કેવળજ્ઞાન ॥૩૧ખમા૦॥

શ્રીસિદ્ધાચલ તપેલા સુવર્ણના જેવો દેદીપ્યમાન છે. અને ત્યાં સ્ફટિક રત્નની ખાણ પણ છે. એવો તે હોવાને લીધે તેની આરાધનાથી ભવ્યો કેવળજ્ઞાનને પામ્યા છે, તો ચાલો આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ ॥૩૧॥

સોવન રૂપા રત્નની, ઔષધિ જાત અનેક ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, ન રહે પાતક એક ॥૩૨ખમા૦॥

સુવર્ણ સિદ્ધિ કરવા માટેની, રૂપાની સિદ્ધિ કરવા માટેની ઔષધિઓ તેમજ અનેક પ્રકારના રત્નો આ ગિરિરાજ પાસે છે. આવા ગિરિરાજની આરાધના કરવાથી એક પણ પાપ રહેતું નથી. તો આવા તીર્થેશ્વરને હે ભાગ્યશાળીઓ ! તમે નમસ્કાર કરો ॥૩૨॥

સંયમધારી સંયમે, પાવન હોય જિણ ક્ષેત્ર ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, દેવા નિર્મળ નેત્ર ॥૩૩ખમા૦॥

સંયમનું પાલન કરનાર સંયમી આ ગિરિના ક્ષેત્રમાં પાવન થાય છે. = તે પાપથી રહિત થાય છે. વળી આ તીર્થ નિર્મળ નેત્રને દેનાર છે. તો આ શ્રીતીર્થાધિરાજને હર હમેંશ નમસ્કાર કરીએ ॥૩૩॥

શ્રાવક જિહાં શુભ દ્રવ્યથી, ઓચ્છવ પૂજા સ્નાત્ર ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પોષે પાત્ર સુપાત્ર ॥૩૪ખમા૦॥

શ્રાવકો આ ગિરિરાજ પર ન્યાય સંપન્ન એવા દ્રવ્ય વડે જે ઓચ્છવ, પૂજા, સ્નાત્ર વગેરે કરે છે, સુપાત્રને અને સામાન્ય પાત્રને પોષે છે, આથી તેમના આત્માને લાભ થાય છે. તો આપણે આ ગિરિરાજને ભાવથી નમસ્કાર કરીએ ॥૩૪॥

સ્વામિવાત્સલ્ય પુણ્ય જિહાં, અનંતગુણ કહેવાય ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, સોવન ફૂલ વધાય ॥૩૫ખમા૦॥

જે ગિરિરાજ પર સાધર્મિકની ભક્તિ કરવાથી અનંત પુણ્ય મળે છે, તેવા આ તીર્થરાજને સુવર્ણના ફુલો વડે વધાવવો જોઈએ. એવા આ તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ ॥૩૫॥

સુંદર યાત્રા જેહની, દેખી હરખે ચિત્ત ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ત્રિભુવન માંહે વિદિત્ત ॥૩૬ખમા૦॥

ત્રણ ભુવનમાં પ્રસિદ્ધ જ છે કે જેની યાત્રા અતિ સુંદર છે. કારણ કે એને જોઈને આત્મા અત્યન્ત હર્ષમાં આવે છે. તેવા આ તીર્થેશ્વરને હે ભાગ્યશાળીઓ ! તમે ભાવથી નમન કરો ॥૩૬॥

પાલીતાણું પુર ભલું, સરોવર સુંદર પાળ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, જાયે સકલ જંજાળ ॥૩૭॥ખમા૦॥

આ ગિરિરાજના નજીકમાં, પૂર્વમાં સુંદર સરોવર બાંધેલું હતું, (જે વર્તમાનમાં કાળબળે લુપ્ત થયું છે.) એ સરોવર નજીક પાદલિપ્તપુર સુંદર પાલીતાણા નગર આવેલું છે. આવા આ ગિરિરાજના સેવનથી સંસારિક બધી જાળ જંજાળ નષ્ટ થાય છે. ॥૩૭॥

મનમોહન પાગે ચઢે, પગ પગ કર્મ ખપાય ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ગુણ ગુણી ભાવ લખાય ॥૩૮॥ખમા૦॥

આ ગિરિરાજ પર ચઢવાને માટે રસ્તાઓ જુદા જુદા છે. (પણ વર્તમાનમાં ભક્તો વિશેષ કરીને પાલીતાણા તરફથી ગિરિરાજ પર ચઢે છે.) ગિરિરાજ પર ચઢતાં પરિણામની ધારા વધે છે. એટલે પગલે પગલે કર્મનો નાશ થાય છે. આથી ગુણ અને ગુણી ભાવનું એકપણું થાય છે. આવા પ્રભાવ વાળા તીર્થેશ્વરને પ્રણામ કરો ॥૩૮॥

જેણે ગિરિ રૂખ સોહામણાં, કુંડે નીર્મળ નીર ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ઉતારે ભવસિંધુ–તીર ॥૩૯॥ખમા૦॥

આ તીર્થ ઉપર મનોહર વૃક્ષો આવેલાં છે. તેમજ જગો જગોએ નીર્મળ પાણીવાલા કુંડો બાંધેલા છે. એવા ગિરિરાજને નમન કરતાં, તે નમન કરનારને સંસાર સાગરમાંથી તારે છે ॥૩૯॥

મુક્તિમંદિર સોપાન સમ, સુંદર ગિરિવર પાજ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, લહીયે શિવપુર રાજ ॥૪૦॥ખમા૦॥

(કવિ કલ્પના કરી બતાવે છે કે) મહેલમાં ઉપર ચઢવાને માટે દાદર–પગથિયાં જોઈએ એ રીતે મોક્ષરૂપી મંદિર–મહેલમાં જવાને માટે જ જાણે ના હોય શું તેમ અહીં રસ્તાઓ આવેલાં છે. તેથી આ તીર્થેશ્વરને નમ ન હોજો ॥૪૦॥

કર્મ કોટી અઘ વિકટ ભટ, દેખી જે અંગ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, દિન દિન ચઢતે રંગ ॥૪૧॥ખમા૦॥

કોટી કર્મરૂપી પાપના ભયંકર ભટોના અંગ આ ગિરિને જોઈ ને જ ધ્રુજી ઉઠે છે, અને જીવ દિવસે દિવસે ભાવમાં ચઢતો જાય છે, તેથી આ તીર્થેશ્વરને હંમેશ પ્રણામ કરીએ ॥૪૧॥

ગૌરી ગિરિવર ઉપરે, ગાવે જિનવર ગીત ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, સુખે શાસન રીત ॥૪૨ખમા૦॥

સુંદર દેવાંગનાઓ ગિરિવરની ઉપર જિનેશ્વર ભગવંતના સુંદર ગીત ગાય છે. જૈન શાસનની આ રીત છે. આવા આ ગિરિરાજને નમન કરીએ. ॥૪૨॥

કવડ જક્ષ રખવાલ જસ, અહોનીશ રહે હજૂર ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, અસુરાં રાખે દૂર ॥૪૩ખમા૦॥

કવડજક્ષ આ ગિરિરાજની હમેંશાં રક્ષા કરે છે, ને હાજરાહજૂર રહે છે. વળી તીર્થના પ્રભાવે તે તમામ ઉપદ્રવોને દૂર રાખે છે. આવા પ્રભાવવાળા આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ ॥૪૩॥

ચિત્ત ચાતુરી ચક્રેસરી, વિઘ્ન વિનાશરણહાર ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, સંઘતણી કરે સાર ॥૪૪ખમા૦॥

ચતુર એવા ચક્રેશ્વરી દેવી, ગિરિરાજની સેવા કરનારના વિઘ્નોને નાશ કરે છે, અને સંઘની સાર સંભાળ રાખે છે. એવા આ તીર્થેશ્વરને પ્રેમથી પ્રણામ કરીએ ॥૪૪॥

સુરવરમાં મઘવા યથા, ગ્રહ-ગણમાં જિમ ચંદ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, તિમ સવિ તીરથ ઇંદ ॥૪૫ખમા૦॥

દેવતાઓમાં જેમ ઇન્દ્ર શ્રેષ્ઠ છે, ગ્રહોમાં જેમ ચંદ્રમાં શ્રેષ્ઠ છે, તેમ જુદા જુદા તીર્થોમાં આ તીર્થ સર્વથી શ્રેષ્ઠ છે. તેથી હે ભવ્યો ! આ તીર્થેશ્વરને ભાવથી નમો ॥૪૫॥

દીઠે દુર્ગતિ વારણો, સમર્યો સારે કાજ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, સવિ તીરથ શિરતાજ ॥૪૬ખમા૦॥

આ ગિરિરાજના દર્શન કરતાં તે દુર્ગતિનું નિવારણ કરે છે. તેનું સ્મરણ કરવામાં આવે તો પોતાના કાર્યો સિદ્ધ થાય છે, આથી સઘળા તીર્થોમાં આ તીર્થ મુગટ સમાન છે, માટે હે ભવ્યો ! આ તીર્થેશ્વરને ભાવથી નમો ॥૪૬॥

પુંડરિક પંચ કોટીશું, પામ્યા કેવલ જ્ઞાન ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, કર્મતણી હોય હાણ ॥૪૭ખમા૦॥

શ્રીઆદીશ્વર ભગવાનના ગણધર શ્રીપુંડરિકસ્વામી કર્મનો નાશ કરીને પાંચ કોડી મુનિની સાથે કેવલજ્ઞાન પામીને આ તીર્થ ઉપર મોક્ષે ગયા, આવા આ તીર્થેશ્વરને તમે નમન કરો ॥૪૭॥

મુનિવર કોડી દસ સહિત, દ્રાવિડ અને વારિખિલ્લ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ચઢિયા શિવની નિશ્રેણ ॥૪૮ખમા૦॥

(શ્રીઋષભદેવ ભગવાનના પૌત્રો,) દ્રાવિડ અને વારિખિલ્લ રાજ્ય માટે લડ્યા પણ (તાપસના ઉપદેશથી ઠંડા પડીને તાપસ થયા. પછી યાત્રાએ જતાં મુનિના મુખથી) ગિરિરાજના મહિમાને સાંભળી દસકોડી સાથે ગિરિરાજ પર આવ્યા અને ગિરિરાજના ધ્યાનમાં લીન થઈ અનશન કરી મોક્ષે ગયા. આવા આ તીર્થેશ્વરને નમન કરો ॥૪૮॥

નમિ વિનમિ વિદ્યાધરા, દોય કોડી મુનિ સાથ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામ્યા શિવપુર આથ ॥૪૯ખમા૦॥

(શ્રીઋષભદેવ ભગવંતે દીક્ષા લીધી ત્યારે તેમના પુત્રો કચ્છ મહાકચ્છના પુત્ર નમિ વિનમિને રાજ્ય આપવાનું હતું, પણ નમિ અને વિનમિ બહાર ગયેલા તેથી તેમનું રાજ્ય ભરતરાજાને ભળાવ્યું હતું. તેઓ પાછા આવ્યા ત્યારે ભરતરાજા રાજ્ય આપવા તૈયાર થયા પણ તેમણે કહ્યું કે અમે તો ભગવાન પાસેથી રાજ્ય લઈશું, આથી મુનિ થયેલા ઋષભદેવ ભગવાન જ્યાં સ્થિરતા કરે ત્યાં જમીન સાફ કરે, પાણી છાંટે, ફૂલ નાંખે અને તલવાર લઈને બન્ને બાજુ પહેરેગીર પેઠે પહેરો ભરતા ઊભા રહે અને 'રાજ્ય આપનાર થાવ' એમ કહેતા સેવા કરતા ઊભા રહે. તેથી ત્યાં આવેલા ઈન્દ્રે તેમને વૈતાઢ્યની ઉત્તર, દક્ષિણ શ્રેણીનું રાજ્ય આપ્યું. અંતે તેમણે દીક્ષા લીધી.) તે નમિ વિનમિ ગિરિરાજ પર આવીને બે કોડી સાથે અનશન અંગીકાર કરી મોક્ષ-લક્ષ્મીને પામ્યા, આવા પ્રભાવવાળા આ તીર્થરાજને હરહંમેશ ભક્તિ પૂર્ણ નમન કરો ॥૪૯॥

ઋષભ વંશીય નૃપતિ ઘણા, ઈણ ગિરિ પહોતા મોક્ષ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ટાલે ઘાતિક દોષ ॥૫૦ખમા૦॥

આવી રીતે શ્રીઋષભદેવ ભગવાનના વંશના ઘણાએ રાજાઓ આ ગિરિપર આરાધના કરીને ઘાતિ કર્મના દોષોનો ક્ષય કરીને મોક્ષે ગયા છે. આવા આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ ॥૫૦॥

રામ ભરત બિહું બાંધવા, ત્રણ કોડી મુનિ યુત ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ઈણગિરિ શિવ સંપત ॥૫૧ખમા૦॥

રામ અને **ભરત** બન્ને ભાઈઓ હતા, લડાઈ વિગેરેના થયેલાં પાપો તેમના અંતરમાં ડંખતાં હતાં, એટલે તેમણે ત્રણ કોડીના પરિવાર સાથે સંયમ અંગીકાર કર્યો, તે પાપોનો નાશ કરવા અનશન વગેરેનો આશરો લીધો અને આ ગિરિ ઉપર સર્વ પાપોનો નાશ કરી– સર્વ કર્મોથી રહિત થઈ, મોક્ષ સુખને પામ્યા. આવા તીર્થેશ્વરને હે ભવ્યો ! તમારા કલ્યાણ માટે પ્રેમથી પ્રણમો ॥૫૧॥

નારદ મુનિવર નિર્મળો, સાધુ એકાણું લાખ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પ્રવચન પ્રગટ એ ભાખ ॥૫૨ખમા૦॥

(નારદ ઋષિનો સ્વભાવ એવો કે તેઓ વાતને એવી રીતે મૂકે કે લોકો ઝઘડી પડે, પણ નિર્મળ મનના એ ઋષિ પછી તેમને શાંત પાડે, એમને ટિકૂખલ પ્રિય હોય છે, પણ તે બ્રહ્મચર્યમાં દૃઢ હોય છે, તેમાં લવલેશ પણ ખામીવાળા હોતા નથી, પણ છેલ્લે છેલ્લે આત્મા જાગે છે અને આરાધનાના પાયા પર ચઢે છે.) આવા **નારદ** મુનિવર એકાણું લાખની સાથે આ ગિરિવરે મોક્ષે ગયા. તેની શાખ શાસ્ત્રો પૂરે છે. આવા આ ગિરિવરને હે ભવ્યો ! તમે ભક્તિથી નમસ્કાર કરો ॥૫૨॥

શાંબ પ્રદ્યુમ્ન ઋષિ કહ્યા, સાડી આઠે કોડી ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પૂરવ કર્મ વિછોડી ॥૫૩ખમા૦॥

શ્રીકૃષ્ણ રાજાના પુત્રો **શાંબ** અને **પ્રદ્યુમ્ન** કુમારો આ ગિરિરાજ પર સાડી આઠ કોડની સાથે પૂર્વ કર્મનો ક્ષય કરીને મોક્ષે ગયા. (એમની દેરી **ભાડવા ડુંગર** પર આવેલી છે.) આવા આ ગિરિવરને હંમેશાં તમો નમન કરો ॥૫૩॥

થાવચ્ચા સુત સહસ્રશું, અનશન રંગે કીધ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, વેગે શિવપદ લીધ ॥૫૪ખમા૦॥

જ્યાં **થાવચ્ચા** રાણીના **પુત્ર** હજાર મુનિવરની સાથે ભક્તિભાવ સાથે અનશન કરીને જલદી જલદી મોક્ષ પદને પામ્યા, તેવા આ તીર્થેશ્વરને હે ભાગ્યશાળિઓ ! તમે ભક્તિપૂર્ણ પ્રણામ કરો ॥૫૪॥

શુક પરિવ્રાજક વળી, એક સહસ્ર અણગાર ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામ્યા શિવપુર દ્વાર ॥૫૫ખમા૦॥

શુક નામના તાપસ હતા, તેમને સંજોગ મળતાં આ તીર્થે પધાર્યા અને ભાવનાના પ્રાબલ્યથી એક હજાર સાધુઓની સાથે શિવનગરીને–મોક્ષને પામ્યા, માટે મોક્ષને પોષક એવા આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ ॥૫૫॥

સેલગસૂરિ મુનિ પાંચસે, સહિત હુઆ શિવનાહ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, અંગે ધરી ઉત્સાહ ॥૫૬ખમા૦॥

સેલગસૂરિ જરાક શિથિલતાને પામ્યા હતા પણ અપૂર્વ સંજોગો મળતાં આત્મામાં ઉત્સાહ લાવીને પાંચસો મુનિઓ સાથે આ ગિરિપર શિવનાથ થયા–મોક્ષે ગયા, આવા આ તીર્થેશ્વરને ઉત્સાહ પૂર્વક નમસ્કાર થાવ ॥૫૬॥

ઈમ બહુ સિધ્યા ઈણુગિરિ, કહેતાં નાવે પાર ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, શાસ્ત્ર માંહે અધિકાર ॥૫૭ખમા૦॥

આવી રીતે ઘણાએ મોક્ષે ગયાનો અધિકાર શાસ્ત્રમાં કહેલો છે કે જે કહેતાં પાર પણ ન આવે. આવા આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ ॥૫૭॥

બીજ ઈહાં સમકિતતણું, રોપે આતમ ભોમ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ટાલે પાતક સ્તોમ ॥૫૮ખમા૦॥

આ ગિરિરાજની આરાધના કરનારો ભવ્ય પ્રાણી આત્માની અંદર સમ્યક્ત્વનું બીજ રોપે છે, અને પાતકના સમુદાયને ટાળે છે, તેથી આવા આ તીર્થેશ્વરને ભાવથી નમન કરીએ ॥૫૮॥

બ્રાહ્મ–સ્ત્રી–ભ્રૂણ–ગો હત્યા, પાપે ભારિત જેહ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પહોતાં શિવપુર ગેહ ॥૫૯ખમા૦॥

બ્રાહ્મણ, સ્ત્રી, બાળક અને ગાયની હત્યાના પાપથી પાપના ભારવાળા જે થયા હતા, તેવા પણ આ તીર્થની આરાધના કરીને શિવપુરમાં પહોંચ્યા છે, તો આવા આ ગિરિવરને નમન કરો ॥૫૯॥

જગ જોતાં તીરથ સવે, એ સમ અવર ન દીઠ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, તીર્થો માંહે ઊક્કિટ્ઠ ॥૬૦ખમા૦॥

જગતમાં જે બધાં તીર્થો છે તેમાં આના સમાન કોઈ તીર્થ નથી. તેથી સર્વ તીર્થોમાં ઉત્કૃષ્ટ એવા આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ ॥૬૦॥

ધન્ય ધન્ય સોરઠ દેશજિહાં, તીરથ માંહેસાર ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, જનપદમાં શિરદાર ॥૬૧ખમા૦॥

દેશોની અંદર સૌરાષ્ટ્રદેશ ધન્ય છે, કારણ કે એમાં તીર્થોમાંહે શ્રેષ્ઠ એવું આ તીર્થ આવેલું છે, આ તીર્થના મહિમાએ આ દેશ સૌમાં શિરેદાર છે, આવા આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ ॥૬૧॥

અહોનિશ આવત ઢુંકડા, તે પણ જેહને સંગ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામ્યા શિવવધૂ રંગ ॥૬૨ખમા૦॥

આ તીર્થના ઉત્તમપણાને લીધે પ્રાણીઓ એની પાસે આવે છે અને એના સંગથી આરાધના કરીને શિવવધૂના રંગની પ્રાપ્તિ કરે છે. એવા આ તીર્થરાજને હે ભવ્યો ! તમે પણ ભાવથી નમસ્કાર કરો. ॥૬૨॥

વિરાધક જિન આણના, તે પણ હુવા વિશુદ્ધ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામ્યા નિર્મળ બુદ્ધ ॥૬૩ખમા૦॥

જે પ્રાણીઓએ તીર્થંકર પરમાત્માની આજ્ઞાનો ભંગ કરી અપરાધ કર્યો છે (વિરાધના કરી છે) તેવાઓ પણ આ તીર્થના પ્રભાવે વિશુદ્ધ થઈને નિર્મળ બુદ્ધિને પામ્યા છે. તે તીર્થેશ્વરને હે ભવ્યાત્માઓ ! પ્રણામ કરો ॥૬૩॥

મહા મ્લેચ્છ શાસન રિપુ, તે પણ હુવા ઉપશાંત ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, મહિમા દેખી અનન્ત ॥૬૪ખમા૦॥

મહા મ્લેચ્છો કે જેઓ શાસનના શત્રુ હતા તેઓ પણ આ ગિરિરાજનો મહિમા જોઈ તેના પ્રભાવે શાંત સ્વભાવવાળા થયા, એવા પ્રભવવાળા તીર્થેશ્વરને પ્રણામ કરીએ. ॥૬૪॥

મંત્ર યોગ અંજન સર્વે, સિદ્ધ હુવે જિહા ઠામ ।
તે તીર્થેશ્વર પ્રણીમયે, પાતકહારી નામ ॥૬૫ખમા૦॥

આ ગિરિના પ્રભાવથી મંત્રો, યોગો, અંજનો એમ બધી વસ્તુઓ અહીં સિદ્ધ થાય છે, આથી આ ગિરિનું પાતકહારી એવું પણ નામ કહેવાય છે, આવા આ તીર્થરાજને નમન કરો ॥૬૫॥

સુમતિ સુધારસ વરસતે, કર્મ દાવાનલ સત ।
તે તીર્થેશ્વર પ્રણુમીયે, ઉપશમ તસ ઉલસંત ॥૬૬ખમા૦॥

આત્મામાં સબુદ્ધિ રૂપ અમૃતરસ વરસતાં વિદ્યમાન કર્મ દાવાનલ ઉપશાંત થાય છે અને તેનો અંતર આત્મા ઉલ્લાસમય થાય છે. એવા આ તીર્થેશ્વરને નમન કરો ॥૬૬॥

શ્રુતધર નિતુ નિતુ ઉપદિશે, તત્ત્વાતત્ત્વ વિચાર ।
તે તીર્થેશ્વર પ્રણુમીયે, ગહે ગુણયુત શ્રોતાર ॥૬૭ખમા૦॥

શાસ્ત્રના અર્થને પામીને ગીતાર્થ થયેલા એવા ગુરુદેવો આ તીર્થના ગુણને સમજનારા એવા શ્રોતાગણને તત્ત્વ-અતત્ત્વનો વિષય અને તીર્થરાજના મહિમાને સમજાવે છે. આવા આ મહિમાભર્યા તીર્થેશ્વરને હે ભવ્યો ! તમે હંમેશ નમસ્કાર કરો. ॥૬૭॥

પ્રેમ મેલ ગુણગણતણું, કીરતિ કમલા સિંધુ ।
તે તીર્થેશ્વર પ્રણુમીયે, કલિકાલે જગ બંધુ ॥૬૮ખમા૦॥

આ તીર્થ ગુણના સમુદાયનું પ્રેમ મેલક તીર્થ છે, વળી કીર્તિરૂપી લક્ષ્મી માટે સમુદ્ર સરખું છે. અને વળી કલિકાલની અંદર સહાય કરનાર જગતનાં બન્ધુ સરખું આ છે. તો હે ભવ્યો ! આવા પાવન તીર્થને સેવો ॥૬૮॥

શ્રીશાંતિ તારણ તરણ, જેહની ભક્તિ વિશાલ ।
તે તીર્થેશ્વર પ્રણુમીયે, દિન દિન મંગલ માલ ॥૬૯ખમા૦॥

આ તીર્થેશ્વરની વિશાલ ભક્તિ વડે લક્ષ્મી, શાંતિ અને સંસારની માયાને તરીને મુક્ત થવાય છે. તેમજ દિવસે દિવસે મંગલનું ભાથું વધતું જાય છે. આવા આ તીર્થરાજને પ્રણુમો ॥૬૯ખમા૦॥

શ્વેત ધ્વજા જશ ફરકતી, ભાખે ભવિને એમ ।
તે તીર્થેશ્વર પ્રણુમીયે, ભ્રમણ કરો છો કેમ ? ॥૭૦ખમા૦॥

આ ગિરિરાજના મંદિરના શિખર પર ફરકતી શ્વેત ધજા ભવ્ય પ્રાણીઓને સંબોધન કરે છે કે હે ભવ્યાત્માઓ ! તમે સંસારની માયામાં શા માટે ભમો છો ? અહીં આવો-તમારો દુઃખદાયક સંસાર પરિભ્રમણ નાશ થઈ જશે. આ સંકેત આપનાર આ તીર્થને હે પ્રાણીઓ તમે ભાવ ભક્તિથી નમો ॥૭૦ખમા૦॥

સાધક સિદ્ધ દશા ભણી, આરાધે એક ચિત્ત ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, સાધન પરમ પવિત્ર ।।૭૧ખમા०।।

જે આત્માને સાધના કરવી છે, તે આત્માને માટે આ ગિરિરાજ પરમ પવિત્ર સાધનાનું સ્થાન છે. સાધક એક ધ્યાનથી જો આ ગિરિરાજ પર એક ચિત્તે સાધના કરે તો તે સાધ્યને અચૂક પહોંચે છે. આવા પ્રેરક આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ છીએ ।।૭૧।।

સંઘપતિ થઈ એહની, જે કરે ભાવે યાત્ર ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, તસ હોય નિર્મળ ગાત્ર ।।૭૨ખમા०।।

પદયાત્રી વગેરે છરી પાળો–પગપાળો સંઘ કાઢી જે સંઘપતિ થઇને ચતુર્વિધ સંઘ સાથે આ તીર્થે સંઘ લાવી ભાવે જે તીર્થયાત્રા કરે છે તેનો આત્મા કર્મથી નિર્મૂળ થાય છે. એવા આ તીર્થેશ્વરને નમન હો ।।૭૨।।

શુદ્ધાતમ ગુણ રમણતા, પ્રગટે જેહને સંગ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, જેહનો જશ અભંગ ।।૭૩ખમા०।।

જે ગિરિરાજના સંગથી આત્મિક ગુણોની રમણતા પ્રગટ થાય છે, અને જે ગિરિરાજનો યશ અભંગ છે, તે તીર્થેશ્વરને નમન કરીએ ।।૭૩।।

રાયણ ઋખ સોહામણો, જિહાં જિનેશ્વર પાય ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, સેવે સુર નર રાય ।।૭૪ખમા०।।

આ ગિરિરાજ પર સોહામણું રાયણ વૃક્ષ છે. (જ્યારે જ્યારે શ્રીઋષભદેવ ભગવાન આ ગિરિએ પધારતા ત્યારે ત્યારે રાયણના વૃક્ષ નીચે સ્થિરતા કરતા) આવા આ રાયણ વૃક્ષ નીચે ઋષભદેવ ભગવાનનાં પગલાં છે. તેથી આ રાયણ વૃક્ષને તેમજ પ્રભુનાં પગલાંને દેવેન્દ્રો, નરેન્દ્રો વગેરે સેવા પૂજા કરે છે, આવા આ ગિરિરાજને હે ભવ્યો! તમે પ્રણામ કરો ।।૪૭।।

પગલાં પૂજે ઋષભનાં, ઉપશમ જેહને અંગ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, સમતા પાવન અંગ ।।૭૫ખમા०।।

શ્રીઋષભદેવ ભગવાનનાં પગલાં પૂજતાં પવિત્ર એવી સમતા આત્મામાં પ્રગટ થયા છે, જ્યાં આવા પવિત્ર પગલાં છે, એવા આ તીર્થેશ્વરને હે પ્રાણીઓ! તમે નમો ।।૭૫।।

વિદ્યાધર જક્ષ મિલે બહુ, વિચરે ગિરિવર શૃંગ ।
તે તીર્થેશ્વર પ્રણુમીયે, ચઢતે નવરસ રંગ ॥૭૬ખમા૦॥

વિદ્યાધરો જક્ષો ટોળે મળીને વધતા નવરસ રંગ સાથે, આ ગિરિવરના શૃંગો પર લાભ જાણીને ફરે છે, તેથી આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ. ॥૭૬॥

માલતી મોગર કેતકી, પરિમલ મોહે ભૃંગ ।
તે તીર્થેશ્વર પ્રણુમીયે, પૂજે ભવિ જિન અંગ ॥૭૭ખમા૦॥

હે ભવ્ય પ્રાણિઓ આ તીર્થ પર શ્રીઋષભદેવ પ્રભુને જેની વાસથી ભ્રમરો તેમાં મોહે છે તેવા માલતી, મોગરો, અને કેતકીના ફૂલો વડે પૂજા કરે છે, આવા તીર્થેશ્વરને નમન કરીએ ॥૭૭॥

અજિત જિનેશ્વર જિહાં રહ્યા, ચોમાસુ ગુણ ગેહ ।
તે તીર્થેશ્વર પ્રણુમીયે, આણી અવિહડ નેહ ॥૭૮ખમા૦॥

આ અવસાર્પીણી કાળના બીજા શ્રીઅજિતનાથ ભગવાને અતિમનોહર એવા આ ગિરિ પર ચાર્તુમસિક નિવાસ કર્યો, તેથી અંતરમાં અવિહડ સ્નેહ લાવીને આ ગિરિરાજને નમસ્કાર કરીએ ॥૭૮॥

શાંતિ જિનેશ્વર સોલમા, સોળ કષાય કરી અંત ।
તે તીર્થેશ્વર પ્રણુમીયે, ચાતુર્માસ રહંત ॥૭૯ખમા૦॥

આ અવસર્પીણી કાળના સોળમા શ્રીશાંતિનાથ ભગવાન અનંતાનુબંધી આદિ ચારના, ક્રોધાદિ ચાર, ચાર એમ સોળ કષાયનો અંત કરીને કેવળજ્ઞાન પામીને આ ગિરિપર ચાતુર્માસ રહ્યા હતા, આવા આ તીર્થેશ્વરને ભાવથી નમન કરીએ ॥૭૯॥

નેમિ વિના જિનવર સવે, આવ્યા છે જિણ ઠામ ।
તે તીર્થેશ્વર પ્રણુમીયે, શુદ્ધ કરે પરિણામ ॥૮૦ખમા૦॥

આ અવસર્પીણી કાળના ચોવીસે તીર્થંકરોમાં બાવીસમા શ્રીનેમિનાથ ભગવાન સિવાય બધાએ આ તીર્થે લાભ જાણીને આવ્યા છે, તેથી પણ આ તીર્થ આત્મ પરિણામની શુદ્ધિને કરે છે. તેવા આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ ॥૮૦॥

નમિ નેમિ જિન અંતરે [H] **અજિત શાંતિ સ્તવ** કીધ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, નંદિષેણ પ્રસિદ્ધ ॥૮૧ખમા૦॥

જ્હાં એકવીશમા **નમિ**નાથ ને બાવીશમા **નેમિ**નાથ ભગવાનના અંતરે **નંદિષેણ** ઋષિએ **શ્રી અજિત શાંત સ્તવ** કર્યું તે પ્રસિદ્ધ છે. આવા આ તીર્થરાજને ભાવથી પ્રણામ કરીએ ॥૮૧॥

ગણધર મુનિ ઉવજ્ઝાય તિમ, લાભ લહ્યા કોઈ લાખ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, જ્ઞાન અમૃતરસ ચાખ ॥૮૨ખમા૦॥

જે તીર્થરાજમાં ગણધરો, મુનિઓ, ઉપાધ્યાયો વગેરે લાખોએ જ્ઞાન અમૃત રસને ચાખ્યો છે, એવા આ તીર્થરાજને હે ભાગ્ય શાળીઓ ! ભાવથી આરાધો ॥૮૨॥

નિત્ય ઘંટા ટંકારવે, રણે ઝલ્લરી નાદ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, દુંદુભિ માદલ વાદ ॥૮૩ખમા૦॥

જેના પર હમેશાં ઘંટારવ, ઝલ્લરીનાદ, દુદુંભિનાદ, માર્દલ નાદ રણઝણે છે, તેવા આ તીર્થેશ્વરને હમેશાં પ્રણામ કરો ॥૮૩॥

જેણે ગિરિ ભરત નરેસરે, કીધો પ્રથમ ઉદ્ધાર ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, મણિમય મૂરતિ સાર ॥૮૪ખમા૦॥

(અઢાર કોડાકોડી સગરોપમના સમય પછી) આ ગિરિ પર **શ્રીભરત**ચક્રવર્તીએ પહેલો ઉદ્ધાર કરાવ્યો–મંદિરો બંધાવ્યા અને **શ્રીઆદી**શ્વર ભગવાનની મણિમય મૂર્તિને સ્થાપન કરી, આવા આ ગિરિરાજને હમેશ વંદન હો ॥૮૪॥

ચૌમુખ ચઉગતિ દુઃખ હરે, સોવનમય સુવિહાર ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, અક્ષય સુખ દાતાર ॥૮૫ખમા૦॥

[H] શ્રી **અજિત**નાથની **શાંતિ**નાથની દેરી ભાવસારની ટૂંક તરફથી નીચે ઉતરતાં આવેલી છે. વળી છ ગાઉની પ્રદક્ષિણામાં જઈએ ત્યારે **ચિલ્લણ** તલાવડી પર પણ **શ્રીઅજિતશાંતિ**નાથની દેરી આવેલી છે, આને માટે એક દંત કથા એવી છેકે–જે આ દેરીઓ સામસામી હતી તે **નંદિષેણ** ઋષિએ **અજીત શાંતિ સ્તવન** કર્યું, જેથી દેવ માયાથી તે એક બીજાની બાજુમાં થઈ–એક લાઈનમાં થઈ ગઈ.

શ્રીભરતચક્રવર્તીએ સુવર્ણનું મંદિર બનાવ્યું હતું. તે કાલે ચૌમુખજી બીરાજમાન કર્યા હશે. (મંદિરના ચારે દ્વાર તરફ એક પ્રતિમાજી હોય તેને ચૌમુખજી કહેવાય) આવા ચૌમુખજી ચાર ગતિને દૂર કરીને અક્ષય સુખના દેનાર થાય છે. આવા આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ. ॥૮૫॥

ઇણ તીરથ મોટા થયા, સોલ ઉદ્ધાર સાકાર ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, લઘુ અસંખ્ય વિચાર ॥૮૬ખમા૦॥

(કાળ બળ કોઇને પણ છોડતું નથી. તેમાં આ અવસર્પિણી કાળ એટલે દરેક વસ્તુ કાળ ક્રમે જીર્ણ બને, એટલે મંદિર વગેરેમાં પણ એ સ્થિતિ થાય. આથી મંદિર આદિ જીર્ણ થાય ત્યારે તેનો ઉદ્ધાર કરવો જરૂરી થઇ પડે આથી) આ ગિરિ પર મોટા સોલ ઉદ્ધારો થયા પણ નાના નાના તો ઘણા અસંખ્ય થયા, તેવા આ તીર્થેશ્વરને નમન કરીએ ॥૮૬॥

દ્રવ્ય ભાવ વૈરી તણો, જેહથી થાયે અંત ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ' શત્રુંજય ' સમરંત ॥૮૭ખમા૦॥ (૧)

જે ગિરિરાજને સંભારતાં તેના પ્રભાવે દ્રવ્ય ભાવ વૈરીનો અંત આવે છે આ કારણે જેનું નામ **'શત્રુંજય'** પડ્યું છે. તેવા આ તીર્થેશ્વરને હંમેશાં પ્રણામ કરીએ ॥૮૭॥

પુંડરિક ગણધર હુવા, પ્રથમ સિદ્ધ ઇણે ઠામ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ' **પુંડરિક** ' ગિરિ નામ ॥૮૮ખમા૦॥ (૨)

આ ગિરિરાજ પર **પુંડરિક** ગણધર, પ્રથમ સિદ્ધ થયા. આ કારણથી તેમના નામથી આ ગિરિ ' **પુંડરિક** ' ગિરિના નામથી ઓળખાય છે. આવા તીર્થરાજને હે ભાગ્યશાળીઓ ! તમો નમો ॥૮૯॥

કાંકરે કાંકરે ઇણ ગિરિ, સિદ્ધ હુવા સુપવિત્ત ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ' **સિદ્ધક્ષેત્ર** ' સમચિત્ત ॥૮૯ખમા૦॥ (૩)

આ ગિરિરાજના કાંકરે કાંકરે કેટલાયે પવિત્ર આત્મા સિદ્ધ થયાં છે. આથી આનું ' **સિદ્ધક્ષેત્ર** ' એવું પણ નામ છે. તેવા આ ગિરિને સમચિત્તથી હંમેશાં નમન કરીએ. ॥૮૯॥

મલ દ્રવ્ય ભાવ વિશેષથી, જેહથી જાયે દૂર ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, '**વિમલાચલ**' સુખ પૂર ॥૯૦ખમા૦॥ (૪)

આત્માને લાગેલા કર્મના યોગે દ્રવ્ય ભાવમલ આત્મામાં એકઠો થયેલો છે. એ મલ જેહના ધ્યાનના પ્રતાપે સુખપૂર્વક દૂર થાય છે, અને આત્મા વિમલ નિર્મલ બને છે. એવા આ '**વિમલાચલ**' ગિરિવરને ભાવથી નમસ્કાર કરો. ॥૯૦॥

સુરવરા બહુ જે ગિરે, નિવસે નિરમલ ઠાણ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, '**સુરગિરિ**' નામ પ્રમાણ ॥૯૧ખમા૦॥ (૫)

જે ગિરિને નિર્મલ પવિત્ર સ્થાન જાણીને ઘણા ઇન્દ્રો નિવાસ સ્થાન કરે છે, અને આથી જે ગિરિને '**સુરગિરિ**' એવા નામથી સંબોધાય છે, તેવા આ તીર્થરાજને નમન કરીએ ॥૯૧॥

પરવત સહુ માંહે વડો. '**મહાગિરિ**' તેણે કહંત ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, દરશન લહે પુણ્યવંત ॥૯૨ખમા૦॥ (૬)

જે ગિરિ પર્વતોમાં મહિમાની દૃષ્ટિએ મહાન છે. આથી **મહાગિરિ** કહેવાય છે. વળી પુણ્યવંત પ્રાણી જેના દર્શનને પામે છે. આથી તેવા આ તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરો ॥૯૨॥

પુણ્ય અનર્ગલ જેહથી, થાયે પાપ વિનાશ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, નામ ભલું '**પુણ્યરાશ**' ॥૯૩ખમા૦॥ (૭)

જેના પ્રભાવથી અને સંગથી અનર્ગલ પુણ્ય થાય છે, અને પાપ નાશ પામે છે. જેથી જેને '**પુણ્યરાશ**' નામ મળ્યું છે, તેવા આ તીર્થરાજ ને પ્રેમથી નમસ્કાર કરો. ॥૯૩॥

લક્ષ્મી દેવીએ કર્યો, કુંડ કમલ નિવાસ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, **પદ્મનામ** સુવાસ ॥૯૪ખમા૦॥ (૮)

આ ગિરિરાજના કુંડમાંના કમલ પર લક્ષ્મીદેવી નિવાસસ્થાન કરે છે. તેથી આ ગિરિ 'પદ્મ' નામથી પ્રસિદ્ધ છે. આવા પ્રસિદ્ધ એવા આ ગિરિરાજને નમસ્કાર કરો. ॥૯૪॥

સવિ ગિરિમાં સુરપતિ સમો, પાતક પંક વિલાત ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પર્વત '**ઇન્દ્ર**' વિખ્યાત ॥૯૫ખમા૦॥ (૯)

બધા ગિરિઓમાં આ ગિરિ સુરપતિ (ઇન્દ્ર) સરખો છે. અને એનાથી પાપ પંક નાશ પામે છે, તેથી આ ગિરિ '**ઇન્દ્ર**' નામે પ્રસિદ્ધ છે. આવા ગિરિરાજને નમસ્કાર કરો. ॥૯૫॥

ત્રિભુવનમાં તીરથ સર્વે, તેહુમાં મોટો એહ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, '**મહાતીરથ**' જશ હેહ ॥૯૬ખમા૦॥ (૧૦)

જે ગિરિ ત્રણ ભુવનના સઘળા તીર્થોમાં તીર્થ તરીકે સર્વથી શ્રેષ્ઠ છે. અને તેથી જ '**મહાતીરથ**' કહેવાય છે, તે ગિરિરાજને હંમેશાં પ્રણામ કરીએ. ॥૯૬॥

આદિ અંત નહિ જેહનો, કોઇ કાલે ન વિલાય ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, '**શાશ્વતગિરિ**' કહેવાય ॥૯૭ખમા૦॥ (૧૧)

જેનો કોઇકાલે આદિ નથી કે અંત નથી અને તેથી જેનો કોઇકાલે વિનાશ નથી, એથી **શાશ્વતગિરિ** નામ આપેલ છે. આવા આ તીર્થેશ્વરને પ્રેમથી પ્રણામ કરીએ ॥૯૭॥

ભદ્ર ભલા જે ગિરિવરે, આવ્યા હોય અપાર ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, નામ '**સુભદ્ર**' સંભાર ॥૯૮ખમા૦॥ (૧૨)

પાર વગરના ભદ્રક પરિણામી જીવો આ ગિરિ પર આવે છે. તેથી આ ગિરિનું '**સુભદ્ર**' એવું નામ સાંભળવાનું મળ્યું છે. આવા આ ગિરિવરને હંમેશાં નમન કરીએ. ॥૯૮॥

વીર્ય વધે શુભ સાધુને, પામી તીરથ ભક્તિ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, નામે જે '**દ્રઢશક્તિ**' ॥૯૯ખમા૦॥ (૧૩)

આ ગિરિ પર ભક્તિભાવથી આરાધના કરતાં સાધુ-મુનિરાજની આત્મશક્તિ દ્રઢ થાય છે તેથી આ ગિરિ '**દ્રઢશક્તિ**' નામે વખણાય છે. આવા આ 'તીર્થેશ્વર'ને ભાવથી નમીએ ॥૯૯॥

શિવગતિ સાધે જે ગિરે, તે માટે અભિધાન ।
તે તીર્થેશ્વર પ્રણમીયે '**મુક્તિનિલય**' ગુણખાન ॥૧૦૦ખમા૦॥ (૧૪)

આ ગિરિ ઉપર મુનિવરો શિવગતિ-મોક્ષગતિ-મુક્તિનિલયને સાધે છે, તેથી તેનું ગુણની ખાણ સમાન '**મુક્તિનિલય**' નામ પડયું છે, આવા આ પ્રભાવી ગિરિવરને ભાવથી સેવો ॥૧૦૦॥

ચંદ્ર સૂરજ સમકિતધરા, સેવ કરે શુભચિત ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ' **પુષ્પદંત** ' વિદિત ॥૧૦૧ખમા૦॥ (૧૫)

સમ્યકત્વને ધારણ કરનારા ચંદ્રમા અને સૂરજ શુભચિતથી આ ગિરિની સેવા કરે છે. તેથી આ ગિરિનું '**પુષ્પદંત**' એવું નામ પ્રસિદ્ધ છે, આવા આ તીર્થેશ્વને ભાવથી નમો ॥૧૦૧॥

ભિન્ન રહે ભવજલ થકી, જે ગિરિ લહે નિવાસ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, 'મહાપદ્મ' સુવિલાસ ॥૧૦૨ખમા૦॥ (૧૬)

કમલ કાદવમાં ઉત્પન્ન થાય છે, પાણીથી વધે છે અને બન્નેને છોડીને ઉપર જુદું રહે છે, એ જ રીતે આ ગિરિના સેવનથી ભવ્ય જીવો ભવજલથી તરી જાય છે. તેથી આ ગિરિને ' મહાપદ્મ ' ની ઉપમા આપી છે, આવા આ તીર્થેશ્વરને પ્રણમો ॥૧૦૨॥

ભૂમિધર જે ગિરિવરો, ઉદધિ ન લોપે લીહ ।
તે તીર્થેશ્વર પ્રણમિયે, '**પૃથવીપીઠ**' અનીહ ॥૧૦૩ખમા૦॥ (૧૭)

પર્વતો અને સમુદ્રો જે પોતાની મર્યાદાને ઓળંગતા નથી તે ખરેખર આ ગિરિનો પ્રતાપ છે, આથી એનું નામ ' **પૃથવીપીઠ** ' એવું પડેલું છે, તેવા આ તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરો ॥૧૦૩॥

મંગળ સવિ મલવા તણું, પીઠ એહ અભિરામ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, '**ભદ્રપીઠ**' જશ નામ ॥૧૦૪ખમા૦॥ (૧૮)

સર્વ વસ્તુને મેળવવા માટે એક સ્થાન જોઇએ, આવું એક સ્થાનરૂપ પીઠ આ ગિરિવર છે. અને મોક્ષ સુધીનું બધું મેળવી આપે છે, તેથી આ ગિરિ ' **ભદ્રપીઠ** ' એવા નામે પણ ઓળખાય છે. આવા આ તીર્થેશ્વરને પ્રણામ કરો ॥૧૦૪॥

મૂળ જસ પાતાલમાં, રત્નમય મનોહાર ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, '**પાતાલમૂળ**' વિચાર ॥૧૦૫ખમા૦॥ (૧૯)

આ ગિરિવરનું મૂળ પાતાલમાં ગયેલું છે. આ ગિરિ રત્નમય મનોહર છે. આથી આ ગિરિરાજ '**પાતાલમુળ**' નામથી પણ સંબોધાય છે. આવા આ તીર્થરાજને હે ભવ્યો! તમે નમન કરો ॥૧૦૫॥

કર્મ ક્ષય હોય જિહાં, હોય સિદ્ધ સુખ કેળ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, 'અકર્મક' મન મેળ ॥૧૦૬ખમા૦॥(૨૦)

આ ગિરિ ઉપર તેની સેવાના પ્રભાવે કર્મોનો ક્ષય થાય છે. અને જૂના કર્મનો મેલ પણ ધોવાઈ જાય છે. આ કારણથી 'અકર્મક'–કર્મ રહિત કરનાર કહેવાય છે, આવા આ તીર્થરાજને નમો ॥૧૦૬॥

કામિત સવિ પૂરણ હોય, જેહનું દરિસણ પામ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, **સર્વકામ** મન ઠામ ॥૧૦૭ખમા૦॥ (૨૧)

જે તીર્થેશ્વરના દરશનથી પોતાની બધી ઈચ્છાઓ પૂર્ણ થાય છે, તેથી આ તીર્થનું **સર્વકામદાયક** એવું પણ નામ છે, તે તીર્થનું હંમેશાં સ્મરણ કરો ॥૧૦૭॥

ઇત્યાદિક એકવીશ ભલાં, નિરૂપમ નામ ઉદાર ।
જે સમર્યા પાતક હરે, આતમ શક્તિ અનુસાર ॥૧૦૮ખમા૦॥ (૨૧)

ઉપર જણાવેલી રીતે આ તીર્થના ગુણ નિષ્પન્ન એકવીસ નામ વડે અને મહિમા વડે ૧૦૮ સ્તુતિ કરવાથી અને એનું સ્મરણ કરવાથી પાપ નાશ પામે છે, તેમજ આત્મબળ પ્રગટ થાય છે, આવા પ્રભાવશાળી ગિરિરાજને હર હંમેશ નમન થાવ ॥૧૦૮॥

કળશ

ઇમ તીર્થનાયક સ્તવન લાયક, સંથુણ્યો **શ્રીસિદ્ધગિરિ**;
અઠ્ઠોત્તર સય ગાહ સ્તવને, **પ્રેમ** ભક્તે મનધરી ।
શ્રીકલ્યાણસાગર સૂરિ શિષ્યે, **શુભ** જગીશે સુખ કરી;
પુણ્ય મહોદય સકલ મંગલ, વેલી **સુજશે** જયસરી ॥૧॥

આવી રીતે તીર્થોમાં અગ્રેસર, સ્તવન કરવાને યોગ્ય, એવા **શ્રીસિદ્ધગિરિરાજ**ની ૧૦૮ ગાથા વડે અંતરમાં પ્રેમ અને ભક્તિને લાવીને રચના કરી. જગતમાં સુખકારી એવા શ્રીકલ્યાણસાગરસૂરિજીના શિષ્ય જયશ્રીના લાંછનવાળા એવા મેં '**શુજશવિજયે**' પુણ્યના મહાઉદયના માટે, સકલ મંગલ થાવ તે માટે, આ મનોહર કડીબદ્ધ રચના કરી. આથી આની આરાધના કરનાર ભવ્ય જીવોનું અને મારું કલ્યાણ થાવ. ॥૧॥

પરમ પૂજ્ય શ્રીવીરવિજયજી મહારાજનાં રચેલાં ૨૧ ખમાસમણે। વિસ્તારથી ગુણેાનું વર્ણન કરવા રચ્યાં છે. જ્યારે ૧૦૮ ખમાસમણમાં છેલ્લે ૨૧ ગુણ નિષ્પન્ન નામેા પણ લીધાં છે, આના (૧૦૮ના) રચયિતા મુનિરાજ **શુજશવિજય** મહારાજે ગિરિના મહિમાને સૂચવવા માટે, વિસ્તારને જણાવવા ૧૦૮ ખમાસમણ રચ્યાં છે, જેને જેટલાં ખમાસમણ–૨૧ કે ૧૦૮ જે દેવાં હેાય તે આપીને આરાધના કરે છે.


[A] અહીં જે ૨૧ નામ આપ્યાં છે તે અને **વી**રવિજયજી મહારાજે જે એકવીશ નામ આપ્યાં છે, તેમાં ૧૮, ૧૯, ૨૦ નામમાં ફેરફાર આવે છે પણ બન્નેએ એકવીશ નામ તેા લીધાં છે.

એક વાત તેા વારેવાર લખવી જ પડશે કે સર્વનેા મૂળ આધાર તેા **શ્રીધ**નેશ્વરસૂરિજીનું રચેલ **શ્રીશત્રુંજય–માહાત્મ્ય** ગ્રન્થ જ છે, બીજા ગ્રંથેાને ભલે જોયા હેાય પણ મુખ્ય ઈમારત તેા **શ્રીશત્રુંજય–માહાત્મ્ય** ગ્રન્થ ઉપર જ છે.

નવાણું યાત્રા કરનાર દાદાના મંદિરને પ્રદક્ષિણા દેવા પૂર્વક ૧૦૮ ખમાસમણે। આપે છે તે ૧૦૮ આ છે.

નવાણું યાત્રા કરનાર **પા**લીતાણા ધર્મશાળામાં રહે છે. તે રેાજ યાત્રા એક બે. જેમ અનુકુળતા હેાય તેમ કરે છે. એક યાત્રાએ પાંચ ચૈત્યવંદન, નવ ખમાસમણ નવ સાથીયા, નવ લેાગસ્સનેા કાઉસ્સગ્ગ અને ત્રણ પ્રદક્ષિણા દે છે, કેાક દિવસ બે યાત્રા કરે, કેાઈ સમય એવેા મળે તેા ત્રણ યાત્રા પણ કરે. એ બધેા અધિકાર આગળ આપશું.

[A] ૨૧ નામમાં કૈલાસ, કદંબગિરિ, ને ઉજ્જયંતગિરિ છે. જ્યારે ૧૦૮ માં તે નામની જગ્યા પર ભદ્રપીઠ, પાતાલમૂળ અને અકર્મક એમ ત્રણ નામેા છે, પણ સંખ્યામાં તેા ૧૦૮ નામમાં ૨૧ ખમાસમણના નામ તેા લીધાં જ છે.



પ્રકરણ ૯ મું

ગિરિરાજની પાયગાઓ

પાયગા એટલે પર્વત પર ચડવાના ઊતરવાના રસ્તાઓ.

શ્રીઆદીશ્વર ભગવાનના સમયમાં **આ**દિત્યપુરથી (**આ**તપુરથી) ઉપર ચડવાની પાયગા હતી. વર્તમાન સમયમાં અહીં **ઘે**ટીની પાયગા છે. આ ઉપરાંત અન્ય રસ્તાઓ પૈકી **શ**ત્રુંજય નદીથી નાહીને ચડવાની પાયગા, **પા**દલિપ્તપુર (**પા**લીતાણા) થી ચડવાની જયતલાટીવાળી પાયગા, **રે**હીશાડાની પાયગા છે.

વળી **ઘે**ટીની પાયગા અને **રે**હીશાડાની પાયગા વચ્ચે ચોક તરફથી આવવાની એક પાયગા હતી. એ દિશામાં રહેનારાઓ હજુયે યાત્રાના મુખ્ય દિવસોમાં આનો ઉપયોગ કરે છે. આ પાયગાનું નામ મને યાદ નથી, પણ મારા પરમ તારક ગુરૂદેવ **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી** મહારાજ એને વિશે ઉલ્લેખ કરતા હતા. પણ અત્યારે જાણવા મલ્યુ કે તેને ઘનઘોળની પાયગા કહે છે

ઘેટીની પાયગા **આ**તપુર નજીક છે. ત્યાં શ્રીઆદીશ્વર ભગવાનના પગલાં છે. ત્યાં યાત્રાળુ ચૈત્યવંદન કરીને ગિરિરાજ પર ચડે છે. ઉપર ચડતી વખતે લગભગ અડધે રસ્તે એક

કુંડ અને પગલાં છે. અહીં દર્શન કરીને યાત્રાળુ ઘેટીની બારીએ આવી અંદર કોટમાં દાખલ થાય છે. દરેક પાયગાએ પાણીની પરબ હોય છે. વળી આ પાયગામાં બધાં પગથિયાં નવેસરથી બાંધવામાં આવ્યાં છે.

શત્રુંજય ગિરિરાજની નીચે પવિત્ર શેત્રુંજી નદી છે. તેના કાંઠા પર એક દેરી છે. શેત્રુંજીમાં નાહીને યાત્રાળુ અહીં દર્શન તથા ચૈત્યવંદન કરી જીવાપરા ગામ પાસેથી ગિરિરાજ પર ચઢાણ શરૂ કરે છે. ચડતી વખતે અડધે રસ્તે કુંડ આવે છે. ત્યાંથી આગળ વધી રામપોળના દરવાજે આવીને કોટમાં દાખલ થવાય છે.


વર્તમાન સમયમાં શેત્રુંજી નદી પર બંધ બંધાયેલો હોવાથી યાત્રાળુઓને તે વાતમાં વાંધો ઉભો થયો છે. એટલે લગભગ તે બંધ થયા જેવું થયું છે.

પાલીતાણાથી સીધા જયતળેટી આવી ગિરિરાજના દર્શન કરી–ચૈત્યવંદન કરી ઉપર ચડે છે. પછી રામપોળની બારીએ આવી કોટમાં દાખલ થાય છે. આ પાયગાનું વર્ણન આગળ આપવામાં આવ્યું છે.

શેત્રુંજી નદીના કાંઠાની નજીક રોહીશાડા ગામ છે. ત્યાં રોહીશાડા ગામની નજીક રોહીશાડાની પાયગા છે. ત્યાં ગિરિરાજની તળેટીમાં દેરી અને પગલાં છે. અહીં દર્શન–ચૈત્યવંદન કરી યાત્રાળુ ઉપર ચડે છે. અને રામપોળની બારીએ આવે છે. અહીં પણ વચમાં એક કુંડ આવે છે.

પાલીતાણા સ્ટેશને ઊતરીએ પછી ગામમાં આવે. ગામમાં યાત્રાળુઓ માટે ધર્મશાળાઓ નજરે પડે છે. ત્યાં યાત્રાળુઓ વિસામો કરે છે. એટલે ધર્મશાળામાંથી નીકળી યાત્રાળુઓ જયતળેટીથી ઉપર ચડવા માંડે છે. પછી ક્રમપૂર્વક ઉપર ચઢી દાદાનાં દર્શન કરી અને ઘેટીની પાયગાએ જવું હોય તે ત્યાં જાય છે.

ત્રણ ગાઉમાં રોહીશાડાની પાયગા લે છે. આ પ્રકારનો વ્યવહાર હાલમાં યાત્રાળુઓ આચરે છે.



પ્રકરણ ૧૦ મું

શ્રી ગિરિરાજની ત્રણ પ્રદક્ષિણાઓ

એ તો સર્વ વિદિત છે કે, નવ્વાણું યાત્રા કરનાર ગિરિરાજની ૧૧ ગાઉ, ૬ ગાઉ, ૧૨ ગાઉ એમ ત્રણ પ્રદક્ષિણા કરે જ છે. બીજા પુણ્યશાળી આત્માઓ છ ગાઉ અને બાર ગાઉની પ્રદક્ષિણા કરે છે.

ગિરિરાજની ત્રણ પ્રદક્ષિણા કરતી વખતે **પહેલી પ્રદક્ષિણા** દોઢ ગાઉની, બીજી છ ગાઉની અને **ત્રીજી** બાર ગાઉની હોય છે.

પહેલી દોઢ ગાઉની પ્રદક્ષિણા : આ પ્રદક્ષિણામાં દાદાના દર્શન કરીને યાત્રાળુ રામપોળની બારીએથી બહાર નીકળે છે. આ પ્રદક્ષિણા કરતી વખતે યાત્રાળુ ગિરિરાજના બધાં મંદિરોને ફરતો કોટ છે, તેને આવરી લેતી પ્રદક્ષિણા કરે છે. આ પ્રદક્ષિણા દરમ્યાન નવ ટુંકની બારીના નીચાણના ભાગમાં એક તલાવડી જેવું સ્થળ આવે છે. ત્યાં બેસીને યાત્રાળુ ગિરિરાજ અભિમુખ થઈ ચૈત્યવંદન કરે છે. અહીંથી આગળ ચાલીને હનુમાન ધારા થઈ **રામપોળમાં** દાખલ થાય છે. આ પ્રદક્ષિણામાં દોઢ ગાઉ થવાથી આને દોઢ ગાઉની પ્રદક્ષિણા કહેવામાં આવે છે.

બીજી પ્રદક્ષિણા છ ગાઉની : આ પ્રદક્ષિણા મુખ્યત્વે ફાગણ સુદ તેરસના દિવસે કરવામાં આવે છે. નવ્વાણું યાત્રા કરનાર તો ગમે ત્યારે પણ આ પ્રદક્ષિણા અચૂક કરે જ છે. આ પ્રદક્ષિણામાં દાદાનાં દર્શન કરી **રામપોળ** થઈ પૂર્વ દિશામાં પ્રયાણ થાય છે. ત્યાં ટેકરી પર **દેવકી-ષટ્-નંદન**ની દેરી છે. દેવકી રાણીના છ પુત્રો દેવકીનો ભાઇ **જરાસંધ** પ્રતિ વાસુદેવને ખબર પડી કે તેને મારનાર દેવકીનો સાતમો ગર્ભ છે. એટલે **જરાસંધે** દેવકી પાસે સાતે ગર્ભની માંગણી કરી. જેમ જેમ બાળક જન્મતું ગયું તેમ તેમ તે બાળક **જરાસંધને** સોંપાતું ગયું. આ બાળકોએ ક્રમે કરીને **નેમિનાથ** ભગવંત પાસે દીક્ષા લીધી. બાળકો કોના તે તો બાળકો નથી જાણતા.

એકવાર **દ્વારકા** નગરીમાં ભગવાન પધાર્યા અને તેમના સાધુઓ બે–બે ની જોડીમાં ગોચરી વહોરવા નીકળ્યા છે. હવે પહેલી એક જોડીએ દેવકી રાણીને ત્યાં જઇ ગોચરી વહોરી. ત્યારપછી દેવકીને ત્યાં બીજું સંઘાટક ગોચરી વહોરવવા આવ્યું. પછી ત્રીજી જોડી પણ તેણે ત્યાં ગોચરી આપી. સાધુઓને પહેલાં આવેલ જોડીઓ અંગે કાંઇ ખબર નહતી. ત્રીજી જોડીને આહાર વહોરાવીને દેવકીએ પ્રશ્ન કર્યો કે દ્વારકામાં તમને બીજે સ્થળે ગોચરી મળી નહીં ? તેના જવાબમાં સાધુઓએ કહ્યું કે, અમે બધા છએ એક સમાન કદ અને સ્વરૂપના છીએ. આ જવાબ ઉપરથી દેવકીને પોતાના છ પુત્રો તે જ આ સાધુઓ છે એવી શંકા થઈ. દેવકી સાથે વધુ વાતચીત થતાં સાધુઓનો વૈરાગ્ય વધ્યો, એટલે સાધુઓ વધુ વૈરાગ્ય ભાવના સેવવા લાગ્યાં. તેમણે ગિરિરાજ પર જઈ અનશન આદરી, કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ પ્રાપ્ત કર્યું. આવો ઇતિહાસ આ દેરી સાથે જોડાયેલો છે.

દેવકી ષટ્નંદનની દેરીથી આગળ વધતાં **ઉલળા** જળની દેરી આવે છે. એ સ્થળ અંગે એવી દંતકથા છે કે–પૂર્વના સમયમાં દાદાનું નવણ આ સ્થળે વહીને આવતું અને અહીંના આડામાં તે ભરાતું. માટે અહીં એક દેરી બનાવી પગલાંની સ્થાપના કરી છે. યાત્રાળુઓ અહીં ચૈત્યવંદન કરીને આગળ વધે છે.

શ્રીઅજિતનાથ–શાંતિનાથની દેરી : આગળ ચાલતાં આ દેરીઓ આવે છે. એમ કહેવાય છે કે શ્રીઅજિતનાથ ભગવંત આ ગિરિ પર સમવસરેલા, જ્યારે **શ્રીશાંતિનાથ** ભગવંત અહીં ચાતુર્માસ રહેલા હતા. આ પ્રસંગની યાદમાં અહીં દેરીઓ કરેલી છે. આ બન્ને દેરીઓ સમક્ષ યાત્રાળુઓ ચૈત્યવંદન કરી તેની બાજુમાં રહેલ ચીલણ તલાવડી પર આવે છે.

ચીલણ તલાવડી :– અહીં તળાવમાં પાણી કાયમ રહે છે. અહીં બેઠા, સૂતાં કે ઊભાં યાત્રાળુઓ યથા શક્તિ કાઉસ્સગ્ગ કરે છે. **મહા**વીર ભગવાનના **સુ**ધર્મા સ્વામીના તપસ્વી **ચી**લણ મુનિ ઘણા માણસો સાથે પશ્ચિમ દિશામાંથી **વિમલાચલ** તીર્થની યાત્રા કરવા આવતા હતા. તેઓ દશ યોજન ચાલ્યા પછી સંઘ ખૂબ તરસ્યો થયો. એટલે સંઘે કૃપાળુ મુનિરાજને લબ્ધિનો ઉપયોગ મૂકવા કહ્યું. તેથી તે મુનિ મહારાજે લબ્ધિના પ્રતાપે પાણીથી ભરેલું એક મોટું જળાશય બનાવ્યુ. તરસ્યા યાત્રાળુઓ એનું પાણી પી સંતોષ પામ્યા. માટે આ જળાશયનું નામ **ચીલણ તલાવડી** પાડયું છે.

ચીલણ તલાવડીથી ચાલતા ચાલતા યાત્રાળુઓ ભાડવા ડુંગરની ટેકરી પર જાય છે. ઉપર ચડયા પછી તેઓ **સાંબપ્રદ્યુમ્ન**ની દેરી એ પહોંચે છે. **સાંબપ્રદ્યુમ્ન** કૃષ્ણ વાસુદેવના પુત્ર હતા. તે સાડા ત્રણ કરોડ મુનિઓ સાથે આ ગિરિરાજ પર અનશન કરી **ફાગણ સુદ તેરસ**ના દિવસે **મોક્ષ** પામ્યા હતા. માટે **ફાગણ સુદ તેરસ છ ગાઉની યાત્રા કરવાનો મહિમાનો દિવસ છે**. અહીં દેરીમાં **સાંબપ્રદ્યુમ્ન**નાં પગલાં છે. આ દેરીએ ચૈત્યવંદન કરે છે. પછી ઉતરાણ શરૂ થાય છે.

આ છ ગાઉની પ્રદક્ષિણાનો રસ્તો તદ્દન કાચો હતો. હાલમાં એ કાંઈક ઠીક કરવામાં આવ્યો છે. વળી આ શુભ દિવસે છ ગાઉની પ્રદક્ષિણા કરનાર માટે કાચા તથા ઉકાળેલા પાણીની પરબો ઠેર ઠેર રાખવામાં આવે છે. (નવાણુ યાત્રા કરનાર જ્યારે જાય છે ત્યારે શે. આ. ક.ની પેઢી તરફથી ચોકીયાત પણ આપવામાં આવે છે. એનું કારણ આ યાત્રાની વિષમતા છે.)

અહીંથી નીચે ઊતરી જઈએ એટલે **સિદ્ધવડની દેરી** આવે છે. આ સ્થળને જૂની તળેટી પણ કહે છે. અહીં **શ્રીઆ**દીશ્વર ભગવાનના પગલાં છે ગિરિરાજ પર અનંત સિદ્ધો મોક્ષે ગયા. તેની યાદમાં આ સ્થળ **સિદ્ધવડ** તરીકે પ્રસિદ્ધ થયું છે.

આ તેરસના દિવસે અહીં **આ**તપુર નજીક પડાવ પડયા હોય છે. શે. આણંદજી કલ્યાણજી તથા અન્ય સંઘોના પણ પડાવ પડેલા હોય છે. પડાવમાં યાત્રાળુઓની સારી રીતે સરભરા (ભક્તિ) કરવામાં આવે છે. તે દિવસે ઢેબરાં અને દહીં પીરસવામાં આવે છે. અહીંથી **પા**લીતાણા ગામ બે ગાઉ (ચારમાઈલ) દૂર છે. પડાવમાં વાપર્યા પછી યાત્રાળુઓ **પા**લીતાણા પહોંચે એટલે છ ગાઉની પ્રદક્ષિણા પૂરી થયેલી કહેવાય. આ પ્રદક્ષિણામાં સરેરાશ વીસ હજાર યાત્રાળુઓ ભેગા થાય છે. એ આનંદ શબ્દબદ્ધ કેહેવાય તેવો નથી.

ત્રીજી બાર ગાઉની પ્રદક્ષિણા :– યાત્રાળુ પાલીતાણાથી નીકળી **ભં**ડારીયા જાય. ત્યાંથી બોદાનાનેશ ગામની બાજુમાં આવેલ **કદમ્બગિરિ** જાય અને ત્યાંથી ચોકની બાજુમાં **હસ્તગિરિ** જવાય છે. અને ત્યાંથી ફરીને **પા**લીતાણા અવાય છે. આ યાત્રા બાર ગાઉની

થાય છે. રસ્તામાં **શેત્રુંજી** નદી આવે છે. અત્યારે આ નદી પર બંધ બંધાયો એટલે આ બાર ગાઉની યાત્રા ખોરવાઈ ગઈ છે. પણ બંધ બંધાયો તે પહેલાં યાત્રાળુ **પાલીતાણા**થી નીકળી **ભંડારીયા**ના દર્શન કરી **કદમ્બગિરિ** ચડી ગિરિ ઉપર પગલાના દર્શન કરતા, ત્યાં **શ્રીઆદીશ્વર** ભગવાનનાં પગલાંના દર્શનનો લાભ પણ મળતો. અહીં ચૈત્યવંદન કરીને નજર ફેંકીએ તો **શ્રીશત્રુંજય** ગિરિનું દૃશ્ય ખૂબ મનોહર લાગે છે.

ગઈ ચોવીસીના બીજા **નિર્વાણિ** તીર્થંકર ભગવંતના **કદમ્બ** નામે એક ગણધર હતા. તેમણે એક કરોડ મુનિઓ સાથે અનશન કરેલું અને આ સ્થળે મોક્ષે ગયેલા તેથી આ સ્થળ **કદમ્બગિરિ** નામે ઓળખાય છે.


વર્તમાન સમયમાં પૂ. આચાર્ય વિજયશ્રી નેમિસૂરીશ્વરજી મહારાજે ગામમાં એક મોટું મંદિર બંધાવ્યું છે. વળી અહીં ઉપાશ્રય–ધર્મશાળા અને ભોજન શાળા છે. આણંદજી કલ્યાણજીની પહેલાંની ધર્મશાળા પણ અહીં છે. **કદમ્બગિરિ** પર જતાં વચ્ચે અનેક મંદિરો પૂ. આચાર્યશ્રીએ બાંધેલાં નજરે પડે છે. વાવડી પ્લોટમાં પણ એક દેરાસર બાંધેલું છે. યાત્રાળુઓ સેવા પૂજાનો લાભ લેછે. તેમને ભાથું મળે છે.

યાત્રાળુઓ **કદમ્બગિરિ**ના દર્શન કરી **ચોક** આવતા. તેઓ ધર્મશાળામાં મુકામ કરી **શેત્રુંજી** નદી ઊતરીને **હસ્તગિરિ** પર ચડતા અને ચૈત્યવંદન કરતા. **ચોક** ગામમાં દેરાસર તથા વિશાળ ધર્મશાળા હતી. ત્યાં યાત્રાળુઓ જમીને વિસામો કરતા.

ભરત ચક્રવર્તીનો હાથી આ તીર્થમાં જ આરાધના કરી મરણ પામી સ્વર્ગે ગયો છે. તે હાથીએ એકવાર સ્વર્ગમાંથી નીચે ઊતરી **ભરત** મહારાજાને નમસ્કાર પૂર્વક જણાવ્યું કે આ તીર્થના પ્રભાવે મને દેવગતિ પ્રાપ્ત થઈ છે. આથી આ તીર્થ **હસ્તગિરિ** તરીકે ઓળખાય છે. આ ગિરિપર **શ્રીઆદીશ્વર** ભગવાનના પગલાં છે. અહીં યાત્રાળુઓ ચૈત્યવંદન કરી બીજે દિવસે પ્રયાણ કરી પાલીતાણા પહોંચે છે. એટલે એમની બાર ગાઉની યાત્રા પુરી થઈ કહેવાય છે.

હાલમાં **શેત્રુંજી**નદીના કાંઠાપર આવેલ બંધના કાંઠે એક મંદિર અને ધર્મશાળા આમ પૂ. આ. વિજયશ્રી નેમિસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી બંધાયું છે. અહીં દર્શન કરી યાત્રાળુઓ શેત્રુંજી નદી ઓળંગી **ભંડારીયા** થઈ **કદમ્બગિરિ**ની યાત્રાએ જાય છે અને પછી **પાલીતાણા** પાછા ફરે છે. પણ બંધ થતાં બાર ગાઉની પ્રદક્ષિણા થતી નથી.

હસ્તગિરિની યાત્રા થતી ન હોવાથી આ સ્થળનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. હાલમાં **પાલીતાણા**થી સીધે રસ્તે **હસ્તગિરિ** જવાય છે.




પ્રકરણ ૧૧ મું

છઠ્ઠ કરીને સાત યાત્રા

છટ્ઠેણં ભત્તેણં, અપ્પાણેણં સત્તજત્તાઇં;
જે કુણઈ સેતુંજે, તઇય ભવે લહુંઈ સો મુક્ખં ॥ ૧ ॥

શત્રુંજયલઘુકલ્પમાં કહ્યા પ્રમાણે જે કોઈ વ્યક્તિ ચોવિહાર બે ઉપવાસ કરી, એટલે છઠ્ઠ કરી દાદાની સાત યાત્રા કરે તે ત્રીજે ભવે મોક્ષે જાય છે.

આવી સાત યાત્રા કરનાર સવારથી યાત્રા શરૂ કરે છે અને પહેલે દિવસે પાંચ યાત્રા કરે છે. તેમાં મુખ્યત્વે બે યાત્રા **જય**તળેટીની અને ત્રણ યાત્રા **ઘે**ટીની પાયગાથી કરે છે. દરેક યાત્રામાં તળેટીનું, શાંતિનાથ ભગવાનનું અને દાદાનું એમ ત્રણ ચૈત્યવંદન કરીલે છે. પછી પાંચમી યાત્રાએ ઉપર ચડે છે તે વખતે પંદર પ્રદક્ષિણા, રાયણપગલાનાં પાંચ ચૈત્યવંદન, અને પુંડરીક સ્વામીના પાંચ ચૈત્યવંદન, કાઉસ્સગ્ગ, ખમાસમણાં વગેરે પુરાં કરવામાં આવે છે. બીજે દિવસે ફરીથી **જય** તળેટીથી ચડી દાદાનાં દર્શન કરી ઘેટીની પાયગાએ જઈ ત્યાંથી ઉપર ચડવામાં આવે છે. ત્યારે પણ બે યાત્રાના દશ ચૈત્યવંદન વગેરે કરવામાં આવે છે. આ બીજા દિવસની યાત્રા કરતી વખતે શિયાળામાં પણ શરીરમાં ગરમીનો સંચય થવાથી બિલકુલ ઠંડી લાગતી નથી. ઊલટું શરીર પરનાં કપડાં પાણી છાંટી ભીનાં રાખવાં પડે છે. આવા વખતે શરીરની આવી સ્થિતિ હોય છે, છતાં યાત્રાળુની પરિણામની ધારા ખૂબ ઉચ્ચે ચડેલી રહે છે. સાત યાત્રા કરનાર મુખ્યત્વે તો શિયાળામાં જ આદરે છે. કોઈ પુણ્યશાળી હોય તો તે ઉનાળામાં આવી કઠીણ યાત્રા કરે છે.



પ્રકરણ–૧૨ મું


સિદ્ધાચલના સાત છટ્ઠ અને બે અટ્ઠમ :–

આ તપની અંદર ગિરિરાજની આરાધનામાં સાત છટ્ઠ અને બે અટ્ઠમ કરે છે. તે બાર મહિનામાં પાલીતાણામાં રહીને ગમે ત્યારે કરે છે.

આરાધના નીચે પ્રમાણે છે

પ્રથમ છટ્ઠમાં શ્રીઋષભદેવસર્વજ્ઞાય નમઃ
બીજા છટ્ઠમાં શ્રીવિમલગણધરાય નમઃ
ત્રીજા છટ્ઠમાં શ્રીસિધ્ધક્ષેત્રગણધરાય નમઃ
ચોથા છટ્ઠમાં શ્રીહરિગણધરાય નમઃ
પાંચમા છટ્ઠમાં શ્રીવજ્રવલ્લીનાથાય નમઃ
છટ્ઠા છટ્ઠમાં શ્રીસહસ્રગણધરાય નમઃ
સાતમા છટ્ઠમાં શ્રીસહસ્રકમલાય નમઃ
પહેલા અટ્ઠમમાં શ્રીપુંડરીકગણધરાય નમઃ
બીજા અટ્ઠમમાં શ્રીકદમ્બગણધરાય નમઃ

તે રીતે સાત છટ્ઠ અને બે અટ્ઠમ થાય. તે દરેકમાં તે તે પદની ૨૦ નવકારવાળી, ૨૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ, ૨૧ ખમાસમણાં–સાથિયા વગેરે છે. આ રીતે સાત છટ્ઠ અને બે અટ્ઠમની આરાધના કરે છે.



પ્રકરણ-૧૩ મું
આ ગિરિરાજનાં મોટાં પર્વો

(૧) કાર્તકી પૂર્ણિમા (૨) મેરુ ત્રયોદશી (૩) ફાગણ સુદ ૮ (૪) છ ગાઉની યાત્રા (૫) ફાગણ વદ ૮ (૬) ચૈત્રી પૂર્ણિમા (૭) અક્ષય તૃતીયા (૮) અષાડી ચૌદશ.

૧. આ ગિરિરાજની આરાધના કરીને દ્રાવિડ અને વારિખિલ્લ **કા. સુદ પૂનમ**ના અનશન કરીને મોક્ષે ગયા, તે નિમિત્તો આ પર્વ છે. ગિરિરાજ પર જતાં હનુમાનધારા પહેલાં સરખો પટ આવે છે. ત્યાં તેમની દેરી આવેલી છે. ત્યાં **કાર્તકી પૂર્ણિમાએ** તાસાં વાગે છે.

૨. **શ્રીઋ**ષભદેવ ભગવાન **મહા**વદ ૧૩ (ગુજરાતી **પોષ** વદ ૧૩)ના દિવસે **અષ્ટાપદ** પર્વત પર મોક્ષે પધાર્યા, તે નિમિત્તે આ પર્વને આરાધે છે. (ત્યારે ઘીનો **મેરુ** બનાવીને પ્રભુજીની સન્મુખ મુકાય છે. ગામે ગામ પણ ઘીનો **મેરુ** બનાવીને મુકાય છે.) તેથી તે દિવસે યાત્રા કરે છે. આથી આ **મેરુત્રયોદશીનું** પર્વ છે.

૩. **ફાગણ સુદ** ૮– **શ્રીઆ**દીશ્વર ભગવાન ગિરિરાજ પર પૂર્વે **પૂર્વ નવ્વાણું** વાર પધાર્યા છે, પણ જ્યારે જ્યારે પધાર્યા છે ત્યારે ત્યારે **આ**દિત્યપુર(**આ**તપુર)થી જ પધાર્યા છે અને **ફા. સુ.** ૮ના જ પધાર્યા છે. એટલે પુણ્યવાનો જય તલાટીથી ગિરિરાજ ઉપર આવી, દાદાનાં દર્શન કરી, વર્તમાનમાં તે દિશાએ નીચે એટલે **વર્તમાન ઘેટીની પાયગાએ** **શ્રીઆ**દીશ્વર ભગવાનનાં પગલાંની દેરી છે, ત્યાં દર્શન ચૈત્યવંદન કરીને, પાછા ઉપર આવે છે અને દાદાની યાત્રા કરે છે.

૪. **ફાગણ સુદ** ૧૩ ના દિવસે ગિરિરાજની **છ ગાઉની** પ્રદક્ષિણા કરાય છે. પ્રદક્ષિણા કરીને **આ**તપુરમાં (પુરાણું **આ**દિત્યપુર) પડાવ કરે છે. ત્યાં બધા યાત્રાળુઓ આવે છે. **શા**ંબને **પ્ર**દ્યુમ્ન તે દિવસે મોક્ષે ગયા છે. આ યાત્રામાં દાદાની યાત્રા કરીને **રા**મપોળથી બહાર નીકળી

દેવકી છ નંદનની દેરી આવે છે, ત્યાં ટેકરી ઉપર દર્શન કરે છે. ચૈત્યવંદન કરે છે. પછી ત્યાંથી ગિરિરાજની પ્રદક્ષિણા શરૂ કરે છે. આગળ જાય ત્યારે **ઉલખા જળ** આવે છે.ત્યાં દેરીમાં શ્રીઆદીશ્વર ભગવાનના પગલાં છે. ત્યાં ચૈત્યવંદન કરે છે. પૂર્વ કાળે અહીં દાદાનું ન્હવન આવતું હશે તેવી કલ્પના છે. ત્યાંથી આગળ ચાલે એટલે **શ્રીઅજિત-શાંતિનાથની દેરી** આવે છે. ત્યાં દર્શન ચૈત્યવંદન કરે. બાજુમાં **ચિલ્લન તળાવડી** આવે છે. ત્યાં બેઠા-સૂતા-ઊભા ૯, ૨૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે છે. ત્યાંથી આગળ ચાલતાં **ભાડવાના ડુંગર** પર જાય છે. ત્યાં **શાંબ પ્રદ્યુમ્નની દેરી** આવે છે. ત્યાં ચૈત્યવંદન કરીને ઉતરવાની શરુઆત કરે છે. એટલે ધીરે ધીરે ઊતરીને **સિદ્ધવડે** આવે છે. ત્યાં દેરીમાં દાદાનાં પગલાં છે. ત્યાં પણ દર્શન-ચૈત્યવંદન કરીને પડાવમાં જાય છે. આ પ્રદક્ષિણાનો રસ્તો અતિ કઠીન છે, પણ એક વખત યાત્રા કરી હોય, તેને ફરી પણ યાત્રા કરવાનું મન થાય તેવું છે. પડાવમાં જુદાં જુદાં ગામનાં-જુદાં જુદાં મંડળોના પડાવ હોય છે. શેઠ **આ. ક.** પેઢીનો પણ પડાવ ત્યાં હોય છે. આની વ્યવસ્થા શેઠ **આણંદજી કલ્યાણજી** કરે છે. તથા બીજા પુણ્યવાનો પણ લાભ લે છે. તે મેળો જોવા જેવો હોય છે.

૫. **ફાગણ વદ ૮** (શાસ્ત્રીય **ચૈત્ર** વદ ૮). એ શ્રીઆદીશ્વર ભગવાનનો **જન્મ કલ્યાણક** અને **દીક્ષા કલ્યાણક**નો દિવસ છે એટલે તે દિવસે દાદાની યાત્રા કરવા યાત્રાળુઓ પધારે છે.

૬. **ચૈત્રી પૂર્ણિમા**:- ચૈ. સુ. ૧૫ **શ્રીઆદીશ્વર** ભગવાનના ગણધર **શ્રીપુંડરીક** સ્વામીએ આ ગિરિ પર પોતાને અને પોતાના પરિવારને લાભ છે એમ ભગવાનના મુખથી જાણીને સ્થિરતા કરી અને આરાધના કરી. આરાધનાના પ્રતાપે **ચૈત્રી** પૂર્ણિમાના દિવસે અનશન કરીને પાંચ કરોડ મુનિ સાથે મોક્ષે ગયા. તેથી ગિરિરાજનો મહિમા વધ્યો, અને **પુંડરીક** ગિરિ એવું નામ પણ થયું. આથી ભવ્ય જીવો **ચૈત્રી** પૂર્ણિમાનો દિવસ મહિમાનો ગણે છે અને ગામે ગામથી-દેશે દેશથી (વર્તમાનમાં) યાત્રાએ આવે છે અને યાત્રા કરે છે. ૧૦-૨૦-૩૦-૪૦-૫૦ પુખ્તોની માળા વગેરે ચઢાવે છે. વળી અન્ય કોમ-ખેડુત આદિ પણ આ દિવસે શ્રીગિરિરાજ પર આવે છે. યાત્રાનો લાભ લે છે, રાસડા વગેરે લે છે, અને આનંદ અનુભવે છે. આ રીતે આ **ચૈત્રી પૂર્ણિમાનું પર્વ** ઊજવે છે.

૭. **અક્ષય તૃતીયા**:- **વૈશાખ** સુદ ૩-**શ્રીઆદીશ્વર** ભગવાને દીક્ષા લીધી ત્યારે દાનધર્મની પ્રવૃત્તિ પ્રચલિત નહોતી. આથી ફા. વ. ૮થી એક વર્ષ સુધી પ્રભુને આહાર પાણી મળેલાં નથી. એથી આ વર્ષીતપ કહેવાય છે. બીજે વર્ષે વૈ. સુ. ૩ના દિવસે પ્રભુ હસ્તિનાપુરમાં પધારે છે, ત્યાં **શ્રેયાંસકુમાર** છે. રાજા-શેઠ અને **શ્રેયાંસકુમાર**ને રાત્રે સ્વપ્ન આવે છે. રાજદરબારમાં ત્રણે ભેગા થાય છે. એ ત્રણેમાં **શ્રેયાંસકુમાર**ને લાભ થશે એમ જણાય છે. ગૂઢાર્થ સમજતો

નથી. પ્રભુ વિચરતા ત્યાં પધારે છે. **શ્રેયાંસકુમાર** પ્રભુને જુવે છે, ને જાતિસ્મરણ જ્ઞાન થાય છે. જાતિસ્મરણમાં પૂર્વભવોનો પ્રભુ સાથેનો સંબંધ પોતાને જણાય છે. સાધુપણું યાદ આવે છે. સાધુને શું કલ્પે તે સમજાય છે. તે વખતે ત્યાં બેઠૂતો આવીને તેમને **ઇક્ષુરસ** ભેટ આપે છે. એટલે તે રસ પ્રભુને વહોરાવે છે. પ્રભુને *વર્ષીતપનું પારણું થાય છે. એટલે દાનધર્મ અહીંથી પ્રવર્તે છે. પ્રથમ ભિક્ષુ ભગવાન. પ્રથમ દાન ધર્મ આદિના પ્રવર્તક શ્રેયાંસકુમાર અને પ્રથમ દાન ઇક્ષુરસ. તે વાતને ઉદ્દેશીને ભાવિકો એકાંતરે ઉપવાસ કરે અને બીજે દિવસે આહાર લેવો એમ કરી વર્ષ સુધી તપ કરે છે, તેને વર્ષીતપ કહે છે. ગિરિરાજની શીતલ છાયામાં પુણ્યવાનો આ તપનું પારણું કરવા પધારે છે. આજે પણ આઠસો–નવસો–હજાર–બારસો અને પંદરસો તપ કરનાર પારણું કરવા ત્યાં પધારે છે. વળી દાદાને વૈ. સુ. ત્રીજના દિવસે **ઇક્ષુરસ**થી પ્રક્ષાલ કરે છે. નીચે આવીને શેઠ **આ. ક.** એ વ્યવસ્થા કરેલ સ્થળે સર્વ સમુદાય પારણું કરવા પધારે છે, અને **ઇક્ષુરસ**થી જ પારણું કરે છે. ત્યાં એકજ આસને બેસીને પારણું કરે છે, એટલે ભાવિકોને એકાસણું થાય છે. આ મેળામાં ૨૦ થી ૨૫ હજાર માણસો ભેગા થાય છે, જો કે વર્તમાનમાં જુદાં જુદાં સ્થાને પારણાં થાય છે, છતાં પણ અહીં તો સદા પહેલાના જેવી જ ભીડ રહે છે.


૮. **અષાઢ સુદ ૧૪.** (અષાડી ચોમાસી ચૌદશ) ભાવિકો ગિરિરાજની યાત્રાની તમન્નાનો ઉમંગ રાખે છે અને યાત્રાએ આવે છે. વર્ષમાં એક વખત તો ગિરિરાજની યાત્રા કરવી જ જોઇએ. આથી જેને યાત્રા રહી ગઈ હોય તે છેલ્લે અ. સુ. ૧૪ ની યાત્રા કરી લે છે. કારણ કે પૂર્વાચાર્યોએ વિરાધનાદિ કારણોનો વિચાર કરીને અસાડી ચાતુર્માસિક ૧૪ પછી ગિરિરાજની યાત્રા ન થાય, ઉપર ન ચઢાય, તેવો નિષેધ કર્યો છે, ને તેનું પાલન પણ થાય છે. આનું પાલન પણ કરવું જ જોઇએ. એટલે પણ છેલ્લે છેલ્લી ગિરિરાજની આ વર્ષની યાત્રા કરી લઈએ તેમ ગણીને પણ પુણ્યવાનો આ ગિરિરાજ પર અષાડી ચોમાસીની યાત્રા કરવા આવે છે.

આ રીતે વર્ષમાં આટલાં પર્વો મુખ્ય આવે છે. બાકી યાત્રા તો સદા આઠ મહિના કરાય છે.

પૂર્વાચાર્યોએ લાભનું કારણ દેખીને ગિરિરાજ પર ચોમાસામાં જવાનો નિષેધ કરેલો છે. તેનું શ્રીસંઘ પાલન કરે છે. છતાં જે જાય છે તે ભૂલ કરે છે.

ગિરિરાજની સ્પર્શના કરનારા અષાડીથી કાર્તિક સુદ ૧૪ સુધી **પાલીતાણા** આવી ધર્મશાળામાં સ્થિરતા કરીને કૃતાર્થ થાય છે પણ ઉપર ચઢતા નથી.

* ફાગણ વદ ૮ થી બીજા વર્ષના વૈશાખ સુદિ ૩ સુધી આ તપ ચાલે છે. આથી **વર્ષીતપ** કહેવાય છે.




પ્રકરણ-૧૪ મું
ગિરિરાજ ઉપર મોક્ષે ગયેલાનાં ઉપલબ્ધ કેટલાક નામો

શ્રીપુંડરીક ગણધર ૫ ક્રોડ સાથે ચૈત્ર સુદ-૧૫, દ્રાવિડ અને વારિખિલજી ૧૦ ક્રોડ સાથે કારતક સુદ-૧૫, શામ્બ અને પ્રદ્યુમ્ન ૮ ક્રોડ ૫૦ લાખ સાથે ફાગણ સુદ-૧૩, પાંચ પાંડવો ૨૦ ક્રોડ સાથે આસો સુદ-૧૫, નમિ અને વિનમિ ૨-ક્રોડ સાથે ફાગણ સુદ-૧૦.

ભરતચક્રીની પાટે થયેલા અસંખ્યાત રાજાઓ આ ગિરિ ઉપર મોક્ષે ગયા. નાદરજી ૯૧ લાખ સાથે, રામ અને ભરત ૩ ક્રોડ સાથે, ભરત ૧ હજાર સાથે, સોમયશા ૧૩ ક્રોડ સાથે, વસુદેવની પત્ની ૩૫ હજાર સાથે, શ્રીશાંતિનાથ પ્રભુના ચોમાસામાં ૧,૫૨,૫૫,૭૭૭ સાધુઓ મોક્ષે ગયા, સાગરમુનિ ૧ ક્રોડ સાથે, ભરતમુનિ ૫ ક્રોડ સાથે, અજિતસેન ૧૭ ક્રોડ સાથે, શ્રીઅજિતનાથ પ્રભુના ૧૦ હજાર સાધુ ચૈત્ર પૂર્ણિમાએ, શ્રી શાંતિનાથ ભગવાનના પરિવારના ૧૦ હજાર સાધુ મોક્ષે ગયા. શ્રીસારમુનિ ૧ ક્રોડ સાથે, વૈદર્ભી ૪૪ ક્રોડ સાથે, આદિત્યયશા ૧ લાખ ક્રોડ, બાહુબલીના પુત્રો ૧૦૦૮ ક્રોડ, દામિતારી ૧૪ હજાર સાથે, થાવચ્ચાપુત્ર ૧ હજાર સાથે, શુકપરિવ્રાજક ૧ હજાર સાથે, થાવચ્ચા ગણધર ૧ હજાર સાથે, કાલિક ૧ હજાર સાથે, કદમ્બ ગણધર ૧ ક્રોડ સાથે, સુભદ્ર મુનિ ૭૦૦ સાથે શેલકાચાર્ય ૫૦૦ સાથે.

આ સિવાય ભરતના પુત્ર બ્રહ્મર્ષિ, ચાર પુત્ર સાથે શાંતનુ રાજા, ચંદ્રશેખર રાજા, ઋષભસેન જિન, દેવકીના છ પુત્રો, વસુદેવના પુત્ર જાલિ, મયાલી, ઉવયાલી, સુવ્રત શેઠ, મંડકમુનિ, આણંદઋષિ, સાત નારદ, અંધકવિષ્ણુ-ધારણિ તેના ૧૮ કુમારો વગેરે અંનતા આત્માઓ આ શ્રીશત્રુંજયગિરિવર ઉપર મોક્ષે ગયેલા છે, ભૂતકાળમાં કાંકરે કાંકરે અનંત આત્માઓ સિદ્ધ થયા છે. ભવિષ્યકાલમાં પણ અનંત આત્માઓ મોક્ષે જશે.

શ્રીઅજિતનાથ અને શ્રીશાંતિનાથ ભગવાને શ્રીસિદ્ધગિરિરાજ ઉપર ચોમાસું કર્યું હતું.




પ્રકરણ–૧૫ મું

ચાતુર્માસ

શિયાળાના તથા ઉનાળાના આઠ મહિના ગિરિરાજ ઉપર યાત્રા કરવા જવાય છે. અને ચોમાસાના ચાર મહિના એટલે અસાડ સુદ પુનમથી કારતક સુદ ૧૪ સુધી ગિરિરાજ ઉપર ચઢાતું નથી. પૂર્વાચાર્યોએ ઊંડા અભ્યાસ દ્વારા ચાતુર્માસમાં ગિરિરાજ ઉપર ન જવું તેવો નિર્ણય કરેલો છે. અને વર્તમાન કાળમાં પણ તે રીતે થાય છે. **શત્રુંજય માહાત્મ્ય**માં પણ ચોમાસામાં ગિરિરાજ ઉપર ન ચઢવું તેવો નિષેધ કરેલો છે. (ચાતુર્માસમાં ઉપર ન ચડવા અંગે મુનિ **શ્રીસુ**મિત્રવિજયજીએ બે પુસ્તિકાઓ બહાર પાડી છે) એટલે ચોમાસામાં ઉપર ન જવું તે જ શ્રેષ્ઠ છે. જેઓ ચોમાસામાં ઉપર જાય છે તે તીર્થંકરની આજ્ઞા વિરુદ્ધ કરે છે.

ચોમાસામાં યાત્રાળુઓ **પા**લીતાણા ધર્મશાળામાં ચાતુર્માસ કરવા આવે છે. અને ચાર માસ સ્થિરતા કરે છે. અને રોજ ગિરિરાજની સ્પર્શના–ચૈત્યવંદનો–કાઉસ્સગ્ગ–ખમાસમણાં વગેરે કરે છે. યથાશક્તિ તપ પણ કરે છે.

શેષ કાળમાં નવ્વાણું કરવા આવે કે ચોમાસામાં ચાતુર્માસ કરવા આવે. પુણ્યવાનો નવ્વાણું કે ચાતુર્માસ કરનારની ભક્તિ કરવાનો લાભ લે છે. (ટોળી કરે છે). ચાતુર્માસ રહેલા તો યત્રા કરવા જતા નથી. એટલે જ્યાંથી ગિરિરાજની શરૂઆત થાય છે ત્યાં જ **જયતલાટી**એ ગિરિરાજની સ્પર્શના કરે છે.



પ્રકરણ-૧૬ મું

પટ જુહારવાની પ્રથા

દર વરસે ચાતુર્માસ દરમિયાન સાધુ, સાધ્વી એક સ્થળે સ્થિરતા કરે છે, અને ચાતુર્માસમાં આરાધનાનો લાભ સંઘને પણ મળે છે. ચાતુર્માસ પૂરું થાય એટલે ગિરિરાજ **શ્રીશત્રુંજયના** દર્શનની છૂટ થાય છે. તેથી કારતક સુદ પુનમના દિવસે ચાતુર્માસનું પરિવર્તન કરાવવામાં આવે છે. અને તે તે ગામનો ચતુર્વિધ સંઘ ગામની બહાર યોગ્ય સ્થળે **શ્રીશત્રુંજય** ગિરિરાજનો પટ બાંધી તેનાં દર્શને નીકળે છે. મુળ હેતુ તો શ્રીગિરિરાજની યાત્રા કરવાનો હોય છે, પણ જ્યારે એ શક્ય ન હોય ત્યારે ગિરિરાજને જુહારવાના બહાને ગામ બહાર પટ બાંધી, ત્યાં ચૈત્યવંદન અને ખમાસમણાં દેવામાં આવે છે. પટ જુહારતી વખતે કોઈ ૨૧ કે ૧૦૮ ખમાસમણાં દે છે.


આ પટ જુહારવાની પ્રથા કેવી રીતે શરૂ થઇ તેનો ઉલ્લેખ કોઇ જગ્યાએથી મને મળ્યો નથી; પણ **અ**મદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજી પાસે **શા**ંતિદાસ શેઠ (પેઢીના વહીવટદાર)ના વખતનો સં. ૧૬૭૯ નો પટ હજુ વિદ્યમાન છે. જાણવા પ્રમાણે આ પટનો અમુક ભાગ **'આર્ગ'**ના તાજેતરના અંકમાં છપાએલો છે. આ ઉપરાંત સુરતમાં એક પાટિયા પર ૧૦×૮ ફૂટનો એક પટ ચીતરેલો સંવત ૧૭૮૦ નો મોજુદ છે. આ પરથી પટ જુહારવાની પ્રથા ઘણી પ્રાચીન છે એમ કહી શકાય.

(વળી સુરતના સૈયદપૂરામાં **શ્રીનંદીશ્વરદ્વીપનું** દેરાસર છે. ત્યાં લાકડાની **નંદીશ્વરદ્વીપની** અપૂર્વ રચના છે. આ રચના શ્રાવણ સુદ આઠમથી ભાદરવા સુદ ૮ સુધી ગોઠવવામાં આવે છે. અને તે વખતે ડુંગરો પર પ્રતિમાજી પધરાવવામાં આવે છે. વળી ત્યાં મંદિરના માળ પર

ગોખલામાં લાકડા પર ચીતરેલ ચિત્રો છે. અને બાજુમાં જ **ચૌદરાજ લોક** તેમજ **શ્રીશત્રુંજય**નો પટ લાકડા પર ચીતરેલ મોજુદ છે. તે મંદિરના ઉપરના મધ્ય ભાગમાં અષ્ટાપદ રચેલો છે તેનાં દર્શન થાય છે. આની અંજનશલાકા કરનાર તરીકે **જ્ઞાનવિમસૂરિ** મહારાજનો ઉલ્લેખ છે. એનો સંવત્ ૧૭૮૦ આપવામાં આવ્યો છે. એટલે તે બધાના કારક તેઓ છે.)

પટ જુહારવાથી સાક્ષાત્ ગિરિરાજનાં દર્શન જેટલું મહત્ત્વ પ્રાપ્ત થાય છે. એટલે પટ જુહારવાના સ્થળે ભાથું પણ વહેંચવાનો રિવાજ વર્તમાનમાં દેખાય છે.

* * *



પ્રકરણ ૧૭ મું

* સંવત ૧૮૪૪માં શ્રીશત્રુજય ઉપર દહેરાં અને પ્રતિમાઓ

સંવત્ ૧૮૪૪ વર્ષે વૈશાખ સુદ ૪ **શ્રીસિદ્ધાચલ** ઉપરે દહેરાં તથા પ્રતિમાની સંખ્યા કુલ ૩૯૬૫ છે, જેમકે :

* આ લખાણ સારાભાઇ મણિભાઈ નવાબના 'શત્રુંજય તીર્થોદ્ધાર' સંગ્રહમાંથી લીધું છે. આ બધો સંગ્રહ તેમની હાથ કોપીનો છે. આ આખોયે સંગ્રહ છપાવવા જેવો છે. તેમાં નીચે પ્રમાણે વિષયો આવેલા છે. ૧. શ્રીશત્રુંજય તીર્થના ઉદ્ધારકો ૨. ઐતિહાસિક પ્રમાણો ૩. સમયસુંદરજી કૃત વસ્તુપાલ તેજપાલનો રાશ ૪. ઉદયરત્ન વિરચિત સિદ્ધાચલમંડન ઋષભજિન સ્તવન ૫. શાંતિસૂરિકૃત શત્રુંજય ભાષ ૬. સંવત્

પ્ર૦–પ્રતિમા

૫૨ શ્રીઆદીશ્વરજીને મૂલ ગભારા મધ્યે કાઉસગ્ગીયા સહિત પ્ર.
૮૦ બહાર રંગ મંડપે મરૂદેવીમાતા ભરતચક્રી સહિત છે.
૧૯૩ મૂલનાયક દહેરાં બહાર ચોફેર દેરી ૪૫ તે મધ્યે પ્ર.
૪૩ રંગ મંડપની બીજી ભૂમિ મધ્યે પ્ર.
૧૬ મૂલદેવ ગૃહ પાછળ ચોમુખીની પંકિત મધ્યે પ્ર.
૮૦ ચૌમુખ છોટા ચોફેર સર્વ ૨૦ તેહની પ્ર.
૧૯ સંઘવી માતી પટણી દેરા મધ્યે ચોમુખ ૧ આલીયા મધ્યે પ્ર.
૨૨ સમ્મેતશિખરજીના સ્થાપનાના દેરા મધ્યે પ્ર. પાદુકા ૨૦ છે.
૨૧ કુશલબાઈના દેહરા મધ્યે ચોમુખ ૧ આલીયા મધ્યે પ્ર.
૩૨ દક્ષિણ દસે અંચલગચ્છના દહેરા મધ્યે પ્ર.
૭૦ સા મૂલાના દહેરા મધ્યે પ્ર. ચોવીશ વહો ૧ છે. ।। પ્ર.
૬૪ અષ્ટાપદના દહેરા મધ્યે પ્ર, એ દેહરા પાસે પાણીની ટાંકી છે.
૩ શેઠ સુરચંદની દેરી મધ્યે પ્ર.
૩ સા કૂરાં ધીયાની દેરી મધ્યે પ્ર.

૧૮૪૪ માં શ્રી શત્રુંજ્યનાં દેરાં અને પ્રતિમાઓ ૭. કવિદેવપાલકૃત સમરાસારંગનો રાશ ૮. વિકમસી ભાવસાર ચોપાઈ ૯. થોડું પરચુરણ લખાણ ૧૦. સિદ્ધાચલનાં સ્તવનો ૧૧. પુંડરિકસ્વામીનાં સ્તવનો ૧૨. રાયણપગલાંનાં સ્તવનો ૧૩. ઋષભજિન સ્તવનો ૧૪. ગુરુગુણરત્નાકર કાવ્યમાં આવેલા ઉલ્લેખો ૧૫. જ્ઞાતાધર્મકથાદિના પુરાવા ૧૬. ચૈત્ય પરિપાટીઓ:– **A** સાધુચંદ્ર વિરચિત, **B** સૌભાગ્ય વિજયજી રચિત, **C** કવિલાવણ્ય સમય વિરચિત, **D** ખીમા વિરચિત, **E** પં. વિનીતકુશલ વિરચિત, **F** શત્રુંજયચૈત્યપરિપાટી, **G** પં. દેવચંદ્રજી વિરચિત, **H** પં. મનિરત્ન વિરચિત, ૧૭. પાલીતાણા ખાતેની શેઠ આણંદજી કલ્યાજીની ગાદી ૧૮. શ્રીશત્રુંજ્ય તીર્થનો નવટુકનો નવાંગ કોઠો ૧૯. નવટૂકોનું કાયમપણું ૨૧. ઢંઢેરો ૨૧. રખોપાની રકમ ચાર મુદતે સાઠ હજાર ૨૩. પાલીતાણામાં ગોહિલોની ગાદી ૨૩. પાલીતાણા રાજ્યનું કરજદાર થવું ૨૪. રાજ્ય વહીવટ માટે પાલીતાણામાં નગરશેઠની પેઢી ૨૫. હરકુંવર શેઠાણી ૨૬. તીર્થ–રક્ષક પેઢીની સ્થાપના.

૮ **સહસ્રફૂ**ટ પાસે **સમેતશિખર** પાસે ગોખ છે તે મધ્યે પ્ર.
૧૦૨૮ **સહસ્રફૂ**ટની દેરી મધ્યે આ..... મધ્યે પ્ર.
૩૪ **વ**સ્તુપાલ **તે**જપાલના દહેરા મધ્યે **ઋ**ષભદેવના પગલાં.
૧૨ **સ**મવસરણના દેરા મધ્યે પ્ર.
૧૦ આ **ભા**ણા **લી**મડીયાની દેરી મધ્યે પ્ર.
૧૦ **વ**સ્તુપાલ **તે**જપાલના દેરા પાસે દેરી છે તેની મધ્યે.
૩૮ **ખ**રતરગચ્છે પંચભાયાના દેરા મધ્યે.
૧૩ ××× શ્રાવકના દહેરા મધ્યે પ્ર.
××× રી ૧ છે તે મધ્યે પ્ર.
(પાનું ફાટી ગયું છે)
×× મધ્યે પ્ર.-
પ્ર. **બૌ**દ્ધમતીની છે.
×× મધ્યે ઉપરા ઉપર ચૌમુખ ૨. પ્ર.
ઋષભદેવના પગલા તે પાસેના ગોખ
×× મધ્યે **આદિજિન નમિવિનમિ**
xx કાઉસ્સગ્ગીયા છે.
xx થાંભલા મધ્યે પ્ર.
૭ (**સ**મોસરણ) સ્થાપનાના દેશ મધ્યે પ્ર.
૧૦ **ભૂ**ણાદાસ જગજીવનદાસના દેરા (મધ્યે પ્ર)
૫ સા. **વા**છડા **મ**ંગલજીના દહેરા મધ્યે પ્ર.
૮ **સૂ**રતવાસી **સા**કરબાઇના દહેરા મધ્યે પ્ર,
૧૫ સા. **વ**સ્તુપાલ **તે**જપાલના દહેરા મધ્યે પ્ર.
(' જૈન યુગ ' પુસ્તક ૫ પાનું ૩૬૫ થી ૩૬૭ ઉપરથી)
૧૩ એ દેહરાંની ઊગમણી પાસે દેરી ૨ તે મધ્યે પ્ર.
૨ વલી એ દેહરાંને દક્ષિણ દસેં સા **હે**મચંદની દેહરી મધ્યે પ્ર.
૧૧ સા. **રા**મજી **ગ**ંધારીયાના દેહરા મધ્યે ઉપર તથા હેઠે સર્વ પ્ર.
૪૩ એ દેહરાની પાસે છોટી દેરી ૭ તિહાં ૧ દેહરી મધ્યે તીર્થંકરની માતા સહિત **ચોવીસ વટો** છે, એ સાતે દેહરાની પ્ર.
૫૩૨ કોટની ભમતીની દેરી ૧૦૮ પ્ર. છૂટક ૩૮૮, ચોવીસ વટા તેહની પ્ર. ૧૪૪ એ સર્વ પ્ર. એ મૂલ ગઢના દેરા પ્ર. સંખ્યા.

હવે હાથીપોળ બાહર દેહરાં તથા પ્રતિમા સંખ્યા લખી છે

૫ સા **મીઠા**ચંદ લાધાના દેહરા મધ્યે પ્ર.
૪ મુહણોત જયમલના દેહરા મધ્યે પ્ર.
૧૦ દોશી **ઋ**ષભ **વે**લજીના દેહરા મધ્યે પ્ર.
૭ સા **રા**જસીના દેહરા મધ્યે પ્ર.
૨ હુબડના દેહરા મધ્યે પ્ર. રંગમંડપ મધ્યે સ્નાત્ર વેદી છે.
કુવડ જક્ષની દેરી ૧. **ચ**ક્રેશ્વરીની દેરી ૨. વાઘણપોળ બહાર દેરી ૧ હનુમાનની છે.
એ પહેલી ટૂકનાં દહેરાં જાણવા.

હવે બીજી ટુંકના દેહરાં તથા પ્રતિમા સંખ્યા લખી છે


૧ **અ**દબદસ્વામીના દેહરા મધ્યે પ્ર.
૨ તીહા **પા**ર્શ્વજિન કાઉસગ્ગીયા મુદ્રામાં છે.
૯૪ મોટી **પ્રે**મચંદ લવજીના દેહરા મધ્યે પ્ર.
૧૫ મોટી **હે**મચંદના દેહરા મધ્યે પ્ર.
૬ દેરી ૬ છે તે મધ્યે પ્ર.
૭ પાંચ **પાં**ડવનાં દેહરા મધ્યે ૫ પાંડ વગેરે સાતે કાઉસ્સગીયા.
૫ છીપાની કુરાઈયા દેહરી ૫ ઘાંબ ..... તે મધ્યે પ્ર.
૨ **અ**જિત-**શા**તિનાં દેહરા ૨ જોડાજોડ છે. તેમાં ..... પ્ર.
૧ **ને**મનાથની દેરી ૧ તે મધ્યે પ્ર. ૩
૩ —— વચ્ચે ૧ અને મધ્યે પ્ર.
(૭ લીટી ફાટી ગઈ છે)
૫ **સિ**મંધરના દેહરા મધ્યે પ્ર.
૪ **અ**જિતનાથના દેહરા મધ્યે પ્ર.
૩ હાથીપોળની બેઉ બાજુ પાસે આલીયા મધ્યે પ્ર.
૭૩ કુમારપાળના બાવન જિનાલય દેહરા મધ્યે પ્ર.
૭ ઝવેર **ધ**નરાજ **જ**યરાયના દેહરા મધ્યે પ્ર.
૭ સા. વર્ધમાનના દેહરા મધ્યે પ્ર.
૧૫ **રા**ધનપુરવાસી રવજી **અ**લેચંદના દેહરા મધ્યે પ્ર.
૬ **હી**રાબાઈના દેહરા મધ્યે પ્ર.
૯ **વી**શા નીમાના દેહરા મધ્યે પ્ર.
૭ ગાંધી ડોસાના દેહરા મધ્યે પ્ર.

૪ લાડુઆ શ્રીમાળી **વી**રજીના દેહરા મધ્યે પ્ર.
૧૧ સંઘવી કચરા **કી**કાના દેહરા મધ્યે પ્ર.
૩૪ સા. **કુ**ંવરજી **લા**ધાના દેહરા મધ્યે પ્ર.
૮ **વિમલવસહી**ની ભુલવણી મધ્યે દેહરા ૪ મોટા, ૧ બાવન જિનાલય તે મધ્યે
૧૭૧ **ને**મીશ્વરની **ચો**રી પાસે **લો**કનાલિ, સમોસરણ છે. તેની (પ્રતિમાનો ૦ ૦ ૦ ને ઊંટ છે. (આને **મોક્ષની બારી** કહે છે.)
૪ **ચો**ખૂણા **સમોસરણ** મધ્યે પ્ર.
૨૦ **સમોસરણ** પાછળ ગઢની ભીંત પાસે દેરી ૮ ઘુમટની તે મધ્યે પ્ર.
૫ **૨**તનસિંહ ભંડારીના દેહરા મધ્યે પ્ર.
૫ એ દેહરાને પશ્ચિમ દિશાએ દેહરી ૫ ઘાબાલી છે, તેમાંહી પ્રતિમા નથી.
૨૧ એ દેહરાની પાસે છોટી ૫ દેરી તે મધ્યે.
૫ સા. **પ્રે**મજી **વે**લજીના દેહરા મધ્યે પ્ર.
૫ સા. **નથમલ આ**ણંદજીના દેહરા મધ્યે પ્ર.
૧૮ સા. **ધ**ધૂ પટણીના દેહરા મધ્યે પ્ર.
૧૦ વો. **લા**ધા સુરતીના દેહરા મધ્યે પ્ર.
૧૩ છૂટા ચૌમુખ ૩ રાયણ તળે પગલાંની દેરી
૩ **શા**ંતિનાથના દેહરા મધ્યે પ્ર .... ચોવીસ વટા ૨ છે. પ્ર. એ દેહરાને ઊગમણી દિશા દેરી છે તે મધ્યે **થાવચ્ચાસૂત** પ્ર. **શેલકાચાર્ય** પ્રમુખ ૨૫૦૦ સાધુનાં પગલાની સ્થાપના છે.
૬ દક્ષિણ દસે કોટની થડમાં દેરી ૨ તે મધ્યે પ્ર.
૪૪ **સ**દા **સો**મજીના ચૌમુખ દેહરા મધ્યે પ્ર. ૧૬ ચોવીસવટો ૧ પ્ર.
૫૫ એ દેહરા ઉપરે ચૌમુખ ૧ પ્ર. ૩૦, છુટક ચોવીસ વટો ૧ સર્વ પ્ર.
૧૬૦ હવે ભમતી મધ્યે પ્ર. ૧૩૬; ચોવીસ વટો ૧, સર્વ પ્ર. પૂજ્ય પ્ર- મૂર્તિ ૧૪
૪ **પુ**ંડરીક પોળથી બહાર **વે**લબાઈ ચૌમુખ ૧ પ્ર.
૧૦ **સ**ંપ્રતિ રાજાના દેહરા મધ્યે પ્ર.

મરૂદેવી માતાની દેરી ૧ તે મધ્યે **મ**રુદેવી હસ્તી ખંધ ઉપર બેઠેલાં છે.
તે થકી આગળ **અ**ંગારશા પીરની કબર છે.
એ **ખ**રતર વસહીના દેહરા ૮ પ્રતિમા સંખ્યા જાણવી.

લિખિતં મુનિ **હે**મસાગર **આ**ંચલીયા ગચ્છે **પા**લીતાણા મધ્યે

(એક ટિપ્પણ જેવા પત્રમાં આ છે, તે મુનિ જશવિજયજીના સંગ્રહમાં છે*)



પ્રકરણ-૧૮ મુ
પુરાવા A
અંતકૃદ્દશા

૧ તેણું સે **ગોયમે** અણુગારે અન્નદા કયાઈ જેણેવ અરહા **અરિટ્ઠનેમી** તેણેવ ઉવાગચ્છતિ, ઉવાગચ્છિત્તા અરહું **અરિટ્ઠનેમીં** તિક્ખુત્તો આયાહિણંપયાહિણું કરેતિ, કરિત્તા, એવં વદાસી ઈચ્છામિ ણું ભંતે! તુબ્ભેહિં અબ્ભાણુણ્ણાતે સમાણે માસિયં ભિક્ખુપડિમં ઉવસંપજ્જિજતાણું વિહરિત્તએ। એવં જહા ખંદએ તહા બારસ ભિક્ખુપડિમાતો ફાસેતિ ફાસિત્તા, ગુણરયણું પિ તવોકમ્મં તહેવ ફાસેતિ નિરવસેસં, જહા **ખં**દતો, તહા ચિંતેતિ, તહા આપુચ્છતિ, તહા થેરેહિં સદ્ધિં **સેત્તુંજે** દુરુહતિ, માસિયાએ સંલેહણાએ બારસ વરિસાઈં પરિતાતે જાવસિધ્ધે । સૂત્ર ૧ ।

૨. એવં જહા **ગોયમો** તહા સેસા વણ્હિ પિયા **ધા**રણી માતા **સમુદ્રે**, ૨ **સા**ગરે, ૩, ગંભીરે ૪, **થિમિએ** ૫, **અચલે** ૬, કંપિલે ૭, **અક્ખો**ભે ૮, **પ**સેણતી ૯, **વિણ્હુએ** ૧૦, એએ એગગમા। પઢમો વગ્ગો દસ અજ્જયણા પન્નત્તા । સૂત્ર ૨ ।

૩. તેણું કાલેણું તેણું સમએણું **બા**રવતીતે ણુગરીએ **વ**ણ્હિ પિયા **ધા**રણી માતા, **અક્ખો**ભે ૧, **સા**ગરે ૨, ખલુ સમુદે ૩, **હિમવંત** ૪, **અયલનામે** ૫ ય **ધ**રણે ૬, ય **પુ**રણે ૭, વિ ય, **અભિચંદે** ૮, એવ અટ્ઠમએ ॥ ૧ ॥

૪. જહા પઢમો વગ્ગો તહા સવ્વે અટ્ઠ અજ્જયણા ગુણુરયણું તવોકમ્મં સોલસવાસાઈં પરિયાએ, સે-તુંજે માસિયાએ સંલેહણાએ **સિદ્ધી** ॥ સૂત્ર ૩ ॥

અંતકૃદ્દશા (આઠમું અંગ) નું ભાષાંતર

અંતકૃદ્દશા નામના આઠમા અંગમાં '**શત્રુંજય**' પર્વતના–ગિરિરાજના ઉલ્લેખો નીચે પ્રમાણે આવે છે.

[A] આ પ્રકરણ સારાભાઈ મણિભાઈ નવાબના સંગ્રહમાંથી લીધું છે.

૧. પ્રથમ વર્ગના દશ અધ્યયનોમાં આ પ્રમાણે '**શત્રુંજય**' પર્વત પર **અ**ંધકવૃષ્ણિ રાજાના દશ પુત્રો મોક્ષે ગયાનો ઉલ્લેખ.

ત્યાર પછી તે **ગૌ**તમ અણગાર એક વખતે જ્યાં અરિહંત **અ**રિષ્ઠનેમિ ભગવાન હતા ત્યાં આવ્યા. આવીને ભગવાનને ત્રણ પ્રદક્ષિણા કરીને આ પ્રમાણે કહ્યું કે– હે ભગવન્! હું ઇચ્છું છું કે જો આપ આજ્ઞા આપો તો એક માસની (એક માસ વગેરેની બાર) ભિક્ષુ-પ્રતિમાને અંગીકાર કરીને વિચરું. એ પ્રમાણે **સ્કં**દ મુનિની માફક **ગૌ**તમ અનગારે બારે ભિક્ષુ પ્રતિમાઓ વહન કરી. વહન કરીને **ગુણરત્ન** નામનું તપકર્મ પણ તે જ રીતે કર્યું. પછી **સ્કં**દક મુનિની જેમ તેમણે વિચાર કર્યો. તે જ પ્રમાણે (ભગવાનને પૂછ્યું, તે જ પ્રમાણે સ્થવિર મુનિઓની સાથે **શત્રુંજય** ઉપર ચઢ્યા. એક માસની સંલેખના કરી બાર વર્ષનો ચારિત્ર પર્યાય પાળી યાવત્ સિદ્ધિપદને પામ્યા. ॥ સૂત્ર ૧ ॥

જેમ આ **ગૌ**તમ અધ્યયન કહ્યું તેમ બાકીનાં નવ અધ્યયનો કહ્યાં ૧, **અ**ંધકવૃષ્ણિ પિતા **ધા**રણી માતા, પુત્રોના નામ આ પ્રમાણે–**સ**મુદ્ર ૨, **સા**ગર ૩, **ગં**ભીર ૪, **સ્તિ**મિત ૫, અચલ ૬, કાંપિલ્ય ૭, **અ**ક્ષોભ ૮, **પ્ર**સેનજિત ૯, અને **વિ**ષ્ણુ ૧૦. આ રીતે પ્રથમ વર્ગના દશ અધ્યયનનો એક જ ગમા (પાઠ) વાળાં કહ્યાં. ॥ સૂત્ર ૨ ॥

બીજા વર્ગનાં આઠ અધ્યયનોમાં પણ **અ**ંધકવૃષ્ણિ રાજાના આઠ પુત્રો '**શત્રુંજય**' ગિરિરાજ પર મોક્ષે ગયાનો ઉલ્લેખ છે.

તે કાળ અને તે સમયને વિષે **દ્વા**રકા નગરીમાં **અ**ંધકવૃષ્ણિ પિતા **ધા**રણી માતા (તેમના આઠ પુત્રોના નામ આ પ્રમાણે) **અ**ક્ષોભ ૧, **સા**ગર ૨, **સ**મુદ્ર ૩, હિમવંત ૪, **અ**ચલ ૫, **ધ**રણ ૬, **પુ**રણ ૭, અને **અ**ભિચંદ્ર આઠમો.

જે પ્રમાણે પ્રથમ વર્ગ કહ્યો, તે પ્રમાણે (આ બીજા વર્ગના) સર્વે એટલે આઠ અધ્યયનો. ગુણરત્ન નામનું તપકર્મ, સોળ વર્ષનો સર્વનો ચારિત્ર પર્યાય, તથા માસની સંલેખના વડે '**શત્રુંજય**' ગિરિ ઉપર મોક્ષપદની સર્વને પ્રાપ્તિ થઈ. ॥ સૂત્ર ૩ ॥

જ્ઞાતાધર્મકથા(છઠ્ઠા અંગ)નું ભાષાંતર

અગીયાર અંગો પૈકી '**નાયાધમ્મકહા**'–**જ્ઞાતાધર્મકથા** નામના છઠ્ઠા અંગમાં નીચે પ્રમાણેના '**શત્રુંજય**' પર્વતનો (ગિરિરાજનો) ઉલ્લેખ છે.

૧. તેના પાંચમા '**સેલગ**' અધ્યયનમાં 'શત્રુંજય' પર્વતનો '**પુંડરીક**' ગિરિના નામથી બે ઠેકાણે ઉલ્લેખ છે.

૨. **શુક** અનગાર સામાયિક વગેરે ચૌદ પૂર્વનો અભ્યાસ કરી સંયમપૂર્વક ગામે ગામ વિહરવા લાગ્યા. **થાવચ્ચાપુત્ર** પણ **નીલાશોક** ઉદ્યાનથી નીકળી પોતાના પરિવાર સાથે **પુંડરીક** ગિરિ ઉપર ગયા. તથા ત્યાં પોતાનું શેષ જીવન પૂરું કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા.

૩. ત્યારબાદ **શુક** મુનિ પોતાના પરિવાર સાથે **સેલકપુરના સુભૂમિભાગ** ઉદ્યાનમાંથી નીકળી ગામે ગામ ફરતા '**પુંડરીક**' ગિરિ ઉપર આવીને રહેવા લાગ્યા.


૪. **પંથકનું** વચન સાંભળતાં જ **સેલક** સચેત થયા અને વિચારવા લાગ્યા કે જે વિષય વિલાસોને છોડવા હું કટિબદ્ધ થયેલો, તેમાં જ હું પાછો સપડાયો છું, અને શિથિલ થઈને એક સ્થાને જ પડી રહ્યો છું. મારૂં તીવ્રતપ કે સ્વાદેંદ્રિયના જયની મારી ઉગ્ર સાધના ક્યાં? અરેરે! આ શું થયું? આમ વિચારી **સેલગે** વાપરવા આણેલાં સેજ, સંથારો, પીઠ અને ફલક તેમના માલિકને પાછાં સોંપી દઈ, બીજે દિવસે જ એ સ્થાન છોડી **પંથક** સાથે વિહાર કરી જવાનો નિશ્ચય કર્યો, બહાર ગયેલા શિષ્યોએ **સેલકનો** સંકલ્પ જાણ્યો એટલે તેઓ પણ તેની સાથે રહેવા પાછા આવ્યા. તે બધાએ **પુંડરીક** ગિરિ ઉપર જઈને પોતાનું શેષ જીવન વ્યતીત કર્યું.

૫. તેના સોલમા **અવરકંકા** અધ્યયનમાં **શત્રુંજય** ગિરિનો આ પ્રમાણે ઉલ્લેખ છે. ત્યાં **યુધિષ્ઠિર** સિવાયના ચાર અનગારોએ નગરમાં ભિક્ષા લઈને આવતાં સાંભળ્યું કે **અરિષ્ટનેમિ** અર્હન્ **ઉર્જયંત** શૈલના શિખર ઉપર જઈને મોક્ષ પામ્યા છે. એટલે તેમણે પાંચે જણે ભેગા થઈને **શત્રુંજય** ગિરિ ઉપર જવાનો વિચાર કર્યો. તેમણે આણેલો આહાર યોગ્ય સ્થળે પરઠવી દીધો અને તે પહાડ ઉપર જઈને તેઓ તપ કરતા રહેવા લાગ્યા. તથા તપ, સંયમ, ત્યાગ, અનાશકિત વગેરે ગુણોને સંપૂર્ણપણે ખીલવીને કાળ કરી સિદ્ધ, બુદ્ધ અને મુકૃત થયા.

૬. દ્રૌપદી આર્યા પણ શુદ્ધ ભાવે બહુ સમય સુધી સંયમને પાળતી બ્રહ્મ **દેવલોકમાં** ઉત્પન્ન થઈ. ત્યાંથી **મહાવિદેહમાં** જન્મ પામીને તે સિદ્ધ, બુદ્ધ અને મુકૃત થશે.

અંતકૃદ્દશામાં પણ બીજા અધિકારો હશે પણ તે હું મેળવી શકયો નથી. શત્રુંજય ગિરિરાજનું **સારાવલીપયન્નામાં** વર્ણ છે, એમ સ્તવન વગેરેમાં આવે છે, પણ તે છપાયો કે ન છપાયો તે ખ્યાલ મને નથી. છપાયો હોય તો તે મેં જોયો નથી અને હસ્તલિખિતમાં જોવા પ્રયત્ન કર્યો નથી. જ્ઞાતાજીનું મૂળ સૂત્ર અત્રે લીધું નથી.

[B] સારાવલી પયન્નાની વાત સ્તવનોમાં આવે છે પણ મે તે ગ્રંથ જોયો નથી એટલે તેનો ઉલ્લેખ કર્યો નથી.



પ્રકરણ–૧૯ મું

–: જાણવા જેવું નવું જૂનું :–

પૂર્વ કાળની અંદર ગિરિરાજ ઉપર જવાને માટે જે રસ્તાઓ હતા તે બધા રસ્તાઓ નહીં ઘડેલા એવા પાષાણો વડે કરતા હતા. તેવી રીતે વર્તમાનમાં પણ તેવા જ રસ્તા હતા. પરંતુ દરબારને બાર મહિને ૬૦,૦૦૦ રૂપિયા રખોપાના આપવાનું વોઇસરોય દ્વારા નક્કી થયું હતું, તેથી તે આપવાને માટે આગમોદ્ધારક આચાર્ય **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી** મહારાજે ૧૧ લાખની ટીપ કરાવી હતી, કે જેના વ્યાજમાંથી તે પૈસા આપી શકાય. પણ હિંદુસ્તાન પ્રજાસત્તાક થતાં, દેશી રાજ્યોનું વિલિનીકરણ થયું. ત્યારબાદ શેઠ **શ્રીકસ્તુરભાઈ લાલભાઈ**એ સારા પ્રયત્નપૂર્વક એ ૬૦,૦૦૦ રૂપિયા **ભારત** સરકાર પાસે માફ કરાવ્યા. આથી આ રકમ ગિરિરાજના પગથિયાં બાંધવામાં ખર્ચાઈ. એટલે **જયતલાટીથી રામપોળ** સુધી અને **ઘેટી**ની પાયગાથી ઘેટીની બારી સુધી ઘડેલા **પાષાણનાં પગથિયાં થયાં** અને રસ્તાનો સુધારો કર્યો.

રામપોળે આવીએ ત્યારે વિ.સં. ૧૮૯૦ પહેલાં કોટની અંદર કુંતાસારની મોટી ખીણ હતી. તે વખતના લેખકો લખે છે કે ખાઈમાં જોઈએ તો ચક્કર આવી જાય. વર્તમાનમાં **રામ**પોળની બહાર આપણે જોઈએ તો આપણને મોટી ખાઈ દેખાય છે. તે વખતે રામપોળથી **કુ**તાસારના ખાડાના માથા ઉપર થઈને **અ**દબદજીની નજીકમાં **થ**ઈને સગાળપોળે અવાતું હતું. **મો**તીશા શેઠે આ ખાઈ પૂરીને ટુંક બંધાવી અને **લા**લાભાઈ શેઠે પણ તેમની પાછળ ટુંક બંધાવી એટલે હવે **રામપોળથી મોતીશાની ટુંક આગળ થઇને સગાળપોળે જવાય છે.**

આગળ જણાવી ગયા છીએ કે **રામ**પોળ વગેરેના બધાય **દરવાજા હાલમાં નવા થયા છે.**

પૂર્વકાળમાં એટલે લાંબા ભૂતકાલમાં આ જૂના દરવાજા પહેલાં એ બધો ભાગ નીચો હશે, તેનો પુરાવો એ કે '**સગાળપોળની અંદર આવેલી પુંજરીઓને રહેવાની ઓરડીની જગા પરથી સમજી શકાય.**

વાઘણપોળમાં આવીએ ત્યાં રસ્તો કયો હતો ? અને અત્યારે રસ્તો કયો છે ?— પૂર્વકાળમાં રસ્તો ચક્રેશ્વરી માતાની દેરી પાસેથી **નેમિનાથની** ચોરીની ટુંકનો જે અત્યારે પાછલો દરવાજો છે ત્યાંથી કુમારપાળના દેરે જવાય તેવો રસ્તો હતો, કારણ કે ચક્રેશ્વરી માતાના દેરી જેટલી ઊંડી છે તેટલી જ ઊંડાઈએ ચોરીના દેરાસરનું પાછલું બારણું છે અને પાછલે બારણે જઈને જોઈએ તો એમ માનવું પડે કે અહીંયાંથી પૂર્વે રસ્તો હોવો જોઇએ. તે વખતે **ચોરી**નું દેરાસર અને **કુમારપાળ**નું દેરાસર બે જ દેરાસર **વાઘણપોળ** અને **હાથીપોળ** વચ્ચે હતાં. ચોરીવાળા દેરાસરની સામી બાજુમાં જોઇએ તો ઊંચો ભાગ છે અને દેરાની પાછલી બાજુમાં નીચો ભાગ છે.

પણ પ્રસંગ એવો આવ્યો હશે કે ધીરે ધીરે પુણ્યવાન પુરુષો મંદિરો બંધાવવા તૈયાર થયા એટલે વિચારકોએ વિચાર કરીને રસ્તો ફેરવ્યો. આથી **ચક્રેશ્વરી**ની સામે **કવડ યક્ષ** હોય, તેને ફેરવીને નવા રસ્તા ઉપર લાવ્યા. અને તે સ્થાનમાં **શાંતિનાથ** ભગવાનનું દેરાસર થયું. પ્રથાની અપેક્ષાએ વિચારીએ તો જક્ષ જક્ષણી સામસામાં હોય અથવા દ્વારની બે બાજુએ હોય.

વળી **નેમ**નાથની ચોરીના મંદિરને વિચારવા બેસીએ તો વર્તમાનમાં જે આગળ દ્વાર છે તે નાનું છે અને પાછળ જે દ્વાર છે તે શિલ્પની કળા પ્રમાણેનું મોટું છે. વળી તે દ્વારની આજુબાજુએ જક્ષ જક્ષણી બે ગોખલામાં છે. એ દ્વારે નીકળીએ ને ત્યાં જોઇએ તો તે જૂનું પથ્થરનું શિલ્પ કેવું હતું અને કેટલું પુરાણું હતું, તે આપણા મગજમાં બેસે. વળી દેરાસરોની પાછળ જૂનો રસ્તો હતો તેમ માનવાને બીજું પણ એક સબળ કારણ છે. તે વખતના વિચારકોએ અને શિલ્પીઓએ ઊંડો અભ્યાસ કરીને તે રસ્તાનો કેવી રીતે ઉપયોગ કરવો તે વિચાર્યું, એટલે પાછલી બાજુએ ભગવંતને પ્રક્ષાલન કરવા માટે પાણી ભરવા મોટાં ટાંકાઓ બનાવ્યાં. એની ઊંડાઈ કેટલી હશે તે જોવું હોય તો મોક્ષની બારી ગણાતા દેરાની પાછળ અંદર ઊતરીએ તો આપણે જોઈ શકીએ. જેમાં અત્યારે ચૂનો વગેરે સામાન ભરાય છે. આથી નવો રસ્તો બનાવ્યો છે એમ માનવું જ પડે.

આ બે દેરાં છોડીને બાકીનાં બધાય દેરાં ૧૭મી સદીથી શરુ થયાં છે, એમ તો ચોખ્ખું પુરવાર જ છે. **આથી નવા રસ્તાની બન્ને બાજુએ દેરાસરો આવ્યાં છે.**

વર્તમાનમાં હાથી પોળની જે નીચાઈ છે તેના કરતાં પણ પૂર્વે વધારે નીચાણ હશે. નવું નહાવાનું ધાણ બન્યું, તેની પહેલાંનું જે જૂનું નહાવાનું ધાણું હતું તે કેટલું નીચું હતું, તે તો સૌનું જોયેલું છે. પરંતુ મુસ્લિમ કાળમાં અને બીજા બીજા સંજોગોમાં તૂટફૂટ થઈ અને જેમ જેમ નવું કરવું પડયું. તેમ તેમ જૂનું પડેલું દબાતું રહ્યું, અને ઉપર નવું થતું ગયું. એનો પુરાવો એ છે કે—નવા દરવાજાઓ કરતાં જે ખોદકામ થયાં, તેમાંથી **વસ્તુપાલ તેજપાલના** લેખ મળી આવ્યા. એટલે **જુનું તૂટેલું દબાતું જતું હતું.**

આ રીતે દાદાના મંદિરે આવીએ તો દાદાનું મંદિર પૂર્વકાળમાં જમીન તળથી કેટલું ઊંચું હશે તે એક કલ્પના કરવા બેસવું પડે. કારણ કે આવા મોટા પ્રાસાદની પીઠિકા (તળીયાનો ઓટલો) કેટલો ઊંચો હોય અને તેની પછી કણપીઠ આવે અને પછી બીજા બધા ઘાટો શરૂ થાય. પણ તૂટફૂટ જેમ જેમ થતી ગઇ તેમ તેમ રક્ષણ અને બચાવ ઊભો કરવો પડયો, તેથી બીજું બધું દબાતું ગયું.

વર્તમાનમાં બધી કારીગરી ખુલ્લી કરવાને માટે પ્રયત્ન કર્યો અને આગળ પાછળ ચૂનો, કુંગો, દેરીઓ બધું કાઢી નાખ્યું અને કારીગરી ખુલ્લી કરી. તે ખુલ્લું કરતાં ઊંડાઈ દેખાડવાને માટે દાદાના દેરાનો કણપીઠ કેટલો ઊંડો છે તે દેખાડનારો એક ભાગ ખુલ્લો કર્યો છે.*

બીજા અનેક દેરાં રતનપોળની અંદર બનતાં ગયાં અને આગળ પાછળ પુરાતું ગયું.

વર્તમાનમાં જૂની કારીગરી સારા સારા દેરાઓની ખુલ્લી કરી છે. અને તેની ઉપર અમુક જાતના પ્રવાહી **સોલ્યુસનો રક્ષણ માટે લગાડાવ્યાં છે.**

કુંગો, ચૂનો અને દેરીઓ બરોબર રક્ષણના માટે જ થયાં હતાં, કારણ કે **મૂલ મંદિર બાહડશાહના ઉદ્ધારનું છે** એમ મનાય છે.

આગળ જણાવી ગયા છીએ કે **કુંતાસારનો** ખાડો હતો અને પુરાએલો તે પછી **મોતીશા** અને **બાલાભાઈની** ટુંકો થઈ તેજ ગાળામાં ઉપર પણ **નંદીશ્વર દ્વીપ** વગેરેનાં દેરાં થયાં.

જૂના દેરામાં ચૌમુખજી, સંપ્રતિ મહારાજનું દેરાસર, છીપાવસઈ, અજિતશાંતિનાથની દેરી અદબદજી વગેરે છે.


*જ્યારે દાદાના દેરાસરની આજુબાજુનું ખોદકામ કર્યું ત્યારે લેખકે સુચના કરી હતી, તેથી સં. ૨૦૨૧ માં શ. આ. ક. ના બે ટ્રસ્ટીઓ અને મીસ્ત્રી કપડવંજ આવ્યા હતા અને તે વાત સમજાવી, ત્યાર પછી તે નિર્ણય માટે ખોદાવીને કણપીઠનો ખુણો ખુલ્લો કર્યો.

સદા સોમની ટુંક (ખડતરવસી) આજે જે સદા સોમનું દેરાસર છે. તે દેરાસર ત્રણ ટુકડે થયેલું છે, એટલે ત્રણ વખત થઇને પૂરું થયેલું છે. પહેલું મુખ્ય મંદિર ચાર ચોકીયાળાવાલું, પછી રંગમંડપ અને પછી દેરીઓ થઇ છે. શિલ્પકારો આ બધું પોતાની બુદ્ધિથી વિચારે તો સમજી શકાય તેમ છે.

સવા સોમજીની ટુંક :– મારી કલ્પના એ છે કે **સવા સોમજી**ની ટુંક આવતાં પહેલાં **સપ્રતિમહારાજ**ના મંદિર આગળથી ચઢાવ શરૂ થાય છે, બીજી બાજુ **છીપાવસહી** તરફ઼ ઢળાણ આવે છે, ત્રીજી બાજુ પાંડવોનું દહેરુ પાંચસાત પગથીઆ ઉંચુ છે, ને સહસકુટનું દહેરાસર ત્રણ પગથીઆં નીચું છે. આ બધાની વચમાં આ આખી સવાસોમજીની ટુંક આવે છે. આથી પ્રશ્ન એ ઉભો થયો કે આટલી સપાટ જગ્યા છોડીને ખુણે ખાંચરે દહેરાઓ કેમ બાંધ્યાં હશે? આનુ સમાધાન એ છે કે–તે ત્રણ દિસાના દહેરાં બાંધ્યાં ત્યારે આ શિખર જેવો ઉંચા ભાગવાલી ટેકરી હશે! પણ જ્યારે આ ટુંક બાંધવાનો વિચાર કર્યો ત્યારે તે શિખર જેવો ટેકરીનો ભાગ તોડીને સપાટ જગ્યા બનાવી, અને ત્યાં આ સવાસોમની ટુંક બાંધી. જો તેવું ન હોત તો એક પ્રશ્ન લઇએ કે છીપાવસહી જેવી ટુંક ખુણા જેવા ભાગમાં કેમ બનાવી (છીપાવસહી સવાસોમ કરતાં જુની છે.) કળા કારીગરી વાળું પાંડવોનું દહેરુ એ જગાપર કેમ! આવા બધા કારણોથી એમ માનવું જ પડે કે–આ ટુંક શિખર જેવો ગિરિરાજનો ભાગ તોડીને સરખો કરીને બનાવી છે. જેમ મોતીશાએ કુંતાસારનો ખાડો પુરીને ટુંક કરી તેમ અહિ આ શિખર જેવો ડુંગરનો ભાગ તોડીને સરખી જગ્યા કરીને આ ટુંક કરી છે. એવું મારૂ માનવું છે. સ્થાપત્યના અભ્યાસીઓ વિચારશે તો આ વાત યુક્તિ સંગત લાગશે.

નજીકના ભૂતકાળમાં લલિત સરોવરો વગેરે હતાં તે પણ અત્યારે દેખાતાં નથી. જૂના પગથિયાં અને નવાં પગથિયાં, ૨૦ વર્ષ પૂર્વે જેમણે યાત્રા કરી હશે તેમને ખબર હશે કે પહેલાં પગથિયાં કેવાં હતાં અને આજે કેવાં છે.

આવા અનેક નવા જૂના ફેરફારો થતા ગયા. જેમ શેત્રુંજનો બંધ થતાં બાર ગાઉની પ્રદક્ષિણા બંધ થઇ. એટલે ત્રણ પ્રદક્ષિણામાં બે પ્રદક્ષિણા રહી.



પ્રકરણ–૨૦ મું

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો વહીવટ

ગિરિરાજ **શ્રીશત્રુંજય**ના આશરે ચારસો વર્ષ પહેલાંના [૧] વહીવટ સંબંધી જે છૂટીછવાઈ અને આછી–પાતળી વિગતો મળે છે, તે ઉપરથી કંઈક એવું તારણ નીકળી શકે છે કે, જે વખતે જે શહેર ગુજરાતનું પાટનગર હોવાનું ગૌરવ ધરાવતું હતું, તે વખતે મોટે ભાગે એ શહેરનો શ્રીસંઘ **શ્રીશત્રુંજય** તીર્થનો વહીવટ સંભાળવાની જવાબદારી વહન કરતો હતો. અને આ તીર્થનો વહીવટ સંભાળવો એ મોટા પુણ્યનું તથા ગૌરવનું નિમિત્ત લેખાતું હતું. એટલે જેમના ઉપર આ જવાબદારી આવી પડતી હતી, તેઓ ખૂબ ઉલ્લાસથી એને પૂરી કરતા હતા.

પાટણ અને ધોળકાના સંઘનો વહીવટ

આ રીતે સોલંકી કાળમાં **શ્રીશત્રુંજય** તીર્થનો વહીવટ તે વખતના ગુજરાતના પાટનગર **અણહિલવાડ પાટણ**ના સંઘના હાથમાં હતો. જ્યારે **વાઘેલા** રાજ્યશાસનમાં મંત્રીશ્વર **વસ્તુપાળ–તેજપાળ**ના સમયમાં **પાટણ**ના બદલે **ધવલક્કપુર** (વર્તમાન **ધોળકા**) ગુજરાતની રાજધાની બન્યું ત્યારે, આ મહાતીર્થનો વહીવટ **ધોળકા**ના સંઘે–ખાસ કરીને મંત્રી **વસ્તુપાલ તેજપાલ**ની બંધુ બેલડીએ સંભાળ્યો હોય એવો અણસાર સાહિત્યમાંથી (**પુરાતનપ્રબંધસંગ્રહ** પૃ. ૬૪માં સુચવાયેલ એક કથા ઉપરથી) મળે છે.

૧ 'શ્રીતીર્થાધિરાજ શત્રુંજય ઉપર થયેલ પ્રતિષ્ઠાનો અહેવાલ' પુસ્તકમાં આપ્યા પ્રમાણે આ. ક. પેઢીનો અધિકાર આપ્યો છે.

ફરી પાછો પાટણ સંઘનો, તથા ત્રણ શહેરનો વહીવટ

ત્યાર પછી વળી પાછી ગુજરાતની રાજધાની ધોળકાના બદલે પાટણમાં ફેરવાઇ, એટલે સ્વાભાવિક રીતે જ, આ તીર્થનો વહીવટ પણ પાટણના સંઘના હાથમાં ગયો. પણ આવી સ્થિતિ શ્રેષ્ઠી સમરાશા ઓસવાળે વિ.સં. ૧૩૭૧માં કરાવેલ **શ્રીશત્રુંજય** તીર્થના પંદરમા ઉદ્ધાર પછી થોડાક દાયકાઓ સુધી જ ચાલુ રહી હતી, અને ત્યાર પછીના અરાજકતાના સમયમાં, પાટનગર પાટણની અને એના જૈન સંઘની સ્થિતિ ડામા–ડોળ અને નબળી થઈ ત્યારે, આચાર્ય શ્રીવિજયરાજસૂરિજીની સલાહ પ્રમાણે, **શ્રીશત્રુંજય** તીર્થનો વહીવટ સંભાળવાની જવાબદારી પાટણ, ખંભાત અને રાધનપુરના સંઘોના મોવડીઓએ સંયુકૃતપણે સ્વીકારી હતી.

અમદાવાદના શ્રીસંઘનો વહીવટ

આવી સ્થિતિ કેટલાં વર્ષ ચાલુ રહી, એની ચોક્કસ વિગતો મળતી નથી, પણ એટલું લાગે છે કે, શ્રેષ્ઠી કર્માશાએ **શ્રીશત્રુંજય** તીર્થનો સોળમો જીર્ણોદ્ધાર વિ. સં. ૧૫૮૭માં કરાવ્યો, તે પછી કેટલાક દાયકા બાદ, આ તીર્થનો વહીવટ, તે વખતના ગુજરાતના પાટનગર અમદાવાદ શહેરના હાથમાં આવી ગયો હોવો જોઈએ. તેવખતના કેવળ અમદાવાદના જૈન સંઘના જ નહિ પણ સમસ્ત જૈનસંઘના એક, બાહોશ, વગદાર, ધર્મનિષ્ઠ, પ્રભાવશાળી અને સમર્થ મોવડી નગરશેઠ ક્રોષ્ઠીવર્ય શાંતિદાસ ઝવેરીની રાહબરી નીચે આ તીર્થનો વહીવટ સુવ્યવસ્થિત થયાની વાતની સાક્ષી છે. એમણે અમદાવાદના ઓસવાળ વંશના બે ભાઈઓ શ્રેષ્ઠી રતન અને શ્રેષ્ઠી સૂરાને સાથે રાખીને, વિ.સં. ૧૭૦૭ની સાલમાં, પાલીતણાના દરબાર ગોહેલ કાંધાજી સાથે જૈન સંઘવતી, **શ્રીશત્રુંજય** મહાતીર્થ અને એના યાત્રિકોના રખોપાનો સૌથી પહેલો કરાર કર્યો હતો, એ બીના પણ સાક્ષી પૂરે છે.

પેઢીની પ્રાચીનતા

આ પછી આ તીર્થનો વહીવટ ઉત્તરોતર અમદાવાદના શ્રીસંઘના હાથમાં સ્થિર અને વ્યવસ્થિત થતો ગયો અને સમય જતાં, એ વહીવટ, ભારતભરના સમસ્ત શ્રીસંઘવતી, અમદાવાદમાં રહેલી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના નામથી થવા લાગ્યો. સમસ્ત જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રીસંઘનું પ્રતિનિધિત્વ ધરાવતી આ પેઢીનું નામકરણ કોણે, કયારે અને કૂયાં કર્યું હશે, એની આધારભૂત માહિતી તો ઉપલબ્ધ થતી નથી, પણ **શ્રીશત્રુંજય** તીર્થના વિ. સં ૧૭૮૭ની સાલના એક ચોપડામાં 'શ્રી આણંદજી કલ્યાણજી, રાજનગર'ના નામનું ખાતું મળે છે, તેથી બે વાત જાણી શકાય છે. પહેલી વાત એ કે શરૂઆતમાં અમદાવાદના

શ્રીસંઘની પેઢીનું નામ આણંદજી કલ્યાણજી રાખવામાં આવ્યું હશે; અને બીજી વાત એ કે, આગળ જતાં, **શ્રીશત્રુંજય** તીર્થનો કારભાર પણ આ પેઢીના નામથી ચાલુ કરવામાં આવ્યો હશે. આપણા શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં **શેઠ આણંદજી કલ્યાણજી**ની પેઢીનું નામ કેટલું બધું લોકપ્રિય બન્યું છે, તે એ હકીકત ઉપરથી પણ જાણી શકાય છે કે, ગુજરાત, સૌરાષ્ટ્રના એવાં પણ કેટલાંક શહેરો છે કે–જ્યાંના **શ્રીસંઘની** પેઢીનું નામ **શેઠ આણંદજી** કલ્યાણજી રાખવામાં આવ્યું છે; છતાં એ **અમદાવાદ પાલીતાણા**ની આજ નામની પેઢી સાથે સંકળાયેલ નથી. પેઢીનું આ નામ કોઈ વ્યક્તિ-વિશેષના નામ ઉપરથી નહીં પણ 'આણંદ' અને 'કલ્યાણ' જેવા બે મંગલસૂચક શબ્દોના જોડાણથી પાડવામાં આવ્યું હશે, તે સુવિદિત છે. શ્રીસંઘનું નામ અને કામ તો હંમેશાં આનંદ અને કલ્યાણને જ કરનારું હોય, એવો એનો ભાવ છે.

પાલીતાણાના ચોપડામાં મળતાં ઉપર્યુક્ત ઉલ્લેખ ઉપરથી બીજી વાત એ જાણવા મળે છે કે, આ પેઢી વિ. સં. ૧૭૮૭ પહેલાં ગમે ત્યારે સ્થપાયેલી હોવી જોઈએ; એટલે એ આશરે અઢીસો વર્ષ જેટલી જૂની તો છે જ, એને કદાચ એનાથી પણ કેટલીક વધુ પ્રાચીન માની શકાય. આ રીતે અઢીસો વર્ષ જેટલી જૂની પેઢીની કાર્યશક્તિને સમયનો ઘસારો ન લાગે અને ઊલટું, સમયના વહેવા સાથે, એ વધુ કાર્યક્ષમ બનતી રહે અને પોતાના કાર્યક્ષેત્રનો પણ ઉત્તરોતર વિકાસ કરતી રહે, એ બીના એ વાતનો સ્પષ્ટ ખ્યાલ આપે છે કે, એના પાયામાં શ્રીસંઘની ભાવનાનાં અને સંચાલકોની કર્તવ્ય નિષ્ઠાનાં કેવાં ખમીરદાર આતર પાણી સિંચાતાં રહ્યાં છે!

અમદાવાદ શ્રીસંઘની કામગિરિ

એક રીતે કહેવું હોય તો એમ જરૂર કહી શકાય કે, **અમદાવાદના શ્રીસંઘે શ્રીશત્રુંજય** તીર્થનો વહીવટ સંભાળી લીધા પછી એ બાબતમાં એને પીછેહઠ કરવાનો કયારે ય અવસર આવ્યો નથી. આજે પણ આ તીર્થનો વહીવટ **અમદાવાદના** શ્રીસંઘના મોવડીઓ જ સંભાળે છે. કારણ કે આશરે એકાદ સૈકા પહેલાં (સને ૧૮૮૦ની સાલમાં) પેઢીનું પહેલું બંધારણ ઘડાયું ત્યારથી તે છેક આજ સુધી, બંધારણમાં કરવામાં આવેલ જોગવાઈ પ્રમાણે, પેઢીનો બધો વહીવટી કારોબાર, **અમદાવાદના** શ્રીસંઘમાંથી પસંદ કરવામાં આવેલ, નવ વહીવટદાર ટ્રસ્ટીઓ જ ચલાવે છે, તેમ પેઢીના સંચાલન માટેની અમદાવાદના મોવડીઓની સતત ચિંતા અને અખંડિત કામગિરિ અમદાવાદના શ્રીસંઘને માટે પણ ગૌરવરૂપ બની રહે એવી છે.

પેઢીનું બંધારણ

પેઢીનું બંધારણ સને ૧૮૮૦માં દેશભરના સંઘોના પ્રતિનિધિઓને નિમંત્રણ આપીને, અમદાવાદમાં નગરશેઠ શ્રી પ્રેમાભાઈ હેમાભાઈના અધ્યક્ષપદે ઘડવામાં આવ્યું હતું. એમાં નગરશેઠ શાંતિદાસ ઝવેરી અને એમના વારસોએ બજાવેલી શ્રીસંઘની તથા શ્રીશત્રુંજય તીર્થની સેવા પ્રત્યે શ્રીસંઘની કૃતજ્ઞતાની લાગણી દર્શાવવા માટે, પેઢીનું પ્રમુખપદ એમના વારસ જ શોભાવે એવું નક્કી કરવામાં આવ્યું હતું. પેઢીના પ્રમુખ **શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ** સમસ્તના પ્રમુખ ગણાય છે, તેથી આ પદ વિશેષ ગૌરવભર્યું લેખાય છે. આ બંધારણમાં ૩૨ વર્ષ બાદ, સને ૧૯૧૨માં નગરશેઠ શ્રીકસ્તુરભાઈ મણિભાઈના પ્રમુખપદે, કેટલાક જરૂરી ફેરફાર કરવામાં આવ્યા હતા, પણ એ વખતે પણ પેઢીનું એટલે કે સકળ શ્રીસંઘનું પ્રમુખપદ નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના વંશજને આપવાની આ કલમ ચાલુ રાખવામાં આવી હતી.

પેઢીના બંધારણમાં છેલ્લે છેલ્લે સને ૧૯૬૯ની સાલમાં ફેરફાર કરીને, શેઠશ્રીકસ્તુરભાઈ લાલભાઈના અધ્યક્ષપણા નીચે, નિયમાવલી ઘડવામાં આવી ત્યારે, પ્રમુખપદ અંગેની કલમમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. આ ફેરફાર પ્રમાણે હવે પેઢીનું પ્રમુખપદ નગરશેઠ શાંતિદાસ ઝવેરીના વંશજના બદલે, પેઢીના વહીવટદાર ટ્રસ્ટીઓ નક્કી કરે એમને આપવાનું ઠરાવવામાં આવ્યું છે, અને પેઢીના વહીવટદાર ટ્રસ્ટીઓમાંના એક શેઠ શાંતિદાસ ઝવેરીના વંશજ હોય એવો હક એમને આપવામાં આવ્યો છે. આ ફેરફારમાં પેઢીના પ્રમુખ શ્રેષ્ઠિવર્ય કસ્તુરભાઈ લાલભાઈ તથા પેઢીના સંચાલક મહાનુભાવોની સમયજ્ઞતા તથા દૂરંદેશીનું પ્રતિબિંબ પડે છે, એ કહેવાની જરૂર નથી.

*શ્રીસમેતશિખરજી

શેઠ આ. ક. ના વહીવટનો પ્રસંગ લીધો છે. આથી શ્રી સમેતશિખરજીની કોઈએ સંપૂર્ણ વિગત કશામાં આપી નથી તે આપવાની આવશ્યકતા માની અત્રે સત્યસ્વરુપે આપીએ છીએ.

શ્રીસમેતશિખરજીના પહાડ પર વિ. સં. ૧૯૬૪ માં ગવર્નમેન્ટ બંગલા બાંધવાની હતી. આ વખતે પરમ તારક ગુરુદેવ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજ મુંબઈ લાલબાગમાં ચાતુર્માસ બિરાજમાન હતા અને વ્યાખ્યાનમાં સુદર્શન શેઠનું ચરિત્ર ચાલતું હતું.

એક બાજુએ 'ગવર્નમેન્ટે શ્રીમાન્ તિલકને ગિરફતાર કર્યા હતા.

આથી ત્રણ વાત ભેગી થઈ (૧) સુદર્શન શેઠને રાજાએ શૂલીએ ચઢાવવાનો અન્યાયી હુકમ કર્યો (૨) ગવર્નમેન્ટે શ્રીમાન્ લોકમાન્ય તિલકને ગિરફતાર કર્યા અને (૩) શ્રીસમેતશિખરજી પર બંગલા બાંધવા. આ ત્રણ વાતને ભેગી કરીને ગુરૂદેવશ્રીએ વ્યાખ્યાનમાં પડકાર શરૂ કર્યો.

*આ લખાણ લેખકનું છે.


વ્યાખ્યાનની શરૂઆત કરતાં જાહેરાત કરતા કે **સરકાર તરફના આવેલા ખબરપત્રીઓ નોંધ લેશો** કે–એમ કહીને વ્યાખ્યાનમાં ત્રણે અન્યાઓનું ધ્યાન શરુ થતું. આથી મુંબઈની પોલીષ ખળભળી. ગવર્નર પાસે વોરંટ માગ્યું, પણ ગુરુ મહારાજે જો સરકાર બંગલા કરવાના પાયા શરુ કરે તો તેના પાયામાં ચણાઈ જવાને માટે સોનાના કંદોરાવાળા સો શ્રાવકોને તૈયાર કર્યા હતા. શ્રાવકોને લાગ્યું કે વોરન્ટ આવશે, ગુરુ મહારાજને જણાવ્યું કે 'કાગળ બાગળો હોય તે ખેસવી નાંખો. વોરંટ આવે તો અમારા જમીન આપજો' ગુરુ મહારાજે જણાવ્યું કે 'કાગળીયા ખેસવાનાં કાંઈ છે જ નહિ. વોરંટ આવે તો ઓઘો લેજો, આવું એટલે પાછો આપજો.' આ ખળભરાટ ગવર્નર સુધી પહોંચ્યો.

મુંબાઈના ગવર્નરે ડાહપણ વાપરીને ડાહ્યા સમજુ શ્રાવકોને બોલાવીને કહ્યું કે ગવર્નમેન્ટ તમારું અહિત નહિ કરે. તમારા મહારાજને સમજાવો.

બીજી બાજુએ જણાવ્યું કે પહાડ તમારો હોય તો સરકાર બંગલા બાંધી ન શકે.

આથી **સમેતશિખર**નો પહાડ વેચાતો લેવો તેવું નક્કી થયું, પણ ત્યારે શે. આ. ક.નો વહીવટ **શ્રીગિરનાર** અને **શ્રીશત્રુંજય**નો જ હતો. આથી પહાડ કઇ રીતે લેવો તે પ્રશ્ન થયો.

ગુરૂ મહારાજે કાયદાની રુએ શે. આ. ક. પહાડ કઈ રીતે લઈ શકે તેની પેરવી કરી. ગામે ગામના સંઘો પાસે શે. આ. ક. ની પેઢી પર તાર કરાવ્યા કે **'શ્રી સમેતશિખરજીનો પહાડ ખરીદી લો'** આથી પેઢીએ તે તારોના આધારે ઠરાવ કર્યો કે ... હિન્દુસ્તાનના સંઘો પહાડ ખરીદવા માટે તારો કરે છે તેથી તે આધારે ત્યાંના રાજા પાસેથી **શ્રીસ**મેતશિખરનો પહાડ વેચાતો લેવો.' એ ઠરાવ કરીને ત્યાંના રાજા સાથે વાટાઘાટો કરીને **શ્રીસ**મેતશિખરજીનો પહાડ વેચાતી લીધો. પહાડની માલિકી **શે.** આ. ક. **ની** ઠરી, એટલે બંગલા બાંધવાના બંધ થયા, અને પહાડ **શે.** આ. ક. નો થયો. ત્યારથી પહાડનો વહીવટ શે. આ. ક. નો થયો. **સ**મેતશિખર પરના દેરાસરનો વહીવટ જુદો છે. આ રીતે **શ્રીસ**મેતશિખરનો પહાડ વેચાતી લેવડાવનાર શ્રીઆનંદસાગરસુરીશ્વરજી મહારાજ છે. આ વાત આખી કોઇએ નહિ આપવાથી અત્રે અપ્રસ્તુત છતાં, શે. આ. ક. ના વહિવટ અંગે આવી છે.



પ્રકરણ ૨૧ મું

સ્થાપત્ય અને અદ્‌ભૂતકળા

શ્રીશત્રુંજય ગિરિરાજ પર નવ ટુંકમાં થઈને એટલાં બધાં મંદિરો છે કે આ એક પ્રભુ મંદિરનું નગર ગિરિરાજ પર છે. આનો ઘેરાવો દોઢ ગાઉનો છે.

આમાં જુદા જુદા વિભાગો વડે નવ ટુંક વર્તમાનમાં કહેવાય છે. (૧) દાદાની ટૂંક તેને લાગીને વિમલવસહી, (૨) સવાસોમણની ટૂંક તેની સાથે સંપ્રતિ મહારાજ વિગેરે મંદિરો, પાંડવોનું મંદિરાદિ (૩) છીપાવસહી અને સાથેનાં મંદિરો (૪) સાકરવસહી (૫) ઉજમબાઈની ટૂંક (૬) હેમાભાઈની ટૂંક (૭) મોદીની ટૂંક (૮) બાલાવસહી અને (૯) મોતીવસહી=મોતીશાશેઠની ટૂંક.

સ્થાપત્ય ને કળા

A દાદાનું મંદિર વિશાળ કાય, વિશાળ શિખરોનો ઘેરાવો, આગળ પાછળ જુની મનોહર કોરણી અને મનોહર રુપકામ.

B પુરાણી મનોહર કોરણીવાળું, નવા શ્રીઆદીશ્વરનું મંદિર, મનને મહકાવે તેવી પુતલીઓવાળુ આ પુરાણું મંદિર છે.

C કહેવાતા સિમંધર સ્વામીનું મંદિર, જેની બહાર અનુપમ કળા બતાવી છે.

D ગંધારીઆ ચૌમુખજીનું મંદિર–કારીગરે ને કરાવનારે કોઇ તેવી રમણીયતા બતાવતું આ મંદિર બનાવ્યું છે. શિલ્પીએ પોતાનું દીલ પરોવીને તેને રમણીય બનાવ્યું છે. તેના નમુનાનું બીજી કોઇ જગોપર મંદિર હશે કે કેમ ? તે એક વિચાર માગે છે.

E વર્તમાનમાં રામપોળ, સગાળપોળ, વાઘણપોળ, હાથીપોળ, રતનપોળનો અને નવટુંકનો કળા કારીગરીવાળા નવા દરવાજા થાય છે.

F કુમારપાળ મહારાજાના દેરાસરમાં પીળા પત્થરનું સુંદર કોરણી વાળું બારશાખ છે. અને મૂળ દેરાસરની રચના પણ મનોહર છે. તેની ભમતિના એક છેડે ૧૪ સ્વપ્ન વિગેરેની સુંદર કળા છે, મંડપની છતમાં પણ કળા છે.

G જેની ચારે દિશામાં થઈને સો સ્તંભ છે. એ ચૌમુખજીનું મંદિર ઉંચી બેસણીવાળું મનોહર છે.

H આગળ ચલતાં ઘરના દરવાજા જેવું દેખાતું એક મંદિર છે. તેમાં અંદર આરસના બે હાથી છે. અંદરના દરવાજાની બે બાજુએ ડાબી બાજુ નંદીશ્વર દ્વીપ ને જમણી બાજુ અષ્ટાપદ આરસમાં કોરેલા છે. તેની બારીકી કેટલી છે તે તો તે કળા જોનારાજ સમજી શકે. અંદર આરસની છત્રી બનાવવા પૂર્વક આરસના પવાસન પર પ્રભુજી બીરાજમાન કરેલા છે, તે જોવા જેવું તો ખરું જ. નાજુકતામાં કળાકારે કળાકેવી કરી છે તે તેમાં દેખાય.

I અમીજરા પછી આબેહુબ સમવસરણનો ચિતાર બતાવતું શાસ્ત્રીના આધારે સમવસરણનું દેરાસર છે.

J વિમલવસહી યાને નેમનાથની ચોરીનું દેરાસર–આ મંદિર એટલે કળાનો ભંડાર. તેના રંગ મંડપમાં છતમાં સુંદર કારીગરીવાળું કામ છે. ત્રણ બાજુના ત્રણ ઘુમટમાં ભરપુર કોરણી-વાળું ઝુલતી પુતળીઓવાળું ને અનેક પ્રસંગોવાળું શિલ્પ કામ છે. આગળ વચમાં ત્રણ ગઢનો મેરુ હોય તેવું ચૌમુખજી મહારાજવાળો મેરુ જાણે હોય તેવું ત્રણ ગઢવાળું શિલ્પ છે. તેની બે બાજુનાઘુમટમાં કારીગરે પોતાની કળા રેળી છે. બલાનકો પણ તે મંદિરને છે. નીચે નેમનાથ ભગવાનના જીવનનો ચિતાર પાટડામાં કર્યો છે, ને થાંભલામાં પરણવાની તૈયારીમાં ચોરી બાંધવા માંડેલી અધુરી રહેલી ચોરી બતાવી છે. ત્યાં મોટો દરવાજો છે. તેને મુખ્યદ્વાર માનવું જ પડે. તે હું પુરાવાઓ સાથે કબુલ કરાવું તેવું છે. અસલ રસ્તો તે દ્વારથી ચાલીને કુમારપાળના મંદિરે નીકળાય તેમ હતો તેમ માનવું જ પડે, કારણકે તે દ્વારની બે બાજુએ

મોટા ગોખલા છે. તેમાં બારા પત્થરના જક્ષ જક્ષીણી છે. તે પત્થરની સ્થાપત્યકાળને પૂરવાર કરે તેવા છે. તેનોઘાટ વિગેરે તેના પુરણા પણાની સાખપુરે છે.

K રામપોળમાં પેસતાં પાંચ શીખરવાળું મંદિર છે. પંચશીખરી મંદિરો કેટલાં હશે, તેના પુરાવા મારી પાસે નથી. મેંતો નજરે આ એક મંદિર જોયું છે.

L ગિરિરાજ ચઢતાં રામપોળ નજીક આવતાં પહેલાં પર્વતના ભાગમાં પગથીયાં કોરીને ઉપર ગુફા જેવું બનાવીને ત્યાં મૂર્તિઓ કોરી છે.

M નવ ટુંકના દરવાજેથી પેસતાં સંપ્રતિ મહારાજાના દેરાસરના ગભરાનું પીલા પત્થરનું બારસાખ છે, તે તેના પુરાણાપણાની ચાડી ખાય તેવું છે.

N સવાસોમ=ખતરવસહી–અહિં આ વિશાળ ઉંચાઈવાળો ચૌમુખજી મહારાજનો પ્રસાદ કારીગીરીવાળો છે. અને બે દીશાએ કારીગીરીવાળી દેરીઓ ને થાંભલાપર ત્રણ ત્રણ પૂતળીવાળું આ મંદિર છે. આ ટુંકમાં બીજા પણ મંદિરો છે. અહીથી છીપા વસહીમાં જવા માટે બારી છે. તે બારીમાંથી બહાર જતાં નજીક નાનુક મંદિર કલા કારીગીરીથી પૂર્ણ છે.

O સવાસોમની ટુંકમાં પશ્ચિમની બારીથી બહાર નીકળતાં પાંચ સાત પગથીયાં ચઢતાં પાંડવોનું દહેરાસર આવે છે. આ મંદિર પુરાણું છે. કલ્પના છે કે જ્યારે આ મંદિર બંધાવ્યું હશે ત્યારે પાંડવો વગેરે બાંભોરા પત્થરના હશે પણ તે ખવાઈ જતાં ત્યાં આરસના પાંડવો વગેરે બેસાડયા હશે. તેના મંડપનો ઘુમ્મટ કાળમય છે. તે મંદિરના પુરાણાપણાને જણાવે છે. તેની બાજુમાં મંડપ છે. તેમાં કૃષ્ણ વગેરેની બારા પત્થરની મૂર્તિછે. તે તેના પુરાણાપાણાની સાખીતી કરે છે. તેમાં એક આકૃતિ પરથી થોડા ડુંગો ઉખડેલો છે તેથી થોડા અક્ષરો દેખાય છે. એટલે અનુમાન કરાય કે બધા તે શિલ્પપર શિલાલેખ હશે. આ બધાં શિલ્પો જોતાં એવું એક અનુમાન કરવું પડેકે શુ આમાં પાંડવ કૌરવો વાસુદેવ શ્રીકૃષ્ણ વગેરેનો કોઈ ઈતિહાસ જોડાયેલો હશે કેશું ? આ મંદિર પાછળ સહસ્રકુટ છે (આવા સહસ્રકુટ ગિરિરાજપર ચાર હશે) સહસ્રકુટ મંદિરમાં એક દિલાલ પર એકસો સિત્તેર જિન વગેરે કોરેલા છે બીજીબાજુએ એક બીજુ દ્રષ્ય કોરેલું છે.

P સવાસોમની ટુંકની ઉત્તર દિશાની બારીમાંથી નીકલતાં છીપાવસહી આવે છે. આ નાની ટુંક છે, સવાસોમ કરતાં પહેલાં બંધાઈ હશે, કળા તેના જુનાપણાને જણાવે છે, નાની ટુંક પણ કળાપૂર્ણ છે.

Q તેની પાછલી બાજુએ એક દેરાસર સાકરસાની ટુંકની નજીકમાં છે. તેને મોલ્લાવસહી કહે છે. તેની કળા ઉત્તમ છે, તેને ૧૪ મી સદીમાં સ્થાપત્ય જાણકારો લે છે.

R નંદીશ્વરની ટુંકની મનોહર રચના છે.

S મોદીની ટુંક બેઠી બાંધનીની સુંદર છે. તેમાં બે બાજુના દેરાસરમાં સહસ્રફણા પાર્શ્વનાથની મનોહર પ્રતિમાઓ છે. તેના એક દેરાસરમાં અદ્‌ભુત કળાને યાદ કરાવનાર સાસુવહુના બે ગોખાલા છે. બે થાંભલા પર દૃષ્ટાંત લેવા જેવી પુતળી બનાવીને એકને વિંછી અને બીજીને સર્પ કરડાવ્યો છે, તે સાસુ વહુના નમુના બતાવ્યો છે. એક પુતળીને વાંદરો વળગાડયો છે. તે ખોટી સાક્ષી પુરનાર પડોશણના દૃષ્ટન્તને બતાવે છે.

T અદ્‌ભદ્રજી–ગિરિરાજના પાષાણમાં તે મૂર્તિ વિશાલકાય કોરી છે. અને મનોહર બનાવી છે. વર્ષમાં જે. વ. ૧૧ ના દિવસે ત્યાં આંગી પૂજા થાય છે.

આ સમાન્યથી ગિરિરાજના શિલ્પ કળાના નમુનાનો ઉલ્લેખ કર્યો છે.

U તલાટી એ એક ગિરિરાજનું પવિત્ર સ્થાન, તેને **જયતલાટી** કહેછે. વર્તમાનમાં ત્યાં મનોહરતા બતાવનારી નવી દેરીઓ બાંધી છે.

V તલાટી નજીક શે. આ. ક. એ મ્યુઝીયમ બાંધ્યું છે. તેમાં પુરાણું લાકડાનું કામ અફૂકલમેર મારે તેવું લાવીને ગોઠવ્યું છે. પુરાણા પરીકરોના નીચલા ભાગો ગોઠવ્યા છે. બે પરીકરો પણ ગોઠવ્યાં છે, ને આદીશ્વર ભગવાનનું નવું ચિતરાવેલું જીવનચરિત્ર ફોટાઓમાં મઢીને ચોઢયું છે.

W તેના સામે શ્રીવર્ધમાન–જૈન–આગમ–મંદિર આવેલું છે. તેમાં જૈન આગમો શિલામાં કોરેલાં છે. તીર્થંકરો, સિદ્ધચક્ર ને ગણધરો છે. વળી જુદાં જુદાં દૃષ્યો પણ છે.

X પછી જ્યાં યાત્રિકોને ભાથું અપાય છે, તે ભાથાતિલાટી આવેછે.

પ્રકરણ ૨૨ મું

શ્રી સિદ્ધગિરિસ્તવ:

(સ્વ. શ્રીઆગમોદ્ધારકશ્રી)

સિદ્ધાદ્રિં નૈવ પશ્યંતિ, દૂરભવ્યા અભવ્યકાઃ । ઇત્યમેયપ્રભાવં તં, ધ્યાયંતિ યતિકુંજરાઃ ॥૧॥
અત્રાહુર્ભાવતો હ્યેનં, ન પશ્યંતિ તથાવિધાઃ । અભવ્યચિહ્નમેવેતન્નો–પાઠિ વિરહસૂરિણા ॥૨॥
આત્માર્થિત્વં તુ તત્રાડસ્ય, નિષિદ્ધં તેન યત્નતઃ । અતોડસ્યાડદર્શનં દ્રવ્યે, ન યુક્તં કિંતુ ભાવતઃ ॥૩॥
આદ્યેંડગે ભવ્યતાબોધી, ભવ્યાડભવ્યત્વસંશયઃ । ગદિતો ન ચ તત્રાડપિ **પુંડરીકાચલ**દર્શનમ્ ॥૪॥
ભાવતો જાતમપ્યસ્ય, ગુરોર્નૈતિ શ્રુતાદૃ દૃશમ્ । ઇત્યસ્ય ભાવનાદૃષ્ટિ-ર્ભવ્યડડસન્નત્વબોધિની ॥૫॥
તન્ન યુક્તં યતો ભાવ–દર્શનં નૈવ તસ્ય યદ્ । અન્યતીર્થજિનાડર્ચાનાં સંભવત્યસ્ય કા કથા ॥૬॥
ન ચૈવં મહિમાડપ્યસ્યા–ડન્યત્ર વિશેષણાશ્રયાત્ । મુમુક્ષા ન ભવેત્તસ્ય, સૈવ ચાડસ્ય નિબંધનમ્ ॥૭॥
સિદ્ધાદ્રિમુખ્યશૃંગં તુ, ગૃણંતિ ગુરુસત્તમાઃ । ન રૈવતાદ્રિદૃષ્ટેસ્ત,–ત્પાલકેનાડપિ ભવ્યતા ॥૮॥
અભિયુક્તેન સંબોધે, તાન્યુપલક્ષિતાનિ યત્ । ન તત્ર તદ્ભવન્માન્યો, ભવ્યાડભવ્યત્વસંશયઃ ॥૯॥
આત્માર્થિત્વેન તુ સુતરાં દ્રષ્ટુરાશન્નભવ્યતા । ઊરીકૃતાડડગમકૃતા, ન તેનાડત્ર વિવાદનમ્ ॥૧૦॥
ભવ્યતાનિર્ણયે યચ્ચ, સૂત્રે પ્રોક્તમિદં મુખે । તત્તસ્ય તાદશારેકા–જાતમોહપ્રણુત્તયે ॥૧૧॥
નન્વનેનાક્ષતાદ્રેઃ સ્યાદ્, દર્શનં દ્રવ્યતઃ ખલુ । નાડડસન્નભવ્યતાબોધી, કિંત્વેતદેવમેવ હિ ॥૧૨॥
સદા યથા વિદેહેષુ, વિહરજ્જિનસંભવઃ । તદ્વદત્ર હિ **સિદ્ધાદ્રે**ઃ, તથ્યા શક્તિરિયં ન કિમ્ ॥૧૩॥
અચિંત્યમહિમાનં તુ, નાભિસૂનુર્જગાવમું । સહાડન્યત્ર પ્રતિષ્ઠાસું **પુંડરીકં** ગણાધિપમ્ ॥૧૪॥
અત્ર ક્ષેત્રાનુભાવેને–ત્યાદ્યુક્ત્વા વિનિષેધયન્ । ભાવતીર્થે ततः શ્રેષ્ઠિઃ, કિં ન સાનુરયં ભવેત્ ? ॥૧૫॥
યુગાદિચરિતે શિષ્ટં હેમચંદ્રેણ સૂરિણા । પ્રસ્તાવે ચૈવ તીર્થસ્ય, ગ્રંથેડન્યત્ર તથેક્ષ્યતે ॥૧૬॥
યથા ભવ્યાડસુલિનંભ્યા જિનનામાડડકૃતિસ્તથા । ન સ્યાત્તોષાં પરિણામો, ગિરાવત્રાપિ તત્તથા ॥૧૭॥
ઇત્યત્ર સ્થાવરા ધન્યાઃ, સત્યમેવેતિ ભાષિતમ્ । તાવતામપિ ભવ્યત્વે, વિરોધો નાડડગમાડધ્વનિ ॥૧૮॥
કિંચાડન્યત્ર ભવેત્તીર્થ–ઋષિકલ્યાણકાદિના । ક્ષેત્રાનુભાવતસ્તિવહા–ડભૂવન્કલ્યાણકાનિ વૈ ॥૧૯॥
તેનાડયં મુનિના તીર્થ-રૂપઃ પ્રોક્તોડચલોડખિલઃ । તતો ન પશ્યતાં તં સ્યાદ્-દુર્લભાડડસન્નભવ્યતા ॥૨૦॥
યા ત્વત્ર સ્વસ્ય ભવ્યાડન્ય-ત્વાડડશંકા સ્તવને કૃતા । ન સા સ્વભાવવૃદ્ધ્યુત્થા, સૂર્યાભસ્યેવ હાનિકૃત્ ॥૨૧॥
પૂર્વાણાં નવનવતિ–રત્રાગતવાંજિનો **યુગા**દીશઃ । **ફાલ્ગુનશુ**ક્લાડષ્ટમ્યાં તદિદં તીર્થં નમામિ સદા ॥૨૨॥
ઇષુશતલક્ષૌર્મુનિભિઃ પરિવૃતઃ **પુંડરીક**ગણનાથઃ । શ્રુત્વા સગણસ્ય મોક્ષં જિનાસ્થિતોડત્રાડડપ
નિર્વાણમ્ ॥૨૩॥

એવમન્યેડપિ ગણિનોડત્રાડજગ્મુર્લેભિરે ચ નિર્વાણમ્ । ઇતરસ્થાનાત્તદત્ર સિદ્ધા
મુનયોડપ્યનંતગુણાઃ ॥૨૪॥

નમસ્યં દેવેશૈઃ સહ યતિગણૈર્ભક્તિમનસા, સમભ્યર્ચ્યં નિત્યં નિજજનનસાફલ્યવિધયે ॥

ઉપાસ્યં શ્રાદ્ધાનાં નિબિડતરકર્માડપહૃતયે, ઉપસ્પૃશ્યેયં તચ્ચરમભવવદ્દોષદલનમ્ ॥ ॥૨૫॥

(ભાષાંતરકાર– સ્વ. ગચ્છાધિપતિ આ. મ. શ્રીમાણિક્યસાગરસૂરીશ્વરજી)

સિદ્ધગિરિરાજને દુર્ભવ્યો કે અભવ્યો નજરે જોતા નથી, આવા અગણિત પ્રભાવશાલી ગિરિરાજનું શ્રેષ્ઠ યતિઓ ધ્યાન કરે છે. ॥૧॥

પૂર્વપક્ષ–અહિં કેટલાક કહે છે કે, તેવા પ્રકારના (અભવ્ય–દુર્ભવ્યાદિ) જીવો **સિદ્ધગિરિ**ને ભાવથી જોતા નથી.

જો કે–હરિભદ્રસૂરિજીએ અભવ્યના ચિહ્નોમાં આ કહ્યું નથી ॥૨॥

પણ તેમણે આત્માર્થિપણાનો નિષેધ યત્નથી કર્યો છે. આથી દ્રવ્યથી ન જુએ એમ નહિ પણ ભાવથી ન જુએ. ॥૩॥

(ભાવથી ન જુએ એમાં બીજું પણ કારણ છે)

આચારાંગ સૂત્રમાં ભવ્યતાને જણાવનારો ભવ્યાભવ્યતાનો સંશય કહેલો છે, ત્યાં પુંડરીક ગિરિનું દર્શન નથી કહ્યું. ॥૪॥

તેમજ 'આને (અભવ્યાદિને) ભાવથી દર્શન થયું છે' આવું ગુરૂગમથી કે આગમથી સાંભળવામાં પણ આવ્યું નથી. આથી આનું (**સિદ્ધગિરિનું**) ભાવથી દર્શન આસન્નભવ્યતાને જણાવે છે. (અર્થાત્ અભવ્યાદિકને ભાવથી દર્શન ન હોય.) ॥૫॥

ઉત્તરપક્ષ–આ બરાબર નથી, કારણ કે–તેને (અભવ્યાદિકને) અન્ય તીર્થ કે જિન-પ્રતિમાનું ભાવથી દર્શન સંભવતું નથી; (તો પછી) **સિદ્ધગિરિ**ની તો વાત જ કયાંથી ? ॥૬॥ (કદાચ એમ માનો) આનો (**સિદ્ધગિરિનો**) મહિમા નહિ થાય ! અન્યત્ર (દર્શનમાં) વિશેષણનો આશ્રય કરવાથી (એટલે દર્શનનો મહિમા થશે.) વળી અભવ્યને (તેમ) મોક્ષની ઇચ્છા જ નથી. તે જ આનું (**સિદ્ધગિરિ**ના અદર્શનનું) કારણ છે. ॥૭॥ ઉત્તમ ગુરૂઓ **સિદ્ધગિરિ**નું મુખ્ય શિખર **રૈવતગિરિ** કહે છે, જ્યારે **રૈવતગિરિ** જોવા છતાં પાલક વડે ભવ્યતા પ્રાપ્ત કરાઈ નહિ ॥૮॥ અભિયુક્ત **પુરૂષો**એ (પૂર્વાચાર્યોએ) સંબોધમાં (જાણવામાં) લક્ષણો ઉપલક્ષિત કર્યાં છે, (ઓળખવા ચિન્હો કહ્યાં છે.) પણ તમારે માન્ય (કહેલો) ભવ્યાભવ્યત્વનો સંશય નથી કહ્યો ॥૯॥ (ત્યાં કહેલ સંશય ભવ્યતાનું ચિહ્ન નથી પણ આગળ કહેશે તેમ મોહ દૂર કરવા માટે કહ્યો છે.)

(આત્માર્થિપણું ભવ્યને હોય તેથી) આત્માર્થિપણાથી દર્શન કરનારને આસન્નભવ્યતા સારી રીતે હોય એ સિદ્ધાંતકારોએ સ્વીકાર્યું છે, તેમાં વિવાદ નથી. ॥૧૦॥

ભવ્યતાના નિર્ણયમાટે સૂત્રમાં (આચારાંગમાં) જે સંશય કહ્યો છે, તે તેવા પ્રકારની શંકાથી થએલ મોહને દૂર કરવા માટે કહ્યો છે. ॥૧૧॥


આથી **સિદ્ધગિરિ** (**અક્ષયગિરિનું**) દ્રવ્યથી (આત્માર્થિપણા વગરનું) દર્શન આસન્નભવ્યતાને જણાવનારૂં નથી પરંતુ એવમેવ (**સિદ્ધગિરિનો** જ પ્રભાવ છે કે અભવ્ય દુર્ભવ્ય ત્યાં આવે જ નહિ ॥૧૨॥.)

જેમ **મહા**વિદેહ ક્ષેત્રનો પ્રભાવ છે કે ત્યાં તીર્થંકર ભગવાન વિચરતા હોય જ, તેવી રીતે **સિદ્ધગિરિ**રાજની આ તેવી તથ્ય શક્તિ કેમ નહિ? (આસન્નભવ્યતાને જણાવનારી.) ॥૧૩॥

શ્રી ઋષભદેવ ભગવાને પોતાની સાથે બીજે વિહાર કરવા તત્પર થએલા **પુ**ંડરીક ગણધરને ભાવતીર્થમાં અટકાવીને 'ક્ષેત્રાનુભાવેન' એ વચનથી અચિંત્યમહિમાવાળો આ ગિરિરાજ કહ્યો છે, તો શું તીર્થંકર ભગવાનથી પણ આ ગિરિરાજ શ્રેષ્ઠ ન હોય? ॥૧૪–૧૫॥ આચાર્ય **શ્રી**હેમચંદ્રાચાર્ય મહારાજે **શ્રીયુગાદિચરિત**માં તીર્થના અવસરે કહ્યું છે. તેમજ બીજા ગ્રંથોમાં પણ જોવાય છે ॥૧૬॥ જેમ ભવ્યપ્રાણી વડે જિનેશ્વર ભગવાનની પ્રતિમા નમવા યોગ્ય છે, તેમ તેઓને (અભવ્યદિને) તેવો (નમવા યોગ્ય) પરિણામ હોતો જ નથી. તે પ્રમાણે અહિં ગિરિરાજમાં પ્રતિમાથી પરિણામ હોતો નથી ॥૧૭॥ અહિં 'સ્થાવરો પણ ધન્ય છે' તે સત્ય જ કહ્યું છે. તેઓના ભવ્યપણાનો આગમવચનમાં વિરોધ નથી ॥૧૮॥ વળી બીજે સ્થાને ઋષિઓનાં કલ્યાણકોથી તીર્થ થએલ છે, જ્યારે અહિં ક્ષેત્રના પ્રભાવથી કલ્યાણકો થયાં છે. ॥૧૯॥ તેથી આ આખા ગિરિરાજને મુનિઓ તીર્થસ્વરૂપ કહે છે. તેથી તેને (ગિરિરાજને) જોનારાને આસનભવ્યતા દુર્લભ નથી ॥૨૦॥ જે અહિં (**સિદ્ધગિરિ**સ્તવમાં) પોતાની ભવ્યાભવ્યત્વની શંકા કરી તે પોતાના ભાવની વૃદ્ધિથી થએલી હોવાથી **સૂ**ર્યાભદેવની જેમ હાનિકારક નથી ॥૨૧॥ **ફા**ગણ **સુ**દ ૮ **ન**વ્વાણું પૂર્વવાર (૯૯૮૫૪૪૦૦૦૦૦૦૦૦) **શ્રી ઋ**ષભદેવ ભગવાન અહિં આવ્યા હતા; તેથી આ તીર્થને હું હંમેશાં નમસ્કાર કરું છું. ॥૨૨॥ પાંચ ક્રોડ મુનિઓથી પરિવરેલા **શ્રીપુ**ંડરીક ગણધર **શ્રી**જિનેશ્વર ભગવાન પાસેથી ગણયુક્તનો મોક્ષ સાંભળીને અહીં રહ્યા અને મોક્ષ પામ્યા ॥૨૩॥ એ પ્રમાણે બીજા ગણધરો પણ અહિં આવ્યા છે અને મોક્ષ પામ્યા છે.

બીજા સ્થાન કરતાં અહિં અનંતગુણા મુનિઓ સિદ્ધ થયા છે ॥૨૪॥ યતિઓના સમૂહ સાથે દેવેન્દ્રોને પણ નમસ્કાર કરવા યોગ્ય, પોતાનો જન્મ સફળ કરવા માટે ભક્તિયુક્ત મનથી હંમેશાં પૂજા કરવા યોગ્ય, શ્રાવકોને અત્યંત ગાઢકર્મના નાશ માટે સેવા કરવા યોગ્ય, તેમજ ચરમભવની જેમ દોષનો નાશ કરનાર આ ગિરિરાજ સ્પર્શના કરવા યોગ્ય છે. ॥૨૫॥

શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન આદિભાગ સંપૂર્ણ



૧. શ્રી ગિરિરાજ, પાલીતાણા સ્ટેશન તરફથી.

1. Shree Giriraj, View From the Palitana Station.




૨. મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન પ્રતિષ્ઠિત, ૧૫૮૭ (૨. ભી. શાહ)

2. Shree Adeashver Bhagvan, Established, 1587 (R. B. S.)




૩. વર્તમાનમાં ચિતરાતા અને કરાતા ભિન્નભિન્ન પટોમાંનો એક, ગિરિરાજનો પટ. (૨. ભી. શાહ)

3. One of the Patts, from Different Patts, Being Printed And Prepared. (R. B. S.)




૪. વિ. સં. ૧૭૮૦ માં ચિતરાવેલ, શ્રીગિરિરાજનો પટ.

4. Patt of Shree Giriraj, Painted in Samvat 1780.




૫. શ્રી ગિરિરાજ, ભાડવાના ડુંગર તરફથી (નં. ૧)

5. Shree Giriraj, View from Mount Bhadwa (No. 1)




૬. શ્રી ગિરિરાજ, ભાડવાના ડુંગર તરફથી. (નં. ૨)

6. Shree Giriraj, View from Mount Bhadwa. (No. 2)




૭. દાદાની ટુંક, ભાડવાના ડુંગર તરફથી

7. Dada's Group of Temples, View from Mount Bhadwa




૮. સિદ્ધવડ તરફ જતાં, શ્રી ગિરિરાજ.

8. Shree Giriraj, View from Road to Siddhvad.




૯. હસ્તગિરિ, ભાડવાના ડુંગર તરફથી.

9. Hastgiri, View from Mount Bhadwa.




૧૦. કલ્યાણ વિમળની દેરી.

10. A Small Temple of Kalyan Vimal.




૧૧. બાલાશ્રમનું મંદિર.

11. Temple of Balashram.




૧૨. મેઘમુનિનું સ્તુપ, રાણાવાવ પાસે.
12. Stoop of Megh Muni, Near Rana Vav.




૧૩. કેશરીયાજી મંદિર.

13. The Temple of Keshariaji.



૧૪. ભાથા તલાટીની બેઠક.

14. The Seat of Bhatha Talati.



૧૫. શ્રી વર્ધમાન જૈન આગમ મંદિર.

15. Shree Vardhaman Jain Agam Mandir.




૧૬. આગમ મંદિર, ટાવર સહિત.
16. Agam Mandir, with Tower.




૧૭. શ્રી જય તલાટી.

17. Shree Jay Talati.




૧૮. શ્રી સરસ્વતિની ગુફા.
18. The Cave of Saraswati.




૧૯. શ્રી ધનવસહી ટુંક.

19. A group of Temples of Dhanavasahi.




૨૦. રામભરતની દેરી.


20. Small Temple of Shree Ram and Shree Bharat.



૨૧. નવટુંકનો દેખાવ, હનુમાનધારા તરફથી.
21. View of Nav-Toonk From Hanumandhara.




૨૨. હનુમાનધારા.
22. Hanuman-Dhara.




૨૩. રામપોળનો દરવાજો.

23. Gate of Rampole.




૨૪. શ્રી ગિરિરાજ, દેવકીષટ્‌નંદન તરફથી.

24. Giriraj as Seen From Devki-Shat-Nandan.



૨૫. શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર, દેવકીષટ્‌નંદન તરફથી.

25. Temple of Shree Shantinath Bhagavan, From Devkishat Nandan.




૨૬. રામપોળમાં પંચ શિખરી દેરાસર.

26. Temple of Five Domes in Rampole.




૨૭. મોતીશાહની ટુંક.


27. Group of Temples of Motishah.



૨૮. વાઘણપોળનો દરવાજો.
28. Gate of Vaghanpole.




૨૯. ભુલવણીનો એક તરફનો દેખાવ. (શેઠ. આ. ક.ના સૌજન્યથી)
29. A View of Bhulavani.




૩૦. ભુલવણીમાં શ્રી નેમિનાથની ચોરી.


30. The Sauare of Shree Neminath in Bhulavani.



૩૧. ભુલવણી, ત્રણગઢમાં પ્રભુજી. (જૈ. જર્નલના સૌજન્યથી)
31. Prabhuji, in Bhulavani Three Gadh.



૩૨. ભુલવણીમાં, એક ઘુમટની અપૂર્વ કોતરણી.
32. Unique Carvings, in One Dome, in Bhulavani.



૩૩. પૂણ્યપાપની બારી.


33. Window of Pap-&-Punya.



૩૪. ભુલવણી તરફથી જવાનો રસ્તો.
34. Road From Bhulavani End.




૩૫. વાઘણપોળની અંદરનો રસ્તો. (જૈન જર્નલના સૌજન્યથી)
35. A Road, Inside Vaghanpole.




૩૬. શતથંભીયુ દેરાસર.

36. Temple with Hundred Pillars Around.




૩૭. શ્રી સુમતિનાથ ભગવાનનું મંદિર.
37. The Temple of Sumatinath.




૩૮. કુમારપાળના દેરાસરના ગભારાની બારશાખની કોતરણી.

38. Carvings of doors of Kumarpal's Temple.




૩૯. કુમારપાળના દેરાસરમાં, એક બાજુ, ચૌદ સ્વપ્ન.


39. Carvings of Fourteen Dreams, in Kumarpal's Tempie.



૪૦. હાથીપોળનો જુનો દરવાજો. (જૈન જર્નલના સૌજન્યથી)
40. Old Gate of Hathipole. (Jain Journal)



૪૧. હાથીપોળનો વર્તમાન દરવાજો.
41. Present Gate of Hathipole.




૪૨. હાથીપોળમાંથી પ્રવેશનો રસ્તો.

42. Entrance Road, From Hathipole.




૪૩. દાદાની ટુંકનો સ્નાત્ર મંડપ.


43. Mandap for Mass Prayers, in Dada's, Group of Temples.



૪૪. શ્રી આદીશ્વર દાદાનું દેરાસર. (જૈન જર્નલના સૌજન્યથી)
44. Temple of Shree Adeaswerdada. (Jain Journal)




૪૫. દાદાના દેરાસરનો પાછલો ભાગ. (શેઠ. આ. ક. ના સૌજન્યથી)
45. Back side of Dada's Temple.




૪૬. દાદાના દેરાસરની પાછળનો ગોખલો.

46. Balcony at the back side of Dada's Temple.




૪૭. દાદાના દેરાસરનું શિખર.
47. Dome of Dada's Temple.




૪૮. કુમારપાલના મંદિરનો એક ભાગ. (શે. આ. ક. ના સૌજન્યથી)

48. View of Kumar Pal's Temple.




૪૯. દાદાના દેરાસરની ડાબી બાજુનો ભાગ.
49. Left Portion of Dada's Temple.




૫૦. દાદાના દેરાસરના દક્ષિણ તરફના દરવાજાનું તોરણ (શે. આ. ક. ના સૌજન્યથી)

50. The Gate of southern side of Dada's Temple.




૫૧. રાયણ પગલાની દેરી. (જૈન જર્નલના સૌજન્યથી)
51. Small Temple of Rayan Pagala.




૫૨. સીમંદર સ્વામિના દેરાસરનું શિખર.

52. Dome of Temple of Simandar Swami.




૫૩. સીમંદર સ્વામિના દેરાસરનો એક ખુણો.

53. A Corner of Temple of Simandar Swami.



૫૪. નવા આદીશ્વરના દેરાસરનું શિખર.

54. Dome of New Temple of Adishwar.



૫૫. ૨૦૩૨ ની પ્રતિષ્ઠાવાળી નવી ટુંક.

55. New Bunch of Temples Built in Samvat 2032.



૫૬. સં. ૨૦૩૨ ની પ્રતિષ્ઠાવાળી નવી ટુંકના મૂળ નાયકજીના મંદિરનું શિખર.

56. Dome of Temple of Mulnayakji Established in Samvat 2032.




૫૭. ગંધારીઆ ચૌમુખજીનું મંદિર.
57. Temple of Gandharia Chaumukhji.




૫૮. મોતીશાની ટુંકનો દેખાવ.

58. View of Motishah's Toonk.




૫૯. ઘેટીના પાયગાની બારી.

59. Entrance to the way to Ghety Payga.



૬૦. બાલાભાઈની ટુંકનો દરવાજો.

60. A Gate of Group of Temples of Balabhai.




૬૧. માણેકબાઈની દેરી.

61. A Small Temple of Manekbai.




૬૨. અદબદજી (શ્રી આદીશ્વર દાદા) (જે. જર્નલના સૌજન્યથી).
62. Idol of Adabadji (Shree Adiswar Dada).




૬૩. અદબદજીનું દેરાસર

63. The Temple of Shree Adabadji.




૬૪. મોદીની ટુંકનો દરવાજો.
64. Gate of Modi Toonk.




૬૫. મોદીની ટુંકનું દેરાસર.


65. A Temple of Group of Temples of Modi.



૬૬. મોદીની ટુંકમાં શ્રી ચંદ્રપ્રભુનું દેરાસર.
66. Shree Chandra Prabhu Temple in Modi Toonk.



૬૭. દેરાણી જેઠાણીનો ગોખલો નં. ૧.
67. Balcony No: 1 of Derani-Jethani.



૬૮. દેરાણી જેઠાણીનો ગોખલો નં. ૨.
68. Balcony No 2 of Derani-Jethani.




૬૯. સહસ્ત્રફણા શ્રી પાર્શ્વનાથજીનું આરસનું દેરાસર.

69. Marble Temple of Sahastrafana Parswanath.



૭૦. હેમાભાઈની ટુંકનો દરવાજો.

70. Gate of a Group of Temples of Hemabhai.



૭૧. સાકરશાની ટુંકનો એક ભાગ.

71. A Portion of Toonk of Sakarshah.




૭૨. શ્રી અજીત શાંતિનાથજીની દેરી.

72. A Small Temple of Shree Ajit-Shantinathji.




૭૩. છીપા વસહીનું દેરાસર. (શે. આ. ક. ના સૌજન્યથી)
73. Temple of Chhipa Vasahi.



૭૪. ઉજમબાઈના મંદિરનો દેખાવ.

74. Sight of Temple of Ujambai.




૭૫. નવટુંક તરફથી દેખાતી દાદાની ટુંક નં. ૧.

75. Dad's Toonk Appearing from Nav-toonk. No. 1.




૭૬. નવટુંક તરફથી દેખાતી દાદાની ટુંક નં. ૨.

76. Dada's Toonk Appearing from Nav-Toonk. No. 2.




૭૭. દાદાના દેરાસરનો પાછળનો ભાગ.

77. Back side of Dada's Temple.




૭૮. ઉપરથી દેખાતું બાલાભાઈનું દેરાસર.

78. Temple of Balabhai as Seen from above.




૭૯. પીરની દરગાહ પાસેથી દેખાતી દાદાની ટુંક.

79. A Group of Temples of Dada as seen from Near Dargah of Pir.




૮૦. દાદાની ટુંક તરફથી ખરતર વસહી ટુંકનો દેખાવ (જૈન જર્નલના સૌજન્યથી).

80. View of Khartar Vasahi Toonk from Dada's Toonk.




૮૧. સદાસોમ (ચૌમુખજી) ના દેરાસરનો એક ભાગ. (જૈન જર્નલના સૌજન્યથી)
81. A Portion of Temple of Sadasom (Chaumukhji).



૮૨. ચૌમુખજીનું શિખર.

82. Dome of Temple of Chaumukhji.



૮૩. ચૌમુખજીના મંદિરની બહારની કોતરણી.


83. External carvings, of Temple of Chaumukhji.




૮૪. ચૌમુખજી ભગવાન (જૈન જર્નલના સૌજન્યથી).
84. Idol of Chaumukhji.




૮૫. ખરતર વસહીનાર ંગમ ંડપના કોરણીદાર સ્ત ંભો (શે. આ. ક. ના સૌજન્યથી).
85. Scene of Pillars. Karatarvasahi (Rangmandap).



૮૬. શેઠ નરશી નાથાનું દેરાસર.
86. The Temple of Narshi Natha.



૮૭. સંપ્રતિ મહારાજનું દેરાસર.
87. Temple of Samprati Maharaj.




૮૮. સંપ્રતિ મહારાજાના દેરાસરના ગભારાની બારશાખ.

88. Interior door of Samprati Maharaj's Temple.




૮૯. શેઠ નરશી કેશવજીના દેરાસરનો એક ભાગ.

89. One part of Sheth Narshi Keshawaji Temple.




૯૦. શેઠ નરશી કેશવજીનું દેરાસર.

90. The Temple of Sheth Narshi Keshawaji.



૯૧. નવટુંકમાં પ્રવેશ કરવાનો દરવાજો.
91. Gate for Entrance in Nav-Toonk.



૯૨. નવટુંકથી ઊતરવાનો રસ્તો.

92. Way Down from Nav-Toonk.



૯૩. દેવકીષટનંદનની દેરી.

93. A Small Temple of Devkishatnaadan.



૯૪. ઉલખા જળની દેરી.

94. A Small Temple of "Ulkha" water.




૯૫. ઉલખા જળ આગળ ચૈત્યવંદના કરતાં.

95. Praying at "Ulkhajal".




૯૬ ચિલ્લણ તલાવડીથી દાદાની ટુંક.

96. Dada's Group of Temples from Chillan Talavdi.



૯૭. અજીતનાથ – શાંતિનાથની દેરી.

97. A Small Temple of Ajitnath-Shantinath.




૯૮. ચિલ્લાણ તલાવડી.
98. Chillan Talavdi.




૯૯. શાંબ પ્રદ્યુમનની દેરી.

99. A Small Temple of Shamb Praduman.




૧૦૦. ભાડવાના ડુંગર પર જાત્રાળુઓ.

100. Yatriks upon The Bhadva's Mountain.




૧૦૧. ભાડવાના ડુંગરથી ઉતરતા જાત્રાળુઓ.
101. Yatriks passing by Bhadva's Mountain.




૧૦૨. સિદ્ધવડની ડેરી.

102. A Small Temple of Siddhavad.



૧૦૩. છ ગાઉના પડાવમાં યાત્રાળુઓ.
103. Pilgrims at the camp, after "Chha-Gao."



૧૦૪. છ ગાઉનો પડાવ.

104. Camp after pilgrimage of "Chha-Gao".




૧૦૫. છ ગાઉના પડાવમાં સાધુઓ.

105. Saints at the camp after pilgrimage of "Chha-Gao".




૧૦૬. ઘેટીની પાયગાની દેરી.

106. A Small Temple of Gheti's payga.



૧૦૭. ઘેટીની પાયગાએ શ્રી સિદ્ધાચલ શણગાર ટુંક.

107. Shree Siddhachal sangar Toonk at Geti's Payga.



૧૦૮. શ્રી સિદ્ધાચલ શણગારની ટુંકની બીજી બાજુ.

108. The other side of Shree Siddhachal Sangar's Toonk.




૧૦૯. મોલ્હાવસહી : શ્રેયાંસજિનનું ચતુર્વિંશતિ જિનાલય (શે. આ. ક. ના સૌજન્યથી)
109. Molahavsahi Shreyansjin's Chaturvishati Jinalay.




૧૧૦. ચૌમુખ અને બીજા મંદિરો (જૈન જર્નલના સૌજન્યથી).
110. The Caumukh and other Temples.



૧૧૧. ભુલવણી અંદરનો ભાગ (જૈન જર્નલના સૌજન્યથી).
111. Interior of a Room in the Bhulaoni.




૧૧૨. ઉત્તર બાજુથી શત્રુંજય (જૈન જર્નલના સૌજન્યથી).
112. Satrunjaya - from the North Summit.




૧૧૩ શ્રીશત્રુંજય પરના જૈન મંદિરોનો નકશો (સા. મ. નવાબના સૌજન્યથી) (તા. ૧૮-૧૨-૧૯૪૪)

113 General plan of Jain Temples on Mount Shatrunjay in Palitana (S. M. Navab) (D. 18-12-1944)




૧૧૪ દ્રાવિડ વારિખિલની દેરી, ચૌમુખજીની ટુંકનો દેખાવ. (સા. મ. નવાબના સૌજન્યથી)
114 Little Mandir of Dravid Varikhillaji, The View of Chawmukhji Tunk.



૧૧૫ દેવમંદિરોની નગરી : તીર્થાધિરાજ શ્રીશત્રુંજય (શે. આ. ક. ના સૌજન્યથી)


115 The City of Devmandir's—Tirthadhiraj Shree Shatrunjay (By Sheth A.K.)



૧૧૬ A જ્યાં દેવાધિદેવ શ્રીઆદીશ્વરના બેસણું છે, તે ગરવો ગિરિવર શ્રીશત્રુંજય (શે. આ. ક. ના સૌજન્યથી)
116-A The Holy Giriraj Shree Shatrunjay where Shree Devadhidev Adishwar. (By. Sheth A. K.)




૧૧૬ B દેવમંદિરોથી શોભાયમાન તીર્થાધિરાજ શ્રીશત્રુંજય (શે. આ. ક. ના સૌજન્યથી)
116-B Tirthadhiraj Shree Shantrunjay with Beautiful Devmandirs (Sheth A. K.)




૧૧૭ શ્રીશાંતિનાથજી, શત્રુંજય (સા. મ. નવાબના સૌજન્યથી)

117 Shree Shantinathjee, Shatrunjay (By. S. M. Navab)




૧૧૮ (સં. ૨૦૩૨) નૂતન જિનપ્રાસાદના મૂળનાયક ભગવાનૂ શ્રી ઋષભદેવ (શે. આ. ક.)
118 (S. V. 2032) - Mulnayak Bhagwan Shree Rushabhdev of Nutan Jinprasad.



૧૧૯ શ્રીસહસ્રકુટની એક બાજુ, શત્રુંજય, (સા. મ. નવાબના સૌજન્યથી)

119 One side of Shree Sahasrakut, Shree Shatrunjay (By S. M. Navab)



૧૨૦ ઉત્કૃષ્ટકાલે એકસોસિત્તેર જિન, સમવસરણ, ચૌદરાજલોક (સા. મ. નવાબના સૌજન્યથી)

120 One hundred Seventy Jin, Samavasaran, Fourteen Rajlok (By. S. M. Navab)

॥ શ્રી ॥

શ્રીશત્રુંજયગિરિરાજ દર્શન

ભાગ ૨

*શ્રી શત્રુંજય પર્વતસ્થ જિન મંદિર ગત શિલાપટ્ટ પ્રતિમા પાદુકાદિ પ્રશસ્તિ લેખઃ ॥

॥ સિ૦ (૧) દેરી નં. ૧ ॥

॥ૐ॥ સ્વસ્તિ શ્રીગુર્જર ધરિત્યાં પાતશાહ શ્રી મહિમૂદ પટ્ટપ્રભાકર પાતશાહ શ્રી મદાફરસાહ પટ્ટોદ્દ્યોત કારક પાતશાહ શ્રી શ્રી શ્રી શ્રી શ્રી આહદર વિજય રાજ્યે । સંવત્ ૧૫૮૭ વર્ષે રાજ્યવ્યાપાર ધુરંધર ખાન શ્રી મજાદ ખાન વ્યાપારે શ્રી શત્રુંજયગિરૌ શ્રી ચિત્રકૂટ વાસ્તવ્ય દો૦ કરમાકૃત સમોદ્ધાર સત્કા પ્રશસ્તિર્લિખ્યતે ॥

સ્વસ્તિ શ્રી સૌખ્યદો જિયાદ્ર યુગાદિ જિન નાયકઃ । કેવલ જ્ઞાન વિમલો વિમલા ચલ મણ્ડનઃ ॥ ૧ ॥ શ્રી મેદપાટે પ્રકટ પ્રભાવે, ભાવેન ભવ્યે ભુવન પ્રસિદ્ધે ॥ શ્રી ચિત્રકૂટો મુકુટોપમાનો, વિરાજ્યમાનોઽસ્તિ સમસ્ત લક્ષ્મ્યા ॥ ૨ ॥ સન્નન્દનો દ્રાતૃ સુર દ્રમશ્ચ, તુંગઃ સુવર્ણોઽપિ વિહાર સારઃ ॥ જિનેશ્વર સ્નાત્ર પવિત્ર ભૂમિઃ, શ્રી ચિત્રકૂટઃ સુર શૈલતુલ્યઃ ॥ ૩ ॥ વિશાલ સાલ ક્ષિતિ લોચનાભો, રમ્યો નૃણાં લોચન ચિત્રકારી ॥ વિચિત્રકૂટો ગિરિ ચિત્રકૂટો, લોકસ્તુ યત્રાખિલ કૂટ મુક્તઃ ॥ ૪ ॥ તત્ર શ્રી કુમ્ભ-રાજોઽભૂત્કુમ્ભોદ્ભવનિભો નૃપઃ ॥ વૈરિ વર્ગઃ સમુદ્રો હિ યેન પીતઃ ક્ષણાત્ ક્ષિતૌ ॥ ૫ ॥ (ત) ત્પુત્રો રાજમલ્લોઽભૂદ્રાજ્ઞાં મલ્લ ઇવોત્કરઃ ॥ સુતઃ સંગ્રામસિંહોઽસ્ય સંગ્રામવિજયી નૃપઃ ॥ ૬ ॥ તત્પટ્ટભૂષણમણિઃ, સિંહેન્દ્ર વત્પ્રરાક્રમી ॥ રત્નસિંહોઽધુના રાજા, રાજલક્ષ્મ્યા વિરાજતે ॥ ૭ ॥ દ્રુતશ્ચ ગોપાગ્રહ ગિરૌ ગરિષ્ઠઃ, શ્રી બપ્પભટ્ટી પ્રતિબોધિતશ્ચ ॥ શ્રી આમરાજોઽજનિ તસ્ય પત્ની, કાચિત્બભૂવ વ્યવહારિ પુત્રી ॥ ૮ ॥ તત્કુક્ષિજાતાઃ કિલ રાજ-કોષ્ઠા, ગારાગ્રહ ગોત્રે સુકૃતૈકપાત્રે ॥ શ્રી ઓસવંશે વિશદે વિશાલે, તસ્યાન્વયેઽમી પુરુષાઃ પ્રસિદ્ધાઃ ॥ ૯ ॥ શ્રી સરણદેવ નામા તત્પુત્રો, રામદેવ નામાઽભૂત્ ॥ લક્ષ્મીસિંહઃ પુત્રો (ત્રસ્) તત્પુત્રો ભુવનપાલાખ્યઃ ॥ ૧૦ ॥ શ્રી લોજરાજ પુત્રો ન....*...૨ સિંહાખ્ય એવ તત્પુત્રઃ ॥ ષેતાકસ્તત્પુત્રો, નરસિંહસ્તત્ સુતો જાતક જન્મે ॥ ૧૧ ॥ તત્પુત્રસ્તોલાખ્યઃ પત્ની

* સં. ૧૯૯૬માં પરમ તારક ધ્યાનસ્થ સ્વર્ગત ગુરુદેવ શ્રી આનંદ સાગર સૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી લિધેલા ગિરિરાજપરના લેખો, પ્રતિમા લેખો અને ધાતુપ્રતિમાના લેખોનો આમાં સંગ્રહ છે. સંપાદકના પોતાના લિધેલા લેખો છે. સિ૦ સિદ્ધગિરિરાજ ઉપરના શિલાલેખ.

તસ્યાઃ (સ્ય) પ્રભૂત ફૂલજાતા ॥ તારાદેડપર નામ્ની લીલૂ પુણ્યપ્રભા પૂર્ણા ॥ ૧૨ ॥ તત્કુક્ષિ સમુદ્રભૂતાઃ, ૫ [૬] પુત્રા (:) કલ્પપાદપાકારાઃ ॥ [ધર્મા] નુષ્ઠાનપરાઃ શ્રી વ (મ) ન્તઃ શ્રીકૃતોઽન્યેષામ્ ॥ ૧૩ ॥ પ્રથમો ૨ (ત્ના) ખ્ય સુતઃ, સમ્યક્ યોદ્યોત કારકઃ કામમ્ ॥ શ્રી ચિત્રકૂટ નગરે, પ્રાસાદઃ [કારિતો] યેન ॥ ૧૪ ॥ તસ્યાસ્તિ કોમલા કલ્પવલ્લીવ વિશદા સદા ॥ ભાર્યા રત્નમરા (!) દેવી પુત્ર [:] શ્રીરંગનામાઽસૌ ॥ ૧૫ ॥ ભ્રાતાઽન્યઃ પોમાખ્હઃ પતિભક્તા દાનશીલ ગુણયુક્તા ॥ પદ્મા-પાટમદેવ્યૌ પુત્રૌ માણિક્ય-હીરાખ્હૌ ॥ ૧૬ ॥ અંધુર્ગણુ સ્તૃતીય ભાર્યા ગુણરત્નરાશિ વિખ્યાતા ॥ ગૌરા-ગારવ દેવ્યૌ પુત્રો દેવાભિધો જ્ઞેયઃ ॥ ૧૭ ॥ તુર્યો દશરથ નામા ભાર્યા તસ્યાસ્તિ દેવગુરુભક્તા ॥ દેવલ- [દ્ધ] રમ-દેવ્યૌ પુત્રઃ કેલ્હાભિધો જ્ઞેયઃ ॥ ૧૮ ॥ ભ્રાતાન્યો લોખાખ્યઃ ભાર્યા તસ્યાસ્તિ સકલગુણ-યુક્તા ॥ ભાવલ-હર્ષમદેવ્યૌ પુત્રઃ શ્રી મણ્ડનો જીયાત્ ॥ ૧૯ ॥ સદા સદાચાર વિચાર ચારુ, ચાતુર્યધૈર્યાદિ ગુણૈઃ પ્રયુક્તઃ ॥ શ્રી કર્મરાજ્ઞે ભગિની ચ તેષામ્ જીયાત્સદા સૂહવિ નામ ધે (યા) ॥ ૨૦ ॥ કર્માખ્ય ભાર્યા પ્રથમ કપૂરદેવી પુનઃ કામલદે દ્વિતીયા ॥ શ્રી ભીષજીક સ્વકુલો દયાદ્રિ સૂર્યપ્રભઃ કામલદેવિ પુત્રઃ ॥ ૨૧ ॥ શ્રી તીર્થયાત્રા જિન બિમ્બ પૂજા-પદ પ્રતિષ્ઠાદિક ધર્મ ધુર્યાઃ ॥ સુપાત્ર દાનેન પવિત્ર ગાત્રાઃ સર્વેદશાઃ સત્પુરુષાઃ પ્રસિદ્ધાઃ ॥ ૨૨ ॥ શ્રી રત્નસિંહ રાજ્યે રાજ્ય વ્યાપાર ભાર ધૌરેયઃ ॥ શ્રી કર્મસિંહ દક્ષો મુખ્યો વ્યવહારિણાં મધ્યે ॥ ૨૩ ॥ શ્રી શત્રુંજ્ય માહાત્મ્યં શ્રત્વા સદ્ગુરુ સન્નિધૌ ॥ તસ્યોદ્ધારકૃતે ભાવઃ કર્મરાજસ્ય હૃદ્યભૂત્ ॥ ૨૪ ॥ આગત્ય ગૌર્જરે દેશે વિવેકેન નરા-યણે ॥ વસન્તિ વિબુધા લોકાઃ પુણ્યશ્લોકા ઈવાદ્ભૂતાઃ ॥ ૨૫ ॥ તત્રાસ્તિ શ્રીધરાધીશાઃ શ્રીમદ્ બાહદરો નૃપઃ ॥ તસ્ય પ્રાપ્ય સ્ફુરન્માનં પુણ્ડરીકે સમાયયૌ ॥ ૨૬ ॥ રાજ્ય વ્યાપાર ધૌરેયઃ ખાન શ્રીમાન્ મઝાદકઃ ॥ તસ્યગેહે મહામંત્રી આખ્યો નરસિંહકઃ ॥ ૨૭ ॥ તસ્ય સન્માનમુત્પ્રાપ્ય બહુવિત્ત વ્યયેન ચ ॥ ઉદ્ધારઃ સપ્તમસ્તેન ચક્રે શત્રુંજયે ગિરૌ ॥ ૨૮ ॥ શ્રી પાદલિપ્ત લલનાસર શુદ્ધદેશે, સદ્વાદ્ય મંગલ મનોહર ગીત નૃતૈઃ ॥ શ્રી કર્મરાજ સુધિયા જલયા નિકાયાં, ચક્રે મહોત્સવ વરઃ સુગુરૂપદેશાત્ ॥ ૨૯ ॥ ચંચચ્ચંગ મૃદંગ રંગ રચના ભેરી નફેરી રવાવીણા (વંશ) વિશુદ્ધતાલ વિભવા સાધર્મિ (વાત્સલ્ય) કમ્ ॥ વસ્ત્રાલંકૃતિ (હેમ) તુંગ તુરગાદીનાં ચ સ(દ્ધ)ર્ષણમેવં વિસ્તર પૂર્વકં ગિરિ વરે બિંબ પ્રતિષ્ઠાપનમ્ ॥ ૩૦ ॥ વિક્રમ સમયાતીતે તિથિમિત સંવત્સરેઽથ વસુવર્ષે ૧૫૮૭ ॥ શાકે જગત્ત્રિબાણે ૧૪૫૩ વૈશાખે કૃષ્ણ ષષ્ઠયાં ચ ॥ ૩૧ ॥ મિલિતાઃ સૂરય, સંઘા માર્ગણા મુનિ પુંગવાઃ ॥ વહમાને ધનુલગ્ને પ્રતિષ્ઠા કારિતા વરા ॥ ૩૨ ॥ લાવણ્ય સમયાખ્યેન પંડિતેન મહાત્મના ॥ સપ્તમોદ્ધાર સત્કા ચ પ્રશસ્તિઃ પ્રકટી કૃતા ॥ ૩૩ ॥ શ્રીમણા (હદર) ક્ષિતીશ વચનાદાગત્ય શત્રુંજયે । પ્રાસાદં વિધાપ્ય યેન વૃષભાઽર્હદ્ઇ

બિંબમારોપ્ય ચ ॥ ઉદ્ધારઃ કિલ સપ્તમઃ કલિયુગે ધનાદ્ભુત્સવાત્ । જીયાદેષ સદોશવંશ-મુકુટઃ શ્રી કર્મરાજશ્ચિરમ્ ॥ ૩૪ ॥ યત્કર્મરાજેન કૃતં સુકાર્યમન્યેન કેનાપિ કૃતં હિ તન્નો યન્મ્લેચ્છ રાજ્યે (ઽપિ નૃપા) જ્ઞૈવોદ્ધારઃ કૃતઃ સપ્તમ એષ યેન ॥ ૩૫ ॥ સત્પુ-ણ્ય કાર્યાણિ બહુનિ સંઘે । કુર્વન્તિ ભવ્યાઃ પરમત્ર કાલે ॥ કર્માભિધાન વ્યવહારિણૈ-વોદ્ધારઃ કૃતઃ શ્રીવિમલાદ્રિ શૃંગે ॥ ૩૬ ॥ શ્રી ચિત્રકૂટોદય શૈલ શૃંગે કર્માખ્ય ભાનોરુ-દયાન્વિતસ્ય ॥ શત્રુંજયે બિંબ વિહારકૃત્ય । કરાવલીયં સ્ફુરતીતિ ચિત્રમ્ ॥ ૩૭ ॥ શ્રી મેદપાટે વિષયે નિવાસિનઃ । શ્રી કર્મ રાજસ્ય ચ કીર્તિરુ(જ્જ્વલા) ॥ દેશેષ્વનેકેષ્વપિ (સંચરત્ય) હો । જ્યોત્સ્નેવ ચન્દ્રસ્ય નભોવિહારિણઃ ॥ ૩૮ ॥ દત્તં યેન પુરા ધનં બહુ સૂર ત્રાણાય તન્માનતો । યાત્રા યેન (નૃ)ણાં ચ સંઘપતિના શત્રુંજયે કારિતા ॥ સાધૂનાં સુગમૈવ સા ચ વિદિતા ચક્રે પ્રતિષ્ઠાઽર્હતા-મિત્થં વર્ણનમુપ્યતે કિયદહો ? શ્રી કર્મરાજ સ્ય તુ ॥ ૩૯ ॥ યેનોદ્ધારઃ શુભવતિ નગે કરિતઃ પુંડરીકે । સ્વાત્મોદ્ધારો વિશદ મતિના દુર્ગસ્તેન ચક્રે ? ॥ યેનાકારિ પ્રવરવિધિના તીર્થનાથ પ્રતિષ્ઠા । પ્રાપ્તસ્તેન ત્રિભુવનતલે સર્વદૈવ પ્રતિષ્ઠા ॥ ૪૦ ॥ સૌમ્યત્વેન નિશામણિર્દિને મણિસ્તીવ્ર પ્રતાપેન ચ ॥ વંશોદીપન કારણાદ્ગૃહમણિશ્ચિંતામણિર્દાનતઃ ॥ ધર્માચ્છ્રદ્ધ શિરોમણિર્મદવિષધ્વસ્તાન્મણિર્ભોગિનઃ । એકાનેક મયો ગુણૈર્વનવૈઃ શ્રી કર્મરાજઃ સુધીઃ ॥ ૪૧ ॥ તોલાસુતઃ સુતનયો વિનયો જજ્વલશ્ચ । લીલૂ સુકુક્ષિ નલિની શુચિ રાજહંસઃ ॥ સન્માનદાન વિદુરો મુનિ પુંગવાનાં । તદ્ વૃદ્ધ બાંધવયુતો નય કર્મરાજઃ ॥ ૪૨ ॥ કર્મો શ્રી કર્મ રાજેડયં કર્મણા કેન નિર્મમે ? ॥ તેષાં શુભાનિ કર્માણિ યૈર્દષ્ટઃ પુણ્યવાનસૌ ॥ ૪૩ ॥ આદીશઃ પુણ્ડરીકસ્તુ મરુદેવા કપર્દિરાટ્ ॥ શ્રાદ્ધ શ્રીકર્મરાજસ્ય સુપ્રસન્ના ભવન્ત્વમી ॥ ૪૪ ॥

શ્રીશત્રુંજય તીર્થોદ્ધારે કમઠ ચ સાનિધ્યકારક સા૦ જઈતા ભા૦ **બાઈચાંદુ** પુત્ર નાથા ભ્રાતૃ **કિના** ॥ અહમદાવાદ વાસ્તવ્ય સૂત્ર ધાર કોલા પુત્ર સૂત્રધાર વિરુવા સૂ૦ ભીમા કું૦ વેલા કું૦ વછા ॥ શ્રી ચિત્ર કૂટાદ્ગત સૂ૦ ટીલા સૂ૦ પોમા સૂ૦ ગાંગા સૂ૦ **ચોરા** સૂ૦ કોલા સૂત્ર૦ દેવા ॥ સૂ૦ નાકર સૂ૦ નાઈઆ સૂ૦ ગોવિંદ સૂ૦ વિણાયગ સૂ૦ ટીલા સૂ૦ વચ્છા સૂ૦ **સાણા** સૂ૦ કન્હા સૂત્ર૦ દેવદાસ સૂ૦ **વીકા** સૂ૦ ઠાકર.... સૂ૦ કાલા વા૦ વિણાયગ્ । ઠા૦ **વામ** ઠા૦ હીરા સૂ૦ દામોદર વા૦ હંશરાજ સૂ૦ **થાન** ॥

મંગલમાદિ દેવસ્ય મંગલં વિમલા ચલે । મંગલં સકલ સંઘસ્ય મંગલં લેખકસ્ય ચ ॥ પં૦ વિવેક ધીરગણિના લિખિતા અસ્તિ ॥ પૂજ્ય પં૦ સમરત્ન શિષ્ય પં૦ લાવણ્યસમયસ્ત્રિસંધ્યં શ્રી આદિદેવસ્ય પ્રણમતીતિ ભદ્રમ્ ॥ શ્રીઃ ॥ ઠા૦ હરપતિ ઠા૦ હાસા ઠા૦ મૂલા ઠા૦ કૃષ્ણા ઠા૦ કન્હા ઠા૦ હર્ષા સૂ૦ માધવ સૂ૦ વાદૂ ॥ લો સહજ ॥

॥ સિ૦ (૨) દેરા નં. ૫૧ ॥

ૐ ॥ ૐ નમઃ સંવત્ (૧૬) ૨૦ વર્ષે આષાઢ શુદિ ૨ રવૌ ગંધાર વાસ્તવ્ય । પ્રાગવંશ દોસી । શ્રી ગોઈઆ સુત દો તેજપાલ ભાર્યા બાઈ લાડકી સુત દો પચારણ ભ્રાતા દો । ભીમ દો । તોન દો । દેવરાજ પ્રમુખ (સ્વ)કુટુંબેન યતઃ । શ્રી મહાવીર દેવ કુલિકા । કારાપિતા હર્ષેણ । તપાગચ્છે વિબુધ શિરોમણિ શ્રી વિજય દાન સૂરિ શ્રી હીરવિજય સૂરિ પ્રસાદા (ત્) શુભં ભવતુ ॥ શ્રીઃ ॥ શ્રીઃ ॥ શ્રીઃ ॥

॥ સિ૦ (૩) દેરી-નં૦-૧૫૬ ॥

॥ ૐ ॥ સંવત્ ૧૬૨૦ વર્ષે કાર્તગ શુદિ ૨ દિને ગંધાર વાસ્તવ્ય શ્રીશ્રીમાલ જ્ઞાતીય સા । શ્રી પાસવીર ભાર્યા બાઈ સતુલ સુત સા । શ્રી વર્ધમાન ભાર્યા બાઈ વર્મલાદે અમરાદે સુત સા । શ્રીરામજીભાઈ સા । શ્રી લહુજી સા । હંસ(રા)જ સા । મનજી પ્રમુખ સ્વકુટુંબેન યુતઃ શ્રી શત્રુંજયોપરિ શ્રી શાંતીનાથ પ્રાસાદ । શુભં ભવતુ ॥

॥ સિ૦ (૪) દેરી-નં૦-૪૦ ॥

॥ ૐ ॥ ૐ નમઃ ॥ સંવત્ ૧૬૨૦ વર્ષે વૈશાખ શુદિ ૫ ગુરૌ । શ્રીગંધાર વાસ્તવ્ય પ્રાગવંશ જ્ઞાતીય । સંઘવી શ્રી જાવડા સુત સં૦ શ્રી (સીપા) ભાર્યા બાઈ ગવાસુનામ સુત । સં૦ । અડુજી । પ્રમુખ સ્વકુટુંબેન યુતઃ ॥ શ્રીપાર્શ્વનાથ દેવકુલિકા કારાપિતા । શ્રીતપાગચ્છે । શ્રીવિજયદાનસૂરિ૦ શ્રીહીરવિજયસૂરિ પ્રસાદાત્ । શુભં ભવતુ ।

॥ સિ૦ (૫) દેરી-નં૦-૩૯ ॥

॥ ૐ ॥ સંવત્ ૧૬૨૦ વર્ષે વૈશાખ શુદિ ૫ ગુરૌ । શ્રી અહમદાવાદ વાસ્તવ્ય ઓશવાલ જ્ઞાતીય મહં શ્રી વણાઈગ સુત મહં । શ્રી ગલા ભાર્યા બાઈ મંગાઈ સુત મહં । વીરદાસ સ્વકુટુંબેન યુતઃ શ્રી શેત્રંજયોપરિ શ્રી આદિનાથ દેવકુલિકા કારાપિતા ॥ શ્રી તપાગચ્છે શ્રી વિજયદાનસૂરિ શ્રી હીરવિજયસૂરિ પ્રસાદાત્ ॥ શુભં ભવતુ ॥

॥ સિ૦ (૬) દેરી-નં૦-૪૧ ॥

॥ ૐ ॥ સંવત્ ૧૬૨૦ વર્ષે વૈશાખ શુદિ ૨ દિને ગંધાર વાસ્તવ્ય પ્રાગવંશે વ્યે । શ્રી પરવત સુત વ્યે૦ । ફેકા સુ૦ વ્યે ॥ રણુઆ સ્વકુટુંબેન યુતઃ શ્રી શેત્રંજયોપરિ દેવકુલિકા કારાપિતા ॥ શ્રી તપાગચ્છે વિબુધશિરોમણિ શ્રી વિજયદાનસૂરિ પ્રસાદાત્ ॥ શ્રીઃ ॥

॥ સિ૦ (૭) દેરી-નં૦-૪૪ ॥

॥ ૐ ॥ ૐ નમઃ ॥ સંવત્ ૧૬૨૦ વર્ષે વૈશાખ શુદિ ૫ દિને ગંધાર વાસ્તવ્ય પ્રાગવાંશે જ્ઞાતીય વ્યે૦ । સમરીઆ ભાર્યા બાઈ । ભોલુ પુત્રી બાઈ **દેવગાઈ** । બાઈ કીબાઈ સ્વકુટુંબેન યુતઃ । શ્રી શાંતિનાથ દેવકુલિકા કારાપિતા । શ્રી તપાગચ્છે વિબુધ **શિરોમણિ** શ્રી વિજયદાનસૂરિ શ્રી હીરવિજયસૂરિ પ્રસાદાત્ ॥ શુભં ભવતુ ॥ શ્રી ॥

સિ૦ (૮) દેરી નં૦-૪૩

॥ ૐ ॥ ૐ નમઃ ॥ સંવત્ ૧૬૨૦ વર્ષે વૈશાખ શુદિ ૫ ગુરુદિને શ્રી ગંધાર વાસ્તવ્ય શ્રી શ્રીમાલી જ્ઞાતીય પરી । દેવા ભાર્યા બાઈ૦ કમલાઇ સુત પરી । પૂંધી । તથા ગૂજર જ્ઞાતીય દોસી શ્રી કર્ણ ભા૦ બાઈ અમરી સુત દોસી હંસરાજ ઉભયૌ । મીલને શ્રી શત્રુંજયોપરિ શ્રીઆદિનાથ દેવકુલિકા કારપિતા શ્રીતપાગચ્છે શ્રી વિજયદાન-સૂરિ પ્રસાદાત્ ॥

સિ૦ (૯) દેરી-નં૦-૨૦૦

॥ ૐ ॥ સંવત્ ૧૬૪૦ વર્ષે ફાગુણ શુદિ ૧૩ દિને ઠાકર કરમસી ભાર્જા બાઈ મલી ઠાકર દામા ભાર્જા બાઈ ચંડી ઠાકર માહ વ ઠાકર જસૂ ઠાકર ખીમ ઠાકર જસૂજી ભાર્જા બાઈ જીવાદે ઠાકર માહવ સુત તેજપાલ ભાર્જા બાઇ તેજલદે સંઘવી જસૂ સૂત તેજપાલ પ્રસાદ કરાપિતં ॥ શુભં ભવતુ ॥ દો નાકર શેઠના **વાણોત્ર** ડીસાવાલા ॥ ૦ ॥

॥ સિ૦ (૧૦) દેરી-નં૦-૨૯૮ ॥

॥ ૐ ॥ ૐ નમઃ ॥ શ્રેયસ્વી પ્રથમઃ પ્રભુઃ પ્રથિમભાગ્ નૈપુણ્ય પુણ્યાત્મનામરતુ સ્વસ્તિકરઃ સુખાબ્ધિમકરઃ શ્રી આદિદેવઃ શ્રે વઃ । પદ્મોલ્લાસકરઃ કરેરિવ રવિર્યોગ્નિ ક્રમાંભોરુહ-ન્યાસૈ ર્યસ્તિલકી બભૂવ ભગવાન્ શત્રુંજયોઽનેકશઃ ॥ ૧ ॥ શ્રીસિદ્ધાર્થ નરેશ વંશ સરસી જન્માબ્જિની વલ્લભઃ પાયાદ્ વઃ પરમ પ્રભાવ ભવનં શ્રી વર્ધમાનઃ પ્રભુઃ ॥ ઉત્પત્તિસ્થિતિ(સં)હૃતિ પ્રકૃતિ વાગ્ યદ્ગ ગૌર્જગત્પાવની સ્વર્વાપીવ મહાવૃતી પ્રણય ભૂરાસીદ્ રસોલ્લાસિની ॥ ૨ ॥ આસીદ્ વાસવ વૃંદ વંદિત પદ દ્વંદ્વઃ પદં સંપદાં । તત્પટ્ટાંબુધિ ચંદ્રમા ગણધરઃ શ્રીમાન્ સુધર્મ્મોભિધઃ ॥ યસ્યૌદાર્ય યુતા પ્રહૃષ્ટ સુમના અદ્યાપિ વિદ્યાવતી । ધત્તે સંતતિ રુન્નતિં ભગવતો વીર પ્રભોર્ગૌરિવ ॥ ૩ ॥ શ્રી સુસ્થિતઃ સુપ્રતિબુદ્ધ એતૌ સૂ હી અભૂતાં તદનુ ક્રમેણ ॥ ચાભ્યાં ગણોઽભૂદિહ કોટિકાખ્ય શ્ચંદ્રાર્ય મલ્યામિવ સુપ્રકાશઃ ॥ ૪ ॥ તત્રા ભૂદ્ વજ્રિણાં વંદ્યઃ શ્રી વજ્રર્ષિ ગણાધિપઃ ॥

ફોટો. નં. ૬૨ :—**અદબદજી શ્રીઆદિનાથ.** આતો સ્વયંભૂઆદિનાથ એમ પણ કહે છે. ૧૮ ફૂટ ઊંચી અને ૧૪॥ ફૂટ પહોળી આ મૂર્તિ ગિરિરાજના પથ્થરમાં કોતરેલી છે. તેની આંગી પૂજા જેઠ વદ ૧૧ના દિવસે થાય છે (લોકો ભીમ અગીયારસ બોલે છે). વિ. સં. ૧૬૮૬માં ધર્મદાસ શેઠે કરાવી હશે કે તે પૂર્વેની પણ હોય.

ફોટો. નં. ૬૩ :—અદબદજીશ્રીઆદિનાથ ભગવંતના મંદિરની કળાને બતાવતું મંદિર આ **અદબજીનું મંદિર છે.**

ફોટો. નં. ૬૪ :—ઉપર ચઢતાં **પ્રેમચંદ મોદીની ટૂંક** આવે છે, તેનો આ દરવાજો અને તેની ઉપરનો શિલાલેખ દેખાય છે.

ફોટો. નં. ૬૫ :—વિ. સં. ૧૮૫૩માં બંધાયેલું પ્રેમચંદ મોદીની ટૂંકનું **મુખ્ય મંદિર** બેઠા ઘાટવાળું છે. કોતરણી વિગેરે બધું સપ્રમાણ છે.

ફોટો. નં. ૬૬ :—પ્રેમચંદ મોદીની ટૂંકમાં આવેલું **ચન્દ્રપ્રભુનું** દહેરાસર છે. તે ઠબલ ચોકીયાળાવાળું છે. તે **સુરત વિગેરે વીસાનીમાઓ** બંધાવેલું છે.

ફોટો. નં. ૬૭ —રતનચંદ ઝવેરચંદ ઘોષના બંધાવેલા **સહસફણા પાર્શ્વનાથના** દહેરામાં સામ-સામા **સાસુ-વહુના ગોખલા** છે. આબુજીના દેરાણી-જેઠાણીના ગોખલાની વિશિષ્ટ કારીગરીની યાદી આ ગોખલા આપે છે.

ફોટો. નં. ૬૮ :—તેણી સામી બાજુએ તેવો જ ગોખલો છે, પણ કારીગરી કાંઈક અંશમાત્ર ઓછી હશે તે આ છે.

ફોટો. નં. ૬૯ :—રતનચંદ. ઝવેરચંદ ઘોષના બંધાવેલા સહસફણા પાર્શ્વનાથના દહેરાસરમાં પૂર્વે જણાવેલા ગોખલા છે. તેના મંડપમાં ગભારાને લાગીને થાંભલા છે. તેની એક પુતળીપર ખોટી શાળપુરનાર પાડોસણને વાંદરો વળગ્યો છે, મંડપતી આગળના બે થાંભલાપર પુતળીઓ છે, તેમાં એકને સાપ વળગ્યો છે ને એકને વિંછી વળગ્યો છે. તે ક્રમે ખોટી સાળપુરનાર તથા સાસુ વહુનો કજીઆનું કેવું ફળ આવે છે તે શિલ્પીએ પુતળીમાં કોરીને બતાવ્યું છે. તેની કમાનો તોરણો મનોહર છે. મંદિર આરસ પાષાણનું છે.

ફોટો. નં. ૭૦ :—સં. ૧૮૮૬માં પ્રતિષ્ઠા થયેલ અમદાવાદવાળા શેઠ હેમાભાઈ-એ બંધાવેલી ટૂંકના દરવાજાનો આ સીન છે. પુંડરીકજીના શિખરનો ઉપરનો ભાગ ધ્વજા સહિત આમાં દેખાય છે.

ફોટો. નં. ૭૧ :—શેઠ સાકરચંદ પ્રેમચંદ અમદાવાદવાળાએ સં. ૧૮૯૩માં બંધાવેલી **સાકર વસહિનો** એક બાજુનો દેખાવ છે. મુખ્ય મંદિરનું શિખર દેખાય છે. બાજુનો ઝરૂખો દેખાય છે. દેરીઓ ઉપરના શિખરો દેખાય છે. પીઠ પરની મનોહર કોરણીઓ દેખાય છે. અને તેમાં આવેલું એક મંદિર પણ દેખાય છે.

ફોટો. નં. ૭૨ :—**સાકર વસહિની** પાછલી બાજુમાં બહાર નીકળ્યા પછી

વૃક્ષની નજીકમાં આવેલી **શ્રીઅજિત શાંતિનાથ**ભગવાનની દેરીનો દેખાવ છે. એમ કહેવાય છે કે સામ સામી રહેલી અજિત અને શાંતિનાથ ભગવાનની દેરી હતી. જેમાં દર્શન કરતાં પીઠ પડતી હતી તેથી **નંદિષેણ ઋષિએ અજિતશાંતિ** સ્તવ રચીને સ્તવના કરી, તેથી આ દેરીઓ અધિષ્ઠાયકે એક લાઈનમાં કરી.

ફોટો. નં. ૭૩ :—છીપાવસહિની ટૂંકનો દરવાજો, દેરીઓ પરના શિખરો અને તેનું મૂળ શિખર દેખાય છે. દેરીઓના શિખરોની નીચે દિવાલપર કોતરેલું મનોહર કામ દેખાય છે. સં. ૧૭૯૧માં ભાવસારોએ બંધાવેલી આ ટૂક છે. છીપા (ભાવસાર). આ ટૂંક નાની હોવા છતાં અતિ નયનરમ્ય છે. ઇતિહાસકારો આને ચૌદમી સદીમાં થયેલી માને છે. ગિરિરાજ ચૈકીના મનોહર મંદિરોમાંનુ આ પણ એક છે એમ ગણે છે.

ફોટો. નં. ૭૪ :—**નંદીશ્વરદ્વીપ ઊર્ફે ઉજમબાઈનું** મંદિર. આમાં મેરૂના ફરતા ચાર દિશામાં તેર તેર ડુંગરો ઉપર ચૌમુખજી છે. એટલે નંદીશ્વરદ્વીપનું દેરાસર કહેવાય છે. એ મંદિરને ફરતી બધી બાજુએ જાળીઓ વડે કરીને બધું બંધ કરેલું છે. તેનો દેખાવ આમાં દેખાય છે. ઉપરનો ઘુમટ વિગેરે દેખાય છે. અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઈના આ ફોઈ થતાં હતાં, તેથી ઉજમફઈનું દેરાસર કહેવાય છે.

ફોટો. નં. ૭૫ :—નવટૂંકમાં અદબદજી આગળથી જોતાં **દાદાની ટૂકનો વિસ્તાર** આગળનો વિમળવસહિનો થોડો વિસ્તાર, બાલાભાઈની ટૂંકનો ખૂણો અને ડુંગર આમાં દેખાય છે.

ફોટો. નં. ૭૬ :—નવટૂંકની બીજી એક બાજુથી જોતાં **દાદાના દહેરાને** છોડીને **આગળનો ભાગ,** બાલાભાઈની ટૂંકનો ભાગ અને મોતીશાની ટૂંકની છાયા આમાં દેખાય છે.

ફોટો. નં. ૭૭ :—આ શ્રીસિમંધરસ્વામીના દેરાસરનો પાછળનો ભાગ છે, તેનો પાછળનો ગોખલો એની ઉપરનું જાળીયું વગેરે દેખાય છે. શિખરની પાછળની કોરણી પણ ઘાટવાળી દેખાય છે.

ફોટો. નં. ૭૮ :—અદબદજી આગળથી દેખાતી બાલાભાઈની આ સંપૂર્ણ ટૂંક છે અને ઊંચે જોતાં વિમળ વસહિ તરફનો થોડો ભાગ દેખાય છે. વચ્ચે થોડો ગિરિરાજ પણ દેખાય છે.

ફોટો. નં. ૭૯ :—પીરની દર્ગા પાસેથી જોતાં ઉપર દાદાની ટૂંક, વિમળવસહિ, શાંતિનાથનું દેરાસર દેખાય છે. તથા નવી ઓફીસ, ગેસ્ટ હાઉસ અને મોતીશાની ટૂંકનો અડધો ભાગ દેખાય છે. રામપોળ તરફની ઝાડીની રમ્યતા અને ત્રણ શિખરી દહેરાસર દેખાય છે.

ફોટો. નં. ૮૦ :—દાદાની ટૂંકે ઊભા રહીએ અને દૂરથી વિહંગાવલોકન કરીએ એટલે સવા સોમની ટૂંકનો કિલ્લો અને ચૌમુખજીના દેરાસરનું શિખર તથા એની પાછળનો એ ટૂંકનો ભાગ અને એની મનોહરતા દેખાય છે.

ફોટો. નં. ૮૧ :—**સવાસોમની** ટૂંકના મુખ્ય દહેરાસરના ફરતી દક્ષિણ પશ્ચિમના ખૂણાની દેરીઓ ઓટલા સહિત દેખાય છે. તેના કોરણીમય થાંભલાઓ અને તેની ઉપર એક એક થાંભલે ત્રણ ત્રણ નાટારંભ કરતી પૂતળીઓ એમ બધું દેખાય છે અને ઉપર ઘુમ્મટ જેવું દેખાય છે.

ફોટો. નં. ૮૨ :—**સવાસોમના** ચૌમુખજીના મંદિરના શિખરના ઉપલા માળથી ધ્વજાદંડ સુધીનો શિખરનો આ દેખાવ છે.

ફોટો. નં. ૮૩ :—ચૌમુખજીના દહેરાસરના ગભારાના એક ખૂણાનો અને તેની જોડેના મંડપના ખૂણાનો આ દેખાવ છે. તેમાં મંદિરમાં થરવાળીઓ વ્યવસ્થિત દેખાય છે અને આયુધ સાથેના દિકપાલો પણ મનોહર કોરણીવાળા દેખાય છે. એ રીતે એ દહેરાસરની મનોહર કોરણી પણ આમાં દેખાય છે.

ફોટો. નં. ૮૪ :—**સવાસોમની** ટૂંકના ચૌમુખજી ભગવાનના મંદિરના મૂળનાયક ભગવંત દેખાય છે અને બે બાજુના ભગવંતની છાયા દેખાય છે. ચૌમુખજી એટલે ચાર પ્રતિમાજી, પણ ફોટામાં તો એક દેખાય ને બે પ્રતિમાજીની બાજુ મનોહર દેખાય, આ રીતે આ ફોટો સવાસોમના તે મંદિરની વ્યવસ્થિતતા અને ચૌમુખજીની વ્યવસ્થિતતા દેખાડનારા છે.

ફોટો. નં. ૮૫ :—**ખરતવસહિના** રંગમંડપના મનોહર કોરણીવાળા કુંભા સહિતના આ મનોહર સ્થંભો છે.

ફોટો. નં. ૮૬ :—**નરશી નાથાનું** દહેરાસર, નવટૂંકમાં સંપ્રતિ મહારાજના દેહેરાસરથી આગળ જતાં મરૂદેવી માતાના દહેરાસર પછી આ દહેરાસર આવેલું છે, તેનો સંપૂર્ણ દેખાવ આમાં છે.

ફોટો. નં. ૮૭ :—**સંપ્રતિ મહારાજાના દહેરાસરનો** આગળનો ભાગ, જો કે આ દહેરાસરમાં સુધારા વધારા ઘણા જ થયા હશે, તેથી વર્તમાન સ્થિતિમાં આવું દેખાય છે, તેનો બાહારનો બધો ભાગ ઘણો જુનો નથી.

ફોટો. નં. ૮૮ :—સંપ્રતિ મહારાજાના દહેરાસરના **મુખ્ય ગભારાનું પીળા આરસનું શિલ્પશાસ્ત્રના** હિસાબવાળું કોરણીવાળું પુરાણું આ **બારશાખ** છે.

ફોટો. નં. ૮૯ :—નરશી કેશીવજીની ટૂંકના મૂળ દહેરાસરનો ચોપદાર સાથેના ચોકીયાળાવાળો અને કમાન સહિતનો આ દેખાવ છે.

ફોટો. નં. ૯૦ :—નરશી કેશવજીનું શિખરસરિતનું આખું દહેરાસર છે. વળી તેના મંડપની બે બાજુની આછી પાતળી કોરણી આમાં દેખાય છે.

ફોટો. નં. ૯૧ :—નવ ટૂંકમાં પ્રવેશ કરવાને માટે ચોકીયાળા સહિતનો જે નવો વિસામો બાંધ્યો છે, તે આમાં દેખાય છે. જ્યાં પેરેગીર કાયમ બેસે છે. જાત્રાળુનો વધારાનો સામાન ત્યાંથી સગાળપોળે પહોંચાડાય છે.

ફોટો. નં. ૯૨ :—નવટૂંકના દર્શન કરીને નવટૂંકની બારીએથી બહાર નીકળીએ ત્યારે જે ઉતરવાનો રસ્તો આવે, તે રસ્તો તથા હનુમાનધારા પછી સરખા પ્લોટનો રસ્તો આમાં દેખાય છે.

ફોટો. નં. ૯૩ :—છ ગાઉની પ્રદક્ષિણા ફરવા માટે રામપોળથી બહાર નીકળીએ એટલે ટેકરી ઉપર દેરી છે. તેમાં દેવકીના છ પુત્રોની ઊભી પ્રતિમા છે. તેને દેવકી ષટ્નંદન કહે છે. જરાસંધે દેવકીના સાત ગર્ભોના બાળકોને માગી લીધા હતા. કારણ કે સાતમા ગર્ભનો પુત્ર તેને મારનાર થવાનો હતો. તેથી પહેલાંના છ યે પુત્રો તેણે જીવતા ભૂંડ્યા હતા. તે છ ભાઈઓએ ક્રમે કરી દીક્ષા લીધી. બાદ એક દિવસ દ્વારિકામાં બળદેવની જોડીએ છએ ભાઈઓ દેવકીને ત્યાં ગોચરી ગયા, ત્યારે ત્રીજી જોડીને દેવકીએ પૂછતાં જાણ્યું કે છએ પુત્રો પોતાના છે અને પુત્રોને થયું કે જરાસંધના ભયથી આ બન્યું છે. તેથી તેમના વૈરાગ્યમાં વૃદ્ધિ થતાં, ગિરિરાજ ઉપર આવી અનશન કરી મોક્ષે ગયાં, તેમની આદે રી છે. યાત્રાળુઓ અહિં આવિ ચૈત્યવંદન કરી છ ગાઉની યાત્રાનો–ફા. સુ. ૧૩ની યાત્રાનો આરંભ કરે છે.

ફોટો. નં. ૯૪ :—છ ગાઉની જાત્રામાં આગળ જતાં ઉલ્બા જળ આવે છે, ત્યાં બાડામાં દાદાનું ન્હવણ આવે છે એમ મનાય છે. તેની પૂજ્યતા માટે અહિં દેરી બાંધેલી છે. દેરીમાં પગલાં છે તેનાં દર્શન કરી યાત્રાળુઓ ચૈત્યવંદન કરે છે.

ફોટો. નં. ૯૫ :—ઉલ્બા જળની દેરીએ ચૈત્યવંદન કરતા સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા અને આગળ ચાલતો સંઘ આમાં દેખાય છે.

ફોટો. નં. ૯૬ :—છ ગાઉની પ્રદક્ષિણાના કઠિણ માર્ગથી આગળ જતાં ચિલ્લણ તળાવડી આવે છે. ત્યાંથી દાદાની ટૂંક વિગેરે કેવાં દેખાય છે તેનો આ દેખાવ છે.

ફોટો. નં. ૯૭ શ્રીઅજિતનાથજી અને શાંતિનાથ ભગવાન ગિરિરાજ ઉપર ચાતુ-

મોંસ રહેલા, તેની યાદમાં **આ દેરીઓ બાંધેલી છે.** છ ગાઉની પ્રદક્ષિણામાં ચાલતાં ચાલતાં આગળ જઈએ ત્યારે આ આવે. તેની બાજુમાં ચિલ્લણ તળાવડી આવેલી છે. અહીંયાં આવતા જતા યાત્રાળુઓ દેખાય છે. યાત્રાળુઓ ત્યાં ભાવપૂર્વક ચૈત્યવંદન કરે છે. વળી ગિરિરાજના એક ભાગનો દેખાવ પણ છે.

ફોટો. નં. ૯૮ :—ચિલ્લણ તળાવડી–ભરત મહારાજા સંઘ લઈને આવ્યા અને અહીં આવતાં પાણી ન મળતાં સંઘ આકુળ વ્યાકુળ થઈ ગયો. આથી ચિલ્લણ મુનિએ પોતાના પ્રતાપે ત્યાં પાણી કાઢયું. પછી સંઘ સ્વસ્થ થયો. આથી આ સ્થાનને તેની આદગિરિમાં ચિલ્લણ તલાવડી કહે છે. અહીંયાં યાત્રાળુઓ ગિરિરાજની આરાધના માટે નવ લોગસ્સ વગેરેનો કાઉસ્સગ્ગ કરે છે. તે કાઉસ્સગ્ગ કોઈ બેઠા, કોઈ ઊભા અને કોઈ સૂતા કરે છે. અને તે પાણીનો સ્પર્શ કરે છે. તે દેખાવ અહીંયાં છે. તેમ જ જતા આવતા યાત્રાળુઓ તથા યાત્રાળુઓની પ્રતિબિંબ પાણીમાં પડલાં દેખાય છે.

ફોટો. નં. ૯૯ :—શાંબ અને પ્રદ્યમ્નની દેરી–તે બન્ને કૃષ્ણ વાસુદેવના પુત્રો હતા. નેમનાથ ભગવાનનો ઉપદેશ સાંભળી સંયમ અંગીકાર કર્યું. ક્રમે સાડાઆઠ કોડ મુનિરાજ સાથે ગિરિરાજ ઉપર આવી આરાધના કરી ફાગણ સુદ ૧૩ના દિવસે મોક્ષે ગયા. તે જણાવનાર આ સ્થાન છે. આને ભાડવાનો ડુંગર કહે છે. યાત્રાળુઓ અહીં ચૈત્યવંદન કરે છે. દેરી અને યાત્રાળુઓ દેખાય છે. (અહીં સુધી ચઢાણ હોય છે પછી ઉતરવાનું શરૂ થાય છે.)

ફોટો. નં. ૧૦૦ :—ભાડવાના ડુંગર ઉપર કેવી રીતે ચઢાય ને ઉતરાય તે અહીં દેખાય છે. અહીથી દાદાના શિખરની ઊંચી ટોચ દેખાય છે.

ફોટો. નં. ૧૦૧ :—ભાડવાના ડુંગરનો દેખાવ અને યાત્રાળુઓ સાચવીને કેવી રીતે ઉતરે છે તે દેખાય છે.

ફોટો. નં. ૧૦૨ :—સિદ્ધવડની દેરી–ભાડવાનો ડુંગર ઉતર્યા પછી ડુંગરની નજીક દેરી આવે છે. તે ગિરિરાજ પર સિદ્ધ થયાની યાદગીરીમાં છે. આ ચિત્રમાં દેરી અને યાત્રાળુઓ ચૈત્યવંદન કરતાં દેખાય છે.

ફોટો. નં. ૧૦૩ :—છ ગાઉની યાત્રા કરીને નાંખેલા પડાવમાં યાત્રાળુઓ આવેલા દેખાય છે. તેમજ પડાવનો થોડો સીન છે.

ફોટો. નં. ૧૦૪ :—પડાવમાં તંબુ, રાવટી, પાલ ઠોકેલા દેખાય છે. પડાવમાં

તે તે ભાગ્યશાળીઓએ ભક્તિ કરવા માટે જે જે સ્થાન બાંધ્યા છે તેના ઓર્ડ છે, અને યાત્રાળુઓ પણ દેખાય છે.

ફોટો. નં. ૧૦૫ :—સં. ૨૦૨૬માં સંપાદકે જ્યારે આ ફોટા લેવડાવ્યા ત્યારે તંબુની પાસે મુનિ મહારાજાઓને ઊભા રાખીને લેવડાવેલો આ ફોટો છે.

ફોટો. નં. ૧૦૬ :—પડાવથી થોડા આગળ ચાલીને થોડું ઉપર ચઢીએ એટલે આદીશ્વર ભગવંતના પગલાની ઘેટી પાયગાની દેરી આવે છે. ગિરિરાજ ઉપરથી ઘેટીના પગલાની યાત્રા કરવા આવનારા અહીંયાં ચૈત્યવંદન કરે છે. ખરે ખરતો ગિરિરાજ પરથી જ યાત્રાળુઓ યાત્રા કરવા અત્રે આવે છે.

ફોટો. નં. ૧૦૭ :—ઘેટીના પગલાની બાજુમાં સિદ્ધાચળ શણગારની નવી ટૂંક બંધાયેલી છે. તેનો એક બાજુનો દેખાવ છે. (પ્રતિષ્ઠા થયા પૂર્વેનો આ ફોટો છે) એની બાજુમાં બીજા પણ એક દેરાસરનો દેખાવ છે.

ફોટો. નં. ૧૦૮ :—૧૦૭ નંબરના ફોટાની ઊલટી દિશાનો સિદ્ધાચલ શણગાર ટૂંકનો આ બીજો ફોટો છે. તે ઘેટીની દેરી પાંસે છે. (આ નવા જમાનાની નવી રીત ગણીએ તો ખોટું નથી.)

ફોટો. નં. ૧૦૯ :—સાકરશાહની ટૂંકની પાછલી બાજુ **મોલ્લહાવસહી** નામનું શ્રેયાંસનાથ ભગવંતનું (તપાસતાં એમ લાગે છે કે વાસુપૂજ્ય ભગવાનનું) સં. ૧૨૭૭માં બંધાવેલું મંદિર છે. તેના મંડપનું કોતરણીવાળું આ દ્વાર દેખાય છે. આગળ ચોકીયાળાના થાંભલાને કોતરીને પૂતળીઓથી અને તોરણથી શણગારાયેલું દેખાય છે. મંડપને ફરતી પણ કોરણી છે.

ફોટો. નં. ૧૧૦ :—ચૌમુખજીની ટૂંકનો પાછલી બાજુએથી લીધેલો આ ફોટો છે. વચ્ચે ચૌમુખજીનું દેરાસર દેખાય છે. જમણી બાજુએ એક દેરાસરનો થાંભલા વિગેરે સાથેનો સીન છે. ડાબી બાજુએ એક દેરાસરનો પાછલો ભાગ દેખાય છે.

ફોટો. નં. ૧૧૧ :—નેમનાથની ચોરીમાં પેસતાં જે ઘુમ્મટ આવે તે ઘુમ્મટની કોરણી આમાં છે. ઘુમ્મટની નીચલી થરવાળીમાં ભગવંતના જીવનચરિત્રનો દેખાવ કોરેલો છે. નીચે એક ગોખલામાં ભગવંત છે. જમણી બાજુએ એક દ્વારના પાટ ઉપર કોરેલું સમવસરણ દેખાય છે અને ઝુલતી પૂતળીઓ પણ દેખાય છે.

ફોટો. નં. ૧૧૨ :—ઉત્તર તરફથી જોતા ગિરિરાજ ઉપરના મંદિરો કેવાં દેખાય છે તેની આછી રૂપરેખા આમાં છે. ઘણે દૂરથી લીધેલો આ ફોટો છે.

ફોટો. નં. ૧૧૩ :—શત્રુંજય ગિરિરાજ ઉપર જે જે મંદિરો છે, તે બધાને બતાવતો આ ગ્રાઉન્ડ પ્લાન છે. આ પ્લાન તા. ૧૮-૧૨-૧૯૪૪માં થયો છે. એટલે તેમાં **નવી ટૂંક** આવેલી નથી. વર્તમાનમાં આ બધાય મંદિરોને ફરતો આખોય કોટ છે.

ફોટો. નં. ૧૧૪ :—ઋષભદેવ ભગવાનના પુત્ર દ્રવિડના પુત્ર દ્રાવિડ અને વારી-ખિલ્લ હતા. તેને ઉપદેશ આપીને તાપસ બનાવ્યા. અને તે પછી ગિરિરાજની જાત્રાએ જતા મુનિરાજને મળ્યા અને સાધુ થયા. પછી ગિરિરાજ ઉપર આવ્યા. અણસણ કર્યું, અને **કાર્તિક સુદી પુનમના દિવસે મોક્ષે** ગયા. તે બતાવનારી **દ્રાવિડ વારીખીલ્લની આ દેરી** છે. આની સાથે સાથે ગિરિરાજ પણ દેખાય છે. વળી ચૌમુખજીનું દેરાસર પણ દેખાય છે. એક ખૂણા પર અંગારશા પીરની દરગાહનો પણ દેખાવ દેખાય છે.

ફોટો. નં. ૧૧૫ :—ગિરિરાજ ઉપર દેરાઓના ઉપરનો ભાગ કેવો મનોહર દેખાય છે. તે **દેવ મંદિરોની નગરી** જેવું દેખાય છે. તેમાં મધ્યે ટોચે દાદાનું શિખર દેખાય છે. મોતીશાની ટુંકથી માંડીને દાદાના શિખર સુધીનો બધો ભાગ દેખાય છે.

ફોટો. નં. ૧૧૬ :—A યુગાધિદેવ આદીશ્વર ભગવંત જે ગિરિરાજ પર પધાર્યા હતા. તે ગિરિરાજનો અંગારશા પીરની દરગાહથી સવાસોમજીની-ચૌમુખજીની ટુંક સુધીનો ભાગ દેખાય છે.

ફોટો. નં. ૧૧૬ :—B હનુમાન ધારાની નીચે થોડે દૂરથી ગિરિરાજ કેવો દેખાય છે, તથા નવટૂંક તરફનો દેખાવ કેવો દેખાય છે તે આમાં બતાવે છે.

ફોટો. નં. ૧૧૭ :—વાઘણ પોળમાં પેસતાં ડાબી બાજુ શાંતિનાથનું દેરાસર આવે છે. ત્યાં બીજું ચૈત્યવંદન થાય છે. અત્રે મૂળ નાયક **શ્રીશાંતિનાથ ભગવાન પરિકર** સાથે દેખાય છે. એમની પ્રતિષ્ઠા ૧૮૬૦માં થઇ છે.

ફોટો. નં. ૧૧૮ :—ગિરિરાજ ઉપર રતન પોળમાંથી જે બધા ૫૦૦ પ્રતિમા ઉત્થાપન કર્યાં, તેને સ્થાપન કરવાને માટે જે નવી ટૂંક બાંધી કે જેની પ્રતિષ્ઠા ૨૦૩૨માં થઈ છે. તેના **મૂળ નાયક જે શ્રીઅદિનાથ ભગવંત છે તે આ છે.**

ફોટો. નં. ૧૧૯ :—રતનપોળની અંદર **સહસ્રકૂટનું** વર્ણન આપી ગયા છે. તેવો સહસ્રકૂટ પાંચ પાંડવોની પાછળ જે આવ્યો છે, તેના આ એક ભાગનો દેખાવ છે.

ફોટો. નં. ૧૨૦ :—નેમનાથની ચોરીની એક દિવાલે ઉત્કૃષ્ટ કાળની અંદર એટલે ચોથા આરામાં ૧૭૦ તીર્થંકરો-૫ ભરત, પાંચ ઐરવત એટલે ૧૦ અને ૫×૩૨=૧૬૦ વિજયમાં ૧૬૦ થઈને **૧૭૦ તિર્થંકરો હોય,** તે આમાં દેખાય છે. આના ઉપરના ભાગમાં જમણી બાજુએ **સમાવસરણ** કોતરેલું છે. અને ડાબી બાજુએ **ચૌદ રાજલોક** કોતરેલ છે.

ફોટા તો પાંચસો લઈએ તોએ મન ન ધરાય પણ સંજોગને આધિન રહેવું પડે.A

★

A ભારતની સ્થાપત્ય અને ચિત્રકળાને જોવા આવતા પરદેશી ટુરીસ્ટોને, ભારતનાં તે તે સ્થાનોની સંપૂર્ણ માહીતિ આપવા, તે તે સ્થાનમાં નજીકમાં રહેનારા તેવા માહીતગારોને ભારત સરકારે નીમ્યા છે. તેવી રીતે આ શત્રુંજય ગિરિરાજ પરના સ્થાપત્ય આદિને બતાવવા અને તેની સારી સમજણ આપીને સારી રીતે સમજાવવા અત્રે કાકુભાઈ નહાસિંગ ભમભટ્ટને નીમેલા છે. જ્યારે જ્યારે પરદેશી ટુરીસ્ટો આવવાના હોય ત્યારે તેમને સમાચાર અગાઉથી આપવામાં આવે છે. આથી તેઓ તે સમયે હાજર રહે છે, અને પરદેશી ટુરીસ્ટો સાથે ઉપર જાય છે. અને ગિરિરાજ પરની સ્થાપત્ય કલા આદિની સંપૂર્ણ માહીતિ આપે છે. પરદેશના આવેલા ટુરીસ્ટો તે જાણીને સંતોષ પામે છે. હું તો એમ માનું કે આવા ઉચ્ચ સ્થાન પર આટલા મંદિરો, આટલી મૂર્તિઓ ને આટલી સ્થાપત્ય કલા જોઈને તેઓ ઊંડા વિચારમાં જ ઉતરી જતા હશે. જો હું ન ભુલતો હોઉં તો આખા ભારતમાં આટલા ઉંચા સ્થાને સર્વ દર્શનનાં મલીને આટલાં બધા મંદિરો આ રીતનાં એક જગો પર હશે કે કેમ તે એક પ્રશ્ન જ છે!

પ્રકરણ ૩ જું

કાંઈક કહેવું છે

1. વિ. સં. ૨૦૨૬માં મેં શ્રીગિરિરાજના ૮૫ ફોટા મુનિશ્રીપ્રમોદસાગરને સાથે મોકલીને શે. આ. ક.ની પરમીટ સાથે ફોટોગ્રાફર પાસે લેવરાવ્યા હતા. તે એમને એમ પડ્યા હતા. મારી પહેલાં એટલે ઇ. સ. ૧૯૬૯માં જેમ્સ બર્ગેન્સે અંગ્રેજીમાં ગિરિરાજના ૪૫ ફોટાપૂર્વક 'શત્રુંજય' નામની બુક બહાર પાડી હતી. તેની રીપ્રીન્ટ ગુજરાત ગવર્નમેંટે ઇ. સ. ૧૯૭૬માં કરી. વળી કલકત્તાથી ઈંગ્લીસમાં નીકળતા જૈન જનરલ ત્રિમાસિકમાં તે આખું છાપ્યું અને જેમ્સ બર્ગેન્સનો આભાર પણ માન્યો. આ બધું જોતાં મને આ ફોટાઓ પ્રગટ કરવાની ભાવના થઈ. આથી **શ્રીશત્રુંજય ગિરિરાજ દર્શન** પુસ્તકની ઉત્પત્તિ થઈ.

2. આજથી સો વર્ષ પૂર્વે જેમ્સ બર્ગેન્સને આ ફોટાઓ પાડવામાં કેટલી મહેનત ઉઠાવવી પડી હશે, તે તો કલ્પી શકાય તેવી નથી. તે પુસ્તક લખવા માટે તે સમયે તેમને શ્વેતામ્બર, દિગંબર, સ્થાનકવાસી, તપગચ્છવાળા, ખરતરગચ્છવાળા વગેરે જૈન ધર્મના કેટલાએ અભ્યાસીઓનો પરિચય કરવો પડ્યો હશે, તેમ તે પુસ્તક પરથી દેખાય છે. તેની સાથે તે પુસ્તકનો અભ્યાસ કરતાં જણાય છે કે–તે વખતે તેમને ખરતરગચ્છવાળાનો સારો પરિચય થયો હશે. આથી તેમના લખાણમાં ખરતરગચ્છ તરફ ઢળતી કેટલીએ વાતો આવી છે. જેમ 'તપગચ્છવાળાએ ખરતરગચ્છના કરેલાં સ્થાનો નષ્ટ કર્યાં' એવું લખવું પડ્યું છે. ખરેખર જો વિચાર કરવા બેસીએ તો તપગચ્છવાળાએ આવી રીતે ધર્મસ્થાનકો તોડવાને માટે કદીએ ઉદ્યમ કર્યો જ નથી. જેમ્સ બર્ગેન્સ જૈનના પારિભાષિક શબ્દના જ્ઞાનમાં ઓછા હોવા છતાં તેમને તે સમજવાનો સારો ઉદ્યમ કર્યો છે, તેમ માનવું જ પડે. તેમનો તે ઉદ્યમ પ્રશંસનીય છે જ.

3. પોતાને સાહિત્યકાર અને ઇતિહાસવિદ્ (ઐતિહાસિક) માનનાર એક મુનિશ્રી પણ તેમના (જેમ્સ બર્ગેન્સના) લખાણને જાણે મગજમાં ઉતાર્યું હોય, તેમ તેવી જ વાત તેમના સંપાદિત પુસ્તકમાં લખે છે. અને ત્યાં સુધી લખે છે કે 'ગચ્છના ભેદના લીધે તપગચ્છવાળાએ ખરતરગચ્છવાળાના સ્થાપત્યનો નાશ કર્યો છે.' જો કે અત્યારે તો તે મુનિ વિદ્યમાન નથી, પણ તેમને લખેલી તે વાત ખરેખર ભુલ ભરેલી છે. તપગચ્છના અનુયાયીઓએ તે રીતે તોડવાનો ઉદ્યમ કર્યો જ નથી.

4. એક પુસ્તકમાં તે શ્રીમાન એમ લખે છે કે 'શ્રીગિરિરાજ પરનું જુનું સ્થાપત્ય કેમ જાળવી રાખ્યું નહિ.' આ વાતને વિચારવા બેસીએ તો—જુના સ્થાપત્યનો નાશ થતો અટકાવવાનો પ્રયાસ (સાચવવાનો પ્રયાસ) બ્રીટીશ ગવર્નમેન્ટના સંપૂર્ણ સ્થિર થયા પછીનો છે. તે પૂર્વે તેને સંધરી રાખવાની પ્રવૃત્તિ હતી જ નહિ. એટલે તે પ્રશ્નને અવકાશ જ નથી.

5. જુના સ્થાપત્યના સંગ્રહમાં વિચાર કરવા બેસીએ તો જ્યારે જ્યારે ગિરિરાજ પર તોડફોડ જીર્ણતા થઈ ત્યારે નવું કરવાનો અવસર આવ્યો. ત્યારે તે બધાને કયાં સંધરવું ને કયાં રાખવું એ બહુ મોટો વિષમ વિષય આવ્યો હશે. એટલે નવું થતું ગયું ને તૂટેલું ફૂટેલું નીચે ડબાતું ગયું. જેમ વર્તમાનમાં ગોધરામાં હજારો ઘરો બળી ગયાં. જ્યારે તે નવાં મકાનો બંધાતાં ગયાં ત્યારે જુની પુરણી નીચે ડબાતી ગઇ ને ઉપર નવું બાંધકામ થયું. વળી ત્યાં બે મંદિરો બાંધતાં પાયો ખોદતાં નીચે ૧૫ ફૂટે બળેલો પાટલો નીકળ્યો. આથી એ વાત માનવી જ પડે કે જુનું ડબાતું જાય ને ઉપર નવું બંધાતું જાય. તેમ આ જિર્ણોદ્ધાર થયા અને જુનું તૂટેલું નીચે દબાતું ગયું.

6. વર્તમાનમાં ગિરિરાજ પર દરવાજા વગેરે નવા કરવા માટે જુનું બાંધકામ તોડતાં જુનું તૂટેલું ફૂટેલું કેટલુંએ નીકળ્યું. તેમાં વસ્તુપાલ તેજપાલના શિલાલેખો નીકળ્યા. તે નવા દરવાજા બાંધતાં વાઘણપોળના દરવાજે અત્યારે લગાવેલા છે. તે બે શિલાલેખોને આ પુસ્તકમાં શિલાલેખ સંગ્રહમાં લીધા છે.

7. આચાર્યશ્રીધનેશ્વરસૂરીશ્વરજી મ.ના રચેલા શ્રીશત્રુંજયમાહાત્મ્યથી પૂર્વે રચેલો હાલમાં કોઈ આપણી નજરે પડતો ગ્રંથ નથી. તેઓ ગમે તે સદિના હોય પણ તેમના પૂર્વે રચેલો બીજો કોઈ ગ્રન્થ હાલમાં દેખાતો નથી. તેમાં સત્તર ઉદ્ધારનો જે ક્રમ બતાવ્યો છે, તે જ અત્યારે ગણીએ છીએ. તેમાં જોતાં સમરાશાનો ઉદ્ધાર પંદરમો અને કરમાશાનો ૧૬મો એમ ગણતરી ગણાય છે. સં. ૧૭૭૫માં શ્રીજિનહર્ષ પ્રણિત શ્રીશત્રુંજય તીર્થયાત્રામાં પણ તે જ પ્રમાણે ઉલ્લેખ આવે છે. સં. ૧૬૮૬માં સમયસુંદરસૂરિનો રચેલો શ્રીશત્રુંજયતીર્થોદ્ધાર રાસમાં પણ તે જ ક્રમ બતાવ્યો છે. વળી સં. ૧૬૨૮માં રચેલા શ્રીનયસુંદરના શ્રીશત્રુંજય ઉદ્ધાર રાસમાં પણ તેમજ લખાણ છે.

8. સં. ૧૮૮૪ પંડિત વીરવિજયજી કૃત નવ્વાણું પ્રકારી પૂજામાં પણ આ જ સમર્થન કરેલું છે. તેવી રીતે સં. ૧૮૫૧માં શ્રીપદ્મવિજયજી કૃત નવ્વાણું અભિષેક પૂજામાં પણ તેમજ જણાવે છે. શ્રીજિનવિજયજી સંપાદિત પંડિત વિવેકધીરગણિના સંવત ૧૫૮૭ વૈ. વ. ૭ના રચેલા શ્રીશત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધમાં શરૂઆતના ત્રીજા ચોથા પદ્યમાં પણ તે જ વાતનો અતિદેશ કર્યો છે.

9. સ. ૧૩૯૩માં આ૦ ઇકસૂરિ વિરચિત શ્રીનાભિનંદનજિણોદ્ધારપ્રબંધમાં તે ક્રમ બદલીને પહેલો ઉદ્ધાર ભરત ચક્રવર્તીનો, બીજો સગરચક્રીનો, ત્રીજો પાંડવોનો, ચોથો જાવડશાનો, પાંચમો વાગભટ્ટ મંત્રીનો, છઠ્ઠો સમરાશાનો ઉદ્ધાર લીધો છે, અને શ્રીઇકસૂરિની પરંપરાવાળા હસ્તક કરમશાનો ઉદ્ધાર થયો છે એટલે તેમની પરંપરાવાળાએ કરમશાના ઉદ્ધારને સાતમો ઉદ્ધાર ગણાવ્યો છે. મને મળેલાં પ્રમાણ પ્રમાણે તો કરમશાના ઉદ્ધારને ૧૬મો જ ગણવો તે જ વ્યાજબી છે. ખરતરગચ્છના શ્રીજિનપ્રભસૂરિ રચિત સંસ્કૃત શ્રીશત્રુંજય કલ્પ મારા જોવામાં આવ્યો પણ તેમાં કેટલામો તે વાતની ચર્ચા નથી.

10. શાસનસમ્રાટ આચાર્યશ્રીવિજયનેમિસૂરીશ્વરજી મ. તથા ધ્યાનસ્થસ્વર્ગત આ. શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મ. ધનવસહીમાં જતા ન હતા. તેનાં કારણો હતાં. તેમાંનાં કેટલાંક અત્રે દેખાડું છું. બ્રીટીશ ગવર્નમેન્ટ હસ્તક પાલીતાણા દરબાર સાથે નક્કી થયું હતું કે, 'ગઢની બહાર જો શ્રાવકોને મંદિર બંધાવવું હોય તો જમીન એક વારે રૂા. ૧૫ મુજબ લઈને ઠાકોરે આપવી.A' આ ઠરાવને આધારે જગ્યા ન લેતાં વધારે પૈસા આપીને જગ્યા લીધી ૧, વળી તેમને ગિરિરાજ ચઢતાં જ ધનવસહી બાંધી એટલે તેમાં રહેનારાને આડો, પેસાબ ગિરિરાજ પર જ કરવાનો આવે આ પણ એક કારણ, કારણ કે ગિરિરાજની અશાતના થાય ૨, ધનવસહીના રંગમંડપમાં લોખંડના ઘડરોનો જ ઉપયોગ કર્યો છે. લોખંડના આ રીતે ઘડરો વાપરવા તે શાસ્ત્ર અને શિલ્પ સંમત્ત નથી ૩. આ વાતોનો વિરોધ કરવા તેઓ તે મંદિરમાં જતા ન હતા. બીજું પણ એક મહત્ત્વનું કારણ છે તે તો ઇબરૂ સમજવા માગતા હોય તેને સમજાવાય.

11. મંદિરો પત્થર વિગેરેનાં બંધાય છે. તેને ગિરિરાજ પર પવન, પાણી વગેરેની વધારે અસર થાય. વળી એક પત્થરને બીજા પત્થરના જોડાણમાં સાંધો દેખાય, આથી શિલ્પીઓ તેની ઉપર જાડો પાતળો ડુંગો કરતા ને વર્તમાનમાં પણ કરે જ છે. (એકલા આરસનું હોય તો તે કરતા નથી.) તેવા તેવા સંજોગને આધીન નવા કે જુના પર વધારે પણ ચુનો વગેરે ચઢાવીને તેનું રક્ષણ કરતા. જ્યાં જ્યાં મંદિરો જોશો ત્યાં ત્યાં તે વાત જોવા મળશે. વળી બાહડ મંત્રીના ઉદ્ધારમાં કહે છે કે મંદિર બંધાઈ ગયું એમ કહેનારને ૩૨ સોનાની જીભ આપી, જ્યારે તેમાં ફાટ પડી છે એવા સમાચાર લાવનારને ૬૪ સોનાની જીભ આપી. લોકોને આ રીતથી આશ્ચર્ય થયું. ત્યારે મંત્રીએ સમજાવ્યું કે મારા જીવતા ફાટ પડવાના સમાચાર લાવ્યો, તો હું અત્યારે તેનો સુધારો કરી શકીશ, પણ મારા ગયા પછી આ સમાચાર આવ્યા હોત તો સુધારો કોણ કરાવતે. આથી

A જુઓ શત્રુંજય પ્રકાશ અને જૈન વિરુદ્ધ પાલીતાણા પુસ્તક પૃષ્ઠ ૪૫.

મંદિરના રક્ષણ માટે શીલ્પીઓને પુછતાં તેમને જણાવ્યું કે આવા મોટા પ્રાસાદને ભ્રમ-ભમતી નાખવી જોઇએ. જો આમાં ભ્રમ નાખવામાં ન આવે તો મંદિરકારક સંતાન વગરનો રહે, પરંપરા વગરનો રહે. ત્યારે મંત્રી પરંપરાની વાત પડતી મુકીને ભ્રમ પુરાવ્યો. આથી એ કહેવાનું કે આવી રીતે રક્ષણના માટે ઉપાયો કરવા જ પડે. વળી મુસલીમ યુગમાં મંદિરોને થયેલાં નુકશાનો સુધારીને મંદિરની શોભા રાખવી જ પડે. માટે તે રીતનો ડુંગો વગેરે કરવા પડે તે શીલ્પને ઢાંકવા માટે નહિ.

12. વળી સંવત ૧૫૮૭ના કરમાશાના ૧૬મા ઉદ્ધાર પછી એવો કેવો પ્રસંગ આવ્યો હશે કે સં. ૧૬૨૦માં દાદાના દેરાસર ફરતી દેરીઓ કરવી પડી. આ ઇતિહાસને વિચારવા બેસીએ તો માનવું જ પડે કે તેવું કર્યા સિવાય તેમને છુટકો જ ન હતો. અત્યારે જ્યારે આચાર્યોના અભિપ્રાય લઇને તે કામને ખોલ્યું ત્યારે નજરે શું દેખાયું છે, તે તો નજરે જોનાર જોઈ શકે તેવું છે આથી આવા બેડોળપણાને કોઈ પણ રીતે શણગાર્યા સિવાય છુટકો હતો જ નહિ.

13. જે જે સ્થાનોમાંથી પ્રતિમાજી મહારાજ ઉત્થાપન કરીને તે તે સ્થાનોને સાફ કર્યાં છે. તે તેની ખુબ સુરતતા લાવવા માટે કર્યાં છે, તેમાં કોઈ બેમત નથી જ. પણ ડુંગો ચુનો વગેરેના જે થરો ચઢાવેલા છે તે તો રક્ષણ માટે જ ચઢાવેલા છે. નકે તે કલાને ઢાંકવા માટે. તે કાલે તેમને મળેલા શીલ્પીઓની તે તે બુદ્ધિ અનુસાર તે કર્યું છે, એમાં તેઓની કળા ટાળવાની કે કામને ખરાબ કરવાની બુદ્ધિ હતી જ નહિ, એમ ચોક્કસ માનવું જ પડે.

14. વળી એક વાત કરમશાના ઉદ્ધાર પછી પણ મંદિરને શણગારવાની જરૂર પડી જ, જેથી ખંભાતના તેજઃપાલ સોનીએ સારામાં સારું દ્રવ્ય વાપરીને દાદાના દેરા-સરનો શણગાર કર્યો.

15. કરમાશાનો ૧, તેજઃપાલ સોનીનો ૨ અને શત્રુંજયનો મોટકા વેરો કઢાવીને જાત્રા કર્યાના ૩ શિલાલેખ, એમ ત્રણ શિલાલેખો હતા તે સુધારો કરતાં કાઢીને રતનપોળના દરવાજાની દિવાલે વર્તમાનમાં ચોઢેલા છે.

16. એક અતિ વિચારણીય છે કે આજથી ૭૦ વર્ષ પૂર્વે દાદાના દેરાસરનો બહારનો આખો ચોક તેને આરસ ચોઢવવા માટે ભીખ માગી માગીને પૈસા લેગા કર્યો છે. વળી ભમતીની દેરીઓની દિવાલો અને થાંભલા પર આરસ લગાવવા માટે પૈસા કઈ રીતે લેગા કર્યા, તે તે, વખતના ઇતિહાસકારો જાણે છે.

17. વર્તમાનમાં પેઢી પાસે પૈસાની સારી આવક થઇ ને બુદ્ધિમાનોને બુદ્ધિથી શોભાવવાનું મન થયું, એટલે આ બધું કામ કર્યું, તેની સાથે મારો કોઇ વિરોધ નથી પણ વસ્તુરુપે વસ્તુ જણાવવા માટે મારે આમાં જણાવવું પડે છે.

18. એક વાત તો તે બુદ્ધિમાનોને, શિલ્પીઓને પણ માનવી જ પડે છે કે, કરેલો સુધારો નષ્ટ ન થાય માટે શું ? આથી જ તેઓને તે તે સ્થાનો પર તે તે જાતનાં સોલ્યુસન અત્યારે રક્ષણ માટે લગાવવાં જ પડે છે. તે વાતનો પુરાવો તે જ છે કે ડુગો કે ચુનો કરતા હતા તે તેના બચાવ માટે જ કરતા હતા.

19. (શ્રીશત્રુંજય પ્રકાશ અને જૈનો વિરુદ્ધ પાલીતાણા. બીજા પ્રકરણના ૧૫મા પાના પર આ રીતે લખાણ છાપેલ છે)–એજન્સીના દરમીયાનગીરીથી દરબાર અને જૈનો વચ્ચે થયેલ **ઇ. સ. ૧૯૨૧નો કરાર.**

દસકત **ગોહેલ કાંધાજી સહી**
સહી દસકત નોઘણજી

લિ. ગોહેલ શ્રીકાંધાજી ના. કુંવર નોંઘણજી, જત શેઠ આણંદજી કલ્યાણજી રહેવાસી પાલીતાણા, જત સાવકનો સંઘ તથા પરચુરણ આદમી પાલીતાણા જાત્રાએ આવે તે ઉપર અમારી રબોપાની લાગત છે. તે કુલ અમારી બાબત કુંગર સમંધી તથા ભાટ તથા રાજગરના–નોકર–વેપારીઓ વગેરે તથા બીજી દરોબસ્ત લાગત સુંધાં ઉચક દર વરસ ૧ એકે રૂા. ૪૫૦૦ અંકે પસતાલીસ સેા પુરા તેની વગત છે. ૪૦૦૦ દરબારને દેવા. ૨૫૦ રાજગરને દેવા. **૨૫૦ ભાટ સમસ્તને દેવા. જમલે ૪૫૦૦.**

20. આ પરમ પાવન આત્માનુ કલ્યાણકારક તીર્થનો અતિ વિશેષ પ્રભાવ છે, કે સર્પ, મોર વગેરે ક્રૂર જીવો પણ આ તીર્થની આરાધનાના પ્રભાવે, આરાધના કરી સદ્ગતિને પામે છે અને અંતે મોક્ષે જાય છે. બાળ, યુવાન, વૃદ્ધ અને તિર્યંચ વગેરે આ સ્થાનની આરાધના કરીને આત્માનુ સાધી જાય છે. આ તીર્થ આત્માને નિર્મલ કરનાર છે. સર્વ જઘન્ય અને ઉત્કૃષ્ટ પાપો, આ તીર્થની આરાધનાથી નાશ પામે છે. અને આરાધક આત્માને આની પાવન ભૂમિના પ્રતાપે પરિણામની ધારા વધે છે અને મોક્ષ મેળવે છે. આવા પરમ પાવન તીર્થનું સદા સ્મરણ હજો. વંદન હજો. અને પૂજન કરીને આત્મા નિર્મલ થજો. આવા આ તીર્થની સદા કાળ આરાધના કરવી. આ રીતે આ પુસ્તકમાં આ તીર્થનો મહિમા બતાવવા યત્કિંચિત્ પ્રયત્ન કર્યો છે. ભવ્યો આરાધના કરો ને મારા પરિશ્રમને સફળ કરો.

21. અમુક વર્ષો પૂર્વે સોરઠ આર્ય કે અનાર્યની ચરચા ચાલી હતી, પણ તેમાં પાયો જ ખોટો હતો. ૨૩ તીર્થંકરોના સમવસરણ ગિરિરાજ પર થયેલાં છે અને નેમનાથ ભગવાન ગૃહસ્થપણામાં ગિરિરાજ પર ઇન્દ્રની સાથે આવેલા છે. વળી જે આર્ય અનાર્ય દેશોની શિમા વર્ણવી છે તે શિમાના સાચા અર્થે સોરઠને અનાર્ય કહેવો તે વ્યાજબી નથી.

22. ગિરિરાજના પગથીયાનો મોટો ખર્ચ કયાંથી કાઢવો એ એક વિચારનીય પ્રશ્ન હતો, પણ રાજ્યોનું વિલયીકરણ થયું ન હતું ત્યાં સુધિ પાલીતાણા દરબારને સાઠ હજાર રખોપાના ભરવાના વાઇસરોય હસ્ત નક્કિ થયા હતા. આથી આ સાધારણના ખર્ચને પહોંચી વળવા આગમોદ્ધારકશ્રીએ વ્યાજમાંથી આ રકમ ભરાય તેટલા માટે અગીયાર લાખની રકમ ઉપદેશ દ્વારા શે. આ. ક.ને ભેગી કરી આપી હતી. પણ રાજ્યોનું વિલયીકરણ થતાં શેઠ કસ્તુરભાઇ લાલભાઇની બુદ્ધિએ એમાં ઘણો ઉંડો અભ્યાસ કરીને શ્રીમાન્ મોરારજી દેસાઈની તે વખતની હકુમતમાં તે કર માફ કરાયો. આથી જે રકમ સાધારણની રહિ તેનો બુદ્ધિથી ગિરિરાજના પગથીયાં કરવામાં ઉપયોગ થયો.

23. પૂર્વાચાર્યોએ તેમની બુદ્ધિબળે વિરાધના ન થાય ને આરાધના થાય તે માટે ચાતુર્માસમાં ગિરિરાજ પર ન ચઢાય એવો ચોક્કસ નિર્ણય કર્યો, તેને યાત્રુકો પાળતા હતા ને પાળે છે. આ અંગે શ્રીમાન સુમતિવિજયજીએ બે પુસ્તિકા બહાર પાડીને તેનું સમર્થન કર્યું છે. આગમોદ્ધારકશ્રીએ સિદ્ધચક્ર પાક્ષીકમાં એક જગો પર તે વાતનો સ્પસ્ટ કરતા હેતુઓ પૂર્વકનો એક લેખ છાપ્યો છે. ચોમાસામાં જાત્રાએ જનાર ગમે તે પક્ષનો હોય પણ જાત્રાએ જાય છે તેને હું ભુલ માનું છું.

શ્રીશત્રુંજય ગિરિરાજ દર્શન

અન્ત્યભાગ સંપૂર્ણ.

★

પરિશિષ્ટ ૧લું

શ્રીશત્રુંજય ગિરિરાજ દર્શન અંગે મલતું સાહિત્ય

ક્રમાંક	નામ	લે. કર્તા-લેખક-પ્રકાશક	વિ. સંવત
૧	શત્રુંજય માહાત્મ્ય (પદ્ય સં)	કર્તા શ્રીધનેશ્વરસૂરિજી	૪૭૭
૨	શત્રુંજય તીર્થકલ્પ	કર્તા જિનપ્રભસૂરિજી	૧૩૮૫
૩	નાભિનંદનજિનોદ્ધારપ્રબંધ	કર્તા શ્રીકક્કસૂરિજી	૧૩૯૩
૪	સેત્તુજકપ્પ-શત્રુંજયકલ્પ;	મૂ. કર્તા ધર્મઘોષસૂરિ, ટીકાકાર શુભશીલગણિ	૧૫૧૮
૫	શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધ	કર્તા શ્રી વિવેકધીરગણિ	૧૫૮૭
૬	શત્રુંજય ઉદ્ધારનો રાસ	કર્તા શ્રીનયસુંદરગણિ	૧૬૪૮
૭	શત્રુંજય તીર્થોદ્ધાર રાસ	કર્તા સમયસુંદરગણિ	૧૬૮૬
૮	શત્રુંજયતીર્થ રાસ (આ.કા.મ.મુ. ૪)	કર્તા શ્રીજિનહર્ષગણિ	૧૭૫૫
૯	શત્રુંજય માહાત્મ્ય (ગદ્ય સં.)	કર્તા પં. હંસરત્નજી	૧૭૮૨
૧૦	નવાણું પ્રકારી પૂજા	કર્તા પં. વીરવિજયજી	૧૮૮૪
૧૧	નવાણું અભિષેક પૂજા	કર્તા પં. પદ્મવિજયજી	૧૮૫૧
૧૨	શત્રુંજય (ઈંગલીશ)	લેખક જેમ્સબર્ગેન્સ	૧૯૨૯
૧૩	,, ,,	,, ,, પ્ર. ગુજરાત ગવર્નમેન્ટ	૨૦૩૨
૧૪	,, ,,	,, ,, પ્ર. જૈન જનરલ	૨૦૩૩
૧૫	પ્રાચીન લેખ સંગ્રહ ભા. ૨.	પ્રકાશક આત્માનંદશભા	૧૯૭૮
૧૬	સિદ્ધાચલનુ વર્તમાનવર્ણન	લેખક મોહનલાલ રુગનાથ	૧૯૯૧
૧૭	શત્રુંજયનો વર્તમાન ઉદ્ધાર	પ્રકાશક આત્માનંદશભા	૧૯૯૨
૧૮	સિદ્ધગિરિરાજ યાત્રા વિધિ	પ્રકાશક વોરા મુલજીભાઈ ચત્રભુજ	૧૯૯૯
૧૯	શત્રુંજયતીર્થોદ્ધારસંગ્રહ	સંગ્રાહક-સારાભાઈ મણિભાઈ નવાબ	
૨૦	હિન્દુસ્તાનના જૈનતીર્થો	,, ,, ,, ,,	૨૦૦૦
૨૦	શત્રુંજય તીર્થ દર્શન	લેખક કુલચંદ હરિચંદ દોસી	૨૦૦૨
૨૧	શત્રુંજય ગિરિદર્શન	,, દીપવિજયજી	૨૦૦૩
૨૨	શત્રુંજય મહાતીર્થ ગુણમાલા	સંપાદક મહીમાવિજયજી	૨૦૦૬
૨૩	જૈનતીર્થ સર્વસંગ્રહ ભા-૧	પ્રકાશક શેઠ આણંદજી કલ્યાણજી	૨૦૧૦

ક્રમાંક	નામ	લે. કર્તા–લેખક–પ્રકાશક	વિ. સંવત
૨૪	શત્રુંજયતીર્થનો પંદરમો ઉદ્ધાર	પ્રકાશક આત્માનંદસભા	
૨૫	શત્રુંજયપર્વતનુ વર્ણન*	(જુની ચોપડી છે)	
૨૬	તીર્થાધિરાજ શત્રુંજયયાત્રા માહાત્મ્ય	પ્રકાશક–શ્રી જૈનાનંદ પ્રેસ	૨૦૨૭
૨૭	જય શત્રુંજય	લેખક–સકલચંદ શાહ	૨૦૨૬ પછી
૨૮	શત્રુંજય ગિરિરાજ સ્તવનાદિસંગ્રહ	સંગ્રાહક પં. કનકવિજયજી	
૨૯	તીર્થાધિરાજ શ્રીશત્રુંજય (ટુંક પરિચય)	પ્રકાશક–શેઠ આણંદજી કલ્યાણજી	૨૦૩૧
૩૦	આત્મરંજન, ગિરિરાજ–શત્રુંજય	પ્રકાશક નેમચંદ જી. શાહ	૨૦૩૧
૩૧	શત્રુંજયગિરિરાજ સ્પર્શના	લેખક મુનિનિત્યાનંદવિજયજી	૨૦૩૨
૩૨	નવાણું પ્રકારીપૂજા (સાર્થ)	પ્રકાશક શ્રી જીવનમણિસદ્વાંચનમાળા	૨૦૩૩
૩૩	શ્રીતીર્થાધિરાજ શત્રુંજય ઉપર થયેલ પ્રતિષ્ઠાનો અહેવાલ	પ્રકાશક શેઠ આણંદજી કલ્યાણજી	૨૦૩૪
૩૪	શ્રીશત્રુંજયની ગૌરવગાથા	લે. પં. શ્રીસદ્ગુણવિજયજી	સં. ૨૦૩૫
૩૫	શત્રુંજય પ્રકાશ અને જૈન વિરુદ્ધ પાલીતાણા ભા. ૧	લે. દેવચંદ દામજી કુંડલાકર જૈન	
૩૬	,, ભા. ૨	,,	

★

* આ જુની ચોપડી મલી છે, ટાઈટલ પેઈજ નથી. કર્તા કે પ્રકાશકનું નામ નથી. પણ કાગળો પરથી જણાય છે કે જુની છે. લેખકે શિલ્પને સામુ રાખીને કેટલીક જગા પર શિલ્પનું સારુ વર્ણન કર્યું છે.

શ્રી આગમોદ્ધારક ગ્રન્થમાળાનાં પ્રકાશનો

ગ્રંથાંક	નામ
૧	સર્વજ્ઞશતક સટિક
૨	શ્રીશ્રાદ્ધાનંદમંજૂષા
૩	સજ્ઝાયમાલા
૪	કર્મવિચાર
૫	જ્ઞાનઝરણાં
૬	રોહીણીપૂજન
૭	કુલકસંગ્રહ
૭	રત્નસારચરિત્ર
૮	આગમોદ્ધારકકૃતિસંદોહ ભા. ૧
૯	સંદેહસમુચ્ચય
૧૦	આગમોદ્ધારકકૃતિસંદોહ ભા. ૨
૧૧	જૈનસ્તોત્ર સંચય ભા. ૧
૧૨	,, ,, ભા. ૨
૧૩	આગમોદ્ધારકનીશ્રુતોપસના
૧૪	આગમોદ્ધારકકૃતિસંદોહ ભા. ૩
૧૫	,, ,, ભા. ૪
૧૬	ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા
૧૭	સૂત્રવ્યાખ્યાનવિધિશતક
૧૮	ધર્મસાગર ગ્રંથસંગ્રહ
૧૯	જૈનસ્તોત્રસંચય ભા. ૩
૨૦	ગુરૂતત્ત્વપ્રદીપ
૨૧	શતાર્થીવિવરણ
૨૨	ચંદરાજ્યચરિત્ર
૨૩	અધિકાર વિંશિકા
૨૪	આગમોદ્ધારક કૃતિસંદોહ ભા. ૫
૨૫	લોકવિંશિકા
૨૬	આગમોદ્ધારકકૃતિસંદોહ ભા. ૬
૨૭	ન્યાયાવતાર સટીક
૨૮	ઐ
૨૯	આગમોદ્ધારક કૃતિસંદોહ ભા. ૭
૩૦	ધર્મરત્નપ્રકરણ (હિન્દી) ભાષા ભા. ૧
૩૧	લોકવિંશિકા ભા.૨
૩૨	— —
૩૩	ધર્મરત્નપ્રકરણ (હિન્દી) ભાષા ભા. ૨
૩૪	,, ,, ,, ભા. ૩
૩૫	સંસારી જીવ ચરિત્ર ભા૦
૩૫	મંગળસ્વાધ્યાય
૩૬	સર્વજ્ઞશતક ટબો
૩૭	જિનાજ્ઞાસ્તોત્ર, કેવલિ૦
૩૮	ગુજરાદિ કૃતિ સમુચ્ચય
૩૯	સ્તોત્રસંચય ભા. ૪
૩૯	મહામંત્રનાં અજવાળાં
૪૦	સ્તોત્રરત્નાવલી
૪૧	શત્રુંજયકલ્પ (સટિક)
૪૨	લઘુતમનામકોષ (સભાષાંતર)
૪૩	— —
૪૪	યોગબિન્દુ ભાવાનુવાદ
૪૫	શ્રાદ્ધજીતકલ્પ
૪૬	આગમોદ્ધારક કૃતિસંદોહ ભા. ૮
૪૬	તત્તાર્થસૂત્ર (હિન્દી ભાષાંતર)
૪૭	સ્તોત્ર સ્તવનાદિ
૪૮	પંચસૂત્ર વાર્તિક
૪૯	આવશ્યક સમ્મતિ
૫૦	આનંદરત્નાકર (પ્રશસ્તિસંગ્રહ) ભા. ૧
૫૧	યતિ જીતકલ્પ
૫૨	પંચકલ્પભાષ્ય
૫૩	નિઃશેષસિદ્ધાંતવિ૦
૫૪	કર્માર્થિ સૂત્ર
૫૫	પંચસૂત્ર (ટીપ્પણ)
૫૬	ગિરનાર પ્રશસ્તિ
૫૭	જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ વૃત્તિ
૫૮	શ્રીશત્રુંજય ગિરિરાજ દર્શન

× નામો જેમાં ભર્યાં નથી. તે નામો મેલવી શકયો નથી, એટલે નં. ૨૮, ૩૨, ૪૩, ખાલી છે. નં. ૭, ૩૫, ૩૯, ૪૬ ડબલ છે.

પરિશિષ્ટ ૩ જું

શ્રીશત્રુંજય ગિરિરાજ દર્શનના સહાયકોની નામાવલી

મુનિશ્રીપ્રમોદસાગરના ઉપદેશથી

વલસાડ

રૂા. ૨૦૦૦ જૈન સંઘ
૧૦૦૦ ઘોઘારીજૈનપંચ
૫૦૦ શા. સેવંતીભાઈ પીપળાના વેપારી અમદાવાદ-[વાળા
૩૦૧ શા. છગનલાલ વીરચંદ
૩૦૧ ગંગાસ્વરૂપ ઈચ્છાબેન ગુલાબચંદ ઝવેરી ની ૬૦મા જન્મ દિવસ નિમિત્તે. તેમના પુત્રો તરફથી
૩૦૧ શા. છગનલાલ ઝવેરચંદ
૩૦૧ શા. ચંદ્રકાન્ત કપુરચંદ
૨૦૨ સાધ્વીશ્રીમનકશ્રી આદિના ઉપદેશથી શ્રાવિકા બહેનો.
૧૦૧ શા. શાંતિલાલ મગનલાલ કોઠારી
૧૦૧ શા. રાયચંદ હરચંદ કાપડીયા
૧૦૧ સ્વ. નગીનદાસ તારાચંદના સ્મરણાર્થે. શા. ધનસુખલાલ નગીનદાસ
૧૦૧ શા. નેમચંદ નગીનદાસ
૧૦૧ શા. ડાહ્યાભાઈ કપુરચંદ
૧૦૧ શા. મનસુખલાલ કુલચંદ
૧૦૧ શા. બલવંતરાય રતનજી
૧૦૧ શા. રાયચંદ મગનલાલ
૧૦૦ ભુરીબેન લલ્લુભાઈ હ. રમેશભાઈ તથા રણજીતભાઈ
૧૦૧ શા. જયંતીલાલ મોહનલાલ ઘડીયાળી
૧૦૧ શા. હરજીભાઈ ખમાઈ, કચ્છી
૧૦૧ શા. મોહનલાલ મોતીચંદ, કોઠારી
૧૦૧ શા. નાનજીભાઈ આણંદજી, કચ્છી
૧૦૧ શા. લાલચંદભાઈ ઉદવાળાવાલા હ. પ્રેમચંદભાઈ તથા હીરાચંદભાઈ
૧૦૧ શા. હીરાચંદ દુર્લભજી
૧૦૧ શા. હસમુખલાલ છોટાલાલ
૧૦૧ શા. ઠાકોરલાલ કપુરચંદ
૧૦૧ શા. છોટાલાલ દલીચંદ
૧૦૧ શા. નગીનદાસ હરચંદ કાપડીયા
૧૦૧ શા. પ્રાણજીવન મોહનલાલ
૧૦૧ કૃષ્ણકાન્ત મફતલાલ પટેલ હ. ઠાકોરભાઈ ગુલાબચંદ
૧૦૧ જશવંતલાલ સુંદરલાલ પરીખ હ. ઠાકારભાઈ ગુલાબચંદ

પ. પૂ. આચાર્ય મહારાજ આદિના ઉપદેશથી મળેલી સહાય

૫૦૦ ગચ્છાધિપતિ આ.મ.શ્રીહેમસાગરસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી જ્ઞાનખાતા તરફથી, રાજકોટ
૫૦૦ પં. શ્રીઅભયસાગરજી મ.ના ઉપદેશથી સકરીબેન જૈન ઉપાશ્રય-જ્ઞાનખાતું, અમદાવાદ
૫૦૦ મુનિશ્રીનરદેવસાગરજી મ. ના ઉપદેશથી શ્રીમહાવીરનગર જૈન-સોસાયટી-જ્ઞાનખાતુ, નવસારી
૫૦૪ પં.શ્રી પ્રબોધસાગરજી મ. તથા પં.શ્રી હિમાંશુસાગરજી મ.ના ઉપદેશથી ૪૦૩, સદ્‌ગૃહસ્થો તરફથી ૧૦૧ શ્રાવકો તરફથી
૧૦૦૦ સાધ્વીશ્રીગુણોદયાશ્રીના ઉપદેશથી રૂા. ૭૦૦ બહેનોના ઉપાશ્રયના જ્ઞાનખાતામાંથી, પુના. રૂા. ૩૦૦ઝવેરચંદ પ્રતાપચંદ જૈન સુપાર્શ્વનાથ દેરાસર ટ્રસ્ટ જ્ઞાનખાતામાંથી, મુંબઈ

પ. પૂ. આચાર્ય મહારાજ આદિના ઉપદેશથી મળેલી સહાય

૫૦૦ સાધ્વીશ્રીસ્નેહપ્રભાશ્રી–ચંદ્રગુપ્તાશ્રીઆદિના ઉપદેશથી બહેનોના જ્ઞાનખાતામાંથી, પાલીતાણા

૩૫૦ પં. ચિદાનંદસાગરજી મ.ના ઉપદેશથી શેઠ પાનાચંદ બજલાલની પેઢીતરફથી જ્ઞાનાખાતામાંથી

૩૦૧ મુનિશ્રી જિતેન્દ્રસાગરજીના ઉપદેશથી શ્રીઆદીશ્વર જૈન સંઘ નારણપુરા, અમદાવાદ

૩૦૧ પં શ્રીસૂર્યોદયસાગરજીમ ના ઉપદેશથી રતલામ

૩૦૧ મુનિ નિત્યવર્ધન સાગરજીના ઉપદેશથી ૨૦૧ +૧૦૦ શાંતિનગર ઈન્દોર

૩૦૧ શ્રાવિકા બહેનો તરફથી–અમદાવાદ

૩૦૧ સાધ્વીશ્રીકલ્પયશાશ્રીઆદિના ઉપદેશથી, નાનચંદ ધનાજી ઉપાશ્રય તરફથી

૩૦૧ સાધ્વીશ્રીહેમેન્દ્રશ્રીના શિષ્યા સાધ્વીશ્રી આત્મપ્રભાશ્રીના ઉપદેશથી, દિવાળીબેન રામજી વડવા–ભાવનગર

૩૦૧ સાધ્વીશ્રીમયણાશ્રીજી–શુભોદયાશ્રી–અમિતગુણાશ્રીઆદિના ઉપદેશથી–પોરબંદર-જૈ.શ્વે. મૂ. સંઘ

૩૦૦ પ. પૂ. આ. મ. શ્રીદેવેન્દ્રસાગરસૂરીજી મ.ના ઉપદેશથી. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી–સુરેન્દ્રનગર

૩૦૦ મુનિશ્રીજિતેન્દ્રસાગરજી મુનિ પુણ્યપાલસાગરજીના ઉપદેશથી નરોડા–જ્ઞાન ખાતામાંથી

૩૦૦ સાધ્વીશ્રીદમયંતીશ્રી પંજાબીના ઉપદેશથી વાઘણ પોળ–શ્રાવિકા ઉપાશ્રય તરફથી–અમદાવાદ

૩૦૦ સાધ્વીશ્રીપ્રિયંકરા શ્રીઆદિના ઉપદેશથી શ્રાવિકા બહેનો–અમદાવાદ

૨૫૧ સાધ્વીશ્રીદમયંતીશ્રીના ઉપદેશથી જ્ઞાનખાતામાંથી –બીલીમોરા

૨૦૨ મુનિશ્રીઅમરેન્દ્રસાગરજી મ.–મુનિશ્રીમહાભદ્રસાગરજી મ.ના ઉપદેશથી–જૈન સંઘ–વેજલપુર

૨૦૨ સાધ્વીશ્રીવિચક્ષણાશ્રીજીના ઉપદેશથી–શ્રાવિકા બહેનો તરફથી–પાલીતાણા

૨૦૧ સાધ્વીશ્રીરાજેન્દ્રશ્રીજીના ઉપદેશથી–પાલીતાણા

૨૦૦ સાધ્વીશ્રીતિલકશ્રીના ઉપદેશથી–ટાંટોઈ જૈન સંઘ

૧૫૦ પં. શ્રીદોલતસાગરજી મ.ના ઉપદેશથી–મોહન વિજયજૈન પાઠશાલા–જામનગર

૧૫૦ સાધ્વીશ્રીકિરણશ્રીના ઉપદેશથી–નાનચંદ ધનાજી જૈન ઉપાશ્રય–સુરત

૧૦૧ સાધ્વીશ્રીદમયંતીશ્રીના ઉપદેશથી શ્રાવિકા બહેનો–બીલીમોરા

૧૦૧ સાધ્વીશ્રીઈન્દ્રશ્રીના ઉપદેશથી શ્રીઆદીશ્વર જૈન શ્વે. મૂ. ઉપાશ્રય–દેવાસ

૧૦૧ સાધ્વીશ્રીનિરૂપમાશ્રીના ઉપદેશથી-શ્રાવિકા બહેનો –જોધપુર

૧૦૧ સાધ્વીશ્રીસુતારાશ્રીના ઉપદેશથી–જૈન શ્વે. તીર્થ કમિટી–તલાજા

૧૦૧ સાધ્વીશ્રીપ્રભંજનાશ્રીના ઉપદેશથી શ્રાવિકાબહેનો –અમદાવાદ

૧૦૧ સાધ્વીશ્રીહેમેન્દ્રશ્રીના ઉપદેશથી–ગૌતમ વસંતભાઈ–હ. પુષ્પાબેન–બીલીમોરા

૧૦૧ સાધ્વીશ્રીમલયાશ્રીના ઉપદેશથી શ્રીતીર્થરંજનવિહાર–જ્ઞાનખાતુ–અમદાવાદ

૧૦૧ સાધ્વીશ્રીહેમેન્દ્રશ્રીઆદિના ઉપદેશથી–રતીલાલ મગનલાલ–બીલીમોરા

૧૦૧ પં. શ્રીવિમલસાગરજી મ.ના ઉપદેશથી–લાડવાડા જૈન સંઘ–ખંભાત

૧૦૦ પં. શ્રીવિમલસાગરજી મ.ના ઉપદેશથી–વીસા ઓસવાલ જૈન સંઘ–ખંભાત

૧૦૧ સાધ્વીશ્રીહિરણ્યશ્રીના ઉપદેશથી હ. માણેકચંદ નવલચંદ–મહીદપુર

૧૦૧ સાધ્વીશ્રીમૃગેન્દ્રશ્રીના ઉપદેશથી જ્ઞાનખાતામાંથી –સુરેન્દ્રનગર

૫૦૧ પં. શ્રીયશોભદ્રસાગરજીના તથા મુનીશ્રીચંદ્રશેખરસાગરજીના ઉપદેશથી પં. લબ્ધિસાગર સ્મારક સમિતિ

૧૦૧ મુનિશ્રીપુંડરીકસાગરજી–મુનિશ્રીદ્રવ્યોદયસાગરજી-ના ઉપદેશથી–અમદાવાદ

૧૦૧ સાધ્વીશ્રીવિનયધર્માશ્રીજીના ઉપદેશથી–જ્ઞાન-ખાતામાંથી–ભાવનગર

૧૦૧ સાધ્વીશ્રીપ્રીતિધર્માશ્રીની વડી દીક્ષાની યાદગીરીમાં સાધ્વી વરધર્માશ્રીના ઉપદેશથી–વલસાડ

૧૦૧ સાધ્વીશ્રીચારૂલતાશ્રીજીના ઉપદેશથી–માસ્તર ભુરાલાલ ભુખણદ્દામ–સુરત

૧૦૧ સાધ્વીશ્રીમંગળશ્રી તથા હસ્તિશ્રીજીના ઉપદેશથી જ્ઞાનખાતામાંથી–અમદાવાદ

૧૦૧ સાધ્વીશ્રીનિરૂપમાશ્રીના ઉપદેશથી–જૈન મરચન્ટ સોસાયટી–અમદાવાદ

૧૦૦ સાધ્વીશ્રીશ્રીનપુણાશ્રી, સાધ્વીશ્રીનિર્જરાશ્રી આદિના ઉપદેશથી પૂરીબાઈ ધર્મશાળાની શ્રાવિકાઓ–લીંબડી

૧૦૦ સાધ્વીશ્રીશ્રીકનકપ્રભાશ્રીના ઉપદેશથી આનંદી-લાલ સંઘવી–મુંબઈ

૧૦૦ મુનિશ્રીદીપસાગરજી મ. આદિના ઉપદેશથી–વાંકાનેરના શ્રાવકો તરફથી

૧૦૦ મુનિશ્રીદીપસાગરજીના ઉપદેશથી ખળવંત છોટાલાલ ખેધાર મદ્રાસવાળા તરફથી

૧૦૦ પં. શ્રીસુબોધવિજયજી મ. ઉપદેશથી આ. શ્રીવિજયભાનુચંદ્રસૂરિ મ. સેનેટેરીયમ–અમદાવાદ

૧૦૦ આ. મ. શ્રીવિજયભાનુચંદ્રસૂરિ મ.ના ઉપદેશથી ખુશાલ ભુવન જૈન ઉપાશ્રય–અમદાવાદ

૧૦૦ સાધ્વીશ્રીયશોધરાશ્રીવસંતપ્રભાશ્રીના ઉપદેશથી શ્રાવિકા બહેનો–પાલીતાણા

૧૦૦ મુનિશ્રીસુધર્મસાગરજીના ઉપદેશથી ઝવેરી પાર્ક–અમદાવાદ

૧૦૦ શાંતીલાલ એમ. શાહ–અમદાવાદ

૧૦૦ સાધ્વીશ્રીગુલાબશ્રીના ઉપદેશથી જૈન સંઘ–જોરાવરનગર

૧૦૦ સાધ્વીશ્રીસદ્‌ગુણાશ્રીજીના ઉપદેશથી રતીલાલ વર્ધમાન–ઉમીતા

૧૦૦ સાધ્વીશ્રીસ્નેહપ્રભાશ્રી નિત્યોદયાશ્રી આદિના ઉપદેશથી

૧૦૦ સાધ્વી શ્રીસૂયશાશ્રીના ઉપદેશથી લોનાર જૈનસંઘ

★

મુનીશ્રી પ્રમોદસાગરજીના ઉપદેશથી જુદા જુદા સદ્‌ગૃહસ્થો

૧૦૦૦ નવાપુરા જૈન સંઘ (છુટા છુટા) સુરત
૧૦૦૦ વડાચૌટા સંવેગી મોટા ઉપાશ્રય સુરત
૧૦૦૧ શ્રીચિંતામણી પાર્શ્વનાથ મંદિર ટ્રસ્ટ નવસારી
૫૦૧ સકરી બ્હેન જૈન ઉપાશ્રય અમદાવાદ
૫૦૦ તપાગચ્છ જૈન ઉપાશ્રય,
શામળાજીની પોળ અમદાવાદ
૫૦૦ શ્રીનમિનાથજી જૈ. શ્વે. મં. પેઢી
મફતલાલ ચંદુલાલના ઉપદેશથી મુંબાઈ
૫૦૧ મનુભાઈ ત્રીકમલાલ મહેતા નવસારી
૩૦૧ અ. સૌ. પદ્માવતી કાંતીલાલ
ખીમચંદ કાપડીઆ ગોધરા
૩૦૩ શ્રીઝવાહરનગર જૈન સંઘ મુંબાઈ
૩૦૦ શેઠ મીઠાભાઈ કલ્યાણચંદ જૈન પેઢી કપડવંજ
૩૦૦ શ્રીવીશાનીમા જૈન પંચ ગોધરા
૩૦૧ ગુણવંતલાલ વાડીલાલ ગાંધી મુંબાઇ
૩૦૧ લલિતકુમાર માણેકલાલ શાહ
હા. નલીનીબ્હેન મુંબાઈ
૩૦૧ જયંતીલાલ કે. ગાંટી સુરત
૩૦૦ જૈન સંઘ બારડોલી
૩૦૦ પ્રધાનબ્હેન ચીમનલાલ પરીખ કપડવંજ
૩૦૧ રમીલાબ્હેન ગુલાબચંદ ચોકસી,
હ. રજનીબ્હેન શતીશકુમાર ચોકસી સુરત
૩૦૧ શ્રી હરીપુરા જૈન સંઘ સુરત
૨૦૨ નાનુબ્હેન જીવણચંદ નગીનભાઈ ઝવેરી મુંબાઈ
૨૦૦ છોટાલાલ લક્ષ્મીચંદ શાહ તલાજાવાળા સુરત
૨૦૨ અ.સૌ. રમાબ્હેન અમરચંદ ઝવેરી મુંબાઈ
૨૦૨ અમરચંદ રતનચંદ ઝવેરી મુંબાઈ
૨૦૦ જૈન સંઘ મઢી
૧૦૧ નવલચંદ હરખચંદ લાકડાવાળા સુરત
૧૦૧ ચંદ્રાવતીબ્હેન મંગુભાઈ નવલચંદ સુરત
૧૦૧ શા. મોહનલાલ ભીખાભાઈ ખીલીમોરા
૧૦૧ મંછાબ્હેન ભીખાભાઈ ખીલીમોરા
૧૦૧ ગુલાબબ્હેન મગનલાલ
મુલચંદ ચોકસી ખીલીમોરા
૧૦૧ બચુભાઈ ચુનીલાલ શાહ અમદાવાદ
૧૦૧ શાંતિલાલ દીપચંદ તાસવાળા મુંબઇ
૧૦૧ નવીનચંદ્ર વાડીલાલ શાહ અંગ ડીવાળા મુંબાઈ
૧૦૧ હીરાબ્હેન લાલભાઈ લલ્લુભાઈ પરીખ અમદાવાદ
૧૦૧ ફકીરચંદ મગનલાલ લાકડાવાળા સુરત
૧૦૧ રમણુલાલ પુનમચંદ શાહ
હ. ચીનુભાઈ રમણલાલ શાહ સુરત
૧૦૧ મહેન્દ્રકુમાર અમરચંદ ઝવેરી મુંબાઈ
૧૦૧ નવીનચંદ્ર નવલચંદ ઝવેરી મુંબાઈ
૧૦૧ શાંતાબ્હેન રમણુલાલ વાડીલાલ ગાંધી કપડવંજ
૧૦૧ દીનેશકુમાર બાબુલાલ શાહ સુરત
૧૦૧ કમલાબ્હેન જીવણલાલ શાહ બારડોલી
૧૦૧ માણેકચંદ જવેરચંદ ઝવેરી મુંબાઈ
૧૦૧ રસીક ટ્રેન્ડીંગ કું અમદાવાદ
૧૦૧ મગનલાલ નગીનભાઈ શાહ મુંબાઈ
૧૦૧ કુમુદબ્હેન અભેચંદ લાકડાવાળા સુરત
૧૦૧ પુષ્પાવતી ચીમનલાલ શાહ પુના
૧૦૧ રુપચંદ ધોલાભાઈ કતારગામ સાલગિરિ
ટ્રસ્ટ હ. રાયચંદ નગીનચંદ સુરત
૧૦૧ શાંન્તીચંદ છગનલાલ ઝવેરી સુરત
૧૦૧ અમરચંદ સાકરચંદ મદ્રાસી સુરત
૧૦૧ ગીરીશભાઈ ઉત્તમચંદ પેથાણી સુરત
૧૦૧ પાનાચંદ અમીચંદ જરીવાળા સુરત
૧૦૧ કાકુભાઈ હઠીશીંગ જેઠાભાઈ મુંબાઈ
૧૦૧ ચંદ્રિકાબ્હેન સોભાગચંદ લાકડાવાળા સુરત
૧૦૧ નગીનદાસ ઉત્તમચંદ સોડાબોટલવાળા
હ. સેવંતીભાઈ બાવળા
૧૦૧ બાબુલાલ માણેકલાલ શાહ ભરુચ
૧૦૧ મગનલાલ લલ્લુભાઈ શાહ ભરુચ
૧૦૧ કુલચંદ દાનમલ શાહ ભરુચ

૧૦૧ પોપટલાલ લલ્લુભાઈ શાહ ભરુચ
૧૦૧ અ.સૌ. લીલાવતીબેન પોપટલાલ શાહ ભરુચ
૧૦૧ લલ્લુભાઈ ચુનીલાલ શાહ ભરુચ
૧૦૧ કેશવલાલ લલ્લુભાઈ શાહ ભરુચ
૧૦૧ બાબુલાલ મણીલાલ શાહ ભરુચ
૧૦૧ નગીનદાસ નેમચંદ શાહ ભરુચ
૧૦૧ મુક્તિ મંદિરની બહેનો ભરુચ
૧૦૧ બાબુલાલ દેવચંદ શાહ નવસારી
૧૦૧ કલાબેન હેમેન્દ્રકુમાર
હ. અમૃતલાલ મગનલાલ વોરા ભાવનગર
૧૦૧ પ્રવીણ ડી. મહેતા નવસારી
૧૦૦ મથુરીબાઈ હેમચંદ શ્રીચંદ શાહ ધુલીયા
૧૦૦ ઉમેદભાઈ નારણદાસ સંઘવી મુંબાઈ
૧૦૦ શશીકાંત જીવણલાલ રણછોડદાસ શાહ બારડોલી
૧૦૦ સોમાભાઈ પુનમચંદ દોશી કપડવંજ
૧૦૦ ડો. રમણલાલ સોમાભાઈ દોશી મુંબઈ
૧૦૦ રતીલાલ જીવણલાલ અબજી વઢવાણ શહેર
૧૦૦ મોતીચંદ મગનભાઇ ચોકસી મુંબાઈ
૧૦૦ મગનલાલ ધનજીભાઈ સુરત
૧૦૦ ગુલાબચંદ કસ્તુરચંદ ચોકસી મુંબાઇ
૧૦૦ મોહનલાલ છોટાલાલ શાહ અમદાવાદ
૧૦૦ રતનચંદ તલકચંદ ઝવેરી મુંબાઈ
૧૦૦ રમીલાબેન કસ્તુરલાલ ડો. સુરત
૧૦૦ સેવંતીલાલ પી. શાહ સુરત
૧૦૦ લક્ષ્મીબેન નેમચંદ જીવણચંદ શાહ મઢી
૧૦૦ સંઘવી નાગરદાસ ઉજમલાલ જોગાણી નવસારી
૧૦૦ લલ્લુભાઈ ફકીરચંદ જોગાણી નવસારી
૧૦૦ ગમનલાલ ચુનીલાલ શાહ નવસારી
૧૦૧ શાહ કુલચંદ મગનલાલ હ. શાંતિ ભાવનગર

★

સાધ્વીશ્રીપુષ્પાશ્રીજીના શિષ્યા સાધ્વીશ્રીસુમલયાશ્રીના શિષ્યા સાધ્વીશ્રીસૂર્યકાંતાશ્રીના શિષ્યા સાધ્વીશ્રીપદ્મલતાશ્રી તથા સાધ્વીશ્રીપદ્મલતાશ્રીના શિષ્યા સાધ્વીશ્રીનિરુપમાશ્રી, વીરભદ્રાશ્રી, આત્મજ્ઞાશ્રી તથા સાધ્વીશ્રીમનોહરશ્રીના શિષ્યા સાધ્વીશ્રીધર્મોદયાશ્રી તથા સાધ્વીશ્રીવીરભદ્રાશ્રીના શિષ્યા સાધ્વીશ્રીવજ્રરત્નાશ્રી સાધ્વીશ્રીઆત્મજ્ઞાશ્રીના શિષ્યા સાધ્વીશ્રી નીતિજ્ઞાશ્રી સાધ્વીશ્રીનિરુપમાશ્રીના શિષ્યા સાધ્વીશ્રી સુધેણુાશ્રીના ઉપદેશથી થયેલા દ્રવ્ય સહાયકોની નામાવલી

૨૦૦૦ બાઈફુલકોર ફકીરચંદ નેમચંદ ટ્રસ્ટના ઉપાશ્રયના જ્ઞાનખાતા તરફથી હ. ધેલાભાઈ સુરત
૫૦૧ શ્રીજૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ સાહુપુરી કોલ્હાપુર
૫૦૧ કાંતિલાલ જેકીશનદાસ વખારીયા તથા અમૃતલાલ જેકીશનદાસ વખારીઆ સુરત
૫૦૧ ભીખાબેન મોહનલાલ ઝવેરી હા. રજનીભાઈ મુંબાઈ
૩૦૧ શ્રાવિકા બહેનો તરફથી
૩૦૧ શ્રાવિકા બહેનો તરફથી
૩૦૧ શ્રાવિકા બહેનો તરફથી
૩૦૧ શ્રાવિકા બહેનો તરફથી
૩૦૧ મંજુબેન રસીકલાલ મુંબાઈ
૩૦૧ પુષ્પાબેન કુંદનલાલ શાહ મુંબાઈ
૩૦૧ મોતીચંદ તલકચંદ ઝવેરીના સ્મરણાર્થે લીલાબેન તથા ગુલાબચંદ મોતીચંદ ઝવેરી મુંબાઈ
૩૦૧ અજવાળીબેન મણીલાલ શાહ હ. કીશોરકુમાર એમ. શાહ મુંબાઈ
૩૦૩ તારાબેન વસંતલાલ મનસુખલાલ વખારીઆ મુંબાઈ
૩૦૧ શ્રાવિકા બહેનોના જ્ઞાન ખાતેથી શીરપુર
૩૦૧ ઝવેરીબહેન રામજી ઝોગરી મુંબઈ
૩૦૧ જૈન શ્વે. મૂ. સંઘ કોઇમતુર
૨૦૨ વી. એમ. શાહ મુંબાઈ
૨૦૧ મહેન્દ્રકુમાર હીંમતલાલ બેંકર સુરત
૨૦૨ ડી. બી. શાહ કલકત્તા
૧૦૧ મંજુબેન પ્રવિણચંદ સવાણી સુરત
૧૦૧ શોભનાબહેન અરવિંદભાઈ ઝવેરી મુંબઈ
૧૦૧ નરેશચંદ્ર ચીમનલાલ સંઘવી સુરત
૧૦૧ પદ્માવતીબહેન નાનાલાલ ચુનીલાલ ચોકસી સુરત
૧૦૧ મેસર્સ અતુલ નીતીનની કું. સુરત
૧૦૧ મંગલચંદ નેમચંદ સરકાર મુંબાઈ
૧૦૧ ધરમચંદ મગનલાલ બંગડીવાળા સુરત
૧૦૧ ઉર્મીલા હીરાચંદ છગનલાલ બંગડીવાળા સુરત
૧૦૧ કલાવતીબેન જીવણચંદ ઝવેરી સુરત
૧૦૧ પુષ્પાવતીબેન કાંતીલાલ શ્રોફ સુરત
૧૦૧ વાસંતીબેન અમીચંદ શ્રોફ સુરત
૧૦૧ કલાબેન જશવંતલાલ બેંકર સુરમ
૧૦૧ દલીચંદ તેજરાજ વ્યારાવાળા સુરત
૧૦૧ લલીતાબહેન રતનચંદ શાહ સુરત
૧૦૧ ભરતભાઈ રતીલાલ શાહ સુરત
૧૦૧ કાંતિલાલ કે. શાહ સુરત
૧૦૧ હસમુખલાલ દલસુખભાઇ શાહ મુંબાઇ
૧૦૧ નિતિનકુમાર હરીલાલ શાહ સુરત
૧૦૧ ભાનુબહેન કાંતિલાલ શાહ ,,
૧૦૧ મનુભાઈ બી. શાહ ,,
૧૦૧ વિનોદકુમાર એમ. શાહ ,,
૧૦૧ મનુભાઇ પી. શાહ ,,
૧૦૧ જૈન ટ્રાન્સપોર્ટ કું. હૈદરાબાદ
૧૦૧ મગનલાલ કે. શાહ ,,
૧૦૧ રમણીકલાલ રામજી શાહ હૈદરાબાદ
૧૦૧ શાંતિચંદ મોતીચંદ ઝવેરી મુંબાઈ
૧૦૧ મંજુબેન બાબુલાલ છોટાલાલ મઢીવાળા સુરત
૧૦૧ હસમુખલાલ શીવલાલ શાહ સુરત

ક્રમીક પ્રેસ મેટર આપ્યા પછી આવેલી સહાય

૧૦૧ કાંતીલાલ બબલદાસ શાહ હ. નટવરલાલ
૧૦૧ બાબુલાલ સાકરચંદ શાહ મુંબઇ
૩૦૧ જયંતીલાલ પાનાચંદ મગનલાલ શાહ કપડવંજ
૨૦૦ વકીલ રમેશચંદ્ર ચીમનલાલ ગીરધરલાલ શાહ કપડવંજ
૫૦૦ અશોકકુમાર કિર્તિકરભાઈ ચુનીલાલ અમદાવાદ
૫૦૦ કાંતીલાલ ચુનીલાલ શાહ ઈલેકટ્રીકવાળા કપડવંજ
૧૦૦ મનુભાઈ અમૃતલાલ શાહ મુંબાઈ
૧૦૧ પુનમચંદ પાનાચંદ શાહ કપડવંજ
૧૦૧ માણેકલાલ મગનલાલ શાહ લાલપુરવાળા
૧૦૧ હસમુખલાલ કેશવલાલ ગાંધી કપડવંજ
૩૦૬ વ્રજલાલ હરીભાઈ બહેનોનો ઉપાશ્રય કપડવંજ
૧૦૧ તેલી કસ્તુરલાલ છોટાલાલ કપડવંજ
૧૦૧ કુબેરદાસ પરભુદાસ પરીખ કપડવંજ
૧૦૧ શાંકરલાલ પાનાચંદ શાહ કપડવંજ
૧૦૧ જેસંગભાઈ સોમાભાઈ દોશી કપડવંજ
૧૦૧ મેનાબહેન વાડીલાલ મનસુખલાલ પારેખ કપડવંજ
૧૦૧ હેમચંદ જેઠાભાઈ શાહ કપડવંજ
૧૦૧ છોટાલાલ પોપટલાલ બગડીયા કપડવંજ
૧૦૧ ગીરધરલાલ મનસુખલાલ ગાંધી કપડવંજ
૧૦૧ મુલજીભાઈ માણેકલાલ શાહ કપડવંજ
૧૦૧ જયંતીલાલ વાડીલાલ શાહ (વૈદ્ય) કપડવંજ
૧૦૧ સાકરચંદ વ્રજલાલ શાહ કપડવંજ
૧૦૧ રસીકલાલ મણીલાલ શાહ આંતરોલીવાળા
૧૦૧ કાંતિલાલ વાડીલાલ ગાંધી કપડવંજ
૧૦૧ નગીનદાસ શામળદાસ શાહ હ. રાજુ કપડવંજ
૧૦૧ રમણલાલ બાલાભાઈ શાહ કપડવંજ
૧૦૧ ગાંધી મુકુંદલાલ મણીલાલ હ. કંચનબહેન કપડવંજ
૧૦૧ રમીલાબહેન કસ્તુરલાલ ડો. સુરત
૧૦૧ ધનવંતલાલ હીંમતલાલ દોસી આણંદ
સુરેન્દ્ર હીંમતલાલ દોસી કપડવંજ
૧૦૧ ચંદુલાલ દલસુખ શાહ કપડવંજવાળા અમદાવાદ
૧૦૧ ગુણવંતલાલ પુનમચંદ ગાંધી કપડવંજ
૧૦૧ સાધ્વીશ્રીપદ્મલતાશ્રીના પ્રશિષ્યા સાધ્વીશ્રી-વ્રજરત્નાશ્રીના મોટા જોગ નીમિત્તે સારાભાઈ ત્રીકમલાલ ભણસાલી પાલનપુરવાળા
૧૦૧ અ.સૌ. વિમલાબહેન સારાભાઈના માસક્ષમણની તપસ્યા નિમિત્તે સાધ્વીશ્રીવજ્રરત્નાશ્રીના ઉપ-દેશથી સારાભાઈ ત્રીકમલાલ ભણસાલી પાલનપુર
૧૦૧ સાધ્વીશ્રીધર્મોદયાશ્રીના ઉપદેશથી કસ્તુરલાલ ઓછવલાલ ગાંધી કપડવંજ
૧૦૧ સાધ્વીશ્રીપદ્મલતાશ્રીના શિષ્યા સાધ્વીશ્રીનિરુ-પમાશ્રીના ઉપદેશથી કંચનબહેન જયંતીલાલ વાડીલાલ શાહ જુહુસ્કીમ મુંબાઈ
૫૦૫ સાધ્વીશ્રીવરધર્માશ્રીના ઉપદેશથી શ્રાવિકા બહેનોના જ્ઞાનખાતા તરફથી ભાવનગર
૧૫૦ સાધ્વીશ્રીસુતારાશ્રીના ઉપદેશથી શ્રીજૈનશ્વેતા-મ્બર મૂ. પૂ. સંઘ જેટાણા
૧૦૧ તારાબહેન ખેતાલાલ બાલાભાઈ હ. બીપીન કપડવંજ

અમારી નોંધના આધારે બરોબર નોંધ આપી છે પણ પૈસામાં નામમાં જો કાંઈ ભુલ હોય તો મિચ્છામિ દુક્કડં.

દાતાઓની નામાવલિ

રૂા. ૨૦૨–૦૦ સાધ્વીશ્રી પદ્મલતાશ્રીની વિજયા દશમીના જન્મ દિવસ નિમિત્તે સં. ૨૦૩૫માં પાલીતાણા ચાતુર્માસ કરનાર બહેનો તરફથી.

,, ૧૦૧–૦૦ સાધ્વીશ્રી પદ્મલતાશ્રીના ઉપદેશથી રમિલાબહેન સ્નેહકાંત ઝવેરી તરફથી બેબી ઉપમા અને કોમલની પહેલી ગિરિરાજની યાત્રાની યાદગિરિમાં.

,, ૧૦૧–૦૦ જીવીબહેન ચંદુલાલ શામળદાસ શાહ. **કપડવંજ**

,, ૧૦૧–૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી.

,, ૧૦૧–૦૦ ડૉ. પન્ના–આર દોશી.

,, ૧૦૧–૦૦ મુનિશ્રી જિનભદ્ર વિજયજીના ઉપદેશથી રમણલાલ જેસંગભાઈ શાહ. **અમદાવાદ**

,, ૧૦૧–૦૦ અ. સૌ. સુલોચના લક્ષ્મીકાંત છગનલાલ શાહ. **મુંબઈ**

,, ૧૦૧–૦૦ સુરેશ હિંમતલાલ શાહ. **આણંદ**



પ્રકાશક
આગમોદ્ધારક ગ્રંથમાલા, કપડવંજ